ગુ.યુ.પ્રેસ ૧૪૬૦-૪૧૦-૧-૭૧

સિન્ડિકેટ (જાન્યુઆરી) : તા. ૧૬/૧૭-૧-૧૯૭૧

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૧૬-૧-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૭-૧-૧૯૭૧ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૬-૧-૧૯૭૧	તા. ૧૭-૧-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	હાજર
૪.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૧૨-૧૨-૧૯૭૦ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઑક્ટોબર ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર સિનિયર સુપરવાઈઝરોની અવેજી નિમણૂક કર્યાના;

(૨) એપ્રિલ ૧૯૭૧માં સેકન્ડ બી.ફાર્મ.(ઑલ્ડ કોર્સ)ની વધુ એક પરીક્ષા લેવા મંજૂરી આપ્યાના;

(૩) સેનેટના નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ આપ્યાના :

ક્રમાંક	સભ્યનું નામ	અભ્યાસસમિતિ
૧.	ડૉ. કે. જી. દેસાઈ	શિક્ષણ
૨.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	અંગ્રેજી
૩.	શ્રી. એમ. ડી. પટેલ	સિવિલ એન્જિનિયરિંગ;

(૪) સી.એસ.આઈ.આર. ન્યૂ દિલ્હીના ડિવિઝન ફૉર સાયન્ટિફિક ઍન્ડ ટેકનિકલ પરસોનેલના પત્રાંક ડી.ઓ. સાયન્ટિસ્ટ આઈ.એ.આર. ૧૨૯૩૯-પ્લેસ-૭૦-એનઆર, તા. ૬-૧૧-૧૯૭૦ પ્રમાણે "સાયન્ટિસ્ટ પૂલ યોજના" હેઠળ શ્રી. આર. વી. મોદીની પૂલ ઑફિસર તરીકે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગ માટે સેવાઓ લેવા નક્કી કર્યા અંગેના;

(નોંધ.—શ્રી. આર. વી. મોદી પૂલ ઑફિસર તરીકે રહે ત્યાં સુધી પગાર, ભથ્થાં વગેરેનો ખર્ચ સી.એસ.આઈ.આર. ભોગવશે.)

(૫) ઑક્ટોબર ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જરૂર પડ્યે પ્રાયિક-પરીક્ષકોની અવેજી નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાં શિક્ષકોએ વિકલ્પ સ્વીકારવા અંગેની મુદત તા. ૧૫-૧-૧૯૭૧ સુધી લંબાવવાની જાણ કરતા રાજ્ય સરકારના તા. ૧૭-૧૨-૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-બ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪ ગાંધી જન્મશતાબ્દી વર્ષના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે "ગાંધી જીવન દ્વારા વ્યક્ત થતાં માનવીય મૂલ્યો" એ વિષય પર યોજવામાં આવેલ નિબંધ હરીફાઈની નીચે મુજબ જાહેર કરવામાં આવેલી નોંધ લેવા બાબત :

પ્રથમ ઇનામ : કોઈ નહીં

દ્વિતીય ઇનામ ;

૧. શ્રી. વિનાયક એસ. રાવળ,
એમ. એન. કૉલેજ, વીસનગર ... રૂ. ૨૦૦

૨. કુ. દીપ્તિ કે. શાહ,
સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ ... રૂ. ૨૦૦

તૃતીય ઇનામ :

૧. શ્રી. આબીદ એ. આબીદ,
એલ. ડી. એન્જિ. કૉલેજ,
અમદાવાદ ... રૂ. ૧૦૦

૨. શ્રી. વી. જે. મુંડાપ્લાકલ,
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,
દાહોદ ... રૂ. ૧૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર સંચાલિત "કૉમર્સ એન્ડ લૉ કૉલેજ," વીસનગરનું હાલનું નામ બદલીને "શેઠશ્રી ચિમનલાલ નાથુરામ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ," વીસનગર રાખવા અંગેની મંજૂરી માગતા મજકૂર મંડળના પ્રમુખશ્રીના તા. ૨૧-૧૨-૧૯૭૦ના પત્રાંક ડી. ૨-૭૦-૭૧-૯૮૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ," વીસનગરનું હાલનું નામ બદલીને "શેઠશ્રી ચિમનલાલ નાથુરામ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ," વીસનગર રાખવા અંગેની સદરહુ વિનંતી મંજૂર કરવી તથા રાજ્ય સરકારને તે મુજબ જાહેરનામું બહાર પાડવા માટે વિનંતી કરવી, અને તે જાહેરનામું બહાર પડયેથી આ ઠરાવનો અમલ કરવો

૬. બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સંચાલિત "શ્રી બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ," અમદાવાદનું હાલનું નામ બદલીને "શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ," અમદાવાદ રાખવા અંગેની મંજૂરી માગતા સદરહુ ટ્રસ્ટના મંત્રીશ્રી તરફથી આવેલા તા. ૨૨-૧૨-૧૯૭૦ના પત્રાંક ૧૪૯૬-૭૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સંચાલિત "શ્રી બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ," અમદાવાદનું હાલનું નામ બદલીને "શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ", અમદાવાદ રાખવા અંગેની સદરહુ વિનંતી મંજૂર કરવી, તથા રાજ્ય સરકારને તે મુજબ જાહેરનામું બહાર પાડવા માટે વિનંતી કરવી, અને તે જાહેરનામું બહાર પડયેથી આ ઠરાવનો અમલ કરવો.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. આર. ગોહિલનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૯-૩-૧૯૭૧ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૦-૩-૧૯૭૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. બી. આર. ગોહિલની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. આર. ગોહિલને યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે તા. ૧૦-૩-૧૯૭૧થી કાયમ કરવા.

૮. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ઓપરેટર તરીકે કામ કરતા શ્રી. કે. જી. પટેલ તા. ૧૫-૧૨-૧૯૭૦થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૧૫-૧૨-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.—તેઓ તા. ૪-૫-૧૯૭૦થી યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૧૫-૧૨-૧૯૭૦થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. જી. પટેલના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૯. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. કે. એલ. શર્મા તા. ૯-૧૨-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૨૧-૧૨-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ. — ડૉ. શર્મા તા. ૧૫-૬-૧૯૭૦ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૯-૧૨-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એલ. શર્માને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં શ્રીમતી પી. યુ. દેસાઈ તા. ૯-૧૨-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં હોઈ (અ) તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા, તથા (બ) સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૧૭-૧૨-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રીમતી પી. યુ. દેસાઈ તા. ૨૫-૮-૧૯૬૨ના રોજ ગ્રંથાલયમાં જોડાયાં હતાં અને તા. ૯-૧૨-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટાં થયાં છે.)

(અ) આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી પી. યુ. દેસાઈને પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રીમતી પી. યુ. દેસાઈને ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

તે પછી બાબત નં. ૮૨ની વિચારણા હાથ ધરવામાં આવી.

૮૨. યુનિવર્સિટી કાર્યાલયના ચોકીદાર શ્રી. આર. ડી. બેશને તા. ૮-૧-૧૯૭૧ થી કાર્યાલયના સમય બાદ ફારેગ કરવામાં આવેલ હોઈ તેમના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૧૫-૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(શ્રી. બેશ તા. ૮-૧-૧૯૬૯ના રોજ જોડાયા હતા અને તેઓને તા. ૮-૧-૧૯૭૧થી છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આર. ડી. બેશને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૧. સેકન્ડ એલએલ.બી. જૂના અભ્યાસક્રમની વધુ એક પરીક્ષા એપ્રિલ ૧૯૭૧માં લેવા અંગે કાયદાની વિદ્યાશાખાના ડીન તરફથી આવેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ અભ્યાસક્રમની છેલ્લી પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૯માં લેવામાં આવી હતી અને શિરસ્તા મુજબ એપ્રિલ ૧૯૭૦ અને ઑક્ટોબર ૧૯૭૦ એમ બે વધુ તકો આપવામાં આવેલ છે.

ગયા ઑક્ટોબરમાં ૨૬૬માંથી ૧૧૪ પાસ. બાકી ૧૫૨ રહ્યા અને બીજી પરીક્ષામાં નહિ બેઠેલા એવા ૨૦૦ (બસોએક) વિદ્યાર્થી બહુમાં બહુ હશે.]

૮૬. સેકન્ડ એલએલ.બી. જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા આગામી માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવા અંગે મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આ સભાના કામકાજની યાદી પરની બાબત નં. ૮૬ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું. તે પછી ઠરાવવામાં આવ્યું કે સેકન્ડ એલએલ.બી. જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા ૧૯૭૧માં લેવાનું ઠરાવ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૧૨. જાન્યુઆરી ૪થી બે અઠવાડિયાના સમય સુધી Theosophy Science Study-group of India (Adyar), મદ્રાસ મુકામે એક પરિસંવાદ યોજે છે, તેમાં યુનિવર્સિટીના (જુદા જુદા વિભાગોમાંથી) પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા માટે હવે કશો અવકાશ રહેતો નથી, તેથી તે બાબત પરત્વે વિચારણા કરવાપણું રહ્યું નહીં.

૧૩. ફેબ્રુઆરી ૧૨થી ૧૫, ૧૯૭૧ના સમય દરમિયાન ચંદીગઢ મુકામે "ઇન્સ્ટિટ્યૂશન ઑફ એન્જિનિયર્સ"નું ૫૧મું વાર્ષિક કન્વેશન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ગુજરાત કેન્દ્રના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૬-૧૨-૧૯૭૦ના પત્રાંક ૩૭૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂશનના આગામી કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ટી. એન. પરીખને મોકલવા.

૧૪. સને ૧૯૭૦–૭૧ના વર્ષ માટે ચૂંટાયેલા બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્ય પ્રો. કે. કા. શાસ્ત્રી હવે સેનેટ-સભ્ય તરીકે ફારેગ થતા હોઈ તેમની જગ્યાએ રૂ. ૧૨૯-સી પ્રમાણે સિન્ડિકેટના સભ્ય ન હોય તેવા સેનેટ-સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. કે. કા. શાસ્ત્રી ઉપરાંત પ્રો. વી. જે. ત્રિવેદી અને આચાર્ય આર. વી. શાસ્ત્રી બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્ય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૦–૭૧ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પર શ્રી. કે. કા. શાસ્ત્રીની ખાલી પડેલી જગ્યા પર શ્રી. એચ. વી. વસાની નિયુક્તિ કરવી.

૧૫. એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદનું હાલનું મકાન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે સુયોગ્ય છે કે નહીં તે તપાસવા માટે એક સભ્યનો બનેલ તપાસસમિતિ પર ડૉ. જયંત હરિભક્તિ પોતે એ સંસ્થા સાથે સંકળાયેલા હોઈ કામ કરવાની અશક્તિ દર્શાવતા હોઈ તેઓશ્રીનો જગ્યાએ અન્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિ પર ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિની જગ્યાએ ડૉ. છોટુભાઈ નાયકની નિયુક્તિ કરવી

૧૬. સિન્ડિકેટે તેની તા. ૧૨–૧૨–૧૯૭૦ની સભામાં શ્રી. એ. પી. શાહના મહાનિબંધ પરત્વે ગણિતની અભ્યાસસમિતિની તથા એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી નીચેના રેફરીઓની નિમણૂક કરેલી, પરંતુ પ્રથમ રેફરી પ્રો. કોહેનનું ચોક્કસ સરનામું મળતું ન હોઈ બીજા રેફરી પ્રો. ચોલાને પ્રથમ રેફરી ગણી તેને મહાનિબંધ મોકલવાના ડૉ. પી. સી. વૈદ્યના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

External Referees

1. Prof. Ecklord P. Cohen Kalamazoo
2. Prof. S. Chowla, U S.A.
3. Prof. M. V. Subbarao, Canada.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે બહારના રેફરી તરીકે પ્રો. કોહેનને બદલે નીચેના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. પ્રો. એસ. ચાવલા, યુ.એસ.એ.

૨. પ્રો. એમ. વી. સુબ્બારાવ, કેનેડા.

૧૭. કેનેડામાંની આલબર્ટા યુનિવર્સિટીના પ્રો. કઝરાઈલ તરફથી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના વ્યાખ્યાતા ડૉ. મિશ્રાને ૬ માસ માટે વિઝિટિંગ પ્રોફેસર તરીકે જવા મળેલા નિમંત્રણના સંદર્ભમાં તેઓને તા. ૧–૩–૧૯૭૧થી તા. ૩૦–૬–૧૯૭૧ સુધીની ચાર માસની રજા આપવા અંગેના તેઓના તા. ૨૩–૧૧–૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૬/૭–૬–૧૯૭૦ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"(૧)...વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવાનું કે યુનિવર્સિટીના શિક્ષકોએ પરદેશની કોઈ પણ યુનિવર્સિટી કે અન્ય સંસ્થા સાથે કોઈ

પણ પ્રકારની આર્થિક મદદ કે તેમના નિમંત્રણ અંગે પ્રત્યક્ષ કે પરોક્ષ પત્રવ્યવહાર કરવો નહીં, કે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પ્રયત્ન કરવો નહિ."

૨. ડૉ. મિશ્રાને આ અગાઉ તા. ૨૮-૯-૧૯૬૭થી તા. ૨૭-૯-૧૯૬૯ની બે વર્ષની બિનપગારી અભ્યાસ-રજા આપવામાં આવેલી.

૩. ડૉ. મિશ્રાને કુલ્લે ૬૦૦૦ ડૉલરનું મહેનતાણું મળશે, જેમાં તેમને જવા-આવવાનો હવાઈ ખર્ચ તથા રોજના ૨૦ ડૉલર લેખે રહેવાના ખર્ચનો સમાવેશ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આલબર્ટ યુનિવર્સિટી, કેનેડામાં ડૉ. માર્કંડ મિશ્રાને તા. ૧-૩-૧૯૭૧થી તા. ૩૦-૬-૧૯૭૧ સુધી વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા માટે નીચેની શરતોએ ખાસ રજા આપવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી ચાર માસ માટે તેમને માસિક રૂ. ૪૦૦નું વેતન આપવું, અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહિ.

(૨) ચાર માસની રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૩) ઉપર મુજબ મંજૂર કરેલ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં.

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમ્યાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેઓએ આપવાનાં રહેશે.

૧૮. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર ભવનોના શિક્ષકોને જે તે કેન્દ્ર પર "Observer" તરીકે મોકલવા માટે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન આચરેલ ગેરવાજબી કૃત્યો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી સિન્ડિકેટ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે પરીક્ષા-શુદ્ધિ સમિતિ (Examinations unfair means Committee)ની પુનર્રચના કરવા બાબત :

(**નોંધ.**—જાન્યુઆરી ૧૯૬૯થી ડિસેંબર ૧૯૭૦ના સમયગાળા દરમિયાન સદરહુ સમિતિ પર નીચેના સભ્યો હતા :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. બટુભાઈ ઉ દેસાઈ
૩. શ્રી. રણજિતરાવ ગં. શાસ્ત્રી
૪. શ્રી. વી. આર. રણદીવે
૫. આચાર્યા ઊર્મિલાબહેન પટેલ
૬. શ્રી એમ. સી. શાહ.)

આથી રાવવામાં આવે છે કે ૧૯૭૧ના કેલેન્ડર વર્ષ માટે પરીક્ષાશુદ્ધિ સમિતિ (Exan inations unfair means Con.mitiee)ની રચના નીચે મુજબ કરવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૩. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
૪. આચાર્યશ્રી વી આર. રણદીવે
૫. આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ
૬. આચાર્ય એમ. સી. શાહ.

૨૦. માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં તેમ જ ઑક્ટોબર ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યાપકો-પરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૪-૧૨-૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા ૨૪--૧૨--૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૨૧. સિન્ડિકેટની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં થયેલ ઠરાવ મુજબ જૂન ૧૯૭૧થી ત્રણ મુખપત્રના અનુક્રમે "માનવવિદ્યા" અને "વિજ્ઞાનવિદ્યા" એમ અલગ અલગ મુખપત્રો શરૂ કરવાનું ઠરાવેલ હોઈ તે માટે અલગ અલગ સંપાદક મંડળો રચવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં બે સંશોધનપત્રો માટે નીચે મુજબનાં સંપાદક મંડળોની રચના કરવી :

(૧) માનવવિદ્યાઓ :

૧. પ્રો. ડી. એન. પાઠક, આવાહક
૨ ડૉ. કે. જી દેસાઈ
૩. પ્રો. કે. આર. ચંદ્રશેખરન
૪. પ્રો. એચ. સી. ભાયાણી
૫. પ્રો. અનંતરાય રાવળ
૬. આચાર્ય એચ. કે. ત્રિવેદી.

(૨) વિજ્ઞાનવિદ્યાઓ :

૧. ડૉ. જે. જે. ચિનોય, આવાહક
૨. ડૉ. પી. સી. વૈદ્ય
૩ ડૉ. એ. એમ. ત્રિવેદી
૪. આચાર્ય વી. સી. શાહ
૫. ડૉ. વાય. જી. નાયક
૬. ડૉ. જે. જે. ત્રિવેદી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સંપાદક મંડળોનાં સલાહસૂચન લઈને નામાભિધાન રાખવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૨. એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. કે. આર્ટ્સ કૉલેજ પાટણમાં જૂન ૧૯૭૧થી હિન્દી વિષયમાં અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. એચ. જી. શુકલ—માન્ય અનુસ્નાતક શિક્ષક

(૨) શ્રી. આર. પી. શાહ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક છે, જેઓ જૂન ૧૯૭૧થી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણને ચાલુ શૈક્ષણિક વર્ષ માટે વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી શિક્ષણકાર્ય કરવા દેવાની મંજૂરી માગતા મજકૂર કૉલેજના આચાર્યશ્રીના તા. ૮-૧૨-૧૯૭૦ના પત્રાંક યુનિ.એકી-૧-૬૩૮ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ**—આચાર્યશ્રી જણાવે છે કે ૨ : ૫ : ૩ના પ્રમાણના નિયમનાં જાણ ન હોવાના કારણે આ ક્ષતિ રહી ગઈ છે. હાલના ટ્યૂટરો પૈકી કોઈ વ્યાખ્યાતા બનવા જેટલો અનુભવ ધરાવતા નથી એટલે તેમાંથી કોઈને બઢતી આપવાનું શકય નથી. બીજા સત્રની અધવચમાં કોઈ ટ્યૂટરને છૂટા કરી વ્યાખ્યાતા નીમવા માનવતા વિહીન પગલું ગણાય. નવા સત્રથી જે ઊણપ રહી ગઈ છે તે પૂરી કરી દેવાની ખાતરી આપે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ચાલુ વર્ષ દરમ્યાન શિક્ષણકાર્ય કરવા માટે નિમાયેલ ટ્યૂટરને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતા તરીકેનું વેતન આપવામાં આવે તે શરતે વ્યાખ્યાતા તરીકે તેમની સેવાઓ લેવા માટે સદરહુ કૉલેજને પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૧થી યોગ્ય લાયકાત ધરાવતા લેકચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે. અગર જો તેમ કરવામાં આવશે નહીં તો નવા વિદ્યાર્થીઓને સદરહુ કૉલેજમાં દાખલ કરી શકાશે નહીં.

૨૪. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના ભૂતપૂર્વ આચાર્યશ્રી ટી. એન. મહેતા તા. ૧૦-૭-૧૯૬૭થી સદરહુ કૉલેજમાં જોડાયા હતા તથા તા. ૧૩-૩-૧૯૬૯ના રોજ નોટિસ આપી તે જ દિવસથી તેમને કૉલેજે છૂટા કર્યા હતા, તેના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓના નિયમ ક્રમાંક ૧૦ (૧) અન્વયે તેમજ છૂટા કરવા અંગે સિન્ડિકેટની અગાઉથી અનુમતિ લેવાઈ ન હોઈ તેઓને ૬ મહિનાનો પગાર ચૂકવવા માટે મંડળને જણાવતાં મંડળે તે અંગે લખેલા તા. ૧૧-૧૨-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલક મંડળને જણાવવું કે યુનિવર્સિટીનાં

ધારાધોરણ અનુસાર ડૉ. ટી. એન. મહેતાને છ મહિનાના વેતન જેટલું વળતર (Compensation) ચૂકવવું આવશ્યક છે, અને તે ત્વરિત ચૂકવી દેવા માટે સદરહુ કૉલેજને આથી જણાવવામાં આવે છે.

૨૫. સિન્ડિકેટ તેની તા. ૧૨-૪-૧૯૬૯ની સભામાં પ્રાશ્નિક-પરીક્ષકોની પેનલની રચના તેમ જ અન્ય આનુષંગિક બાબતો જોઈતપાસી રિપોર્ટ કરવા અંગે નીમેલ સમિતિએ નીચે મુજબની ભલામણ કરી છે :

"હાલ પ્રશ્નપત્રમાં એક પ્રશ્ન ગુજરાતી અને પછી એ જ પ્રશ્ન અંગ્રેજી ભાષામાં એમ એક પછી એક છપાય છે. તેને બદલે બધા પ્રશ્ના સળંગ પ્રથમ ગુજરાતીમાં અને ત્યાર પછી બધા પ્રશ્નો સળંગ અંગ્રેજીમાં છપાયેલા હોય તેવી રીતે પ્રશ્નપત્રો છપાવવાનું રાખવું."

તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની એકેડેમિક કાઉન્સિલની સભાએ ઉપરોક્ત ભલામણ મંજૂર કરેલ છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રશ્નપત્રોની છપામણીની પદ્ધતિની બાબતમાં યુનિવર્સિટીની હાલની પ્રથામાં કશો ફેરફાર કરવો નહીં.

૨૬. દ્વિતીય એલએલ.બી.ના નવા અભ્યાસક્રમમાં હિન્દુ તથા મુસ્લિમ લૉ બંનેનો એક પેપર ભેગો હોવાને કારણે ઑલ ઇન્ડિયા હિન્દુ લૉ રિસર્ચ ઍન્ડ ઍસોસિયેશન, મુંબઈનો સુવર્ણચંદ્રક પ્રતિવર્ષ બીજી એલએલ.બી. પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર હિન્દુ લૉ પેપરમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને એનાયત કરવા અંગે કાયદાની વિદ્યાશાખાના નીચેની ભલામણ જે સિન્ડિકેટની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં મંજૂર કરવામાં આવી છે. તેમાં કેટલીક સ્પષ્ટતા જરૂરી હોઈ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત :

વિદ્યાશાખાની ભલામણ

"The Faculty resolves that for purpose of awarding gold medal in Paper I on 'Hindu Law' (2nd LL.B.) may be treated as Hindu Law."

(**નોંધ.**—સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમનું પેપર ૧ હિન્દુ લૉ ઍન્ડ મુસ્લિમ લૉનું હોઈ તે પેપરમાં વધુ ગુણ મેળવનારને સુવર્ણચંદ્રક આપવાનો વિદ્યાશાખાએ અભિપ્રાય આપ્યો હતો એમ અધ્યક્ષશ્રીએ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે હિન્દુ લૉનું એક જુદું પેપર હવે ચાલુ રહેતું નહિ હોવાથી ઑલ ઇન્ડિયા હિન્દુ લૉ રિસર્ચ અને ઍસોસિયેશન, મુંબઈ સુવર્ણચંદ્રક અંગેનો નિયમ નં. ૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

1. A Medal in the name of "All-India Hindu Law Research and Reform Association, Bombay" of the value of about Rs. 205/- shall be awarded annually to a candiate who passes the Second LL.B. Examination to be held in March/April every year in the First Class and obtains the highest number of marks in the paper of Hindu Law and Mahomedan Law.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ઠરાવની જાણ સદરહુ ઍસોસિયેશનને કરવી.

૨૭. બી.ઈ. ૪ (સિવિલ) તથા બી.ઈ. ૫ (મિકે., ઇલે.) પરીક્ષાઓમાં લેબોરેટરી સ્ટાફની નિમણૂક કાયમી ધોરણે કરવા અંગે તા. ૩૧-૮-૧૯૭૦ની ઇજનેરી વિદ્યાશાખાએ નીચે મુજબની કરેલ ભલામણ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બી.ઈ.૪ (સિવિલ) તથા બી.ઈ. ૫ (મિકે.) પરીક્ષામાં લેબોરેટરી સ્ટાફની નિમણૂંક અગાઉ આ વિદ્યાશાખાના ડીને સૂચવ્યા મુજબ ચાલુ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે બી. ઈ. ૪ (સિવિલ) તથા બી ઈ. ૫ (મિકેનિકલ-ઇલેક્ટ્રિકલ)ની પરીક્ષાઓમાં લેબોરેટરી સ્ટાફની નિમણૂક અંગેની જરૂરિયાત તથા વેતનના દર આ સાથેના પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા

(મંજૂર કરવામાં આવેલા વેતનના દરની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૮. પ્રાશ્નિક-પરીક્ષકો, મોડરેટરો વગેરેને આપવામાં આવતી સામાન્ય સૂચનાની પુસ્તિકામાં સૂચના નં. ૩૩માં નીચે મુજબનો સુધારો કરવાની જરૂર જણાય છે, તો તે અંગે વિચારણા કરવા બાબત:

પુસ્તિકામાં હાલ નીચે મુજબ છે :

33. The Chairman of the Board of Paper-setters and the Moderators shall be required to be at the University headquarters latest on the second day or the third day to be fixed by the Chairman after the setting of the paper and shall meet together to settle down in writing the points for the uniform standard of Moderation and shall thereafter proceed to their respective headquarters. Unlike as was done in previous years, the Moderators shall, now, be free to do the Moderation work at their respective headquarters and not at the University headquarters.

નીચે રજૂ કર્યા મુજબ સૂચના નં. ૩૩ સુધારવા સૂચન છે :

33. In cases where none of the Paper-setters is a Moderator, (1) the Chairman of the Board of Moderators and Examiners, and (2) the Moderators shall, within three days of the setting of the question paper / papers, be required to be at the University headquarters at Ahmedabad on a date to be fixed by the Chairman, and they shall after having settled in writing the points for the uniform standard of Examinations and moderation be free to leave Ahmedabad to do their moderation work.

In cases where all or any of the Paper-setters are also Moderators, they shall submit a scheme of assessment for each examine alongwith the manuscript/s of the question papers in a separate sealed envelope and in that case they should be required to meet after the setting of the question paper/papers as contemplated in para I above of this instruction. They shall also be free to do the moderation work at their respective head-quarters or any other place where they may be staying for the time being.

પ્રાશ્નિક-પરીક્ષકો, મેાડરેટરો વગેરેને આપવામાં આવતી સામાન્ય સૂચનાની પુસ્તિકામાં સૂચના નં. ૩૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૨૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ તા. ૧-૪-૧૯૬૬થી સુધાર્યાં છે. તેના સંદર્ભમાં યુનિવર્સિટી ભવનોમાં કેટલાક શિક્ષકો તા. ૧-૪-૧૯૬૬ પછી જોડાયા હોય તેઓ જો કૉલેજોમાં ચાલુ રહ્યા હોય તો તેઓને યુનિવર્સિટીમાં તેમની નિમણૂક વખતે જે પગાર તથા બીજાં ભથ્થાં આપેલાં હતાં તેથી વધુ કુલ પગાર તેમ જ તે વખતે કૉલેજમાં મળતો હોય તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મેાકલવી.

૩૦. પ્રોફેસરની જગ્યાનો સિનિયર સ્કેલ રૂ. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ આપવા અંગેની અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. કે. આર. ચંદ્રશેખરનની તા. ૧૪-૮-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના સ્ટે. ૨૦૪ પ્રમાણે પ્રોફેસરની જગ્યાનું પગારધોરણ રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦નું છે, પણ ચોથી પંચવર્ષીય યોજનાના સ્કેલ મંજૂર કર્યા અંગેના ગુજરાત રાજ્ય સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના પત્રમાં નિર્દેશ કરેલ છે કે કુલ પ્રોફેસરોની સંખ્યાના ૨/૩ ભાગના પ્રોફેસરોને રૂ. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ના સિનિયર સ્કેલમાં નીમી શકાય. હાલ આપણી યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં કુલ્લે ૧૦ પ્રોફેસરો કામ કરે છે. સિનિયર સ્કેલના અમલ માટે સ્ટે. ૨૦૪ સુધારવાની જરૂર રહે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મેાકલવી.

૩૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ પ્રમાણે ભારત સરકારે ગ્રંથાલયશાસ્ત્રના શિક્ષકગણનાં પગારધોરણો નીચે જણાવ્યા પ્રમાણે સુધાર્યાં છે તે તા. ૧-૪-૧૯૬૬થી અમલી બને તે રીતે યુનિવર્સિટીઓને રાજ્ય સરકાર તે અંગેની શરતોના નિયમોને આધીન રહીને આર્થિક સહાય આપશે તેમ જણાવતાં ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર

વિભાગના ઠરાવ નં. એમ. આઈ. એચ. ૧૦૬૮ કે. એચ. તા. ૨૭-૧૦-૧૯૭૦ પરત્વે વિચારણા કરવા બાબત :

હોદ્દો	પ્રવર્તમાન પગાર	સુધારેલું પગારધોરણ
૧. પ્રોફેસર (સિનિયર પ્રોફેસર)	રૂ. ૧,૦૦૦-૫૦-૧,૫૦૦	રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦ -૬૦-૧,૬૦૦
૨. પ્રોફેસર (સિનિ.) (રીડર)	રૂ. ૫૦૦-૩૮-૬૨૦-૪૦-૧,૦૦૦.	રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦
૩. પ્રોફેસર (જુનિ.) (લેક્ચરર)	રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦	રૂ. ૪૦૦-૪૦-૮૦૦ ૫૦-૯૫૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૬-૧૯૬૯ની સભાની ભલામણને અનુલક્ષીને એમ.એસ.સી. ભાગ ૨ના પરીક્ષણની વ્યવસ્થા કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૨-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) The dissertation be assessed jointly by two Examiners one of whom should be the guide under whom the candidate has worked.

(2) Marks are assigned from 150 and should be assigned after viva.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૩૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે કૉલેજના જોડાણ સંબંધી હાથ ધરેલ કાર્યવાહી બાબતમાં શિક્ષણ અને મજૂર ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલ પત્રની સિન્ડિકેટે તેની તા. ૬-૧૨-૧૯૬૯ની સભામાં નોંધ લઈ એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે એકેડમિક કાઉન્સિલે પણ તેની તા. ૧૯/૨૦-૧૨-૧૯૭૦ની સભામાં સદરહુ બાબતની નોંધ લેવા ઠરાવ્યું છે તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— પત્રનો સંદર્ભકર્તા ભાગ નીચે મુજબ છે :

.....in accordance with sub-section (4) of section 33 of the Gujarat University Act, 1949 wherein application for affiliation or any part thereof is refused the grounds for such refusal have to be stated. It has been observed that the University does not furnish reasons for its recommendation to refuse an application for affiliation, although where Government refuses an application or any part thereof, the grounds of such refusal have to be stated. I am, therefore, to request you to move the University to consider the

matter in light of provisions of the Gujarat University Act, and to adopt the procedure of giving the grounds for recommending refusal of an application for affiliation.)

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ પત્રની નોંધ લેવી અને તેને જણાવવું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ હેઠળ જોડાણ અંગેની જે કાર્યવાહી કરવાની હોય છે તે કાર્યવાહી રાજ્ય સરકારને મોકલી આપવામાં આવે છે અને તેમાં જોડાણ ન આપવાની બાબતમાં યુનિવર્સિટીનાં જે તે સત્તામંડળોએ કરેલા ઠરાવમાં ન હોય તેવાં કોઈ કારણો આપવાનું બની શકે નહીં તે હકીકત તરફ ધટતો પત્ર લખીને રાજ્ય સરકારનું ધ્યાન ખેંચવું.

૩૪. સને ૧૯૭૦-૭૧ના વર્ષના યુનિવર્સિટીના પુનર્નિર્મિત અંદાજપત્ર અને સને ૧૯૭૧-૭૨ના વર્ષના અંદાજપત્ર અંગે સિન્ડિકેટે નીમેલી અંદાજપત્ર સમિતિની તા. ૨૮-૧૨-૧૯૭૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરી અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦-૭૧ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત અંદાજપત્ર અને ૧૯૭૧-૭૨ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

૩૫. સિન્ડિકેટે તેની તા. ૨૧/૨૨-૧૧-૧૯૭૦ની સભામાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૭૦ સુધી લંબાવી હતી, પરંતુ હજુ સુધી લગભગ ૬૧૬ જેટલા વિદ્યાર્થીઓએ ચાલુ સાલે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહિ હોવાથી તે મુદત વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમ્યાન પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવી લેવાની મુદત તા. ૧૫મી માર્ચ ૧૯૭૧ સુધી લંબાવવી અને સંબંધકર્તા કૉલેજો/વિદ્યાર્થીઓને તે તારીખ સુધીમાં પ્રવેશપાત્રતાનાં પાકાં પ્રમાણપત્રો કઢાવી લેવા માટે સૂચના આપવી.

તે પછી બાબત નં. ૩૬ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી અને તા. ૧૬-૧-૧૯૭૧ના રોજ સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું ત્યારે પણ તે ઉપરની ચર્ચા ચાલુ રહી હતી. તે પછી તા. ૧૭-૧-૧૯૭૧ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે સભાગૃહ ફરી મળતાં સદરહુ બાબત પર ચર્ચા-વિચારણા આગળ ચાલી.

૩૬. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ અંગેના અરજદાર આચાર્યશ્રી દર્શનસીંગ શીખ વગેરેએ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન કમાંક. ૭૨૩-૧૯૭૦ તથા અરજદાર પ્રો. મણિશંકર પંડ્યાએ ગુજરાત હાઈ કોર્ટમાં યુનિવર્સિટી સામે કરેલ રિટ અરજીઓ બાબતમાં નામદાર હાઈ કોર્ટે કરેલા નીચે મુજબના હુકમને અનુલક્ષીને તા. ૭/૮-૬-૧૯૭૦ની સિન્ડિકેટની નીચે જણાવેલ બાબત કમાંક ૮૮ અંગે જરૂરી વિચારણા કરવા બાબત :

બાબત કમાંક ૮૮

સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદે સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ માટે પોતાનું મકાન, સાધનો, ગ્રંથાલય અને ફર્નિચર વગેરે "મંગળ પ્રભાત" ટ્રસ્ટના

ઉપયોગ માટે આપેલ, જેની મુદ્દત તા. ૩૧-૩-૧૯૭૦ના રોજ પૂરી થતાં હવે ઉપર દર્શાવેલ કોઈ પણ વસ્તુ "મંગળ પ્રભાત" ટ્રસ્ટને આપવામાં આવશે નહીં, તે મતલબના સરસ્વતી વિદ્યામંડળના મંત્રીશ્રો તરફથી તા. ૨૭-૫-૧૯૭૦ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આમ લંબાણ ચર્ચાવિચારણા થઈ તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સરસપુર, સરસપુર વિસ્તારમાં ચલાવવા માટે મંગળ પ્રભાત કે યુનિવર્સિટીની સિન્ડિકેટને સ્વીકાર્ય હોય એવી કોઈ અન્ય સંસ્થા કે મંડળ તા. ૩૧-૩-૧૯૭૨ સુધીમાં જો અને જ્યારે તૈયાર થાય તો અને ત્યારે તેમ કરવા માટે મંગળ પ્રભાત ટ્રસ્ટ જરૂરી અનુકૂળતા કરી આપશે તેવી બાંયધરી આપે તે શરતે સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજને મીરજાપુર વિસ્તારમાં ચલાવવા માટેની તેણે માગેલી પરવાનગી આપવી.

(૨) સદરહુ કૉલેજને ૧૯૭૧-૭૨ના વર્ષ દરમ્યાન નીચે મુજબના વર્ગોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી:

પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્ય—બે બે વર્ગો
એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.—એક એક વર્ગ
એસ.વાય.બી.એ. અને એસ.વાય.બી.કૉમ.—એક એક વર્ગ
ટી.વાય.બી.એ. અને ટી.વાય.બી.કૉમ.—એક એક વર્ગ.

વધુમાં, ૧૯૭૧-૭૨ના વર્ષના અંતે ભવિષ્યમાં કયા વર્ગો કાઢવા માટે સદરહુ કૉલેજને પરવાનગી આપવી તે બાબતનું પુનરવલોકન કરવું.

(૩) જરૂર જણાય તો સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ યુનિવર્સિટીની કૉન્સ્ટટ્યુઅન્ટ કૉલેજ તરીકે સરસપુર વિસ્તારમાં ચલાવવા માટેની શક્યતા તા. ૩૧મી માર્ચ ૧૯૭૨ સુધીમાં તપાસવાનું રાખવું.

૩૭. એમ.એ., એમ.કૉમ., એમ.એસસી.માં ૩૬ ટકા સાથે પાસ વર્ગ દાખલ કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. આ સાથે જોડ્યા પ્રમાણે સુધારવા તથા તેને તાત્કાલિક (એટલે કે એપ્રિલ, ૧૯૭૧ની પરીક્ષામાં પરિણામને લાગુ પડે તે રીતે) અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. એમ.એ. ૬, રેગ્યુ. એમ.એ. ૯; રેગ્યુ. એમ એસસી. ૫, રેગ્યુ. એમ.એસસી. ૭; રેગ્યુ. એમ.કૉમ. ૩ અને રેગ્યુ. એમ.કૉમ. ૬ એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારવા અને તેને તાત્કાલિક (માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષામાં આવે તે રીતે) અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુ. એમ.એ. ૬, રેગ્યુ. એમ.એ. ૯; રેગ્યુ. એમ.અસસી. ૫, રેગ્યુ. એમ.એસસી. ૭; રેગ્યુ. એમ કૉમ. ૩ અને રેગ્યુ. એમ.કૉમ ૬ની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારીને જાહેર કર્યાના:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એમ. જે. દવે	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. એ. એસ. પ્રકાશરાવ	વિજ્ઞાન—ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.;

(૨) માર્ચ ૧૯૭૧માં લેવાનાર બી.એડ., પાર્ટ ૧ની પરીક્ષા માટે—

(૧) ડભોઈ, (૨) ગોધરા, (૩) પેટલાદ, (૪) મુન્દ્રા, અને (૫) દરામલીને કેન્દ્રો તરીકે મંજૂરી આપ્યાના;

(૩) એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર સેકન્ડ એલએલ.બી. પરીક્ષા માટે ભૂજને કેન્દ્ર તરીકે મંજૂરી આપ્યાના;

(૪) સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. એચ. વી. સુથારના તા. ૭-૧૨-૧૯૭૦ના પત્રના સંદર્ભમાં તેઓને બૅંક ઑફ બરોડાના સ્ટાફ ટ્રેનિંગ કલાસના વિદ્યાર્થીઓ સમક્ષ આશરે ૧૨-૧૫ વ્યાખ્યાનો આપવાનું તથા તે અંગેનું રૂ. ૩૨૫ સુધીનું માનદ વેતન સ્વીકારવાની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૯. **વિજ્ઞાન વિદ્યાભવનના રીડર-ઇન-ફિઝિકસ ડૉ. પી. ડી. પાઠકની નેશનલ કાઉન્સિલ ફૉર સાયન્સ એજ્યુકેશનના ઉપક્રમે અમેરિકા જવા માટે સિન્ડિકેટે ત્રણ માસની રજા મંજૂર કરેલ, તેના સંદર્ભમાં તેમને અમદાવાદથી દિલ્હી જવા-આવવાનો હવાઈ-પ્રવાસ મંજૂર કરવા અંગે શ્રી. પી. ડી. પાઠકના તા. ૧૯-૧૨-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

(નોંધ.—આ અંગેનું ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવું તેમ કેન્દ્ર સરકારના શિક્ષણ ખાતાના તા. ૪-૮-૧૯૭૦ના પત્રથી જણાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્ય માટે પ્રો. પી. ડી. પાઠકના હવાઈ-પ્રવાસના ખર્ચને મંજૂર કરવો.

૪૦. **એન. આઈ. એસ., પતિયાળાના ઉપક્રમે યોજનાર "નેશનલ સેમિનાર ઑન સ્પોર્ટ્સ મેડિસિન" અંગેના સેમિનારમાં ભાગ લેવા માટે આપણી યુનિવર્સિટીના મેડિકલ ઑફિસરને મોકલી આપવા અંગે એન. આઈ. એસ., પતિયાળાના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટે તા. ૨૫-૧૧-૧૯૭૦ના પત્રાંક એમ.એસ. ૨૦-૭૦-એન.આઈ.એસ.થી કરેલ સૂચન પ્રમાણે પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટીના સી.એમ.ઓ. ડૉ. સી. આર. ત્રિવેદીને મોકલવા.

૪૧. **પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી પરીક્ષામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયેલ હોઈ તે અંગેનો ઑર્ડિ. ૧૨૯નો જરૂરી પાઠ મંજૂર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. **મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના પ્રતિનિધિ તરીકે શ્રી. માણેકલાલ ઠાકર સેનેટના સભ્યપદેથી ફારેગ થયેલ હોવાથી ઑર્ડિ. ૪૭(૫) મુજબ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર તેમની જગ્યાએ અન્ય સભ્યની નિયુક્તિ કરવા બાબત.**

(નોંધ.—Sec. 16, Class II (*A*) (*iv*)(*a*) મુજબ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના

પ્રતિનિધિઓ તરીકે નીચે જણાવેલ સભ્યો સેનેટ પર ચૂંટાયા છે :

(૧) શ્રી. જે. આર. વ્યાસ, ગોધરા

(૨) શ્રી. ડી. સી. પરીખ, નડિયાદ.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. માણેકલાલ ઠાકરની સદરહુ ખાલી પડેલી જગ્યા પર તા. ૧૦-૧૨-૧૯૭૧ના સમય દરમ્યાન શ્રી. જે. આર. વ્યાસ(ગોધરા)ને નીમવા.

૪૩. અનુસ્નાતક પરીક્ષાઓમાં ત્રીજા પરીક્ષણ માટે નિમાતા પરીક્ષકને બીજે કયાંય નિમાયા ન હોય તો તેમને વેતન કયા દરે આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલનો નિયમ નીચે મુજબ છે :

" To each Examiner specially appointed for Third assessment of answer-books at Post-graduate Examination shall be paid Rs. 100/- as minimum remuneration, provided he has not worked in any capacity at any Examination during the same Examination seasons .")

આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા પરીક્ષક અંગેના વેતન અંગેનો સદરહુ નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

" Each Examiner specially appointed for third assessment of answer-books of any of the post-graduate examinations shall be paid at the rate of Rs. 10/- per answer-book, provided that the total remuneration payable to him in this behalf shall not exceed Rs. 100/-, and provided further that he has not worked in any capacity in any of the University examinations held during the same examination season."

૪૪. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોની સુધારણાની બાબતના સંદર્ભમાં જે સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક શિક્ષણ હોય તેમના આચાર્ય તથા અનુસ્નાતક શિક્ષણનું કાર્ય કરતા શિક્ષકોમાંથી રપ ટકાને અનુક્રમે રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦ અને રૂ. ૭૮૦-૪૦-૧,૧૦૦ના પગારધોરણમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના જી.આર. નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે છે :

(1) All Principals of affiliated Colleges in the State shall be placed in the scale of Rs. 700-40-1,100. Principals of affiliated Colleges having post-graduate teaching done in those colleges shall be placed in the scale of Rs. 800-50-1,250, subject

to the condition that the number of Principals so placed shall not exceed 25 per cent of the total number of Principals of all the Colleges in the State as on the 1st April, 1966 as have facilities for post-graduates teaching. The Universities will determine as to which of the posts of Principals of such Colleges should be in the scale of Rs. 800-50-1,250.

(2) All Professors and Lecturers in the existing scale of Rs. 300-600 and Rs. 250-475 shall be given Sr. scale of Rs. 400-30-640-40-800, provided that the number of posts in the Senior scale of Rs. 400-800 should not exceed 25 per cent of the total number of post of Lecturers. The remaining Lecturers shall be given Jr. scale of Rs. 300-25-600, provided further that 25 per cent of the total number of posts of Professors in the scale of Rs. 400-800 in post-graduate affiliated colleges shall be placed in the scale of Rs. 700-40-1,100, subject to the condition that such teachers are recognised / approved by the University concerned for post-graduate work and have at least one year's post-graduate teaching experience as on 1-4-1966. The detailed allocation of posts in this category should be left to the Universities. The Universities shall lay down the qualification for being eligible to the post-graduate scale of Rs. 700-1,100 and should communicate the same to Government for information. The number of posts in the scale of Rs. 700-1,100 which cannot be filled-in by such qualified post-graduate teacher shall remain in the scale of Rs. 400-800.

(3) The post-graduate scale of Rs. 800-1,250 and Rs. 700-1,100 shall be admissible with effect from the date such appointments are approved by the University after issue of these revised orders.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને જરૂરી સ્પષ્ટતા અને માર્ગદર્શન ત્વરિત આપવા માટે વિનંતી કરવી.

૪૫. ચોથી પંચવર્ષીય યોજના હેઠળના સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણો માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે પણ અમલી બનાવવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

૫૪. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદને બી.એ.(સબો.)માં ફારસી શીખવવા માટે જોડાણ નહિ હોવા છતાં શીખવતા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની ભૂલ માટે તે કૉલેજને સખત ઠપકો આપવો અને જણાવવું કે ભવિષ્યમાં આ પ્રકારની ભૂલનું પુનરાવર્તન થાય નહીં તે માટે ખાસ કાળજી રાખવી જરૂરી છે.

૫૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એમ. આર. રવિકૃષ્ણન	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. એન. કે. પટેલ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૩.	શ્રીમતી એસ. આર. કોઠી	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.;

(૨) માર્ચ–એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર પરીક્ષાઓ માટે નીચે દર્શાવેલ સ્થળો પર તેમની સામે જણાવેલ પરીક્ષાઓ માટે પરીક્ષા-કેન્દ્રો મંજૂર કર્યાના :

કેન્દ્ર	પરીક્ષાનાં નામો
સાબરમતી	પ્રી-યુનિવર્સિટી વિનયન તથા વાણિજ્ય
કલોલ	ફર્સ્ટ બી.કૉમ.
તલોદ	ફર્સ્ટ બી.કૉમ.
પેટલાદ	ફર્સ્ટ બી.કૉમ.
ભૂજ	સેકન્ડ એલએલ.બી.
ગોધરા	ફર્સ્ટ બી.કૉમ.
મોડાસા	સેકન્ડ બી.કૉમ.
માણસા	સેકન્ડ બી.કૉમ.;

(૩) સમાજવિદ્યા ભવનના નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા પરિસંવાદમાં ભવનના પ્રતિનિધિ તરીકે મોકલવાની મંજૂરી આપ્યાના :

૧.	શ્રી. એમ. પી. ભટ્ટ	રીડર	ઑલ-ઇન્ડિયા ઇકોનોમિક કૉન્ફરન્સ, ગૌહત્તા
૨.	(૧) શ્રી. ડી. એન. પાઠક	પ્રોફેસર	ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ કૉંગ્રેસ, મીરત
	(૨) શ્રી. કે. ડી. દેસાઈ	રીડર	,, ,, ,, ,, ,,
૩.	(૧) ડૉ. તારાબહેન પટેલ	પ્રોફેસર	ઑલ-ઇન્ડિયા સોશિયોલોજિકલ કૉન્ફરન્સ, હૈદરાબાદ
	(૨) ડૉ. વી. પી. શાહ	રીડર	,, ,, ,, ,,
	(૩) શ્રી. ઈ. જે. મશિહી	લેક્ચરર	,, ,, ,, ,,
૪.	ડૉ. આર. કે. ધારૈયા	લેક્ચરર	ઑલ-ઇન્ડિયા હિસ્ટરી કૉંગ્રેસ, જબલપુર;

(૪) ગુજરાત રાજ્યનો યુવક-મહોત્સવ તા. ૧૮મી ડિસેંબરથી તા. ૨૬મી ડિસેંબર ૧૯૭૦ના સમય દરમિયાન ગાંધીનગર મુકામે ઊજવવાનો હોવાથી નાતાલના રજાઓ ડિસેંબર ૨૫થી ૧લી જાન્યુઆરીને બદલે તા. ૧૮થી ૨૬ ડિસેંબર સુધી રાખવાની અનુમતિ આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૬. જાન્યુઆરી ૨૨થી ૨૫, ૧૯૭૧ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે ઑલ-ઇન્ડિયા ઓપ્થાલમોલોજિકલ કોન્ફરન્સનું ૩૧મું અધિવેશન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા માટે અવકાશ રહ્યા નહીં તેથી તે અંગે વિશેષ વિચારવાપણું રહ્યું નહીં.

૫૭. સંલગ્ન કોલેજોમાં ખંડ સમયના શિક્ષકો તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોના માસિક વેતનના ઓછામાં ઓછા દર પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. સંલગ્ન કોલેજોમાંથી શિક્ષકોની છટણીના કેસો પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટ નીમેલી સમિતિની તા. ૩૧-૧૨-૧૯૭૦ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. જૂન ૧૯૭૨થી નવી કોલેજો માટે નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	સંસ્થાનું નામ અને સરનામું	સ્થળ	અભ્યાસક્રમો
૧.	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પો. તાજપુર, નેશનલ હાઈવે નં. ૮, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા	પ્રાંતિજ	વિનયન અને વાણિજ્ય
૨.	,, ,,	પ્રાંતિજ	શિક્ષણ
૩.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર, દ્વારા : શ્રી. શાંતિલાલ પી. ત્રિવેદી, ૨૩, હરસિદ્ધ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩	બાલાસિનોર	શિક્ષણ

ક્રમાંક	સંસ્થાનું નામ અને સરનામું	સ્થળ	અભ્યાસક્રમો
૪.	માનદ મંત્રીશ્રી, સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા	માણસા	શિક્ષણ
૫.	મંત્રીશ્રી, વડોદરા જિલ્લા કેળવણી મંડળ, દ્વારા : આચાર્યશ્રી કૉમર્સ કૉલેજ, ડભોઈ	ડભોઈ	કાયદો
૬.	માનદ મંત્રીશ્રી, મથુરાદાસ એલ. ગાંધી, હાયર એજ્યુકેશન સોસાયટી, મેાડાસા, જિ. સાબરકાંઠા	મેાડાસા	કાયદો
૭.	મેનેજિંગ ટ્રસ્ટી, માનવ મંદિર, દ્વારા : સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, આશ્રમ રેાડ, અમદાવાદ-૧૩	અમદાવાદ	કાયદો

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૬૦. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને જૂન ૧૯૭૦થી ચાલુ/વધારાનું જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૬૧. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનનાં વિદ્યાર્થિની શ્રીમતી એસ. જે. અત્રીનો અંગ્રેજી વિષયનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ જે તા. ૨૪-૧૦-૧૯૭૦ સુધીમાં રજૂ થવો જોઈતો હતો તે માર્ગદર્શક શિક્ષક પ્રો. ચન્દ્રશેખરનની અસ્વસ્થતાથી વેળાસર રજૂ ન થતાં તા. ૩૧-૧૨-૧૯૭૦ના રેાજ થયો તે કારણે વિદ્યાર્થિની શ્રીમતી અત્રીને નિયમ મુજબ નવેંબરથી ભરવી પડતી ફી માફ કરવા માટેની ભવનના વડાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. જે. અત્રીને, ઉપર જણાવેલા સંજોગોમાં, તેમનો મહાનિબંધ રજૂ કરવા માટેની નવેસરથી ફી ભરવામાંથી મુક્તિ આપવી.

૬૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી નીચેની કૉલેજો તરફથી તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં જૂન ૧૯૭૧થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલી અરજીઓ પરથી તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી
(૧)	એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ	એમ.એ.	ગુજરાતી	નોર્થ	શ્રી. એન. સી. શાહ—શિક્ષક શ્રી. જે. કે. દવાસ—શિક્ષક શ્રી. એસ. સી. પટેલ—મદદનીશ પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી
(૨)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	એમ.એ.	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'	ખેડા	શ્રી. એસ. એસ. રાજ—શિક્ષક જૂથ "સી" શ્રી. બી. પી. પટેલ—મદદનીશ જૂથ "એ" અને "સી" શ્રી. એમ. આર. સોલંકી-મદદનીશ જૂથ "એ"-"બી" શ્રી. બી. આર. પુરાણી-મદદનીશ જૂથ "એ"-"સી". પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.
(૩)	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી'		૧. શ્રી. આઈ. જે. ધ્રુવ—શિક્ષક જૂથ "એ"-"સી" ૨. શ્રી. કે. વી. વસાવડા—શિક્ષક જૂથ "સી" અને "ડી" શ્રી. બી. એસ. ભટ્ટ—શિક્ષક જૂથ "સી"-"ડી"
(૪)	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	નૉર્થ ઝોન	૧. શ્રી. એમ. જી. ઉમરાવનકર—અનુસ્નાતક શિક્ષક જૂથ "બી" ૨. શ્રી. વાય. એમ. પંડ્યા—અનુસ્નાતક શિક્ષક જૂથ "બી" ૩. શ્રી. આઈ. આર. પટેલ—અનુસ્નાતક શિક્ષક સ્ટેટિસ્ટિક્સ
(૫)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ	એમ.એ	અર્થશાસ્ત્ર	ખેડા	૧. શ્રી. વાય. જે. કાકોર, અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. પી. ડી. બડવા તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને. ૩. શ્રી. પી. એમ. ઉપાધ્યાય તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. ઑર્ડિ. ૩૭ હેઠળ રચાયેલ યુનિવર્સિટીની સંશોધન ગ્રાન્ટ અંગેની સમિતિ (ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટી) પર શ્રી. જે. બી. સાણ્ડિલની ખાલી પડેલી જગ્યા પર તા. ૧૬-૧૧-૧૯૭૨ સુધીના સમય માટે અન્ય સભ્યની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. જે. બી. સાણ્ડિલની ખાલી પડેલી જગ્યા પર તા ૧૬-૧૧-૧૯૭૨ સુધીના સમય માટે ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદીની નિમણૂક કરવી.

૬૪. વિનયન વિદ્યાશાખાના પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે ગુજરાતી વિષયમાં તૈયાર કરેલ "નરસિંહ મહેતાનાં પદો"ની હસ્તપ્રતના પ્રકાશન માટે મુદ્રણ, પ્રકાશન, વેચાણ વગેરે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ સંગ્રહ ૧૯૭૧-૭૨, ૭૨-૭૩, અને ૭૩-૭૪નાં વર્ષો માટે નક્કી કરવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પદ્યસંગ્રહના પ્રકાશનનું કામ કોઈ વેપારી પેઢીને સોંપવાનું રાખવું અને તે માટે ભાવતાલ મગાવી ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી બંધાયેલ ટીચર્સ હૉસ્ટેલનાં કુલ ૪૮ રહેઠાણો પૈકી હાલ ૨૩ રહેઠાણો ખાલી રહેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૬. જૂની પદ્ધતિની બી.ઈ. ૧ પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવીને બી.ઈ. ૨ના વર્ગમાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી જેમણે બી.ઈ. ૧ પરીક્ષા ઑ. એન્જિ. ૩ અનુસાર ત્રણ પ્રયત્ને પસાર કરી નથી તેઓને એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષામાં બી.ઈ. ૧ની વધુ એક પરીક્ષા આપવા દેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નવી સેમેસ્ટર પદ્ધતિમાં આવો કોઈ નિયમ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે જૂની પદ્ધતિની બી.ઈ. ૧ પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવીને બી.ઈ. ૨ના વર્ગમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓ પૈકી જેમને બી.ઈ. ૧ પરીક્ષા ઑર્ડિ. એન્જિ. ૩ અનુસાર ત્રણ પ્રયત્ને પસાર કરી નથી તેમને એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષામાં બી.ઈ. ૧ની પરીક્ષામાં બાકી રહેલા વિષયમાં બેસવા દેવા માટે પરવાનગી આપવી.

૬૭. અલકનંદા નદીમાં પૂર આવવાને કારણે નંદાદેવી પર્વતારોહણ માટે ગયેલ ટુકડીના સભ્યો તા. ૧૯-૭-૧૯૭૦ને બદલે તા. ૩૦-૭-૧૯૭૦ના રોજ પરત આવેલ. તે સંજોગોમાં સદરહુ ટુકડીમાં તબીબી અધિકારીઓ તરીકે ગયેલ મ્યુનિ. મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ (૧) શ્રી. ઇકબાલ આર. હકીમ, (૨) શ્રી. રાહુલ એમ. ઠાકરની ઉપરોક્ત વધારાના સમયની ગેરહાજરી હાઉસમેનશિપના ભાગ તરીકે ગણવા અંગેની ગુજરાત

રાજ્યની સ્પોર્ટ્સ કાઉન્સિલના સેક્રેટરીના તા. ૨-૧૨-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સેક્રેટરીએ તેમના તા. ૭-૧-૧૯૭૧ના પત્રથી ખાસ કેસ તરીકે ૧૦ દિવસની વધારાની હાઉસમેનશિપમાંથી મુક્તિની માગણી માન્ય કરેલ છે.

[નોંધ.—તા. ૬/૭-૬-૧૯૭૦ની સિન્ડિકેટની સભાએ બાબત નં. ૬૩થી ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની સંમતિ મળ્યેથી તા. ૧૯-૫-૧૯૭૦થી તા. ૧૯-૭-૧૯૭૦ સુધીના સમયની પર્વતારોહણની ફરજીયાત હાઉસમેનશિપના ભાગ તરીકે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની અનુમતિ મળ્યેથી મંજૂર કરવાનું ઠરાવ્યું હતું, જેને તા. ૧૬-૬-૧૯૭૦ના પત્રાંક એમ.સી.આઈ. ૭(૧૯) ૭૦-મેડ-૪૭૫૬થી ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલે અનુમતિ આપેલ હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓની તા. ૧૯-૭-૧૯૭૦થી તા. ૩૦-૭-૧૯૭૦ના સમયની હાઉસમેનશિપની ગેરહાજરી માફ કરવી

૬૮. તા. ૧૨-૧-૧૯૭૧ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા ૧૨-૧-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી

(તા ૧૨-૧-૧૯૭૧ની સભાની ભલામણોની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૯. સોનાનો હાલનો ભાવ જોતાં રૂ. ૨૫૦થી ઓછી આવક આવતી હોય તેવા એન્ડાઉમેન્ટમાંથી સોનાનો ચંદ્રક બનાવવાનું હવે શક્ય નથી. તેના સંદર્ભમાં ચાંદીનો ચંદ્રક બનાવીને ઉપર સોનાનો ઢોળ ચઢાવવા અંગેના મિન્ટ સત્તાવાળાઓના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૨-૧૯૭૧ની સભામાં નીચેની બાબત લીગલ કમિટીની ભલામણ માટે મોકલેલ તે અંગે લીગલ કમિટીએ તેની તા. ૬-૧-૧૯૭૧ની સભામાં કરેલ નીચેના ઠરાવને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના પાંચમા વાર્ષિક અધિવેશનમાં પસાર થયેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

મંડળની આ સામાન્ય સભા મંડળની કારોબારીને આદેશ આપે છે કે સલામતી માટેની ટ્રિબ્યુનલ અંગેની ચાર વર્ષ જૂની માગણીની સમાજ સમક્ષ રજૂઆત કરવી અને યુનિવર્સિટી તેમ જ સરકાર ડિસેંબર ૧૯૭૦ સુધીમાં ટ્રિબ્યુનલ ન રચે તો મંડળે લેવાનાં પગલાંનો કાર્યક્રમ ૧૫મી જાન્યુઆરી સુધીમાં જાહેર કરવો."

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદનો તા. ૮-૧૨-૧૯૭૦નો પત્ર ક્રમાંક ૮૭૩ પણ સભા સમક્ષ મૂકવામાં આવ્યો.

લીગલ કમિટીનો ઠરાવ

"ચર્ચાવિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત બાબતમાં કયા મુદ્દા પર આ સમિતિને અભિપ્રાય જોઈએ છે તે અંગે સિન્ડિકેટના ઠરાવમાં પૂરતી સ્પષ્ટતા ન હોવાથી તેની સ્પષ્ટતા કરવા માટે સિન્ડિકેટને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન ઝૂલોજીની એક જગ્યા માટે તા. ૧૩-૧-૧૯૭૧ના રોજ મળેલી સિન્ડિકેટની બનેલી ચરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન ઝૂલોજીની જગ્યા પર શ્રી. એન. ડી. છાયાની નિમણૂક રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૫૨૦થી તા. ૧૫-૬-૧૯૭૧થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૩-૧-૧૯૭૧ની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૭૨. સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં સંલગ્ન કૉલેજોમાં અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગેના અહેવાલ પર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે નીમેલ સ્થાયી સમિતિ ઉપર ઔષધવિજ્ઞાન અને દંતવિજ્ઞાનની વિદ્યાશાખાના પ્રતિનિધિઓને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર તા. ૧૦-૧૨-૧૯૭૧ સુધીના સમય માટે ડૉ. સી એસ. શાહ અને ડૉ. એ. એમ. મલાવવાલાની નિયુક્તિ કરવી.

૭૩. સેનેટ-સભ્ય શ્રી. હીરુભાઈ પી. પટેલને અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિનું સભ્યપદ એનાયત કરેલું, પરંતુ તે સભ્યપદનું રાજીનામું આપ્યું છે તેની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સેનેટ-સભ્ય શ્રી. અભિનવ શુકલનો તા. ૮-૧-૧૯૭૧નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ વધુ ચર્ચાવિચારણા માટે સદરહુ બાબત મોકૂફ રાખવામાં આવી.

૭૪. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબત પરત્વે સિન્ડિકેટે તેની તા. ૧૩-૬-૧૯૭૦ની સભામાં તા. ૧-૪-૧૯૭૧થી "મર્જ્ડ" મોંઘવારી ભથ્થું આપવા ઠરાવ્યું હોઈ મોંઘવારી ભથ્થાની કેટલીક રકમ મૂળ પગારમાં ભેળવવાની રહે તે લક્ષમાં લઈને તે બાબત અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. જૂન ૧૯૭૧થી જોડાણ મેળવવા માટે આવેલ અરજીઓ પૈકી જે કૉલેજોને જૂન ૧૯૭૨ સુધીનું જોડાણ આપવા આગામી સેનેટ ભલામણ કરશે તે કૉલેજો ૧૯૭૨ માટેની

જોડાણઅરજી ઑર્ડિ. ૧૨૦ મુજબ તા. ૧-૧-૧૯૭૧ સુધીમાં કરી શકે નહીં તેના સંદર્ભમાં તે કૉલેજોની જોડાણઅરજીઓ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે ખર્ચના "મેચિંગ શેર" તરીકે સને ૧૯૬૯-૭૦ની બચત રૂ. ૩૧,૪૨૧-૭૦ પૈસામાંથી રૂ. ૩૦,૦૦૦ની રકમ વાપરવા માટેની મંજૂરી આપવા બાબત.

(નોંધ.—આ યોજના પ્રમાણે રૂ. ૧,૯૦,૦૦૦નાં સાધનો અને રૂ. ૬૦,૦૦૦નાં પુસ્તકો ખરીદવાની યોજના પેટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સદરહુ કૉલેજને રૂ. ૧,૮૭,૫૦૦ આપશે. યુનિવર્સિટીએ સને ૧૯૬૮-૬૯ના વર્ષમાંની બચતમાંથી રૂ. ૧૩,૨૦૦ની આર્થિક સહાય આ પેટે અગાઉ આપેલ છે. યુનિવર્સિટી જે આર્થિક સહાય મંજૂર કરે તે કૉલેજને મળ્યેથી યુ.જી.સી.નો હપતો મળ્યેથી મેચિંગ શેરના પ્રમાણમાં મૂકવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૭. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક ઍનાયત કરવા માટે જે પદવીદાન સમારંભમાં ઍનાયત કરવાનો હોય તેના અગાઉના વર્ષના સંશોધનકાર્યને લક્ષમાં લેવા અંગે જરૂરી સ્પષ્ટતા કરવા બાબત.

નિયમ નીચે પ્રમાણે છે:

" A Gold medal named ' Principal Dr. K. G. Naik Gold Medal ' of the value of Rs. 190/- shall be awarded annually-alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of the Gujarat University whose research work published during the previous year preceding the Convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special Committee of experts who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. This Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૬-૧૨-૧૯૭૦ના રોજ મળેલ સભામાં થયેલા નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

" The College Managements should be warned that any under-payment to teachers on false vouchers would attract disciplinary action. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૯. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ તરફથી જુદી જુદી યોજના માટે જે કૉલેજો આર્થિક સહાય મેળવવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (એફ)ની યાદી પર લાવવા ઇચ્છતી હોય તે કૉલેજો પોતે ટ્રસ્ટ-સોસાયટી-કૉર્પોરેશન તરીકે નોંધાયેલી હોવી જોઈએ તેમ જણાવતા આયોગના તા. ૩૧-૧૦-૧૯૭૦ના પત્રાંક એફ-૧૩-૮-૭૦ સીડી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૦. એમ. એન. કૉલેજ, વીસનગરની એમ.એ. સંસ્કૃત વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજી પર વિચારણા કરીને સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

(**નોંધ.**—પ્રો. એન. જે. રાવળ જોડાતાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ જૂન ૧૯૭૧થી થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. ઑક્ટોબર ૧૯૭૦માં કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી શ્રી. એન. એન. શાહે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૧૬૪૫થી ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપમાંથી મુક્તિ આપવા અંગે કરેલ રિટ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિટ અરજીની બાબતમાં યુનિવર્સિટી તરફથી બચાવ (defence) કરવાનું રાખવું અને તે માટે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૩. (૧) યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો પહોંચતા કરવા ઇત્યાદિ કામો માટે અમદાવાદ શહેરમાં ઑક્ટાબર-નવેંબર ૧૯૭૦ની પરીક્ષાઓ માટે જે જે કેન્દ્રોએ ટેકસી રોકી તે અંગે આખા દિવસના રૂ. ૬૦ તથા અર્ધા દિવસના રૂ. ૩૫ લેખે ટેકસી ચાર્જ ચૂકવવા કુલપતિશ્રીએ મંજૂર કર્યાના કાર્યની નોંધ લેવા બાબત;

તથા

(૨) યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો પહોંચતા કરવા ઇત્યાદિ કામો માટે જુદાં જુદાં કેન્દ્રો તરફથી રજૂ થતાં ટેકસી ખર્ચનાં બિલોની ચુકવણી બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં બાબત નં ૩૦થી નીચે મુજબ ઠરાવ્યું છે તે અંગે નિયમમાં જરૂરી ફેરફાર માટે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની હવે પછીની પરીક્ષાઓ માટે રાજ્ય સરકારે મંજૂર કરેલા દર કરતાં જો વધારે નાણાં ચૂકવવામાં આવશે તો યુનિવર્સિટી તરફથી તે ભરપાઈ કરી શકાશે નહિ, એમ સંબંધકર્તા કેન્દ્રોને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બાબતની નોંધ લેવી.

(૨) સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. યુનિવર્સિટી વિસ્તારમાં સમાજવિદ્યા ભવનની પૂર્વ બાજુએ આવેલ જમીનમાં પસાર થતા મ્યુનિસિપલ કૉર્પોરેશનના સૂચિત ૧૨૦ના ટી.પી. રસ્તાની જમીનનો કબજો સોંપવા અંગેની મ્યુનિસિપલ કૉર્પોરેશનની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને આપવાની તેમની વિનંતી મંજૂર કરવા, સેનેટને ભલામણ કરવી.

૮૫. ભારત-સોવિયેટ રશિયા સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ હેઠળ રશિયન ભાષા શીખવવા માટે રશિયન શિક્ષક-શિક્ષકોની સેવા આપણી યુનિવર્સિટી મેળવવા ઇચ્છતી હોય તો તે અંગેની આપણી જરૂરિયાત જણાવવા વિનંતી કરતા ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવા મંત્રાલયના તા. ૧૭-૧૨-૧૯૭૦ના પત્રાંક એફ ૧૭-૧૮-૭૦ આર એચયુ-આઈ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ**—યુનિવર્સિટીએ ભારત સરકાર અને સોવિયેટ રશિયા વચ્ચે થયેલ કરારની શરતોનું પરિપાલન કરવાનું રહેશે. હિસાબ વિભાગે કરેલ ગણતરી મુજબ દરેક રશિયન શિક્ષક દીઠ અંદાજે વાર્ષિક રૂ ૧૦,૦૦૦ જેટલો ખર્ચ ભોગવવાનો આવે. ભારત સરકાર તરફથી કશી આર્થિક મદદ મળે તેમ નથી, પરંતુ યુનિવર્સિટી પોતે એ ખર્ચ ઉપાડી ન શકે તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાય માટે માગણી કરવા સૂચવવામાં આવે છે. શરતો પ્રમાણે આપણે એરકન્ડિશન્ડ રહેઠાણ આપવાનું હોય છે, પરંતુ આપણી પાસે તેની જોગવાઈ ન હોવાથી અંદાજી ખર્ચમાં એર-કન્ડિશનિંગનો ખર્ચ ગણ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૧ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૭. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામમાં જૂન ૧૯૭૧ના ગુજરાતી વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) આચાર્યશ્રી પી. એચ. ભટ્ટ — માન્ય અનુસ્નાતક શિક્ષક

(૨) મિસ એન. એન. ભટ્ટ — મદદનીશ શિક્ષક

(૩) કુ. ભાનુમતીબહેન જાની, જેઓ જૂન ૧૯૭૧થી પ્રોફેસર તરીકે તેમની કૉલેજમાં જોડાશે. માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૮. ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં જૂન ૧૯૭૧થી સાંસ્કૃત વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. બી. ડી. ભટ્ટ — અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રી. વી. જી. પંડ્યા — અનુસ્નાતક શિક્ષક.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૯. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદમાં જૂન ૧૯૭૧થી ફિઝિકસ વિષયનું અનુસ્નાતક શિક્ષણ કેન્દ્ર સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. જે. જી. પટેલ — અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રી. એસ. સી. શાહ — મદદનીશ શિક્ષક
(૩) શ્રી. ટી. સી. ભાલજા — મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૧થી માન્યતા મેળવવાને પાત્ર બનશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસામાં જૂન ૧૯૭૧થી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) પ્રો. એમ. એસ. વ્યાસ — અનુસ્નાતક શિક્ષક (ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી)
(૨) શ્રી. આઈ. એસ. પટેલ — મદદનીશ શિક્ષક (ઇનઑર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી)
(૩) પ્રો. એલ. બી. પટેલ — અનુસ્નાતક શિક્ષક, જૂન ૧૯૭૧થી તેમની કૉલેજમાં જોડાશે (ઑર્ગેનિક કેમિસ્ટ્રી)
(૪) શ્રી. કે. એન. વોરા — મદદનીશ શિક્ષક, જૂન ૧૯૭૧થી તેમની કૉલેજમાં જોડાશે (ઑર્ગેનિક કેમિસ્ટ્રી).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૧. ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળના તા. ૧૩-૪-૧૯૭૦ના પત્રમાં જે માગણીઓ રજૂ કરવામાં આવી છે તે મંજૂર ન થાય તો તેઓ રાજ્યની યુનિવર્સિટીઓની આગામી માર્ચ—એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાઓ વખતે જલદ પગલાં

ભરશે, જેમાં છેલ્લું પગલું હડતાળ પર જવાનું નક્કી કરેલ હોઈ તેના સંદર્ભમાં આ મંડળના તા. ૩૧-૧૨-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આ મંડળની માગણીઓ મુખ્યત્વે નીચે પ્રમાણે છે :

(૧) ગુજરાત યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના હાલના પગારધોરણમાં ૨૦ ટકાનો વધારો
(૨) મોંઘવારીને મૂળ પગાર સાથે ભેળવવી
(૩) રહેઠાણની સગવડ આપવી
(૪) તબીબી તથા શૈક્ષણિક સહાય આપવી
(૫) સેનેટ-સિન્ડિકેટમાં પ્રતિનિધિત્વ આપવું
(૬) ઓવરટાઈમના દરમાં સુધારો કરવો
(૭) ડોંગરેકરી કમિશનના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯૨. ટી.વાય.બી.એ. અને ટી.વાય.બી.કોમ.ની પરીક્ષાઓ માટે કેન્દ્ર આપવા અંગે નવજીવન આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, ડાહોદના આચાર્યના તા. ૧૨-૧-૧૯૭૧ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે જો કોઈ પણ સ્થળે ટી.વાય.બી.એ., ટી.વાય.બી.એસસી. કે ટી.વાય.બી.કોમ.ની પરીક્ષાઓ પૈકી એકીસાથે લેવાતી પરીક્ષાઓ માટે તે સ્થળની કૉલેજ-કૉલેજોમાં સંબંધકર્તા વર્ગોમાં ચાલુ વર્ષ દરમ્યાન કુલ ૧૦૦ કે વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તો તે સ્થળે તે પરીક્ષાઓ માટે કેન્દ્ર રાખવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૦૩૦૨૦૦/૧૯૭૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
જાન્યુઆરી, ૨૮ ૧૯૭૧.

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૨૭

Fourth Year (B.E. IV) Examination in Civ ngineering

Name of the subject	*Days for Preparation*	*Days for cleaning up*	*Expert Asst.*	*Laboratory Assistants, Store-keeper, etc.*	*Hamals*	*No. for students per batch*
Soil Mechanics (Practical) ..	1	1	2	1	2	30
(Term-work) ..	—	—	—		1	30
Water supply and Sanitary Engineering (Term-work) ..	1	1	—	1	1	30
Surveying–III (Practical) ..	2	2	2	2	4	30
(Term-work) ..	—	—	—	1	1	30
Engineering Geology (Practical) ..	1	1	1	1	1	30
(Term-work) ..	—	—	—	1	1	30
Roads and Town Planning (Term-work) ..	1	1	—	1	1	30
Theory of Structures–II (Term-work) ..	1	1	—	1	1	30
Design of Structures–I (Oral) ..	1	1	1	—		30
(Term-work) ..	—	—	—	1	1	30
Construction–II (Term-work) ..	1	1	—	1	1	30
Advanced Hydraulics (Term-work) ..	1	1	—	1	1	30

Final Year (B.E. V.) Examination in Mechanical Engineering

Name of the subject	*Days for preparation*	*Days for cleaning up*	*Expert Asst.*	*Lab. Asst., Store-keeper, Hamals etc.*		*No. of students per batch*
Heat and Mass Transfer (Term-work) ..	—	—	—	1	1	20
Heat and Mass Transfer (Practical) ..	2	2	2	2	4	10
Turbomachinery (Term-work) ..	—	—	—	1	1	20
Turbomachinery (Practical)..	2	2	2	2	4	10
Machine Design (Term-work) ..	—	—	—	1	1	20
Machine Design (Oral) ..	1	1	1	1	1	10
Elective, Paper I (Term-work) ..	—	—	—	1	1	20
Elective, Paper I (Practical)..	2	2	2	2	4	10
Elective, Paper II (Term-work) ..	—	—	—	1	1	20
Elective, Paper II Practical) ..	2	2	2	2	4	

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૭

Standard of Passing for M.A. Part I Examination

R. M.A.-6 :

A candidate who obtains (*i*) at least 36% of the marks separately each in (*a*) each paper, and (*b*) practicals, if any, and (*c*) viva-voce examination, if any, shall be declared to have passed Part I Examination.

Standard of Passing for M.A. Degree Examination

R. M.A.-9 :

To pass the M.A. Degree Examination, a candidate shall be required to obtain at least 36% of the marks separately each in (*a*) each paper, and (*b*) practicals, if any, and (*c*) viva-voce examination, if any, at the M.A. Part II Examination.

Award of classes shall be as under:

1. A successful candidate obtaining 70% or more marks of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *First Class with Distinction.*

2. A successful candidate obtaining 60% or more marks but less than 70% of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *First Class.*

3. A successful candidate obtaining 48% or more but less than 60% of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *Second Class.*

4. The remaining candidates, passing the examination, will be placed in *Pass Class.*

Standard of Passing for M.Sc. Part I Examination

R. M.Sc.-5 :

A candidate who obtains (*i*) at least 36% of the marks separately each in (*a*) each paper, and (*b*) practicals, if any, and (*c*) viva-voce examination, if any, shall be declared to have passed Part I Examination.

Standard of Passing for M.Sc. Degree Examination

R. M.Sc.–7 :

To pass the M.Sc. Degree Examination, a candidate shall be required to obtain at least 36% of the marks separately each in (*a*) each paper and (*b*) practicals, if any, and (*c*) viva-voce examination, if any, at the M.Sc. Part II Examination.

Award of classes shall be as under :

1. A successful candidate obtaining 70% or more marks of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *First Class with Distinction.*
2. A successful candidate obtaining 60% or more marks but less than 70% of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *First Class.*
3. A successful candidate obtaining 48% or more marks but less than 60% of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *Second Class.*
4. A remaining candidates, passing the examination, will be placed in *Pass Class.*

Standard of Passing for M.Com. Part I Examination

R. M.Com.–3 :

A candidate who obtains (*i*) at least 36% of the marks separately each in (*a*) each paper, and (*b*) practicals, if any, and (*c*) viva-voce examination, if any, shall be declared to have passed Part I Examination.

Standard of Passing for M.Com. Degree Examination

R. M.Com.–6 :

To pass the M.Com. Degree Examination, a candidate shall be required to obtain at least 36% of the marks separately each in (*a*) each paper, and (*b*) practicals, if any, and (*c*) viva-voce examination, if any, at the M.Com. Part II Examination.

Award of classes shall be as under :

1. A successful candidate obtaining 70% or more marks of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *First Class with Distinction.*
2. A successful candidate obtaining 60% or more marks but less than 70% of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *First Class.*
3. A successful candidate obtaining 48% or more marks but less than 60% of the total marks in Part I and Part II Examinations taken together will be placed in *Second Class.*
4. A remaining candidates, passing the examination, will be placed in *Pass Class.*

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૬૮

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૨-૧-૧૯૭૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨-૩૦ કલાકે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૩.	આચાર્ય એમ. સી. શાહ	ગેરહાજર
૪.	શ્રી આર. બી. શાહ	ગેરહાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૭-૧૨-૧૯૭૦ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૭-૧૨-૧૯૭૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. જુદાં જુદાં કેન્દ્રો ઉપર યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો છાપવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સને ૧૯૭૧-૭૨ અને ૧૯૭૩ની યુનિવર્સિટીની પરીક્ષાનાં પ્રશ્નપત્રો છપાવવા માટે નીચેના પ્રેસના ભાવો માન્ય કરવા :

(૧) નડિયાદ : નડિયાદ કેન્દ્ર ઉપરાંત ભાદરણ, ખંભાત, ડાકોર, કપડવંજ, ખેડા, મહુધા, પેટલાદ અને બોરસદ કેન્દ્રનાં પ્રશ્નપત્રો છાપવાનાં રહેશે. આ કેન્દ્ર ઉપર છાપવાનાં પ્રશ્નપત્રોની સંખ્યા વગેરે જોતાં શરદ પ્રિન્ટરી, નડિયાદ પ્રશ્નપત્રો છાપવા અંગેનું કામ કરી શકે તેમ આ સમિતિને જણાયું નથી.

લોકમત પ્રિન્ટિંગ પ્રેસના ભાવ, ગયા વર્ષના ભાવ કરતાં વધુ હોવાથી, તે ભાવે તેઓને કામ આપવાનું પણ આ સમિતિને યોગ્ય લાગતું નથી.

આથી ભલામણ કરવામાં આવે છે કે તેઓ સાથે વાટાઘાટો કરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) મહેસાણા : મહેસાણા કેન્દ્ર ઉપરાંત પાલનપુર, પાટણ, પિલવાઈ, સિદ્ધપુર, વીસનગર, વડનગર, માણસા અને ઊંઝા કેન્દ્રનાં પ્રશ્નપત્રો છાપવાનાં રહેશે.

મહેસાણા કેન્દ્ર ઉપર ગુજરાત પ્રિન્ટરી, મહેસાણાને નીચેના ભાવે કામ સોપવું :

ગુજરાત પ્રિન્ટરી, મહેસાણા

નકલ	એક પાનાનો ભાવ રૂ. પૈ.	બે પાનાંના ભાવ રૂ. પૈ.	ત્રણ પાનાંના ભાવ રૂ. પૈ.	ચાર પાનાંના ભાવ રૂ. પૈ.	પાંચ પાનાંના ભાવ રૂ. પૈ.
૧૦૦	૨૭-૦૦	૫૪-૦૦	૮૧-૦૦	૧૦૬-૫૦	૧૩૩-૫૦
૨૦૦	૨૮-૭૦	૫૬-૪૦	૮૫-૦૦	૧૧૧-૨૦	૧૩૯-૬૦
૩૦૦	૩૦-૪૦	૫૮-૮૦	૮૬-૦૦	૧૧૬-૦૦	૧૪૬-૪૦
૪૦૦	૩૨-૧૦	૬૧-૨૦	૯૩-૦૦	૧૨૦-૭૦	૧૫૨-૮૦
૫૦૦	૩૨-૮૦	૬૩-૬૦	૯૭-૦૦	૧૨૫-૫૦	૧૫૮-૩૦
૬૦૦	૩૫-૫૦	૬૬-૦૦	૧૦૧-૦૦	૧૩૦-૨૦	૧૬૫-૫૦
૭૦૦	૩૭-૨૦	૬૮-૪૦	૧૦૫-૦૦	૧૩૫-૦૦	૧૭૨-૦૦
૧૦૦૦	૪૧-૫૦	૭૫-૦૦	૧૧૬-૦૦	૧૪૬-૦૦	૧૮૮-૫૦
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૧-૭૦	૨-૪૦	૪-૦૫	૪-૦૭	૬-૩૦

(**નોંધ.**—સ્થાનિક કેન્દ્ર સિવાયનાં કેન્દ્રો માટે કેન્દ્ર દીઠ જેટલી નકલો છાપવાની થાય તેના ઉપરના ભાવથી ગણતાં જે કિંમત થાય તેના ૭ ટકા વધુ આપવામાં આવશે.)

(૩) **ગોધરા :** ગોધરા કેન્દ્ર ઉપરાંત લુણાવાડા કેન્દ્રનાં પ્રશ્નપત્રો પણ છાપવાનાં રહેશે.

શ્રી કૃષ્ણ પ્રિન્ટિંગ પ્રેસ, ગોધરા

નકલ	એક પાનાનો ભાવ રૂ.	બે પાનાંના ભાવ રૂ.	ત્રણ પાનાંના ભાવ રૂ.	ચાર પાનાંના ભાવ રૂ.	પાંચ પાનાંના ભાવ રૂ.
૧૦૦	૧૮	૩૫	૫૪	૭૦	૯૦
૨૦૦	૨૦	૪૦	૬૦	૮૦	૧૦૦
૩૦૦	૨૩	૪૫	૬૮	૯૦	૧૧૫
૪૦૦	૨૫	૫૦	૭૫	૧૦૦	૧૨૫
૫૦૦	૨૮	૫૬	૮૪	૧૧૨	૧૪૦
૬૦૦	૩૦	૬૦	૯૦	૧૨૦	૧૫૦
૭૦૦	૩૨	૬૪	૯૬	૧૨૮	૧૬૦
૧૦૦૦	૪૦	૮૦	૧૨૦	૧૬૦	૨૦૦
ઉપરના સ્ટેજ કરતાં વધારાના ૧૦૦ નકલના દર	૩	૫	૮	૧૦	૧૫

(**નોંધ.**—સ્થાનિક કેન્દ્ર સિવાયનાં કેન્દ્રો માટે કેન્દ્ર દીઠ જેટલી નકલો છાપવાની થાય તેના ઉપરના ભાવથી ગણતાં જે કિંમત થાય તેના ૭ ટકા વધુ આપવામાં આવશે.)

(૪) દાહોદ : દાહોદ કેન્દ્ર ઉપરાંત દેવગઢબારિયા કેન્દ્રનાં પ્રશ્નપત્રો છાપવાનાં રહેશે.

નૂતન પ્રિન્ટિંગ પ્રેસ, દાહોદ

નકલ	એક પાનાનો ભાવ	બે પાનાંના ભાવ	ત્રણ પાનાંના ભાવ	ચાર પાનાંના ભાવ	પાંચ પાનાંના ભાવ
	રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.	રૂ. પૈ.
૧૦૦	૩૦-૦૦	૬૦-૦૦	૭૬-૦૦	૧૧૦-૦૦	૧૩૬-૫૦
૨૦૦	૩૪-૦૦	૬૮-૦૦	૮૦-૦૦	૧૧૫-૦૦	૧૪૦-૫૦
૩૦૦	૩૮-૦૦	૭૨-૦૦	૮૬-૦૦	૧૨૧-૦૦	૧૪૮-૫૦
૪૦૦	૪૨-૦૦	૭૬-૦૦	૯૨-૦૦	૧૨૭-૦૦	૧૫૭-૫૦
૫૦૦	૪૬-૦૦	૮૦-૦૦	૯૮-૦૦	૧૩૦-૦૦	૧૬૨-૫૦
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૪-૦૦	૪-૦૦	૬-૦૦	૬-૦૦	૮-૫૦

(નોંધ.—સ્થાનિક કેન્દ્ર સિવાયનાં કેન્દ્રો માટે કેન્દ્ર દીઠ જેટલી નકલો છાપવાની થાય તેના ઉપરના ભાવથી ગણતાં જે કિંમત થાય તેના ૭ ટકા વધુ આપવામાં આવશે.)

(૫) સુવાસ પ્રિન્ટરી, ડીસા

નકલ	એક પાનાનો ભાવ	બે પાનાંના ભાવ	ત્રણ પાનાંના ભાવ	ચાર પાનાંના ભાવ	પાંચ પાનાંના ભાવ
	રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧૦૦	૨૬	૫૨	૭૮	૧૦૪	૧૩૦
૨૦૦	૩૦	૬૦	૯૦	૧૨૦	૧૫૦
૩૦૦	૩૪	૬૮	૧૦૨	૧૩૬	૧૭૦
૪૦૦	૩૮	૭૬	૧૧૪	૧૫૨	૧૯૦
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૪	૬	૮	૧૦	૧૨

(૬) **હિંમતનગર :** હિમતનગર કેન્દ્ર ઉપરાંત દરામલી અને ૪૩૨ કેન્દ્રનાં પ્રશ્નપત્રો છાપવાનાં રહેશે.

હિંમતવિજય પ્રિન્ટિંગ પ્રેસ, હિંમતનગર

નકલ	એક પાનાનો ભાવ	બે પાનાંના ભાવ	ત્રણ પાનાંના ભાવ	ચાર પાનાંના ભાવ	પાંચ પાનાંના ભાવ
	રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧૦૦	૨૬	૫૦	૭૭	૧૦૦	૧૨૬
૨૦૦	૨૮	૫૩	૮૧	૧૦૬	૧૩૪
૩૦૦	૩૦	૫૬	૮૬	૧૧૨	૧૪૨
૪૦૦	૩૨	૫૯	૯૧	૧૧૮	૧૫૦
૫૦૦	૩૪	૬૨	૯૬	૧૨૪	૧૫૮
૬૦૦	૩૬	૬૫	૧૦૧	૧૩૦	૧૬૬
૭૦૦	૩૮	૬૮	૧૦૬	૧૩૬	૧૭૪
૧૦૦૦	૪૫	૭૮	૧૨૧	૧૫૬	૧૯૯
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૨-૫૦	૩-૫૦	૫-૫૦	૬-૫૦	૮-૫૦

(**નોંધ.**—સ્થાનિક કેન્દ્ર સિવાયનાં કેન્દ્રો માટે કેન્દ્ર દીઠ જેટલી નકલો છાપવાની થાય તેના ઉપરના ભાવથી ગણતાં કિંમત થાય તેના છ ટકા વધુ આપવામાં આવશે.)

(૭) **ભૂજ :** ભૂજ કેન્દ્ર ઉપરાંત આદિપુર કેન્દ્રનાં પ્રશ્નપત્રો પણ છાપવાનાં રહેશે.

કચ્છ મિત્ર પ્રિન્ટિંગ પ્રેસ, ભૂજ

નકલ	એક પાનાનો ભાવ	બે પાનાંના ભાવ	ત્રણ પાનાંના ભાવ	ચાર પાનાંના ભાવ	પાંચ પાનાંના ભાવ
	રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧૦૦	૩૧	૬૦	૮૮	૧૧૮	૧૪૭
૨૦૦	૩૨	૬૨	૯૨	૧૨૨	૧૫૨
૩૦૦	૩૫	૬૪	૯૭	૧૨૬	૧૫૭
૪૦૦	૪૦	૬૯	૧૦૭	૧૩૬	૧૭૪
૫૦૦	૪૫	૭૪	૧૧૭	૧૪૬	૧૯૧
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૪-૦૦	૪-૨૫	૪-૫૦	૫-૨૫	૬-૦૦

[**નોંધ.**—(૧) આ પ્રેસ ફક્ત ૧૯૭૧ના વર્ષ માટે જ આ ભાવે કામ કરશે.

(૨) સ્થાનિક કેન્દ્ર સિવાયના કેન્દ્ર માટે કેન્દ્ર દીઠ જેટલી નકલો છાપવાની થાય તેના ઉપરના ભાવથી ગણતાં જે કિંમત થાય તેના છ ટકા વધુ આપવામાં આવશે.]

(૮) મોહન પ્રિન્ટરી, બાલાસિનોર

નકલ	એક પાનાનો ભાવ રૂ. પૈ.	બે પાનાંના ભાવ રૂ. પૈ.	ત્રણ પાનાંના ભાવ રૂ. પૈ.	ચાર પાનાંના ભાવ રૂ. પૈ.	પાંચ પાનાંના ભાવ રૂ. પૈ.
૧૦૦	૨૭-૦૦	૫૪-૦૦	૮૧-૦૦	૧૬૦-૫૦	૧૩૩-૫૦
૨૦૦	૨૮-૭૦	૫૬-૪૦	૮૫-૦૦	૧૧૧-૨૦	૧૩૯-૯૦
૩૦૦	૩૦-૪૦	૫૮-૮૦	૮૯-૦૦	૧૧૬-૦૦	૧૪૬-૪૦
૪૦૦	૩૨-૧૦	૬૧-૨૦	૯૩-૦૦	૧૨૦-૭૦	૧૫૨-૮૦
૫૦૦	૩૨-૮૦	૬૩-૬૦	૯૭-૦૦	૧૨૫-૫૦	૧૫૮-૩૦
૬૦૦	૩૫-૫૦	૬૬-૦૦	૧૦૧-૦૦	૧૩૦-૨૦	૧૬૫-૫૦
૭૦૦	૩૭-૨૦	૬૮-૪૦	૧૦૫-૦૦	૧૩૫-૦૦	૧૭૨-૦૦
૧૦૦૦	૪૧-૫૦	૭૫-૦૦	૧૧૬-૦૦	૧૪૬-૦૦	૧૮૮-૫૦
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલનો દર	૧-૭૦	૨-૪૦	૪-૦૫	૪-૦૭	૬-૩૦

(૯) ફતેહવિજય પ્રિન્ટિંગ પ્રેસ, છોટાઉદેપુર

નકલ	એક પાનાનો ભાવ રૂ.	બે પાનાંના ભાવ રૂ.	ત્રણ પાનાંના ભાવ રૂ.	ચાર પાનાંના ભાવ રૂ.	પાંચ પાનાંના ભાવ રૂ.
૧૦૦	૨૬	૫૦	૭૨	૯૬	૧૨૦
૨૦૦	૨૮	૫૩	૭૭	૧૦૨	૧૨૮
૩૦૦	૩૦	૫૬	૮૨	૧૦૮	૧૩૬
૪૦૦	૩૨	૫૯	૮૭	૧૧૪	૧૪૪
૫૦૦	૩૪	૬૨	૯૨	૧૨૦	૧૫૨
૬૦૦	૩૬	૬૫	૯૭	૧૨૬	૧૬૦
૭૦૦	૩૮	૬૮	૧૦૨	૧૩૨	૧૬૮
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૨	૩	૫	૬	૮

(૧૦) શ્રી કૃષ્ણા પ્રિન્ટરી, મોડાસા

નકલ	એક પાનાનો ભાવ	બે પાનાંના ભાવ	ત્રણ પાનાંના ભાવ	ચાર પાનાંના ભાવ	પાંચ પાનાંના ભાવ
	રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.
૫૦	૨૬	૫૧	૭૪	૯૮	૧૨૫
૧૦૦	૨૮	૫૫	૭૮	૧૧૪	૧૩૫
૨૦૦	૩૨	૬૦	૮૮	૧૨૮	૧૪૫
૩૦૦	૩૬	૬૪	૯૨	૧૩૨	૧૫૨
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૬	૬	૮	૮	૧૦

(૧૧) ડભોઈ : ડભોઈ કેન્દ્ર ઉપરાંત બોડેલી, સંખેડા અને મિયાગામ-કરજણ કેન્દ્રનાં પ્રશ્નપત્રો પણ છાપવાનાં રહેશે.

સ્થાનિક પ્રેસે આપેલા ભાવ ઊંચા છે તે જોતાં પ્રશ્નપત્રો વડોદરા છપાવીને મોકલી શકાય કે કેમ તે અંગે તપાસ કરવી અને જો આ પ્રશ્નપત્રો વડોદરા છાપી શકાય તેમ ન હોય તો શ્રી પ્રતાપ વિજય પ્રિન્ટિંગ પ્રેસ, ડભોઈને નીચેના ભાવે કામ સોંપવું :

નકલ	એક પાનાનો ભાવ	બે પાનાંના ભાવ	ત્રણ પાનાંના ભાવ	ચાર પાનાંના ભાવ	પાંચ પાનાંના ભાવ
	રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.
૧૦૦	૨૬	૫૨	૭૭	૧૦૨	૧૨૮
૨૦૦	૨૮	૫૪	૮૦	૧૦૪	૧૩૬
૩૦૦	૩૧	૫૯	૯૦	૧૧૮	૧૪૯
૪૦૦	૩૩	૬૨	૯૫	૧૨૪	૧૫૭
૫૦૦	૩૫	૬૫	૧૦૦	૧૩૦	૧૬૫
૬૦૦	૩૭	૬૮	૧૦૫	૧૩૬	૧૭૭
૭૦૦	૩૯	૭૧	૧૧૦	૧૪૨	૧૮૧
૧૦૦૦	૪૫	૮૦	૧૨૫	૧૬૦	૨૦૫
ઉપરના સ્ટેજ કરતાં વધારાની ૧૦૦ નકલના દર	૨	૩	૫	૬	૮

[નોંધ.- (૧) આ ભાવ ઉપરાંત ૨૦ ટકા (વીસ ટકા) વધુ ભાવવધારો આપવામાં આવશે.
(૨) સ્થાનિક કેન્દ્ર સિવાયનાં કેન્દ્રો માટે કેન્દ્ર દીઠ જેટલી નકલો છાપવાની થાય તેના ઉપરના ભાવથી ગણતાં જે કિંમત થાય તેના ૭ ટકા વધુ આપવામાં આવશે.
(૩) ટેક્ષ અલગ આપવામાં આવશે નહિ.]

(૧૨) આદિપુર : આદિપુર કેન્દ્રનાં પ્રશ્નપત્રો ભૂજ કેન્દ્ર ઉપર છાપવામાં આવે છે; પરંતુ તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુરના આચાર્યશ્રીએ તેમના તારીખ ૨૮-૧૨-૧૯૭૦ના પત્ર ક્રમાંક ૯૧૦થી સૂચન કર્યું છે કે આદિપુર કેન્દ્રનાં પ્રશ્નપત્રો આદિપુરમાં જ છપાય તો સારું. આમ કરવાથી યુનિવર્સિટીને ખર્ચ વધશે નહિ. તે રીતે જો થઈ શકતું હોય તો આ અંગે યોગ્ય તપાસ કરીને તેમ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૧૩) માંડવી (કચ્છ) : આ કેન્દ્ર પર પ્રશ્નપત્ર છાપવા માટે કોઈ ટેન્ડર આવેલું ન હોવાથી આ કેન્દ્ર અંગે યોગ્ય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

(૧૪) મુંદ્રા (કચ્છ) : આ કેન્દ્રનાં પ્રશ્નપત્ર છાપવા માટે યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૩. યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓ, પ્રેસ-કતરણ, જૂનાં રેકર્ડ, સ્વીપિંગ વગેરેનો નિકાલ કરવા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓ, પ્રેસ-કતરણ, જૂનાં રેકર્ડ, સ્વીપિંગ તથા બીજા વેસ્ટ પેપર નીચે જણાવ્યા પ્રમાણે વેપારીઓને ટેન્ડરની શરતો મુજબ તેમનાં નામ સામે જણાવેલ ભાવથી વેચાતાં આપવાં :

	વેપારીનું નામ	જાત	૨૦ કિલોના ભાવ રૂ. પૈ.	નોંધ
૧.	રાજસ્થાન જનરલ ટ્રેડિંગ કું., લખના	જૂની ઉત્તરવહીઓ	૧૯-૨૦	સૌથી વધુ ભાવ હોવાથી
૨.	,,	જૂના રેકર્ડ	૧૫-૦૫	,,
૩.	,,	પ્રેસ-કતરણ	૧૨-૫૦	,,
૪.	,,	સ્વીપિંગ	૧૦-૫૦	,,
૫.	મધુવનપ્રસાદ ગાજીપુર (યુ.પી.)	પેપરના બાંધા	૭-૭૭	,,

[નોંધ.—(૧) સંગમ ટ્રેડર્સ, લખનૌનું ટેન્ડર તે અંગેની ડિપોઝિટની રકમ ભરેલ ન હોવાથી વિચારણામાં લઈ શકાયું ન હતું.

(૨) ક્રમાંક નંબર ૩, ૪, ૫ની પસ્તી તા. ૩૦-૧૧-૧૯૭૧ સુધીની આપવામાં આવશે.]

૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે ગ્લાસ વેર તથા વૈજ્ઞાનિક સાધનો મંગાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે આ સાથેના **પરિશિષ્ટ "અ"** (અહીં છાપ્યું નથી)માં બતાવ્યા પ્રમાણેનાં ગ્લાસવેર તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદવાં.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે "Freezing Microtome EFMA-Japan make" ખરીદવા માટે મે. લેબ. ઇન્સ્ટ્રુમેન્ટ, મુંબઈને ઑર્ડર આપેલ તે રદ કરીને મે. એન. નવીન ટ્રેડિંગ કૉર્પોરેશન, મુંબઈના રૂ. ૨૮૦૯ એફ.ઓ.આર. અમદાવાદ તથા ટેક્સ જુદાના ભાવ મંજૂર કરવા.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં પાંચ ડુપ્લિકેટિંગ મશીનોના મે. જેસ્ટેટનર ડુપ્લિકેટર્સ પ્રા. લિમિટેડ સાથેના રૂ. ૧,૭૪૦નો વાર્ષિક કૉન્ટ્રાક્ટ કુલપતિશ્રીએ મંજૂર કર્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૭૧

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઝૂલોજીની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે વરણીસમિતિની એક સભા તા. ૧૩-૧-૧૯૭૧ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. બદુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૪. શ્રી. ડાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	ગેરહાજર
૬. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર
૮. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૯. શ્રી. રણજતરાય ગં. શાસ્ત્રી	હાજર
૧૦. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૧. ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨. ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૩. આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	ગેરહાજર
૧૪. આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૫. આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૬. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર
૧૭. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર

લેક્ચરર-ઇન-ઝૂલોજીની એક જગ્યા

લેક્ચરર-ઇન-ઝૂલોજીની એક જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. ડૉ. સી. ટી. લોવકર	ગેરહાજર
૨. ડૉ. કિરણ એમ. દેસાઈ	ગેરહાજર
૩. ડૉ. ડી. એ. મેગોન	હાજર
૪. ડૉ. એન. એમ. નાયક	ગેરહાજર
૫. શ્રી. સુંદરામન વી.	હાજર
૬. ડૉ. મિસિસ ઈ. આર. માસ્ટર	ગેરહાજર
૭. ડૉ. એન. ડી. છાયા	ગેરહાજર.

નિષ્ણાત તરીકે ઝૂલોજીના પ્રાધ્યાપક ડૉ. વી. સી. શાહ આમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

શ્રી. એન. ડી. છાયા(જેઓ આ અગાઉ સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભા અન્વયે આ જગ્યા માટે પસંદ થયા હતા)ની તા. ૯-૧-૧૯૭૧ની અરજી વરણીસમિતિની સભા સમક્ષ મૂકવામાં આવી હતી. ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી તેઓનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ડૉ. એન. ડી. છાયા	...	મૂળ માસિક પગાર	રૂ. ૫૨૦થી
૨. ડૉ. ડી. એ. મેગોન	...	,, ,,	રૂ. ૪૦૦થી

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ--૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જાન્યુઆરી માસની વિશેષ સભા, શનિવાર, તા. ૩૦-૧-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૧-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોષીલાલ જોશી, કુલપતિ	ગેરહાજર
૨.	શ્રી.ઇન્દ્રવદન ઉમિયાશંકર વસાવડા, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૪.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૫.	શ્રી. ડાંડારભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

કુલપતિ શ્રી. ઉમાશંકર જોશી નાદુરસ્ત તબિયતના કારણે સભામાં હાજર રહી શકયા નહોતા, તેથી તેમની ગેરહાજરીમાં સભાગૃહનું પ્રમુખસ્થાન, સભાગૃહની સંમતિથી, શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૧-અ. તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૧૯-૧-૧૯૭૧ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૭૧-૫૫૨૯-ખી.ની સાથે વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીના તા. ૮-૧-૧૯૭૧ના પત્રમાં જણાવ્યા મુજબ વસ્તીગણતરીના કાર્યક્રમમાં થયેલા ફેરફારને કારણે પરીક્ષાઓનો કાર્યક્રમ તા. ૪થી એપ્રિલ ૧૯૭૧ પછી ગોઠવવા અંગેના સૂચન પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની પરીક્ષાઓ મોકૂફ રાખવી નહીં અને તે પરીક્ષાઓ નિયત કાર્યક્રમ મુજબ જ લેવાનું રાખવું.

૨. આ યુનિવર્સિટીનાં હાલમાં છપાઈ રહેલાં ૧૯ પુસ્તકો માટે, અગાઉ સિન્ડિકેટે નક્કી કરેલ શરતોને આધીન યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ૧૦૦ ટકા આર્થિક ખર્ચ ભોગવશે તેમ બોર્ડ તરફથી જણાવતાં તે માટેનાં પુસ્તકો મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષાસમિતિઓની ભલામણો અને તે પર તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર બી.એડ. પાર્ટ ૨ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો સભાગૃહમાં સૂચવાયેલા ફેરફારો સાથે મંજૂર કરવી.

(૨) ઉપર નં. ૧માં જણાવેલ પરીક્ષા સિવાયની બાકીની પરીક્ષાઓ માટેની પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો અંગેની વિચારણા મોકૂફ રાખવી

૪. ચૂંટણી અંગેનાં ધારાધોરણો સમગ્ર રીતે જોઈતપાસીને તેમાં જરૂરી સુધારા-વધારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદા જુદાં સત્તામંડળોની ચૂંટણી અંગેનાં ધારા-ધોરણો સમગ્ર રીતે જોઈતપાસને તેમાં જરૂરી સુધારાવધારા કરવાની બાબતમાં પોતાનો સુચિંતિત

હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૨) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
(૩) આચાર્ય એમ. એસ. પંડિત
(૪) આચાર્ય વી. આર. રણદીવે
(૫) શ્રી. રસિકલાલ બાલચંદ શાહ
(૬) શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી

૫. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી નીચેની કૉલેજો તરફથી તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં જૂન ૧૯૭૧થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલી અરજીઓ પરથી તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી
૧.	એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ	એમ.એ.	ગુજરાતી	નૉર્થ	શ્રી. એન. સી. શાહ (શિક્ષક) શ્રી. જે. કે. વ્યાસ (શિક્ષક) શ્રી. એસ. સી. પટેલ (મદદનીશ) પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.
૨.	એમ.એન. સાયન્સ એન્ડ પી. કે. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ	એમ.એ.	હિન્દી	નૉર્થ	શ્રી. એચ. જી. શુકલ (શિક્ષક) શ્રી. આર. પી. શાહ (હાલમાં મદદનીશ શિક્ષક, પરંતુ જૂન ૧૯૭૧થી અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતાને પાત્ર થશે.)
૩.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	એમ.એ.	ઇતિહાસ- બેઠા અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'		શ્રી. એસ. એસ. રાજ (શિક્ષક, જૂથ "સી") શ્રી. બી. પી. પટેલ (મદદનીશ, જૂથ "એ" અને "સી") શ્રી. એમ. આર. સોલંકી (મદદનીશ, જૂથ "એ" અને "બી") શ્રી. બી. આર. પુરાણી (મદદનીશ, જૂથ "એ" અને "સી") પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.
૪.	સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી'	નૉર્થ	૧. શ્રી. આઈ. જે. ધ્રુવ (શિક્ષક, જૂથ "એ" અને "સી") ૨. શ્રી. કે. વી. વસાવડા (શિક્ષક, જૂથ "સી" અને "ડી") ૩. શ્રી. બી. એમ. ભટ્ટ (શિક્ષક)

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી
૫.	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર	નૉર્થ જૂથ "બી"	૧. શ્રી. એમ. જી. ઉમરાવનકર (અનુસ્નાતક શિક્ષક, જૂથ "બી") ૨. શ્રી. વાય. એમ. પંડ્યા (અનુસ્નાતક શિક્ષક, જૂથ "બી") ૩. શ્રી. આઈ. આર. પટેલ (અનુસ્નાતક શિક્ષક, સ્ટેટિસ્ટિક્સ)
૬.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પેટલાદ	એમ.એ.	અર્થશાસ્ત્ર	ખેડા	૧. શ્રી. વાય. જે. ઠાકોર (અનુસ્નાતક શિક્ષક) ૨. શ્રી. પી. ડી. બડવા (તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને છે.) ૩. શ્રી. પી. એમ. ઉપાધ્યાય (તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને છે.)
૭.	એમ. એન. કૉલેજ, વીસનગર	એમ.એ.	સંસ્કૃત	નૉર્થ	૧. શ્રી. કે. જે. અજબિયા (શિક્ષક) ૨. શ્રી. જે. એસ. પટેલ (મદદનીશ) ૩. શ્રી. એન. જે. રાવલ (જૂનથી મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે.)
૮.	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	,,	,,	,,	૧. શ્રી. બી. ડી. ભટ્ટ (શિક્ષક) ૨. શ્રી. વી. જી. પંડ્યા (શિક્ષક)
૯.	બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ	એમ.એસસી.	ફિઝિક્સ	ખેડા	૧. શ્રી. જે. જી. પટેલ (શિક્ષક) ૨. શ્રી. એમ. સી. શાહ (મદદનીશ શિક્ષક)

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી
					૩. શ્રી. ટી. સી. ભાલજા (મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૧થી માન્યતા મેળવવાને પાત્ર થશે.)
૧૦.	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા	એમ.એસસી.	ઑર્ગેનિક નૉર્થ કેમિસ્ટ્રી		૧. શ્રી. એમ. એસ. વ્યાસ (શિક્ષક, ઇનઑર્ગેનિક) ૨. શ્રી. આઈ. એસ. પટેલ (મદદનીશ ઇનઑર્ગેનિક અને ફિઝિકલ) ૩. શ્રી. એલ. બી. પટેલ (શિક્ષક ઑર્ગેનિક કેમિસ્ટ્રી; જૂન, ૧૯૭૧થી જોડાશે.) ૪. શ્રી. કે. એન. વોરા (મદદનીશ શિક્ષક ઑર્ગેનિક કેમિસ્ટ્રી; જૂન ૧૯૭૧થી જોડાશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. બાંધકામ સમિતિની તા. ૨૨-૧-૧૯૭૧ની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૧-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(બાંધકામ સમિતિની તા. ૨૨-૧-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને જૂન ૧૯૭૦થી ચાલુ/વધારાનું જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ કૉલેજના ચાલુ વર્ષના (૧૯૭૦-૭૧ના વર્ષના) ચાલુ અને વધારાના જોડાણ અંગેની શરતો કે જેનું પરિપાલન તેને તા. ૧૫મી મે, ૧૯૭૦ સુધીમાં કરવું આવશ્યક હતું તે હજુ સુધી પણ આ સભાગૃહને સંતોષ થાય તે રીતે કરવામાં આવ્યું નથી તેની આ સભાગૃહ સખેદ નોંધ લે છે, અને ઠરાવે છે કે સદરહુ કૉલેજને ચાલુ વર્ષ દરમ્યાન તેને માગેલું જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરી શકાય તેમ નથી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ૧૫મી જૂન ૧૯૭૧ પછી આ કૉલેજના વિદ્યાર્થી ઓના અભ્યાસની બાબતમાં શી વ્યવસ્થા કરવી તે અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૨) ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન
(૩) ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદી
(૪) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
(૫) આચાર્ય ટી. એમ. પરીખ.

૮. જૂન ૧૯૭૨થી જોડાણ મેળવવા માટે અરજી કરનાર કૉલેજો પૈકી જે કૉલેજોને જૂન ૧૯૭૨ સુધીનું જોડાણ આપવા આગામી સેનેટ ભલામણ કરશે તે કૉલેજો ૧૯૭૨ માટેની જોડાણઅરજી ઑર્ડિ. ૧૨૦ મુજબ તા. ૧–૧–૧૯૭૧ સુધીમાં કરી શકે નહીં તેના સંદર્ભમાં તે કૉલેજોની જોડાણઅરજીઓ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિનન્સ ૧૨૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો:

O. 120:

(*a*) All applications for affiliation (including applications for bifurcation of an existing college or amalgamation of existing colleges) extension of affiliation or renewal of affiliation of a college, shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the First January of the year preceding the year from which affiliation is intended to take effect.

(*b*) Every application for affiliation shall be accompanied with a deposit as follows:

1. Application for affiliation of a new college	Rs. 1000/–
2. Application for bifurcation of an existing college; *or* amalgamation of existing colleges; *or* addition of a new faculty;	Rs. 1000/–
3. Extension of affiliation; *or* renewal of affiliation	Rs. 200/–

The deposit will be returned after the application is finally disposed off, provided that it shall be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted. No request for postponement of consideration of the application for affiliation, extension of affiliation or renewal of affiliation, as the case may be, shall be entertained.

(*c*) The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid dates.

(*d*) Notwithstanding anything contained above–

(*a*) It shall be competent for the Syndicate to entertain an application for renewal of affiliation, provided—

it is received on or before 30th April, of the year preceding the year from which affiliation is intended to take effect;

(*b*) It shall be competent for the Syndicate to entertain an application for fresh affiliation of a new college or extension of affiliation in respect of an additional faculty to an existing college, if and only if a similar application for fresh affiliation or extension of affiliation of an additional faculty, as the case may be, for the preceding year has been rejected, postponed or withdrawn, provided such an application is received on or before 30th April of the year preceding the year from which extension of affiliation is intended to take effect.

૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબત પરત્વે સિન્ડિકેટે તેની તા. ૧૩-૬-૧૯૭૦ની સભામાં તા. ૧-૪-૧૯૭૧થી "મર્જ્ડ" મોંઘવારી ભથ્થું આપવા ઠરાવ્યું હોઈ મોંઘવારી ભથ્થાની કેટલી રકમ મૂળ પગારમાં ભેળવવાની રહે તે લક્ષમાં લઈને તે બાબત અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયે, સભાગૃહમાં થયેલ ચર્ચાને અનુલક્ષીને, પ્રસ્તાવ ઘડવો અને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૧૦. સંલગ્ન કૉલેજોમાં ખંડ સમયના શિક્ષકો તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોના માસિક વેતનના ઓછામાં ઓછા દર પર પુનર્વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના ઓછામાં ઓછા વેતન અંગેના દરની બાબતમાં હાલના નિયમને બદલે નીચે મુજબના નિયમો મંજૂર કરવા, અને તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા :

(1) In respect of part-time teachers engaged exclusively in the teaching profession, the minimum remuneration payable to them will be as follows :

Tutor, Demonstrator	..	Rs. 200/-
Lecturer : (*a*) doing work for not more than six periods per week	..	Rs. 200/-
(*b*) doing work for seven periods or more per week	..	Rs. 275/-
Professor : (*a*) doing work for not more than six periods per week	..	Rs. 250/-
(*b*) doing work for seven periods or more per week	..	Rs. 325/-

(2) In respect of part-time teachers who are also engaged in a profession other than the teaching one, the minimum remuneration phyable to them will be as follows :

Tutor, Demonstrator	..	Rs. 100/-
Lecturer	..	Rs. 150/-
Professor	..	Rs. 200/-

Notwithstanding anything contained above, it will be permissible for a college in the Faculty of Law to engage an honorary Professor for not more than two periods a week, in which case the minimum honorarium payable to such honorary Professor shall be Rs. 100/- per month.

૧૧. સંલગ્ન કૉલેજોમાંથી શિક્ષકોની છટણીના કેસો પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટ નીમેલી સમિતિની તા. ૩૧-૧૨-૧૯૭૦ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. બી. ડી. કૉલેજ, અમદાવાદના છૂટા કરાયેલા નીચેના શિક્ષકોને વૅકશન પગાર ચૂકવવા માટે સદરહુ કૉલેજના આચાર્યને આગ્રહભરી વિનંતી કરવી :

૧. કુ. શાહ અનુપમાબહેન
૨. કુ. પરીખ ઈલાબહેન
૩. કુ. શાહ કૈલાસબહેન
૪. કુ. ભાવસાર સરોજબહેન
૫. કુ. શાહ ભારતીબહેન
૬. કુ. મશરૂવાલા શોભનાબહેન
૭. કુ. શાહ પરેશાબહેન.

૨. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદના છૂટા કરાયેલા બે શિક્ષકો કુ. રેખાબહેન સંઘવી અને શ્રીમતી રમ્યલતા ત્રિપાઠીને વૅકશન પગાર આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીને આગ્રહભરી વિનંતી કરવી.

૩. યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. છ. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યશ્રીને જણાવવું કે (૧) શ્રી. ડી. જે પટેલ, (૨) શ્રી. એચ. એચ. પટેલ, અને (૩) શ્રી. બી. એમ. શુક્લને તેમની નોકરીનું સાતત્ય જળવાઈ રહે તે પ્રમાણેનો મળવા પાત્ર પૂરેપૂરો પગાર (કોઈ જાતની કપાત સિવાય) સર્વે ભથ્થાં સહિત ચૂકવવો અને પ્રોવિડન્ટ ફંડ વળતર ઇત્યાદિ લાભો જે મળી શકે તે તમામનો લાભ પણ આપવો.

શ્રી. પી. સી. પટેલને તા. ૧-૯-૧૯૬૭થી એટલે કે તેઓ જે તારીખથી પ્રાધ્યાપક તરીકે નિમાયા તે તારીખથી પશ્ચાદ્‌વર્તી રીતે પુનઃ પ્રાધ્યાપક તરીકે નીમવા અને તેમનાં હિતોને કોઈ પ્રતિકૂળ અસર ન થાય તે જોવું.

૧૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર ભવનોના શિક્ષકોને જે તે કેન્દ્ર પર "Observer" તરીકે મોકલવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૧૩ અને ૩૮(૨)ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૩. પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી પરીક્ષામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયેલ હોઈ તે અંગેનો ઑર્ડિ. ૧૨૯નો જરૂરી પાઠ મંજૂર કરવા બાબત.

અને

૭ક. કુલપતિઓના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :
ફાર્મસીની પરીક્ષાઓ શરૂ થવાની તારીખો અંગે ઑ. ૧૨૯માં સુધારો કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ આ સાથે જોડ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા સુધારેલા ઑર્ડિ. ૧૨૯ના સંબંધકર્તા ભાગને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા સંબંધકર્તા ઑર્ડિ. ૧૨૯નો પાઠ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૪. સેનેટ-સભ્ય શ્રી. હીરુભાઈ પી. પટેલને અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિનું સભ્યપદ નામનિયત કરેલું, પરંતુ તે સભ્યપદનું રાજીનામું આપ્યું છે તેની નોંધ લેવા બાબત તથા આ અભ્યાસસમિતિના સભ્યપદ અંગે શ્રી. અભિનવ શુક્લ તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભામાં નીચેની બાબત લીગલ કમિટીની વિચારણા માટે મોકલેલ તે અંગે લીગલ કમિટીએ તેની તા. ૬-૧-૧૯૭૧ની સભામાં કરેલ નીચેના ઠરાવને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત :

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના પાંચમા વાર્ષિક અધિવેશનમાં પસાર થયેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"મંડળની આ સામાન્ય સભા મંડળની કારોબારીને આદેશ આપે છે કે સલામતી માટેની ટ્રિબ્યુનલ અંગેની ચાર વર્ષની જૂની માગણીની સમાજ સમક્ષ રજૂઆત કરવી અને યુનિવર્સિટી તેમ જ સરકાર ડિસેંબર ૧૯૭૦ સુધીમાં ટ્રિબ્યુનલ ન રચે તો મંડળે લેવાનાં પગલાંનો કાર્યક્રમ ૧૫મી જાન્યુઆરી સુધીમાં જાહેર કરવો."

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપકમંડળ, અમદાવાદનો તા. ૮-૧૨-૧૯૭૦નો પત્ર ક્રમાંક ૮૭૩ પણ સભા સમક્ષ મૂકવામાં આવ્યો.

લીગલ કમિટીનો ઠરાવ

"ચર્ચાવિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત બાબતમાં કયા મુદ્દા પર આ સમિતિનો અભિપ્રાય જોઈએ છે તે અંગે સિન્ડિકેટના ઠરાવમાં પૂરતી સ્પષ્ટતા ન હોવાથી તેની સ્પષ્ટતા કરવા માટે સિન્ડિકેટને જણાવવું."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૬. ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળના તા. ૧૩-૪-૧૯૭૦-ના પત્રમાં જે માગણીઓ રજૂ કરવામાં આવી છે તે મંજૂર ન થાય તો તેઓ રાજ્યની

યુનિવર્સિટીઓની આગામી માર્ચ–એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાઓ વખતે જલદ પગલાં ભરશે, જેમાં છેલ્લું પગલું હડતાળ પર જવાનું નક્કી કરેલ હોઈ તેના સંદર્ભમાં આ મંડળના તા. ૩૧-૧૨-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આ મંડળની માગણીઓ મુખ્યત્વે નીચે પ્રમાણે છે :

(૧) ગુજરાત યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં હાલનાં પગારધોરણમાં ૨૦ ટકાનો વધારો
(૨) મોંઘવારીને મૂળ પગાર સાથે ભેળવવી
(૩) રહેઠાણની સગવડ આપવી
(૪) તબીબી તથા શૈક્ષણિક સહાય આપવી
(૫) મંડળ તથા મહામંડળને માન્યતા આપવી
(૬) સેનેટ-સિન્ડિકેટમાં પ્રતિનિધિત્વ આપવું
(૭) ઓવરટાઈમના દરમાં સુધારો કરવો
(૮) ડાંગરેકરી કમિશનના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવો.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૭. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં તથા માર્ચ ૧૯૭૧ના પહેલા અઠવાડિયામાં કાઉન્સિલ ઑફ સોશિયલ ડેવલપમેન્ટ, ન્યૂ દિલ્હી યોજિત "સેમિનાર વર્કશોપ"માં ભાગ લેવા પરવાનગી આપવા અંગે સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. વી. પી. શાહની તા. ૫-૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગેનું મુસાફરી ખર્ચ તથા રહેવાજમવાની વ્યવસ્થા વગેરેનું ખર્ચ કાઉન્સિલ ફૉર સોશિયલ ડેવલપમેન્ટ, ન્યૂ દિલ્હી ભોગવશે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૮. સને ૧૯૬૯ના વર્ષનો "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" વિજ્ઞાન વિદ્યાશાખામાં ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ ડૉ. વાય. જી. નાયકને એનાયત કરવા માટે સિન્ડિકેટ નીમેલ નિષ્ણાતોની સમિતિના નિર્ણયની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૯. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે જે પદવીદાન સમારંભમાં એનાયત કરવાનો હોય તેના અગાઉના વર્ષના સંશોધનકાર્યને લક્ષમાં લેવા અંગે જરૂરી સ્પષ્ટતા કરવા બાબત.

નિયમ નીચે પ્રમાણે છે:

"A Gold medal named 'Principal Dr. K. G. Naik Gold Medal' of the value of Rs. 190/- shall be awarded annually—alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions

or in Departments of the Gujarat University whose research work published during the previous year preceding the Convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special Committee of experts who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University This Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૦. સોનાનો હાલનો ભાવ જોતાં રૂ. ૨૫૦થી ઓછી આવક આવતી હોય તેવા એન્ડાઉમેન્ટમાંથી સોનાનો ચંદ્રક બનાવવાનું હવે શક્ય નથી. તેના સંદર્ભમાં ચાંદીનો ચંદ્રક બનાવીને ઉપર સોનાનો ઢોળ ચઢાવવા અંગેના મિન્ટ સત્તાવાળાઓના સૂચન પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૧. થર્ડ ઇયર બી.એસસી. કેમિસ્ટ્રી પ્રાયોગિક પરીક્ષાનો દર હાલ જે રૂ. ૧-૫૦ વિદ્યાર્થી દીઠ છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૨. યુનિવર્સિટી પરીક્ષાઓના પ્રશ્નપત્રો પહોંચતા કરવા ઇત્યાદિ કામો માટે જુદાં જુદાં કેન્દ્રો તરફથી રજૂ થતાં ટેક્સી ખર્ચનાં બિલોની ચુકવણી બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં બાબત નં. ૩૦થી નીચે મુજબ ઠરાવ્યું છે તે અંગે નિયમમાં જરૂરી ફેરફાર માટે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની હવે પછીની પરીક્ષાઓ માટે રાજ્ય સરકારે મંજૂર કરેલા દર કરતાં જો વધારે નાણાં ચૂકવવામાં આવશે તો યુનિવર્સિટી તરફથી તે ભરપાઈ કરી શકાશે નહિ, એમ સંબંધકર્તા કેન્દ્રોને જણાવવું."

(નોંધ.—નિયમ પ્રમાણે બે કલાકથી વધુ સમય માટે ટેક્સી રોકી શકાય નહિ, તેથી આ અંગે ઍડ-હોક ધોરણે નક્કી કરવાનું રહેશે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી બંધાયેલ ટીચર્સ હૉસ્ટેલનાં કુલ ૪૮ રહેઠાણો પૈકી હાલ ૨૩ રહેઠાણો ખાલી રહેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૪. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ તરફથી જુદી જુદી યોજનાઓ માટે જે કૉલેજો આર્થિક સહાય મેળવવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના કાયદાની પેટાકલમ ૨ (ક)ની યાદી પર લાવવા ઇચ્છતી હોય તે કૉલેજો પોતે ટ્રસ્ટ-સોસાયટી-કૉર્પોરેશન તરીકે નોંધાયેલી હોવી જોઈએ તેમ જણાવતા આયોગના તા. ૩૧-૧૦-૧૯૭૦ના પત્રાંક એફ-૧૩-૮-૭૦ (સીડી) પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૫. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે ખર્ચના "મેચિંગ શેર" તરીકે સને ૧૯૬૯-૭૦ની બચત રૂ. ૩૧,૪૨૧-૭૦માંથી રૂ. ૩૦,૦૦૦ની રકમ વાપરવા માટેની મંજૂરી આપવા બાબત.

(**નોંધ.**—આ યોજના પ્રમાણે રૂ. ૧,૯૦,૦૦૦નાં સાધનો અને રૂ. ૬૦,૦૦૦નાં પુસ્તકો ખરીદવાની યોજના પેટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સદરહુ કૉલેજને રૂ. ૧,૮૭,૫૦૦ આપશે. યુનિવર્સિટીએ સને ૧૯૬૮-૬૯ના વર્ષમાંની બચતમાંથી રૂ. ૧૩,૨૦૦ની આર્થિક સહાય આ પેટે અગાઉ આપેલ છે. યુનિવર્સિટી જે આર્થિક સહાય મંજૂર કરે તે કૉલેજને મળ્યેથી મેચિંગ શેરના પ્રમાણમાં મૂકવામાં આવશે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૬. ભારત-સોવિયેટ રશિયા સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ હેઠળ રશિયન ભાષા શીખવવા માટે રશિયન શિક્ષક-શિક્ષકોની સેવા આપણી યુનિવર્સિટી મેળવવા ઇચ્છતી હોય તો તે અંગેની આપણી જરૂરિયાત જણાવવા વિનંતી કરતા ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવા મંત્રાલયના તા. ૧૭-૧૨-૧૯૭૦ના પત્રાંક એફ ૧૭-૧૮-૭૦ આર. એચ. યુ. આઈ. પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ**—યુનિવર્સિટીએ ભારત સરકાર અને સોવિયેટ રશિયા વચ્ચે થયેલ કરારની શરતોનું પરિપાલન કરવાનું રહેશે. હિસાબ વિભાગે કરેલ ગણતરી મુજબ દરેક રશિયન શિક્ષક દીઠ અંદાજે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ જેટલો ખર્ચ ભોગવવાનો આવે. ભારત સરકાર તરફથી કશી આર્થિક મદદ મળે તેમ નથી, પરંતુ યુનિવર્સિટી પોતે એ ખર્ચ ઉપાડી ન શકે તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાય માટે માગણી કરવા સૂચવવામાં આવે છે. શરતો પ્રમાણે આપણે એરકન્ડિશન્ડ રહેઠાણ આપવાનું હોય છે, પરંતુ આપણી પાસે તેની જોગવાઈ ન હોવાથી અંદાજી ખર્ચમાં એરકન્ડિશનિંગનો ખર્ચ ગણ્યો નથી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૭. ભૌતિકવિજ્ઞાનની તા. ૨૧-૧૦-૧૯૭૦ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે બધી જ પ્રેક્ટિકલની પરીક્ષાઓનું મહેનતાણું આપવા બાબતમાં એક કમિટી નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે અને એમાં વિજ્ઞાનના વિષયોના દરેક બોર્ડના ચેરમેનને સભ્ય તરીકે નિયુક્ત કરવા બાબત."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૮. શ્રી. જી. બી. જોશીના "Studies in Chelating of Ortho-Hydroxy Anils" એ શીર્ષક નીચે રસાયણવિજ્ઞાન વિષય પરનો પીએચ.ડી. પદવી માટેનો મહા-નિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા રેફરીઓના તથા મૌખિક પરીક્ષાના પરીક્ષકોના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત :

નોંધ.—ઑર્ડિનન્સ ૩૨૧ મુજબ સિન્ડિકેટની તા. ૧૦/૧૧–૧–૧૯૭૦ની સભામાં ડૉ. બી. સી. હલદર, મુંબઈની નિમણૂક કરવામાં આવી હતી :

(૧) પ્રો. એલ. સરોની (બાહ્ય રેફરી)	મહાનિબંધ પીએચ.ડી. પદની માટે સ્વીકાર્ય નથી એમ જણાવે છે.
(૨) ડૉ. એમ. બી. કબડી (બાહ્ય રેફરી) મૌખિક માટે પણ	મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય નથી એમ જણાવે છે.
(૩) ડૉ. બી. સી. હલદર (બાહ્ય રેફરી) ચોથા રેફરી મૌખિક માટે પણ	મહાનિબંધ પીએચ.ડી. પદની માટે યોગ્ય છે તેમ જણાવે છે.
(૪) ડૉ. વી. એમ. દાકોર	ડૉ. રાકોની તથા ડૉ. કબડીના રિપોર્ટ સાથે સહમત થતા નથી.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૯. મહદનીશ કુલસચિવ શ્રી. એસ. એસ. વોરાની ફ્લેટની ખરીદી અંગેની પોતે લીધેલી લોન ચૂકવવા માટે રૂ. ૬,૮૦૦ની લોન રૂટે. ૧૮૮–એ હેઠળ માટેની તેઓની તા. ૭–૧–૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(શ્રી. વોરાએ ફ્લેટ ખરીદવા માટે યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડમાંથી લીધેલી લોન તથા એલ.આઈ.સી. પાસેથી લીધેલી લોન પરત કરવા આ લોનની માગણી કરી છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૦. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) (ક) પી.ડી.ડી.સી. સેમેસ્ટર–૫ અને એન્જિનિયરિંગ સેમેસ્ટર–૯ પરીક્ષાઓનો અભ્યાસક્રમ સરખો હોવાથી પી.ડી.ડી.સી. સેમેસ્ટર–૫ પરીક્ષા તા. ૧૦–૪–૧૯૭૧ને બદલે તા. ૧૯–૪–૧૯૭૧થી શરૂ કરવાની મંજૂરી આપ્યાની;

(ખ) ફાર્મસી પરીક્ષાનાં સત્રો તા. ૧૫મી એપ્રિલ સુધી ચાલતાં હોવાથી ફાર્મસી પરીક્ષાઓ પૈકીની એમ.ફાર્મ. પરીક્ષા તા. ૨૨–૩–૧૯૭૧ અને તે સિવાયની પરીક્ષાઓ તા. ૨૯–૩–૧૯૭૧થી શરૂ થનાર હતી તેના બદલે તમામ ફાર્મસી પરીક્ષાઓ તા. ૧૯–૪–૧૯૭૧થી શરૂ કરવાની મંજૂરી આપ્યાની;

(૧) આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યો (ક) અને (ખ)ની નોંધ લેવી.

(૨) સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૩ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૧. ૧૯૭૦–૭૧ના વર્ષની ઍાર્ડિ. ૯૬ પ્રમાણે કૉલેજો તરફથી આવેલ માહિતીના સંદર્ભમાં આ સાથેની યાદીમાં જણાવેલ કૉલેજોના નામ સામે જણાવેલ મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. ગ્રાન્ટ્સ યુનિલાઈઝેશન સમિતિની તા. ૧૮–૧–૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૮–૧–૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૩. માર્ચ–એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં નિમાનાર પ્રાશ્નિક–પરીક્ષકો પાસેથી સ્વીકારવાની સાથે મંગાવવાના 'સોગંદનામા'ના અંગ્રેજી અને ગુજરાતી પાઠ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોગંદનામાનો અંગ્રેજી અને ગુજરાતી પાઠ મંજૂર કરવો.

(સદરહુ સોગંદનામાના મંજૂર કરવામાં આવેલા પાઠની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામમાં જૂન ૧૯૭૧થી ગુજરાતી વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે:

(૧) આચાર્યશ્રી પી. એચ. ભટ્ટ	...	માન્ય અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રીમતી એન. એન. ભટ્ટ	...	મદદનીશ શિક્ષક
(૩) કુ. ભાનુમતીબેન જાની	...	જેઓ જૂન ૧૯૭૧થી પ્રોફેસર તરીકે તેમની કૉલેજમાં જોડાશે. માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૫. જૂના અભ્યાસક્રમ મુજબ એલએલ.એમ.ની એક વધુ પરીક્ષા માર્ચ–એપ્રિલ ૧૯૭૧માં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—જૂના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને છેવટની વધુ એક તક મળે એવો ડાનશ્રીનો અભિપ્રાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.એમ.ની જૂના આભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા ૧૯૭૧ના પૂર્વાર્ધમાં લેવાનું રાખવું.

૩૬. યુનિવર્સિટીનું પ્રત્યેક શૈક્ષણિક વર્ષ તારીખ ૧૫મી માર્ચે પૂરું થાય છે અને એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પરીક્ષાઓ તે પછી આઠ કે દસ દિવસના ગાળામાં શરૂ થતી હોવાથી અનુસ્નાતક વિદ્યાર્થીઓ, જેમની હાજરી એક યા બીજા કારણે ખૂટતી હોય અને અનુસ્નાતક કેન્દ્રો તરફથી જે તે વિદ્યાર્થીઓની હાજરીની વિગતો સમયસર આવી ન હોય તો તેવા કેસમાં યુનિવર્સિટી કાર્યાલયે વિદ્યાર્થીઓના પરીક્ષા-પ્રવેશ અંગે શી રીત અખત્યાર કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૭. પરીક્ષા દરમિયાન લોકલ પરીક્ષકોને જવાબપત્રોનાં પારસલો હેન્ડ ડિલિવરીથી પહોંચતાં કરવા માટે પારસલ દીઠ રૂ. ૧ (એક)નું મહેનતાણું આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૮. થર્ડ એલએલ.બી.ની પરીક્ષાના પ્રાશ્નિકો તથા પરીક્ષકોના મહેનતાણાના દર નક્કી કરવા વિચારણા કરવા બાબત.

હાલનો દર :

LL.B., Second LL.B., Diploma in Labour Laws and Practice, Diploma in Taxation Laws and Practice Examination.

1. Drawing up a question-paper of three hours	..	Rs. 60–00
2. Examining an answer-paper of three hours	..	Rs. 1–25
3. Drawing up a question-paper of two hours	..	Rs. 40–00
4. Examining an answer-paper of two hours	..	Re. 1–00

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ એલએલ.બી.ની પરીક્ષા માટે પાશ્નિકો તથા પરીક્ષકોના મહેનતાણાના દર ઉપર મુજબ મંજૂર કરવા.

૩૯. એમ.ડી.એસ. પાર્ટ–૧ તથા ૨ પરીક્ષાના પ્રાશ્નિકો અને પરીક્ષકોના લેખિત તથા પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાના દર નક્કી કરવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ ડિગ્રી, ડિપ્લોમા વગેરેના દર નીચે મુજબ છે :

M.D., M.S., D.A., D.O.M.S., D.G.O., D.L.O., D.M.R.E. and D.Ped. ના દર.

લેખિત પરીક્ષાનો દર :

1. Drawing up a question-paper	..	Rs. 75/–
2. Examining an answer-paper	..	Rs. 2/–
3. Examining Dissertation at M.D.M.S.	..	Rs. 25/–

(The rate is per examinee per Dissertation)

પ્રાયોગિક પરીક્ષાનો દર :

For each Practical, Oral or other special examination necessary in case of candidates who submit thesis or for each day where it is determined that such practical, oral or other special examination shall occupy more than one day.

The minimum remuneration to each examinee for each practical, oral, or other special examination or for each day where it is determined that such practical or other special examination shall occupy more than one day shall be Rs. 12/-.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૦. પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ડિગ્રી કોર્સ (P.D.D.C.) (C. M. and E.) ફર્સ્ટ તથા સેકન્ડ તથા બી.ઈ. ફર્સ્ટ, સેકન્ડ તથા થર્ડ (સેમેસ્ટર ૧થી ૪ તથા સેમેસ્ટર-૫) કેમિકલ એન્જિનિયરિંગ પરીક્ષાઓના પરીક્ષકો તથા પ્રાશ્નિકોના મહેનતાણાના દર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

થર્ડ બી.ઈ. સુધીની ઇજનેરી પરીક્ષાના પરીક્ષકોના મહેનતાણાના દર નીચે મુજબ છે :

1. Drawing up a question-paper of four hours .. Rs. 75/-
2. Drawing up a question-paper of three hours .. Rs. 60/-
3. Drawing up a question-paper of two hours .. Rs. 40/-
4. Examining a paper of two, three or four hours .. Re. 1/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ અંગે પરીક્ષકો તથા પ્રાશ્નિકોના મહેનતાણાના દર ઉપર મુજબ મંજૂર કરવા.

૪૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કોલેજોના શિક્ષકોના પગારધોરણ સુધારવાની બાબતને સ્પર્શતા કેટલાક મુદ્દાઓની સ્પષ્ટતા કરતા ગુજરાત રાજ્યના શિક્ષણનિયામકશ્રી, અમદાવાદના તા. ૧૨-૧-૧૯૭૧ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિને તેની વિચારણા માટે મોકલવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૪૨. સિન્ડિકેટની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભાએ જાન્યુઆરી ૧૯૬૭ અને જુલાઈ ૧૯૬૭માં એમ.બી.,બી.એસ.ની જે વધારાની પરીક્ષાઓ લેવાઈ તેમાં ઉત્તીર્ણ થઈને એમ.ડી. અને એમ.એસ.નો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને અનુક્રમે માર્ચ-એપ્રિલ ૧૯૭૧ અને ઑક્ટોબર ૧૯૭૧માં લેવાનારી એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષામાં બેસવા દેવાની કેટલાક વિદ્યાર્થીઓની વિનંતી અપવાદ તરીકે મંજૂર રાખી તેમ એમ.બી.,-

બી.એસ. પદવી માટે લેવાયેલી જે જે સપ્લિમેન્ટરી પરીક્ષાઓ લેવાઈ છે તે પસાર કરનાર વિદ્યાર્થીઓ અંગે પણ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે થર્ડ એમ.બી.,બી.એસ.ની જુલાઈ ૧૯૬૮માં એક વધારાની પરીક્ષા લેવાઈ તેમાં ઉત્તીર્ણ થઈને એમ.ડી. અને એમ.એસ.નો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને ઑક્ટોબર, ૧૯૭૨માં લેવાનારી એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષામાં અપવાદ તરીકે બેસવા દેવા મંજૂરી આપવી.

૪૩. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા શ્રી. ઠાકોરભાઈ એન. મિસ્ત્રીનું તા. ૨૩-૧-૧૯૭૧ના રોજ અવસાન થયું હોવાથી (અ) તેઓના ખાતે નીકળતાં પ્રોવિડંટ ફંડનાં તથા (બ) સ્ટે. ૧૯૩-અ પ્રમાણે ગ્રેચ્યુઇટીનાં નાણાં ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ઠાકોરભાઈ એન. મિસ્ત્રી તા. ૧૫-૬-૧૯૬૨ના રોજ સમાજવિદ્યા ભવનમાં જોડાયા હતા.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. ઠાકોરભાઈ એન મિસ્ત્રી ખાતે નિકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના વારસોને ચૂકવી આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. ઠાકોરભાઈ એન. મિસ્ત્રીની ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના વારસ–વારસોને ચૂકવવી અને તે રકમ લાઇફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન પાસેથી મેળવી લેવા માટે તજવીજ કરવી.

તે પછી સભાગૃહે નીચે મુજબનો શોકદર્શક ઠરાવ ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો:

"સિન્ડિકેટની આ સભા યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના યુવાન રીડર શ્રી. ઠાકોરભાઈ એન. મિસ્ત્રીના અવસાનથી એક સંનિષ્ઠ અધ્યાપકની તેજસ્વી કારકિર્દીનો અકાળે અંત આવ્યો તે માટે ભારે વ્યથા અનુભવે છે અને ઊંડા શોકની લાગણી અનુભવે છે.

સિન્ડિકેટની આ સભા સદ્‌ગતનાં કુટુંબીજનો તરફ ઊંડી સહાનુભૂતિ અનુભવે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે."

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૦૩૧૦૩૬/૧૯૭૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
ફેબ્રુઆરી ૯, ૧૯૭૧.

ઠ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૩ અને ૩૦ (૨)

Ordinance 129 :

Sr. No.	*Name of the Examinations*	*How many times held in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Examination fees Rs.*
1.	Semester–I (C.,M.&E.) (P.D.D.C.)	Twice	Third Monday in April & Third Monday in October	1st March & 25th Aug.	30/–
2.	Semester–II (C. or M. or E.) (P.D.D.C.)	,,	,,	,,	30/–
3.	Semester–III	,,	,,	,,	40/–
4.	Semester–IV	,,	,,	,,	40/–
5.	Semester–V	,,	,,	,,	50/–
6.	Semester–VI	,,	,,	,,	50/–
7.	Semester–VII	,,	,,	,,	60/–
8.	Semester–VIII	,,	,,	,,	60/–

* * *

O. 129:

Sr. No.	*Name of the Examinations*	*How many times held in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Examination fees Rs.*
1.	F.Y.Pharmacy (Dip.)	Twice	Monday following 15th October	1st February & 1st September	40/-
2.	Int. Pharmacy (Dip.)	Twice	,,	,,	50/-
3.	First B.Pharm.	Twice	,,	,,	75/-
4.	Second B.Pharm.	Twice	,,	,,	75/-
5.	Third B.Pharm.	Twice	,,	,,	90/-
6.	Fourth B.Pharm. i.e. Final B.Pharm.	Twice	,,	,,	100/-
7.	Final B.Pharm. (Old)	Twice	,,	,,	75/-
8.	M.Pharm.	Twice	,,	10th January & 10th July	200/-

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૨

ગુજરાત યુનિવર્સિટીની સંશોધન ગ્રાન્ટ અંગેની સમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૧૮–૧–૧૯૭૧ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. આચાર્યશ્રી વાય. પી. શુકલ	હાજર
૩. આચાર્યશ્રી વાય. જી. નાયક	હાજર
૪. આચાર્યશ્રી જે. જે. ત્રિવેદી	હાજર
૫. આચાર્યશ્રી ડી. એમ. શીખ	હાજર
૬. ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તા. ૨૧–૭–૧૯૭૦ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન ગ્રાન્ટ અંગેની સમિતિની તા. ૨૧–૭–૧૯૭૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૮/૯–૮–૧૯૭૦ની સભાના ઠરાવ અનુસાર નીચેના શિક્ષકોએ તેમનાં સંશોધનકાર્ય અંગે મોકલેલા સુધારેલા પ્રસ્તાવો અંગે વિચારણા કરવા બાબત :

શિક્ષકોનાં નામ	સંશોધન પ્રસ્તાવ
૧. શ્રી. ડી. એમ. માસ્તર, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	'ધંધાદારી ગુજરાતી રંગભૂમિનાં નાટકોનાં ગીતો, સંશોધન, સંકલન, વર્ગીકરણ, લક્ષણ, નિરૂપણ અને વિવેચન'
૨. શ્રી. એમ. જે. પટેલ, સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	'To study the problems of Tics in Pre-school children of 15 Nursery Schools of Ahmedabad'
૩. શ્રા. રમેશચંદ્ર ગુપ્તા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા	'Yaspal-katha, Sahitya Dristi, Kathya Rup or Shilp'

શિક્ષકોનાં નામ	સંશોધન પ્રસ્તાવ
૪. કુ. એમ. સી. ભટ્ટ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯	'Factorial composition of Wechsler intelligence scale for children at various age levels 5+, 7+ and 13+ and its interpretation in the light of structure of intellect model profounded by Guilford J. P.'
૫. ડૉ. એસ. આર. દેસાઈ, નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	'A comparative study of the social content of Hindi films. 1940-45& 1965-70'

સને ૧૯૭૦-૭૧ના વર્ષ દરમ્યાન સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે ઉપર જણાવેલ શિક્ષકો તરફથી આવેલા સુધારેલા પ્રસ્તાવો ઉપર વિચારણા કરવામાં આવી અને સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું:

(અ) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલી રકમ સંશોધનકાર્ય માટે સંશોધન ગ્રાન્ટના નિયમો પૈકી નિયમ ૪ અનુસાર તેઓ તેમનું સંશોધનકાર્ય નિયત સમયમર્યાદામાં પૂરું કરી સન્માન્ય સામયિકમાં છપાવશે તે શરતે મંજૂર કરવી:

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર કરેલ રકમ
૧.	શ્રી. ડી. એમ. માસ્તર, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	'ધંધાદારી ગુજરાતી રંગભૂમિનાં નાટકોનાં ગીતો, સંશોધન, સંકલન, વર્ગીકરણ, લક્ષણ, નિરૂપણ અને વિવેચન'	રૂ. ૭૫૦

(શ્રી. માસ્તરે ધંધાદારી ગુજરાતી રંગભૂમિનાં નાટકોના ગીતસાહિત્યની વિવેચનાત્મક યોજના કરીને સંશોધિત અને સંકલિત એવાં પસંદ કરેલાં ૨૦૦ જેટલાં વૈવિધ્યપૂર્ણ ગીતોનો સંગ્રહ આપવાનો રહેશે.)

૨.	શ્રી. એમ. જે. પટેલ, સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	'To study the problems of Tics in Pre-school children of 15 Nursery Schools of Ahmedabad'	રૂ. ૫૦૦
૩.	કુ. એમ. સી. ભટ્ટ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	'Factorial composition of Wechsler Intelligence scale for children at various age levels from 5+, 7+ and 13+ and its interpretation in the light of structure of Intellect model profounded by Guilford J. P.'	રૂ. ૬૦૦

(આઈ. બી. એમ.નું મશાન યુનિવર્સિટી પાસે છે તેની જાણ તેમને કરવી.)

(બ) ડૉ. સુધા આર. દેસાઈની 'A comparative study of the social content Hindi films, 1940–45 and 1965–70' વિષય પરત્વેની રૂ. ૩,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ આપવી અને તેમનું સંશોધનકાર્ય કેવી રીતે કરવા ધારે છે તે અને તેમના આ પ્રોજેક્ટને કેવી રીતે આગળ વધારશે તે અંગેની વિગત–break up તેમની પાસેથી મંગાવવી.

(ક) નીચેના શિક્ષકની સંશોધન ગ્રાન્ટ માટેની માગણી નામંજૂર કરવી :

શિક્ષકનું નામ	સંશોધનનો વિષય
શ્રી. રમેશચંદ્ર ગુપ્તા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા.	'Yaspal-katha, Sahitya Dristi, Kathya Rup or Shilp.'

૩. ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૧૯૭૦-૭૧ની સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

સને ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/માન્ય સંસ્થાઓ/યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ પર વિચારણા કરવામાં આવી અને સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી :

(૧) નીચે જણાવેલ શિક્ષકને તેમના નામ સામે જણાવેલી રકમ સંશોધનકાર્ય માટે સંશોધન ગ્રાન્ટના નિયમો પૈકી નિયમ ૪ અનુસાર તેઓ તેમનું સંશોધનકાર્ય, નિયત સમય-મર્યાદામાં પૂરું કરી સન્માન્ય સામયિકમાં છપાવશે ને શરતે મંજૂર કરવી :

શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર કરેલ રકમ
શ્રી. જે. પી. અમીન, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	'સારસ્વત મંડલનાં શૈવ તીર્થો અને તેનું શિલ્પ-સ્થાપત્ય'	રૂ. ૯૦૦

(૨) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય પર સંશોધનકાર્ય માટે સંશોધન ગ્રાન્ટની કેટલી રકમ ફાળવી શકાય તે અંગેના નોંધના ખાનામાં જણાવેલ વ્યક્તિ-(તજ્ઞ)નો અભિપ્રાય મંગાવવો અને અભિપ્રાય આવ્યેથી આગળ પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	નોંધ
૧.	શ્રી. વી. જે. ત્રિવેદી, અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	'Morphology of the coleoptile and the scutellum in relation to the mesocstyl in monyco-tyledoneous seedlings'	ડૉ. જે. જે. ચિનોય, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૨.	શ્રી. પી. આર. શાહ, શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	'A project in Blood grouping and Rh-testing of 5000 peoples from Panchmahals district'	આ વિષયમાં તજ્ઞનો અભિપ્રાય મંગાવવો.

(૩) નીચેના શિક્ષકની સંશોધન ગ્રાન્ટ માટેની માગણી નામંજૂર કરવી:

શિક્ષકનું નામ	સંશોધનનો વિષય
શ્રી. બી. જે. ઝવેરી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	'માણિક્યસિંહ સૂરિ'

૪. સેંટ ઝેવિયર્સ કૉલેજના શિક્ષક શ્રી. એચ. કે. સુથારને 'A Histo-chemical study of the Metabolotics during the vegilative and reproductive differentation in some flesh plants' એ વિષય પર સંશોધનકાર્ય કરવા અંગે રૂ. ૨૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીનાં નીચેનાં વિદ્યાભવનોના શિક્ષકોને સંશોધનકાર્ય માટે તેમનાં નામ સામે જણાવેલ વિષય પરત્વે સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	શિક્ષકનું નામ તથા સંસ્થા	સંશોધનનો વિષય	મંજૂર કરેલ રકમ
1.	Shri V. P. Bharadwaj, Uni. School of Social Sciences	'Inter-Industry Differences in the behaviour of factor return in Indian manufacturing sector during 1951-1965.'	Rs. 7,100/-
2.	Shri K. G. Desai, Uni. School of Psychology	'A study of the Normal dilemas of Secondary School pupils of Gujarat'	Rs. 2,900/-
3.	Shri R. G. Bhatt, Uni. School of Psychology	'An investigation of the attitudes of High School students to some aspects of education such as curricular, teachers examination, institutions, etc.'	Rs. 1,400/-
4.	Kum. U. G. Joshi, Uni. School of Psychology	'An inquiry into the leisure time activities among some secondary school students of grade IX and X in the City of Ahmedabad'	Rs. 1,100/-

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	નોંધ
5.	Shri J. J. Shukla, Uni. School of Psychology	'Doctrine of relations and classes in modern logic'	Rs. 200/-
6.	Shri H. D. Badami, Uni. School of Psychology	'Educational Altitude scale'	Rs. 500/-
7.	Kum. K. K. Bhatt, Uni. School of Psychology	'Adjustment problems of the under achiever'	Rs. 1,000/-
8.	Shri C. T. Bhopatkar	'Development of Human scope to study and measure Eye-Dominance'	Rs. 500/-
9.	Dr. C. L. Bhatt, Uni. School of Psychology	'To assertain wastage at post-graduate level in the University of Gujarat to pinpoint the causes leading to such wastage and to investigate fully some of the causes thus assertained'	Rs. 400/-

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના સર્વશ્રી એમ. પી. ભટ્ટ તથા વી. કે. ચાવડાની 'The study of the Housing and Socio-Economic conditions of the slums in Ahmedabad City' એ વિષય પરની સંશોધન યોજના માટે રૂ. ૧,૨૦૦ની સંશોધન ગ્રાન્ટ માટે આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. ભટ્ટ તથા શ્રી. વી. કે. ચાવડાની 'The study of the Housing and Socio-Economic conditions of the slums in Ahmedabad City' એ વિષય પરની સંશોધન યોજનાના કાર્ય માટે રૂ. ૧,૨૦૦ની સંશોધન ગ્રાન્ટ, સંશોધન ગ્રાન્ટના નિયમો પૈકી નિયમ ૪ અનુસાર તેઓ તેમનું સંશોધનકાર્ય નિયત સમયમર્યાદામાં પૂરું કરી સન્માન્ય સામયિકમાં છપાવશે તે શરતે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. સી. યુ. શાહ સાયન્સ કૉલેજના આચાર્યશ્રી વાય. જી. નાયકને 'Solid State Physics particularly the study of vacuum evaporated thin films.' એ વિષય પર સંશોધન કરવા માટે ૧૯૬૬-૬૭ના વર્ષમાં રૂ. ૧,૨૦૦ની સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી હતી તે કાર્યને લગતા લેખોને Indian Journal of pure applied Physics, 1968, Vol. 6 and 1969, Vol. 7માં છપાયાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

સભાની કાર્યવાહી દરમિયાન એક એવું સૂચન આવ્યું હતું કે યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો તરફથી યુનિવર્સિટી પાસેથી તેમના સંશોધનકાર્ય માટે સંશોધન ગ્રાન્ટની માગણી કરવામાં આવ્યેથી તેમની અરજી વગેરે જે તે વિષયના નિષ્ણાતને અભિપ્રાય માટે મોકલી આપવી અને તે પછીથી તે અરજીઓ ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિ સમક્ષ મૂકવી.

સૂચન સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યું હતું

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
કુલસચિવ વતી,

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક 33

સોગંદનામું

મને ૧૯૭૧ના માર્ચ/એપ્રિલની ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ અંગેની જે કામગીરી બજાવવા માટે જે આમંત્રણ આપવામાં આવ્યું છે તેના સંદર્ભમાં, આથી હું સોગંદપૂર્વક જાહેર કરું છું કે ચાલુ શૈક્ષણિક વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી કે તેની સંલગ્ન કૉલેજ/માન્ય સંસ્થા/વિદ્યાભવનમાં અભ્યાસ કરનાર કે માર્ચ/એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસનાર કોઈ પણ વિદ્યાર્થીને મેં સવેતન કે અવેતન કે ખાનગી રાહે ટ્યૂશન રાખી આ વર્ષે ભણાવ્યો નથી; તેમજ ખાનગી ટ્યૂશન રાખીને ભણાવીશ નહિ. યુનિવર્સિટી માન્ય કૉલેજો/સંસ્થાઓ/વિદ્યાભવનો સિવાય અન્યત્ર ચાલતા કોઈ પણ "કોચિંગ કલાસમાં" કે અભ્યાસવર્ગમાં મેં શિક્ષણ આપવાના કે તેના સંચાલનના કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ ભાગ લીધો નથી.

* પૂરી સહી_____

* આ સહી મારી રૂબરૂમાં થઈ છે.

આચાર્યની સહી_____

કૉલેજ_____

Affidavit

In connection with the invitation of the Syndicate in the matter of the work regarding the University Examination to be held in March/April 1971, I hereby solemnly affirm that during the current academic year I have not given any private tuition or coaching with remuneration or without remuneration to any student studying in Gujarat University or in any of its affiliated colleges/recognised institutions/University Departments either as a regular or external candidate who is to appear at any of the University Examinations to be held in the first half of the year 1971. I also affirm that I am not associated directly or indirectly with any of the private tuition/coaching classes either for its teaching work or for its administrative work.

* Signature in full_____

* The signature has been put in my presence.

Principal's Signature_____

College_____

Gujarat University Press, Ahmedabad-9.

ગુ.યુ.પ્રેસ ૧૪૬૦-૪૫૦-૩-૭૧

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ફેબ્રુઆરી માસની સભા, ગુરુવાર, તા. ૧૧-૨-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને શુક્રવાર, તા. ૧૨-૨-૧૯૭૧ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧-૨-૧૯૭૧	૧૨-૨-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય, અમદાવાદ	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	હાજર
૪.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	ગેરહાજર
૮.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રાનડે	ગેરહાજર	ગેરહાજર.

૧. સિન્ડિકેટની તા. ૩૦-૧-૧૯૭૧ના રોજ મળેલ વિશેષ સભાની નોંધને મંજૂર કરવા બાબત :

સિન્ડિકેટની તા. ૩૦-૧-૧૯૭૧ના રોજ મળેલ વિશેષ સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-અ. તે પછી સભાગૃહની સંમતિથી શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીના અવસાન અંગે નીચેના શોકદર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો, જેને સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યો :

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની તા. ૧૧-૨-૧૯૭૧ના રોજ મળેલી આ સભા મૂર્ધન્ય સાહિત્યકાર, સાંસ્કૃતિક નેતા, અગ્રણી કેળવણીકાર અને પ્રખર દેશભક્ત શ્રી. કનૈયાલાલ મા. મુનશીના અવસાનથી ઘેરા શોકની લાગણી અનુભવે છે. શ્રી. મુનશીએ નવલકથા, નાટક, નવલિકા, નિબંધ, આત્મકથા, વિવેચન વગેરે ક્ષેત્રોમાં વિપુલ અને ઉત્કૃષ્ટ સાહિત્યસર્જન દ્વારા ગુજરાતી વાઙ્મયને ઘણી સમૃદ્ધિ આપી છે તથા ભારતીય વિદ્યાભવન અને તેની અનેક શાખાઓ અને પ્રવૃત્તિઓ દ્વારા તેમણે શિક્ષણ અને સંસ્કૃતિની ઉત્તમોત્તમ સેવા કરી છે. તે ઉપરાંત ભારતની બંધારણસભા અને લોકસભા, જૂના મુંબઈ રાજ્યની વિધાનસભા, ગુજરાતી સાહિત્ય પરિષદ અને વિવિધ ક્ષેત્રોની બીજી અનેક સંસ્થાઓ દ્વારા તેમણે કરેલી સમાજ અને રાષ્ટ્રની અનુપમ સેવાઓને સિન્ડિકેટની આ સભા કૃતજ્ઞભાવે પોતાની અંજલિ આપે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે.

૨. ફેબ્રુઆરી પછી ૭ ૧૯૭૧ના સમય દરમિયાન અલ્લાહાબાદ મુકામે થનાર "વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ"માં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય સી. એલ. શાસ્ત્રીની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાનાં પરીક્ષાસમિતિઓની ભલામણો અને તે પર તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને બી.એડ. પાર્ટ ૨ સિવાયની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) બી.એડ. પાર્ટ ૨ની પરીક્ષા અંગેની નિમણૂકો સિન્ડિકેટની તા. ૩૦-૧-૧૯૭૧ની સભાએ મંજૂર કરી દીધી છે. આથી તે અંગે વિચારવાનું રહેતું નથી.

(૨) ભલામણોની નકલ અગાઉ મોકલી આપવામાં આવેલ છે.

સદરહુ બાબતની વિચારણા સભાગૃહની સંમતિથી બીજે દિવસે, એટલે કે શુક્રવાર, તા. ૧૨-૨-૧૯૭૧ના રોજ કરવામાં આવી હતી. પરંતુ સુવિધા માટે તેની નોંધ યથાક્રમે અહીં રાખવામાં આવી છે.

તબીબી, ફાર્મસી અને દંતવિદ્યાની અનુસ્નાતક પરીક્ષાઓ માટે સભાગૃહમાં સૂચવવામાં આવેલા ફેરફારો સાથેની પ્રાશ્નિકો-પરીક્ષકોની યાદી મંજૂર કરવામાં આવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીઓની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે તે સિવાયની પરીક્ષાઓ અંગે ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૧ના માર્ચ-એપ્રિલમાં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો માટેની પરીક્ષાસમિતિઓએ અને એકેડેમિક કાઉન્સિલે જે યાદીઓ મોકલી આપી છે તે યાદીઓ તથા તે અંગે એકેડેમિક કાઉન્સિલના

કેટલાક સભ્યોએ કરેલાં સૂચનો તપાસીને તથા એ યાદીઓ સમગ્ર રીતે જોઈતપાસીને પોતાને યોગ્ય લાગે તેવો ફેરફાર સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી

(૨) આચાર્ય એમ. સી. શાહ

(૩) ડૉ. ઓ. એમ. ત્રિવેદી

(૪) આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ જે સુધારા સૂચવે તે સુધારાઓ ઉપર ઘટતી વિચારણા કરીને પ્રાશ્નિકો-પરીક્ષકોનાં નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૪. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૬ શિક્ષકગણનો નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો, તેને બી.એ (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક

(૨) સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા અથવા એક પૂર્ણ સમયના ટ્યૂટર;

૨. સમાજશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫. શ્રી. હરિવલ્લભદાસ કાણિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(સબો.)માં ફારસીના અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં

ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટે; તથા બી.એ.(સભો.)માં ફારસી, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઉર્દૂના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૧—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ.(સભો.)માં ફારસી, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬—૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ફારસીના વ્યાખ્યાતા
   (૨) વિનયન વિભાગ માટે અલગ વ્યાયામ શિક્ષક;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું ઘરભાડા ભથ્થું, તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત; તથા બી.એ.(સભો.)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત; તથા બી.એ.(સભો.)માં અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬-૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧—૫—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સમો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપકને બદલે પૂર્ણ સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. વાચનાલય-પુસ્તકાલય માટેનો ખંડ તૈયાર કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(સમો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૧—૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સમો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬—૧૯૭૧થી તા. ૧૪—૬—૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) જરૂરી વર્ગ-ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે; તથા બી.એ. (સંયો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.-(સંયો.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ફારસીના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે ફારસી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી અને ઇતિહાસ; તથા બી.એ.(સંયો.)માં સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી અને ઇતિહાસ; તથા બી.એ.(સંયો.)માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) સંસ્કૃતના પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક;

૨. નવા માગેલ વિષયો તથા સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા લક્ષમાં લઈને ગ્રંથાલયનો વિસ્તાર કરવામાં આવે તથા પુસ્તકાલય અને વાચનાલય માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે;

૩. સંસ્કૃત અને સમાજશાસ્ત્ર અંગે પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો-સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે અમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી જોડાણ મેળવવા માટે આવેલ અરજીઓ:
(અ) નાટ્યવિદ્યા તથા પત્રકારિત્વના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.
(બ) બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૧ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ સુધીના નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો; તથા બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૬–૬–૧૯૭૧થી તા. ૧૪–૬–૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નાટ્યવિદ્યાના અભ્યાસક્રમમાં નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
(૧) નાટ્યનિર્માણ(પ્રોડક્શન)ના વ્યાખ્યાતા
(૨) પ્રકાશ આયોજન(લાઈટિંગ)ના ટ્યૂટર
(૩) રંગભૂમિ સંબંધી કલા(સ્ટેજ ક્રાફ્ટ)ના ટ્યૂટર;

૨. લેબોરેટરી, લાઈટિંગ ઈક્વિપમેન્ટ, સીનરી મટિરિયલ્સ, મેક-અપ મટિરિયલ્સ, ટેપરેકોર્ડિંગ મશીન વગેરે સાધનસામગ્રી માટે બંને વર્ષના અભ્યાસક્રમ મળીને રૂ. ૧૧,૦૦૦નું અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦ તથા સામયિકો માટે રૂ. ૨,૦૦૦નું અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
(૧) કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૨) કીટાણુવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૩) લેબોરેટરી આસિસ્ટન્ટ;

૫. જીવવિજ્ઞાનની પ્રયોગશાળામાં જરૂરી ફેરફાર કરવામાં આવે;

૬. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળાનું બાંધકામ હાથ ધરવામાં આવે અને તે બે વર્ષમાં પૂરું કરવાની બાંયધરી આપવામાં આવે;

૭. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૪૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (સબો.)માં તત્ત્વજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા ચાલુ જોડાણ માટેની; તથા બી.એ. (ફ્રિન્સિ.)માં હિંદીનો અભ્યાસક્રમ શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧–૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં તત્ત્વજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૧થી તા. ૧૪–૬–૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (ફ્રિન્સિ.)માં હિન્દીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૧થી તા. ૧૪–૬–૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હિન્દીના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. હિન્દી મુખ્ય વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (ફ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧–૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (ફ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૧થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૫. યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (પ્રિનિસ.)માં ગુજરાતી અને હિંદી, તથા બી.એસસી. (રસે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ માટેની; તથા બી.એ.-(પ્રિનિસ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં અંગ્રેજી, ઈતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રસે.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની; તથા બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (રસે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિનિસ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, ઈતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રસે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ; તથા બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૨) ગણિતશાસ્ત્રના ટ્યૂટર;

૨. સમાજશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ભલામણમાં જણાવેલ શરતો પછી શરત ક્રમાંક ૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરીને તે પછી વંચાય તે શરતોએ જોડાણ આપવા માટે સદરહુ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે તેમ સેનેટને રિપોર્ટ કરવો :

૫. (૧) શ્રી ડી. જે. પટેલ, (૨) શ્રી. એચ. એચ. પટેલ, અને (૩) શ્રી. બી. એમ. શુકલને તેમની નોકરીનું સાતત્ય જળવાઈ રહે તે પ્રમાણેનો મળવા પાત્ર પૂરેપૂરો પગાર (કોઈ જાતની કપાત સિવાય) સર્વે ભથ્થાં સહિત સદરહુ કૉલેજ તરફથી ચૂકવવામાં આવે અને પ્રૉવિડંટ ફંડ, વળતર ઈત્યાદિ જે લાભો તેમને તેમની સેવાના સાતત્યથી મળી શકે છે તે તમામનો લાભ પણ કૉલેજ તરફથી આપવામાં આવે તથા શ્રી પી. એસ. પટેલને તા. ૧-૯--૧૯૬૭થી એટલે કે તેઓ જે તારીખથી પ્રાધ્યાપક તરીકે નિમાયા તે તારીખથી તેમનાં હિતોને કોઈ પ્રતિકૂળ અસર ન થાય તે રીતે પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂક થઈ તે તારીખથી આ કૉલેજમાં સતત ચાલુ રાખવામાં આવે.

૧૬. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ઈતિહાસ અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઈતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં અંગ્રેજી અને ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઈતિહાસના પ્રાધ્યાપક
   (૨) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૩) ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૪) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૫) ફેમિલી હેલ્થના વ્યાખ્યાતા;
૨. ગૃહવિજ્ઞાન, પ્રયોગશાળા, રસોડું, સ્ટોર, હેન્ડ્રીક્રાફ્ટ ખંડ, વર્ગખંડો, પ્રદર્શન માટેની વ્યવસ્થા ઈત્યાદિની જોગવાઈ કરવામાં આવે;
૩. ગૃહવિજ્ઞાનના વિષયનાં સાધનો માટે રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગ્રંથાલય માટે નીચે મુજબનાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) ઈતિહાસના વિષય માટે ... રૂ. ૨,૦૦૦
   (૨) અંગ્રેજીના ,, માટે ... રૂ. ૧,૦૦૦
   (૩) ગૃહવિજ્ઞાનના ,, માટે ... રૂ. ૧,૦૦૦;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે. "

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૭. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૭૧થી પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે

તા. ૧૫--૧--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંસ્કૃ.)માં રાજ્ય નીતિશાસ્ત્ર; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૨) રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
   (૩) વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૪) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૫) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૬) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. નીચે મુજબની પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;
   (૧) રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા
   (૨) ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા
   (૩) વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂ. ૪૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂ. ૩૦,૦૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૧૫,૦૦૦

૫. વનસ્પતિવિજ્ઞાન (રૂપે.)માં શિક્ષણ માટે સુયોગ્ય બાગ તૈયાર કરવામાં આવે;

૬. ગ્રંથાલયમાં નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય અને ગૌણ વિષય દીઠ તેની સામે દર્શાવ્યા મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૧,૦૦૦
(૪) ગણિતશાસ્ત્ર	...	રૂ. ૧,૦૦૦
(૫) ગુજરાતી	...	રૂ. ૨,૦૦૦;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૮. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એ. (સત્રો.)માં ગુજરાતી, હિંદી, અંગ્રેજી, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસ-ક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ વિદ્યાકચાણુની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત; અને બી.એ.(સત્રો.)માં હિંદી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧ થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ તથા બા.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૨) રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા
(૩) રાજ્યનીતિશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના પ્રાધ્યાપક
(૫) ગુજરાતીના પ્રાધ્યાપક
(૬) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૭) હિંદીના વ્યાખ્યાતા
(૮) તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા
(૯) ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક
(૧૦) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
(૧૧) જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા;

૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન	...	રૂ. ૨,૦૦૦
(૨) ગણિતશાસ્ત્ર	...	રૂ. ૧,૦૦૦

(૩) ગુજરાતી ... રૂ. ૧,૦૦૦
(૪) અંગ્રેજી ... રૂ. ૧,૦૦૦
(૫) વનસ્પતિવિજ્ઞાન ... રૂ. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૯ નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, હિંદી અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નટવરસિંહજી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી અને ગણિતશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, હિન્દી અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬-૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૦. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ તરફથી જૂન ૧૯૭૧થી બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિત નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.) માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક

(૨) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા;

૨. ગણિતશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા આ વિષયનાં ઓછામાં ઓછાં ત્રે જર્નલ મંગાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૧. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર તરફથી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબ્સિ.)માં હિંદી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત; અને બી.એ.(સબ્સિ.)માં હિંદી, ઇતિહાસ,રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની સુવિધાવાળું કૉલેજનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૨. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧૧-૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂક કરવામાં આવે:

ફેમિલી હેલ્થના બંડ સમયના વ્યાખ્યાતા;

૨. રસોડું, સ્ટોર, લૉન્ડ્રી વગેરે બંડોની સુવિધા સાથેનું ગૃહવિજ્ઞાનનું અલાયદું મકાન;

૩. ગૃહવિજ્ઞાનના વિષયમાં વધુ સાધનો વસાવવા રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગૃહવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડમાં લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૩. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા તરફથી જૂન ૧૯૭૧થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે:
   (૧) કૉમર્સના પૂરા સમયના પ્રાધ્યાપક
   (૨) મર્કન્ટાઈલ લાના ખંડ સમયના વ્યાખ્યાતા;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૪. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૭૧થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૧ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું

જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણુકો કરવામાં આવે :
   (૧) વાણિજ્યના પ્રાધ્યાપકો
   (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૪) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના વ્યાખ્યાતા;

૨. એકાઉન્ટન્સીના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૫. સેફ્રી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેફ્રી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧--૧--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; બી.એ. (સમો.)માં સમાજશાસ્ત્ર અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ મોંઘવારી, ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૬. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી પ્રથમ વર્ગ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટે; તથા બી.એ. (ગૌણ.)માં સમાજશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ શિક્ષકગણની નિમણુકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૧-૧૯૭૧

સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫-૬-૧૯૭૧થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા
(૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૩) વાણિજ્યના પ્રાધ્યાપક
(૪) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૫) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. સમાજશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો તથા એડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને ઑડિટિંગના વિષયોનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૭. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્ર, હિંદી અને અંગ્રેજી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢ-બારિયા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૬--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૪ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક

(૩) વાણિજ્યના પ્રાધ્યાપક
(૪) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
(૫) વાણિજ્યના વ્યાખ્યાતા
(૬) હિન્દીના વ્યાખ્યાતા;

૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૮. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૭૧થી બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્ર અને સંસ્કૃત; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડવેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના અભ્યાસકમમાં કુલ્લે ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે. એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદ તરફથી જૂન ૧૯૭૧થી બોરસદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજને બી.એડ.ના અભ્યાસકમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૨-૪-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદ દ્વારા જૂન ૧૯૭૧થી બોરસદ ખાતે શરૂ કરાનાર શિક્ષણની કૉલેજ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૭--૧૯૭૧ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસકમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) એક પ્રાધ્યાપક

(૩) ત્રણ વ્યાખ્યાતાઓ

(૪) કન્ટેન્ટ કોર્સ માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતાઓ

[નોંધ.—આ નિમણૂક એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (Methods) અને વિશેષ ક્ષેત્રોનો અભ્યાસકમ (Studies of special fields) માટેની યોગ્ય લાયકાત નિમાયેલ શિક્ષકો ધરાવતા હોય.]

(૫) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટયુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો.)
(૬) ચાર નાના ખંડો (જૂથકાર્ય માટે.)
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય
(૯) આચાર્ય માટેનો ખંડ
(૧૦) પીવાના પાણી માટેનો ખંડ
(૧૧) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. વિજ્ઞાનના શિક્ષકો માટે નાની પ્રયોગશાળાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૧૧. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૨. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે, અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડ્યેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૧૦,૦૦૦ની રોકડ કે

૧૧૪. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર ભવનોના શિક્ષકોને જે તે કેન્દ્રો પર "ઑબ્ઝર્વર" તરીકે મોકલવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ–એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ પૈકી કઈ કઈ પરીક્ષાઓ માટે કયાં કયાં કેન્દ્રો પર અને કયા કયા દિવસોએ અણધારી મુલાકાત લેવાની જરૂર જણાય છે તે જોઈવિચારીને યુનિવર્સિટીના શિક્ષકોને કે અન્ય કોઈ અધિકૃત વ્યકિતઓને પરીક્ષાના સમય દરમ્યાન અણધારી મુલાકાત માટે મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૫. સેનેટ સભ્ય શ્રી. હીરુભાઈ પી. પટેલને અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિનું સભ્યપદ એનાયત કરેલું પરંતુ તે સભ્યપદનું રાજીનામું આપ્યું છે તેની નોંધ લેવા બાબત તથા આ અભ્યાસસમિતિના સભ્યપદ અંગે શ્રી. અભિનવ શુકલ તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હીરુભાઈ પી. પટેલને, અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના સભ્યપદનું તેમનું રાજીનામું સ્વીકારાતાં શારીરિક (ફિઝિકલ એજ્યુકેશનની) અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શ્રી. અભિનવ શુકલના તા. ૧૯-૧-૧૯૭૧ના પત્ર પરની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૭૪ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૭. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં તથા માર્ચ ૧૯૭૧ના પહેલા અઠવાડિયામાં કાઉન્સિલ ઑફ સોસિયલ ડેવલપમેન્ટ, ન્યૂ દિલ્હી યોજિત "સેમિનાર-વર્કશોપ"માં ભાગ લેવા પરવાનગી આપવા અંગે સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. વી. પી. શાહની તા. ૫-૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગેનું મુસાફરી ભથ્થું તથા રહેવાજમવાની વ્યવસ્થા વગેરેનું ખર્ચ કાઉન્સિલ ફોર સોસિયલ ડેવલપમેન્ટ, ન્યૂ દિલ્હી ભોગવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પોતાના કામકાજને હરકત ન આવે તે શરતે સદરહુ સેમિનાર-વર્કશોપમાં ભાગ લેવા માટે સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. વી. પી. શાહને પરવાનગી આપવી.

૧૧૮. સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભામાં નીચેની બાબત લીગલ કમિટીની વિચારણા માટે મોકલેલ તે અંગે લીગલ કમિટીએ તેની તા. ૬-૧-૧૯૭૧ની સભામાં કરેલ નીચેના ઠરાવને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત. "ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના" પાંચમા વાર્ષિક અધિવેશનમાં પસાર થયેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

"મંડળની આ સામાન્ય સભા મંડળની કારોબારીને આદેશ આપે છે કે સલામતી માટેની ટ્રિબ્યુનલ અંગેની ચાર વર્ષની જૂની માગણીની સમાજ સમક્ષ રજૂઆત કરવી અને યુનિવર્સિટી તેમ જ સરકાર ડિસેમ્બર, ૧૯૭૦ સુધીમાં ટ્રિબ્યુનલ ન રચે તો મંડળે લેવાનાં પગલાંનો કાર્યક્રમ ૧૫મી જાન્યુઆરી સુધીમાં જાહેર કરવો."

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદનો તા. ૮--૧૨--૧૯૭૦નો પત્ર ક્રમાંક ૮૭૩ પણ સભા સમક્ષ મૂકવામાં આવ્યો.

લીગલ કમિટીનો ઠરાવ

"ચર્ચાવિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ઉપરોકત બાબતમાં કયા મુદ્દા પર આ સમિતિના અભિપ્રાય જોઈએ છે તે અંગે સિન્ડિકેટના ઠરાવમાં પૂરતી સ્પષ્ટતા ન હોવાથી તે સ્પષ્ટતા કરવા માટે સિન્ડિકેટને જણાવવું."

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૨) આચાર્ય એમ. એસ. પંડિત
(૩) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૪) પ્રો. મણિશંકર પી. પંડ્યા
(૫) આચાર્ય એમ. સી. શાહ
(૬) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
(૭) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૮) શ્રી. ચન્દ્રકાન્ત ટી. દરુ.

૧૧૯. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે, જે પદવીદાન સમારંભમાં એનાયત કરવાનો હોય તેના અગાઉના વર્ષના સંશોધનકાર્યને લક્ષમાં લેવા અંગે જરૂરી સ્પષ્ટતા કરવા બાબત.

નિયમ નીચે પ્રમાણે છે :

A Gold Medal named "Principal Dr. K. G. Naik Gold Medal" of the value of Rs. 190/- shall be awarded annually alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of the Gujarat University whose research work published during the previous year preceding the Convocation at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special Committee of experts who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. This Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેનો અમલ સને ૧૯૬૯—૭૦ના એવોર્ડથી કરવો:

A Gold Medal named "Principal Dr. K. G. Naik Gold Medal" of the value of Rs. 190/- shall be awarded annually alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in departments of the Gujarat University whose research work published during the five years preceding the

*માંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી
૬.	સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ. એમ.એસસી	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	નૉર્થ	શ્રી. એમ. જી. ઉમરાવગર (અનુ. શિક્ષક--જૂથ "બી") શ્રી. વાય. એમ. પંડ્યા (અનુસ્નાતક શિક્ષક-જૂથ "બી" શ્રી. આઈ. આર. પટેલ (અનુસ્નાતક શિક્ષક--સ્ટેટિસ્ટિકસ)
૭.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ચેટલાદ	એમ.એ.	અર્થશાસ્ત્ર		શ્રી. વાય. જે. ઠાકોર (અનુસ્નાતક શિક્ષક) શ્રી. પી. ડી. બડવા (તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને. શ્રી. પી. એમ. ઉપાધ્યાય (તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને છે.)
૯.	એમ. એન. કૉલેજ, વીસનગર	એમ.એ.	સંસ્કૃત	નૉર્થ	૧. શ્રી. કે. જે. અજબિયા (શિક્ષક) ૨. શ્રી. જે. એસ. પટેલ (મદદનીશ) ૩. શ્રી. એન. જે રાવલ (જૂનથી મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે.)
૮.	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	સંસ્કૃત		૧. શ્રી. બી. ટી. ભટ્ટ (શિક્ષક) ૨. શ્રી વી. જી. પંડ્યા (શિક્ષક)
૧૦.	બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ	એમ.એસસી.	ફિઝિક્સ	મેડા	૧. શ્રી. જે. જી. પટેલ (શિક્ષક) ૨. શ્રી. એમ. સી. શાહ (મદદનીશ શિક્ષક) ૩. શ્રી. ટી. સી. ભાલેજા (મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૧થી માન્યતા મેળવવાને પાત્ર થશે.)
૧૧.	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	નૉર્થ	૧. શ્રી. એમ. એસ. વ્યાસ (શિક્ષક, ઇનઑર્ગેનિક)

ક્રમાંક	કૉલેજનું નામ	પદનું	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી
					૨. શ્રી. આઇ. એસ. પટેલ (મદદનીશ, ઇનઑર્ગેનિક અને ફિઝિકસ)
					૩. શ્રી. એલ. બી. પટેલ (શિક્ષક—ઑર્ગેનિક કેમિસ્ટ્રી) (જૂન ૧૯૭૧થી જોડાશે.)
					૪. શ્રી. કે. એન. વોરા (મદદનીશ શિક્ષક, ઑર્ગેનિક કેમિસ્ટ્રી) (જૂન ૧૯૭૧થી જોડાશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૪. ૧૯૭૦-૭૧ના વર્ષની ઑ. ૯૬ પ્રમાણે કૉલેજો તરફથી આવેલી માહિતીના સંદર્ભમાં આ સાથેની યાદીમાં જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલ ક્ષતિઓ માટે ઠપકો આપવો અને તે ક્ષતિઓ ત્વરિત દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે જણાવવું અને ભવિષ્યમાં આ પ્રકારની ક્ષતિઓ થવા પામે નહિ તે માટે તકેદારી રાખવા માટે તેમને સૂચના આપવી.

૧૨૫. જે. એન્ડ જે કૉલેજ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે ખર્ચના "મૉચિંગ શૅર" તરીકે સને ૧૯૬૯—૭૦ની બચત રૂ. ૩૧,૪૨૧-૭૦માંથી રૂ. ૩૦,૦૦૦ની રકમ વાપરવા મંજૂરી આપવા બાબત.

(**નોંધ.**—આ યોજના પ્રમાણે રૂ. ૧,૯૦,૦૦૦નાં સાધનો અને રૂ. ૬૦,૦૦૦નાં પુસ્તકો ખરીદવાની યોજના પેટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સદરહુ યોજનાને રૂ. ૧,૮૭,૫૦૦ આપશે. યુનિવર્સિટીએ સને ૧૯૬૮-૬૯ના વર્ષમાંની બચતમાંથી રૂ. ૧૩,૨૦૦ની આર્થિક સહાય આ પેટે આ અગાઉ આપેલ છે. યુનિવર્સિટી જે આર્થિક સહાય મંજૂર કરે તે કૉલેજને મળ્યેથી મૉચિંગ શૅરના પ્રમાણમાં મૂકવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદમાં સ્થાપવામાં આવેલા ફિઝિકસ, કેમિસ્ટ્રી અને મૅથેમેટિકસ વિષયના અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળતી આર્થિક સહાયની સામે મૉચિંગ શૅર તરીકે વાપરવા માટે તે કૉલેજને ૧૯૭૦-૭૧ની બચતમાંથી રૂ. ૩૦,૦૦૦ની રકમ નીચેની શરતોએ વાપરવા માટે મંજૂરી આપવી :

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની બચત અને/અથવા અંદાજી બચતમાંથી અનુસ્નાતક શિક્ષણના વિકાસ માટે આર્થિક સહાય આપવાની બાબતમાં નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) (ક) આ નિયમો હેઠળ અનુસ્નાતક કેન્દ્રોને જે આર્થિક સહાય આપવામાં આવે તે આર્થિક સહાય યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી જો કોઈ પ્રકારની આર્થિક સહાય અનુસ્નાતક અભ્યાસના વિકાસ માટે કૉલેજને મળતી હોય અને કૉલેજે તે માટે પોતાનો મૉચિંગ શૅર આપવાની શરત હોય

તો તેવા મૅચિંગ શૅર પેટે આપવાની રકમ તરીકે નીચેની શરતોને આધીન, વાપરવા માટે સિન્ડિકેટ મંજૂરી આપી શકશે.

(ખ) નીચેના શરતોને આધીન આ રકમનો ઉપયોગ કેન્દ્રના વિકાસ માટે તેઓને જો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સિવાયની અન્ય કોઈ સંસ્થા કે કોઈ વ્યકિત તરફથી મદદ મળનાર હોય તો સિન્ડિકેટની પરવાનગી લઈને તેના મૅચિંગ શૅર તરીકે વાપરી શકાશે;

(૨) કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર ચાલુ વર્ષના તુરતના અગાઉના (immediately preceding) પોતાની એક વર્ષની કુલ બચતથી વધે નહીં તેટલી રકમ, સિન્ડિકેટની અગાઉથી મંજૂરી લઈને વાપરી શકશે;

(૩) કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર આવી આર્થિક સહાયમાંથી પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનોની ખરીદી કે અન્ય જે કોઈ બાબતો, જે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂરી મળેલી હોય તેની ખરીદી માટે કે અનુસ્નાતક કેન્દ્રના મકાનના બાંધકામ માટે વાપરી શકશે, પરંતુ આ રકમ લેબોરેટરીનાં રાસાયણિક દ્રવ્યો, કાચનાં સાધનો કે બીજાં કન્ઝ્યુમેબલ આર્ટિકલ્સ કે અન્ય કોઈ perishable વસ્તુઓ માટે વાપરી શકશે નહીં.

(૪) કેન્દ્રોએ આવી સહાયથી જે પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો ખરીદેલ હશે તો તેનું તથા મકાન બાંધ્યું હોય તો તે અંગેનું અલાયદું રજિસ્ટર રાખીને તેની યાદી તૈયાર કરવાની રહેશે, અને તે યાદી આચાર્યે ચકાસીને પોતાની સહી કરીને તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની રહેશે. આ રીતે ખરીદાયેલ સાધનો તથા બંધાવેલ મકાનની કે અન્ય મિલકતની માલિકી યુનિવર્સિટીની રહેશે.

(૫) આવી મદદમાંથી ખરીદેલાં પુસ્તકો તથા વૈજ્ઞાનિક સાધનો તથા મકાનનો, જે તે અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રહે ત્યાં સુધી તેની જરૂરિયાત માટે તેણે ઉપયોગ કરવાનો રહેશે, પરંતુ કેન્દ્ર બંધ થતાં તે પુસ્તકો/સાધનો/મકાન યુનિવર્સિટીને સુપરત કરવાનાં રહેશે;

(૬) આવાં પુસ્તકો/સાધનો/મકાનને બીજા કોઈ કેન્દ્રને કે કૉલેજને કે સંસ્થાને કે અન્ય કોઈ વ્યકિતઓને ગીરો, વેચાણ, બક્ષિસ કે ભાડેથી આપી શકાશે નહીં કે કોઈ પ્રકારે 'ટ્રાન્સફર' કરી શકાશે નહીં;

(૭) આ રકમમાંથી ખરીદેલ સાધનો કે બંધાવેલ મકાનોની વિગતો દર્શાવતું એક જુદું ગત્રક કેન્દ્ર ચલાવતી કૉલેજ કે સંસ્થાના સંચાલકોએ રાખવું જોઈશે અને તે અંગેનો હેવાલ પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં મોકલવાનો રહેશે. આ રજિસ્ટર યુનિવર્સિટીના કોઈ પણ અધિકારીને કે સિન્ડિકેટ કે કુલપતિશ્રી નીમે તે પ્રતિનિધિને તપાસ માટે ઉપલબ્ધ કરવું આવશ્યક રહેશે; અને

(૮) આ બચતમાંથી ખરીદેલ સાધનો કે બંધાવેલ મકાનોના હિસાબો પ્રત્યેક વર્ષે ૩૦મી જૂન સુધીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને કેન્દ્ર ધરાવનાર કૉલેજ/સંસ્થાના આચાર્ય/ અધ્યક્ષે મોકલી આપવા આવશ્યક રહેશે.

(૯) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પોતાનો હપતો ચૂકવે તે પછી યુનિવર્સિટીએ મંજૂર કરેલ આર્થિક સહાય તેના પ્રમાણમાં (pro-rata) આપવાની રહેશે.

૧૨૬. યુનિવર્સિટીનું પ્રત્યેક શૈક્ષણિક વર્ષ તારીખ ૧૫ માર્ચે પૂરું થાય છે અને એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પરીક્ષાઓ તે પછી આઠ કે દસ દિવસના ગાળામાં શરૂ થતી હોવાથી અનુસ્નાતક વિદ્યાર્થીઓ જેમની હાજરી એક યા બીજા કારણે ખૂટતી હોય અને અનુસ્નાતક કેન્દ્રો તરફથી જે તે વિદ્યાર્થીઓની હાજરીની વિગતો સમયસર આવી ન હોય તો તેવા કેસમાં યુનિવર્સિટી કાર્યાલયે વિદ્યાર્થીઓના પરીક્ષા-પ્રવેશ અંગે શી રીત અખત્યાર કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનો ઑર્ડિ. ૮૩--બી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 83–B :

No candidate for the M.A., M.Sc., M.Com., M.Ed. or LL.M. Degree Examination shall be allowed to appear at the said examination, unless—

(1) he has attended not less than two-thirds of the number of lectures delivered in the subject or groups of subjects in each term;

OR

the deficiency in attendance, if any, in one of the terms, the other term having been satisfactorily kept, has been duly condoned;

(2) the attedance reports of the candidates have been received from (*i*) the Professor-in-charge of the post-graduate centre concerned through the Head of the College / Institution or (*ii*) from the Head of the University Department of the subject concerned through the Head of the respective University School, as the case may be, at least one week prior to the commencement of the examination.

In the event of non-compliance of any one or more of the conditions stated above, the name of the candidate shall be deemed to stand cancelled from the list of candidates appearing at the relevant examination, and thereupon the candidate concerned shall not appear at the examination; and in case of his appeaıance at the examination, his result should not be declared. The examination fees paid by such a candidate shall be refunded in full.

૧૨૭. થર્ડ ઈયર બી.એસસી. કેમિસ્ટ્રી પ્રાયોગિક પરીક્ષાનો દર હાલ જે રૂ. ૧-૫૦ પૈ. વિદ્યાર્થી દીઠ છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી

(૨) ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદી.

૧૨૮. પરીક્ષા દરમ્યાન લોકલ પરીક્ષકોને જવાબપત્રનાં પાર્સલો હેન્ડ ડિલિવરીથી પહોંચતાં કરવા માટે પાર્સલ દીઠ રૂ. ૧(એક)નું મહેનતાણું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૧૨૯. એમ.ડી. પાર્ટ ૧ તથા ૨ પરીક્ષાના પ્રાશ્નિકો અને પરીક્ષકોના લેખિત તથા પ્રાયોગિક પરીક્ષકના મહેનતાણાના દર નક્કી કરવા વિચારણા કરવા બાબત.

નોંધ.—પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ ડિપ્લોમા વગેરેના દર નીચે મુજબ છે :

લેખિત પરીક્ષાનો દર

1.	Drawing up a question-paper	.. Rs. 75/-
2.	Examining an answer-paper	.. Rs. 2/-
3.	Examining Dissertation at M.D., M.S. (The rate is for Examiner per Dissertation.)	.. Rs. 25/-

પ્રાયોગિક પરીક્ષાનો દર

For each Practical, oral or other special examination necessary in case of candidates who submit thesis or for each day where it is determined that such practicals, oral or other special examination shall occupy more than one day. The minimum remuneration to each Examiner for each practical, oral or the special examination or for each day where it is determined that such practical or other special examination shall occupy more than one day shall be Rs. 12/-.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી. પાર્ટ ૧ તથા ૨ની લેખિત તેમ જ પ્રાયોગિક પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોના મહેનતાણાના દર ઉપર મુજબ મંજૂર કરવા.

૧૩૦. શ્રી. જી. બી. જોષીના "Studies in Chelates of orthohydroxy anils" એ શીર્ષક નીચે રસાયણવિજ્ઞાન વિષય પરનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા રેફરીઓના તથા મૌખિક પરીક્ષાના પરીક્ષકોના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત :

(નોંધ.—ઑર્ડિ. ૩૨૧ મુજબ સિન્ડિકેટે તેની તા. ૧૦--૧૧--૧૯૭૦ની સભામાં ડૉ. બી. સી. હલદર, મુંબઈની નિમણૂક કરવામાં આવી હતી.)

૧.	પ્રો. એલ. સરોની (બાહ્ય રેફરી)	... મહાનિબંધ પીએચ.ડી પદવી માટે નથી એમ જણાવે છે.
૨.	ડૉ એમ. બી. કબડી (બાહ્ય રેફરી) (મૌખીક માટે પણ)	... મહાનિબંધ પીએચ. ડી. પદવી માટે સ્વીકાર્ય નથી એમ જણાવે છે.
૩.	ડૉ. બી. સી. હલદર (ચોથા બાહ્ય રેફરી) (મૌખિક માટે પણ)	... મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે યોગ્ય છે તેમ જણાવે છે.
૪.	ડૉ. વી. એમ. ઠાકોર	... ડૉ. સરોની તથા ડૉ. કબડીના રિપોર્ટ સાથે સહમત થતા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. બી. જોષીનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે અમાન્ય ગણવો.

૧૩૧. ભૌતિકવિજ્ઞાનની તા. ૨૧-૧૦-૧૯૭૦ના રોજ મળેલ સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બધી જ પ્રેક્ટિલની પરીક્ષાઓનું મહેનતાણું આપવા બાબતમાં એક કમિટી નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે અને એમાં વિજ્ઞાન વિષયોના દરેક બોર્ડના ચેરમેનને સભ્ય તરીકે નિયુક્ત કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે હાલ પુનર્વિચારણા કરવાની જરૂર નથી.

૧૩૨. ભારત-સોવિયેટ રશિયા સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ હેઠળ રશિયન ભાષા શીખવવા માટે રશિયન શિક્ષક શિક્ષકોની સેવા આપણી યુનિવર્સિટી મેળવવા ઇચ્છતી હોય તો તે અંગેની આપણી જરૂરિયાત જણાવવા વિનંતી કરતા ભારત સરકારના શિક્ષા અને યુવક સેવા મંત્રાલયના તા. ૧૭-૧૨-૧૯૭૦ના પત્રાંક એફ--૧૭-૧૮--૭૦--આર.એસ.યુ.-આઈ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ**.—યુનિવર્સિટીએ ભારત સરકાર અને સોવિયેટ રશિયા વચ્ચે થયેલ કરારની શરતોનું પરિપાલન કરવાનું રહેશે. હિસાબ વિભાગે કરેલ ગણતરી મુજબ દરેક રશિયન શિક્ષક દીઠ અંદાજે વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ જેટલો ખર્ચ ભોગવવાનો આવે. ભારત સરકાર તરફથી કશી આર્થિક મદદ મળે તેમ નથી, પરંતુ યુનિવર્સિટી પોતે એ ખર્ચ ઉપાડી ન શકે તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાય માટે માગણી કરવા સૂચવવામાં આવેલ છે. શરતો પ્રમાણે આપણે એરકન્ડિશન્ડ રહેઠાણ આપવાનું હોય છે, પરંતુ આપણી પાસે તેની જોગવાઈ નહિ હોવાથી અંદાજી ખર્ચમાં એરકન્ડિશનિંગનો ખર્ચ ગણ્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ખર્ચ ઉપાડી શકે તેમ નથી, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૧૩૩. ગુજરાત યુનિવર્સિટી ધારા ૧૯૪૯ની કલમ ૪ (૧૫)માં Recognised Institutions **શબ્દો પછી** "and to regulate the fees to be paid by the students in such colleges" **ઉમેર્યા અંગેના ગુજરાત સરકારના તા. ૧૬ ડિસેંબર ૧૯૭૦ના ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ ૧૯૭૦ના ગુજરાત એક્ટ ૧૧ની નોંધ લેવા બાબત.**

[**નોંધ**.—સુધારેલ કલમ ૪ (૧૫) નીચે પ્રમાણે છે :

Section 4(15) :

To control and co-ordinate the activities of and give financial and to affiliated colleges and recognised institutions and to regulate the fees to be paid by the students in such college.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારા(૧૯૪૯)ની કલમ ૪(૧૫)માં કરવામાં આવેલા ઉપર મુજબના સુધારાની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે—

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઈ પણ કૉલેજ યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી મેળવ્યા વિના ટ્યૂશન ફીમાં વધારો કરી શકશે નહીં; અને

(૨) શિક્ષણના માધ્યમને કારણે યુનિવર્સિટીની કોઈ પણ કૉલેજ વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીમાં ભેદભાવ રાખી શકશે નહીં.

વધુમાં ઠસવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં હાલ પ્રવર્તતી ટયૂશન ફીના દર અંગેની માહિતી મગાવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૩૪. સોનાનો હાલનો ભાવ જોતાં રૂ. ૨૫૦થી ઓછી આવક આવતી હોય તેવા એન્ડાઉમેન્ટમાંથી સોનાનો ચંદ્રક બનાવવાનું હવે શકય નથી, તેના સંદર્ભમાં ચાંદીનો ચંદ્રક બનાવીને ઉપર સોનાનો ઢોળ ચઢાવવા અંગેના મિન્ટ સત્તાવાળાઓના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત ખેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) શ્રી. ભૂપેન્દ્ર એમ. પટેલ, ડેવલપમેન્ટ ઑફિસર.

૧૩૫. એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ માટે મ્યુનિસિપલ કૉર્પોરેશને ઘડેલા પ્રૉવિડંટ ફંડના નિયમો સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભામાં તે કૉલેજ પૂરતા માન્ય રાખ્યા હોઈ તે નિયમો શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદને પણ લાગુ પાડવા માટે સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ માટે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને ઘડેલા પ્રૉવિડન્ટ ફંડના નિયમો માન્ય કરવા.

૧૩૬. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલા પગારધોરણ પરત્વે રાજ્ય સરકારના તા. ૬-૬-૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૧૮-કેએચમાં ફકરા ૨(બી)(iii)માં But less than Rs. 250/- ને બદલે but less than Rs. 350/- હોવાના સુધારાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩૭. ચરોતર મેડિકલ રિલીફ સોસાયટી અને ચતુરભાઈ ગંગાદાસ જનરલ હોસ્પિટલ, ઉત્તરસંડાને ઑ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા માટે હોસ્પિટલના માનદ મંત્રી તરફથી આવેલ તા. ૨૦-૧-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જયંત બી. હરિભક્તિ
(૨) ડૉ. આર. એલ. વાઢી.

૧૩૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ ગાંધી ભવનની રૂ. ૧,૦૦,૦૦૦ના અંદાજી ...ર્ચની યોજના સ્વીકારી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાનું ...ર કર્યું હતું અને બાકીના રૂ. ૫૦,૦૦૦ ગાંધી સ્મારક નિધિ આપશે તેમ જણાવ્યું

હતું; તે ઉપરથી ગાંધી નિધિને લખતાં તેઓએ તેમના તા. ૧૪-૧૨-૧૯૭૦ના પત્ર ક્રમાંક ૩૪૧૪થી આર્થિક સહાય આપવાની અશક્તિ દર્શાવી તેની નોંધ લેવા બાબત.

(નોંધ.—બાકીના રૂ. ૫૦,૦૦૦ની આર્થિક સહાય માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તથા રાજ્ય સરકારને લખવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩૯. ભારત સરકારના કેન્દ્રીય હિંદી નિદેશાલય (શિક્ષક તથા યુવક સેવા મંત્રાલય), ન્યૂ દિલ્હીના આમંત્રણથી પટના, ભાગલપુર તથા ગોરખપુર વિશ્વવિદ્યાલયોમાં તા. ૧૫ માર્ચ, ૧૯૭૧ની પહેલાં આશરે ૧૫ દિવસ માટે વ્યાખ્યાનો આપવા પરવાનગી માગતા ભાષા-સાહિત્ય ભવનના હિંદીના રીડર શ્રી. એ. એસ. નાગરના તા. ૧૩-૧-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં પોતાના કામકાજમાં હરકત ન આવે તે શરતે સદરહુ નિમંત્રણ સ્વીકારવા માટે ડૉ. અંબાશંકર એસ. નાગરને પરવાનગી આપવી અને તે માટે તેમની પંદર દિવસની રજા ખાસ રજા તરીકે મંજૂર કરવી.

૧૪૦. ૧૯૭૧ના વર્ષમાં બી.ફાર્મ. (ઓલ્ડ કોર્સ)ની પરીક્ષા વધુ બે વખત લેવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાનો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.ફાર્મ.(ઓલ્ડ કોર્સ)ની પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં અને ઑક્ટોબર ૧૯૭૧માં એમ વધુ બે વખત લેવાનું રાખવું.

૧૪૧. ફાર્મસીની વિદ્યાશાખાની તા. ૧૩-૧-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર ફાર્મસીના ચાર વર્ષના પદવી અભ્યાસક્રમના બીજા અને ત્રીજા વર્ષની પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવેલા વિદ્યાર્થીઓને બી.ફાર્મ.ની પરીક્ષામાં વર્ગ આપવા અંગેનો ફાર્મ. રેગ્યુ. ૩૮-જી નીચ મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને તાત્કાલિક એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાને લાગુ પડે તે રીતે અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Pharm. R. 38-G :

To pass an examination, a candidate must obtain at least 40% marks in theory (including sessional) and practicals (including sessional) separately of each subject and in addition must obtain at least 50% of the total marks assigned to the whole Fourth B. Pharm. Examination successful candidates shall be awarded classes as under after adding the marks (including sessional) obtained by them at the Second B. Pharm. and Third B.Pharm. and the Fourth B.Pharm. Examinations. In case of students who have failed at the Second or Third B.Pharm. Examination but are allowed to keep terms at the higher examination either in Third or Fourth B.Pharm. or both the courses the total marks obtained by them at the time of passing the examination will be considered for awarding a class.

Those obtaining 70 % and above of the total marks will be declared to have passed in First Class with Distinction.

Those obtaining 60 % and above but less than 70 % of the total marks will be declared to have passed in First Class.

Those obtaining 60 % and above but less than 60 % of the total marks will be declared to have passed in Second Class. Students passing the Fourth B.Pharm. Examination by compartments will be declared to have passed the examination in pass class.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રેગ્યુલેશન ફાર્મ. આર. ૩૮--જી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાને લાગુ પડે એ રીતે અમલમાં મૂકવો.

૧૪૨. શ્રી. મહેન્દ્રભાઈ સી. દેસાઈ, ગુજરાત રિફાઇનરી, વડોદરા તરફથી તેમના સ્વર્ગસ્થ પિતામહનાં તત્ત્વજ્ઞાન તથા ઉપનિષદ ઉપરનાં ૧૦૦ જેટલાં પુસ્તકો યુનિવર્સિટી ગ્રંથાલયને અર્પણ કરવા અંગેના તેમના તા. ૫-૧-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પુસ્તકોની ભેટનો સાભાર સ્વીકાર કરવો.

૧૪૩. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની તા. ૨૬-૧-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨--૧--૧૯૭૧ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૪૪. બીજા અને ત્રીજા વર્ષનો કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ સુધારવા અને તેને અનુલક્ષીને રેગ્યુ. સાયન્સ-૮ તથા રેગ્યુ. સાયન્સ-૧૫ સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ કીટાણુવિજ્ઞાનનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો તથા તે મુજબ રેગ્યુલેશન સાયન્સ--૮ તથા રેગ્યુલેશન સાયન્સ--૧૫ને સુધારીને તે રેગ્યુલેશનોને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ તથા રેગ્યુ. સાયન્સ--૧૫નો સંબંધકર્તા ભાગ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૪૫. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૦-૧૦-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર એમ.એ./એમ એસસી., ભાગ ૨ના અભ્યાસક્રમના મરજિયાત પ્રશ્નપત્રોની યાદીમાં "ફન્કશનલ એનાલિસિસ"નો પ્રશ્નપત્ર ઉમેરવા તથા તેને અનુલક્ષીને ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ "ફન્કશનલ ઍનાલિસિસ"ના પ્રશ્નપત્ર ઉમેરવો તથા તે મુજબ રેગ્યુ. એમ.એ.–૮ અને રેગ્યુ. એમ.એસસી.–૬ને સુધારીને તા. ૧૧મી જૂનથી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. એમ.એ.–૮ અને રેગ્યુ. એમ.એસસી.–૬નો સંબંધકર્તા ભાગ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૪૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭/૧૬–૧૦–૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર ઍમ.ઍસસી., ભાગ ૨ના ગ્રુપ 'ડી', ઍનાલિટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમ અંગેનો રેગ્યુ. ઍમ.ઍસસી.–૬ સુધારવાનો ઍકેડેમિક કાઉન્સિલનો તા. ૨૭/૨૮–૧–૧૯૭૧નો સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઍનાલિટિકલ કેમિસ્ટ્રીનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો તથા તે મુજબ રેગ્યુ. ઍમ.ઍસસી.–૬ને સુધારીને ૧૧મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ઍમ.ઍસસી.–૬નો સંબંધકર્તા ભાગ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૪૭. આંકડાશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે લઈ બી.ઍસસી.ની પદવી પરીક્ષામાં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઍમ.ઍ.ની પદવી પરીક્ષામાં અર્થશાસ્ત્રના વિષયમાં પ્રવેશ આપવાનો ઍકેડેમિક કાઉન્સિલનો તા. ૨૭/૨૮–૧–૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૮. બી.ફાર્મ. ચોથા વર્ષના થિયરી અને પ્રાયોગિકની પરીક્ષા માટેના સમય અંગે ફાર્મ. રેગ્યુ. ૩૮–ડીમાં દર્શાવેલી નોંધ નીચે પ્રમાણે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮–૧–૧૯૭૧નો સભાનો ભલામણ પર વિચારણા કરવા બાબત.

Note.—Each written examination will be of three hours' duration and each practical examination will be of six hours' duration.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. ૩૮-ડીમાં જણાવેલી નોંધ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક (એટલે કે માર્ચ–એપ્રિલ ૧૯૭૧ પરીક્ષાથી) લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો.

૧૪૯. નીચે જણાવેલ જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુસાર નિમણૂક કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮–૧–૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૧. શિક્ષણની અભ્યાસસમિતિ

શ્રી. જે. એચ. શાહ તરફથી પીએચ.ડી. પદવી (એજ્યુકેશન) માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીઓની ક્રમાનુસાર નિમણૂક કરવામાં આવેલી, પરંતુ તેના રેફરી માઉટ–એ મેરીલે (કેલિફોર્નિયા) કામ કરવા ના

પાડેલી હોવાથી, બીજા ક્રમાનુવર્તી રેફ્રી મિસ એની એનાસ્ટેમોઆ (ન્યૂયૉર્ક)ને રેફ્રી તરીકે કામગીરી બજાવવા જણાવેલ છે. સદરહુ રેફ્રી જો ના પાડે તો નીચે જણાવેલ રેફ્રીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવામાં આવેલ છે તેમાંથી રેફ્રીનાં નામ લેવા ભલામણ કરવામાં આવે છે :

Name of student	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri J. H. Shah	"Adaptation of Standford Binet Intelligence scale (1960 revision) for the Gujarati Population"	Dr. K. G. Desai	1. Dr. Robert L. Behl, Vice-President, Educational Testing Service, Princeton, New Jersey, U.S.A. 2. Dr. Frank B. Womer, Assistant Professor of Education and Consultant on Testing and Guidance Bureau of School Services, University of Michigan, Michigan, Mich. U.S.A. 3. Dr. Givens L. Thornton, Associate Professor of Psychology, Grinnell College IOWA, Iowa State U.S.A. 4. Dr. Alexander G. Wesman, The Psychological Corporation, New York, N.Y. U.S.A. 5. Dr. Thomas C. Schreck, Assistant Dean of Students, Indiana University, Bloomington-Indiana, U.S.A.

Name of student	*Subject*	*Internal Referee*	*External Referee*
			6. Norman M. Chansky, Co-ordinator of Research and Measurement, Temple University, Philadelphia, U.S.A.
			7. Ralph G. Anttonea, Assistant Professor of Psychology, Gase Western Reserve University, Cleveland, OHIO, U.S.A.
			8. Dr. Thomas Greeland, C/o. Experiment in International Living BoxNo. 676, Brattleboro Vermonth, 05301,U.S.A
Shri R. P. Shah	Construction and Standardization of numerical ability test for high school students in Gujarat	Dr. C. L. Bhatt, Univesity School of Social Sciences, Gujarat University, Ahmedabad–9	1. Dr. Robert L. Ebelo, Vice-President, Education Testing Service,, Princeton, New Jersey, U.S.A.
			2. Dr. Frank B. Womer, Assistant Professor of Education and Consultant on Testing and Guidance Bureau of Lchool Services, University of Michigan, Michigan, Mich., U.S.A.
			3. Dr. Givens L. Thornton, Associate Professor of Psychology, Grinnell College, IOWA, Iowa State, U.S.A.

Nome of student	*Subject*	*Internal Referee*	*External Referee*
			4. Dr. Alexandar G. Wesman, The Psychological Corporation, New York, N.Y., U.S.A.
			5. Dr. Thomas C. Schreck, Assistant Deant, of Students, Indian University, Bloomington-Indiana, U.S.A.
			6. Norman M. Chansky, Co-ordinator of Research and Measurement, Temple University, Philadelphia, U.S.A.
			7. Ralph G. Anttonea, Assistant Professor of Psychology, Gase Western Reserve University, Cleveland, OHIO, U.S.A.
			8. Dr. Thomas Greeland, C/o. Experiment in International Living, Box No. 676, Brattleboro, Vermonth, 05301, U.S.A.

૨. ગુજરાતીની અભ્યાસસમિતિ

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
કુ. એસ. એમ. શાહ	નર્મદ—એક અધ્યયન	ડૉ. જે. એચ. પાઠક, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત	૧. શ્રી. જ્યોતીન્દ્ર દવે, (વાઈવા માટે પણ) ૯૨, નવયુગનગર, ફોરજેટ હીલ, મુંબઈ-૨૬
			૨. ડૉ. સુરેન્દ્ર જોશી, ૪, અધ્યાપક કુટીર, વડોદરા
			૩. શ્રી. વિજયરાય વૈદ્ય, ૧૫૮૨, કૃષ્ણનગર, ભાવનગર.

૩. સંસ્કૃતની અભ્યાસસમિતિ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	સુચિત રેફરીઓ
૧.	શ્રીમતી એમ. એચ. વસાવડા	"સરસ્વતી કંઠા-ભરણનું એક આલોચનાત્મક અધ્યયન"	ડૉ. આર. એસ. બેટાઈ	૧. પ્રો. જી. કે. ભટ્ટ, ૨. પ્રો. વી. એફ. કુલકર્ણી, મુંબઈ
૨.	કુ. એમ. ડી. જાની	"A Study of Siddhahema Shabdanushasan"	ડૉ. ઈ. એ. સોલોમન	૧. પ્રો. કે. વી. અભ્યંકર, પૂના ૨. શ્રી. લીમયે શાસ્ત્રી, પૂના
૩.	શ્રી. બી. સી. પાઠક	"ભગવદ્‌ગીતા પરની પ્રમુખ સંસ્કૃત ટીકાઓનું તુલનાત્મક અધ્યયન"	ડૉ. એ. ડી. શાસ્ત્રી	૧. શ્રી. ટી. એમ. મોદી ૨. શ્રી. આર. બી. આથવલે

૪. હિન્દીની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri Kamal Kant	Bha Dharma aur Hindi-Krishna Kavya	Prof. G. D. Sharma	1. Dr. Harvansha Lal Sharma (For viva), Prof. and Head of Hindi Dept., Muslim University, Aligarh (U.P.) 2. Dr. Bhagirath Mishra, Prof. and Head of Hindi Department, Saugar University, Saugar (M.P.) 3. Dr. Vijayanora Snatak, Reader, Hindi Department, Delhi University, Delhi. 4. Acharya Vishwanath Prasad Mishra, Prof. and Head of Hindi Dept., Vikram University, Ujjain (M.P.).

૫. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિ

શ્રીમતી એ. એસ. સોલંકીના સમાજશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. માટે રજૂ થયેલ મહાનિબંધ તપાસવા (૧) શ્રી. આઈ. પી. દેસાઈ, અને (૨) શ્રી. ઠાકોરભાઈ નાયકની રેફરી તરીકે ક્રમાનુવર્તી નિમણૂક કરી હતી. શ્રી આઈ. પી. દેસાઈએ રેફરી તરીકેની નિમણૂક સ્વીકારવા અસંમતિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ નીચે મુજબના રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. ડાહ્યાભાઈ જી. નાયક

(૨) શ્રી. વિમલ શાહ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Internal Referee*	*External Referees*
Miss N. M. Doshi	"Absorption of selected Inorganic salts on wool-fibres studies in carbo-hydrate"	Dr. H. C. Srivastava, ATIRA, Ahmedabad-9.	1. Dr. J. M. Van Staveren Director, International Institute of Land Reclamation and Improvement, Wageningen, The Netherlands. 2. Dr. Dan Zaslavsky, Head of the Soil Physics and Chemistry Lab., Technion-Israel Institute of Technology, Technion City, Haifa, Israel. 3. Prof. Milban J. Rosen, Dept. of Soil Sciences, Brooklyn College, Bedford Ave and Ave H., Brooklyn, N.Y., 11210. 4. Prof. M.G. Spanglar, M.S., Civil Engineering Dept., College of Engineering, Iowa State University of Science and Technology, AMES Iowa, 50100, U.S.A.

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
			For Viva 1. Dr. I. S. P. Raychoudhari E.C–9, Indarpuri, New Delhi–12. 2. Prof. R. K. Katti, Civil Engineering Dept., Indian Institute of Technology, Bombay–76. 3. Dr. Mata Prasad, Mathura Nivas, 4281, Pippal Mandi, Agra.
Shri A. M. Hazari	"Studies on Optical Activity and Chromatography"	Dr. K. A. Thakar	1. Dr. C. L. Arcus, University of Survey, England, U.K. 2. Dr. A. G. Davies, University College, Gower Street, London WC–2. *For Viva* 1. Prof. Suresh Sethna, Dept. of Chemistry, Faculty of Science, M.S. University of Baroda, Baroda. 2. Prof. R. L. Mittal, Dept. of Chemistry, University of Rajasthan, Jaipur. 3. Dr. J. P. Saxena, Dept. of Chemistry, Jodhpur University, Jodhpur.

Name of student	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri G. S. Shah	"Studies in corrosion & Corrosion inhibition"	Dr. M. N. Desai	1. Dr. F. C. Porter, Zinc Development Association, 34, Berkeley, Square, London, W.I., U.K. 2. Dr. Albert R. Cook, Manager of Electrochemical Research, International Lead Zinc Research Organisation, 292, Madison Avenue, New York, N.Y., 10017, U.S.A. 3. Prof. Y. Hayakawa, Dean, College of Science and Engineering, Aoyama Gaukim University, Tokyo, Japan. 4. Dr. Miss Dora Brasher, National Research Lab., Teddington, England. 5. Dr. Herbert Puschmann, Editor, Werkshoffe Und Korrosion, 6373, Veisskirchen, Mauerweg–16 (W. Germany).

For Viva

1. Dr. K. Seshadri, Central Salt and Marine Chemical Research Institute, Bhavnagar.
2. Dr. A. K. Roy, Planning & Development Division, Fertilizer Corporation of India, Sindri.

Name of student	*Subject*	*Internal Referee*	*External Referees*
			3. Dr. T. Banerjee, National Metallurgical Laboratory, Jamshedpur, Bihar.
			4. Dr. B. Sanyal, Defence Research Laboratory, P.B. No.320, Kanpur (U.P.).

૭. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Shri A. K. Kulshreshtha	"Studies of order in fibrous polymers by X-ray diffraction with special reference to cellulose"	Dr. T. Radhakrishnan, ATIRA, Ahmedabad-9	1. Prof. A. J. C. Wilson, Department of Physics, University of Birmingham, Birmingham-15, England (U.K.)
			2. Prof. A. Guinier, Faculty des Sciences d'Orsay, University de Paris, Service Physique des Solides, 91, Orsay (France)
			3. Prof. B. B. Warren, Massachusetts Institute of Technology, Cambridge (Massachusetts),U.S.A.
			For Viva
			1. Prof. S. Ramaseshan, Material Sciences Division, National Aeronautical Laboratory, P.O. Bag No. 4, Bangalore-17.

Name of student	*Subject*	*Intsrnal Referee*	*External Referee*
			2. Prof. S. Chandrasekhar, Department of Physics, University of Mysore, Mysore-6.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે તેના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૫૦. જુનિયર એલએલ.એમ.ની પરીક્ષાના પ્રાઇવેટ ઇન્ટરનેશનલ લૉના બે પ્રશ્ન-પત્રોની વિગતો નીચે મુજબ રાખવાની અને રેગ્યુ. લૉ-૧૨(ન્યૂ)માં તે મુજબ સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Paper I :

(1) Nature, Scope and History	(5) Domicile
(2) Classification	(6) Procedure
(3) Connecting factors and Renvoi	(7) Foreign Judgement
(4) Jurisdiction	(8) Limits of Applications-Foreign Law.

Paper II : Remaining Topics, i.e. Topics not covered under Paper I.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. લૉ. ૧૨(ન્યૂ)નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. લૉ ૧૨(ન્યૂ)ને નાત્કાલિક એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાથી લાગુ પડે તે રીતે અમલમાં મૂકવો.

૧૫૧. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર જે તે પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા, પરીક્ષા-સ્થળો વગેરે જોઈ મુખ્ય નિરીક્ષકોની નિમણૂક માટે કાર્યાલયે સંલગ્ન કૉલેજોના આચાર્યોની ભલામણો અન્વયે તૈયાર કરેલ યાદી મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ—એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો માટે મુખ્ય નિરીક્ષકો(સિનિયર સુપરવાઇઝરો)ની યાદી મંજૂર કરવી, અને જરૂર મુજબ મુખ્ય નિરીક્ષકો(સિનિયર સુપરવાઇઝરો)ને નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમોમાં સુધારા સૂચવવા અંગે સિન્ડિકેટે તેની તા. ૭-૧૧-૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિનો તા. ૭-૧-૧૯૭૧ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭--૧--૧૯૭૧ની સભાની ભલામણો સ્વીકારવી અને તે ભલામણો રાજ્યની યુનિવર્સિટીઓના આધુનીકરણ માટે રાજ્ય સરકારે નીમેલા પંચને યોગ્ય કાર્યવાહી કરવા માટે મોકલી આપવી.

(સદરહુ સમિતિની તા. ૭-૧-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૫૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજને ૧૯૭૦થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ શરતોનું યથાર્થ પરિપાલન મજકૂર કૉલેજે હજુ સુધી કરેલ ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.— શરતોના પરિપાલન અંગે યથાતથ માહિતી નીચે મુજબ છે :

(૧) આંકડાશાસ્ત્રના ટ્યૂટર તરીકે શ્રી. મોદીની નિમણૂક કરી છે, પરંતુ તેઓ હાજર થયા નથી તેમ જ તેમના અંગેની કોઈ માહિતી નથી.

(૨) ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે કરવાના ખર્ચના રૂ. ૮,૦૦૦ની રકમનો ઑર્ડર મૂકેલ છે, પરંતુ સાધનો આવ્યાં નથી.

(૩) તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો માટે કરવાના ખર્ચના રૂ. ૧,૦૦૦ની રકમનો ઑર્ડર મૂકેલ છે, પરંતુ રૂ. ૩૫૦નાં પુસ્તકો આવ્યાં છે અને રૂ. ૬૫૦નાં પુસ્તકો આવવાનાં બાકી છે.

(૪) પુસ્તકો માટે કરવાના અનાવર્તક ખર્ચના રૂ. ૭,૦૦૦નો ઑર્ડર મૂકેલ તે પૈકી રૂ. ૫,૬૧૦નાં પુસ્તકો આવી ગયાં છે અને રૂ. ૧,૩૫૦નાં પુસ્તકો આવવાનાં બાકી છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી શરતોનું યથાર્થ પરિપાલન ત્વરિત થાય તે માટે આગ્રહ રાખવો.

૧૫૪. શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૭૧થી જોડાણ આપવા માટે મૂકેલ જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન મજકૂર કૉલેજે હજુ સુધી કરેલ નહિ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—શરતોના પરિપાલન અંગેની યથાતથા માહિતી નીચે મુજબ છે :

(૧) ગૃહવિજ્ઞાનનાં સાધનો માટે રૂ. ૧૧,૩૩૪નો ખર્ચ કરવાનો બાકી છે તે સામે રેફ્રિજરેટર અને ઓવન ખરીદાયાનું કૉલેજે જણાવ્યું છે. પરંતુ આ બે સાધનો માટે કેટલી રકમ ખર્ચી છે તે જણાવેલ નથી.

(૨) ગૃહવિજ્ઞાનનાં રૂ. ૨,૦૦૦ પૈકી કેટલી રકમનાં પુસ્તકો આવ્યાં છે અને કેટલી રકમનાં પુસ્તકો આવવાનાં બાકી છે તે જણાવેલ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી શરતોનું યથાર્થ પરિપાલન ત્વરિત થાય તે માટે આગ્રહ રાખવો.

૧૫૫. પ્રથમ વર્ષ બી.એ.થી એમ.એ., ભાગ ૨ સુધીનો ભારતીય સંસ્કૃતિ વિષયનો અભ્યાસક્રમ સ્વીકારવા અને ચાલુ અભ્યાસક્રમમાં તે પ્રમાણેનો ફેરફાર ગણી લેવા તેમ જ તેને અનુલક્ષીને રેગ્યુલેશન આર્ટ્સ ૨, ૭ અને ૧૨ તથા રેગ્યુ. એમ.એ. ૫ તથા રેગ્યુ. એમ.એ. ૮ સુધારવા અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે પ્રથમ વર્ષ બી.એ., દ્વિતીય વર્ષ બી.એ., તૃતીય વર્ષ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨ની પરીક્ષાઓ માટે ભારતીય સંસ્કૃતિ વિષયનો

અભ્યાસક્રમ મંજૂર કરવો તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ ૨, રેગ્યુ. આર્ટ્સ ૭ અને રેગ્યુ. આર્ટ્સ ૧૨ તથા રેગ્યુ. એમ.એ. ૫ અને રેગ્યુ. એમ.એ. ૮ સુધારીને તેને ક્રમશઃ જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુ. આર્ટ્સ ૨, રેગ્યુ. આર્ટ્સ ૭ અને રેગ્યુ આર્ટ્સ ૧૨ તથા રેગ્યુ. એમ.એ. ૫ અને રેગ્યુ. એમ.એ. ૮ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૫૬. કેન્દ્રો ઉપર પરીક્ષાસંચાલન અંગે પરચૂરણ ખર્ચ અંગે હાલનો જે નિયમ છે તેના બદલે નીચે જણાવેલ સુધારેલ નિયમ મંજૂર કરવા વિચારણા કરવા બાબત :

હાલનો પ્રવર્તતો નિયમ

Railway freight and postage expenditure including cost of packing materials in despatching answer-books will be paid on submission of necessary vouchers duly receipted with particulars in a statement form marked Statement "B".

સુધારેલ નિયમ

Cost of despatching the answer-books including Railway freight, postage, labour charges, cost of packing materials, stiching charges, etc. will be paid on submission of necessary vouchers duly receipted with particulars in statement form marked Statement "B".

આથી ઠરાવવામાં આવે છે કે કેન્દ્રો ઉપર પરીક્ષાસંચાલન અંગેના પરચૂરણ ખર્ચ અંગેનો હાલનો નિયમ સુધારીને ઉપર મુજબ વંચાય તે રીતે મંજૂર કરવો.

૧૫૭. સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી પ્રો. જે. જે. ચિનોયની તબીબી તપાસ માટે ડૉ. સી. એચ. નાયકની નિમણૂક કરેલ તેના સંદર્ભમાં તબીબી તપાસ અંગેના ડૉ. સી. એચ. નાયકના તા. ૧૦-૨-૧૯૭૦ના રિપોર્ટને અનુલક્ષીને પ્રો. જે. જે. ચિનોયની સેવાઓ વધુ એક વર્ષ માટે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. નિવૃત્તિ વયમર્યાદા અંગે સિન્ડિકેટે તેની તા. ૪--૯--૧૯૬૫ની સભામાં બાબત નં. ૨૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવિસટીની સેવાઓમાં રાખી શકાશે નહિ.

૨. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫—૨--૧૯૭૦ની સભામાં પ્રો. જે. જે. ચિનોયની નિવૃત્તિ-વયમર્યાદા વધુ એક વર્ષ એટલે કે તા. ૧૭-૨-૧૯૭૧ સુધી લંબાવવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. જે. જે. ચિનોયની નિમણૂકની મુદત વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૧૭--૨--૧૯૭૨ સુધી લંબાવવી.

૧૫૮. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચના ઉપક્રમે Workshop on Reprography-માંના સેમિનારમાં ભાગ લેવા માટે યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી પ્રતિનિધિ મોકલવા અંગેના પંજાબ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના ગ્રંથપાલના તા. ૨૫-૧૨-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્કશોપમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહીં.

૧૫૯. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકૃત જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. એમ. પી. પટેલ	વિજ્ઞાન–રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
(૨)	શ્રી. એસ. એમ. આપ્ટે	વિનયન–મનોવિજ્ઞાન	પીએચ.ડી.
(૩)	કુ. યુ. આર. દેસાઈ	વિનયન–શિક્ષણશાસ્ત્ર	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૬૦. શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરતને ઑ. ૨૭૨ અને ૨૭૨–એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસ-માંનશિપ માટે માન્યતા આપવા માટે શ્રી. જમનાબહેન મેટરનિટી હોમ એન્ડ ડિસ્પેન્સરી, સુરતના ચીફ મેડિકલ ઑફિસર તરફથી આવેલા તા. ૩-૨-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામ આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. જે. એન. પટેલ
(૨) ડૉ. આર. એમ. થાદ.

૧૬૧. વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદનો વહીવટ "અમદાવાદ વિદ્યોત્તેજક મંડળ", અમદાવાદને સોંપવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી તપાસ કરીને પોતાના અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) ડૉ. કે. એમ. તલાટી
(૩) આચાર્ય આઈ. જે. ધ્રુવ.

૧૬૨. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલમાં તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૫-૩-૧૯૭૦ સુધી સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરી ગયેલા શ્રી. આર. એમ. પ્રજાપતિને સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતોના નિયમ ૧૦ (૩) અનુસાર ૩ માસનો પગાર વળતર તરીકે ચૂકવવાનું કૉલેજને જણાવતાં, કૉલેજે એવું મંતવ્ય જણાવ્યું છે કે તા. ૧૪-૩-૧૯૭૦ના દિવસે નોટિસ આપી હોવાથી ૩ વર્ષ પૂરાં થતાં ન હોવાથી વળતરને પાત્ર નથી, તો તેના સંબંધમાં વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—કૉલેજે તા. ૧૪–૩–૧૯૭૦ના દિવસે તા. ૧૫–૬–૧૯૭૦થી છૂટા થવા નોટિસ આપી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે તત્ત્વત: જોતાં શ્રી. આર. એમ. પ્રજાપતિને કૉલેજોના શિક્ષકોની સેવાઓના નિયમ નં. ૧૦ (૩) અનુસાર ત્રણ માસના પગાર જેટલું વળતર આપવા માટે સદરહુ કૉલેજને વિનંતી કરવી.

૧૬૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩--બી અને ૩૩—એચ ને અનુલક્ષીને જોડાણની જરૂરિયાત અંગેનાં ધોરણો સૂચવવા સિન્ડિકેટે તેની તા. ૬/૭--૩--૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

તે પછી બાબત નં. ૧૬૪ અને પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવેલી બાબત નં. ૧૮૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૬૪. ઑક્ટોબર ૧૯૭૦ની બી.ઈ. ૪ તથા ૫, સેમેસ્ટર ૭, ૯ તથા ૧૦ની ઇજનેરી પરીક્ષાઓ માટે પરીક્ષકોના પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાના દર નીચે મુજબ નક્કી કરવા વિચારણા કરવા બાબત :

	પરીક્ષકોએ માગેલ દર		કાર્યાલયે સૂચવેલ દર	
	પ્રૅક્ટિકલ	ટર્મવર્ક	પ્રૅક્ટિકલ	ટર્મવર્ક
B.E. IV (Civil), Semester VII				
Theory of Structures II	ખ્યાલ આવ્યું નથી.		—	1-00
Soil Mechanics	2-00	00-50	2-00	0-50
Advanced Hydraulics	—	00-50	—	0-50
Surveying III	2-00	00-50	2-00	0-50
Engg. Geology I	—	00-50	—	0-50
B.E. V (Civil), Semester IX				
Theory of Structures III	—	1-00	—	1-00
Estimating specification & Engg. Economics	2-00	1-00	2-00	1-00
Project Civil Engg.	2-00	1-00	2-00	1-00
B.E. V (Elect.), Semester IX				
Electrical Machines III	2-00	1-00	2-00	0-50
Industrial Electronics & Servomechanism	2-00	1-00	2-00	0-50
B.E. V (Mech.), Semester IX				
Heat and Mass Transfer	2-00	1-00	2-00	1-00
Machine Design III	2-00	1-00	2-00	1-00
B.E. V (Mech.), Semester X				
Turbo Machinery	2-00	1-00	2-00	1-00
Elective Paper I (Refrigeration)	2-00	1-00	2-00	1-00
Elective Paper II (Air-conditioning)	2-00	1-00	2-00	1-00
Project Field Work	2-00	—	2-00	—

૧૮૩. ઈજનેરી વિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક તથા પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી અભ્યાસક્રમની પરીક્ષાઓમાં તેમ જ માસ્ટર ઑફ્ એન્જિનિયરિંગમાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયેલ હોઈ, પ્રાશ્નિક–પરીક્ષકોને અપાતા લઘુતમ વેતન માટે દરેક સેમેસ્ટરને અલગ પરીક્ષા ગણવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૦ અને તે પછીની બી.ઈ. ૪ તથા ૫ અને સેમેસ્ટર ૭, ૯ અને ૧૦ની પરીક્ષાઓ માટે પ્રાયોગિક પરીક્ષા માટેના પરીક્ષકોના મહેનતાણાના દર ઉપર મુજબ મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એક જ મોસમમાં લેવાયેલી બી.ઈ.ની જુદા જુદા સેમેસ્ટરોની પરીક્ષાઓ, પ્રાશ્નિકો-પરીક્ષકોના મહેનતાણાની ગણતરીના હેતુ માટે એક જ પરીક્ષા ગણવી અને તે જ રીતે એક જ મોસમમાં લેવાયેલી એમ.ઈ.ની જુદા જુદા સેમેસ્ટરોની પરીક્ષાઓ, પ્રાશ્નિકો–પરીક્ષકોના મહેનતાણાની ગણતરીના હેતુ માટે એક જ પરીક્ષા ગણવી.

૧૬૫. સિન્ડિકેટની તા. ૧૬/૧૭--૧--૧૯૭૧ના રોજ મળેલી સભાના બાબત નં ૨૭ના ઠરાવમાંથી "વેતનના દર" શબ્દો રદ કરીને તે છાપભૂલ સુધારતાં, સદરહુ ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે મુજબ સુધારવામાં આવ્યો તે અંગેની નોંધ લેવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સેમેસ્ટર ૭ અને ૮ : બી.ઈ. ૪ સિવિલ તથા સેમેસ્ટર ૯ અને ૧૦ બી.ઈ. ૫ મિકેનિકલ પરીક્ષાઓમાં લેબોરેટરી સ્ટાફની નિમણૂક અંગેની જરૂરિયાત આ સાથેના પરિશિષ્ટ મુજબ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ છાપભૂલ સુધાર્યાની નોંધ લેવી.

૧૬૬. સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૮--૬૯ના વાર્ષિક હિસાબો તથા તેમના તરફથી આવેલ સને ૧૯૬૮--૬૯ના વર્ષના હિસાબો અંગેની ઑડિટ નોંધ પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સરકારી ઑડિટરોએ તપાસેલા સને ૧૯૬૮-૬૯ના વાર્ષિક હિસાબો તથા સને ૧૯૬૮-૬૯ના વર્ષના હિસાબો અંગેની સરકારી ઑડિટના રિપોર્ટની નોંધ લેવી તથા સદરહુ ઑડિટ અહેવાલો સેનેટની વિચારણા માટે મોકલી આપવા.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ રિપોર્ટ ફાઇનાન્સ કમિટી તરફ મોકલી આપવો.

૧૬૭. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કંપના યુનિવર્સિટીના સને ૧૯૬૯--૭૦ના વાર્ષિક હિસાબ ઉપરની તા. ૨૩--૧--૧૯૭૧ની ઑડિટનોંધ ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કંપનીની સને ૧૯૬૯-૭૦ના યુનિવર્સિટીના હિસાબો પરની સદરહુ 'ઑડિટનોંધ'ની નોંધ લેવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ રિપોર્ટ ફાઇનાન્સ કમિટી તરફ મોકલી આપવો.

૧૬૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય આર. એમ. પંચાલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે કચ્છ વિસ્તારની કૉલેજો માટે ગુજરાત યુનિવર્સિટીની ઝોનલ રમતગમત સ્પર્ધા તેમ જ ઝોનલ યુવક કલ્યાણ સ્પર્ધા માટે અલગ ઝોન માન્ય કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૬૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. અભિનવ શુકલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રત્યેક સેનેટ-સભ્યની પોતાના વિષયની એક જ અભ્યાસસમિતિ પર નિયુક્તિ કરવાની સિન્ડિકેટે શરૂ કરેલી પ્રણાલીને આ સભાગૃહ આવકારે છે. આ પ્રણાલીના અમલમાં જે અપવાદ કરવામાં આવ્યા છે, તે દૂર કરી નવા સુધારાનો સાચો અમલ થાય તેવી પ્રવૃત્તિ સવેળા હાથ ધરવા આ સભાગૃહ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સભ્યોને અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે સિન્ડિકેટે જરૂરી વિચારણા કરીને નિર્ણય લીધેલ છે, અને તેમાં પુનર્વિચારણા કરવા માટે અવકાશ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૭૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ડી. જે. મહેતાના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

Jahilya days-the Social, Culutral and Political life of the pagan Arabs-Mahammad the Prophet and his life-the Koran the book of Allah-The five pillars-Prophets influence on the contemporary social and cultural formation-The extention of the Islamic rule beyond the limits of Arabia. Commercial relation of Arabia with India-The Arab conquest of Sind and the consequent spread of Islam-Establishment of the Muslim rule in India-its impact on the spread of Islam in India-Advent of Muslim Saints into India and their influence on the masses-Sufi ordus in India.

Books recommended

1. Amir Ali : 'The Spirit of Islam'
2. Philop K. Hitti : 'History of Arabs', (Macmillan, London)
3. Muhammed Ali : 'The Life of Muhammad'
4. Subh-i-Islam : (The Urdu translation of 'Fajru-i-Islam' of Ahmad Amin)
5. Tarikh-i-Islam : 'Darull Masannifin Azamgarh'
6. Shibli Numani : 'Siratu'n Nabi', Vols. I and II
7. Amil Ali : 'A short history of Saracens'
8. Lokhandwala, M. F. : 'Hazarat Momammad' (Gujarati)
9. — : Rejevant articles in the 'Encyclopaedia of Islam'
10. O Leary : 'Arabic before Mohammad'
11. Habibulla : 'Foundation of Muslim Rule in India'
12. Jafar, S. M. : 'Indian Islam'.

Paper II : Salient features of Islam in India

Spread of Islam in India-Conversion of Hindus to Islam-Attitude of foreign Muslims to Indian Muslims-Origin and development of different Islamic firqas in India-Mutual influence of Vedanta and Sufism-The movements of the Medieval saints for the co-existence and co-ordination of the Hindus and the Muslims-

The Din-i-Ilahi of Akbar.
The Impact of Indian culture and manners on the Muslims in India.

Books recommended

1. Jafar S. M. : 'Indian Islam'
2. Shushtery A.M.A. : 'Outlines of Islamic Culture', Volumes I and II. (Relevant portions).
3. Herklots : 'Islam in India'.
4. ડૉ. છોટુભાઈ ર. નાયક : સૂફીમત
5. Majumdar, R. C. (Edited) : 'The Delhi Sultanate', Chapter XVI.

Group 'I'

Paper I : Muslim Architecture in India

Chief characteristics of Muslim architecture.

The history of the development of Muslim architecture in India–Islam architecture under the Delhi Sultanate–Islamic architecture under the Mughal Empire–Provincial Styles–Gujarat, Jaunpur, Malwa (Dhar and Mandangadh) the Deccan, Bengal and Kashmir.

The influence of Muslim architecture on Indian architecture–in general and on the architecture of Gujarat in praticular.

Books recommended

1. Brown, Percy : 'Indian Architecture' (Islamic pericd)
2. Sir Haig, Welseley : 'The Cambridge History of India', Vol. III. Chapter XIII.
3. જોટે, રત્નમણિરાવ ભીમરાવ : 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈસ્લામ યુગ) ભાગ ૧–૪ (જરૂરી ભાગ)
4. Majumdar, R. C. (Edited) : 'The Delhi Sultanate'.
5. Ishvariprasad : 'Medieval India' (Relevant portions).
6. Havell, E. B. : 'Indian Architecture' (London, 1913). (Relevant portions)
7. Shushtery, A.M.A. : 'Outlines of Islamic Culture', Volume I, (Relevant poritions)

Books for reference

1. Burgess, J. : 'Mahammadan Architecture of Gujarat'
2–4. Burgess, J. : 'Ahmedabad Architecture', Volumes, I–II.

Paper II : Impact of Islamic Culture on (*a*) The language and literature of India (*b*) Indian paintings, music and other arts.

(*a*) Evolution of Urdu–An outline study of Urdu literature–Indian contribution to Persian literature during the Pre-Mughal and the Mughal periods–The impact of Arabic and Persian on regional languages in general and on the Gujarati language in particular–Contribution of Muslim writers to histories and travel books of India.

(*b*) Development of the Mughal style of painting and its impact on other styles of painting in India–contribution of Muslims to Indian music and dance–development of gardening under the Muslim rule.

Books recommended

1. Herklots : 'Islam in India'.
2. ડૉ. છોટુભાઈ ર. નાયક : 'ગુજરાતી પર અરબી-ફારસીનો અસર', ભાગ ૧–૨, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ
3. Solomen : 'Essays on Mughal Art'
4. Kusharaw : 'Arts and Crafts in India' (Relevant portions)
5. Arnold : 'Painting in Islam'
6. Shushtery, A.M.A. : 'Outlires of Islamic Culture'
7. Brown Percy : 'Fine Arts and Music' (Relevant portions)
8. Tarachand : 'Influence of Islam on Indian Culture'
9. Percy, Brown : 'Indian Painting' (Relevant portions).

Group 'J'

Paper I : Studies in Indian Iconography

Introductory : The concept of Image–worship and Iconography in India–Image worship in Indus Valley Civilization–Sectarian cults like Vaishnavism, Saivism, etc. and forms and modes of worship–Canons of Iconography–Ceremonical sources–Shilps texts

Seats–Asanas and Vahansa.

Weapons and Implements.

Musical instruments–Customes and Ornaments–Cult Icons with their special features–

Iconographical features of Major and Minor forms of Visnu, Siva, (including Linga)–Surya, Kartikeya, Ganesh, Lakshmi, Durga, Dikolas and other minor deities

Buddhist Iconography : Buddha imagin general–The concept of seven Buddhas Bodhisatvas–Five Dhyani Buddhas–Mortal Buddhas–Divine Buddha Sakis–Maitreya. the future Buddha, Manjushri–Avalokitesvara–Taras.

Gandhara and Mathura school as revealed in Buddhist images-Illustrations

Jain Iconography : Characteristics of Jain images-Iconography of 24 Tirthankars. Yaksa and Yaksinis, Sixteen Vidya Devis-Minor deities.

Books recommended

1. Shukla D. N. : 'Vastusastra', Volume II (Hindu canons of Iconography and Painting).
2. Shukla D. N. : 'પ્રતિમાવિજ્ઞાન, લખનૌ'
3. Banerjee J. N. : 'Development of Indian Iconography'
4. દવે કનૈયાલાલ : 'ગુજરાતનું મૂર્તિવિધાન' : ગુજ. વિધાસભા, અમદાવાદ
5. અગ્રવાલ વાસુદેવ શરણ : 'મથુરાકલા' : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ
6. Saraswati, S. K. : 'Survey of indian Sculpture'
7. Bhattacharya, B. : 'Indian Buddhist Iconography'
8. Bhattacharya B. : 'Jain Iconography'.

Books for reference

1. Agrawal V. S. : 'Indian Art', Volume I
2. Agrawal V. S. : 'Studies in Indian Art'
3. Agrawal V. S. : 'ભારતીય કલા ૧૯૬૬', વારાણસી
4-7. Rao Gopinath : 'Elements of Hindu Iconography', Volumes I-IV.
8. Stella, Kremrish : 'Indian Sculpture'.

Paper II : Studies in Indian Painting

Introductory : Principles texts on Painting-Five principal texts Vinsu dharmottara, Samrangana, Sutradhara, Aparajitaprachha, Manasollasa, Silpa ratna.

Elements, constituents, materials and types of Indian painting-back ground to painting-Mural, Board canvas, cloth canvas-Measurement and different forms-Plasters and ointments-Colours and Brushes-Colour substances-painting and Aesthetics-11 Rasas-18 Rasadrusti-The application of Rasa theory to Painting-The application of Dhvani theory to painting.

Chitrashala and Citracaryas-Styles of paintings-Bodily poses and postures in painting-Main Schools-Fresoro-Ajanta style-Miniature-Western-Mughal-Rajpur-Pahadi.

Books recommended

1. Shukla D. N. : 'Vastusastra', Vol. II (Hindu canons of Iconography and Painting)
2. Brown, Percy : 'Indian Painting' (Calcutta, 1947)
3. Balasheb Panta : 'Ajanta'
4. John Marshall and others : 'Bagh Caves'.
5. Coomarswamy, A. K. : 'Rajput Painting' (Oxford, 1916).

6. Mehta N. C. : 'Studies in Indian Painting' (Calcutta, 1926).
7. નવાબ સારાભાઈ : 'જૈન ચિત્રકલ્પદ્રુમ', અમદાવાદ

Books for reference

1. Douglas Barret and Basil Clay : 'Painting of India' (1963) (Ohio, U.S.A.)

Group 'K'

Paper I : Studies in Indian Music and Dance

The origin and development of Indian Music–Pre-Vedic–Vedic and Post-Vedic periods–Medieval period and the modern period.

Two main schools of Indian Music–Uttar Hindustani and Karnataki. Their theories and practice–Different types of Indian Musical instruments–Tantuvadya–તંતુવાદ્ય, Ghanavadya–ઘનવાદ્ય, Charmavadya–ચર્મવાદ્ય and Sushirvadya–સુશિરવાદ્ય.

The origin and development of Indian dance–pre-vedic, Vedic and post-Vedic periods, medieval and Modern period. The three forms of Nartana : Natya, Nritta and Nṛtya as shown by Bharata and Nandikeshware.

The four main schools of Indian dancing viz. Bharatanatyam, Kathaka, Kathakali, and Manipuri–their main types and features–the various musical instruments used–the names of the eminent contributors of these schools.

The folk dances of India : Deccan–Assam–Manipur–Bihar–and Orissa–Bengal–Punjab –Kashmir–Himachal Pradesh–Uttar Pradesh–Madhya Pradesh–Rajasthan–Maharashtra and Gujarat.

N.B.—Students are not expected to have practical knowledge of these arts.

Books recommended

1. Bharata : 'The Natyasastra', Vols. I and II (Translated by M. M. Ghosh, Calcutta, 1951, 1961).
2. Nandikeshwara : 'Abhinayadarpana' (Translated in English by M. M. Gosha, Calcutta, 1957)
ગુજ. અનુ. ડૉ. પ્રભુભાઈ ભટ્ટ, અમદાવાદ, ૧૯૬૭
3. Dr. Shah P. J. : 'Vishnudharmottara', Kanda III, Vol. II, (G.O.S.,M.S. Uni. Baroda, 1961).
4. Bandopadhyaya, Shripad : 'The Music of India' (Bombay, 1958)
5. Popley, H. A. : 'The Music of India' (Calcutta, 1950)
6. Goswami, O. : 'The Story of Indian Music'
7. Joshi Baburao : 'Understanding Indian Music' (Bombay, 1963).
૮. વિષ્ણુ નારાયણ ભાતખંડે : 'ઉત્તર હિન્દુસ્થાન સંગીતની સંક્ષિપ્ત ઐતિહાસિક સમાલોચના', અમદાવાદ, ૧૯૩૫

૯. ભટ્ટ, પુ. ના. : 'ક્લાપરિચય', અમદાવાદ, ૧૯૬૪
10. Banerji, Projesh : 'Folk Dance of India' (Allahabad, 1959)
11. Sarabhai, Mrunalini : 'Understanding Classical Dances', (M. U. Uni., Baroda).

Paper II : Studies in Indian Dramatics

The origin and development of Sanskrit Drama-Dramatic elements in vedic and post-Vedic literature-Foreign element-Contributions of main dramatists like Asvaghosha, Bhasa, Kalidasa, Sudraka and Bhavabhuti.

The theory of Indian drama-The treaties of the dramatic art-The meaning of Natya-The dramatic conventions-the time and place of drama-Criticism of drama-The four aspects of drama-The nature and the types of the drama-The subject matter and the plot-the division into acts-the characters-the sentiments-the dramatic styles and languages-Dance -Song-Music-The preliminaries of the influence of theory on practice.

The practice of Indian drama-Indian Theatre and its types-First performance according to Bharata-Occasions for dramatic performance-the time for the performance representation Physical and Vocal-The costumes and the make up-the temperament.

Literature on the Ancient Indian Drama-The early writers and the medieval writers on Drama Importance of the Natyashastra ascribed to Bharata.

Books recommended

1. Keith, A. B. : 'The Sanskrit Drama' (Bombay, 1961).
2. Bharata : 'Natyasastra', Vol. I (Translated by M. M. Gosh)
3. Mankad, D. R. : 'The Types of Sanskrit Drama' (Karachi, 1936).
4 માંકડ, ડો. ર. : 'સંસ્કૃત નાટ્યશાસ્ત્રની વિકાસરેખા' (અમદાવાદ, ૧૯૬૩)
5. Jagirdar, R. V. : 'Drama in Sanskrit Literature'
6. Pusalkar, A. D. : 'Bhasa a Study'
7. Dr. Bhatt, G. K. : 'An Introduction to Mrichhakatika'.

Group 'L'

Paper I : Impact of Western Culture in India

The Indian scene at the advent of the European traders-European Renaissance-its Chief Features-Westernimpact through trade and commerce as well as through conflicts and conquests. Western civilisation, a culmination of the Renaissance spirit and attitude to work-Western Impact of Indian education, literature, social organization and religion-Western impact on trade and commerce-Western impact on the way of Indian life.

Paper II : Salient features of the Fusion of the Indian and Western Culture.

Liberal thought-Scientific spirit-Rationalism-Ideals of Liberty and equality emancipation of woman-attitude towards marriage and family-Nationalism-Democracy-progress-struggle for freedom-Refutation of the idean-'East is East and West is West'-revaluation of the cultural heritage travels abroad-importing western institution.

Books recommended common for both the papers I and II

1. Majumdar R. C. : 'History and Culture of the Indian People', Vol. IX, (Bhartiya Vidya Bhavan Series).
2. Gurj Metraux and Francois Crouzes : 'Studies in the Cultural History of India', (Unesco Publication).
3. Mulk Raj Anand : 'Is there a contemporary Indian Civilization ?'
4. પારેખ, હી. ત્રિ. : 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન'
5. ત્રિપાઠી, ગો. મા. : 'સરસ્વતીચંદ્ર', ભાગ ૪
6. Dutta, K. K. : 'Dawn of Renascent India'
7. આચાર્ય, જાવડેકર : 'આધુનિક ભારત'.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૧૬૩

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-બી અને ૩૩-એચ ને અનુલક્ષીને જોડાણની જરૂરિયાત અંગેનાં ધોરણો સૂચવવા અંગે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિની એક સભા તા. ૩-૧-૧૯૭૧ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૨. શ્રી. ભટુભાઈ લ. દેસાઈ	ગેરહાજર
૩ આચાર્યશ્રી વી. આર. રણદીવે	હાજર
૪. આચાર્યશ્રી કે. એન. શાહ	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય વી. આર. રણદીવેએ સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સંલગ્ન કૉલેજનો સંચાલક સમિતિના બંધારણ અંગેની વ્યાખ્યા અંગે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨(૧૭) તરીકે નીચે મુજબ ઉમેરવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

"The constitution of the Governing Body of a College shall be such as may be prescribed by Statutes."

યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એચ ને અનુલક્ષીને જોડાણઅરજી અંગે સ્થાનિક તપાસસમિતિઓને આપાની સૂચનાઓમાં નવી કૉલેજ શરૂ કરવા માટે જે ૧૦,૦૦૦ રૂપિયા અનામત મૂકવાની હાલ જે જોગવાઈ છે તેમાં નોંધપાત્ર વધારો કરવો જોઈએ, તથા

ઉપર જણાવેલ અનામત ઉપરાંત નવી કૉલેજ માટે પ્રત્યેક વર્ષની શરૂઆતમાં ઓછામાં ઓછું તે વર્ષના અંદાજી ખર્ચ જેટલું ઋણમુક્ત રોકડ ભંડોળ હોવું જોઈએ તેવો આ સમિતિનો અભિપ્રાય છે.

આ ઉપરાંત ૧. યુનિવર્સિટી ધારાની કલમ ૧૮ (૧૧)માં "to pass resolution" છે તેને બદલે "to discuss" શબ્દ મૂકી તે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને સૂચવવું :

"to consider and discuss the annual reports, annual accounts and financial estimates."

૨. યુનિવર્સિટી ધારાની કલમ ૪૬ માં છેલ્લી લીટી "or if he has been guilty of scandalous conduct" છે તેને બદલે "as may be held scandalous by the Syndicate"એ શબ્દો મૂકીને જરૂરી સુધારા માટેની કાર્યવાહી કરવા માટે સિન્ડિકેટને સૂચવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૭૧

"રેવ. ફાધર હર્બર્ટ એ. ડિસોઝા એસ. જે. સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ : આચાર્ય, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ–૯

૨. પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦ રોકડા તથા વધારાના રૂ. ૩૧૦ રોકડા ૧૯૭૧ના વર્ષ માટે સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે

૩. પ્રદાનનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૫/૬–૯–૧૯૭૦ની સભામાં ક્રમાંક ૪૧થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "રેવ. ફાધર હર્બર્ટ એ. ડિસોઝા એસ. જે. સુવર્ણચંદ્રક" આશરે રૂ. ૩૧૦–૦૦નો દર વર્ષે આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ શક્ય હશે ત્યાં યુની પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને સુવર્ણચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો ખ્યાલ રાખવામાં આવશે નહિ.

૪. આ દાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષા લેવાનું યુનિવર્સિટી બંધ કરે તો ચંદ્રક અંગે શું કરવું તે અંગે કૉલેજના આચાર્યશ્રીને પૂછવામાં આવશે.

૬. સદરહુ સુવર્ણચંદ્રક અંગે યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક ગણાય તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૧૭૪

ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો અંગે ઘટતી વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની એક સભા તા. ૩-૨-૧૯૭૧ના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના કામકાજની વિચારણા કરવા માટે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૨.	શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૩.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૪.	,, કે. એમ. તલાટી	ગેરહાજર
૫.	,, વી. આર. રણદીવે	ગેરહાજર
૬.	,, કે. એન. શાહ	ગેરહાજર
૭.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૮.	શ્રી. બી. એમ. પટેલ, મંત્રી (વિકાસ અધિકારી, ગુજરાત યુનિવર્સિટી)	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ડૉ. એ. એમ. ત્રિવેદીએ સંભાળ્યું હતું.

સમિતિ સમક્ષ વ્યાયામશિક્ષક અને ગ્રંથપાલનાં પગારધોરણ સુધારવા અંગેની બાબત પરત્વેના આવેલા નીચેના પત્રો જાણ માટે મૂકવામાં આવ્યા હતા:

(૧) ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદનો તા. ૮-૧૨-૧૯૭૦નો પત્ર

(૨) ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર કૉલેજ ગ્રંથપાલ મંડળ, અમદાવાદનો તા. ૧૩-૧-૧૯૭૧નો પત્ર

(૩) ગુજરાત સ્ટેટ ગવર્નમેન્ટ કૉલેજ ટીચર્સ ઍસોસિયેશન, રાજકોટનો તા. ૧૮-૧-૧૯૭૧નો પત્ર.

૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો પર વિચારણા કરવા અંગેની તા. ૨૪-૧૧-૧૯૭૦ની સભાની ભલામણો, જે સિન્ડિકેટની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભાએ સમિતિને પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત :

સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૦ની સભાની ભલામણો

(૧) સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતકની પદવી બીજા વર્ગમાં ધરાવતા ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરને રૂ. ૨૫૦-૧૫-૪૦૦ના પગારધોરણમાં રૂ. ૩૦૦નો મૂળ પગાર આપવામાં આવે;

(૨) સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતકની પદવી બીજા વર્ગમાં ધરાવતા હોય અને ગ્રંથાલયશાસ્ત્રનો ડિપ્લોમા કે પદવી ધરાવતા હોય અને તે પદવી પછીનો ૧૦ વર્ષનો ગ્રંથાલયશાસ્ત્રનો અનુભવ ધરાવતા હોય તો તેવા ગ્રંથપાલને રૂ. ૩૦૦-૨૫-૬૦૦નું પગારધોરણ આપવું;

(૩) સંલગ્ન કૉલેજોમાં બી.એ. બીજો વર્ગ અને ગ્રંથાલયશાસ્ત્રનો ડિપ્લોમા કે પદવી ધરાવતા હોય અથવા તો બી.એ. પાસ વર્ગ અને ગ્રંથાલયશાસ્ત્રનો ડિપ્લોમા કે પદવી ધરાવતા હોય અને ૧૦ વર્ષનો ગ્રંથાલયશાસ્ત્રનો અનુભવ ધરાવતા હોય તો તેમને રૂ. ૨૦૦-૧૦-૨૪૦ ઈ.બી. ૨૯૦-૧૫-૩૫૦ ઈ.બી. ૨૦-૪૯૦નું પગારધોરણ આપવું;

(૪) ઉપરોકત ક્રમાંક ૨ અને ૩ માં જણાવેલ કક્ષામાં નહિ આવતા ગ્રંથપાલોને પ્રવર્તમાન પગારધોરણ રૂ. ૧૫૦-૧૦-૨૫૦ ઈ.બી. ૧૦-૩૦૦નું પગારધોરણ આપવાનું રાખવું;

(૫) સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા વ્યાયામશિક્ષકોના પગારધોરણ માટે સિન્ડિકેટે અગાઉ તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં નિર્ણય કર્યો હોવાથી સદરહુ બાબતમાં વિશેષ કાંઈ કરવાનું રહેતું નથી, છતાં પણ રાજ્ય સરકારને વિનંતી કરવી કે યુનિવર્સિટીએ તેની સંલગ્ન કૉલેજોના વ્યાયામ-શિક્ષકો માટે નિયત કરેલ પગારધોરણ રૂ. ૨૫૦-૧૫-૪૦૦ પર જરૂરી ગ્રાન્ટ આપવા માટે સૂચવવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે ઉપરના ત્રણે મુદ્દાઓને લીધે સંલગ્ન કૉલેજોમાં કેટલો બોજો વધશે તે અંગે રાજ્ય સરકારને પુછાવવું અને આ ખુલાસાઓ આવ્યા પછી જ સદરહુ પગાર-ધોરણો અમલમાં મૂકવાનું રાખવું.

૨. સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં વ્યાયામશિક્ષકોના સુધારેલા પગારધોરણની બાબતમાં આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદના આચાર્યશ્રીના તા. ૫-૧૧-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ઉપરની ભલામણો ક્રમાંક ૧ અને ૨ ની વિચારણા એકસાથે કરવામાં આવી, અને ઠરાવવામાં આવ્યું કે સમિતિએ કરેલી ઉપરોકત ભલામણો સ્વીકારવી, પણ તેનો અમલ રાજ્ય સરકાર પાસેથી જરૂરી આર્થિક સહાયમાંથી કરવાનું રાખવું. દરમ્યાન રાજ્ય સરકારને ભારત સરકારે સૂચવેલાં પગારધોરણો કરવા જરૂરી આર્થિક સહાય આપવા માટે તેને આગ્રહપૂર્વક વિનંતી કરવી.

૨. ભારત સરકાર આ ગ્રાન્ટ આપશે કે નહિ તે અંગે પણ તેમની પાસેથી સ્પષ્ટતા મંગાવવી.

૩. ગુજરાત રાજ્યના શિક્ષણનિયામકશ્રી તરફથી આવેલો તા. ૧૨-૧-૧૯૭૧નો પત્ર (જાણ સારુ).

સદરહુ પત્રની બાબત ક્રમાંક ૩ અને ૫ સિવાયની બાબતોની નોંધ લેવામાં આવી. બાબત ક્રમાંક ૩. અને ૫ અંગે અનુક્રમે નીચે મુજબ સ્પષ્ટતા મંગાવવાનું રાખવું :

(૧) રાજ્ય સરકારના તા. ૯-૩-૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક ૧૦૬૮(ખ)માં અનુક્રમ નં. ૭ નો સંબંધક ભાગ જે નીચે દર્શાવ્યો છે:

The additional expediture on account of revision of pay-scales of University teachers and teachers in affiliated colleges holding teaching posts in existance as on 1st April 1966 including those posts lying vacant on that date.....

રાજ્ય સરકારનો ઉપરનો ઠરાવ જોતાં સંલગ્ન કૉલેજોમાં તા. ૧-૪-૧૯૬૬ના રોજ જે જગ્યાઓ અસ્તિત્વમાં હોય (તેમાં જાણાવ્યા મુજબ ખાલી હોય તે સહિતની) તે બધી જ જગ્યાઓની જવાબદારી રાજ્ય સરકાર/ભારત સરકારની રહે છે. આવી જગ્યાઓ તા. ૧-૪-૧૯૬૬ના રોજ ખાલી હોય પરંતુ તે પછી ભરવામાં આવી હોય કે તા. ૧-૪-૧૯૬૬ પછી ખાલી પડી હોય અને તે ભરવામાં આવી હોય તેની જવાબદારી પણ રાજ્યસરકાર/ભારત સરકારની રહે છે તેવું આ સમિતિનું માનવું છે. આ અંગે અનુમોદન રાજ્ય સરકાર પાસે મંગાવવું.

(૨) શિક્ષણનિયામકના ઉપરોકત પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, સિનિયર ગ્રેડ આપવા અંગેની ગણતરી માટે ½ કે તેથી નીચેના અપૂર્ણાંક હોય તો તે છોડી દેવો. સમિતિને જણાય છે કે કૉલેજોની અંદર લેકચરર તથા પ્રોફેસરોની સંખ્યા નાની હોય છે તે જોતાં અપૂર્ણાંક ½ હોય તો તેને આખો ગણવો જોઈએ તો તે અંગે તેઓને પુનર્વિચારણા કરવા જણાવવું:

૪. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બે બાબતો વિચારણા માટે રજૂ કરવામાં આવી હતી:

(૧) ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપકમંડળ, અમદાવાદનો તા. ૨-૨-૧૯૭૧નો પત્ર રજૂ કરવામાં આવ્યો. અનુસ્નાતકનું શિક્ષણકાર્ય કરતા કયા શિક્ષકોને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦નું પગારધોરણ તથા અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતી કૉલેજોના કયા આચાર્યને રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦નું પગાર-ધોરણ આપવું તે અંગેનો જરૂરી નિર્ણય લેવા માટે તા. ૧-૪-૧૯૬૬ના રોજ અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતી કૉલેજોની સંખ્યા તથા અનુસ્નાતક શિક્ષકો અંગેની સઘળી માહિતી તૈયાર કરી હવે પછીની સભા સમક્ષ મૂકવું.

(૨) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબત પરત્વેમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો પરની તા. ૪-૧૧-૧૯૭૦ની સભાની ભલામણો પૈકીની ૧ થી ૬ ભલામણો પરત્વે રાજ્ય સરકારને પુછાવેલ સ્પષ્ટતાઓ રાજ્ય સરકારે તેના તા. ૨૭-૧-૧૯૭૧ના પત્રથી સ્પષ્ટ કરેલી તે તરફ સભાગૃહનું ધ્યાન દોરવામાં આવ્યું હતું અને સભાગૃહે સદરહુ સભાની તા. ૪-૧૧-૧૯૭૦ની આ (૧થી ૬) અને તે સિવાયની અન્ય ભલામણો સિન્ડિકેટ સમક્ષ જાણ માટે મૂકવી. (તા. ૪-૧૧-૧૯૭૦ની અને રાજ્ય સરકારના તા. ૨૭-૧-૧૯૭૧ના પત્રની નકલ આ સાથે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ્રીકાન્ત વોરા
કુલસચિવ વતી.

ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો અંગે ઘટતી વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯—૮—૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની એક સભા તા. ૪—૧૧—૧૯૭૦ ને બુધવારના રોજ બપોરના ૩—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. ઓ. એમ. ત્રિવેદી	ગેરહાજર
૨. આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૩. શ્રી. એમ. પી. પંડ્યા	હાજર
૪. આચાર્યશ્રી કે. એમ. તલાટી	હાજર
૫. આચાર્યશ્રી વી. આર. રણદીવે	ગેરહાજર
૬. આચાર્યશ્રી કે. એન. શાહ	ગેરહાજર
૭. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૮. શ્રી. બી. એમ. પટેલ, મંત્રી (વિકાસ અધિકારી, ગુજરાત યુનિવર્સિટી)	હાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણો અંગેના નીચેના પ્રશ્નો સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા હતા.

ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે નીચેના મુદ્દાઓ ૧ થી ૬ નો રાજ્ય સરકારે કરેલા તેના નિયમોમાં સમાવેશ થતો ન હોવાથી તે અંગે સ્પષ્ટતા કરાવવા રાજ્ય સરકારને લખી જણાવવા સિન્ડિકેટને ભલામણ કરવી તથા બાબત ક્રમાંક ૭ થી ૧૧ પરત્વે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

સમિતિ સમક્ષ મૂકવામાં આવેલા પ્રશ્નો	સમિતિની ભલામણ
પ્રશ્ન ૧ અને ૨ની વિચારણા એકસાથે કરવામાં આવી.	
૧. એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાતા કોઈ શિક્ષકની નિમણૂક તેને મળતા પગાર કરતાં ઓછા પગારથી થયેલી હોય તો પગારધોરણમાં તેનો શરૂઆતનો પગાર કેવી રીતે નક્કી કરવો તે અંગે વિચારણા કરવા બાબત.	.. ૧ અને ૨. એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાયેલા કોઈ શિક્ષકની નિમણૂક તેના તા. ૧-૪-૧૯૬૬ના રોજ મળતા પગાર કરતાં ઓછા પગારથી કે વધારે પગારથી કરવામાં આવી હોય તો તેનો પગાર તા. ૧-૪-૧૯૬૬ના રોજ મળતો પગાર ધ્યાનમાં લઈ રાજ્ય સરકારના તા. ૬--૬ -૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.૨૬૬૮—૫ અનુસાર નક્કી કરવો જોઈએ.
૨. એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જોડાતા જો કોઈ શિક્ષકને તેને મળતા પગાર કરતાં વધુ પગાર આપવામાં આવ્યો હોય તો તેનો સુધારેલા પગારધોરણમાં શરૂઆતનો પગાર કેવી રીતે નક્કી કરવો તે અંગે વિચારણા કરવા બાબત.	

સમિતિ સમક્ષ મૂકવામાં આવેલા પ્રશ્નો	સમિતિની ભલામણ
૩. ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાંથી આ યુનિવર્સિટીઓમાં જો કોઈ શિક્ષક જોડાયા હોય તો સુધારેલા પગારધોરણમાં તેનો પગાર કેવી રીતે નક્કી કરવો તે અંગે વિચારણા કરવા બાબત. ..	૩. તા. ૧--૪--૧૯૬૬ પહેલાંથી સેવાઓ આપતા કોઈ શિક્ષક ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટીમાં તા. ૧--૪--૧૯૬૬ પહેલાં કે તે પછી જોડાયા હોય તો તા. ૧--૪--૧૯૬૬ પહેલાંનો આવો શૈક્ષણિક અનુભવ લક્ષમાં લઈને તેને સુધારેલા પગારધોરણમાં રાજ્ય સરકારના તા. ૯--૩--૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ. એસ. ૧૦૬૮–ખ પ્રમાણે નક્કી કરવો.
૪. રાજ્ય સરકારના ઠરાવ નં. ૧૦૬૮–ખમાં જણાવવામાં આવેલા દસ હપતામાં ચૂકવવાની રકમ કોઈ કૉલેજ એકીસાથે ચૂકવવા ઇચ્છે તો તેમાં વળતરની જોગવાઈ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત. ..	૪. જો કોઈ કૉલેજ તા. ૧--૪--૧૯૬૬ પછીથી જોડાયેલા શિક્ષકોને પાછલાં વર્ષોની આપવાની બાકીની રકમ રાજ્યસરકારના તા.૫–૮–૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક ૧૦૬૮–ખ મુજબ દશ હપતામાં આવવાની છે તેને બદલે એકીસાથે ચૂકવવા માંગતી હોય તો તેવી કૉલેજોને એકસાથે ચૂકવવાની છૂટ આપવી જોઈએ અને તે રકમ જે વર્ષમાં ચૂકવાય તે વર્ષની ગ્રાન્ટની ગણતરી માન્ય કરવામાં આવશે કે કેમ તે અંગેની સ્પષ્ટતા રાજ્ય સરકાર પાસેથી મેળવવી.
૫. જો કોઈ શિક્ષક પહેલાં પ્રાધ્યાપક હોય પરંતુ પાછળથી વ્યાખ્યાતા તરીકે નીમવામાં આવ્યા હોય તો તેમનો સુધારેલા પગારધોરણમાં કેવી રીતે પગાર નક્કી કરવો તે અંગે વિચારણા કરવા બાબત. ..	૫. તા. ૧--૪--૧૯૬૬ પહેલાંથી જોડાયેલા કોઈ શિક્ષક પહેલાં પ્રાધ્યાપક હોય પરંતુ પાછળથી વ્યાખ્યાતા તરીકે નીમવામાં આવ્યા હોય તો તેમને તા. ૧--૪--૧૯૬૬ના રોજ જે પગાર મળતો હોય તે પગાર ધ્યાનમાં લઈ તેમનો પગાર રાજ્ય સરકારના તા. ૯--૩--૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮–ખ પ્રમાણે નક્કી કરવો જોઈએ.
૬. કોઈ શિક્ષકે તેમની સેવાઓ દરમ્યાન ખંડ સમયના શિક્ષક તરીકે કામ કર્યું હોય તો સુધારેલા પગારધોરણમાં તેઓનો પગાર કેવી રીતે નક્કી કરવો તે અંગે વિચારણા કરવા બાબત. ..	૬. તા. ૧--૪--૧૯૬૬ પહેલાંથી જોડાયેલા કોઈ શિક્ષકે પોતાની સેવાઓ દરમ્યાન ખંડ સમયના શિક્ષક તરીકે સેવાઓ બજાવી હોય તો તેવા ખંડ સમયના શૈક્ષણિક કાર્યના વર્ષને ધ્યાનમાં લઈને સુધારેલા પગારધોરણમાં તા. ૧—૪—૧૯૬૬ના રોજનો પગાર નક્કી કરવો જોઈએ.

સમિતિ સમક્ષ મૂકવામાં આવેલા પ્રશ્નો	સમિતિની ભલામણ
૭. જો કોઇ શિક્ષકે વિદ્યાશાખા બદલી હોય તો તેણે અગાઉની વિદ્યાશાખામાં મૂકેલી સેવાઓ સુધારેલ પગારધોરણમાં પગાર નક્કી કરવા ગણતરીમાં લેવી કે કેમ તે અંગે વિચારણા કરવ બાબત.	... ૭. તા. ૧—૪—૧૯૬૬ પહેલાંથી જોડાયેલા કોઈ શિક્ષકે વિદ્યાશાખા બદલી હોય તો તેના અગાઉની વિદ્યાશાખાના શૈક્ષણિક કાર્યને ધ્યાનમાં લઈને પગારધોરણમાં તા. ૧—૪—૧૯૬૬ના રોજનો પગાર નક્કી કરવો જોઈએ.
૮. તા. ૧—૪—૧૯૬૬ના રોજ ઈજાફા ગણાતા હોઈ અધ્યાપકને રૂ. ૩૦૦-૨૫--૬૦૦ના પગારધોરણમાં રૂ. ૩૦૦ પગાર નક્કી કરીએ તો પ્રથમ પગારવધારો તા. ૧૫-૬-૧૯૬૬ના રોજ કે તા. ૧--૪--૧૯૬૭ના રોજ આપવો તેની સ્પષ્ટતા કરવા બાબત.	... ૮. રાજ્ય સરકારના તા. ૬—૬—૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક ૧૦૬૮—ખમાં જણાવવામાં આવ્યું છે કે સુધારેલા પગારધોરણ તારીખ ૧-૪-૧૯૬૬ના રોજનો પગાર નક્કી કરી શિક્ષકના પગાર-વધારાની તારીખ ચાલુ રાખવી. આથી જે શિક્ષકોના પગારવધારાની તા. ૧૫-૬-૧૯૬૬ હોય તો તેઓને તે તારીખે પગારવધારો આપવાને। રહે છે. આ સ્પષ્ટતા જોતાં આ અંગે બીજું કાંઈ કરવાનું રહેતું નથી.
૯. સુધારેલા પગારધોરણમાં નિયમાનુસાર કુલ અધ્યાપકોના સંચાલક મંડળ ઇચ્છે તો ૨૫ ટકા અધ્યાપકોને રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦ના પગારધોરણમાં મૂકી શકાય. આ અંગે નીચેના મુદ્દાઓની સ્પષ્ટતા કરવા અંગે : (ક) ઉપરોકત નિયમ કઈ તારીખથી લાગુ પાડી પકાય ? (ખ) કુલ અધ્યાપકોની ગણતરી કરતી વખતે આચાર્યશ્રીનો સમાવેશ થઈ શકે ?	...૯.(ક) રાજ્ય સરકારના તા. ૯--૩--૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક ૧૦૬૮—ખમાં જણાવવામાં આવ્યું છે કે "All Professors and Lecturers in the existing scale of Rs. 300-600 and Rs. 250-475 *shall be given* Sr. Scale of Rs. 400-30-640-40-800 provided that the number of posts in the senior scale of Rs. 400-800 should not exceed 25 per cent of the total number of post of Lecturers." આ જોતાં તા. ૧--૪--૧૯૬૬ના રોજ પ્રાધ્યાપક તથા વ્યાખ્યાતાની કુલ સંખ્યાના ૨૫ ટકા પ્રમાણેના શિક્ષકોને રૂ. ૪૦૦--૩૦--૬૪૦--૪૦--૮૦૦ના પગારધોરણમાં તા. ૧-૪-૧૯૬૬થી મૂકવામાં આવે. (ખ) આચાર્યશ્રીનું પગારધોરણ જુદું હોવાથી કુલ અધ્યાપકોની ગણતરી કરતી વખતે આચાર્યશ્રીનો ગણતરીમાં સમાવેશ થઈ શકે નહીં.

સમિતિ સમક્ષ મૂકવામાં આવેલા પ્રશ્નો	સમિતિની ભલામણ
૧૦. વિનયનની કૉલેજોમાં મુખ્ય વિષય દીઠ એક પ્રાધ્યાપક મુખ્ય હોવો જોઈએ એવી જોડાણની શરત હોય છે અને યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી બધી જ કૉલેજોએ મુખ્ય વિષયના એક પ્રોફેસરની નિમણૂક જોડાણની શરત મુજબ કરી છે. આમ કરવાને કારણે કેટલીક સંસ્થાઓમાં કુલ શિક્ષકોની સંખ્યા કરતાં પ્રાધ્યાપકોની સંખ્યા ૨૫ ટકાથી વધવી જોઈએ નહિ, એ શરતનું પરિપાલન કરવું સંસ્થાઓ માટે શકય નથી. આથી યુનિવર્સિટીની જોડાણની શરતને અનુલક્ષીને જરૂરી પ્રાધ્યાપકોની સંખ્યા ધ્યાનમાં લઈ સિનિયર સ્કેલમાં મૂકવાનો પ્રતાવ મંજૂર કરવા તથા તે પેટે તફાવતની રકમ આપવા શિક્ષણ-નિયામકશ્રીને યુનિવર્સિટી કાર્યાલય વિનંતી કરે.	...૧૦. યુનિવર્સિટીની જોડાણની શરતો પ્રમાણે દરેક મુખ્ય વિષય દીઠ એક પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક છે. આમ કરતાં પ્રાધ્યાપક તથા વ્યાખ્યાતાની સંખ્યાના ૨૫ ટકા કરતાં વધારે પ્રાધ્યાપકની નિમણૂક કરવાની જરૂર પડે તો તે કરની આવશ્યક રહેશે.
૧૧. કાયદાની કૉલેજોમાં જોડાણની શરત મુજબ એક આચાર્ય અને એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક હોવા જરૂરી છે, અને બાકીનું કામ ખંડ સમયના પ્રાધ્યાપકો કરે છે. આ કારણે સિનિયર અધ્યાપકના સ્કેલ માટે ૨૫ ટકાનું ધોરણ જળવાતું નથી. આથી દરેક લૉ કૉલેજમાં ઓછામાં ઓછા એક પ્રાધ્યાપકની જગ્યા મંજૂર કરે અને તે પેટે તફાવતની રકમ આપવા માટે યુનિવર્સિટી કાર્યાલય તરફથી રાજ્ય સરકારને વિનંતી કરવામાં આવે તેવી સૂચના અંગે વિચારણા કરવા બાબત.	...૧૧. કાયદાની કૉલેજોમાં રાજ્ય સરકારના તા. ૯-૩-૧૯૬૦-ના સરકારી ઠરાવ ક્રમાંક ૧૦૬૮-ખ પ્રમાણે ગ્રાન્ટને પાત્ર ન થાય તોપણ જોડાણની શરતો અનુસાર એક આચાર્ય અને એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક રાખવા જરૂરી છે.

નં. એ—યુજીસી
શિક્ષણનિયામકની કચેરી, અમદાવાદ.
તા. ૨૭—૧—૧૯૭૧.

પ્રતિ
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

બાબત.—ચોથી પંચવર્ષીય યોજના હેઠળ કૉલેજના શિક્ષકોનાં પગારધોરણ સ્વીકારવા બાબત.

સંદર્ભ.—આપનો સચિવશ્રી, શિક્ષણ અને મજૂર વિભાગ, ગુજરાતરાજ્ય, ગાંધીનગર ઉપર લખેલ પત્ર નં. સી. ૩૬૬૧૯, તા. ૨૦–૧૨–૧૯૭૦.

શ્રીમાન,

જ્યભારત સાથે આપને ઉપરોકત પત્ર અને વિષયના સંદર્ભમાં નીચે પ્રમાણેની સ્પષ્ટતા કરવામાં આવે છે (મુદ્દાવાર) :

(૧), (૨) તા. ૧—૪—૧૯૬૬ના રોજ મળતા પગાર ઉપર યુ. જી. સી.નો પગાર નક્કી કરવામાં આવે છે.

(૩) ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટીમાં પહેલા કે પછી જોડાનાર શિક્ષકની જે તે સ્કેલમાં જે તારીખથી હોય તે તારીખથી નોકરી પગાર નક્કી કરતી વખતે લક્ષમાં લેવામાં આવે છે.

(૪) સરકારી ઠરાવમાં જણાવ્યા પ્રમાણે તા. ૧–૪–૧૯૬૬ પછીના શિક્ષકોને પાછલાં વર્ષોની આપવાની બાકીની રકમ ૧૦ (દસ) હપતામાં ચૂકવવાની રહે છે.

(૫) શિક્ષકને પ્રાધ્યાપકની જગ્યા ઉપર બઢતી મળતાં પહેલાં વ્યાખ્યાતાની જગ્યાએ હોય તો જ્યારે તે પ્રાધ્યાપકની જગ્યા ઉપરથી વ્યાખ્યાતાની જગ્યા પર જાય ત્યારે વ્યાખ્યાતાની સળંગ નોકરી લક્ષમાં લઈ પગાર નક્કી કરવામાં આવે છે.

(૬) ખંડ સમયના શિક્ષકોનો પગાર ફિકસ પે હોઈ અને તે એક કરતાં વધારે સંસ્થાઓમાં સેવા આપતા હોઈ ખંડ સમયની નોકરી પૂરા સમયની નોકરી સાથે જોડવામાં આવતી નથી, અને તેથી ખંડ સમયની નોકરી યુ. જી. સી.માં પગાર નક્કી કરતી વખતે લક્ષમાં લેવામાં આવતી નથી.

લિ.
આપનો વિશ્વાસુ,
(સહી).....
શિક્ષણનિયામક,
ગુજરાત રાજ્ય, અમદાવાદ વતી.

નકલ સવિનય રવાના —

સેકશન ઑફિસરશ્રી, શિક્ષણ અને મજૂર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક એમઆઈએમ. ૧૦૭૦—૧૧૨૬૪૯—કેએચ તા. ૧૬—૧—૧૯૭૧ અન્વયે જાણ થવા સારુ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

ગુ.યુ.પ્રેસ ૧૭૭૭-૪૫૦-૪-૭૧

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ માસની સભા, શનિવાર, તા. ૬–૩–૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬–૩–૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	ગેરહાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૫.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

૧. સિન્ડિકેટની તા. ૧૧/૧૨–૨–૧૯૭૧ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૧/૧૨--૨--૧૯૭૧ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સિન્ડિકેટની તા. ૧૨--૧૨--૧૯૭૦ની સભાના કામકાજ ક્રમાંક ૩૮ના **પરિશિષ્ટ "જ"**માં સભ્યોની યાદીમાં અનુક્રમ નં. ૩૮માં "શ્રી. હીરાલાલ એમ. ભગવતી" છપાયેલ છે તેને બદલે "શ્રી. હીરાલાલ એચ. ભગવતી" એમ છાપભૂલ સુધાર્યાના;

(૨) રાષ્ટ્રીય સેવા યોજના અંગે સિન્ડિકેટે નીમેલ સલાહકાર સમિતિની મુદત, જે તા. ૧૧-૧-૧૯૭૧ના રોજ પૂરી થતી હોઈ, તે ચાલુ શૈક્ષણિક વર્ષના અંત સુધી લંબાવ્યાના;

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૯-૬-૧૯૭૦ના પત્રાંક એફ. ૪--૧૮--૭૦(જી)થી સને ૧૯૭૦--૭૧ના વર્ષ માટે રૂ. ૨૧,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરેલ તે અંગે ૧૯૭૦--૭૧ના વર્ષ માટે નીચે જણાવ્યા પ્રમાણે અંદાજી ખર્ચ મંજૂર કર્યાના :

Scheme	*Estimate of U.G.C.'s Share*	*Rate of U.G.C.' Share*
1. Travel grant to teachers in Universities for attending International conferences abroad.	Nil	50%
2. Travel grant for teachers/Scholars,		
(*a*) Technicians for visiting Centres of research or to attend academic conferences/seminars within India	8,000/-	100 %
(*b*) Travel grant to research Scholars in connection with their works at other research centres.	4,000/-	100 %
3. Exchange of Teachers	2,000/-	100 %
4. U.G.C. Unit	6,000/-	Rs. 6,000/-
5. Setting of National Integration Samiti	1,000/-	Rs. 200/- pm.
6. Extension work by Uni. Teachers	3,000/-	100 %
7. Computer Assistance, buying the time of Computer	Nil	100 %
8. Preparation and development of teaching materials and aids.	1,000/-	100 %
	Total Rs. 25,000	

(૪) સિન્ડિકેટની તા. ૧૬/૧૭--૧--૧૯૭૧ની સભાની બાબત નં. ૧૫ના ઠરાવમાં " શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગરનું " નામ બદલી એ શબ્દોને બદલે " શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વીસનગર સંચાલિત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર " એ શબ્દો મૂકીને છાપભૂલ સુધારવાના;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨--અ. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર ડૉ. સી. આઈ. ઝાલાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે :

" Now that Gujarat University has justifiably accepted the principle of independent consideration of marks obtained at University examination, in the award of classes to successful candidates at various examinations of Gujarat University, I propose the following :

'Only marks obtained at examinations held by the University, and not the aggregate of internal assessment and marks obtained at University examination, be considered for University awards.' "

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૩. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. ભોળાભાઈ બી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી આ સભા ઠરાવે છે કે વિજ્ઞાન અને અન્ય વિદ્યાશાખાઓમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓએ તેમનો મહાનિબંધ રજૂ કરતાં પહેલાં ઑર્ડિ. ૩૧૫ અનુસાર ફ્રેન્ચ અથવા જર્મન અથવા રશિયન ભાષાનો ટેસ્ટ પસાર કરવો આવશ્યક ગણ્યો છે. હવે જે તે વિષયનાં અંગ્રેજી ભાષામાં અનુવાદ થયેલ પુસ્તકો અને સાહિત્ય સહેલાઈથી પ્રાપ્ત હોવાથી ઑર્ડિ. ૩૧૫ રદ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૪. સેનેટની અગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય જશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૮--૧૯૬૮ની સભામાં પસાર કરેલા ઠરાવ પ્રમાણે આચાર્યની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અનુસ્નાતક શિક્ષક હોવી જરૂરી છે, પરંતુ કાયદાની વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષકની લાયકાત ધરાવતા પ્રાધ્યાપક આચાર્ય મળવા ઘણા જ મુશ્કેલ છે, માટે ફક્ત કાયદાની વિદ્યાશાખા પૂરતું અનુભવી અથવા નિવૃત્ત ન્યાયાધીશો અને વકીલોની સેવાનો લાભ લઈ શકાય એ રીતે આચાર્યની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણે હોવી જોઈએ તેમ આ સેનેટની સભા ભલામણ કરે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને યોગ્ય કરવા ભલામણ કરે છે :

(૧) કાયદાના અનુસ્નાતક શિક્ષક, અથવા (૨) કાયદાના પ્રાધ્યાપક, અથવા (૩) પાંચ વર્ષનો ન્યાયાધીશનો અનુભવ અને ત્રણ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ અગર દસ વર્ષનો

ન્યાયાધીશનો અનુભવ, અથવા (૪) ૧૦ વર્ષનો વકીલાતનો અનુભવ અને ત્રણ વર્ષનો વ્યાખ્યાતાનો અગર પંદર વર્ષનો વકીલાતનો અનુભવ."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૫. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય ડી. એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"That a paragraph as under be added after the existing paragraph under O. 123 :

'The Chairman or Convener of Examiners appointed for assessing answer-books will entrust the work of assessment to such number of Examiners as would be requisite for the purpose, according to a calculation based on the number of clear days available to each Examiner for the work of assessment and incidental work and the number of answer-books that an Examiner can fairly be expected to deal with per day of eight working hours on an average."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો કોઈ નિયમ કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૬. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય ડી. એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"That an ordinance numbered O. 131–A be added after existing O. 131, as under :

'The number of Junior Supervisors to be appointed for each block of thirty or so candidates appearing at a written examination shall not be less than two per each such Block, so as to ensure adequate vigilance besides attendance to the candidates' usual needs and requirements.' "

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૭. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એન. જે. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" Add the following phrase in O.120–A, Class 2, para second, line 3, after the word Hindi. '..... and Gujarati'

The amended line will be read as under :

(*b*) In the faculty of Science and Commerce : Hindi and Gujarati."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય અને પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગોમાં આધુનિક ભારતીય ભાષા તરીકે ગુજરાતીનું શિક્ષણકાર્ય કરવા માટે ખંડ સમયના લેકચરરની નિમણૂક હાલનાં

ધારાધોરણ હેઠળ પર્યાપ્ત છે તે જોતાં ઑર્ડિ. ૧૨૦–એ માં આ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો સુધારો કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એ. જે. પંડ્યાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"For the purpose of grants, colleges attached to the faculty of law should be treated on par with other faculties of professional courses as B.Ed., Medicine, Engineering, Pharmacy, etc. or of courses in Humanities and Social Sciences as Arts, Science, Commerce and it be so secured from relevant bodies."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી તરફથી ગ્રાન્ટ આપવામાં આવતી નથી તે જોતાં આ બાબતમાં યુનિવર્સિટીએ કશું કરવાપણું નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એ. જે. પંડ્યાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"For the purpose of financial soundness of an Institution seeking affiliation for degree courses, deposit of minimum amount of one lac of rupees instead of Rupees ten thousand be prescribed as a primary condition to be strictly observed by depositing the said amount with the University within one month from the date of Syndicate resolution (Senate) or at least before a month the institution propcses to begin functioning."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય કે. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને એકસરખું પગારધોરણ, મોંઘવારી, ઘરભાડા ભથ્થાં અને પ્રૉવિડંટ ફંડ નક્કી કરી આપવામાં આવે તેવી લાગતાંવળગતાં સત્તામંડળોને કાર્યવાહી કરવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓની સેવાની શરતો નિયત કરવા માટે યુનિવર્સિટીને સત્તા આપવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર કરવાની જરૂર છે એમ ગુજરાત સરકારે રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાઓના આધુનીકરણ અંગે નીમેલા પંચને ભલામણ કરવામાં આવી છે એ હકીકતની સેનેટને જાણ કરવી.

૧૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એલ. ડી. દવેના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૯--૭૦ના વાર્ષિક અહેવાલના પાન ૧૦ ઉપરના સંખ્યાંક ૩ માં દર્શાવેલી અધ્યાપકોની સંખ્યાના અનુસંધાનમાં અધ્યાપકોની વધતી જતી સંખ્યાને લક્ષમાં લઈ તેમ જ

શિક્ષણનું ધોરણ અને યુનિવર્સિટીની સર્વ પ્રવૃત્તિનું પરિણામ શિક્ષકોના કાર્ય ઉપર અવલંબે છે તે ધ્યાનમાં લઈ ઉત્તમ વ્યકિતઓ આ ક્ષેત્રમાં આવવા પ્રેરાય, આવેલા ટકી રહે તેમ જ અધ્યાપકો કૉલેજોમાં સ્થિરતા, શ્રદ્ધા તેમ જ સંતોષથી કામ કરે તે દૃષ્ટિએ અધ્યાપકો માટે ગ્રેચ્યુઈટીની જોગવાઈ કરવી વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં આવશ્યક છે તેમ માનીને સેનેટની આ સભા આવી ગ્રેચ્યુઈટીની યોજના અમલમાં મૂકવા માટે ઘટતું કરવા લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા યુનિવર્સિટી પ્રવેશ અંગેના સ્ટેચ્યૂટ ૧૭૩ નીચે પ્રમાણે સુધારીને ઘડવાની સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે :

St. 173 :

1. For admission to the Pre-University class in the faculty of Arts, Commerce and the First Year in the Diploma classes in the Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects.

   Provided that a candidate, who has not offered Algebra-Geometry or Elementary Mathematics at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at Pre-University Arts Examination.

2. For admission to the Pre-University Science class and the First year Diploma in Pharmacy a candidate must have passed (*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which (*i*) Algebra-Geometry or Elementary Mathematics, and (*ii*) Physics-Chemistry or General Science, shall be two of them;

   OR

   (*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with (*i*) Algebra-Geometry or Elementary Mathematics, and (*ii*) Physics--Chemistry or General Science as his subjects.

3. For admission to Pre-University Science (Agriculture) classes a candidate must have passed—

   (*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—
   (*i*) Elementary Mathematics or Algebra–Geometry; and
   (*ii*) Physics–Chemistry or General Science shall be two of them.

   OR

   (*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—
   (*i*) Elementary Mathematics or Algebra–Geometry; and
   (*ii*) Physics–Chemistry or General Science as his subjects."

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર આભિપ્રાય આપવા બાબત :

" એસ.એસ.સી. પરીક્ષા કે તેની સમકક્ષ માન્ય પરીક્ષામાં અંગ્રેજી વગર ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ આપવો, અને (૨) કૉલેજમાં તે વિદ્યાર્થીને અંગ્રેજીના વિકલ્પમાં નિયત કરેલી (ફ્રેન્ચ, રશિયન, જર્મની જેવી) વિદેશી ભાષા લેવાની વ્યવસ્થા કરવી."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૪. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે એસ.એસ.સી. કે તેની સમકક્ષ માન્ય પરીક્ષામાં અંગ્રેજી વગર પાસ થયેલા વિદ્યાર્થીને કૉલેજની વિનયન શાખામાં પ્રવેશ આપવો અને તેને માટે ખાસ અભ્યાસક્રમ દાખલ કરવો."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૫. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે અનુસ્નાતક અધ્યાપકોને આપવામાં આવતા વેતનના દરોમાં યોગ્ય સુધારો કરવો. "

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૬. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" આથી સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે પ્રત્યેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પદવી પ્રાપ્ત કરતાં અમુક આવશ્યક સાહિત્ય વાંચીને સજ્જ થાય ને શૈક્ષણિક સ્તર ઊંચું આવે તે આશયથી વિદ્યાર્થીઓ માટે વાચન નોંધપોથીની પ્રથા દાખલ કરવી. વિવિધ સત્તામંડળો તરફથી પ્રત્યેક વર્ષના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત વાંચવાનાં પુસ્તકોની યાદી બનાવવામાં આવે અને વિદ્યાર્થી એ પ્રમાણે પુસ્તકો વાંચે તેમ જ વાંચેલાં પુસ્તકોની નોંધપોથી રાખે જે કૉલેજના ગ્રંથપાલ, વિષયના અધ્યક્ષ અને આચાર્ય માન્ય કરે તેવી તથા જેની વાચન-નોંધપોથી માન્ય ન થાય તે વિદ્યાર્થીને માટે શિક્ષાત્મક પગલાંની જોગવાઈ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૭. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેની ગ્રંથપાલની લાયકાત ધરાવતા ગ્રંથપાલની અછતને સત્વરે પહોંચી વળવા માટે યુનિવર્સિટી તરફથી ચાલુ કેન્દ્ર ઉપરાંત અન્ય કેન્દ્રો અને ગ્રંથાલયનો ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ કરવા સેનેટની આ સભા લાગતાવળગતાં સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૮. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે ગુજરાતી વિષયમાં આઠ પ્રશ્નપત્રો સાથે (એન્ટાયર) એમ.એ. કરવાની વ્યવસ્થા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૧૯. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે આપણી યુનિવર્સિટીમાં પરીક્ષાકાર્ય માટે પૂરતા અધ્યાપકો હોવાથી સ્નાતક (તૃતીય વર્ષ) કે અન્ય પદવીની અંતિમ પરીક્ષા અને અનુસ્નાતક પરીક્ષાઓમાં જ અન્ય યુનિવર્સિટીના શિક્ષકોને પરીક્ષાકાર્ય માટે નિયુક્તિ આપવી ને તે સિવાયની પરીક્ષાઓ માટે માત્ર આપણી યુનિવર્સિટીના જ શિક્ષકોને નિયુક્તિ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૨૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને ભલામણ કરે છે કે વ્યાખ્યાતા તરીકે લાયક હોવા છતાં ટ્યૂટર તરીકે કામ કરતી વ્યક્તિઓનો શૈક્ષણિક અનુભવ પરીક્ષાની કામગીરી અને અનુસ્નાતક શિક્ષકપદની યોગ્યતા માટે ગણતરીમાં લેવા અંગેના સુયોગ્ય નિયમો ઘડવા."

આથી ઠરાવવામાં આવે છે છે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને જણાવવું.

૨૧. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સંબદ્ધ સત્તામંડળોને સ્ટે. ૧૭૩ નીચે પ્રમાણે સુધારીને ઘડવા ભલામણ કરે છે:

St. 173 :

"(1) For admission to the Pre-University class in the faculties of Arts, Commerce and the First year in the Diploma classes in the Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one or he must have secured 45% marks in aggregate at the examination.

Provided that a candidate who has not offered Algebra--Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Science class, and the first year diploma in Pharmacy a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher level or lower level) or he must have secured 45% marks in aggregate at the examination

(*ii*) Algebra-Geometry or Elementary Mathematics

(*iii*) Physics-Chemistry or General Science shall be two of them;

(*b*) an Examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Algebra-Geometry or Elementary Maths.

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) classes a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Elementary Mathematics or Algebra--Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be two of them.

OR

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level) or he must have secured 45 % marks in aggregate at the examination

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science as his subjects."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૨૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર ક્રો. બબલભાઈ મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રેરી શકે, તેમની કાર્યક્ષમતા વધારી શકે અને બેકારીમાંથી એમને ઉગારી શકે એ માટે શિક્ષણપંચે વર્ક એક્સપીરિયન્સનું તત્ત્વ દાખલ કરવાની જે ભલામણ કરી એનો અમલ થાય એ માટે ચાલુ અભ્યાસક્રમમાં કયા કયા વિષયોમાં કયા કયા તબક્કે ફેરફારો કરવા ઘટે એ અંગે વ્યવહારુ વિગતો સાથે ચોક્કસ સૂચનો રજૂ કરવા માટેની કમિટી એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નીમે એવી ભલામણ સેનેટની આ સભા કરે છે. એ કમિટીમાં કેળવણીકારો, ઉદ્યોગનિષ્ણાતો, વિકાસઅધિકારીઓ, સમાજસેવકો તથા દૃષ્ટિવંત કુશળ ખેડૂતોનો સમાવેશ થાય તે ઇષ્ટ થશે. સદરહુ કમિટી પોતાનો હેવાલ પોતાની નિયુક્તિ પછી ત્રણ મહિનામાં યુનિવર્સિટીને પહોંચાડે એ અપેક્ષિત છે, જેથી એનો અમલ કરવાની તજવીજ તરત જ થઈ શકે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. દામુભાઈ શુકલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"જો આપણી યુનિવર્સિટીઓમાં કોઈ એક જ સુધારો સૂચવવાનો હોય તો તે સુધારો પરીક્ષા-પદ્ધતિનો છે એમ કોઠારી કમિશને જાહેર કર્યું છે તેને સેનેટની આ સભા સ્વીકારે છે અને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ વધારે સર્વગ્રાહી, વધારે વિશ્વસનીય અને વધારે ધ્યેયલક્ષી બને એને માટે અત્યારની ચાલુ પદ્ધતિમાં રહેલી ખામીઓ અને તે દૂર કરવાના વ્યવહારુ ઉપાયો સૂચવવા, સેનેટ, યુનિવર્સિટીનાં સત્તામંડળોને એક સમિતિ બનાવવાની અને આ મહત્ત્વની કામગીરી સારી રીતે અને ટૂંક સમયમાં પૂરી કરવાની વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાપદ્ધતિ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે એક સમિતિ નીમેલી છે એમ સેનેટને જાણ કરવી.

૨૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. દામુભાઈ શુકલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"શરીર વિષેનું જ્ઞાન એ બીજા કોઈ પણ વિષયના જ્ઞાન જેટલું જ બલકે સૌથી વધારે ઉપયોગી છે એ હકીકતનો વ્યાપકપણે સ્વીકાર કરાવવા શારીરિક શિક્ષણને કૉલેજોમાં ડિગ્રીના વિષય તરીકે શીખવવો જોઈએ અને ભાષા, વિજ્ઞાન, ગણિત કે ઇતિહાસ લઈને જેમ ડિગ્રી મેળવાય છે તેમ શારીરિક શિક્ષણ લઈને પણ ડિગ્રી મેળવી શકાય તથા તેનો "પોસ્ટ-ગ્રેજ્યુએટ" અભ્યાસ પણ થઈ શકે એવી વ્યવસ્થા આપણી યુનિવર્સિટીમાં કરવા માટે સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૫. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. દામુભાઈ શુકલના નીચેના પ્રાસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ઠરાવે છે કે કૉલેજોમાં વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓ શરીરને નીરોગી અને સુદૃઢ રાખવા માટે આરોગ્યકેન્દ્રોમાં અપાતી દવાઓ કરતાં શારીરિક વ્યાયામો ઉપર વધારે

આધાર રાખતાં શીખે અને યોગાસનો જેવી નિર્દોષ અને સરળ વ્યાયામપદ્ધતિઓનું જ્ઞાન મેળવી એને આચરણમાં ઉતારી શકે એવી વ્યવસ્થા વિચારી કાઢવા માટે યુનિવર્સિટીનાં સત્તામંડળો યોગ્ય પગલાં લે અને એને માટે એક યોજના તૈયાર કરાવી એનો વહેલામાં વહેલી તકે ઉપયોગ કરાવે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૬. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય એન. જે. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સામાન્ય રીતે કૉલેજને ચાલુ જોડાણ આપવાની શરતોમાં લાઈબ્રેરીનાં પુસ્તકો અને સામયિકો અંગે મુખ્ય વિષય દીઠ રૂ. ૨,૦૦૦, અને ગૌણ વિષય દીઠ રૂ. ૧,૦૦૦, વર્ષે ખર્ચવાની ફરજ પાડવામાં આવે છે.

આ અંગે સેનેટની આ સભા ઠરાવે છે કે વિદ્યાર્થીઓની સંખ્યાને લક્ષમાં લઈને નીચે મુજબનો પ્રતિવર્ષ પુસ્તકો તથા સામાયિકો અંગે ખર્ચ કરવાની કૉલેજને ફરજ પાડવી :

કૉલેજમાં વિદ્યાર્થી-ઓની સંખ્યા	મુખ્ય વિષય દીઠ પુસ્તકો અને સામયિકોનો વાર્ષિક ખર્ચ	ગૌણ વિષય દીઠ પુસ્તકો અને સામયિકોનો વાર્ષિક ખર્ચ
૨૫૦ સુધી	રૂ. ૧,૦૦૦	રૂ. ૫૦૦
૨૫૧થી ૫૦૦	રૂ. ૧,૫૦૦	રૂ. ૭૫૦
૫૦૧થી ૧૦૦૦	રૂ. ૨,૦૦૦	રૂ. ૧,૦૦૦
૧૦૦૧થી ઉપર	રૂ. ૨,૫૦૦	રૂ. ૧,૨૫૦"

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના વિચાર સાથે સિન્ડિકેટ સંમત એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૭. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રોફેસર બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"એસ. વાય. સુધી બાહ્ય પ્રાશ્નિકો—પરીક્ષકો નીમવાની પ્રથા બંધ કરવા અને ટી. વાય. તથા અનુસ્નાતક કક્ષાએ વર્તમાન સ્થિતિ ચાલુ રાખવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રોફેસર બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રત્યેક સ્તરની પરીક્ષામાં એક્સ્ટર્નલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાને બદલે ઇન્ટર્નલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાની પ્રથાનો સ્વીકાર કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રો. બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે, પ્રત્યેક પરીક્ષા પછી એક માસના સમયગાળા દરમ્યાન, ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રો. બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પરીક્ષકોની નિમણૂક અંગેની કાર્ડ પદ્ધતિનો અમલ કરવામાં ઘણો વિલંબ થયો છે. તેનો અમલ આગામી ઑક્ટોબર પરીક્ષાથી અચૂક રીતે કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રો. બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પરીક્ષાઓનાં વિવિધ પાસાંઓ પર ચર્ચાવિચારણા કરીને ઘટિત સુધારા કરવાનો ખૂબ અવકાશ હોવાથી આગામી ત્રણ માસમાં અનુકૂળ સમયે એ અંગે એક સેમિનાર યોજવા અને ઘટિત સુધારા કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાન્તિક તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રોફેસર બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમની પુનર્વિચારણા કરવા અને જનરલ એજ્યુકેશનના વિષયની પરીક્ષા યુનિવર્સિટીએ લેવા તથા કક્ષા અને ક્રમ નિશ્ચિત કરવામાં તેના ગુણ ધ્યાનમાં લેવા અંગે ઘટિત કરવા માટે સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રોફેસર બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીએ જે ટ્યૂશનબંધી કરી છે તે દૂર કરવા, જે વિદ્યાર્થીઓ વર્ગોમાં યોગ્ય હાજરી આપવા છતાં નબળા રહેતા હોય તેમના માટે ખાસ વર્ગો ફી વિના કૉલેજોમાં ચલાવવા અને અધ્યાપકને વધુમાં વધુ બે ટ્યૂશન કરવાની છૂટ આપવા માટે સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટ-સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રોફેસર બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રત્યેક કૉલેજની ગવર્નિંગ બોડીના સભ્યો ઓછામાં ઓછા સ્નાતક હોય એ ઇષ્ટ છે, અને આચાર્ય તથા એક અધ્યાપકને ગવર્નિંગ બોડીમાં અન્ય સભ્યોની જેમ જ સભ્યપદ અપાય તે માટે યોગ્ય કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના સંચાલક મંડળ (Governing body) રચવાની બાબતમાં ગુજરાત સરકારે રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાઓના આધુનીકરણ અંગે નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૩૫. સેનેટના આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રોફેસર બી. એસ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"કૉલેજોના વર્ગોમાં નોટ્સ લખાવવાની પ્રવૃત્તિ શૈક્ષણિક દૃષ્ટિએ અનુચિત હોવાથી તે અંગે ઘટિત કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સેનેટસભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવેલ છે તેવી વિગતો અંગે કૉલેજોના અધ્યાપકોને સૂચના આપવાની તરફેણમાં સિન્ડિકેટ નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૬. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ખોડાભાઈ એમ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ તથા સંલગ્ન કૉલેજોના પ્રાધ્યાપકો, કર્મચારીઓ અને આચાર્યોને પોતાના બેઝિક પગારના દશ ટકા ઘરભાડા ભથ્થું મળવું જોઈએ. ગ્રામ્ય વિસ્તારમાં પણ ઓછામાં ઓછું બેઝિકના આઠ ટકા ઘરભાડું મળવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને માટે યુનિવર્સિટીએ ઘડેલાં ઘરભાડા ભથ્થા અંગેનાં હાલનાં ધારાધોરણો પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૩૭. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ખોડાભાઈ એમ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"એન. સી. ઈ. આર. ટી. દ્વારા શિક્ષકો આખાયે દેશમાં શિક્ષણક્ષેત્રે પોતાની તાલીમ અને પ્રતિભાનો વિનિયોગ કરે તે માટે શિક્ષકોની સ્થિતિ અને અનુકૂળતાઓ મુજબ ભોપાળ, અજમેર, મૈસુર અને ભૂવનેશ્વરમાં રિજિયોનલ કૉલેજો સ્થાપીને શિક્ષકોને ટ્રેઈન્ડ કરવા સમર-કમ-કોરસ્પોન્ડન્સ કોર્સ દ્વારા ટ્રેઈનિંગની યોજના કરવામાં આવી છે. આ યોજનામાં નીચેની મુખ્ય બાબતો છે :

(૧) આ યોજના દ્વારા શિક્ષકોને બે વર્ષના ઉનાળાના વેકેશન દરમ્યાન કુલ ચાર મહિના ઉપરની ઝોનલ કૉલેજમાં થઈને સૈદ્ધાન્તિક શિક્ષણ (થિયરી) માટે જવાનું હોય છે.

(૨) બાકીના દસ મહિના દરમિયાન તેને પ્રાયોગિક કાર્ય કરવાનું રહે છે. પ્રાયોગિક કાર્યના નિરીક્ષણ અર્થે સ્થાનિક નિરીક્ષકોની નિમણૂક રિજિયોનલ કૉલેજના સત્તાવાળા દ્વારા કરવામાં આવે છે. કયારેક આવા નિરીક્ષકો સ્થાનિક ટ્રેનિંગ કૉલેજના અધ્યાપકો હોય છે. તો કયારેક જ્યાં આવી સગવડ પ્રાપ્ય ન હોય ત્યાં, શાળાના ટ્રેઈન્ડ અને અનુભવી શિક્ષકોની નિમણૂક કરવામાં આવે છે.

આ પ્રાયોગિક કાર્યમાં તાલીમાર્થી શિક્ષકને કૉલેજ તરફથી ટપાલ દ્વારા મોકલાવવામાં આવતાં આઠ ટર્મ પેપર લખવાનાં હોય છે. વળી કુલ છ એસાઇનમેન્ટ અને બે વિષયના થઈને ૧૦ પાઠ આપવાના રહે છે અને બીજા ૨૦ પાઠોનું આયોજન કરવાનું રહે છે.

(૩) બી.એડ.ની આ ટ્રેઇનિંગમાં પ્રવેશ મેળવવા માટે નીચે મુજબ લાયકાત આવશ્યક છે :

(અ) સ્નાતક શિક્ષકને પાંચ વર્ષનો શિક્ષણકાર્યનો અનુભવ

(બ) અનુસ્નાતક શિક્ષકને ત્રણ વર્ષનો શિક્ષણકાર્યનો અનુભવ.

(૪) બી.એડ.ની આ ટ્રેઇનિંગમાં નીચે મુજબના વિષયો છે :

૧. પ્રિન્સિપલ્સ ઑફ એજ્યુકેશન

૨. ડેવલપમેન્ટ ઍન્ડ પ્રોબ્લેમ્સ ઑફ ઇન્ડિયન એજ્યુકેશન

૩. એજ્યુકેશનલ સાયકોલોજી

૪. વર્કશોપ ઇન ટીચિંગ ગાઇડન્સ, કરિકયુલમ, ઇવેલ્યુએશન, સ્કૂલ ઑર્ગેનાઇઝેશન, હેલ્થ ઍન્ડ હ્યુમન રિલેશન.

ઉપર્યુકત વિષયો ફરજિયાત છે અને બાકીના બે વિષયો તાલીમાર્થીને પસંદ કરવાના રહે છે.

(૫) (ક) સૈદ્ધાન્તિક શિક્ષણ (થિયરી)ના ૩૦૦ માર્ક

(ખ) પ્રાયોગિક શિક્ષણ (પ્રેકિટકલ)ના ૩૦૦ માર્ક, ૨૦૦ માર્ક બે મેથડના વિષયના પાઠના અને ૧૦૦ માર્ક છ એસાઇનમેન્ટના.

(ગ) મેથડના વિષયના ૨૦૦ માર્ક

(ઘ) વર્કશોપ ઇન ટીચિંગનું પેપર આંતરિક મૂલ્યાંકનનું છે, તેના ૧૦૦ માર્ક હોય છે.

(૬) રિજિયોનલ કૉલેજ, ભોપાલમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને કેન્દ્ર શાસિત પ્રદેશ (ગોવા)ના શિક્ષકોને પ્રવેશ માટે યોગ્ય ગણ્યા છે.

(૭) ચાર માસની કૉલેજની તાલીમ દરમિયાન કૉલેજના અધ્યાપકો ઉપરાંત ભારતભરમાંથી તદ્‌વિષયક વિદ્વાન અને અનુભવી અધ્યાપકોને આમંત્રીને તાલીમાર્થીઓના જ્ઞાનને વધુ સમૃદ્ધ બનાવવામાં આવે છે. મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને બંગાળ અને પંજાબમાંથી અધ્યાપકોને નિમંત્રવામાં આવે છે. ગુજરાતમાંથી પણ આવા આમંત્રિત અધ્યાપકોમાં—

શ્રી. સી. કે. અકુવાલા (પ્રિન્સિપાલ, ખંભાત કૉલેજ)

ડૉ. મધુબહેન (પ્રાધ્યાપક, ખંભાત કૉલેજ)

શ્રી. એમ. ટી. પટેલ (અધ્યાપક, વલ્લભ વિદ્યાનગર)

ડૉ. બી. પી. લુલ્લા (પ્રાધ્યાપક, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી.)

(૮) બી.એડ.ની તાલીમ દરમ્યાન અનેક વિદ્વાનોનાં વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો, પરિસંવાદો અને પ્રોજેકટ્સનું પણ આયોજન કરવામાં આવે છે અને આ વ્યાખ્યાતા તરીકે ગુજરાતમાંથી પણ વિદ્વાન પ્રાધ્યાપકો આવે છે અને તેમના જ્ઞાન—અનુભવનો લાભ અર્પે છે.

(૯) લગભગ પાંચ વર્ષથી ચાલતા આ તાલીમ કાર્યક્રમમાં માત્ર ગુજરાતમાંથી જ લગભગ પાંચસોથી વધુ શિક્ષકોએ લાભ લીધો છે અને હજુય પણ લઈ રહ્યા છે.

(૧૦) બી.એડ.નો આ તાલીમ ગુજરાત યુનિવર્સિટીની બી.એડ.ના અભ્યાસક્રમ અને તાલીમની સમકક્ષ છે. વસ્તુવિષયની દૃષ્ટિએ જોતાં તે કયાંયે ઊણપવાળી નથી.

(૧૧) ગુજરાત સરકારે પણ પગાર અને ગ્રેડની બાબતમાં બી.એડ.ની આ ડિગ્રીને માન્ય રાખી છે.

(૧૨) આ ડિગ્રીધારી શિક્ષકોને એમ.એડ.ના અભ્યાસ માટે ગુજરાતમાં જ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રવેશપાત્ર ગણવામાં આવે છે.

જ્યારે શિક્ષણક્ષેત્રે વધુ તેજસ્વી, અભ્યાસપરાયણ, દૃષ્ટિવંત અને વિદ્વાન એવા શિક્ષકોની જરૂરિયાત છે ત્યારે શિક્ષકોને ઉચ્ચ અભ્યાસ અર્થે પૂરતી તક અને તમામ સવલતો પૂરી પાડવી એ પવિત્ર ફરજ બની રહે છે.

અમારી માગણીઓ નીચે મુજબ છે :

૧. વહેલી તકે એન.સી.ઈ.આર.ટી.ની બી.એડ. ડિગ્રીને માન્ય કરીને આવા ટ્રેઇન્ડ શિક્ષકોને શિક્ષણના અનુસ્નાતકની ડિગ્રી માટે તક આપો.

૨. આવી કોરસ્પોન્ડન્સ કોર્સની યોજના ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ તાકીદે શરૂ કરો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જરૂરી સ્પષ્ટતાના અભાવે તે અંગે અભિપ્રાય આપવાનું શકય નથી એમ સેનેટને જણાવવું.

૩૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. બી. વોરાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કામ કરતા પૂરા સમયના તેમ જ ખંડ સમયના અધ્યાપકોને યુનિવર્સિટીના અધ્યાપકો તથા કર્મચારીઓને મળે છે તે ધોરણે ઘરભાડા ભથ્થું તથા સિટી કૉમ્પેન્સેટરી એલાવન્સ મળે તેવી જોગવાઈ કરવામાં આવે તેવો આ સેનેટની સભાનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોને માટે યુનિવર્સિટીએ ઘડેલાં ઘરભાડા ભથ્થા અંગેનાં હાલનાં ધારાધોરણો પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૩૯. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર પ્રો. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં કામ કરતા આચાર્યો અને અધ્યાપકોને નોકરીમાંથી પૂરતાં અને વાજબી કારણો સિવાય છૂટા જ ન કરી શકાય, અને જો છૂટા કરવામાં આવે તો "તપાસપંચ" (જે છૂટા કરેલા અધ્યાપકોના એક પ્રતિનિધિ, કૉલેજ મૅનેજમેન્ટના એક પ્રતિનિધિ અને યુનિવર્સિટીના એક પ્રતિનિધિનું બનેલું હોય) દ્વારા પૂરતી તપાસ થાય તેમ જ તપાસપંચનો નિર્ણય બન્ને પક્ષોને બંધનકર્તા બને તેવી જોગવાઈ અધ્યાપકો અને આચાર્યો માટેની નોકરીની શરતોમાં તાકીદે કરી લેવામાં આવે તેવો સેનેટની આ સભાનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોને છૂટા કરવાની બાબતમાં નોટિસ, વળતર ઇત્યાદિ અંગે ઑર્ડિ. ૧૨૦–ડી મંજૂર કરેલ છે તેમ સેનેટને જણાવવું.

(નોંધ.—બાબત નં. ૯૯ પર વિચારણા કર્યા પછી આ મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું.)

૪૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય બાબત :

"પરીક્ષકોની નિમણૂકોમાં અન્યાયો અને અનિયમિતતાઓ નિવારવા માટે વિષયમાં શૈક્ષણિક લાયકાત અને વિષયમાં શૈક્ષણિક અનુભવને કેન્દ્રમાં રાખીને વસ્તુલક્ષી ધોરણો નક્કી કરવાં અને આગામી પરીક્ષાથી તેનો અમલ થાય તે રીતે નિયમોમાં ફેરફાર કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યવાહી ચાલુ છે એમ સેનેટને જણાવવું.

૪૧. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પરીક્ષણકાર્યનાં ધોરણો જળવાય તે માટે તેમજ પરીક્ષક તરીકે નિમાવાને પાત્ર હોય તેવા અનુભવી અધ્યાપકો પરીક્ષકો તરીકે સેવા આપવા માટે પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ હોય ત્યારે જે તે વિષયની પરીક્ષામાં એક પરીક્ષકને ૩૦૦ થી વધુ ઉત્તરવહીઓ તપાસવા માટે સોંપવામાં ન આવે તેવી નિયમોમાં જોગવાઈ કરવાનો સેનેટની આ સભાનો અભિપ્રાય છે',

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોને ઉત્તરવહીઓ ઓછી આપવાની દિશામાં સિન્ડિકેટનું વલણ છે; પણ તે અંગે સદરહુ પ્રસ્તાવમાં જણાવ્યા મુજબની સંખ્યા નિયત કરવાની તરફેણમાં આ સભાગૃહ નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૪૨. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" પરીક્ષકો/પ્રાશ્નિકોની નિમણૂકોને યુનિવર્સિટી 'ખાનગી બાબત' ગણે છે; તેથી તે અંગેના અન્યાયો અને અનિયમિતતાઓ વિષે લાગતાવળગતા અધ્યાપકો અને આચાર્યો યુનિવર્સિટીને ફરિયાદ કરી શકતા નથી, અને કરે છે તો 'ખાનગી બાબત' ના નિયમ હેઠળ તેમની ફરિયાદો પર કાર્યવાહી થતી નથી તેથી પરીક્ષાનું પરિણામ જાહેર થયા પછી પરીક્ષકો/પ્રાશ્નિકોનાં નામોની યાદી તમામ અધ્યાપકો અને આચાર્યોની જાણ માટે પ્રગટ કરવામાં આવે તેમજ તે અંગેની ફરિયાદો પર કાર્યવાહી કરવામાં આવે તેવો સેનેટની આ સભાનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાશ્નિકો–પરીક્ષકોની નિમણૂકો અંગે કાર્ડપદ્ધતિ દાખલ કર્યા પછી તે અંગે અનુભવ જોઈને સદરહુ પ્રસ્તાવ પર વિચારણા કરવી યોગ્ય થશે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૪૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે સંલગ્ન કૉલેજોના આચાર્યો અને અધ્યાપકો માટે પ્રૉવિડંટ ફંડના નિયમોમાં નીચે પ્રમાણેની જોગવાઈઓ કરવામાં આવે :

(૧) આચાર્ય કે અધ્યાપક એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં જાય ત્યારે તેમનું પ્રૉવિડંટ ફંડનું ખાતું પણ તેમની સાથે જે તે સંસ્થામાં ટ્રાન્સફર થાય.

(૨) કૉલેજોના પ્રૉવિડંટ ફંડના ટ્રસ્ટી મંડળમાં આચાર્ય ઉપરાંત અધ્યાપકોએ પસંદ કરેલા બે અધ્યાપક-પ્રતિનિધિઓ અને એક બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવે.

(૩) કૉલેજનું પ્રૉવિડંટ ફંડનું ખાતું લાગતાવળગતા સરકારી ખાતામાં માન્ય કરાવી લેવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના આચાર્યો અને અધ્યાપકો માટે પ્રૉવિડન્ટ ફંડનાં હાલનાં ધારાધોરણો પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૪૪. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને વિનંતી કરે છે કે (૧) સંલગ્ન કૉલેજોના પૂરા સમયના અધ્યાપકોને લાગુ પડતી નોકરીની શરતો ખંડ સમયના અધ્યાપકોને પણ જરૂરી ફેરફારો સાથે લાગુ પાડવામાં આવે, અને (૨) પૂરા સમયના અધ્યાપકોને મળતાં વેતનો, ભથ્થાંઓ અને ઈજાફાઓ બરાબર અડધોઅડધ મળે તેવી જોગવાઈ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના ખંડ સમયના શિક્ષકોના વેતન અંગેનાં ધારાધોરણોમાં સિન્ડિકેટે તાજેતરમાં જે સુધારા કર્યા છે તે પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૪૫. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર પ્રા. અંબુભાઈ ટી. દેસાઈ અને પ્રા. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની ગવર્નિંગ બૉડી અંગે યુનિવર્સિટી ધારા મુજબ Properly Constituted Governing bodyની જોગવાઈને મૂર્ત સ્વરૂપ આપવા પ્રત્યેક સંસ્થા માટે નીચે સૂચવ્યા પ્રમાણે ગવર્નિંગ બૉડીની રચના કરવા યુનિવર્સિટી પ્રવૃત્ત બને તે માટે લાગતાંવળગતાં સત્તામંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે :

ગવર્નિંગ બૉડીનું સૂચિત માળખું

		સભ્ય-સંખ્યા
૧. ટ્રસ્ટી મંડળના પ્રતિનિધિઓની સંખ્યા	...	૩
૨. કૉલેજ/સંસ્થાના આચાર્ય/અધ્યક્ષ (સભ્ય અને મંત્રી)	...	૧
૩. અધ્યાપકોએ પસંદ કરેલા અધ્યાપકોના પ્રતિનિધિઓની સંખ્યા	...	૩
૪. બિન-શૈક્ષણિક કર્મચારીઓના પ્રતિનિધિની સંખ્યા	...	૧
૫. વિદ્યાર્થી પ્રતિનિધિની સંખ્યા	...	૧
૬. યુનિવર્સિટીના પ્રતિનિધિની સંખ્યા	...	૧
		કુલ ૧૦ "

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૪૬. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

"(અ) ગુજરાત યુનિ. કાયદાના સુધારા દ્વારા સંલગ્ન કૉલેજોની ફી અંગે નિયમન કરવાની જે સત્તા પ્રાપ્ત થઈ છે, તેને આ સભા આવકારે છે અને યુનિ. પાસેથી એવી અપેક્ષા રાખે છે કે વિદ્યાર્થીઓને અપાતી શૈક્ષણિક અને ઇતર સગવડોના પ્રમાણમાં જ વિદ્યાર્થીઓ પાસેથી ફી ચાર્જ કરવામાં આવે તેવો પ્રબંધ કરે.

(બ) જો વિવિધ (નાની અને મોટી) કૉલેજોમાં ફીનું ધોરણ એક જ રાખવું પડે એમ હોય, તો વિશાળ સંખ્યા ધરાવતી કૉલેજો, ફીની આવકમાંથી જે પુરાંત જન્માવે તેનો ઉપયોગ, વિદ્યાર્થીઓને વિશેષ સવલતો આપવામાં કરે અથવા શૈક્ષણિક કે બિનશૈક્ષણિક સ્ટાફને વધુ સારી વર્કિંગ કન્ડિશન્સ પૂરી પાડવામાં જ કરે.

(ક) આવી પુરાંતો ઈયર-માર્ક્ડ ફન્ડ્સ તરીકે જ રાખવામાં આવે અને તેનો ઉપયોગ કૉલેજના વિકાસ સિવાયના હેતુ માટે ન કરવામાં આવે તેવો પ્રબંધ કરવામાં આવે.

ઉપરનાં સૂચનો અંગે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૪૭. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રવર્તમાન પરીક્ષાપદ્ધતિ અને તેના વ્યવહારોમાં વિવિધ વિષયોમાં અપાતા વર્ગો અને ગુણ સમાન કક્ષા અને એકરૂપતા વ્યક્ત કરતા હોતા નથી તે એક મોટી ક્ષતિ છે.

જુદા જુદા વિષયોમાં પરીક્ષા પ્રાપ્ત ગુણ અને વર્ગ જ કોઈ નોકરી, ઉચ્ચ અભ્યાસ માટેની ક્ષમતા અને શૈક્ષણિક લાયકાતના આધારસ્તંભ લેખાતા હોય તો આવી એકરૂપતા લાવવી આવશ્યક છે. આ દિશામાં યોગ્ય વિચારણા કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં ચોક્કસ સૂચનોના અભાવે અભિપ્રાય આપવાનું શકય નથી એમ સેનેટને જણાવવું.

૪૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"કેટલીક કૉલેજો જીમખાના અને ઇતર પ્રવૃત્તિ ફી ઉઘરાવે છે અને તેમાંથી પુરાંત ઉપસ્થિત કરે છે. હવે જ્યારે યુનિવર્સિટીને ફી અંગે નિયમન કરવાની સત્તા પ્રાપ્ત થઈ છે તો તે સંદર્ભમાં આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને એવું સૂચન કરે છે કે કૉલેજો આવી ફીમાંથી સામાન્ય રીતે પુરાંત ઉપસ્થિત ન થાય તે રીતે ફીનું આયોજન કરે અને જો કદાચ કોઈ કારણસર પુરાંત ઉપસ્થિત થાય તો તે ઈયર-માર્ક્ડ રહે અને તે પછીના વર્ષમાં જે હેતુસર તે ફી એકત્રિત થઈ હોય તે માટે જ ખર્ચાય તેવું નિયમન કરવા વિચારણા કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૪૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"(અ) વ્યાખ્યાતાઓ અને પ્રાધ્યાપકો પાસેથી ફુટીન લેક્ચર્સની અવેજીમાં અથવા તો એના પૂરક તરીકે વિવિધ વિષયના ઉચ્ચ કક્ષાના પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનો ટેપ-રેકોર્ડ કરાવી કૉલેજોને ઉપયોગમાં લેવાની યોજના વિચારી તેને સાકાર કરવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને આ સભા વિનંતી કરે છે.

(બ) આવી કોઈ યોજનાને ઉત્તેજન આપવાનું યુનિવર્સિટીને યોગ્ય લાગે અને છતાં તેને ફરજિયાત બનાવવાનું ઉચિત ન લાગે તો કૉલેજો તેનો ઐચ્છિક ધોરણે અમલ કરી શકે તેવી જોગવાઈની યોગ્યતા વિચારવા અધિકૃત મંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું.

૫૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રવર્તમાન શૈક્ષણિક વ્યવસ્થામાં વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની કૉલેજોમાં વિદ્યાર્થીઓ વાચનલેખન કાર્ય ફરજિયાત કરે તેવી કોઈ જોગવાઈ નથી. આ બાબતમાં નબળું મોટિવેશન હોવાથી વિદ્યાર્થીઓ ઇષ્ટ પ્રકારનું અને પર્યાપ્ત કહી શકાય તેવું વાચનલેખન ટાળે છે અને પોતાની લેખનવિવરણ-શક્તિ વિકસાવતા નથી.

આ પરિસ્થિતિ ટાળવા પ્રવર્તમાન સંજોગોમાં એ આવશ્યક લાગે છે કે માત્ર વ્યાખ્યાનો ભરવાને બદલે વિદ્યાર્થીઓ અમુક સ્પેસિફાઈડ વાચનકાર્ય પણ કરે અને સાથે એસાઈનમેન્ટના સ્વરૂપમાં તેની પાસેથી લેખનકાર્ય પણ લેવામાં આવે. આવી યોજના ફરજિયાત બનાવવી યોગ્ય ન લાગતી હોય તો કૉલેજો ઐચ્છિક ધોરણે તે અપનાવે તેવી જોગવાઈ કરવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળો કોઈ યોજના ઘડી કાઢે તેવી સેનેટની આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો ઠરાવ કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૫૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"આપણી પરીક્ષાઓમાં પરીક્ષાર્થીઓનાં મૂલ્યાંકનના પરિણામે વિદ્યાર્થીઓને ગુણ આપવાને બદલે માત્ર એ, બી, સી, ડી, ઈ... વર્ગો જ આપવાના સૂચન પર વિચારણા કરવા એકેડેમિક કાઉન્સિલ તેમ જ અન્ય અધિકૃત મંડળોને આ સભા વિનંતી કરે છે. (આવી વ્યવસ્થા અમલી બનતાં ચોકસાઈનો આભાસ ઊભો કરતી ગુણ આપવાની મનસ્વી અને અવૈજ્ઞાનિક પદ્ધતિની મર્યાદામાંથી આપણે મુક્તિ મેળવી શકીશું તેમ જ પરીક્ષકોનું કાર્ય પણ પ્રમાણમાં સહેલું બનશે.)"

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાપદ્ધતિ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે એક સમિતિ નીમેલી છે એમ સેનેટને જાણ કરવી.

૫૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી પોતાનાં પુસ્તકો તાકીદે છપાવીને બહાર પાડી શકે તે માટે યુનિવર્સિટી પ્રેસમાં પુસ્તક-પ્રકાશન માટે અલગ વિભાગ કરી પુસ્તક-પ્રકાશન અંગેનું કામકાજ પ્રેસમાં બીજાં કામોને કારણે ખોરંભે ન પડે તે માટે પ્રકાશન વિભાગને જોગવાઈ માટે યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રમાં રૂપિયા એક લાખ સુધીની જોગવાઈ કરવી અને યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧--૭૨ના અંદાજપત્રના પાન ઉના ૧૬મા મથાળામાં રૂ. ૫,૦૩,૫૦૦ને બદલે રૂ. ૬,૧૩,૫૦૦ની જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કક્ષાનાં પુસ્તકોના પ્રકાશન માટે રાજ્ય સરકારે બોર્ડની તાજેતરમાં રચના કરેલ છે તે જોતાં યુનિવર્સિટી પ્રેસના અંદાજપત્રમાં સદરહુ પ્રસ્તાવમાં જણાવ્યા મુજબની જોગવાઈ કરવાની જરૂર નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૫૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ધારાશાસ્ત્ર વિદ્યાશાખામાં યોગ્ય સંશોધનને ઉત્તેજન મળે તે હેતુથી યુનિવર્સિટી તરફથી સ્કૂલ ઑફ લૉ તાકીદે શરૂ કરવા યુનિવર્સિટીના યોગ્ય સત્તામંડળને જરૂરી પગલાં લેવા સેનેટની આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે પાંચમી પંચવર્ષીય યોજનામાં વિકાસ કાર્યોમાં યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૉ શરૂ કરવા માટે સિન્ડિકેટે આ અગાઉ વિચારેલું છે એમ સેનેટને જાણ કરવી.

૫૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે યુનિવર્સિટી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ, રાજ્ય સરકારનાં ધારાધોરણને લક્ષમાં લઈને તેમના મૂળ પગારમાં ભેળવવો અને તેનો અમલ તા. ૧--૪--૧૯૭૧થી કરવા માટે ૧૯૭૧--૭૨ના અંદાજપત્રના પાના 'પ' ઉપર 'કર્મચારી વર્ગ ખર્ચ' એ મથાળા હેઠળ અંદાજે ખર્ચમાં પ્રતીક તરીકે રૂ. ૫૦,૦૦૦નો વધુ સમાવેશ કરી તે મથાળે કુલ ખર્ચ રૂ. ૭,૭૭,૩૫૦ આકારવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો પ્રશ્ન હાલ વિચારણા હેઠળ છે એમ સેનેટને જાણ કરવી.

૫૫. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આ અગાઉ યુનિવર્સિટી સિન્ડિકેટે પ્રકટ કરેલી તેની ઇચ્છાને લક્ષમાં લઈને સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે (૧) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અપાતું સાઇકલ ભથ્થું યુનિવર્સિટીના ધોરણે તેમના મૂળ પગારમાં ભેળવવા માટે; (૨) પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામ માટે રાત્રે આવીને પ્રેસના મકાનમાં કે ખુલ્લામાં ગમે ત્યાં સૂઈ રહીને હાલાકી ભોગવતા પ્રેસ-કર્મચારીઓની સુવિધા માટે ડૉર્મિટરીની વ્યવસ્થા ઊભી કરવા માટે; તેમ જ (૩) યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાને આજે ૧૪ વરસ જેવો લાંબો સમય પસાર થવા છતાં હજુ સુધી એક પણ પ્રેસ-કર્મચારી માટે ક્વાર્ટરની વ્યવસ્થા થઈ શકી ન હોવાથી યુનિવર્સિટી કૅમ્પસમાં ક્વાર્ટર બાંધવા

અંગેની પ્રારંભિક તૈયારી કરવાના ખર્ચ માટે યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રકમાં પ્રતીક તરીકે રૂ. ૧૦,૦૦૦ની જોગવાઈ કરવા પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રના પાન '૩'ના ૧૬મા મથાળા હેઠળ કુલ ખર્ચ રૂ. ૫,૦૩,૫૦૦ને બદલે રૂ. ૬,૧૩,૫૦૦ની જોગવાઈ કરવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અપાતું સાઈકલ ભથ્થું તેમના મૂળ પગારમાં ભેળવવા માટેની બાબત વિચારણા હેઠળ છે એમ સેનેટને જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે પ્રેસના કર્મચારીઓ માટે ડૉર્મિટરીની વ્યવસ્થા અંગે અને રહેઠાણો બાંધવા અંગે, જરૂરી નાણાના અભાવે વિચારણા કરવાનું હાલ શકય નથી એમ સેનેટને જણાવવું.

૫૬. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા આચાર્યશ્રી જી. એમ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"Statute 173 be amended so as to read as under :

St. 173 :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University class or the First Year Diploma class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in No. 1 above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto.

Provided always that a candidate who has not offered Algebra and Geometry or Elementary Mathematics at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)
(*ii*) Algebra-Geometry or Elementary Mathematics
(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination—

(*i*) English (at higher or lower level)
(*ii*) Algebra-Geometry or Elementary Mathematics
(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level)
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry
(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(5) Admission of subjects for the academic year 1971-72 and subsequent year shall be governed by this Statute."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૭. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનારા આચાર્યશ્રી બી. એમ. પંડિતના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" Statute 173 be amended so as to read as under :

St. 173 :

''(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University class or the First Year Diploma class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in No. 1 above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry or Elementary Mathematics at the S.S.C. Examination or an Examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)
(*ii*) Algebra-Geometry or Elementary Mathematics
(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination —

(*i*) English (at higher or lower level)
(*ii*) Algebra-Geometry or Elementary Mathematics
(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level)

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(5) Admission of subjects for the academic year 1971-72 and subsequent year shall be governed by this Statute."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. હીરુભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી સેનેટના સભાસદો પૈકી કેટલાકને તેમની પસંદગીના વિષયોની અભ્યાસસમિતિ નહીં આપી તેનાથી ઓછી લાયકાત અને / અગર અનુભવવાળા સભાસદોને તેમની પસંદગીના વિષયની અભ્યાસસમિતિ ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટે એનાયત કરી પક્ષપાતી નિર્ણય લીધો છે તે અન્યાયી પગલું છે.

તેથી ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા આવા સેનેટના સભાસદોને તેમની પસંદગીના વિષયોની અભ્યાસસમિતિઓ નવેસરથી એનાયત કરવા ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. ભોળાભાઈ બી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી એક્ટ, ૧૯૪૯ની કલમ ૨૦ની પેટાકલમ ૧૧માં વાપરેલ 'સ્ટાફ' શબ્દનું અર્થઘટન અત્યાર સુધી યુનિવર્સિટી અને કૉલેજ સત્તામંડળોએ 'સંલગ્ન કૉલેજોના શૈક્ષણિક કર્મચારીઓ માટે છે' તેવું અર્થઘટન કર્યું છે અને તેને લઈ સંલગ્ન કૉલેજોના હજારો બિનશૈક્ષણિક કર્મચારીઓને જે શોષવું પડ્યું છે તે બદલ આ સભા દુ:ખ વ્યકત કરે છે અને આવા અર્થઘટનને લઈ બિનશૈક્ષણિક કર્મચારીઓને જે શોષવું પડ્યું છે તેનું વળતર આ કર્મચારીઓને અપાવવા કૉલેજ સંચાલક મંડળોને ભલામણ કરવા આ સભા યુનિવર્સિટી સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૦. સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૨-૧૯૭૧ની સભામાં શ્રી. એન. એમ. દાશીના રસાયણ-વિજ્ઞાનના વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા રેફરીની નિમણૂક કરી છે તે રદ કરવા તથા શ્રી. બી. એસ. જોષીના રસાયણવિજ્ઞાનના નીચેના વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા રેફરીની ક્રમાનુવર્તી નીચે મુજબ નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર વિચારણા કરવા બાબત :

Name of the student	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri B. S. Joshi	"Studies on soils, including Physico-chemical, Chemical and Engineering Properties Inter Action between (*i*) Soils and Salt solutions : (*ii*) Soil and Stabilzing Agents and their application in Salt manufacture"	Shri D. S. Datar	1. Dr. J. M. Van Satveren, Director, International Institute of Land Reclamation & Improvement Mageningen, The Netherlands. 2. Dr. Dan Zaslavsky, Head of the Soil Physics and Chemistry Lab. Technion, Israel, Institute of Technology, Technion City, Haifa, Israel. 3. Prof. Milbon J. Rosen, Dept. of Soil Sciences, Brooklyn College, Bedford Ave and Ave H. Brooklyn, New York, 11210. 4. Prof. M. G. Spanglar, M.S., Civil Engineering Dept., Iowa State University of Science and Technology, AMES, Iowa, 50100, U.S.A. *For Viva* 1. Dr. I. S. P. Raychoudhari E. C-9, Indarpuri, New Delhi-12 2. Prof. R. K. Katti, Civil Engineering Dept., Indian Institute of Techology, Bombay-76 3. Dr. Mata Prasad, Mathura Nivas, 4281, Pippal Mandi, Agra.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૬૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) યુનિવર્સિટી વીમેન્સ એસોસિયેશનને તા. ૧૪—૨—૧૯૭૧ના રોજ તેમના પરિસંવાદ યોજવા માટે તથા રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળની સભા માટે તા. ૧૩—૨—૧૯૭૧ના રોજ સેનેટ ખંડ વાપરવા માટે તેમ જ તેમને ભાડામાંથી મુક્તિ આપ્યાના,

(૨) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકારીને જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય
૧.	શ્રી. કે. કે. બોકીલ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન
૨.	શ્રી. આઈ. સી. દવે	વિજ્ઞાન—વનસ્પતિવિજ્ઞાન
૩.	શ્રી. હરીશચંદ્ર	વિજ્ઞાન—ભૌતિકવિજ્ઞાન
૪.	શ્રી. એસ. પી. ગુપ્તા	વિજ્ઞાન—ભૌતિકવિજ્ઞાન

(૩) સિન્ડિકેટની તા. ૩૦—૧—૧૯૭૧ની સભાના કમકાજની યાદીમાં બાબત નં. ૪૨ના ઠરાવમાં છાપભૂલ સુધારીને તે ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધાર્યાના :

"આથી ઠરાવવામાં આવે છે કે, વર્ષ ૧૯૬૮ના જાન્યુઆરી અને જુલાઈ માસમાં થર્ડ એમ.બી.,બી.એસ.ની બે વધારાની પરીક્ષાઓ લેવાઈ તેમાં ઉત્તીર્ણ થઈને એમ.ડી., એમ.એસ. અગર તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમાનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને નીચે મુજબ બે તે પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી :

થર્ડ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પસાર કર્યાનું વર્ષ	એમ.ડી. અગર એમ.એસ.ની પરીક્ષામાં બેસવાનું વર્ષ	તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમા પરીક્ષામાં બેસવાનું વર્ષ
જાન્યુઆરી ૧૯૬૮	ઑક્ટોબર ૧૯૭૧	——
જુલાઈ ૧૯૬૮	માર્ચ ૧૯૭૨	માર્ચ ૧૯૭૧"

(૪) શિક્ષણશાસ્ત્ર વિભાગ માટે સાધનસામગ્રી તથા 'Audio-visual Aids' ખરીદવા માટે ચોથી પંચવર્ષીય યોજનાના ગાળામાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના ફેબ્રુઆરી ૧૯૭૧ના પત્રાંક F.28–19/71 (H.II)થી રૂ. ૨૦,૦૦૦ની Basic Grant મંજૂર કર્યાના તથા તે પેટે હાલ રૂ. ૧૦,૦૦૦ની 'On Account' Grant ચૂકવવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદનું જૂન ૧૯૭૨થી વિભાગીકરણ થતું હોઈ તેમ જ આર્ટ્સ કૉલેજનું કૉમર્સ કૉલેજ

સાથે જોડાણ થતું હોઈ આ કૉલેજનું નામ બદલીને નીચે પ્રમાણે રાખવાની મંજૂરી આપવાની વિનંતી કરતા સદરહુ ટ્રસ્ટના મંત્રીશ્રીના તા. ૧૦-૨-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ

(૨) શ્રી. આર. કે. પરીખ સાયન્સ કૉલેજ, પેટલાદ.

આથી ઠરાવવામાં આવે છે કે પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર. કે. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પેટલાદનું વિભાજન જૂન ૧૯૭૧થી મંજૂર કરવામાં આવ્યેથી તે કૉલેજોનાં નામ ઉપર મુજબ રાખવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૬૩ કૉલેજ હૉસ્પિટલ. દાહોદને ઑ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા માટે હૉસ્પિટલના મેડિકલ ઑફિસર તરફથી આવેલા તા. ૧૨-૧-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. આર. એલ. વાદી

૨. ડૉ. છોટુભાઈ એચ. નાયક.

૬૪. ફેબ્રુઆરી ૬ થી ૧૨, ૧૯૭૨ના સમય દરમિયાન દિલ્હી મુકામે ઇન્ટરનેશનલ યુનિયન ઑફ પ્યૉર એન્ડ ઍપ્લાઇડ કેમિસ્ટ્રી દ્વારા 'કેમિસ્ટ્રી ઑફ નેચરલ પ્રોડક્ટ' પર આઠમો આંતરરાષ્ટ્રિય પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર પરિસંવાદના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. જે. ત્રિવેદીને (અને સંજોગવશાત્ તેઓ ન જઈ શકે તો ડૉ. જે. પી. ત્રિવેદીને) મોકલવા અને તે માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ભાડાભથ્થા ઉપરાંત રજિસ્ટ્રેશન ફીના રૂ. ૨૦૦નું ખર્ચ મંજૂર કરવું.

૬૫. માર્ચ ૨૦ અને ૨૧, ૧૯૭૧ના સમય દરમિયાન આણંદ મુકામે ધી ઑલ ઇન્ડિયા ટાઇમ પ્રિવેન્શન સોસાયટી 'ઇમ્પેક્ટ ઑફ કૉમ્યુનલ ડિસહૉર્મની ઑન લૉ એન્ડ ઑર્ડર સિચ્યુયેશન' પર એક પરિસંવાદ યોજે છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના જનરલ સેક્રેટરી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એ. જે. પંડ્યાને મોકલવા.

૬૬. તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ની સિન્ડિકેટની સભામાં 'વિદ્યા' જર્નલને જૂન ૧૯૭૧ પછી 'વિનયનવિદ્યા' અને 'વિજ્ઞાનવિદ્યા' એમ બે ભાગમાં પ્રસિદ્ધ કરવાનું ઠરાવેલ છે તેના

અનુસંધાનમાં આચાર્ય યશવંતભાઈ પ્રા. શુકલે તેમના તા. ૪-૨-૧૯૭૧ના પત્રથી 'સમાજ-વિદ્યા' નામે ત્રીજું મુખપત્ર પણ પ્રગટ કરવા માટે કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં સંશોધન સામયિકો—વિનયનવિદ્યા અને વિજ્ઞાનવિદ્યા એમ બે જુદા જુદા અંકો પ્રસિદ્ધ કરવાનું હજુ હમણાં જ કરાવેલું છે તે જોતાં સમાજવિદ્યાઓ માટેનું સામયિક 'વિનયનવિદ્યા'માંથી હાલ છૂટું પાડવું નહિ.

૬૭. સામાજિક પરિવર્તન(સોશિયલ ચેઇન્જ)નો વિભાગ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સ્થાપવા તેમ જ તે વિભાગ માટેની જુદી જુદી જગ્યાઓ ઊભી કરવા માટે યુ. જી. સી. એ આર્થિક સહાય કરવાની અશકિત દર્શાવેલ હોઈ મજકૂર જગ્યાઓ ભવનમાં સ્થાપવાની કાર્યવાહી આગળ ચલાવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ સ્થાપવા અંગેની કાર્યવાહી આગળ ચલાવવી નહિ.

૬૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય વડે બાંધેલાં મકાનોને નામ આપવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૨-૧૯૭૧ના પત્ર નંબર એફ. 33-14-65 (સીયુપી., સીડીએન.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામકની એક જગ્યા માટે વરણીસમિતિની તા. ૨૬-૨-૧૯૭૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. સિન્ડિકેટે નીમેલી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૭-૨-૧૯૭૧ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૭-૨-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭-૨-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૭૧. પ્રકાશન બોર્ડની તા. ૧૮-૨-૧૯૭૧ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૧૮-૨-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી:

(સદરહુ બોર્ડની તા. ૧૮-૨-૧૯૭૧ની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૭૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૬-૨-૧૯૭૧ના પત્રાંક એફ-૧૧-૧-૭૦ (એસ. આઈ.) કે જેનાથી આપણે ત્યાં ૧૯૭૧માં સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન કેમિસ્ટ્રી ફૉર કૉલેજ ટીચર્સ; સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના સહકારથી યોજવા માટે મંજૂરી આપવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના વ્યાખ્યાતા સર્વશ્રી કે. પી. સોની તથા આઈ. એમ. ભટ્ટને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનમાં ૧૯૭૧ના ચાલુ વર્ષના એપ્રિલ માસ સુધી ચાલુ સત્રમાં વધુ ૨૦ વ્યાખ્યાનો આપવા અંગેની પરવાનગી માગતા તેઓના તા. ૪-૨-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.-(૧) સિન્ડિકેટે તેની તા. ૨૧-૧૧-૧૯૭૦ની સભામાં આ બંને સભ્યોને ચાલુ સત્ર દરમિયાન ૨૦ વ્યાખ્યાનો આપવાની પરવાનગી આપવામાં આવી હતી.

(૨) તેઓને એક કલાકના વ્યાખ્યાન દીઠ રૂ. ૧૫નું માનદ વેતન મળશે. વ્યાખ્યાનનો સમય સવારના ૮ થી ૧૦ સુધીનો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી કે. પી. સોની તથા આઈ. એમ. ભટ્ટને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇનમાં ચાલુ વર્ષના એપ્રિલ માસ સુધી વધુ વીસ-વીસ વ્યાખ્યાનો આપવા માટે તથા તે માટેનું ઉપર જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૭૪. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડમાં પુસ્તક લખવા માટેની સવેતન કામગીરી કરવા અંગેની પરવાનગી માગતા ભાષા-સાહિત્ય ભવનના સર્વશ્રી એચ. સી. ભાયાણી તથા આર. જે. જોશીના અનુક્રમે તા. ૮-૨-૧૯૭૧ તથા તા. ૭-૨-૧૯૭૧ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.-(૧) સર્વશ્રી ભાયાણી તથા જોશી અનુક્રમે 'ભાષાવિજ્ઞાન પરિચય' અને 'ભારતીય નવલકથા' લખનાર છે. દરેક પુસ્તકનાં આશરે ૨૫૦ પાનાં થનાર છે.

(૨) આ કામગીરી અંગે એક પાનાના રૂ. ૧૫ લેખે રૂ. ૩,૭૫૦નું પારિશ્રમિક દરેકને મળશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી એચ. સી. ભાયાણી તથા આર. જે. જોશીને અનુક્રમે 'ભાષાવિજ્ઞાન પરિચય' અને 'ભારતીય નવલકથા' એ વિષય પર પુસ્તક તૈયાર કરવા માટેની યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની કામગીરી સ્વીકારવા માટે તથા તે માટેનું ઉપર જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૭૫. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદમાં ફ્રેન્ચ વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા ન મળે ત્યાં સુધી ટ્યૂટર શ્રીમતી એ. એસ. કક્કડ દ્વારા શિક્ષણકાર્ય કરવાની પરવાનગી માગતાં સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૯-૨-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.- શ્રીમતી એ. એસ. કક્કર બી.એ.ની પદવી ફ્રેન્ચ વિષય સાથે બીજા વર્ગમાં ધરાવે છે તથા Alliance Francis, Bombay દ્વારા અપાયેલ ફ્રેન્ચ વિષયનો ડિપ્લોમા ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એ. એસ. કક્કડને ફ્રેંચના ટ્યૂટર તરીકે નીમીને ચાલુ સત્ર પૂરતું ફ્રેંચનું શિક્ષણકાર્ય ચલાવવા માટે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૭૧થી જરૂરી લાયકાત ધરાવતા ફ્રેંચના વ્યાખ્યાતાને નીમવા આવશ્યક રહેશે અને જો તેવી નિમણૂક કરવામાં આવશે નહિ તો ફ્રેંચના વિષય માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.

૭૬. ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળે કુલાધિપતિશ્રી સમક્ષ તા. ૧૩-૪-૧૯૭૧ના રોજ રજૂ કરેલ માગણીઓ તથા તેના સંદર્ભમાં તા. ૨૦-૨-૧૯૭૧ના રોજ સુરત મુકામે મળેલ જૉઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની સભાએ કરેલા ઠરાવો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે :

(૧) ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓનાં પગારધોરણો, તેની સમકક્ષ જગ્યાઓ માટેનાં રાજ્ય સરકારનાં તથા રાજ્યની અન્ય યુનિવર્સિટીઓનાં પગારધોરણોના પ્રમાણમાં ઠીક ઠીક સારાં છે તે જોતાં પગારધોરણો સુધારવાનું હાલ શક્ય નથી;

(૨) સંલગ્ન કૉલેજોના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણોની બાબતમાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલરોના જૉઇન્ટ બોર્ડે કરેલા ઠરાવને અનુલક્ષીને, રાજ્ય સરકારનાં અને ગુજરાત યુનિવર્સિટીનાં પગારધોરણો નજર સમક્ષ રાખીને સુધારવા માટે સંલગ્ન કૉલેજોને ભલામણ કરવી.

(નોંધ.—આ બાબતના સંદર્ભમાં સ્પષ્ટતા કરવી કે ગુજરાત યુનિવર્સિટીના હાલના કાયદા હેઠળ બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓ માટે પગારધોરણો નિયત કરવાની યુનિવર્સિટીને સત્તા નથી. દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી ધોરણમાં ઘટતો સુધારો કરવા માટે રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાઓના આધુનીકરણ અંગે રાજ્ય સરકારે નીમેલા ડૉંગરકરી કમિશનને ગુજરાત યુનિવર્સિટીએ આ પહેલાં ભલામણ કરેલી જ છે.)

(૩) ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું અંશતઃ ભેળવવાની બાબત હાલ રાજ્યની યુનિવર્સિટીઓના વાઇસ-ચાન્સેલરોના સંયુક્ત બોર્ડની વિચારણા હેઠળ હોઇ તે અંગે તે બોર્ડની ભલામણની રાહ જોવી;

(૪) ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને રહેઠાણ પૂરું પાડવાનો બાબતમાં યુનિવર્સિટીએ ૧૯૭૦—૭૧ના વર્ષમાં થોડાંક મકાનો બાંધવા માટે જોગવાઈ કરી છે, અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ આર્થિક સહાય મળવાની જે અપેક્ષા છે તે મળ્યેથી વધુ રહેઠાણો પૂરાં પાડવાનું વિચારી શકાશે એમ સ્પષ્ટતા કરવી;

(૫) યુનિવર્સિટીના કર્મચારીઓ માટે તેના આરોગ્ય કેન્દ્રમાં હાલ જે તબીબી સહાય આપવામાં આવે છે તેથી વધુ સહાય આપવાનું, તે અંગેની આર્થિક જોગવાઈ ન થઈ શકે ત્યાં સુધી વિચારી શકાય તેમ નથી;

(૬) યુનિવર્સિટીના કર્મચારીઓને તેમનાં બાળકોના શિક્ષણને માટે સહાય કરી શકાય તે માટે કર્મચારીઓને માટે 'વેલ્ફેર ફન્ડ' ઊભું કરવાનું રાખવું;

(૭) ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળને માન્યતા આપી શકાય તેમ નથી એમ સ્પષ્ટતા કરવી. વધુમાં યુનિવર્સિટીના કર્મચારીઓના મંડળને માન્યતા આપવાનો પ્રશ્ન વાઇસ-ચાન્સેલરોનાં બોર્ડની વિચારણા હેઠળ હોઈ તેનો ભલામણની રાહ જોવી. દરમ્યાન કર્મચારીઓની બનેલી (consultative) સમિતિ રચવાનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરવો;

(૮) સેનેટ—સિન્ડિકેટમાં યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને પ્રતિનિધિત્વ આપવાની બાબતના સંદર્ભમાં સ્પષ્ટતા કરવી કે ગુજરાત યુનિવર્સિટીનો હાલનો કાયદો અને ડૉંગરકરી કમિશનની થઈ રહેલી કાર્યવાહી જેનાં હાલને તબક્કે આ બાબતમાં વિચારણા કરી શકાય તેમ નથી; અને

(૯) યુનિવર્સિટીના કર્મચારીઓ હાલ ઓવરટાઇમ કામ કરતા નથી, તે સંજોગોમાં આ તબક્કે આ પ્રશ્ન પર વિચારણા કરવાનું રહેતું નથી.

બાબત નં. ૭૭ અને ૭૮ની વિચારણા સાથે કરવામાં આવી.

૭૭. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈમાં જૂન ૧૯૭૧થી ઑર્ગેનિક કેમિસ્ટ્રી પાર્ટ ૧-૨ નું અનુસ્નાતક શિક્ષણ આપવા કેન્દ્ર સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ--(૧) હાલ ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ત્યાં છે.

(૨) સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	ઑર્ગેનિક કેમિસ્ટ્રી
૧. ડૉ. સી. સી. શાહ--શિક્ષક, આઈ.	૧. ડૉ. સી. સી. શાહ—શિક્ષક, આઈ.
૨. ડૉ. ડી. એન. વ્યાસ—શિક્ષક, આઈ. એન્ડ પી.	૨. ડૉ. ડી. એન. વ્યાસ—શિક્ષક, આઈ. એન્ડ પી.
૩. શ્રી. આર. સી. શાહ—શિક્ષક, ઑર્ગેનિક	૩. ડૉ. એમ. એચ. દેસાઈ—ઑર્ગેનિક હજી જોડાવાના છે.

૭૮. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી નીચેની કૉલેજો તરફથી તેમનાં નામ સામે જણાવેલ પદવી અને વિષયમાં જૂન ૧૯૭૧થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલી અરજીઓ પરથી તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી
૧.	એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ	એમ.એ.	ગુજરાતી	નૉર્થ	શ્રી. એન. સી. શાહ (શિક્ષક) શ્રી. જે. કે વ્યાસ (શિક્ષક) શ્રી. એસ. સી. પટેલ (મદદનીશ) (પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.)
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ	એમ.એ.	ગુજરાતી	નૉર્થ	પ્રિ. પી. એચ. ભટ્ટ (માન્ય અનુસ્નાતક શિક્ષક) મિસ એસ. એન. ભટ્ટ (મદદનીશ શિક્ષક) કુ. ભાનુમતીબહેન જાની (જેઓ જૂન '૭૧થી પ્રોફેસર તરીકે તેમની કૉલેજમાં જોડાશે. માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે.)

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી
૩.	એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ	એમ.એ.	હિંદી	નૉર્થ	શ્રી. એચ. જી. શુકલ (શિક્ષક) શ્રી. આર. પી. શાહ (હાલમાં મદદનીશ શિક્ષક, પરંતુ જૂન ૧૯૭૧થી અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતાને પાત્ર થશે.)
૪.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	એમ.એ.	ઇતિહાસ, અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'	ખેડા	શ્રી. એસ. એસ. રાજ (શિક્ષક—જૂથ 'સી') શ્રી. બી. પી. પટેલ (મદદનીશ — જૂથ 'એ' અને 'સી') શ્રી. એમ. આર. સોલંકી (મદદનીશ — જૂથ 'એ' અને 'બી') શ્રી. બી. આર. પુરાણી (મદદનીશ — જૂથ 'એ' અને 'સી') (પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.)
૫.	સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ 'સી' અને 'ડી'	નૉર્થ	શ્રી. આઈ. જે. ધ્રુવ (શિક્ષક — જૂથ 'એ' અને 'સી') શ્રી. કે. વી. વસાવડા (શિક્ષક—જૂથ 'બી' અને 'ડી') શ્રી. બી. એમ. ભટ્ટ (શિક્ષક)
૬.	સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	નૉર્થ	શ્રી. એમ. જી. ઉમરાવગર (અનુ. શિક્ષક--જૂથ 'બી') શ્રી. વાય. એમ. પંડ્યા (અનુસ્નાતક શિક્ષક-જૂથ 'બી') શ્રી. આઈ. આર. પટેલ (અનુસ્નાતક શિક્ષક--સ્ટેટિસ્ટિક્સ)
૭.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ચેટલાદ	એમ.એ.	અર્થશાસ્ત્ર	ખેડા	શ્રી. વાય. જે. ઠાકોર (અનુસ્નાતક શિક્ષક) શ્રી. પી. ડી. બારવા (તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને છે. શ્રી. પી. એમ. ઉપાધ્યાય (તેમનો જે અનુભવ દર્શાવ્યો છે તે મુજબ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર બને છે.)

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	વિષય	ઝોન	સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી
૮.	સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	નૉર્થ	૧. ડૉ. વી. એ. વ્યાસ (શિક્ષક—ઑર્ગેનિક કેમિસ્ટ્રી) ૨. શ્રી. એચ. સી. પટેલ (શિક્ષક—ઑર્ગેનિક કેમિસ્ટ્રી)
૯.	એમ. એન. કૉલેજ, વીસનગર	એમ.એ.	સંસ્કૃત	નૉર્થ	૧. શ્રી. કે. જે. અજબિયા (શિક્ષક) ૨. શ્રી. જે. એસ. પટેલ (મદદનીશ) ૩. શ્રી. એન. જે રાવલ (જૂનથી મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે.)
૧૦.	ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	એમ.એ.	સંસ્કૃત	નૉર્થ	૧. શ્રી. બી. ડી. ભટ્ટ (શિક્ષક) ૨. શ્રી. વી. જી. પંડ્યા (શિક્ષક)
૧૧.	બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ	એમ.એસસી.	ફિઝિકસ	ખેડા	૧. શ્રી. જે. જી. પટેલ (શિક્ષક) ૨. શ્રી. એમ. સી. શાહ (મદદનીશ શિક્ષક) ૩. શ્રી. ટી. સી. ભાલજા (મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૧થી માન્યતા મેળવવાને પાત્ર થશે.)
૧૨.	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	નૉર્થ	૧. શ્રી. એમ. એસ. વ્યાસ (શિક્ષક—ઇનઑર્ગેનિક) ૨. શ્રી. આઇ. એસ. પટેલ (મદદનીશ—ઇન-ઑર્ગેનિક અને ફિઝિકસ) ૩. શ્રી. એલ. બી. પટેલ (શિક્ષક—ઑર્ગેનિક કેમિસ્ટ્રી) (જૂન ૧૯૭૧થી જોડાશે.) ૪. શ્રી. કે. એન. વોરા (મદદનીશ શિક્ષક, ઑર્ગેનિક કેમિસ્ટ્રી) (જૂન ૧૯૭૧થી જોડાશે.)

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૧—૭૨ના વર્ષમાં આ યુનિવર્સિટીમાં કોઇ પણ વિષયમાં નવું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું નહિ.

૭૯. એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદની જૂન ૧૯૭૧થી સંસ્કૃત-પ્રાકૃત અને ભારતીય સંસ્કૃતિના વિષયો માટે પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી માન્યતા માટે આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૧-૧-૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૧—૧—૧૯૭૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો મંજૂર કરવી :

ક્રમાંક : ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ (૧), ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૨૪, ૨૫ અને ૩૪ (સાથે), ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩ અને ૩૬.

(સદરહુ બોર્ડનો તા. ૨૧—૧—૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડે તેની ઉપરોક્ત નોંધમાં બાબત નં. ૩૦ અંગે કરેલી ભલામણ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે રજૂ કરવામાં આવે ત્યારે એમ.ફાર્મ. થયેલા વિદ્યાર્થીઓ ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં રસાયણવિજ્ઞાનના માન્ય માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી માટે સંશોધનકાર્ય કરી શકે તેવી જોગવાઈ કરવા માટે વિચારણા કરવા માટે સૂચવવું.

(**નોંધ.**—સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૦૮ પછી કરવામાં આવી હતી, પરંતુ સુવિધા માટે તેની નોંધ યથાક્રમે આપવામાં આવી છે.)

૮૧. ગુજરાત ઇકોનોમિક એસોસિયેશનની એક્ઝિક્યુટિવ કમિટીએ ગુજરાતની યુનિવર્સિટીઓમાં અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ સમાન રહે તે હેતુથી ગુજરાત રાજ્યની પાંચ યુનિવર્સિટીની અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના સભ્યો ભાગ લે તે રીતે એક પરિસંવાદ યોજ્યો છે તે પરિસંવાદમાં આપણી યુનિવર્સિટીના અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિના સભ્યોને ભાગ લેવા મોકલવા તથા પરિસંવાદ માટે ટી.એ., ડી.એ. તથા અન્ય ખર્ચ પેટે રૂ. ૩૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીના તા. ૬-૨-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના નીચેના શિક્ષકોને ભાગ લેવા માટે મોકલવા :

૧. પ્રો. ડી. ટી. લાકડાવાલા
૨. શ્રી. જે. એલ. ધોળકિયા
૩. શ્રી. મહેશભાઈ પી. ભટ્ટ
૪. શ્રી. જી. એલ. ભાવસાર, પ્રોફેસર-ઇન-ચાર્જ, ખંભાત
૫. શ્રી. વી. એ. પટેલ, પ્રોફેસર-ઇન-ચાર્જ, ગોધરા
૬. શ્રી. મણિશંકર પી. પંડ્યા, અધ્યક્ષ, અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિ.

૮૨. શ્રી આત્મારામ જૈન હૉસ્પિટલ, વેરાવળને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભાએ નીમેલ સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" I recommend that two or three internees may be posted at this Hospital for their compulsory rotating housemanship in gynaecology and obstetrics."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આત્મારામ જૈન હૉસ્પિટલ, વેરાવળને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ગાયનેકોલોજી અને ઑબ્સ્ટ્રેટિકસના વિષયમાં ત્રણ વિદ્યાર્થીઓની ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્ય કરવી.

૮૩. ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓની તા. ૨૧-૧-૧૯૭૧ની સંયુક્ત સભાની ભલામણ અનુસાર ત્રીજી એલએલ.બી.ની પરીક્ષાના પ્રશ્નપત્ર ૪ અને ૫ના અભ્યાસક્રમની વિગતો મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. લૉ-૧૦(ન્યૂ) સુધારીને તેને તાત્કાલિક (એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાઓને લાગુ પડે તે રીતે) અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. લૉ-૧૦ (ન્યૂ)ને મંજૂર કરવો અને તેને સુધારીને તાત્કાલિક (એટલે કે, માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાઓને લાગુ પડે તે રીતે) અમલમાં મૂકવો.

[મંજૂર કરવામાં આવેલા રેગ્યુ. લૉ-૧૦ (ન્યૂ)ની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.]

૮૪. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની આર્થિક સહાયથી પ્રકાશિત થતાં આ યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ, સ્ટોરેજ વગેરે અંગે પ્રકાશન અંગેના થતા ખર્ચના ૧૦ ટકા જેટલું ખર્ચ આપણે બિલમાં ઉમેરવાનું રાખ્યું છે. પરંતુ હવે સદરહુ બોર્ડ પોતે વેચાણ, સ્ટોરેજ કરતું હોઈ બોર્ડના અધ્યક્ષશ્રીએ તે અંગે હવે પ્રકાશન ખર્ચમાં ૫ ટકા હૅન્ડલિંગ ચાર્જ ગણવા સૂચવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૦ તેમ જ ઑક્ટોબર ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાશ્નિક-પરીક્ષકોના અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલી ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી દલીલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૪-૨-૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૨-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૮૬. પ્રોફેસર ઑફ ફિલોસોફીની જગ્યા અંગે વરણી સમિતિના એક સભ્ય શ્રી. વી. એસ. નરવણે પરદેશ જવાના હોવાથી, આ સમિતિના સભ્યપદ પર કામ કરી શકે તેમ ન હોવાથી, આ સમિતિ અંગે સિન્ડિકેટે 'રિઝર્વ'માં મૂકેલા ડૉ. ટી. પી. મહાદેવનને નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.–સિન્ડિકેટે તેની તા. ૧/૨–૩-૧૯૬૯ની સભામાં બાબત નં. ૫. શ્રી. પી. એસ. નાયક તથા શ્રી. ટી. પી. મહાદેવનનું નામ રિઝર્વમાં મૂકેલું, પણ શ્રી. નાયક એજ્યુકેશન વિષયના પ્રોફેસર હોવાથી તેમને બદલે શ્રી. મહાદેવનની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૭. ફાઇનાન્સ સમિતિની તા. ૨૫-૨-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મધુવનપ્રસાદ કેશરવાનીના તા. ૧૫–૧–૧૯૭૧ના પત્રમાં જણાવ્યા પ્રમાણે વેસ્ટ પેપરનું ટેન્ડર રદ ગણી તેમના ટેન્ડર ડિપૉઝિટના રૂ. ૫૦૦ (પાંચસો) તેઓને પરત કરવા અને ફાઇનાન્સ સમિતિની તા. ૧૨–૧–૧૯૭૧ની સભામાં બાબત નં. ૩માં જણાવેલ ટેન્ડરો પૈકી રાજસ્થાન જનરલ ટ્રેડિંગ કું., લખનૌને પેપરના બાંધાનો રૂ. ૭–૦૫ (૨૦ કિલોના)-નો ભાવ, બાકીનાં ટેન્ડરો પૈકી સૌથી વધુ ભાવ હોવાથી, તેમને તે ભાવથી વેચાતું આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૮. સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭–૧–૧૯૭૧ની સભામાં ઠરાવ્યા અનુસાર સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ સરસપુર વિસ્તારમાં ચલાવવા માટે અન્ય સંસ્થા કે મંડળ તા. ૧૩–૩–૧૯૭૨ સુધીમાં જો અને જ્યારે તૈયાર થાય તો અને ત્યારે તેમ કરવા માટે મંગળ પ્રભાત ટ્રસ્ટ જરૂરી અનુકૂળતા કરી આપશે તેવી બાંયધરી મોકલવાનું જણાવ્યું હતું તે અંગે સદરહુ ટ્રસ્ટના મંત્રીના તા. ૧૮–૨–૧૯૭૧ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટના મંત્રીશ્રીને જણાવવું કે સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭–૧–૧૯૭૧ ની સભામાં કરેલો ઠરાવ સ્વયંસ્પષ્ટ છે, અને તેમાં કશો સુધારો કરવાની જરૂર જણાતી નથી. અને વિશેષમાં ઉમેરવું કે સદરહુ ઠરાવને અનુલક્ષીને કાયદા-કાનૂન અને યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે એ સ્પષ્ટ છે.

૮૯. વિદ્યોત્તેજક મંડળ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદમાં કામ કરતા મોટા ભાગના શિક્ષકોને મે ૧૯૭૦ પછી પગાર ન ચૂકવાયા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે મોડામાં મોડા ચાલુ માસના અંત સુધીમાં તેના તમામ શિક્ષકોને તેમના વેતનની બાકી નીકળતી રકમની પૂરેપૂરી ચુકવણી કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આગળ નં. (૧)માં જણાવ્યા મુજબની ચુકવણી થયાની ખાતરી કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૭--૧૧--૧૯૭૦ની સભામાં બાબત નં. ૬૧ હેઠળ નીમેલી સમિતિને જણાવવું.

૯૦. પ્રી-યુનિવર્સિટીના વાણિજ્યમાં બિઝનેસ મૅથેમેટિકસનો એક નવો પ્રશ્નપત્ર દાખલ કર્યો છે તેનો અભ્યાસક્રમ કૉલેજોમાં સારી રીતે શીખવાય એ હેતુથી શિક્ષકો માટેનો પાંચ દિવસનો પ્રશિક્ષણ વર્ગ (ઓરિયેન્ટેશન ઑફ્ ટીચર્સ) માર્ચ મહિનાના ત્રીજા અઠવાડિયામાં યોજવા તથા આ વર્ગમાં સંલગ્ન વાણિજ્ય કૉલેજોમાંથી બે શિક્ષકોને આમંત્રણ આપવા વાણિજ્ય વિદ્યાશાખાના ડીન પ્રિ. જે. સી. ત્રિવેદી તરફથી આવેલ તા. ૨૫-૨-૧૯૭૧ના પત્રાંક ૧૦૧૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષયના પ્રશિક્ષણ માટે શિક્ષકોને એક ઓરિયેન્ટેશન કોર્સ યોજવા માટેનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ઓરિયેન્ટેશન કોર્સ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક સહાય મળે નહિ તો તે ઑરિયેન્ટેશન કોર્સમાં ભાગ લેનાર શિક્ષકોને માટે ચાપાણીના રૂ. ૫૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

બાબત નં. ૯૧ અને ૧૦૪ની વિચારણા સાથે કરવામાં આવી.

૯૧. ગુજરાત રાજ્યના નાણા ખાતાના ઠરાવ નં. વી.આઈ.બી. ૧૨૭૦-જે- તા. ૨૯-૪-૧૯૭૦થી સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૫-૧૯૭૦થી વધારો આપવાનું ઠરાવ્યું છે, તેના સંદર્ભમાં યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોના શિક્ષકોના મોંઘવારી ભથ્થાનો દર નીચે મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

મૂળ પગાર	મોંઘવારી ભથ્થું (વાણ ભેળવાયેલા મોંઘવારી ભથ્થાના દર મુજબ)
રૂ.	રૂ.
૫૦ સુધી	૧૦૬
૫૧થી ૬૪	૧૧૬
૬૫થી ૧૦૦	૧૪૨

મૂળ પગાર	મોંઘવારી ભથ્થું (વધુ ભેળવાયેલા મોંઘવારી ભથ્થાના દર મુજબ)
૪૬૨થી ૧૦૦	૧૯૦
૧૦૧થી ૭૧૦	૨૦૫
૭૫૧થી ૯૦૦	૨૨૦
૯૦૧થી ૧૦૦૦	૨૦૦
૧૦૦૧થી ૧૦૯૯	મૂળ પગાર અને રૂ. ૧,૨૦૦ વચ્ચેના તફાવત જેટલી રકમ
૧૧૦૦થી ૨૨૫૦	૧૦૦
૨૨૫૧થી ૨૩૪૯	મૂળ પગાર અને રૂ. ૨૩૫૦ વચ્ચેના તફાવત જેટલી રકમ

૧૦૪. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબત પરત્વે સિન્ડિકેટે તેની તા. ૧૩-૬-૧૯૭૦ની સભામાં તા. ૧-૪-૧૯૭૧થી મર્જ્ડ મોંઘવારી ભથ્થું આપવા ઠરાવ્યું હોઈ મોંઘવારી ભથ્થાની કેટલીક રકમ મૂળ પગારમાં ભેળવવાની રહે તે લક્ષમાં લઈને તે બાબત અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે તેની તા. ૩૦-૧-૧૯૭૧ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયે સભાગૃહમાં થયેલ ચર્ચાને અનુલક્ષીને પ્રસ્તાવ ઘડવો અને સભાગૃહ સમક્ષ રજૂ કરવો".

તે પછી ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. વી.આઈ.બી. ૧૨૭૦-જે, તા. ૨૯-૪-૧૯૭૦માં સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં જે વધારો આપવાનું રાજ્ય સરકારે જાહેર કર્યું છે તે વધારાના દરનો સમાવેશ, સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના શિક્ષકોના મોંઘવારી ભથ્થાના દરોમાં તા. ૧-૪-૧૯૭૧થી તે રીતે થાય, મૂળ પગારમાં અંશતઃ મોંઘવારી ભથ્થું ભેળવવા માટેનો પ્રસ્તાવ તૈયાર કરીને કાર્યાલયે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૯૩. તા. ૨૫-૨-૧૯૭૧ને ગુરુવારના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. "વધુમાં ઠરાવવામાં આવે છે કે ૯૦ વિદ્યાર્થીઓ માટે બે ટુકડીઓમાં પર્વતારોહણ શિબિરો યોજવા માટે અંદાજી ખર્ચ આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા, તથા તેમાં જણાવ્યા પ્રમાણેનો ખર્ચ કરવાની સત્તા તથા આ અંગેના અંદાજપત્રમાં ફાળવેલ રકમને જરૂર પડે તો એક મથાળેથી બીજા મથાળે ફેરફાર કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૨. "વધુમાં ઠરાવવામાં આવે છે કે નાટય તાલીમ શિબિર માટે આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબનો અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રી-શ્રીએ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૩. "આથી ઠરાવવામાં આવે છે કે મનાલી તથા દાર્જિલિંગ ખાતે આવેલી સંસ્થાઓ તરફથી યોજાતા પ્રાથમિક કે એડવાન્સ કોર્સ માટે આ યુનિવર્સિટીના ઉપક્રમે કે ગુજરાત રાજ્યની પર્વતારોહણ સંસ્થાના ઉપક્રમે યોજાયેલ તાલીમ શિબિરોમાં તાલીમ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી આ યુનિવર્સિટીના કોઈ વિદ્યાર્થીને પ્રવેશ મળે તો આ વર્ષે વધુમાં વધુ ૬ થી ૭ વિદ્યાર્થીઓની મર્યાદામાં રહીને તેમને નીચેના ધોરણે આ માટે રૂ. ૧,૫૦૦ની અંદાજપત્રમાં જે જોગવાઈ કરી છે તેની મર્યાદાને આધીન આર્થિક સહાય આપવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

[**નોંધ.**—(૧) મનાલીનાએડવાન્સ અને દાર્જિલિંગની સંસ્થાના બંને કોર્સ માટે રૂ. ૨૫૦.
(૨) મનાલીના પ્રાથમિક કોર્સ માટે રૂ. ૨૦૦.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૪. સિનિયર ટાઇપિસ્ટ શ્રી. આર. એમ. શેઠની મકાનના બાંધકામ માટે રૂ. ૫,૫૦૦ની લોન માટેની તા. ૨૭-૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. શેઠને તેમના મકાનના બાંધકામ માટે તેમના પ્રૉવિડન્ટ ફન્ડમાંથી રૂ. ૫,૫૦૦ની લોન યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર આપવાનું મંજૂર કરવું.

૯૫. સને ૧૯૬૮-૬૯ના વર્ષના યુનિવર્સિટી હિસાબો અંગેની સરકારી ઑડિટના રિપોર્ટ ઉપરની કાર્યાલયે રજૂ કરેલ નોંધ મંજૂર કરવા અંગેની ફાઇનાન્સ સમિતિની તા. ૨૫-૨-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા માટે.

[**નોંધ.**— સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨—૨—૧૯૭૧ની સભામાં સદરહુ બાબત ફાઇનાન્સ સમિતિને તેનાં કોઈ સૂચનો હોય તો તે મોકલવા માટે ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. સિન્ડિકેટે નીમેલી સ્થાયી વિકાસ આયોજન સમિતિની તા. ૨૪-૨-૧૯૭૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૨-૧૯૭૧ની સભાની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૨૪-૨-૧૯૭૧ની સમિતિની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૯૭. સને ૧૯૬૯-૭૦ના વર્ષના યુનિવર્સિટી હિસાબો પરની ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કં.ની તા. ૨૩-૧-૧૯૭૧ની ઑડિટ નોંધની નોંધ લેવા તથા તે પર કાર્યાલયે બતેલા જવાબો મંજૂર કરવા અંગેની ફાઇનાન્સ સમિતિની તા. ૨૫-૨-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા માટે.

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨—૨—૧૯૭૧ની સભામાં સદરહુ બાબત ફાઇનાન્સ સમિતિને તેનાં કોઈ પણ સૂચનો હોય તો તે મોકલવા માટે ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને 'કૉલેજ સાયન્સ ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ' એ યોજના નીચે યુનિવર્સિટી લીડરશિપ પ્રોજેક્ટ ઇન મૅથેમેટિક્સ' પ્રોજેક્ટ માટે ગ્રાન્ટના રૂ. ૩,૧૮,૨૮૦ મંજૂર કરેલા છે. પ્રો. પી. સી. વૈદ્યના તા. ૯-૨-૧૯૭૧ના પત્રમાં જણાવ્યા મુજબ શ્રી. વૈદ્યના અધ્યક્ષપણા હેઠળ નીચેના સભ્યોની એક સલાહકાર સમિતિ નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. પ્રો. પી. સી. વૈદ્ય (કન્વીનર)
૨. પ્રો. જે. જે. ચિનોય
૩. પ્રો. અ. આર. રાવ
૪. પ્રો. સી. જી. વાલેસ
૫. પ્રો. ડી. એસ. બસન.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૯. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોને છૂટા કરવાની બાબતમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨-૧૯૭૧ની સભામાં નિયુક્ત કરેલ સમિતિએ નીચે જણાવ્યા પ્રમાણે ઑર્ડિનન્સો ઘડીને તે મંજૂર કરવા ભલામણ કરેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

Draft of proposed Ordinances

No. 1 : The services of a confirmedt eacher (including the Principal or Head of recognised Institution) of an affiliated college or a recognised Institution shall not be terminated without giving the teacher concerned six months' notice or six months'

pay (including allowances) in lieu of notice and also compensation at the rate specified in the Schedule hereto.

Explanation: A teacher who has put in not less than two years' continuous service in the college or Institution concerned shall be deemed to be a confirmed teacher for the purposes of this Ordinance.

Schedule : **The rates of compensation.**

(1) A teacher who has put in ten years of service or less shall be paid compensation at the rate of one month's pay (including allowances) for every completed year of service.

(2) A teacher who has put in more than ten years of service shall be paid ten months' pay (including allowances) plus half month's pay (including allowances) for every completed year of service in excess of ten years. provided that the total compensation, payable shall not exceed twelve months' salary (including allowances).

No.2: A teacher (including Principal / Head of the Recognised Institution) of an affiliated college or a recognised Institution may be summarily dismissed for misconduct or dereliction of duty without notice or pay in lieu of notice or compensation provided that before dismissal he shall be informed in writing of the allegations made against him and shall be given a reasorable opportunity to defend himself.

No.3: Any complaint in respect of non-compliance with the requirements of ordinance (1) or in respect of legality of propriety of dismissal referred to in ordinance (2) shall be referred to a Board of Arbitrators consisting of—

(1) One member nominated by the teacher concerned,

(2) One member nominated by the management of the college or Institution concerned.

(3) One member nominated by the Vice-Chancellor who shall be the Chairman of the Board.

The reference shall be made by the Vice-Chancellor to the Board as afore said at the request of the teacher concerned.

The decision of the Board shall be binding on the parties.

No party shall be entitled to appear before the Board through a legal practitioner.

સદરહુ સમિતિની ભલામણ પર લાંબાણપૂર્વક વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૦-ડી મંજૂર કરવો અને તેને તાત્કાલિક એટલે કે તા. ૬-૩-૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સદરહુ ઑર્ડિ. ૧૨૦-ડીની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૦૦. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૩-૧-૧૯૭૧ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨—૧૯૭૧ની સભામાં ઉપરોકત સમિતિની નીચેની ભલામણો ઉપર ઠરાવ કર્યો છે :

ભલામણ ક્રમાંક ૪, ૫, ૧૧, ૧૨, ૧૪, ૧૭ અને ૧૮)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩--૧--૧૯૭૧ની સભાની ભલામણો નં. ૧૫ અને ૧૬ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩--૧--૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૧૦૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અંગે થતી વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૫-૩-૧૯૭૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૫--૩--૧૯૭૧ની સભાની ભલામણો ઉપર લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫--૩--૧૯૭૧ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૦૨. એમ.ઈ. પરીક્ષામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયેલ હોઈ, એમ.ઈ. સેમેસ્ટર પરીક્ષાઓ વર્ષમાં કેટલી વાર લેવી, ક્યારે શરૂ કરવી તેમ જ તેની પરીક્ષા ફી શું રાખવી તે નક્કી કરવા અને તે મુજબ ઑર્ડિ. ૧૨૯ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

Name of the Examination	*How many times in a year*	*Date of Commencement*	*Last date of Application*	*Examinaiion fees Rs.*
M.E. Semester I	Twice	First Monday in May and First Monday in November	Three months before the commencement of the Examination	100/–
M.E. Semester II	,,	,,	,,	100/–
M.E. Dissertation	,,	,,	,,	150/–

૧૦૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સહયોગથી ઉદેપુર મુકામે ઉદેપુર યુનિવર્સિટીના ઉપક્રમે (Recent Advances in Biology) ૫૨ માર્ચ ૧૯૭૧ના છેલ્લા સપ્તાહ દરમિયાન એક પરિસંવાદ થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. વી. સી. શાહને સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨-૧૯૭૧ની સભા બાબત ક્રમાંક ૧૦૦થી નીમેલા; પરંતુ મજકૂર પરિસંવાદમાં તેઓને સીધું આમંત્રણ મલ્યું હોવાથી વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગમાંથી તેમની જગાએ અન્યની નિમણૂક કરવા અંગેના તેમના સૂચન ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. કે. શાહને મોકલવા.

૧૦૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૦૫. યુનિવર્સિટીના ભાષા-ભવનના ગુજરાતીના પ્રાધ્યાપક શ્રી. એ. એમ. રાવળે નીચેનાં કામો તેઓ આ યુનિવર્સિટીમાં જોડાયા તે અગાઉ સ્વીકારેલાં તે માટે વિધિસરની અનુમતિ આપવા તથા તે અંગેનું માનદ વેતન સ્વીકારવા તેઓના તા. ૧૬-૨-૧૯૭૧ના પત્ર ૫૨ વિચારણા કરવા બાબત :

(૧) મુંબઈ યુનિવર્સિટીનાં ઠક્કર વસનજી વ્યાખ્યાનો—જેનો પુરસ્કાર રૂપિયા એક હજાર હોય છે.

(૨) નેશનલ બુક ટ્રસ્ટ ઇંડિયા તરફની તેની આદાન-પ્રદાન યોજનામાં ગુજરાતની પ્રતિનિધિ એકાંકીઓનું સંપાદન—જેનો પુરસ્કાર રૂપિયા એક હજારનો જણાવાયો છે.

(૩) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ તરફથી ચાલુ વર્ષ માટેનાં દલ્લાં ઉત્તમ પુસ્તકોને પારિતોષિક આપવાની યોજનામાં પ્રૌઢો માટેનાં પુસ્તકો અંગેની નિર્ણાયક સમિતિના એક સભ્ય તરીકેનું પદ—જેના તપાસવાના એક પુસ્તક દીઠ ચાર રૂપિયાનો પુરસ્કાર હોઈ, કુલ પુરસ્કાર રૂપિયા પાંચસોની આસપાસ થવા વકી છે.

નોંધ.—ઉપરોકત ક્રમાંક ૧ થી ૩ નું માનદ વેતન આશરે રૂ. ૨,૫૦૦નું થાય છે.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. અનંતરાય રાવલને સદરહુ કામગીરીઓ સ્વીકારવા માટે, તથા તે માટે ઉપર મુજબનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૦૬. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી પ્રકાશિત થનાર 'ગુજરાતી ટૂંકી વાર્તા' વિશેનો એક ગ્રંથ તૈયાર કરવાનું નિમંત્રણ સ્વીકારવા તથા તે અંગેનું લગભગ ૧,૮૭૫નો પુરસ્કાર સ્વીકારવાની પરવાનગી આપવા ગુજરાતીના વ્યાખ્યાતા શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટના તા. ૨૨-૨-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અનિરુદ્ધ એલ. બ્રહ્મભટ્ટને સદરહુ કામગીરી સ્વીકારવા માટે તથા તે માટેનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૧૦૭. કમ્પલસરી રેસ્ટિંગ હાઉસમેનશિપમાંથી મુક્તિ આપવા માટે ડૉ. એન. એન. શાહ વગેરેની તા. ૨૯-૧૧-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ. કોર્સમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ફરજિયાત હાઉસમેનશિપમાંથી મુક્તિ આપવા અંગે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલનો અભિપ્રાય મેળવવો અને તે આવ્યેથી તે બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૦૮. સેંટ ઝેવિયર્સ કૉલેજ, તેના તા. ૧૯-૨-૧૯૭૧ ના પત્રથી અને ભવન્સ કૉલેજ, અમદાવાદે તેના તા. ૨૬-૨-૧૯૭૧ના પત્રથી અંગ્રેજી માધ્યમ માટે વિદ્યાર્થીઓની વધુ ફી લેવાનું ચાલુ રાખવા માટેની પરવાનગી આપવા માટે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત :

(સદરહુ પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.)

તે પછી કેટલીક ચર્ચાવિચારણા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને અંગ્રેજી માધ્યમ માટે, તેને જે વધારાના શિક્ષકો રાખવા માટે જે આર્થિક બોજો ઉઠાવવો પડે છે તે જોતાં, વિદ્યાર્થીઓ પાસેથી સત્ર દીઠ રૂા. ૫૦/–ની વધુ ફી લેવાનું ચાલુ રાખવા માટે પરવાનગી આપવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ભવન્સ કૉલેજ, અમદાવાદને અંગ્રેજી માધ્યમના કારણે વધારાના શિક્ષકો રાખવા માટે પડતા આર્થિક બોજાની વિગતો મોકલી આપવા માટે તે કૉલેજને જણાવવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૦૭૮૮/૧૯૭૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
તા. ૧૨–૪–૧૯૭૧.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૭૦

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા, તા. ૨૭-૨-૧૯૭૧ના રોજ ૧૨-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર
૪. શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. તા. ૨૩-૧-૧૯૭૧ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૩-૧-૧૯૭૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા પૂરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીનું પગારધોરણ સુધારવા તથા નૉન-પ્રૅક્ટિસિંગ એલાવન્સ આપવા અંગેની તેઓની તા. ૯-૨-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટી કાર્યાલયના હવાલદાર શ્રી. તુલસીદાસ કળિયા, તેઓની હાલના પગારધોરણ રૂ. ૫૦-૩-૬૨-૪-૯૦-૫-૧૦૦માં મૂળ માસિક પગાર રૂ. ૧૦૦ ઉપર પહોંચી ગયા હોઈ, તેમનું પગારધોરણ સુધારી આપવા અંગેની તેમની તા. ૧૦-૧૨-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં મિકેનિક-કમ-ઈન્સ્ટ્રુમેન્ટ્સ શ્રી. આર. બી. આચાર્યનું તેમની જગ્યાનું હાલનું પગાર- ધોરણ રૂ. ૮૦-૭-૧૧૦ છે તે સુધારવા અંગે તેઓની તા. ૧૯-૨-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મિકેનિક-કમ-ઇન્સ્ટ્રુમેન્ટ્સ રિપેરરનું પગારધોરણ સુધારવા અંગેની શ્રી. આર. બી. આચાર્યની તા. ૧૯--૨--૧૯૭૦ની અરજી મંજૂર કરી શકાય તેમ નથી.

૬. આરોગ્યકેન્દ્ર પરના માનદ રેડિયોલોજિસ્ટ ડૉ. એમ. એન. પરીખને હાલ માસિક રૂ. ૧૦૦નું માનદ વેતન મળે છે તેમાં વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૯--૧--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્ર ઉપરના માનદ રેડિયોલોજિસ્ટ ડૉ. એમ. એન. પરીખની તા. ૯--૫--૧૯૭૦ની અરજી મંજૂર કરી શકાય તેમ નથી.

૭. યુનિવર્સિટી કર્મચારીઓનાં બાળકોને ટ્યુશન ફી તથા પુસ્તકોની વ્યવસ્થા કરી આપવા તથા પરીક્ષા-ફીમાંથી મુકિત આપવા તથા અસાધ્ય રોગોની સારવાર અને ઑપરેશન માટે થયેલ ખરેખર ખર્ચ માટે આર્થિક સહાય યુનિવર્સિટી તરફથી આપવામાં આવે તે અંગે યુનિવર્સિટી કર્મચારીઓની તા. ૨૪--૬--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ સમિતિ તેની તા. ૨૩--૧--૧૯૭૧ની ભલામણ પ્રમાણે તબીબી મદદ અંગે ભારત સરકાર, રાજ્ય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન અને એલ.આઈ.સી. પાસેથી માહિતી મંગાવી છે તે સભા સમક્ષ રજૂ કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

નીચેની બાબતો નં. ૮, ૯, અને ૧૦ સમયના અભાવે હાથ ઉપર લઈ શકાઈ ન હતી :

૮. યુનિવર્સિટીના કેટલાક અધિકારીઓની તેઓ પોતાનાં મકાનમાં રહે છે તે અંગે મ્યુનિસિપલ કૉર્પોરેશનને મકાનની વાર્ષિક ભાડાની જે આકારણી કરી હોય એના પર જે ઘરભાડા ભથ્થું અપાય છે તે અંગે પુનર્વિચારણા કરવા અંગેની તારીખ ૧૧--૭--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૯. યુનિવર્સિટીમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. એન. ભટ્ટ, જેમને ટીચર્સ હૉસ્ટેલમાં યુનિવર્સિટી રહેઠાણ આપવામાં આવ્યું છે, તેઓની પાસે નિયમ પ્રમાણે જે ઇકોનોમિક રેન્ટ માસિક રૂ. ૭૦ લેખે વસૂલ કરવામાં આવે છે તેને બદલે તેઓનો રૂ. ૨૫૦નો મૂળ પગાર ગણી ૧૦ ટકા લેખે ભાડું વસૂલ લેવા અંગે તેઓની તા. ૫--૧૨--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૧૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન અનૂલય સેવાના કામ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી નીચેની બે જગા ઊભી કરવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૪--૧૨--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

૧. રેફરન્સ લાઇબ્રેરિયન	... રૂ. ૭૦૦--૧૧૦૦	... એક જગા
૨. પ્રોફેશનલ આસિસ્ટન્ટ	... રૂ. ૨૫૦--૪૦૦	... બે જગા

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૭૧

પ્રકાશન બોર્ડની ૨૩મી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૮--૧--૧૯૭૧ ને સોમવારના રોજ બપોરના ૩--૦૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રી	ગેરહાજર
૩. આચાર્ય વી. એફ. શાહ	ગેરહાજર
૪. આચાર્ય જે. સી. ત્રિવેદી	ગેરહાજર
૫. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૬. ડૉ. આર. એલ. વાદી	ગેરહાજર
૭. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર
૮. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર
૯. શ્રી. અનિલ કસ્તૂરભાઈ ઝવેરી	ગેરહાજર
૧૦. ડૉ. એ. એમ. મલાવવાળા	હાજર
૧૧. આચાર્ય સી. એસ. શાહ	ગેરહાજર
૧૨. આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૧૩. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૪. આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર
૧૫. શ્રી. એમ. પી. પંડ્યા	ગેરહાજર
૧૬. આચાર્ય વાય. પી. શુકલ	ગેરહાજર
૧૭. ડૉ. હરિપ્રસાદ જી. શાસ્ત્રી	હાજર
૧૮. આચાર્ય એસ. આર. મહેતા	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ લીધું હતું.

૧. તા. ૨૭--૧૧--૧૯૬૯ના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૨૨મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૭--૧૧--૧૯૬૯ના રોજ મળેલ પ્રકાશન બોર્ડની ૨૨મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(અ) "ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા"ના ઉપક્રમે તા. ૨૬/૨૭--૧--૧૯૭૦ના રોજ "ગાંધીજીનું જીવનદર્શન" એ વિષય પર શ્રી. મોરારજીભાઈ દેસાઈએ આપેલ વ્યાખ્યાનોને પ્રકાશિત કરવા અંગેના.

(નોંધ.—સદરહુ પ્રકાશનનું ૧૧૦૦ નકલનું રૂ. ૫૪૬.૭૮ પૈસા ખર્ચ થશે.)

(બ) "બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ"ના ઉપક્રમે યોજાયેલાં નીચેનાં વ્યાખ્યાનો પ્રસિદ્ધ કરવા માટે કુલપતિશ્રીએ આપેલ મંજૂરીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) "યુવાનોનું આરોગ્ય અને પોષક આહાર" વિષે શ્રી. ચંદુલાલ કાશીરામ દવેએ આપેલ; અને

(૨) શ્રી. ચંદ્રવદન મહેતાએ આપેલ "બ્રેચ્ટ" ઉપરનાં ત્રણ વ્યાખ્યાનો.

(ક) ટાગોર વ્યાખ્યાનમાળા શ્રેણીમાં ૧૯૬૮-૬૯ના વર્ષમાં યોજાયેલ ડૉ. કે. જી. સૈયદીનનાં ત્રણ વ્યાખ્યાનો યુનિવર્સિટી દ્વારા પ્રસિદ્ધ કરવા અંગે મંજૂરી આપ્યાના;

(નોંધ.—કુલ ૧૧૦૦ નકલો છાપવાનો અંદાજી ખર્ચ રૂ. ૧,૨૧૦ થવા સંભવ છે.)

(ડ) ડૉ. એચ. ટી. ઠક્કર સંપાદિત "નિસરણી"ની હસ્તપ્રતના પ્રકાશન માટે આર્થિક સહાય માટેની વિનંતી નામંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. ભાષા-સાહિત્ય ભવનના રિસર્ચ પ્રોજેક્ટ અન્વયે ડૉ. ટી. એસ. નાન્દીએ તૈયાર કરેલ "આનંદવર્ધનના ધ્વન્યાલોક" ઉપર અભિનવગુપ્તે કરેલ ટીકાના અનુવાદિત કામના પ્રકાશન અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કામની ૧૦૦ નકલ છપાવવાનો કુલ અંદાજી ખર્ચ રૂ. ૪,૮૦૦ થાય તેમ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. નાન્દીએ તૈયાર કરેલ સદરહુ સંશોધન કામને "શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ-પ્રકાશન યોજના" હેઠળ પ્રકાશિત કરવા અંગે ઘટતી વિચારણા માટે તે અંગેની સમિતિની વિચારણા માટે મોકલવું.

૪. ડૉ. એ. એન. દેસાઈના આ યુનિવર્સિટીએ પીએચ.ડી. પદવી માટે ૧૯૫૯ના વર્ષમાં સ્વીકારેલ મહાનિબંધ "Juvenile Delinquency"નું પ્રકાશન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે અગર તો તેનાં પ્રકાશન માટે તેઓને રૂ. ૧,૧૦૦ની આર્થિક સહાય આપવામાં આવે તેવી તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. એ. એન. દેસાઈના મહાનિબંધને ડૉ. જ્યોત્સ્નાબહેન શાહને અભિપ્રાય માટે મોકલવો અને તેમનો અભિપ્રાય આવ્યેથી જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. શ્રી. એચ. સી. ત્રિવેદીએ તૈયાર કરેલ "A study of an Indian English translation of a Gujarati short story..." નામના શોધગ્રંથના પ્રકાશન અંગે યુનિવર્સિટીએ અગાઉ રૂ. ૪૦૦ આર્થિક સહાય આપવા મંજૂર કરેલા, પરંતુ હવે મુદ્રણ તથા બાઈન્ડિંગનું ખર્ચ વધ્યું હોઈ શ્રી. ત્રિવેદીએ વધુ સહાયની માગણી કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ત્રિવેદીએ રૂ. ૧,૦૦૦ની આર્થિક સહાયની અપેક્ષા રાખેલી છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. એચ. સી. ત્રિવેદીને ઉપર જણાવેલ તેમના સંશોધન ગ્રંથના પ્રકાશન માટે નીચેની શરતોએ સદરહુ પુસ્તક બહાર પડયેથી રૂ. ૭૦૦ની આર્થિક સહાય આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું;

(૩) પ્રકાશનની ૧૦ નકલો યુનિવર્સિટીને વિનામૂલ્યે આપવી; અને
(૪) પ્રકાશનની વેચાણ કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૬. ડૉ. કે. એ. શાહે તૈયાર કરેલ "વારસાવિજ્ઞાન" પ્રકાશન, ગુજરાતી ભાષામાં લોકભોગ્ય પુસ્તકાનો તૈયાર કરવાની યોજના હેઠળ, પ્રસિદ્ધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.--સદરહુ હસ્તપ્રત શ્રી. જે. ડી. ઓઝાને જોઈતપાસી જવા મોકલી આપેલી. તેઓએ આ પુસ્તકના પ્રકાશન માટે ભલામણ કરી છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. કે. એ. શાહે તૈયાર કરેલ "વારસાવિજ્ઞાન"ની હસ્તપ્રતને લોકભોગ્ય પ્રકાશન યોજના હેઠળ છપાવી પ્રસિદ્ધ કરવી અને તેનો ખર્ચ મંજૂર કરવો.

૭. તા. ૨૭--૧૧--૧૯૬૯ના રોજ મળેલ પ્રકાશન બોર્ડના ઠરાવ મુજબ ડૉ. ટી. એસ. નાન્દીના "The origin and development of the theory of Rasa and Dhvani" વિષય પરના મહાનિબંધને શ્રી. રા. વિ. પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ-પ્રકાશન યોજના હેઠળ પ્રસિદ્ધ કરવા નક્કી કરેલ, પરંતુ તે યોજના હેઠળ માત્ર ગુજરાતી ભાષાનાં પ્રકાશનો હાથ ધરવાનાં હોઈ ડૉ. નાન્દીનો અંગ્રેજી ભાષાનો સદરહુ મહાનિબંધ તે યોજના હેઠળ પ્રકાશિત કરી શકાય તેમ નથી તેની નોંધ લેવા બાબત.

[નોંધ.—તેનું અંદાજી ખર્ચ રૂ. ૫,૦૦૦ (નકલ ૫૦૦ નું) થશે.]

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. ટી. એસ. નાન્દી તેમના ઉપર જણાવેલ મહાનિબંધને સંક્ષિપ્ત કરી આપે તો તેને યુ.જી.સી.ની આર્થિક સહાયની મર્યાદાને આધીન હાથ ધરવાનું રાખવું.

૮. આ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે ૧૯૬૨ના વર્ષમાં સ્વીકારેલ ડૉ. ભગવતીપ્રસાદ એન. પંડ્યાના મહાનિબંધ "અપ્પય દીક્ષિત—કવિ અને આલંકારિક"નું પ્રકાશન કરવા અંગે શ્રી. પંડ્યાએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.--સદરહુ મહાનિબંધના પ્રકાશન અંગેનો ૫૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂ. ૪,૧૦૦ થશે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. ભગવતીપ્રસાદ એન. પંડ્યા, તેમના ઉપર જણાવેલ મહાનિબંધને સંક્ષિપ્ત કરી આપે તો તેને યુ.જી.સી.ની આર્થિક સહાયની મર્યાદાને આધીન હાથ ધરવાનું રાખવું.

૯. આ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે ૧૯૬૯ના વર્ષમાં સ્વીકારેલ ડૉ. એ. ટી. જોશીના મહાનિબંધ "गांधी विचारधारा का हिन्दी साहित्य पर प्रभाव"નું દેવનાગરીમાં પ્રકાશન કરવા તેમણે તેમના તા. ૬--૮--૧૯૭૦ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેની ૧૦૦૦ નકલ છપાવવાનું અંદાજી ખર્ચ રૂ. ૫,૩૦૦ જેટલું થાય તેમ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. અરવિંદ ટી. જોશીના ઉપર જણાવેલ મહાનિબંધને યુનિવર્સિટી પ્રકાશિત કરી શકે તેમ નથી તેમ તેમને જણાવવું; પરંતુ જો તેમને સદરહુ મહાનિબંધના પ્રકાશન માટે આર્થિક સહાય જોઈતી હોય તો તેમને રૂ. ૮૦૦ની આર્થિક સહાય, સદરહુ પ્રકાશન બહાર પડ્યેથી, નીચેની શરતોએ આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;
(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની આર્થિક સહાયથી પ્રકાશિત" એમ છાપવું;

(૩) પ્રકાશનની ૧૦ નકલો યુનિવર્સિટીને વિનામૂલ્યે આપવી; અને

(૪) પ્રકાશનની વેચાણ કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૧૦. આ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે ૧૯૬૯ના વર્ષમાં સ્વીકારેલ ડૉ. એચ. જી. શુકલના મહાનિબંધ "૧૭વીં ઔર ૧૮વીં સદી કે ગુર્જર કવિયોં કી હિન્દી કવિતા"ના દેવનાગરીમાં પ્રકાશન અંગે આર્થિક સહાય આપવા માટે તેમણે તા. ૨૭--૪--૧૯૭૦ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ પ્રકાશનનું ૧૦૦૦ નકલ માટે રૂ. ૪,૨૦૦ અંદાજી ખર્ચ થાય તેમ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. એચ. જી. શુકલના ઉપર જણાવેલ મહાનિબંધના પ્રકાશન માટે નીચેની શરતોએ સદરહુ મહાનિબંધ બહાર પડયેથી રૂ. ૭૦૦ની આર્થિક સહાય આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું;

(૩) પ્રકાશનની ૧૦ નકલો યુનિવર્સિટીને વિનામૂલ્યે આપવી; અને

(૪) પ્રકાશનની વેચાણ કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૧૧. આ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે ૧૯૬૯ના વર્ષમાં સ્વીકારેલ ડૉ. મૃગાવતી એસ. શાહના મહાનિબંધ "To develop auto-instructional programmes in Algebra for Standard VIII and find out their effectiveness in relation to different variables" ના પ્રકાશન માટે આર્થિક સહાય આપવા માટેની તેમણે તારીખ વગરના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ મહાનિબંધની ૫૦૦ નકલ માટેનો પ્રકાશન ખર્ચ અંદાજે રૂ. ૭,૪૦૦ થાય તેમ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. મૃગાવતી એસ. શાહને જણાવવું કે તેઓ તેમના મહાનિબંધને સંક્ષિપ્ત કરી આપે ત્યાર બાદ સદરહુ હસ્તપ્રત અભિપ્રાય અર્થે ડૉ. પી. સી. વૈદ્યને મોકલવી. ડૉ. વૈદ્યની અનુમતિ મળ્યેથી ડૉ. મૃગાવતી શાહને સદરહુ મહાનિબંધ પ્રકાશિત થયેથી નીચેની શરતોએ રૂા. ૧,૦૦૦ની આર્થિક સહાય આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો :

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત" એમ છાપવું;

(૩) પ્રકાશનની ૧૦ નકલો યુનિવર્સિટીને વિનામૂલ્યે આપવી; અને

(૪) પ્રકાશનની વેચાણ કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૧૨. આ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી માટે ૧૯૬૯ના વર્ષમાં સ્વીકારેલ ડૉ. ડી. એમ. ભાવસારના મહાનિબંધ "The construction and standardisation of non-verbal group tests of intelligence for Standard IX, X and XI for Gujarati pupils"ના પ્રકાશન અંગે આર્થિક સહાય માટે તેમણે તેમના તા. ૨૫-૫-૧૯૭૦ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— અંદાજી ખર્ચ રૂ. ૪,૫૦૦ (૫૦૦ નકલનો) થશે.]

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. ડી. એમ. ભાવસારને જણાવવું કે તેઓ તેમના મહાનિબંધને સંક્ષિપ્ત કરી આપે. ત્યાર બાદ સદરહુ હસ્તપ્રત ડૉ. કે. જી. દેસાઈને મોકલવી અને તેમની અનુમતિ મળ્યેથી ડૉ. ભાવસારને સદરહુ મહાનિબંધ પ્રકાશિત થયેથી નીચેની શરતોએ રૂ. ૧,૦૦૦ ની આર્થિક સહાય આપવી :

(૧) સહાયનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;

(૨) મુખપૃષ્ઠ પર " ગુજરાત યુનિવર્સિટીની સહાયથી પ્રકાશિત " એમ છાપવું;

(૩) પ્રકાશનની ૧૦ નકલો યુનિવર્સિટીને વિનામૂલ્યે આપવી; અને

(૪) પ્રકાશનની વેચાણ કિંમત યુનિવર્સિટીની મંજૂરી મેળવીને નક્કી કરવી.

૧૩. ડૉ. કે. બી. વ્યાસે પોતાના પ્રસિદ્ધ થયેલ પુસ્તક " ભાષાવિજ્ઞાન " ખંડ ૧ના પુનર્મુદ્રણ અંગે તથા તેમણે સંપાદિત કરેલ "કાન્હડદે પ્રબંધ" પુસ્તકના પ્રકાશન માટે કરેલ આર્થિક સહાય અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— " ભાષાવિજ્ઞાન " ખંડ ૧ની પ્રથમ આવૃત્તિ સમયે ગુજરાત યુનિવર્સિટીએ રૂ. ૧,૫૦૦ની આર્થિક સહાય આપી હતી. " ભાષાવિજ્ઞાન ", ખંડ ૧નું પુનર્મુદ્રણ ખર્ચ અંદાજે રૂ. ૫,૦૦૦ અને "કાન્હડદે પ્રબંધ"ના પ્રકાશન માટેનું અંદાજી ખર્ચ રૂ. ૨,૦૦૦ થાય તેમ છે (૧૧૦૦ નકલ માટેનું).]

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે "ભાષાવિજ્ઞાન", ખંડ ૧ તથા "કાન્હડદે પ્રબંધ"ના પુનર્મુદ્રણ માટે ડૉ. કે. બી. વ્યાસની આર્થિક સહા ય આપવા અંગેની વિનંતી સ્વીકારવી નહિ

૧૪. ૧૯૬૭—૬૮ અને ૧૯૬૮—૬૯નાં વર્ષો દરમ્યાન બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝના અભ્યાસની યોજના હેઠળ જુદી જુદી કૉલેજો તરફથી યોજવામાં આવેલ વ્યાખ્યાનોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સદરહુ વ્યાખ્યાનોની યાદી પરિશિષ્ટ 'અ' તરીકે સામેલ છે. ૧૧૦૦ નકલ છપાવવાનો અંદાજી ખર્ચ નીચે મુજબ થાય તેમ છે :

(૧) અંગ્રેજી વ્યાખ્યાનો માટેનો અંદાજી ખર્ચ રૂ. ૧,૫૦૦.

(૨) ગુજરાતી ભાષાનાં વ્યાખ્યાનો માટેનો અંદાજી ખર્ચ રૂ. ૫,૦૦૦.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વ્યાખ્યાનોને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા માટેનું ખર્ચ મંજૂર કરવું તથા તેની યાદીનાં વ્યાખ્યાનોના ક્રમને નીચે પ્રમાણે ત્રણ પુસ્તકોમાં પ્રકાશિત કરવાનું રાખવું :

(૧) સાહિત્યિક વ્યાખ્યાનો—ક્રમ ૭ થી ૧૮ સુધીનાં

(૨) માનવવિદ્યાવિષયક વ્યાખ્યાનો—ક્રમાંક ૧૯ થી ૨૩ સુધીનાં

(૩) વિજ્ઞાનવિષયક વ્યાખ્યાનો—ક્રમાંક ૨૪ થી ૨૯ સુધીનાં.

વધુમાં અંગ્રેજી ભાષામાં અપાયેલાં વ્યાખ્યાનો પ્રકાશિત કરવા અંગે ભવિષ્યમાં તે માટે વધુ વ્યાખ્યાનોની હસ્તપ્રતો આવ્યેથી વિચારવાનું રાખવું.

૧૫. પ્રમુખશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી અને તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી :

ડૉ. પ્રવીણચંદ્ર સી. પરીખના મહાનિબંધ " ગુજરાતીમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિ-વિકાસ " અંગે ડૉ. પરીખને તેમણે તેમના માર્ગદર્શક ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીની સૂચના પ્રમાણે સંક્ષિપ્ત કરી મુદ્રણાર્થ હસ્તપ્રત યુનિવર્સિટીને સોંપવા જણાવવું. આમ સંક્ષિપ્ત થયેલા ઉપરોક્ત મહાનિબંધનું યુનિવર્સિટીએ પોતે પ્રકાશન કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ફૂ. દ. પંડ્યા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ 'અ'

૧૯૬૭–૬૮ અને ૧૯૬૮–૬૯નાં વર્ષો દરમ્યાન બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની અભ્યાસેતર યોજના હેઠળ જુદી જુદી કૉલેજો તરફથી યોજવામાં આવેલ વ્યાખ્યાનો :

ક્રમાંક	વ્યાખ્યાનનું નામ	વ્યાખ્યાતાનું નામ
	અંગ્રેજી ભાષામાં અપાયેલ વ્યાખ્યાનો	
૧.	Approaching Shakespeare	શ્રી. આર. એ. દવે
૨.	Mahatma Gandhi's Philosophy of life and its place in modern India thought	પ્રો. નરવણે
૩.	Corrosion of Metals–the menace and the cure	શ્રી. ટી. એલ. રામાચાર
૪.	Optical Isomerism–optical activity and its application	ડૉ. કે. એ. ઠાકર
૫.	Indian Economic Policy–objective and achievements	શ્રી. એચ. કે. ત્રિવેદી
૬.	Education policy–a plea for making haste slowly	ડૉ. મુકરાજ આનંદ

સાહિત્યને લગતાં વ્યાખ્યાનો

૭. સરસ્વતીચંદ્ર—નવલ પુરુષાર્થની ભાવના ... શ્રી. ડોલરરાય માંકડ
૮. નિશીથના કવિ ઉમાશંકર જોશી ... શ્રી. મનસુખલાલ ઝવેરી
૯. પ્રાચીન વાર્તાસાહિત્ય ... ડૉ. ભાગીલાલ સાંડેસરા
૧૦. ગુજરાતી ભાષાની લિંગવ્યવસ્થા અંગે ... ડૉ. એચ. સી. ભાયાણી
૧૧. સમકાલીન ગુજરાતી સાહિત્યમાં અર્વાચીનતા ... શ્રી. મનસુખલાલ ઝવેરી
૧૨. સાહિત્ય સમાજ અને વ્યકિત ... શ્રી. હસિત બૂચ
૧૩. સ્વાતંત્યોત્તર ગુજરાતી સાહિત્યના પ્રવાહો ... ડૉ. રમણલાલ જોશી
૧૪. ટૂંકી વાર્તાનું વિવેચન ... ડૉ. સુરેશ હ. જોશી
૧૫. ત્રીશી પછીની ગુજરાતી કવિતા ... શ્રી. સુરેશ સાલો
૧૬. વાલ્મિકી રામાયણની વાચનાઓ ... શ્રી. ગૌરીશંકર જાલા

ગાંધીજીને લગતાં વ્યાખ્યાનો

૧૭. ગાંધીજી—જીવન અને સાહિત્યના વિધાયક ... શ્રી. કરસનદાસ માણેક
૧૮. ગુજરાતી કાવ્ય-સાહિત્યમાં ગાંધી જીવન અને ગાંધી મૃત્યુ, ... શ્રી. વ્રજલાલ દવે
૧૯. ગાંધી અને ભારતીય રાજકારણ, ... પ્રો. ટી. એન. પાઠક

માનવવિદ્યા વિષયક વ્યાખ્યાનો

૨૦. ચોથી યોજનાના ધ્યેય અને લક્ષ્યાંકો ... શ્રી. જિતેન્દ્ર પોળકિયા
૨૧. અન્નોત્પાદનના પ્રવાહો ... શ્રી. ઠાકોર મિસ્ત્રી
૨૨. જોઈન્ટ સ્ટોક કંપનીઓ અને રાજકીય પક્ષો વચ્ચેના નાણાકીય સંબંધો. ... શ્રી. આર. કે. અમીન
૨૩. શિક્ષક અને સામાજિક નવસંસ્કરણના પડકારો ... શ્રી. ઈશ્વરભાઈ પટેલ

વિજ્ઞાન વિષયને લગતાં વ્યાખ્યાનો

૨૪. ગણિતનો વિકાસ અને ઉપયોગ ... ડૉ. પી. સી. દવે
૨૫. માનવજીવન અથવા માનવસંસ્કૃતિ અને વિજ્ઞાન ... ડૉ. આર. ડી. દેસાઈ
૨૬. માનવ—અંતરીક્ષની ખોજમાં ... ડૉ. છોટુભાઈ સુથાર
૨૭. પીડા પર વિજય ... ડૉ. જે. જે. ત્રિવેદી
૨૮. તંતુઓ-રેસાઓ—કુદરતી અને મનુષ્ય સર્જિત ... ડૉ. જે. જે. ત્રિવેદી
૨૯. રડાર ... શ્રી. પી. ડી. પાઠક

પરિશિષ્ટ 'ગ'
કામકાજ ક્રમાંક ૮૦

ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર, તારીખ ૨૧-૧-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૪૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના અધ્યક્ષ સ્થાને મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૩. આચાર્ય વી. એફ. શાહ	ગેરહાજર
૪. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર
૫. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૬. શ્રી. એ. કે. ઝવેરી	ગેરહાજર
૭. ડૉ. આર. એલ. વાદી	ગેરહાજર
૮. આચાર્ય જે. સી. ત્રિવેદી	હાજર
૯. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર
૧૦. ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર
૧૧. આચાર્ય સી. એસ. શાહ	હાજર
૧૨. આચાર્ય કે. એન. શાહ	ગેરહાજર
૧૩. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૧૪. શ્રી. ડી. એન. પાઠક	હાજર
૧૫. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૬. આચાર્ય વાય. પી. શુક્લ	હાજર
૧૭. આચાર્ય વાય. જી. નાયક	હાજર
૧૮. શ્રી. કે. જે. ભટ્ટ	હાજર
૧૯. શ્રી. એચ. યુ. જોશી	હાજર

૨૦. ડૉ. છોટુભાઈ એચ. નાયક	હાજર
૨૧. આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૨૨. ડૉ. સી. પી. બોધાની	ગેરહાજર
૨૩. શ્રી. એ. બી. દેવાણી	હાજર
૨૪. ડૉ. ઈ. એમ. બેસ્ટ	હાજર
૨૫. આચાર્ય જે. જે. ત્રિવેદી	હાજર
૨૬. આચાર્ય ડી. પી. ઠાકર	હાજર
૨૭. આચાર્ય એન. બી. જોશી	હાજર
૨૮. શ્રી. એન. ઝેડ. પટેલ	હાજર
૨૯. ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૩૦. શ્રી. દલસુખભાઈ માલવણિયા	હાજર
૩૧. ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા	હાજર
૩૨. શ્રી. કે. જી. દેસાઈ	હાજર
૩૩. શ્રી. કે. આર. ચંદ્રશેખરન	હાજર.

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૬-૧૯૭૦ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૬-૧૯૭૦ના રોજ મળેલી સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર અધ્યક્ષશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો / સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવીની માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે :

(૧) નીચે જણાવેલ શિક્ષકને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪મી જૂન, ૧૯૭૨ સુધી આપવી :

શિક્ષકનું નામ	વિષય	પદવી
૧. શ્રી. ભાયાણી હરિવલ્લભ ચૂનીલાલ, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	ગુજરાતી	પીએચ.ડી.
૨. શ્રી. લેલે ત્રિબંક પુરુસોત્તમ, આચાર્ય, કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ.	એજ્યુકેશન	પીએચ.ડી.
૩. શ્રી. પીશારોટી પી. આર., ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, નવરંગપુરા, અમદાવાદ.	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.

(૨) નીચેના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટેની અરજીઓ પરત્વે તેમના પ્રસિદ્ધ થયેલા સંશોધનપત્રો તે માટેની જરૂરી ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે તેમનાં નામ સામે જણાવેલ નિષ્ણાતોનો અભિપ્રાય મેળવીને ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી :

શિક્ષકનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧. મિસ ત્રિવેદી ભાનુ મૂળશંકર, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ—૯	ફાર્માસ્યુટિક્સ	Dr. Mrs. M. Baichwal Deptt. of Chemical Technology, Matunga, Bombay
૨. ડૉ. રવિપતિ રાઘવરાવ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ-૯	ભૌતિકવિજ્ઞાન—ફિઝિક્સ ઑફ ધી અપર એટમોસ્ફિયર	Dr. P. S. Gill, Director, C.S.I.O., 30, BayBldg.,Sector-30 Chandigarh--20
૩. ડૉ. દેસાઈ જ્યોતીન્દ્ર નવીનચંદ્ર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ભૌતિકવિજ્ઞાન	ડૉ. આર. એસ. કૃષ્ણન, બેંગલોર યુનિવર્સિટી, બેંગલોર.
૪. ડૉ. ભોસલે આર. વી., ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ભૌતિકવિજ્ઞાન—એસ્ટ્રોનોમી તથા એરોનોમી	ડૉ. કે. એમ. કોટડિયા. વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯
૫. ડૉ. બુટી બિમલા, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ભૌતિકવિજ્ઞાન—પ્લાસ્મા-ફિઝિક્સ	Dr. P. S. Gill, Director, C.S.I.O., 30, Bay Bldg., Sector 30, Chandigarh-20.
૬. શ્રી. શાસ્ત્રી ગોપાલ કિશન ટી. એસ., ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ભૌતિકવિજ્ઞાન	,,

(૩) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તેઓ જો જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોય તો તે જોઈનપાસીને તે અંગે ઘટતી કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શિક્ષકનું નામ	વિષય
૧. શ્રી. ભટ્ટ કુમાર હરિપ્રસાદ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ભૌતિકવિજ્ઞાન
૨. શ્રી બેગુર શેશગીરી રાવ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિકસ એન્જિનિયરિંગ
૩. શ્રી. પરીખ જિતેન્દ્ર ચંદ્રકાન્ત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ભૌતિકવિજ્ઞાન— ન્યુક્લિયર ફિઝિકસ

(૪) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તેઓ નિયમાનુસાર પાત્રતા નહિ ધરાવતા હોવાથી આપવી નહિ :

શિક્ષકનું નામ	વિષય
૧. શ્રી. સોમપુરા કાંતિલાલ ફૂલચંદ એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ભારતીય સંસ્કૃતિ
૨. શ્રી. સોની કાંતિલાલ પુરુષોત્તમદાસ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯	કેમિસ્ટ્રી
૩. શ્રી. શાહ વિમળભાઈ પ્રેમચંદ, સમાજવિદ્યા ભવન, અમદાવાદ—૯	સમાજશાસ્ત્ર
૪. ડૉ. દેવાણી મૂળજીભાઈ ભીમજીભાઈ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ—૯	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી
૫. શ્રી. શુકલ જયેન્દ્ર જટાશંકર મનોવિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯	ફિલોસોફી

૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાના ડૉ. એલ. ડી. જોષીને પીએચ.ડી. હિન્દી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાની બાબતમાં તેમના સંશોધન પેપરો પર ડૉ. બી. જે. સાંડેસરા તરફથી આવેલ અભિપ્રાયને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાના શિક્ષક ડૉ. એલ. ડી. જોશીને, ડૉ. બી. જે. સાંડેસરાના અભિપ્રાય જોતાં, હિંદી વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તારીખ ૧૪મી જૂન, ૧૯૭૨ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. મનોવિજ્ઞાન વિદ્યાભવનના કાર્યકારી અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈ, જેઓ એજ્યુકેશન વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે, તેમના તરફથી સાયકોલોજી વિષયમાં (૧) સાયકોલોજી ટેસ્ટિંગ, (૨) ગાઈડન્સ અને (૩) એજ્યુકેશન સાયકોલોજીમાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણના વિદ્યાભવનના કાર્યકારી અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈને (૧) સાયકોલોજિકલ ટેસ્ટિંગ, (૨) ગાઈડન્સ, (૩) એજ્યુકેશનલ સાયકોલોજીના વિષયોમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તારીખ ૧૪મી જૂન ૧૯૭૨ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. આર્ટ્સ કૉલેજ, સંખેડાના આચાર્યશ્રી વી. જી. ઉપાધ્યાયે તેમની ગુજરાતી વિષયમાં પીએચ.ડી. માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા કરેલી તા. ૨૬-૧૨-૧૯૬૬ની અરજી પાછી ખેંચી લીધાની નોંધ લેવા બાબત.

આર્ટ્સ કૉલેજ, સંખેડાના આચાર્યશ્રી વી. જી. ઉપાધ્યાયે ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટેની અરજી પાછી ખેંચ્યાના કાર્યની નોંધ લેવી.

૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, મોડાસાના વ્યાખ્યાતા શ્રી. સી. બી. શેઠને એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

શૈક્ષણિક લાયકાત	શૈક્ષણિક અનુભવ
એમ.એ. (૧૯૩૧) પ્રથમ વર્ગ (મુંબઈ યુનિવર્સિટી) વિષય : ઇતિહાસ	લેક્ચરર—પાંચ વર્ષના ૧૯૫૨થી ૧૯૫૭, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ (બી.એડ.ના વર્ગોનો અનુભવ)
બી.ટી. (૧૯૫૨) બીજો વર્ગ, (મુંબઈ યુનિવર્સિટી), વિષય : અંગ્રેજી અને ઇતિહાસ	પ્રોફેસર—૧૨ વર્ષ ૧૯૫૭થી ૧૯૬૯ એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (બી.એ.ના અને એમ.એ.ના વર્ગોનો અનુભવ)

શ્રી. સી. બી. શેઠને એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા નહિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બાલાસિનોરના વ્યાખ્યાતા શ્રી. વિષ્ણુપ્રસાદ શંકરલાલ પંડ્યાને તેમનો આણંદની બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચરનો અર્થશાસ્ત્રનો શૈક્ષણિક અનુભવ ધ્યાનમાં લઈ, ઇતિહાસ–અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'ના વિષયમાં માંગેલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બાલાસિનોરના વ્યાખ્યાતા શ્રી. વિષ્ણુપ્રસાદ શંકરલાલ પંડ્યાને અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી' ના વિષયમાં માંગેલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા નહિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણાના લેક્ચરર શ્રી. સી. ટી. મોદી અને શ્રી. જે. એચ. પંડ્યા તથા બી. ડી. કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના શ્રી. કે. વી. શેઠને એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી સ્વીકારવામાં નહિ આવતાં તે તે કૉલેજના આચાર્યશ્રીઓ તરફથી આવેલા પત્રો પરત્વે વિચારણા કરવા બાબત.

વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા તથા બી. ડી. કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજના લેક્ચરર શ્રી. સી. ટી. મોદી અને શ્રી. જે. એચ. પંડ્યા તથા શ્રી. કે. વી. શેઠને એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ઑર્ડિ. ૬૧–એ (૧) (*iv*) અનુસાર આપવાના પત્રો પરત્વે વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે :

(૧) શ્રી. સી. ટી. મોદી, શ્રી. જે. એચ. પંડ્યા તથા શ્રી. કે. વી. શેઠને, તેઓ નિયમાનુસાર જરૂરી પાત્રતા નહિ ધરાવતા હોવાથી, એમ.એડ. એજ્યુકેશન માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા નહિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) ઑર્ડિ. ૬૧–એફ (બી) તથા ઑર્ડિ. ૬૧- એમ (૧)ની પેટાકલમ (*iv*), જે નીચે મુજબ વંચાય છે તે, શિક્ષણની અભ્યાસસમિતિ તરફ તેના અભિપ્રાય માટે મોકલી આપવા :

ઑર્ડિ. ૬૧—એફ (બી)

Notwithstanding anything contained in (*a*) above a teacher may also be recognised for the M.Ed. degree, provided he is a Professor of Education and has at least five years' teaching experience in a Secondary Teachers' College.

ઑર્ડિ. ૬૧—એમ. (૧) (*iv*)

A person holding the academic qualification mentioned above or a Professor of Education shall be held eligible for recognition as Assistant to a Post-graduate teacher for the M.Ed. degree provided he has seven years' teaching experience of which not less than two years shall be in a Secondary Teachers' College.

૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણના આચાર્યશ્રી બી. સી. પટેલે તેમની એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાની અરજીના કૉલમમાં "ઈસ્ટ્રકટર"—લેકચરર દર્શાવેલું છે તેને કારણે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૬-૧૯૭૦ની સભામાં તે માન્યતા પાછી ખેંચવા ઠરાવ કરેલો, તેને સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભામાં ઠરાવથી સ્થગિત કરેલ છે, તેમની માન્યતા રદ કર્યાના નિર્ણય અંગે ફેર વિચારણા કરવા બાબત.

કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણના આચાર્યશ્રી બી. સી. પટેલને એમ.એડ. એજ્યુકેશનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભામાં સંલગ્ન કૉલેજોમાં શિક્ષક તરીકે નિવૃત્ત થયેલી વ્યકિત પૂરતી શારીરિક તંદુરસ્તી ધરાવતી હોય તો તેને, ૬૮ વર્ષની ઉંમર વીતી ગયા પછી પણ, માનદ ધોરણે તેને અઠવાડિયે વધુમાં વધુ પાંચ તાસનું શિક્ષણકાર્ય સોંપવામાં આવે તેમ ઠરાવેલું છે. પરંતુ તેમાં અનુસ્નાતક શિક્ષણના કાર્ય અંગે કોઈ ઉલ્લેખ નહિ હોવાથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટે તેની તારીખ ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભામાં સંલગ્ન કૉલેજોમાં શિક્ષક તરીકે નિવૃત્ત થયેલી વ્યકિત, પૂરતી શારીરિક તંદુરસ્તી ધરાવતી હોય તો તેને ૬૮ વર્ષની ઉંમર વીતી ગયા પછી માનદ શિક્ષક તરીકે કાર્ય કરવા છૂટ આપવી તે અંગે જે ઠરાવ થયો છે તે અંગે પુનવિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદની માન્ય સંસ્થા (approved institution) તરીકે એલ. જી. હૉસ્પિટલ, અમદાવાદને ઑર્ડિ. ૬૫-કે હેઠળ આપવામાં આવેલી નોંધ અનુસાર ફકત હાઉસ-પોસ્ટ માટે માન્ય કરવામાં આવેલ છે, તે સંસ્થામાં નીચેના વિષયોના વધારાના હાઉસપોસ્ટ માટે જે તે યુનિટો માન્ય કરવા અંગે, કે. એમ સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

એમ.ડી. બ્રાન્ચ-૬	શિક્ષક	ડૉ. બી. પી. ત્રિવેદી
(એનેસ્થેસિયા અને	આસિ.	ડૉ. બી. એન. શાહ
ડિપ્લોમાઈન	,,	ડૉ. મિસ વીણા એસ. શાહ
એનેસ્થેસિયા.		
એમ.ડી. બ્રાન્ચ-૫	શિક્ષક	ડૉ. સરોજ ટી. પટેલ
(પેડિયાટ્રિકસ)	આસિ.	ડૉ. મિસિસ કોકિલા આર. કાણકિયા

એલ. જી. હૉસ્પિટલ, અમદાવાદમાં એમ.ડી., બ્રાન્ચ ૬—એનેસ્થેસિયા અને ટી.એ. તથા એમ.ડી. બ્રાન્ચ ૫—પેડિયાટ્રિકસ માટે ઑર્ડિ. ૬૫—કેની નોંધમાં જણાવ્યા અનુસાર પૂરતી સગવડો છે કે કેમ તે અંગે તપાસ કરી હેવાલ મોકલી આપવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ડૉ. સી. એચ. નાયક, અમદાવાદ

૨. ડૉ. એસ. એચ. પટેલ, અમદાવાદ.

૧૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ દ્વારા તેમના કામકાજને માટે ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદને હાઉસપોસ્ટ માટે માન્ય કરવા અંગે ઑ. દ૫-કે હેઠળ નિમાયેલ તપાસસમિતિની નીચેની ભલામણને અનુલક્ષીને વિચારણા કરવા બાબત :

તપાસસમિતિની ભલામણ

૧. મેડિકલ, સર્જિકલ અને ગાયનેકૉલોજી ડિપાર્ટમેન્ટ - એમ પ્રત્યેકના એક એક યુનિટ.

૨. મેડિકલ, સર્જિકલ અને ગાયનેકૉલોજીના પ્રત્યેક યુનિટમાં વધુમાં વધુ બે હાઉસપોસ્ટ માટે.

૩. અનુસ્નાતક હાઉસપોસ્ટ માટે વધુમાં વધુ બે વર્ષ.

૪. મેડિકલ, સર્જરી અને ગાયનેકના વિષયો માટે લાઇબ્રેરીનાં પુસ્તકો માટે રૂ. ૧૦૦૦૦નાં પુસ્તકો સંસ્થાએ વસાવવાં

૫. મેડિકલ અને નર્સિંગના સ્ટાફ સહિત કેઝ્યુઅલ્ટી ડિપાર્ટમેન્ટની વ્યવસ્થા કરવી.

૬. હૉસ્પિટલને જરૂર પડે ત્યારે પોસ્ટ-મોર્ટમ માટે બી. જે. મેડિકલ કૉલેજના ડીન કેસો સ્વીકારશે એવી બાંયધરી મેળવવી.

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ દ્વારા તેમના કામકાજને માટે ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદને ઑ.ઠ. દ૫-કે હેઠળ આપવામાં આવેલી નોંધના સંદર્ભમાં સમિતિની ઉપરની શરતોને આધીન અનુસ્નાતક હાઉસપોસ્ટ માટે માન્ય સંસ્થા (approved institution) તરીકે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં સ્થાપવામાં આવેલા એમ.એ.-એમ.એસસી. ગણિતશાસ્ત્ર વિષયમાં પાર્ટ ૧માં ૧૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ નોંધાયા હોવાથી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રાખવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. (૧) તે કૉલેજમાં એમ.એ. અંગ્રેજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શિક્ષકોની ઑાણપ પૂરી નહિ થઈ શકવાને કારણે તે જૂન ૧૯૭૦થી બંધ પડેલું જાણવામાં આવ્યું છે.

(૨) મનોવિજ્ઞાનના વિષયમાં પણ વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યા નથી. (આઠ વિદ્યાર્થીઓ નોંધાયા છે.)]

આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં સ્થાપવામાં આવેલા (૧) ગણિતશાસ્ત્ર, જૂથ "એ" તથા (૨) મનોવિજ્ઞાન વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં નિયમાનુસાર પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ નોંધાતા નહિ હોવાના કારણે તે વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો વર્ષ ૧૯૭૧—૭૨ના શૈક્ષણિક વર્ષથી બંધ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં કરાવવામાં આવે છે કે ઑ.ઠ. ૬૧-૪-૨ અનુસાર કૉલેજના સ્થાનિક સ્ટાફ પર જરૂરી સંખ્યામાં શિક્ષકો નહિ હોવાના કારણે એમ.એ. અંગ્રેજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૭૦—૭૧થી બંધ પડ્યું તેની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. કોઈ પણ વિષય માટે ભાગ ૧ કે ભાગ ૨નું અનુસ્નાતક કેન્દ્ર ચાલુ રાખવા માટે પ્રત્યેક ભાગ માટે વિદ્યાર્થીની સંખ્યા ઓછામાં ઓછી કેટલી આવશ્યક રાખવી તે અંગે વિચારણા કરવા બાબત.

કોઈ પણ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જ્યાં પાર્ટ ૧ અને પાર્ટ ૨નું શિક્ષણ આપવા અંગે તે કેન્દ્ર સ્થાપવા તથા ચાલુ રાખવા માટે પાર્ટ ૧ ના વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૦ની હોવી આવશ્યક ગણવાનું રાખ્યું, જ્યારે પાર્ટ ૨ માટે અમુક જ સંખ્યાના આગ્રહ નહિ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. સેનેટની તા. ૨૧/૨૬/૨૭-૩-૧૯૭૦ની વાર્ષિક સભામાં ચર્ચાવિચારણા દરમ્યાન અનુસ્નાતક અભ્યાસ અંગે થયેલ નીચેનું સૂચન સિન્ડિકેટે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભાથી આ સભા તરફ મોકલ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

અનુસ્નાતક શિક્ષણ	સિન્ડિકેટના ઠરાવ
સૂચન અનુસ્નાતક કેન્દ્રો કેમ ચાલે છે તે તપાસવું.	સદરહુ સૂચન બોર્ડ ઓફ યુનિ- વર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવું.

અનુસ્નાતક કેન્દ્રો કેમ ચાલે છે તેની સર્વગ્રાહી તપાસ અંગે નીચે મુજબનું વ્યવસ્થાતંત્ર ગોઠવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવામાં આવે છે તે વિષયોના વડા દ્વારા અગર કુલપતિશ્રી જે વ્યકિત/વ્યકિતઓને તે હેતુ માટે તપાસ કરવા માટે નીમે તેમની દ્વારા તપાસ કરાવી અહેવાલ મંગાવવો.

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિષયનું અનુસ્નાતક શિક્ષણ અપાતું ન હોય તેવા વિષયમાં કુલપતિશ્રી જે વ્યકિત/વ્યકિતઓને તે હેતુ માટે તપાસ કરવા માટે નીમે તેમના દ્વારા તપાસ કરાવી તેમનો અહેવાલ મંગાવવો.

(૩) તપાસ માટે જે સમિતિ જે તે અનુસ્નાતક કેન્દ્રોની મુલાકાતે જાય ત્યારે તે સમિતિએ નીચેના મુદ્દાઓ અંગે વિગતે તપાસ કરી પોતાનો અહેવાલ પ્રત્યેક મુદ્દાસર આપવાનો રાખવો :

(અ) જે તે વિષયના અનુસ્નાતક કેન્દ્ર/કેન્દ્રોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવામાં આવ્યું ત્યારે તેમની લાઈબ્રેરીમાં તે વિષયનાં કેટલાં અને કેટલી રકમનાં પુસ્તકો હતાં અને પ્રતિવર્ષ કેટલી રકમનાં પુસ્તકો ખરીદવામાં આવ્યાં ?

(બ) યુનિવર્સિટી તરફથી પ્રતિવર્ષ પુસ્તકો ખરીદવા માટે કેટલી રકમની સહાય મળી અને કેટલી રકમનાં પુસ્તકો ખરીદવામાં આવ્યાં ?

(ક) યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી જે તે અનુસ્નાતક કેન્દ્રને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય મળી હોય તો તે આર્થિક સહાયમાંથી કેટલી રકમનાં પુસ્તકો, જ્યારથી સહાય મળી હોય ત્યારથી ખરીદવામાં આવ્યાં ?

(ચ) વિજ્ઞાનની કૉલેજો—જ્યાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવામાં આવ્યાં હોય તે વિષયમાં લેબોરેટરીમાં તે વિષયને લગતાં સાધનો અને અન્ય જરૂરી સગવડો કઈ અને કેવી છે અને કઈ સગવડોની ઊણપ છે તે.

(૬) યુનિવર્સિટીના નિયમાનુસાર જે અનુસ્નાતક કેન્દ્રોને લેબોરેટરી વગેરે ખર્ચ અંગે વિદ્યાર્થી દીઠ આર્થિક સહાય આપવામાં આવે તે આર્થિક સહાયમાંથી પ્રતિવર્ષ કેટલી રકમ વિદ્યાર્થીઓ પેટે ખર્ચવામાં આવી અને તે સબસિડીની રકમનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગત.

(૭) અનુસ્નાતક કેન્દ્રે અનુસ્નાતક વ્યાખ્યાનો માટે શિક્ષકો વચ્ચે કરેલા કામની વહેંચણી તથા જે સમયપત્રક ગોઠવ્યું તે મુજબ કાર્ય કરવામાં આવે છે કે કેમ તે અને તેમાં શી ક્ષતિઓ છે તે અંગે.

(૮) આ ઉપરાંત તપાસસમિતિને યોગ્ય લાગે તેવા મુદ્દાઓનો સમાવેશ સમિતિ કરી શકે.

૧૩. ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરું થયું નહિ હોવાથી અનુસ્નાતક કેન્દ્ર/કેન્દ્રોમાં શિક્ષણકાર્ય માટે ભાગ લેતા જે તે વિષયના પ્રત્યેક શિક્ષક પાસેથી હવે પછી તેઓ વ્યાખ્યાનો લેવા આવે ત્યારે તેમની પાસેથી તેઓ કયા મુદ્દાઓ પર વ્યાખ્યાન આપશે તેની નોંધ તથા તેની ટૂંકી રેખા જે તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જે મેળવવી ફરજિયાત રાખવી.

(૪) જે શિક્ષકોએ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન તેમના વિષયનો અનુસ્નાતક વ્યાખ્યાનો આપ્યો હોય તે પ્રત્યેક વ્યાખ્યાન દીઠ વ્યાખ્યાનના મુદ્દાઓ અને તેની ટૂંકી રૂપરેખા પ્રોફેસર-ઇન-ચાર્જને આપવી.

(૫) ભવિષ્યમાં સત્રના પ્રારંભે પ્રત્યેક શિક્ષકે તેમનાં વ્યાખ્યાનોના મુદ્દાઓ (topics) અને તેની ટૂંકી રૂપરેખા અગાઉથી જે તે વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જને સોંપવાની રહેશે. આવી નોંધમાં તેમણે જે પુસ્તકોનો અભ્યાસ કર્યો હોય તેની યાદી અને પેપરવાર નોંધનો સમાવેશ કરેલો હોવો જોઈએ.

(૬) પ્રત્યેક અનુસ્નાતક શિક્ષક—મદદનીશ શિક્ષકે પ્રથમ આઠ વ્યાખ્યાનોની સિનોપ્સિસ ૩૧મી મે પહેલાં આપવાની રહેશે અને બાકીનાં આઠ વ્યાખ્યાનોની ટૂંકી રૂપરેખાવાળી નોંધ જુલાઈના અંત પહેલાં આપવાની રહેશે.

(૭) ઉપર (૫) અને (૬)માં જણાવેલ હેતુ સિદ્ધ કરવા માટે વેકેશનના પ્રારંભે યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકો તથા પ્રત્યેક વિષયના પ્રોફેસર-ઇન-ચાર્જની એક સભા બોલાવવાની રહેશે.

૧૬. સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભાએ નીચેનો પ્રસ્તાવ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલ્યો હોવાથી તે પર વિચારણા કરવા બાબત :

"નિવૃત્ત થયેલા પણ કોઈ સંસ્થામાં નહિ જોડાયેલા એવા અનુભવી પ્રાધ્યાપકોની સેવાઓ અનુસ્નાતક વર્ગોમાં લઈ શકાય તે હેતુથી આ બાબતને લગતા નિયમોમાં યોગ્ય ફેરફાર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની બાબત પર સિન્ડિકેટે નિર્ણય લેવો એવો અભિપ્રાય આ સભાનો છે.

૧૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૪-૬-૧૯૭૦ની સભામાં અનુસ્નાતક શિક્ષણને લગતી કેટલીક બાબતો પર વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીમેલી સમિતિની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણની પુનર્વ્યવસ્થાની વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિ તરફ તેની વિચારણા માટે મજકૂર બાબત મોકલવી.

૧૮. (૧) અનુસ્નાતક શિક્ષકો અને તેમના મદદનીશ શિક્ષકોની માન્યતા અંગેના નિયમો તથા અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકો અંગેના નિયમોનું શક્ય તેટલું સંકલન કરવાના સૂચન સાથે સિન્ડિકેટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અંગેની નીચેની ભલામણ સદરહુ બોર્ડની પુનર્વિચારણા માટે મોકલેલી હતી તે પરત્વે; તથા

૬૭. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં નીચેનો પ્રસ્તાવ મંજૂર કર્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.

"આ અગાઉ યુનિવર્સિટી સિન્ડિકેટે પ્રકટ કરેલો તેની ઇચ્છાને લક્ષમાં લઈને સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે—

(૧) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અપાતું સાઇકલ ભથ્થું યુનિવર્સિટીના ધોરણે તેમના મૂળ પગારમાં ભેળવવા માટે, (૨) પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામ માટે રાત્રે આવીને પ્રેસના મકાનમાં કે ખુલ્લામાં ગમે ત્યાં સૂઈ રહીને હાલાકી ભોગવતા પ્રેસ-કર્મચારીઓની સુવિધા માટે ડોર્મેટરીની વ્યવસ્થા ઊભી કરવા માટે તેમ જ (૩) યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાને આજે ૧૪ વરસ જેટલો લાંબો સમય પસાર થવા છતાં હજુ સુધી એક પણ પ્રેસ-કર્મચારી માટે ક્વાર્ટર્સની વ્યવસ્થા થઈ શકી ન હોવાથી યુનિવર્સિટી કેમ્પસમાં ક્વાર્ટર બાંધવા અંગેની પ્રારંભિક તૈયારી કરવાના ખર્ચ માટે યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રકમાં પ્રતીક તરીકે રૂ. ૧૦,૦૦૦ની જોગવાઈ કરવા પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રના પાન ૩ના ૧૬મા મથાળા હેઠળ કુલ ખર્ચ રૂ. ૫,૦૩,૫૦૦ ને બદલે રૂ. ૬,૧૩,૫૦૦ની જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં નીચેનો પ્રસ્તાવ મંજૂર કર્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના ગવર્નિંગ બોડી અંગે યુનિવર્સિટી ધારા મુજબ "પ્રોપર્લી કોન્સ્ટિટ્યુટેડ ગવર્નિંગ બોડી" ની જોગવાઈને મૂર્ત સ્વરૂપ આપવા પ્રત્યેક સંસ્થા માટે નીચે સૂચવ્યા પ્રમાણે ગવર્નિંગ બોડીની રચના કરવા યુનિવર્સિટી પ્રવૃત્ત બને તે માટે લાગતાંવળગતાં સત્તામંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે :

ગવર્નિંગ બોડીનું સૂચિત માળખું	સભ્ય સંખ્યા
(૧) ટ્રસ્ટી મંડળના પ્રતિનિધિઓની સંખ્યા	૩
(૨) કોલેજ-સંસ્થાના આચાર્ય-અધ્યક્ષ (સભ્ય અને મંત્રી)	૧
(૩) અધ્યાપકોએ પસંદ કરેલા અધ્યાપકોના પ્રતિનિધિઓની સંખ્યા	૩
(૪) બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રતિનિધિની સંખ્યા	૧
(૫) વિદ્યાર્થી પ્રતિનિધિની સંખ્યા	૧
(૬) યુનિવર્સિટીના પ્રતિનિધિની સંખ્યા	૧
	૧૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. ભારત સરકારના શિક્ષણ ખાતાના તા. ૨૭-૧૧-૧૯૭૦ના પત્રાંક વાઈ.એસ.આઈ. ૧૦-૩૨-૭૦ મુજબ રાષ્ટ્રીય સેવા યોજના ૧૯૭૧-૭૨ના વર્ષમાં ચાલુ રહે છે તેની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી પગલાં લેવા બાબત.

સદરહુ બાબત અંગેની વિચારણા આગળ બાબત નં. ૪૮ લેવાઈ થયેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૭૦. તા. ૧૧-૩-૧૯૭૧ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટની તા. ૨૫/૨૬ અને ૨૭મી માર્ચ ૧૯૭૦ની સભામાં થયેલાં સૂચનો અંગે સિન્ડિકેટે તેની તા. ૩-૧૦-૧૯૭૦ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે મોકલવામાં આવેલ તે અંગે તેની ઉપસમિતિએ તા. ૧૬-૨-૧૯૭૧ની સભામાં સૂચવેલી અને આ સભાના સુધારા સાથેની ભલામણો સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. કોટેજ હોસ્પિટલ, દાહોદને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેડિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિ ઉપર ડૉ. સી. એચ. નાયકે કામ કરવા અશક્તિ દર્શાવી હોવાથી અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. સી. એચ. નાયકની જગ્યાએ ડૉ. એ. પી. ગુપ્તાને નીમવા.

૭૨. ચરોતર મેડિકલ રિલીફ સોસાયટી અને ચતુરભાઈ ગંગાદાસ જનરલ હૉસ્પિટલ, ઉત્તરસંડાને ઍાર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિ ઉપર ડૉ. જે. બી. હરિભક્તિએ કામ કરવા અશક્તિ દર્શાવી હોવાથી અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. જે. બી. હરિભક્તિની જગ્યાએ ડૉ. ઈ. એમ. બેસ્ટને નીમવા.

૭૩. જૂન ૧૪ થી ૧૯, ૧૯૭૧ના સમય દરમિયાન ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑન એજ્યુકેશન ફૉર ટીચિંગ અને આઈ.એ.ટી.ઈ.ના સહકારથી બેંગલોર મુકામે "ફર્સ્ટ એશિયન કૉન્ફરન્સ ઑન ટીચર એજ્યુકેશન" નું આધિવેશન થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તેમ જ અધિવેશનને રૂ. ૧૦૦ની આર્થિક સહાય આપવા માટે આઈ.એ.ટી.ઈ.ના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. જી. દેસાઈને મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશન માટે આર્થિક સહાય રૂપે રૂ. ૧૦૦નું ખર્ચ મંજૂર કરવું.

૭૪. જૂન ૩ અને ૪, ૧૯૭૧ના સમય દરમિયાન ત્રિવેન્દ્રમ મુકામે "દ્રાવિડિયન લિંગ્વિસ્ટિક્સ"ની પ્રથમ પરિષદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઍસોસિયેશનના વ્યવસ્થાપક મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૦-૩-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એચ. સી. ભાયાણીને મોકલવા.

૭૫. સંલગ્ન કૉલેજોને માન્ય સંસ્થાઓ માટે યુનિવર્સિટીએ નિયત કરેલ પ્રૉ. ફંડના નિયમોમાં નિયમ ૧૨-બી (i), (ii) અને (iii) નીચે પ્રમાણે વંચાય છે તેના સંદર્ભમાં જે શિક્ષકોએ બરોબર ૩ વર્ષ જેટલી જ નોકરી કરી હોય તેને કયો નિયમ લાગુ પાડવો એ અંગે સ્પષ્ટતા થાય તે પ્રમાણે નિયમમાં જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

O. 12-B :

In case other than dismissal, amount to his credit in his account on account of contribution and interest thereon on the following proportions :

(*i*) Nil, if the total period of service is less than three years

(*ii*) ½ if the total period of service is more than three years but less than five years

(*iii*) Full, if the total period of service is five years or more.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 12-B :

In cases other than cases of dismissal, amount to his credit in his account on account of contribution and interest thereon in the following proportions :

(*i*) Nil, if the total period of service is less than three years,
(*ii*) half, if the total period of service is three years or more than three years but less than five years,
(*iii*) Full, if the total period of service is five years or more.

૭૬. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૯-૩-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ સ્વીકારવા ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી-ડેમોન્સ્ટ્રેટરનું પ્રમાણ જે સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભામાં મંજૂર કર્યું છે તેમાં પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી. માટે અસ્પષ્ટતા હોઈ તે નીચે મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે :

	એક ડેમોન્સ્ટ્રેટર દીઠ વિદ્યાર્થીની વધારેમાં વધારે સંખ્યા
પહેલા વર્ષ બી.એસસી. માટે :	
કેમિસ્ટ્રી	૩૦
ફિઝિકસ	૩૦
બાયોલોજી	૨૦
બીજા વર્ષ બી.એસસી. માટે :	
કેમિસ્ટ્રી	૨૫
ફિઝિકસ	૨૫
અન્ય વિષયો	૨૦
ત્રીજા વર્ષ બી.એસસી. માટે :	
બધા વિષયો	૨૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૭. બાંધકામ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૧ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૧ની સભાની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૧૫-૩-૧૯૭૧ની સભાની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૮. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨ ફેબ્રુઆરી ૧૯૭૧ની સભામાં ઠરાવેલ છે કે શ્રી. એ. એન. કેલાને તા. ૩ ઑક્ટોબર ૧૯૬૩ના રોજ આપવામાં આવેલી એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા માટે જરૂરી કાર્યવાહી કરવી, તે અન્વયે સ્ટે. ૧૯૪ મુજબ શ્રી. કેલાને રૂબરૂમાં કે લખાણ દ્વારા સ્વબચાવની તક આપવા માટે નોટિસ આપવાનું સિન્ડિકેટ માટે જરૂરી છે તો આ અંગે વિચારણા કરવા બાબત. (શ્રી. કેલા તરફથી આવેલ તા. ૧૮ માર્ચ ૧૯૭૧ની "મર્સી પિટિશન" પર વિચારણા કરવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૯. કૉલેજોમાં થતી ચૂંટણીઓ અંગે ચૂંટણી આચારસંહિતા નક્કી કરવા અંગે તા. ૧૧-૩-૧૯૭૧ના રોજ મળેલ ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદની નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી સંસદની તા. ૨૫-૫-૧૯૭૦ની સભાની કૉલેજોમાં વિદ્યાર્થી મંડળોની ચૂંટણી પદ્ધતિ અંગેની રૂપરેખામાં સૂચવેલ ફેરફાર સાથેની પરિશિષ્ટ "ક"માં જણાવ્યા મુજબની સદરહુ રૂપરેખા મંજૂર કરવા તથા ફરજિયાત રૂપે કૉલેજોમાં અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

(નોંધ.—કૉલેજોમાં વિદ્યાર્થીમંડળોની ચૂંટણી પદ્ધતિ અંગેની મંજૂર કરવામાં આવેલી રૂપરેખાની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૮૦. તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮ માર્ચ ૧૯૭૧ના રોજ મળેલ સેનેટની વાર્ષિક સભામાં પુછાયેલા પ્રશ્નોના જવાબો આપવા માટે સંલગ્ન કૉલેજો પાસેથી માહિતી મંગાવવામાં આવેલી તે અંગે નીચેની કૉલેજોએ માહિતી મોકલી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

૧. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૬. એમ. એન. કૉલેજ, વીસનગર
૭. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)
૮. એચ. ડી. કૉલેજ, અમદાવાદ
૯. શેઠ પી. ટી. આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરા
૧૦. લુણાવાડા આર્ટ્સ-સાયન્સ કૉલેજ, લુણાવાડા

૧૧. સરસપુર આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨. બી ડી. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૧૪. મ્યુ. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મહેસાણા
૧૫. શ્રી. ગોસ્વામી એમ. એન. એલ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
૧૬. વડનગર આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, વડનગર
૧૭. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ
૧૮. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા
૧૯. વિવેકાનંદ કૉલેજ ફૉર એજ્યુકેશન, અમદાવાદ
૨૦. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર
૨૧. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૨. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
૨૩. પારેખ ગ્રુપ્સ સાયન્સ કૉલેજ, કપડવંજ
૨૪. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૫. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૬. આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ
૨૭. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૮. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૯. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૦. મોતીલાલ નહેરુ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૧. સિટી લૉ કૉલેજ, અમદાવાદ
૩૨. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
૩૩. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૩૪. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ
૩૫. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૩૬. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૩૭. કૉલેજ ઑફ નર્સિંગ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

આથી ફરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી મંગાવવામાં આવેલ માહિતી વેળાસર પૂરી પાડવામાં આવી નથી તેની ગંભીર નોંધ લેવી, અને તે કૉલેજોને ભવિષ્યમાં આવું થવા ન પામે તે માટે તકેદારી રાખવા જણાવવું.

૯૨. ઑક્ટોબર ૧૯૬૯ અને માર્ચ ૧૯૭૦માં આપણી યુનિવર્સિટીની (૧) એમ. એસ. (ઑપ્થેલ્મોલોજી), (૨) એમ. ડી. (રેડિયો-ડાયેગ્નોસીસ), (૩) એમ. એસ. (ઈ. એન.ટી.), (૪) ડી.એલ.ઓ. પરીક્ષાઓનું ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના ઇન્સ્પેક્ટરોએ ઇન્સ્પેક્શન કરેલ તે આધારે સદરહુ પરીક્ષાઓના અભ્યાસક્રમને માન્યતા આપવા અંગેના ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સેક્રેટરીના તા. ૩૧-૩-૧૯૭૧ના પત્રાંક એમ.સી.આઈ.૮(૪૦) ૬૯-મેડ-૨૦૮૬૩ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૩. સિન્ડિકેટે ઓ. ૬૬ પ્રમાણે પ્રોફેસર ઑફ સાયકોલોજીની જગ્યા પર વરણીસમિતિના સભ્ય તરીકે પ્રો. બી. બી. કુપ્પુસ્વામીની નિમણૂક કરી હતી. પરંતુ પ્રો. કુપ્પુસ્વામીએ વરણીસમિતિના સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—પ્રોફેસર ઑફ સાયકોલોજી અંગે હાલ નીચેના સભ્યોની વરણીસમિતિ બનેલ છે :

(૧) ડૉ. એસ. કે. મિત્રા, કલકત્તા
(૨) પ્રો. ઈ. આઈ. જ્યોર્જ, ત્રિવેન્દ્રમ
(૩) ડૉ. એ. કે. પી. સિંગ, દિલ્હી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર પ્રો. બી. બી. કુપ્પુસ્વામીની જગ્યાએ નીચેના સભ્યો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. એ. આર. વાડિયા
(૨) પ્રોફેસર ઑફ સાયકોલોજી, દિલ્હી યુનિવર્સિટી
(૩) પ્રોફેસર ઑફ સાયકોલોજી, મુંબઈ યુનિવર્સિટી
(૪) પ્રોફેસર ઑફ સાયકોલોજી, પૂના યુનિવર્સિટી.

૯૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૯ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૯૫. **શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકામાં એકાઉન્ટન્સી વિષયનું શૈક્ષણિક કાર્ય યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપક વગર આખું વર્ષ ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ.—(૧) એકાઉન્ટન્સી વિષયના શિક્ષણ માટે શ્રી. જે. જી. પટેલ, બી.કૉમ. પાસ વર્ગ, સી.એ. તથા પાંચ વર્ષનો ધંધાકીય અનુભવ ધરાવતા શિક્ષકની

નિમણૂક કરી છે. યુનિવર્સિટીના નિયમ મુજબ તેઓ પાંચ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવતા નથી.

(૨) સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૨-૧૭૯૦ની સભામાં પ્રાધ્યાપક નીમવા માટે આ કૉલેજને જણાવવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે એકાઉન્ટન્સીના પ્રોફેસરની નિમણૂક કર્યા વિના ૧૯૭૦-૭૧નું આખું વર્ષ ચલાવ્યું તે બદલ સદરહુ કૉલેજને ઠપકો આપવો, અને જણાવવું કે જૂન ૧૯૭૧થી યોગ્ય લાયકાતવાળા એકાઉન્ટન્સીના પ્રોફેસર નીમવામાં આવશે નહિ તો એકાઉન્ટન્સીના વર્ગમાં નવા વિદ્યાર્થીઓને તે કૉલેજમાં દાખલ કરી શકાશે નહીં.

૯૬. સિન્ડિકેટની તેની તા. ૬/૭-૬-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેની તપાસ-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૯૭. સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો, ગ્રંથાલય તથા ભવનોના કામકાજના ભારણ અંગે નીમેલી વર્કલોડ સમિતિની તા. ૨૯-૩-૧૯૭૧ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૯૮. આયનોસ્ફરિક રિચર્સ પ્રોજેક્ટ્સ અંગે પી. આર. એલ.ના આસિ. ડિરેક્ટર શ્રી. એમ. આર. હાકોરના તા. ૩૦-૩-૧૯૭૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૯૯. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબને સને ૧૯૭૧ના વર્ષ માટે આર્થિક સહાય આપવા અંગેના સદરહુ કલબના સામાન્ય મંત્રીના તા. ૧૩-૪-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— સિન્ડિકેટ તેની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભામાં ૧૯૭૦ના વર્ષ માટે સદરહુ કલબને રૂ. ૨,૫૦૦ (અંકે રૂપિયા બે હજાર પાંચસો)ની આર્થિક સહાય આપવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ કલબને સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે રૂ. ૨,૫૦૦ (અંકે રૂપિયા બે હજાર પાંચસો)ની આર્થિક સહાય આપવી.

૧૦૦. આર. આર. લાલન કૉલેજ, ભૂજને ૧૯૭૦થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન મજકૂર કૉલેજે હજુ સુધી કરેલ ન હોઈ તે અંગે

જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩૧-૩-૧૯૭૧ના પત્રાંક એફ ૬-૩-૬૮સી.ડી. *Pt. III*ની નોંધ લેવા બાબત.

(**નોંધ.** યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ચોથી પંચવર્ષીય યોજનામાં રૂ. ૨,૦૦,૦૦૦ના અંદાજી ખર્ચના મહિલા છાત્રાલયના મકાન માટે પોતાના ફાળા પેટે રૂ. ૧,૫૦,૦૦૦ અને રૂપિયા પાંચ લાખના અંદાજી ખર્ચના પુરુષોના છાત્રાલયના મકાન માટે પોતાના ફાળા પેટે રૂ. ૨,૫૦,૦૦૦ની આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૭. ભારતીય સંસ્કૃતિ વિષયનો સુધારેલો અભ્યાસક્રમ ક્રમશઃ અમલમાં મૂકવાને બદલે એકસાથે અમલમાં મૂકવાના સદરહુ અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારતીય સંસ્કૃતિના વિષયનો સુધારેલો અભ્યાસક્રમ તા. ૧૫-૬-૧૯૭૧થી ક્રમશઃ અમલમાં મૂકવા અંગેનો સિન્ડિકેટનો તા. ૧૧/૧૨-૨-૧૯૭૧નો ઠરાવ રદ ગણવો અને આ સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૧થી એકસાથે અમલમાં મૂકવા અંગેનું સદરહુ અભ્યાસસમિતિના અધ્યક્ષનું સૂચન મંજૂર કરવું.

૧૦૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૮(બ) પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૦૯. સિન્ડિકેટે તેની તા. ૧૫-૩-૧૯૭૧ની સભામાં સુધારેલ ઑર્ડિ. ૧૨૦-ડી અન્વયે ટ્રિબ્યુનલ નીમવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે તે પર સિન્ડિકેટના પ્રતિનિધિ (Nominee)ને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૨૫-૩-૧૯૭૧ની સભામાં સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બી અન્વયે ટ્રિબ્યુનલ નીમવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે તે ટ્રિબ્યુનલ પર સિન્ડિકેટના પ્રતિનિધિ (Nominee) તરીકે શ્રી. નાનુભાઈ શેલતને નીમવાનું રાખવું.

૧૧૦. તા. ૧૩-૪-૧૯૭૧ના રોજ પેટલાદ શહેરમાં કરફ્યુ હોવાને કારણે સોજીત્રાથી પેટલાદ પરીક્ષા આપવા માટે આવજા કરતા કુલ પાંચ વિદ્યાર્થીઓ સેકન્ડ બી.એ.ના સંસ્કૃત વિષયના પેપર ત્રણ અને ચાર અને સેકન્ડ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનના પેપર ત્રણ અને ચારની પરીક્ષામાં હાજર રહી શકયા ન હતા તેથી સદરહુ વિદ્યાર્થીઓની ઉપરોક્ત પેપરોની પરીક્ષા લેવા અંગે પેટલાદ કૉલેજના આચાર્યશ્રીના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કાર્યાલય તરફથી સ્પષ્ટતા કરવામાં આવી કે તા. ૧૩-૪-૧૯૭૧ ના રોજ પેટલાદ શહેરમાં કરફ્યુ હોવાને કારણે જે વિદ્યાર્થીઓ સેકન્ડ બી.એ. અને સેકન્ડ બી.એસસી. ના તે દિવસના પ્રશ્નપત્રોમાં બેસી શકયા નથી તેમને માટે જે તે પ્રશ્ન-પત્ર અંગેની પરીક્ષા તા. ૨૬-૩-૧૯૭૧ના રોજ યોજવા માટે કુલપતિશ્રીએ મંજૂરી આપી છે.

તે પછી સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

૧૧૧. આપણી યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજના હેઠળ કમિશને મંજૂર કરેલ ફંડમાંથી યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર વસાવવા અંગેના ખર્ચના ઓછામાં ઓછા ૫૦ ટકા ખર્ચ, યુનિવર્સિટી ફાજલ પાડી શકશે કે કેમ તે અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૭-૪-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૦ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

ચર્ચાવિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

કોલેજોએ વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીના દરમાં વધારો કરવા માટે પરવાનગી માટે આવેલી અને આ વર્ષે આવે તે માગણીઓ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૨) શ્રી. નાનુભાઈ શેલત
(૩) શ્રી. ઈશ્વરભાઈ પટેલ
(૪) શ્રી. રણજિતરાવ ગં. શાસ્ત્રી
(૫) શ્રી. ઈન્દ્રવદનભાઈ મોદી.

આ તબક્કે કુલપતિશ્રી ઉમાશંકર જોશીને જરૂરી કામ અંગે સભાગૃહની બહાર જવાનું થયું તેથી સભાગૃહની સંમતિથી શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ પ્રમુખસ્થાન સંભાળ્યું.

૧૧૧ (અ). કુલપતિશ્રીના અંગત સચિવશ્રી બી. એમ. વૈશ્યને મકાન ખરીદવા અંગે રૂ. ૪,૮૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૧૩-૪-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના ખાતે રૂ. ૧૭,૬૫૪-૩૮ પૈસા જમા છે અને તેઓની પ્રોવિડંટ ફંડની રૂ. ૪,૪૦૦ની લોન બાકી છે તે જોતાં તેઓને રૂ. ૯,૨૫૪-૩૮ પૈસા સુધીની લોન મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના અંગત સચિવશ્રી બી. એમ. વૈશ્યને મકાનની ખરીદી માટે તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતે જમા થયેલ નાણાંમાંથી રૂ. ૪,૮૦૦ (રૂપિયા ચાર હજાર આઠસો)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મંજૂર કરવી.

૧૧૨. યુનિવર્સિટીના જુનિયર ક્લાર્ક શ્રી. બી. ડી. પટેલને મકાનનું રિપેરિંગ કરવા માટે રૂ. ૨,૪૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૧૪-૪-૧૯૭૧ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના ખાતે રૂ. ૩,૭૬૯-૫૮ પૈસા જમા છે. તેઓની પ્રોવિડંટ ફંડની લોન રૂ. ૧,૩૬૦ બાકી છે તે જોતાં તેઓને રૂ. ૨,૪૦૯-૫૮ પૈસા સુધીની લોન મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે શ્રી. બી. ડી. પટેલને મકાનના રિપેરિંગ માટે તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતે જમા થયેલ નાણાંમાંથી રૂ. ૨,૪૦૦-૦૦ (રૂપિયા બે હજાર ચારસો)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મંજૂર કરવી.

૧૧૩. તા. ૧૬-૪-૧૯૭૧ના રોજ મળનાર ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૬-૪-૧૯૭૧ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૪-૧૯૭૧ની સભાની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૧૪. નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ તરફથી વૈજ્ઞાનિક પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને શોધી કાઢવાની યોજના હેઠળ પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ માટે તા. ૧૫ મી મેથી તા. ૧૩ મી જૂન ૧૯૭૧ સુધી યોજનાર ગ્રીષ્મ તાલીમ શાળાનું અધ્યક્ષ તરીકે સંચાલન કરવાનું સ્વીકારવા ગણિતશાસ્ત્રના રીડર શ્રી. એચ. એન. રાવળને મંજૂરી આપવા માટે આવેલા ડૉ. પી. સી. વૈદ્યના તા. ૧૧-૪-૧૯૭૧ના પત્રાંક ૩૨૦ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** ગ્રીષ્મશાળા યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રના મકાનમાં યોજવાની છે તથા ગ્રંથાલયની અને ભાગ લેનારાઓની જરૂર પડયે મફત તબીબી સગવડ આપણે આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામગીરી સ્વીકારવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના રીડર શ્રી. એચ. એન. રાવળને પરવાનગી આપવી.

૧૧૫. યુનિવર્સિટી ગ્રંથાલયમાં સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨-૧૯૭૧ની સભામાં નીચેની જગ્યાઓ ઊભી કરી છે તે ઉપર નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. રીડર ઇન લાઇબ્રેરિયન રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦—એક જગ્યા. તેમણે યુનિવર્સિટીના ગ્રંથપાલની કામગીરી પણ કરવાની રહેશે.

૨. લેક્ચરર-કમ-આસિસ્ટન્ટ લાઇબ્રેરિયન રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦—બે જગ્યા.

(**નોંધ.**—આ પ્રમાણે પગારધોરણ સુધારતાં તેમને મોંઘવારી ભથ્થું યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકોની જેમ મર્જ્ડ ડી.એ.ના ધોરણે આપવાનું રહેશે તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. રાષ્ટ્રીય સેવા યોજનાના ગુજરાત કૉલેજના અધ્યાપક-ઇન-ચાર્જ શ્રી. બી. એસ. ભટ્ટે આગામી શૈક્ષણિક વર્ષથી હોદ્દા પરથી રાજીનામું આપેલ હોઈ તેમની જગ્યાએ શ્રી. સી. જે. વાલાની નિમણૂક કરવા અંગે ગુજરાત કૉલેજના આચાર્યશ્રીની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. બી. એસ. ભટ્ટને બદલે શ્રી. સી. જે. વાલાને નીમવા.

૧૧૭. યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટ શ્રી. બી. એમ. ગજજરને મકાનનું રિપેરિંગ કરવા માટે રૂ. ૨,૮૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૧૮-૪-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ**—તેઓને આશરે રૂ. ૨,૮૦૦ સુધીની લોન મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. ગજ્જરને મકાનના રિપેરિંગ માટે તેમના પ્રોવિડંટ ફંડ ખાતે જમા થયેલ નાણામાંથી રૂ. ૨,૮૦૦ (રૂપિયા બે હજાર આઠસો)ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર મંજૂર કરવી.

૧૧૮. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કોમર્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૭૦થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ જોડાણ શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શરતોના પરિપાલન અંગેની યથાવત્ માહિતી નીચે પ્રમાણે છે:

(૧) ગૃહવિજ્ઞાનનાં સાધનો માટે રૂ. ૧૧,૩૩૪નો ખર્ચ કરવાનો બાકી છે તે સામે રેફ્રિજરેટર અને ઓવન ખરીદાનું કૉલેજ જણાવે છે. પરંતુ આ બે સાધનો માટે કેટલી રકમ ખર્ચેલ છે તે જણાવેલ નથી.

(૨) ગૃહવિજ્ઞાનના રૂ ૨,૦૦૦ પૈકી કેટલી રકમનાં પુસ્તકો આવ્યાં છે અને કેટલી રકમનાં પુસ્તકો આવવાનાં બાકી છે તે જણાવેલ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા માટેનાં સાધનોની ખરીદી માટે તથા ગૃહ-વિજ્ઞાનનાં પુસ્તકોની ખરીદી માટે જે રકમો ૧૯૭૦-૭૧ના વર્ષ માટે ખર્ચવાની બાકી રહેલી છે તે રકમ ૧૯૭૧-૭૨ના વર્ષ દરમ્યાન ખર્ચવા માટે સદરહુ કૉલેજને જણાવવું, અને તે અંગે જરૂરી બાંયધરી મળ્યેથી સદરહુ કૉલેજને તા. ૧૫મી જૂન ૧૯૭૦થી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૧૯. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસસમિતિ અંગેના અહેવાલો તપાસી સિન્ડિકેટને ભલામણ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૪-૪-૧૯૭૧ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૪-૪-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી, અને કાચા વિદ્યાર્થીઓને વિશેષ તાલીમ આપવાનો જે મુદ્દો સેંટ ઝેવિયર્સ કૉલેજની તપાસ વખતે તે સમિતિ સમક્ષ રજૂ થયો હતો તે મુદ્દાની નોંધ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧-ના રોજ મળેલી સભાએ કરેલી ભલામણ સાથે, આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૧૨૦. નીચે જણાવેલ જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે તે સામે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

૧. ગુજરાતીની અભ્યાસસમિતિ

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
શ્રી. એસ. વી. ભાવસાર	ગુજરાતી : સ્વ. કિશોરલાલ મશરૂવાળા	ડૉ. બી. કે. ઝવેરી ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	૧. પં. સુખલાલજી સંઘવી, અમદાવાદ ૨. આચાર્યશ્રી કાકાસાહેબ કાલેલકર ૩. પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૪. મનસુખલાલ ઝવેરી

૨. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of Student	*Subject*	*Internal referee*	*External referees*
Shri M. Ramkrishna Iyer	Charge and energy distribution of fission fragments in Law, Energy fission and their Nuetron evaporation and Beta Decay characteristics	Dr. A. K. Ganguly, Bhabha Atomic Research Centre	1. Prof. A. C. Wahl, Dept. of Chemistry, Louderman Hall, Washigton University, St. Louis, Missouri, 062130. 2. Prof. A. C. Pappas, University of Osio, Blindern, Norway. 3. Prof. N. Feather, University of Edinburgh, Old College, South Bridge, Edinburgh, U.K.

For Viva

1. Prof. L. S. Kothari, Dept. of Physics and Astro-physics University of Delhi, Delhi-7.
2. Prof. D. N. Kundu, Director, Saha Institute of Nuclear Physics, 92, Acharya Prafulla Chandra Road, Calcutta-9.
3. Prof. A. K. Saha, Saha Institute of Nuclear Physics, 92, Acharya Prafulla Chandra Road, Calcutta-9.

Name of student	*Subject*	*Internal Referee*	*External Referees*
Shri V. R. Rao	Airglow studies in Low Latitude	Dr. K. R. Ramanathan	1. Dr. G. Weill, Chairman, LAGA, Comm, VII Centre National dela Recherche Scientifique Institute of Astro-physique 98 biz Boulevard Arago Paris-14. 2. Dr. W. R. Steiger Physics Department, University of Hawaii Honolulu (Hawaii), U.S.A.

For Viva-voce

1. Dr. R. V. Karandikar, Director, Osmani Observatory, Dept. of Astronomy, Osmania University, Hyderabad (A.P.)
2. Dr. Vainu Bappu, Director, Astrophysical Observatory, Kodaikanal, Tamilnadu.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધો માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૩. રાજ્યશાસ્ત્રની અભ્યાસસમિતિ

શ્રી. જી. એસ. શાહે રાજ્યશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી. પદવી માટે સર્વશ્રી (૧) આઈ. પી. દેસાઈ, (૨) શ્રી. લોઈડ રુડોલ્ફ, તથા (૩) ડો. એન્ડર બિટાલના નિમણૂક કરી છે. પરંતુ મૌખિક પરીક્ષા માટે કોને નીમવા તે અંગે સ્પષ્ટતા ન હોવાથી અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે મૌખિક પરીક્ષા માટે નીચે પ્રમાણે ક્રમાનુવર્તી રેફરી નીમવા અંગે પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ પર

વિચારણા કરવા બાબત :

૧. શ્રી. આઈ. પી. દેસાઈ, સુરત
૨. ડૉ. એન્ડ્રર બિટાલ, દિલ્હી યુનિવર્સિટી
૩. શ્રી. વી. એમ. સીરસીકર, પૂના યુનિવર્સિટી.

૪. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referee*
Miss N. M. Doshi	"Adsorption of Selected Inorganic salts on woolfibres studies in carbo-hydrate"	Dr. H. C. Srivastava, ATIRA, Ahmedabad-9	1. Dr. S. P. Rowland, Southern Regional Research Laboratory, U.S. Dept. of Agriculture, New Orleans, Louisiana, U.S.A. 2. Dr. Hewitt G Fletcher Jr. Division of Carbohydrates, National Institute of Health, Bathesda, Maryland, U.S.A. 3. Dr. D. H. Ball, Pioneering Research Laboratory, U.S. Army Laboratories, Natick, Massachusetts, U.S.A.

For Viva

1. Prof. S. Mukherjee, National Sugar Institute, Kanpur.
2. Dr. A. K. Mitra, Division of Food Technology and Biochemical Engineering, University College of Engineering and Technolog,y Jadavpur University, Calcutta-32.
3. Dr. T. R. Ingle, National Chemical Laboratory, Poona-8.

૫. સંસ્કૃતની અભ્યાસસમિતિ

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરીઓ
શ્રી. આઇ. વી. ત્રિવેદી	"ગુજરાતના મધ્યકાલીન સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી"	ડૉ. એચ. જી. શાસ્ત્રી	૧. ડૉ. પી. જે. સાંડેસરા, ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા-૨ ૨. ડૉ. એચ. ડી. સાંકલિયા, જોઇન્ટ ડાયરેક્ટર, ડેક્કન કૉલેજ, પોસ્ટ-ગ્રેજ્યુએટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂના-૬ ૩. ડૉ. આર. એન. મહેતા, હેડ, ડિપાર્ટમેન્ટ ઑફ આર્કિયોલોજી એન્ડ એન્શિયન્ટ હિસ્ટ્રી, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

૧૨૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૧-૧-૧૯૭૧ની સભાની ભલામણ મુજબ નીચેના ઑર્ડિનન્સો સુધારવા તથા રદ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(૧) ઑર્ડિ. ૩૫૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા તેને ૧૫મી જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવો :

O. 354 :

A candidate for a post-graduate diploma course in the Faculty of Medicine shall get himself registered, under a recognised post-graduate teacher through the Head of the Institution concerned, applying in the prescribed form for registration and paying the prescribed fees for the same, within six months from the date of the commencement of his studies for the post-graduate diploma course concerned.

(૨) ઑર્ડિ. ૩૦૦-સી તથા ૩૦૦-ને ૧૫મી જૂન ૧૯૭૧થી રદ કરવા.

O. 300-C :

"Registration as a post-graduate student is essential and within six months of the commencement of the post-graduate course, the candidate must get himself registered."

O. 300-J :

"Registration as a post-graduate student is essential and within six months of the commencement of his post-graduate course, the candidate must get himself registered."

(૩) ઑડ. ૩૫૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા તેને ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો :

O. 356 :

A candidate shall be held eligible to appear for the diploma examination at least seven years after passing the M.B., B.S. Degree Examination of this University or of any other University whose Degree Examination has been recognised as equivalent thereto, provided the candidate has put in at least twelve months full residential post-graduate training under a post-graduate teacher duly recognised in the subject concerned. Such a candidate should have registered as a post-graduate student at least one year prior to his appearing at the examination.

(૪) ઑર્ડિ. ૬૫-ઓ. નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 65-O :

For the purpose of organisation and co-ordination of post-graduate instruction, teaching, training and research in the University there shall be the following five zones :

(1) Ahmedabad City Zone : It will comprise of colleges/institutions in the City of Ahmedabad and the Sabarmati Town area.

(2) North Zone : It will comprise of colleges/institutions in the Ahmedabad District (excluding the City of Ahmedabad and Sabarmati Town area), Gandhinagar District, the Mehsana District and the Banaskantha District.

(3) Kaira Zone : It will comprise of colleges/institutions in the Kaira District.

(4) East Zone : It will comprise of colleges/institutions in the Sabarkantha District, the Panchmahals District and the Baroda District.

(5) Kutch Zone : It will comprise of colleges/institutions in the Kutch District.

Note.—In the zone, all post-graduate instructions, teaching and research will be conducted at such centres and in one or more such subjects as may be specified when granted the recognition.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૫૪, ઑર્ડિ. ૩૫૬ અને ઑર્ડ ૬૫-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તે ઑર્ડિનન્સોને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૦૦-સી તથા ૩૦૦-જે ૧૫મી જૂન ૧૯૭૧થી રદ કરવા.

આ તબક્કે કુલપતિશ્રી સભાગૃહમાં પાછા આવ્યા અને તેમણે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ પાસેથી સભાગૃહનું પ્રમુખસ્થાન સંભાળ્યું.

૧૨૨. સંલગ્ન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજમાં ટ્યુટોરિયલની બૅચ ૩૦ વિદ્યાર્થીઓની રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૧૨૩. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮ માર્ચ ૧૯૭૧ ના રોજ મળેલી સભામાં "રિફર બૅક" કરેલ ઑર્ડિ. ૧૨૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 120-B :

(*i*) There shall not be more than 1650 students in college.

(*ii*) There shall not be more than two Faculty units in a College.

(*iii*) If a college has more faculty units than one, the total strength of such units taken together shall not exceed 1650 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 115 students, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of not more than 5 students in a class as distinguished from a division subject to a maximum total of 1650 students as mentioned in (*i*) and (*iii*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not at any of the stages, viz., either Pre-University Class or F.Y. Class be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in class or in a division thereof.

Notwithstanding anything contained above no college shall admit more than 1500 students during the year 1971-72.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૨૦-બી મંજૂર કરવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

૧૨૪. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું સંચાલન "નવયુગ કેળવણી મંડળ, અમદાવાદને સુપરત કરવા અંગે "મંગળ પ્રભાત" ના મંત્રીશ્રી તરફથી તા. ૨૨-૪-૧૯૭૧ ના પત્રથી આવેલ વક્તવ્ય પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૧૨૫. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન પોલિટિકલ સાયન્સની એક જગ્યા માટે તા. ૨૪-૪-૧૯૭૧ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન પોલિટિકલ સાયન્સની જગ્યા પર શ્રી. પ્રવીણકુમાર શેઠને રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૪-૪-૧૯૭૧ની સભાની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૨૬. કૉલેજોના શિક્ષકો માટેના મૅથેમેટિકલ ઇકોનોમિક્સ એન્ડ ઇકોનોમિક્સના અભ્યાસક્રમ સેમિનાર માટેની આર્થિક સહાયની મંજૂરી આપવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા તા. ૧૯-૪-૧૯૭૧ ના તારની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૭. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા વ્યાયામ-શિક્ષકોનાં પગારધોરણ અંગે રાજ્ય સરકારના તા. ૩૦-૩-૧૯૭૧ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.-૧૦૬૮(બ) પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં વ્યાયામશિક્ષકો માટે રૂ. ૨૫૦-૧૫-૪૦૦નું પગારધોરણ સુધાર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૨૮. સમાજવિદ્યા ભવનમાં ફીલ્ડ વર્ક સુપરવાઇઝરની નિમણૂક અંગે સિન્ડિકેટે નીમેલી વરણીસમિતિની તા. ૨૦-૪-૧૯૭૧ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એમ. ધોળકિયાને રૂ. ૪૦૦-૪૦-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૪૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૦-૪-૧૯૭૧ની સભાની નોંધ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૨૯. સંલગ્ન કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું અંશતઃ ભેળવવાની બાબત અંગે સિન્ડિકેટે ઉપર બાબત નં. ૬૫ હેઠળ જે સમિતિ નીમી હતી તે સમિતિની તા. ૨૩-૪-૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના તમામ શિક્ષકોને માટે તા. ૧—૪—૧૯૭૧થી મોંઘવારી ભથ્થાના દર નીચે મુજબ નિયત કરવા :

મૂળ પગાર		મોંઘવારી ભથ્થું
રૂ.		રૂ.
૧૦૯ સુધી		૮૧
૧૧૦થી	૧૪૯	૧૦૭
૧૫૦થી	૨૦૯	૧૩૦
૨૧૦થી	૩૯૯	૧૫૩
૪૦૦થી	૪૦૯	૧૬૬
૪૧૦થી	૪૪૯	૧૬૫
૪૫૦થી	૪૯૯	૧૬૮
૫૦૦થી	૧૩૧	મૂળ પગાર અને રૂ. ૬૬૭ વચ્ચેના તફાવત જેટલી રકમ
૫૩૨થી	૧,૦૦૦	૧૩૫
૧,૦૦૧થી	૧,૨૬૪	૧૧૫
૧,૨૬૫થી	૨,૨૫૦	૧૦૦
૨,૨૫૧થી	૨,૩૪૯	મૂળ પગાર અને રૂ. ૨૩૫૦ વચ્ચેના તફાવત જેટલી રકમ

(૨) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને માટે મોંઘવારી ભથ્થું અંશતઃ ભેળવવાની બાબતમાં નીચે મુજબ ગણતરી કરવામાં આવે :

જે શિક્ષકો તા. ૧--૪--૧૯૭૧ પહેલાં જોડાયા હોય તેમને તા. ૧--૪--૧૯૭૧ના રોજ મળતા પગાર પર અને તે પછી જોડાયેલા હોય તે શિક્ષકોને તેમની જોડાયાની તારીખે મળતા પગાર પર બિનભેળવાયેલા મોંઘવારી ભથ્થાના દરે મળવાપાત્ર રકમ અને મોંઘવારી ભથ્થું ભેળવાયેલા દરે જે મોંઘવારી ભથ્થું તેમને મળવાને પાત્ર થાય તે રકમના તફાવત જેટલી રકમ તેમના મૂળ પગારમાં ઉમેરતાં જે રકમ આવે તે રકમ જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને

સૂચવેલા પગારધોરણમાં બરાબર પગથિયે (સ્ટેજ ૫૨) આવે તો તે રકમ તેમના આ સુધારેલા પગારધોરણમાં મૂળ પગાર તરીકે નક્કી કરવામાં આવે. પરંતુ રકમ આ સુધારેલા પગારધોરણમાં પગથિયે (સ્ટેજ ૫૨) ના આવે તો તેની તરફના પહેલાંના (immediately preceding) પગથિયાની જે રકમ હોય તે રકમ તેમના મૂળ પગાર તરીકે નક્કી કરવી, અને બાકીની રકમ અંગત પગાર (personal pay) તરીકે ગણીને ચૂકવવી, જે ભવિષ્યના તેમના પગારવધારામાં સમાવી લેવામાં આવે (To be merged in future increment).

(૩) ઉપર કલમ નં. (૧) માં કરવામાં આવેલ જોગવાઈ છતાં તા. ૩૧—૩—૧૯૭૦ કે તે પહેલાં નિમાયેલા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને, જો તેઓ ઈચ્છે તો, નીચે બતાવેલા બિનભેળવાયેલા (unmerged) દરે મોંઘવારી ભથ્થું આપવાનું ચાલુ રાખવામાં આવે :

મૂળ પગાર રૂ.		મોંઘવારી ભથ્થું રૂ.
૫૦	સુધી	૧૧૬
૫૧થી	૬૪	૧૨૬
૬૫થી	૧૦૦	૧૫૨
૧૦૧થી	૧૦૪	૧૫૭
૧૦૫થી	૧૫૦	૧૭૦
૧૫૧થી	૧૬૪	૧૭૫
૧૬૫થી	૨૫૫	૧૯૮
૨૫૬થી	૩૨૯	૨૨૩
૩૩૦થી	૩૩૯	૨૩૦
૩૪૦થી	૪૨૯	૨૩૮
૪૩૦થી	૪૬૧	મૂળ પગાર અને રૂ. ૬૬૭ વચ્ચેના તફાવત જેટલી રકમ
૪૬૨થી	૫૦૦	૨૦૫
૫૦૧થી	૭૫૦	૨૨૦
૭૫૧થી	૯૦૦	૨૩૫
૯૦૧થી	૧૦૦૦	૨૧૫

મૂળ પગર રૂ.		મોંઘવારી ભથ્થું રૂ.
૧,૦૦૧થી	૧,૦૯૯	મૂળ પગાર અને રૂ. ૧૨૧૫ વચ્ચેના તફાવત જેટલી રકમ
૧,૧૦૦થી	૧,૨૫૦	૧૧૫
૧,૨૫૧થી	૨,૨૫૦	૧૦૦
૨,૨૫૧થી	૨,૩૪૯	મૂળ પગાર અને રૂ. ૨૩૫૦ વચ્ચેના તફાવત જેટલી રકમ.

નોંધ.—એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે તા. ૧—૪—૧૯૭૦ કે તે પછી નિમાયેલા શિક્ષકોને માટે ભેળવાયેલા (મર્જ્ડ) દરે મોંઘવારી ભથ્થું સ્વીકારવું આવશ્યક રહેશે, અને તેમને તા. ૩૧—૩—૧૯૭૦ કે તે પહેલાં નિમાયેલા શિક્ષકોને આપવામાં આવ્યો છે તેવો વિકલ્પ આપવામાં આવશે નહીં.

(સદરહુ સમિતિની તા. ૨૩-૪-૧૯૭૧ની સભાની નોંધ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૦૨૫૮૯ / ૧૯૭૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૫-૫-૧૯૭૧.

ઠ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧૮

અનુસ્નાતક અભ્યાસ માટે ઉપલબ્ધ સંશોધન શિષ્યવૃત્તિઓ માટે આવેલી અરજીઓ પર વિચારણા કરીને પોતાની ભલામણો કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની વર્ષ ૧૯૭૦—૭૧ની દ્વિતીય સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૨૨—૩—૧૯૭૧ના રોજ બપોરના ૨—૦૦ કલાકે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના અધ્યક્ષ-પદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી;

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨-૩-૧૯૭૧
૧.	શ્રી ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	ગેરહાજર
૩.	આચાર્ય વી. એફ. શાહ	ગેરહાજર
૪.	આચાર્ય જે. સી. ત્રિવેદી	ગેરહાજર
૫.	પ્રોફેસર કે. આર. ચંદ્રશેખરન	હાજર
૬.	પ્રોફેસર ડી. એન. પાઠક	ગેરહાજર
૭.	પ્રોફેસર કે. જી. દેસાઈ	ગેરહાજર
૮.	પ્રોફેસર જે. જે. ચિનોય	હાજર
૯.	આચાર્ય વાય. જી. નાયક	ગેરહાજર
૧૦.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૩—૭—૧૯૭૦ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૩—૭—૧૯૭૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ ૧૯૭૦—૭૧ના વર્ષની ગુજરાત રાજ્ય સરકારની માસિક રૂ. ૨૫૦/-ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી આપ્યાની નોંધ લેવા બાબત :

નામ	કૉલેજ / સંસ્થા	શિષ્યવૃત્તિ આપ્યાની તારીખ
૧. શ્રી. રામભાઈ રેવાભાઈ પટેલ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન કે મિશ્રી વિભાગ	૧—૧૦—૧૯૭૦
૨. શ્રી. જગદીશ શાન્તિલાલ જોશી	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	૧૨—૧૧—૧૯૭૦
૩. કુમારી હર્ષિકા કાન્તિલાલ શાહ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, બોટાની વિભાગ	૧૫—૭—૧૯૭૦

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ૭ શિષ્યવૃત્તિઓ પૈકીની ૪ શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યા પછી તેઓએ સી.એસ.આઈ.આર.ની ફેલોશિપનો સ્વીકાર કર્યાના કારણે ખાલી પડેલી ૩ તે શિષ્યવૃત્તિઓ તે વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિદ્યાર્થીઓને આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

યુ.જી.સી.ની શિષ્યવૃત્તિનો અસ્વીકાર કરનાર વિદ્યાર્થીનું નામ	યુ.જી.સી.ની શિષ્યવૃત્તિ આપી તે વિદ્યાર્થીનું નામ	યુ.જી.સી.ની શિષ્યવૃત્તિ આપ્યાની તારીખ
૧. શ્રીમતી જાની મીનાક્ષી દિનેશકુમાર, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	શ્રી શાહ રશ્મિકાન્ત વિમલભાઈ, શ્રીમતી બી. જે. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	૧૭—૭—૧૯૭૦
૨. કુમારી દેસાઈ ગીતા એમ., યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	શ્રી. જોશી જગદીશ એન., યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	૨૦—૭—૧૯૭૦
૩. કુમારી ભટવાડેકર જ્યોત્સ્ના મધુકર, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	કુમારી જોશી કૌમુદી રજનીકાન્ત એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૭—૭—૧૯૭૦
૪. કુમારી ઘેસાની પેરીન ઈસ્માઈલભાઈ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન.	શ્રી શાહ મનોજકુમાર સૂર્યકાન્ત, શ્રી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત.	૧૫—૬—૧૯૭૦

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૪. નીચે જણાવેલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ શિષ્યવૃત્તિઓ, જે ૧૯૭૦—૭૧ના વર્ષ માટે ચાલુ રાખવામાં આવી હતી તે, તેમનાં નામ સામે જણાવેલ કારણથી તે બંધ પડવાની નોંધ લેવા અંગે :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	શિષ્યવૃત્તિનો પ્રકાર	શિષ્યવૃત્તિ આપ્યાનું વર્ષ	શિષ્યવૃત્તિ બંધ કર્યાની તારીખ	શિષ્યવૃત્તિ બંધ કર્યાનું કારણ
૧.	શ્રી. સક્સેના રાજેન્દ્રબિહારી હરપ્રસાદ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	યુનિવર્સિટીની સંશોધન શિષ્યવૃત્તિ	૧૯૬૯—૭૦	૨૬—૧૧—૧૯૭૦	સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જોડાયા હોવાથી
૨.	શ્રી. રાજ કે. પી. એસ., યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	ગુજરાત રાજ્યની સંશોધન શિષ્યવૃત્તિ	,, ,,	૬—૮—૧૯૭૦	એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં નોકરી સ્વીકારી હોવાથી

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	શિષ્યવૃત્તિનો પ્રકાર	શિષ્યવૃત્તિ આપ્યાનું વર્ષ	શિષ્યવૃત્તિ બંધ કર્યાની તારીખ	શિષ્યવૃત્તિ બંધ કર્યાનું કારણ
૩.	શ્રી. ડી. પી. મહેતા, એચ. કે. આર્ટ્સ કૉલેજ	યુ.જી.સી.ની સંશોધન શિષ્યવૃત્તિ	૧૯૬૯–૭૦	૧૯–૬–૧૯૭૦	ગુજરાત કૉલેજ અમદાવાદમાં નોકરી સ્વીકારી હોવાથી
૪.	શ્રી. રતિલાલ મહાદેવ-ભાઈ સોલંકી, ગુજરાત કૉલેજ.	,, ,,	,, ,,	૧–૧૧–૧૯૬૯	પીએચ.ડી.નો અભ્યાસ મૂકી દીધો હોવાથી.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૫. ૧૯૭૦–૭૧ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની ખાલી પડેલ ૭ શિષ્યવૃત્તિઓ જે તે વિદ્યાર્થીઓને એનાયત કરવા અંગે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ સ્થાપેલી ૨૦ શિષ્યવૃત્તિઓ પૈકી સાત શિષ્યવૃત્તિઓ—ચાલુ વર્ષે એક યા બીજા કારણે ફાજલ પડી છે તે સાત શિષ્યવૃત્તિઓ—નીચેના વિદ્યાર્થીઓને તા. ૧૫–૬–૧૯૭૦થી અથવા વિદ્યાર્થી પીએચ.ડી. પદવી માટે નોંધાયો હોય તે તારીખ એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી બે વર્ષ માટે, શિષ્યવૃત્તિના સમય દરમ્યાન તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે તથા મજકૂર શિષ્યવૃત્તિઓ અંગેની અન્ય શરતો—નિયમોને આધીન રહી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ	શિષ્યવૃત્તિની મુદત
૧.	શ્રી. નીલમ કેવલ કિશન ડોગરા	ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ–૯	ઉપર ઠરાવમાં જણાવ્યા પ્રમાણે
૨.	શ્રી. ઈશ્વર મગનલાલ પટેલ	વનસ્પતિ વિભાગ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,, ,,
૩.	શ્રી. શૈલેન્દ્ર ભોગીલાલ પટેલ	રસાયણ વિભાગ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,, ,,
૪.	શ્રી. ભોળાભાઈ બેચરદાસ પટેલ	,,	,, ,,
૫.	શ્રી. પીયૂષ મનવંતરાય છાયા	,,	,, ,,
૬.	શ્રી. પટેલ જિતેન્દ્ર છોટાભાઈ પટેલ	ભૌતિકવિજ્ઞાન વિભાગ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,, ,,
૭.	કુ. કલ્પના સુખદેવ શર્મા	પ્રાણીવિજ્ઞાન વિભાગ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,, ,,

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના વિદ્યાર્થીઓ પૈકી જે કોઈ વિદ્યાર્થી એક યા બીજા કારણે તેમને એનાયત કરવામાં આવેલી શિષ્યવૃત્તિનો અસ્વીકાર કરે તો તેમની ખાલી પડેલી જગ્યાએ નીચેના વિદ્યાર્થીઓને ક્રમાનુવર્તી તે શિષ્યવૃત્તિ ઉપર પેરા ૧માં જણાવેલી શરતોએ આપવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ
૮.	કુ. આમ્રપાલી મહેન્દ્રકુમાર મરચન્ટ	બી. ડી કૉલેજ, અમદાવાદ
૯.	શ્રી. રમેશ જયંતીલાલ દેસાઈ	ભૌતિકવિજ્ઞાન વિભાગ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ક્રમાંક ૨, શ્રી. ત્રવાદી હુસેન સરફઅલીભાઈએ અગાઉ ઑગષ્ટ ૧૯૬૭થી જુલાઈ ૧૯૭૦ સુધી સી.એસ.આઈ.આર.ની શિષ્યવૃત્તિ મેળવી હોવાથી તથા ક્રમાંક ૧૧ અને ૧૨ અનુક્રમે શ્રી. મઝમુદાર મનોજ વિનય તથા કુ. ત્રિવેદી બ્રાહ્મશ્રા મત્સ્યેન્દ્ર, શિષ્યવૃત્તિના નિયમોને આધારે તે મેળવવાને પાત્ર નહિ હોવાથી યુનિવર્સિટીની પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિ નહિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

થા. પ્ર. મેઠ
નાયબ કુલસચિવ

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૧૯

૧. દાતાનું નામ : મંત્રીશ્રી, ઈન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ, અમદાવાદ શાખા, દ્વારા બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ—૧૬.

૨. દાનની રકમ : રૂ. ૭૫૦/- રોકડા

૩. દાનનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક આશરે રૂ. ૩૫૦/-નો

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૧—૧૧—૧૯૭૦ની સભામાં ઠરાવ નં. ૨૯થી મંજૂર કર્યું છે.

નિયમો

૧. (અ) " ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ, અમદાવાદ શાખા સુવર્ણચંદ્રક " આશરે રૂ. ૩૫૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટી તરફથી વર્ષ દરમ્યાન માર્ચ—એપ્રિલ અને ઑકટોબરની એમ.ડી.(પેડિયાટ્રિક્સ)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયેલ પૈકી જે વિદ્યાર્થીએ પ્રથમ પ્રયત્ને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં મેડિસિનના વિષયમાં સૌથી વધારે ગુણાંક પ્રાપ્ત થયેલ હોય તેને એનાયત કરવામાં આવશે. પરંતુ મેડિસિનના વિષયમાં જો એક કરતાં વધુ વિદ્યાર્થીઓ સૌથી વધારે ગુણાંક મેળવનાર હશે તો તેવા પ્રસંગે સદરહુ પરીક્ષાના તમામ વિષયો ધ્યાનમાં લઈને સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને તે એનાયત કરવામાં આવશે.

(બ) જ્યારે ફાઈનલ એમ.બી.,બી.એસ.માં પેડિયાટ્રિક્સ અલગ વિષય તરીકે સ્વીકારવામાં આવે તો મેડિસિનને બદલે પેડિયાટ્રિક્સમાં સૌથી વધુ ગુણ મેળવનારને સુવર્ણચંદ્રક માટે લાયક ગણવા.

(ક) માર્ચ—એપ્રિલ, ઑકટોબરની બન્ને એમ.ડી. પેડિયાટ્રિક્સની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓમાં ત્રીજી એમ.બી.,બી.એસ.માં પ્રથમ પ્રયત્ને પાસ થયેલ કોઈ વિદ્યાર્થી ન હોય તો એક ટ્રાયલવાળા વિદ્યાર્થીઓ-માંથી સુવર્ણચંદ્રક આપવા પસંદગી કરવી, પણ માર્કસ નીચે પ્રમાણે ગણવા :

ત્રીજી એમ.બી.,બી.એસ. ટોટલમાં—ટ્રાયલના ૫ ટકા માર્ક કાપવા અને મેડિસિન (અથવા પેડિયાટ્રિક્સ) વિષયમાં ટ્રાયલ હોય તો વધુ ૫ ટકા મેડિસિન(અથવા પેડિયાટ્રિક્સ)ના માર્કસમાંથી કાપવા અને પછી ટોટલમાં જે વધારે માર્ક્સ મેળવતા હોય તેને સુવર્ણચંદ્રક આપવો.

૨. સુવર્ણચંદ્રક શકય હોય ત્યાં સુધી ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહિ.

૪. સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાય તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત કરીને તેટલી રકમ ગુજરાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ " ગ "

કામકાજ ક્રમાંક ૪૧

ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૬૮—૬૯ના જનરલ હિસાબો અંગેની સરકારી ઑડિટ નોંધના જવાબો

પેરા ૨.—ભાગ ૧—પહેલાંનું ઑડિટ

આ અંગે જુદો પત્રવ્યવહાર ચાલતો હોઈ આ માટે કોઈ જવાબ આપવાનો રહેતો નથી.

પેરા ૩—ચાલુ ઑડિટ

યુનિવર્સિટીની આર્થિક સ્થિતિની સિન્ડિકેટે નોંધ લીધી છે. યુનિવર્સિટી ફી વગેરેની આવક વધારવા અંગેની બાબત સિન્ડિકેટની વિચારણા હેઠળ છે. દરમિયાન રાજ્ય સરકાર વધારે ગ્રાન્ટ આપે તે માટે રાજ્ય સરકાર પાસે જરૂરી રજૂઆત કરવામાં આવેલ છે.

પેરા ૪(અ)

૧. યુનિવર્સિટીએ કરેલું રોકાણ રાજ્ય સરકાર કે યુનિ. ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટ્માંથી કરવામાં આવતું નથી, પરંતુ આ અંગેનાં જે ફંડો છે તેમાંથી કરવામાં આવે છે. ખરેખર તો રાજ્ય સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટ ખર્ચ કર્યા પછીથી જ મળે છે. તે જોતાં વ્યાજની આવક અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને પ્રમાણપત્ર આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રાજ્ય સરકારની ગ્રાન્ટ પર યુનિવર્સિટીને કોઈ વ્યાજ મળ્યું નથી.

૨. ગુજરાત યુનિવર્સિટી કો-ઑપરેટિવ સ્ટોર્સને મળેલ બ્રોકરેજની રકમની વિગતો હવે પછીથી ઑડિટને બતાવવામાં આવશે. આ બ્રોકરેજની રકમ યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાનો કોઈ પ્રશ્ન નથી; કેમકે તે રકમ બ્રોકરેજ તરીકે ગુજરાત યુનિવર્સિટી સ્ટોર્સને મળેલી છે.

૩. સિન્ડિકેટને યુનિવર્સિટીના નાણાંનો વહીવટ કરવાની સત્તા ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૨૦ (૧) થી આપવામાં આવી છે તે જોતાં સ્ટોર્સને બ્રોકર તરીકે નીમવા બાબત સિન્ડિકેટની સત્તામર્યાદામાં આવી જાય છે.

(અ) ગુજરાત યુનિવર્સિટી કો-ઑપરેટિવ સ્ટોર્સના યુનિવર્સિટીએ રૂ. ૨૦,૦૦૦ના શેર લીધેલા છે તે રકમ યુનિવર્સિટીએ રોકાણ તરીકે નહિ પરંતુ યુનિવર્સિટીમાં આવી પ્રવૃત્તિ ચાલવી જોઈએ તે જોઈને કરેલું છે. આ અંગે યુ.જી.સી. તથા રાજ્ય સરકારે જે યોજના કરી છે તે હેઠળ યુનિવર્સિટીએ આવું રોકાણ કરવાનું જણાવવામાં આવ્યું છે.

પેરા ૫

સર્વશ્રી એ. વી. ગજ્જર અને એસ. આર. પટેલને રૂ. ૧૫ લેખે આપવામાં આવેલું મહેનતાણું પ્રેક્ટિકલ પરીક્ષાના પેપર કાઢવા માટે નહિ પરંતુ કાઢેલા પ્રશ્નપત્રની નકલો તૈયાર કરવા માટે આપેલ છે. આવું ખર્ચ કેન્દ્ર પર થયેલા ખરેખર ખર્ચ પ્રમાણે આપી શકાય છે, તેથી સિન્ડિકેટની મંજૂરીની જરૂર રહેતી નથી.

પેરા ૬ (અ) અને (બ)

અનુસ્નાતક ટ્યૂશન ફી, લાઈબ્રેરી ટ્યૂશન ફી વગેરે ટ્યૂશન ફી અંગે જરૂરી ઑર્ડિનન્સ ઘડવામાં આવશે.

પેરા ૭

૧. સિન્ડિકેટે તેની તા. ૨/૩—૭—૧૯૬૬ની સભામાં ઠરાવ્યું છે કે કોઈ પણ વ્યક્તિને આ યુનિવર્સિટીના પ્રાધ્યિનક—પરીક્ષક તરીકે પરીક્ષાની કોઈ પણ મોસમમાં રૂ. ૧,૦૦૦ કરતાં વધુ વેતન આપવાનું જરૂરી બને તો સિન્ડિકેટ તેમાં ઘટતી વિચારણા કરીને અપવાદ કરશે.

આથી ઉપરોક્ત નિયમમાં સિન્ડિકેટની તા. ૨૮/૨૯—૯—૧૯૬૮ના ઠરાવથી આપોઆપ સુધારો થઈ જાય છે. અને તેથી તે પછીનાં વર્ષોમાં સિન્ડિકેટ પરીક્ષકોને રૂ. ૧,૦૦૦થી ઉપરની ૫૦ ટકા જેટલી રકમ પણ રૂ. ૧,૫૦૦થી વધે નહિ તે રીતે આપવાનું ઠરાવેલ છે તે બરાબર છે. આ જોતાં આ ઑડિટે દર્શાવેલ રૂ. ૫,૧૩૪—૫૬ની વસૂલાતનો પ્રશ્ન રહેતો નથી.

૨. જે પરીક્ષકો પરીક્ષા સમિતિ કે ઍકેડેમિક કાઉન્સિલના સભ્યો હોય તેઓને આપવાનું મહેનતાણું ઑર્ડિનન્સથી નક્કી થતું હોઈ તેમાં સુધારો કરવાનો રહે છે જે હવે પછીથી કરી લેવામાં આવશે. ઑડિટે દર્શાવેલ રૂ. ૧,૬૯૮—૬૭ પૈસાની રકમ વસૂલ કરવાની રહેતી નથી.

પેરા ૮ (*i*) અને (*ii*)

શ્રી. આર. એમ. શાહને પરીક્ષક તરીકે યુનિવર્સિટીએ તા. ૩૦—૬—૧૯૬૮ સુધી ડિબાર્ડ કરેલ, પણ સિનિયર સુપરવાઈઝર તરીકે કરેલી નિમણૂકને માન્ય કરવામાં આવે.

પેરા ૯

(*i*) જુનિયર સુપરવાઈઝરની નિમણૂક અંગે સૂચના નં. ૭ (૧) પ્રમાણે સિનિયર સુપરવાઈઝર પાસેથી હવે જરૂરી વિગતો મંગાવીશું.

(*ii*) સને ૧૯૭૦ના વર્ષની પરીક્ષાઓ સુધીમાં કરવામાં આવેલી સુપરવાઈઝરોની નિમણૂકોને બહાલી આપવામાં આવે.

(*iii*) ભવિષ્યમાં ૪૦ વિદ્યાર્થીઓ દીઠ એક જુનિયર સુપરવાઈઝરથી વધુ જુનિયર સુપરવાઈઝરની જરૂરિયાત જણાશે તો તે અંગે ખાસ મંજૂરી લેવામાં આવશે.

પેરા ૧૦

ગુજરાત રાજ્ય પર આવેલી કુદરતી આફતને પહોંચી વળવા માટે યુનિવર્સિટી જેવી સંસ્થાએ યોગ્ય મદદ કરવી તે તેની ફરજ થઈ પડે છે. આ સંજોગોમાં રૂ. ૧,૦૦૦ની રકમ મુખ્ય મંત્રીશ્રીના રિલીફ ફંડમાં આપી છે તેને બહાલી આપવામાં આવે.

પેરા ૧૧

બૉમ્બે ગૅરેજ સિવાયના જે વેપારીઓએ યુનિવર્સિટી ગાડી રિપેર કરવા માટે જે ભાવો આપેલા તેમણે બધા જ કામકાજ અંગેના ભાવો આપ્યા ન હતા. આ જોતાં તેને બૉમ્બે ગૅરેજના ભાવો સાથે સરખાવી શકાય નહિ. ઉપરાંત બૉમ્બે ગૅરેજ (અમદાવાદ) લિ. પ્લીમાઉથ-ગાડીના એજન્ટ હતા. તેથી આ રિપેરિંગ કામ માટે તેઓ ખાસ પ્રકારની કુશળતા ધરાવે છે. આ સંજોગોમાં તેઓનું ટેન્ડર ઊંચું હોવા છતાં આ કામ તેમને સોંપેલું. આવા પ્રકારના મોટા રિપેરિંગ માટે ગૅરેજો તરફથી સામાન્ય રીતે મજૂરીના ભાવો આપવામાં આવે છે અને જે માલ-સામાનની જરૂર પડે તે, ગૅરેજ નક્કી કરેલા ભાવે નાખે છે. આ સંજોગોમાં માલસામાન અંગેનું રૂ. ૩,૧૮૯—૫૨નું ખર્ચ ચૂકવેલ છે તેને બહાલી આપવામાં આવે.

પેરા ૧૨

પરીક્ષાના પરચૂરણ ખર્ચ અંગેના સ્ટેટમેન્ટ "ડી" નીચે દરેક વિદ્યાર્થી દીઠ ૧૦ પૈસા લેખે કૉલેજોને આપવામાં આવે છે. ઑડિટે તેના સ્ટેટમેન્ટ નં. ૩માં બતાવેલ ખર્ચનો આમાં સમાવેશ થતો નથી. તેથી તે ખર્ચ જુદું વધારાના ખર્ચ તરીકે આપવામાં આવે છે અને તે મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સ્ટેટમેન્ટ "ડી"માં ફક્ત ઘંટ વગાડવાનું, પાટલીની સાફસૂફીનું, કલાસરૂમ ખોલવાનું, પાણી પાવા માટે પટાવાળા અંગેના ખર્ચ તથા સ્ટેશનરીનો સમાવેશ થાય છે. તે સિવાયનો જે ખર્ચ થાય તે યુનિવર્સિટીએ જુદો આપવાનો થાય છે. તે અંગેના નિયમોમાં જરૂરી ફેરફાર કરવા ઘટતાં પગલાં લેવામાં આવશે. ઑડિટ દર્શાવેલ રૂ. ૧,૭૫૨—૦૮ની રકમ વસૂલ કરવાની રહેતી નથી.

પેરા ૧૩

યુનિવર્સિટીનું બીજું સત્ર તા. ૧૫મી માર્ચના રોજ પૂરું થાય છે; પરંતુ પરીક્ષા અંગેના ફૉર્મને પહેલાં મંગાવવામાં આવે છે. આ જોતાં આ ફૉર્મ કૉલેજો તરફથી કામચલાઉ ધોરણે (Provisionally) મોકલેલ હોય છે. આથી જે કેસમાં વિદ્યાર્થીની સંતોષકારક પ્રગતિ ન હોય તે કેસમાં કૉલેજ તરફથી ફૉર્મ પાછાં ખેંચવામાં આવે તેને પૂરી ફી પરત કરવામાં આવે છે. આ અંગેના ઑર્ડિનન્સમાં હવે પછી ઘટતો સુધારો કરવાનો પ્રશ્ન જુદો તપાસવામાં આવશે. આજ સુધી આપવામાં આવેલા પરીક્ષા ફી રિફંડને બહાલી આપવામાં આવે.

પેરા ૧૪

યુનિવર્સિટી તરફથી ઈન્ટર્નલ ઑડિટ વિભાગ ચાલે છે. ઉપરાંત લાખિયા-દેસાઈ ઍન્ડ કંપનીને પણ યુનિવર્સિટીએ ઈન્ટર્નલ ઑડિટર્સ તરીકે નીમેલા છે. આ બન્ને એજન્સીનાં કાર્યક્ષેત્ર જુદાં જુદાં હોય છે. ઈન્ટર્નલ ઑડિટ વિભાગને મુખ્યત્વે રકમની ચુકવણી થાય તે પહેલાં યુનિવર્સિટીના નીતિનિયમો તથા સરવાળા વગેરે ચેક કરીને ઑડિટ કરવાનું હોય છે. જ્યારે ધંધાકીય ઈન્ટર્નલ ઑડિટર્સને નાણાકીય હિસાબોનું ઑડિટ, જેવું કે ખર્ચના યોગ્ય બજેટ હેડ હેઠળ ફાળવણી, કેશબુક, લેજર તથા અન્ય હિસાબી ચોપડાઓમાં તે અંગેનો ઉતારો તથા વાર્ષિક હિસાબો વિગેરેની ચકાસણી કરવાની હોય છે અને તે અંગેનું તેમને પ્રમાણપત્ર આપવાનું હોય છે. આથી વિશેષ જવાબ-દારી નક્કી કરવાની જરૂર જણાતી નથી.

પેરા ૧૫

ઈન્કમટેક્ષ ઍકટ હેઠળ પરદેશ રહેતી વ્યકિતને રેફ્રરી તરીકે કામ કરવા અંગેનું મહેનતાણું, દેશ બહાર કમાયેલ હોવાથી તે પર ટેક્ષ લાગે નહિ, તે જોતાં તેમને કરેલ પેમેન્ટમાંથી ઈન્કમટેક્ષ કાપવામાં આવ્યો નથી.

પેરા ૧૬

૧. એન્ડાઉમેન્ટ ફંડની વધારાની રકમમાંથી કરવામાં આવેલાં રોકાણ જુદા જુદા એન્ડાઉમેન્ટ ખાતે ફાળવી ઑડિટને હવે પછી હિસાબ વિભાગ બતાવશે અને તે અંગેનું વ્યાજ પણ તે પ્રમાણે ફાળવશે.

૨. બૅન્ક ચાર્જીઝ પણ ઉપર પ્રમાણે જુદા જુદા ખાતામાં ફાળવવામાં આવશે.

૩. આ અંગેની જરૂરી માહિતી ઑડિટ વખતે પૂરી પાડવામાં આવશે.

પેરા ૧૭

યુનિવર્સિટી કર્મચારીઓને તેમના પ્રોવિડંટ ફંડ સબ્સ્ક્રપ્શન ઉપર આપવામાં આવેલું વ્યાજ યુનિવર્સિટીને આ અંગે મળેલ વ્યાજની આવક ધ્યાનમાં રાખીને તેની ગણતરી કરવામાં આવે છે. હિસાબોમાં એમ જણાય છે કે તેમને રૂ. ૧,૪૪૭–૧૭નું વ્યાજ વધારે આપેલું છે, પરંતુ વાસ્તવમાં તેમ થતું નથી. કેમકે યુનિવર્સિટીએ જે રોકાણ કર્યું છે તે પર સિકયોરિટી જ્યારે પાકશે ત્યારે ખરીદ કિંમત અને કિંમતની તફાવતની રકમ મળશે.

પેરા ૧૮

યુનિવર્સિટીનું ફંડ ગુજરાત યુનિવર્સિટી ઍકટની કલમ પ્રમાણે જુદાં જુદાં ફંડોનું બનેલું છે તે જોતાં ફંડ પ્રમાણે જુદા જુદા હિસાબો રાખવાની જરૂર જણાતી નથી.

પેરા ૧૯, ૨૦ અને ૨૧

આનો કોઈ જવાબ આપવાનો રહેતો નથી.

* * *

ગુજરાત યુનિવર્સિટીના સન ૧૯૬૮—૬૯ના ગ્રાન્ટ અંગેના હિસાબો અંગેની સરકારી ઑડિટ નોંધના જવાબો

ભાગ ૧ : અગાઉનું ઑડિટ

આ અંગે જુદો પત્રવ્યવહાર ચાલતો હોવાથી અહીં કોઈ જવાબની જરૂર જણાતી નથી.

ભાગ ૨ : ચાલુ ઑડિટ

પેરા ૩—આ અંગેની નોંધ લીધી છે.

પેરા ૪—ટાગોર વ્યાખ્યાનમાળા બાબત :

૧. એન્ડાઉમેન્ટ ખાતેની વધારાની રકમનું રોકાણ જુદું કરવામાં આવ્યું છે અને તે ઉપરના વ્યાજ અંગેની ફાળવણી કરવા માટેનાં પગલાં લેવાઈ રહ્યાં છે. તે થયેથી ઑડિટને જાણ કરીશું.

૨. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે વ્યાખ્યાતાને ઑનરેરિયમ આપવાની જોગવાઈ છે. કેટલાક કેસોમાં ઑનરેરિયમની રકમ રોકડી તથા અમુક રકમ વ્યાખ્યાતાને મુસાફરી ભથ્થા તરીકે આપવામાં આવે છે. આ કેસમાં વ્યાખ્યાતાને ઑનરેરિયમની જે રકમ રૂ. ૬૬૪ આપવામાં આવેલ છે તેમાં મુસાફરી ભથ્થા તરીકેની રકમનો સમાવેશ થાય છે જે બરાબર છે. વ્યાખ્યાન અંગેનો બીજો ખર્ચ—હૉલનું ભાડું તથા બીજો આનુષંગિક ખર્ચ—આ નિમિત્તે થયેલ હોય તે ખાતે ઉધારેલ હોઈ બરાબર છે. આ અંગેના નિયમો સિન્ડિકેટે સુધાર્યા છે અને તેથી આવા ખર્ચની જોગવાઈનો સમાવેશ થઈ શકે.

પેરા ૫—ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમ અંગે :

યુનિ. ગ્રાન્ટ્સ કમિશને ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમ અંગેની ગ્રાન્ટના જે નિયમો નક્કી કરેલા તે અનુસાર કુલપતિશ્રીએ કૉલેજોની જરૂરિયાત વગેરે તપાસીને ભલામણ કરવા માટે તપાસસમિતિઓ નીમી હતી. આ કૉલેજો માટે પણ તેવી સમિતિઓ નીમવામાં આવી હતી અને સમિતિએ સદરહુ કૉલેજોમાં જે સ્ટાફની નિમણૂક કરવા માટે ભલામણ કરેલ તે સ્ટાફનો જ ખર્ચ થયેલ હોઈ ગ્રાન્ટ આપવાના નિયમને અનુલક્ષીને ગ્રાન્ટની મર્યાદામાં રહીને કુલપતિશ્રીએ આ કૉલેજોને ગ્રાન્ટ આપવાનું મંજૂર કર્યું છે તે બરાબર છે. સમિતિએ તેમની ભલામણમાં કરેલ અંદાજી ખર્ચ ફક્ત એક જ વર્ષનો છે.

પેરા ૬ (અ) તથા (બ) યુનિવર્સિટી શિક્ષકોને સંશોધન અંગેની ગ્રાન્ટ બાબત :

ડૉ. ધારૈયા તથા શ્રી. પી. એન. શેઠને રૂ. ૨૫૦ પ્રમાણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ ગ્રાન્ટની રકમ એડવાન્સ તરીકે યુનિવર્સિટી તરફથી આપવામાં આવી છે. આ અંગેના હિસાબો તથા રિપોર્ટ વગેરે મોકલી આપવા માટે તેઓને લખ્યું છે, તે આવ્યેથી ઑડિટને જાણ કરીશું.

પેરા ૭ (અ) રિસર્ચ ટ્રેઈનિંગ સ્કૉલરશિપ બાબત :

કુ. એમ. એચ. ગાંધીને આપવામાં આવેલ સ્કૉલરશિપની રકમ વસૂલ કરીને ગ્રાન્ટ ખાતે જમા લેવામાં આવી છે. આ રકમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી બીજા વિદ્યાર્થીઓ માટે મંજૂર કરવામાં આવેલ, તે રકમમાંથી બાદ કરીને યુનિવર્સિટીને ગ્રાન્ટ આપવામાં આવેલ, હોઈ તે રકમ રીફંડ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(બ) શ્રી. વાય. બી. દેસાઈ માટેની બાકી રહેલ રકમ રૂ. ૭૯૦–૩૩ અંગે પણ ઉપર "અ"માં જણાવ્યા પ્રમાણે બીજી ગ્રાન્ટમાં સમાવેશ થઈ જતો હોવાથી આ રકમ કમિશનને રીફંડ કરવાની જરૂર રહેતી નથી.

પેરા ૮—પોસ્ટ-ગ્રેજ્યુઅટ રિસર્ચ સ્કૉલરશિપ બાબત :

(અ) શ્રી. એફ. કે. મોદી તરફથી જરૂરી પહોંચ આવેલ છે જે ઑડિટને બતાવીશું.

(બ) શ્રી. એચ. ડી. ભટ્ટને સ્કૉલરશિપની રકમ ચૂકવવા અંગે આચાર્યશ્રીએ જણાવેલું તે માટેની પહોંચ શ્રી. ભટ્ટે આચાર્યશ્રીને મોકલી આપ્યેથી રકમ ચૂકવી આપેલ છે. આ માટે તેઓશ્રી તરફથી જરૂરી સ્પષ્ટતા મંગાવી હતી તે આવેલ હોવાથી ઑડિટને બતાવીશું.

પેરા ૯ : પોસ્ટ-ગ્રેજ્યુએટ રિસર્ચ સ્કૉલરશિપ :

સ્કૉલરશિપની રકમ મેળવવા માટે વિદ્યાર્થીએ આ અંગેના મુકરર કરેલ ફૉર્મમાં જરૂરી વિગતો ભરીને તે સંસ્થાના વડા મારફતે યુનિવર્સિટીમાં મોકલી આપવાનું હોય છે. આ કેસમાં શ્રીમતી એ. એસ. સોલંકી તરફથી બારે માસની એકીસાથે રૂ. ૩,૦૦૦ની શિષ્યવૃત્તિ મેળવવા માટે માગણી થયેથી તે રકમ તા. ૧૦–૮–૧૯૬૭થી બા. નં. ૧૦૬૯થી ચૂકવવામાં આવી હતી. આ રકમ તે વર્ષમાં યુનિવર્સિટી ફંડમાંથી શરતચૂકથી ઉધારવામાં આવેલ હોઈ તે માટેનો જરૂરી હવાલો તે પછી આ વર્ષમાં (૧૯૬૯–૭૦માં) વા. નં. ૧૧૧૦, તા. ૩૦–૯–૧૯૬૯થી પાડવામાં આવ્યો છે. તેથી આ બાબત અંગે કંઈ કરવાનું રહેતું નથી.

પેરા ૧૦—ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી શિક્ષકોના પગારસુધારા બાબત :

આ અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૧–૮–૧૯૭૦ના પત્રાંક એફ ૧૧–૧–૧૯૬૪(જી) મુજબ ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી શિક્ષકોના પગારસુધારા અંગેના તફાવત માટેની ગ્રાન્ટ તા. ૩૧–૩–૧૯૬૯ સુધી આપવાનું મંજૂર કરેલ હોઈ વધારાના સમય માટેના ખર્ચના તફાવતનો રકમ બાદ કરીને જો બાકી સિલક રહેશે તો તે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને રીફંડ કરવા અંગે વિચારણા કરવામાં આવશે.

પેરા ૧૧ —રિસર્ચ પાર્ટિસિપેશન પ્રોગ્રામ અંગેની શ્રી. ટી. એન. મહેતા માટેની ગ્રાન્ટ બાબત :

શ્રી. ટી. એન. મહેતા, ગોધરા કૉલેજમાંથી છૂટા થયેલ હોવાથી ગ્રાન્ટની રકમનો ઉપયોગ થઈ શકેલ નહિ. તેથી ગ્રાન્ટની રકમ રૂ. ૪,૦૦૦, વા. નં. ૭૧૩, તા. ૧૯–૬–૧૯૭૦થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને રીફંડ કરી છે તેમ ઑડિટને જણાવીએ.

પેરા ૧૨—રિલેટિવિટી ગ્રેવિટેશન અને કોસ્મોલોજી અંગેના પરિસંવાદ માટેની ગ્રાન્ટ બાબત :

આ માટે ઑડિટે જે ખર્ચ ગ્રાન્ટ માટે માન્ય કરેલ નથી તે ખર્ચની રકમ રૂ. ૧૩૪-૧૦ યુનિવર્સિટી ફંડ ખાતે પાડીને તે રકમ તા. ૭–૧–૧૯૭૧ના ચેક નં. ૩૭૦૫૨૨થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને રીફન્ડ કરી છે તેમ ઑડિટને જણાવીએ.

પેરા ૧૩— ડૉ. એમ. એન. દેસાઈની સંશોધન યોજના માટેની ગ્રાન્ટ મેળવવા બાબત :

૧. ડૉ. એમ. એન. દેસાઈની આ સંશોધન યોજના તા. ૨૪–૭–૧૯૬૭ના રોજ પૂરી થઈ હતી.

૨. રૂ. ૧૫,૬૦૦ની ગ્રાન્ટ નહિ વપરાયા અંગેની ડૉ. એમ. એન. દેસાઈએ તેમના તા. ૧-૧-૧૯૭૦ના પત્રમાં જરૂરી સ્પષ્ટતા કરી છે તે જોતાં આ ગ્રાન્ટની રકમ સરકારી તિજોરીમાં જમા કરાવી તે અંગેની જાણ ઇન્ડસ્ટ્રીઝ કમિશનરને કરવામાં આવી છે. તેથી આ અંગે કંઈ કરવાનું રહેતું નથી.

૩. શ્રી. જી. એચ. થાનકીને રૂ. ૮૪ તથા રૂ. ૭૬-૮૦ ચૂકવવામાં આવ્યા છે તે અંગે ડૉ. એમ. એન. દેસાઈને પુછાવ્યું છે. તેઓશ્રી તરફથી વિગતો આવ્યેથી ઑડિટને જાણ કરીશું.

પેરા ૧૪—ડૉ. જે. સી. વોરાની સંશોધન યોજના માટેની ગ્રાન્ટ બાબત :

ડૉ. જે. સી. વોરાની સંશોધન યોજના અંગેની ગ્રાન્ટ ૧૯૬૮—૬૯ના વર્ષ માટે રૂ. ૯,૦૦૦ની મંજૂર થયેલ. તે ગ્રાન્ટમાંથી રૂ. ૩૩૧૮-૪૧ બાદ કરીને ઇન્ડસ્ટ્રીઝ કમિશનર તરફથી ફક્ત રૂ. ૧,૬૮૧--૧૯ યુનિવર્સિટીને ચૂકવવામાં આવ્યા છે. જેથી આ અંગે હવે કંઈ કરવાનું રહેતું નથી તેમ ઑડિટને જણાવીએ.

પેરા ૧૫— ડૉ. આર. કે. શાહની સંશોધન યોજના અંગેની ગ્રાન્ટ બાબત :

૧. ડૉ. આર. કે. શાહની આ યોજના ચાર વર્ષ માટેની હતી. આ માટે દર વર્ષે ગ્રાન્ટ મંજૂર થયેલ. તેના ઑડિટેડ હિસાબો તથા પ્રગતિનો હેવાલ ઇન્ડસ્ટ્રીઝ કમિશનરને મોકલી આપવામાં આવ્યા છે. તેઓશ્રીએ રૂ. ૧૮-૬૨ અંગે કોઈ વાંધો ઉઠાવેલ નથી.

૨. શ્રી. બી. એન. ઓઝાને અગાઉના વર્ષની તા. ૧—૩—૧૯૬૮થી તા. ૨—૨—૧૯૬૮ની ફેલોશિપની રકમ ૧૯૬૮—૬૯ના વર્ષની ગ્રાન્ટમાંથી આપવામાં આવી છે. તે માટેના હિસાબો પણ ઇન્ડસ્ટ્રીઝ કમિશનરને મોકલી આપવામાં આવેલ. તે માટે તેઓશ્રી તરફથી કાંઈ વાંધો ઉઠાવેલ નથી. શ્રી. ઓઝાએ યોજના અંગેનું જ કામ કરેલ હોવાથી તે માટેની શિષ્યવૃત્તિની રકમ તે જ વર્ષમાં ચૂકવી શકાયેલ નહિ હોવાથી પછીના વર્ષની ગ્રાન્ટ ખાતે ઉધારેલ છે તે બરાબર છે.

૩. ટેક્ષી ડ્રાઈવરને રૂ. ૯૧૧ ચૂકવવામાં આવ્યા છે તે અંગેની પહોંચ મેળવી ઑડિટને રજૂ કરીશું.

શ્રી. બી. એન. ઓઝાને છૂટા કરવામાં આવ્યા બાદ ડૉ. આર. કે. શાહ તરફથી યોજના અંગેનું કામ પૂરું કરવા માટે શ્રી. ઓઝા તથા શ્રી. ભટ્ટની સેવાઓ લીધેલ હતી અને તેથી આ માટેનો ખર્ચ ગ્રાન્ટ ખાતે પાડેલ છે તે બરાબર છે.

પેરા ૧૬—નેશનલ લોન સ્કૉલરશિપ બાબત :

૧. સ્કૉલરશિપ રજિસ્ટર રાખવામાં આવે છે જ; પરંતુ ખૂટતી વિગતો તે રજિસ્ટરમાં ભરીને ઑડિટને બતાવીશું.

૨. નેશનલ મેરિટ સ્કૉલરશિપ અને નેશનલ લોન સ્કૉલરશિપ માટેનાં જુદાં ખાતાં ખોલવામાં આવ્યાં છે તે ઑડિટને બતાવીશું.

૩. પી. એલ. એ. એકાઉન્ટની પ્રથા રાજ્ય સરકારે ચાલુ સાલથી બંધ કરેલ હોવાથી આ અંગે કંઈ કરવાનું રહેતું નથી.

પેરા ૧૭—બૅકવર્ડ ક્લાસ અને ઈ. બી. સી. સ્કૉલરશિપ બાબત :

આ અંગેની જરૂરી વિગતો તૈયાર કરી ઑડિટને બતાવીશું.

પેરા ૧૮—લેબર ઍન્ડ સોશિયલ સર્વિસ કૅમ્પ અંગેની ગ્રાન્ટ બાબત :

આ અંગે કૉલેજના આચાર્યશ્રી તરફથી જરૂરી સ્પષ્ટતા મંગાવી હતી તે તેઓશ્રી તરફથી આવી છે જે ઑડિટ પાસે રજૂ કરીશું.

પેરા ૧૯—સ્ટડી ઑફ પોલિટિકલ બિહેવિયર ઇન ગુજરાત અંગેની ગ્રાન્ટ બાબત :

આ અંગે જરૂરી માહિતી તથા સ્પષ્ટતા મોકલી આપવા માટે પ્રોફેસર ડી. એન. પાઠકને લખ્યું છે તે આવ્યેથી ઑડિટને જાણ કરીશું.

પેરા ૨૦, ૨૧, ૨૨ અને ૨૩

આ બાબત જાણ માટેની હોઈ તેની નોંધ લીધી છે.

પરિશિષ્ટ "૫"

કાર્યકાજ ક્રમાંક ૪૩

યુનિવર્સિટી ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કંપનીની તારીખ ૨૩--૧--૧૯૭૧ની ગુજરાત યુનિવર્સિટીના **સને ૧૯૬૯--૭૦ના હિસાબો અંગેની ઑડિટ નોંધ** આ સાથે સામેલ છે. તે અંગેના કાર્યાલયના જવાબો નીચે પ્રમાણે છે :

પેરા ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ :

આ માહિતી કેવળ જાણ માટે છે.

પેરા ૮—આ બાબત યુનિવર્સિટી સત્તામંડળની વિચારણા હેઠળ છે.

પેરા ૯—હિસાબોની ચોખવટની દૃષ્ટિએ જ્યાં જ્યાં શકય હોય છે ત્યાં ગ્રાન્ટ અંગેનો ખર્ચ ગ્રાન્ટ ખાતે જ પાડવામાં આવે છે.

પેરા ૧૦—રજિસ્ટ્રેશન થઈને " ડી૩ " આવશે ત્યારે તે ઑડિટને બતાવવામાં આવશે. દરમ્યાન ઑડિટને તેની નકલ બતાવી જ છે.

પેરા ૧૧—લાઈફ ઈન્સ્યોરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા સાથે ડાયરેકટ બિઝનેસ તરીકે વીમો લેવાની હાલની જે પ્રથા છે તેમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી. ડાયરેકટર બિઝનેસમાં ઑડિટે સૂચવ્યા પ્રમાણેની વીમાના પ્રીમિયમના દરમાં કોઈ રાહત મળતી નથી.

પેરા ૧૨—કુલપતિશ્રીની મંજૂરી મેળવીને ચાલુ વર્ષ ૧૯૭૦—૭૧માં એડજસ્ટમેન્ટ કરી ઑડિટને હવે પછી બતાવવામાં આવશે.

પેરા ૧૩—ઘટતા મંજૂરી નંબરો, તારીખ સાથે સંબંધકર્તા બિલો પર ઑડિટની સરળતા માટે ટાંકવામાં આવે છે.

પેરા ૧૪-૧૫—ઑડિટના સૂચવ્યા પ્રમાણે ઘટતી કાર્યવાહી કરી ઑડિટને હવે પછી બતાવવામાં આવશે.

પેરા ૧૬—ખૂટતી રસીદો મેળવી હવે પછી ઑડિટને બતાવવામાં આવશે.

પેરા ૧૭—આ બાબત કેવળ જાણ માટે છે.

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૭૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૧–૩–૧૯૭૧ ને સોમવારના રોજ બપોરના ૩–૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૪. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર
૫. શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. રણજિતરાય જી. શાસ્ત્રી	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તારીખ ૨૨–૧–૧૯૭૧ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૨–૧–૧૯૭૧ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિ-શ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી પ્રેસના મકાનના ધાબા ઉપર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે ખર્ચ રૂ. ૫,૨૫૦ જેટલું થશે તથા આ અંગે બજેટમાં રૂ. ૪,૫૦૦ની જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના મકાનના ધાબા ઉપર વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવી અને તે માટે રૂ. ૫,૨૫૦ નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં પ્રેસ મરામત ખાતે વધારાની રૂ. ૫,૦૦૦ની અંદાજપત્રમાં જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટીના 'સી' અને 'ડી' ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સની આસપાસ તારની વાડ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. – આ માટે ૧૨૦૦ ફૂટ તારની વાડનું લોખંડના ઝાંપા તથા ગેઈટ સહિતનું અંદાજી ખર્ચ રૂ. ૪,૫૦૦/- જેટલું થશે)

આથી ઠરાવવામાં આવે છે કે 'સી' અને 'ડી' ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સની આસપાસ તારની વાડ કરાવવી તથા તે માટે રૂ. ૪,૫૦૦/-નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામમાં આર.સી.સી.ની આઈટેમના જથ્થામાં ફેરફાર થાય છે તેની નોંધ લેવા બાબત.

(નોંધ.– કુલ ખર્ચ ટેન્ડર મુજબ રૂ. ૨,૦૦,૭૫૭–૫૦ રહે છે. ટેન્ડર મુજબ તથા ફેરફાર મુજબની આર.સી.સી. આઈટેમનો જથ્થો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. આથી ખર્ચમાં કોઈ પણ ફેરફાર થતો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામમાં આ સાથેના પરિશિષ્ટ " એ " પ્રમાણે આર.સી.સી.ની આઈટેમમાં જથ્થામાં ફેરફાર થાય છે તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મદદથી બાંધવામાં આવનાર મકાનો માટે સમયમર્યાદા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર નં. એફ. ૩૩–૬–૬૪ (સી. ડી.), તા. ૨૮–૧–૧૯૭૧ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિપત્રની નોંધ લેવી તથા યુનિવર્સિટી બાંધકામ ઝડપી બને તે માટે જરૂરી પગલાં લેવાં.

૬. યુનિવર્સિટીના રીડર્સ ક્વાર્ટર્સના બાંધકામમાં સ્ટીલ બાંધવાનો (Febricating and binding) મજૂરી કામનો ભાવ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના રીડર્સ ક્વાર્ટર્સના બાંધકામમાં સ્ટીલ બાંધવાનો (Febricating and binding) મજૂરી કામનો ભાવ નક્કી કરવા અંગે શ્રી. ગિરીશચંદ્ર દેસાઈની સલાહ લઈને યોગ્ય કરવાની કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાનમાં આર.સી.સી. કોલમ ૧ : ૨ : ૪ પ્રમાણને બદલે ૧ : ૧½ : ૩ ના ભરવા માટેનો ભાવફેર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાનમાં આર.સી.સી.કોલમ ૧ : ૨ : ૪ પ્રમાણને બદલે ૧ : ૧½ : ૩ના ભરવા માટે ભાવફેર અંગે શ્રી. ગિરીશચંદ્ર દેસાઈની સલાહ લઈ યોગ્ય કરવાની કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીનાં જુદાં જુદાં બાંધકામો માટે કન્સલ્ટિંગ એન્જિનિયર સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં જુદાં બાંધકામો માટે કન્સલ્ટિંગ એન્જિનિયર સાથે કરવાના કરારનામાનો મુસદ્દો જોઈનપાસીને મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન તથા ભાષાસાહિત્ય ભવનના વિકાસ–બાંધકામ માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવન તથા ભાષાસાહિત્ય ભવનના વિકાસ-બાંધકામ અંગેના કામ પૂરતા શ્રી. મણિલાલ સી. મિસ્ત્રીને કન્સલ્ટિંગ એન્જિનિયર્સની યુનિવર્સિટીની પેનલમાં મૂકવા અને તેઓની આ કામ માટે નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના મકાનમાં આર.સી.સી. કોલમ ૧ : ૨ : ૪ના પ્રમાણને બદલે ૧ : ૧½ : ૩ના ભરવા માટેનો ભાવફેર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના મકાનમાં આર.સી.સી. કોલમ ૧ : ૨ : ૪ના પ્રમાણને બદલે ૧ : ૧½ : ૩ના ભરવા માટે ભાવફેર અંગે શ્રી. ગિરીશચંદ્ર દેસાઈની સલાહ લઈ યોગ્ય કરવાની કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ટોરસ્ટીલ વાપરવા અંગે તથા આર.સી.સી. કોપિંગના કામ અંગે વિચારણા કરવા બાબત

(નોંધ.—ટોરસ્ટીલનો ભાવ રૂ. ૨,૧૦૦ ટનનો છે. સાદા સ્ટીલ કરતાં ટોરસ્ટીલનો વપરાશ ઓછો થાય છે. સ્ટીલનો ભાવ ૧૬૫૦ ટનનો છે. આથી ટોરસ્ટીલ વપરાય તો હિતાવહ છે; કારણ કે માઈલ્ડ સ્ટીલ ૧ ટન વપરાય ત્યાં ટોરસ્ટીલ ૭૦૦ કિલો વપરાય. આથી લગભગ સ્ટીલના વપરાશમાં ૩૦ ટકાની બચત થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૨. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં એક્સપોઝ્ડ કોંક્રીટની આઈટેમના જથ્થામાં વધારો થાય છે, જ્યારે સેન્ડ ફેઈસ પ્લાસ્ટરમાં ઘટાડો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં આર.સી.સી. સ્લેબ તથા રિબ્સ(Ribs)ને પ્લાસ્ટર તથા વ્હાઈટવૉશ કરવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—સ્લેબ એક્સપોઝ કોંક્રીટ રાખવામાથી ટેન્ડરમાં એક્સપોઝ કોંક્રીટના જથ્થામાં વધારો થાય છે. આથી ખર્ચ વધવા પામે છે તથા ડિપાર્ટમેન્ટની માગણી અનુસાર પ્લાસ્ટર વ્હાઈટવૉશ રાખવાથી વધુ ઉજાસ (Light) રૂમોમાં મળે તથા સસ્તુ પડે, તેથી પ્લાસ્ટર અને વ્હાઈટવૉશ રાખવું હિતાવહ છે.)

૧૩. યુનિવર્સિટી વિસ્તારમાં બાંધવામાં આવનાર ગાંધીભવનનો સ્કેચપ્લાન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગાંધીભવનના સ્કેચપ્લાનમાં સભામાં થયેલાં સૂચનો અનુસાર યોગ્ય ફેરફારો કરીને સુધારેલો પ્લાન આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૧૪. સમાજવિદ્યા ભવનના મકાનના બીજે માળે થનાર વિકાસ-બાંધકામ માટેનો અંદાજી ખર્ચ રૂ. ૭૦,૧૪૦/- મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના મકાનના બીજે માળે થનાર વિકાસ-બાંધકામ માટે રૂ. ૭૦,૨૦૦નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. મનોવિજ્ઞાન ભવનના બાંધકામ માટેના અંદાજી ખર્ચ રૂ. ૫,૭૦,૦૦૦/- મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **મનોવિજ્ઞાન** ભવનના બાંધકામ માટે રૂ. ૫,૭૦,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. લેક્ચરર કવાર્ટર્સના બાંધકામનો અંદાજ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **લેક્ચરર** કવાર્ટર્સના બાર યુનિટના બાંધકામ માટે રૂ. ૩,૮૪,૦૫૬નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

નીચેની બાબતો કુલપતિશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

૧૭. યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજનાના બાંધકામમાં જુદા જુદા મકાનમાં ખર્ચની ફાળવણી (Reallocation of Cost) કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની ચોથી પંચવર્ષીય યોજનાના બાંધકામમાં જુદા જુદા મકાનમાં ખર્ચ-ફાળવણી (Reallocation of Cost) આ સાથેના પરિશિષ્ટ "બી" પ્રમાણે રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. યુનિવર્સિટી વિસ્તારમાં યુનિવર્સિટી કાર્યાલય, ભવનો તથા લાઈબ્રેરીના રસ્તા બાંધવા અંગે વિચારણા

APPENDIX-A

Statement showing Variation of Individual R.C.C. Quantities of Boys Hostel

No.	*Item*	*As per Tender Quantity*	*As per Execution Quantity*
1.	B.1 Column Base	3000 cft	4750 cft.
2-A.	R.C.C. Columns (m. 150)	3300 ,,	2000 ,,
3.	R.C.C. Lintel	200 ,,	300 ,,
4.	R.C.C. Beams	6090 ,,	5600 ,,
5.	R.C.C. Pardi	500 ,,	550 ,,
6.	R.C.C. Slab	7810 ,,	7000 ,,
7.	R.C.C. Weathershed	120 ,,	700 ,,
8.	R.C.C. Stairease	230 ,,	800 ,,
9.	Steel	80 m. ton	57 mt.
2-B.	R.C.C. Column (m. 200)		1000 cft.

× × ×

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૭૯

વિદ્યાર્થી સંસદની તા. ૨૫—૫—૧૯૭૦ની સભામાં કૉલેજોમાં થતી ચૂંટણીઓ સરળ બનાવવા તૈયાર કરેલ ચૂંટણીઓની પદ્ધતિ માટેની રૂપરેખા

૧. વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં ઊભા રહેનાર વિદ્યાર્થીની વયમર્યાદા ૨૪ વર્ષથી વધારે હોવી જોઈએ નહિ.

૨. જે વિદ્યાર્થી નાપાસ થયો હોય તેને ફરીથી તે શ્રેણીમાં પ્રતિનિધિ તરીકે ચૂંટાવાનો અધિકાર રહેશે નહિ.

૩. કોઈ પણ વિદ્યાર્થી તેના અભ્યાસકાળ દરમ્યાન એક જ સંસ્થામાં સામાન્ય મંત્રી તરીકે બે વખતથી વધુ સમય ચૂંટી શકાશે નહિ.

૪. વિદ્યાર્થીમંડળ પર પ્રત્યેક ડિવિઝનમાંથી (વિદ્યાર્થીની સંખ્યા ૫૦ થી ઓછી હોય તોપણ) ઓછામાં ઓછો એક પ્રતિનિધિ વિદ્યાર્થીમંડળ પર ચૂંટાઈને આવે તેમ જ કોઈ ડિવિઝનમાં ૫૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો ૫૦ વિદ્યાર્થીઓ દીઠ વધુમાં વધુ એક પ્રતિનિધિ ચૂંટવાનું રાખવું અને તે રીતે પ્રત્યેક ૫૦ વિદ્યાર્થીઓના એકમ કે એકમોને ગણતરીમાં લીધા પછી બાકી રહેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫ કે તેથી વધુ હોય તો બાકી રહેતા વિદ્યાર્થીઓ એક વધુ પ્રતિનિધિ ચૂંટી શકશે અને ૨૫ કરતાં ઓછા વિદ્યાર્થીઓ બાકી રહેશે તો તે સંખ્યા આ અંગેના હેતુ માટે લક્ષમાં લઈ શકાશે નહિ.

૫. આ ઉપરાંત પ્રત્યેક શ્રેણી (ક્લાસ)માં જે વિદ્યાર્થીએ સૌથી વધુ ગુણ મેળવી પ્રવેશ મેળવ્યો હોય તેને વિદ્યાર્થીમંડળ પર એક્સ-ઑફિસિયો સભ્ય તરીકે નિયુક્ત કરવા. આ પ્રમાણે નિયુક્ત થયેલ સભ્ય હોદ્દેદાર તરીકેની ચૂંટણીમાં ઉમેદવારી કરવાને લાયક ગણાશે.

૬. વિદ્યાર્થીમંડળના પ્રતિનિધિઓના એક ચતુર્થાંશ અગર વધુમાં વધુ પાંચની સંખ્યામાં વિદ્યાર્થી સભ્યોને કો-ઑપ્ટ કરવાની સત્તા આચાર્યશ્રીને આપવી આ કો-ઑપ્ટ સભ્યોની નિયુક્તિ સામાન્ય મંત્રી તથા અન્ય હોદ્દેદારોની ચૂંટણી થઈ ગયા પછી જ આચાર્યશ્રીએ કરવી.

૭. સીધી ચૂંટણી પ્રથા અપનાવવાને બદલે ચૂંટાયેલ વર્ગ પ્રતિનિધિઓમાંથી નીચે જણાવ્યા પ્રમાણે હોદ્દેદારોની ચૂંટણી કરવી :

(૧) પ્રમુખ--કૉલેજના આચાર્યશ્રી (હોદ્દાની રૂએ)
(૨) સામાન્ય મંત્રી
(૩) રમતગમતની પ્રવૃત્તિઓના મંત્રી
(૪) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી
(૫) ચર્ચા સભાના મંત્રી
(૬) ખજાનચી.

પ્રમુખશ્રીની ગેરહાજરીમાં આચાર્યશ્રી નિયુક્ત કરે તે વ્યકિત કામકાજ સંભાળશે.

વિદ્યાર્થિનીઓના પ્રતિનિધિની ચૂંટણી ચૂંટાયેલા વર્ગ-પ્રતિનિધિઓને બદલે સમગ્ર કૉલેજની વિદ્યાર્થિનીઓએ કરવાની રહેશે.

૮. ચૂંટણીમાં પ્રચાર અંગે છાપેલા કાર્ડનો ઉપયોગ કરવા દેવો નહિ. પરંતુ આચાર્યશ્રીની મંજૂરીથી નોટિસ બોર્ડ પર જરૂરી માહિતી નક્કી કરે તે મુજબ માપના કાગળ પર જાહેરાત કરવાની પ્રથા અપનાવવી.

ચૂંટણી પ્રચાર અર્થે ભીંતપત્રો કે રસ્તા પર લખાણો કરનાર કે અન્ય જાહેર દેખાવો કરનાર ઉમેદવારનું ઉમેદવારી-પત્ર આચાર્યને સંતોષ થાય તે રીતે સાબિત થયેથી રદ કરવું.

૯. ચૂંટણી બાદ કોઈ વિદ્યાર્થી પ્રતિનિધિ મંજૂરી વગર વર્ગમાં સત્ર દરમ્યાન રજા વગર સતત ૩૦ દિવસ ગેર-હાજર હોય અગર તો ગેરવર્તણૂક અગર અન્ય કારણસર શિક્ષાને પાત્ર થયો હોય કે અભ્યાસકાળ દરમ્યાન તે વર્ષમાં સત્ર મંજૂર ન થયું હોય તેવા સંજોગોમાં આચાર્યશ્રી વિદ્યાર્થીને પ્રતિનિધિપદેથી દૂર થયેલ જાહેર કરી શકશે. આવો વિદ્યાર્થી એક વર્ષ સુધી વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં ઊભો રહી શકશે નહીં. આ અંગે આખરી નિર્ણય લેવાની સત્તા આચાર્યશ્રીની રહેશે.

વિદ્યાર્થીમંડળ પર ગેરલાયક થયેલ વિદ્યાર્થીની જગ્યાએ ફરીથી ચૂંટણી કરવામાં આવશે નહિ, પરંતુ આચાર્યશ્રી અન્ય વિદ્યાર્થીને નિયુક્ત કરશે.

૧૦. કાયદેસર રીતે ગુનેગાર જાહેર થયેલ કોઈ વિદ્યાર્થી, વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં ઊભો રહી શકશે નહિ.

૧૧. વિદ્યાર્થીમંડળની ચૂંટણી અને તેની પ્રવૃત્તિઓ કોઈ પણ રાજકીય પક્ષના હેતુસર થવી જોઈએ નહિ.

પરિશિષ્ટ " જ "

કામકાજ ક્રમાંક ૧૧૩

ફાઈનાન્સ સમિતિની તા. ૧૬–૪–૧૯૭૧ની સભાની સિન્ડિકેટને ભલામણ

૧. લીડરશિપ પ્રોજેક્ટ ઈન મૅથેમેટિક્સની સમિતિની ભલામણ મુજબ ૩૧ ડેસ્ક કૅલ્યુલેટર્સ મે. ફોર્બ્સ ફોર્બ્સ કેમ્બેલ ઍન્ડ કું. પાસેથી ખરીદ્યા તે મંજૂર કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં છે કે લીડરશિપ ઈન મૅથેમેટિક્સ માટે તે અંગેની સમિતિએ ભલામણ કર્યા પ્રમાણે એકત્રીસ ડેસ્ક કૅલકયુલેટર્સ મે. ફોર્બ્સ ફોર્બ્સ કેમ્બેલ ઍન્ડ કું. પાસેથી એક્સ-સ્ટૉક અમદાવાદના રૂ. ૨૦૮૭–૮૫ વત્તા ટૅક્સ(રૂ. ૨૫૦—૫૪)ના ભાવે ખરીદ્યા તે મંજૂર કરવા.

૨. પ્રી-યુનિવર્સિટી વિનયનના વર્ગ માટેનો ગુજરાતી પદ્યસંગ્રહ પ્રકાશન કરી વેચાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયન માટે આવેલાં ત્રણ ટેન્ડરોમાંથી મેસર્સ બી. એસ. શાહ ઍન્ડ કું., અમદાવાદનું ૧૪ ટકા રૉયલ્ટી આપવા અંગેનું તેઓનું તા. ૩૧–૩–૧૯૭૧નું ટેન્ડર મંજૂર કરવું.

૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

યુનિવર્સિટી પ્રેસ માટે ડબલ ડેમી કાગળ રીમ ૫૦૦ ખરીદવા અંગે મેસર્સ એન. દેસાઈ ઍન્ડ કું. પાસેથી રૂ. ૪૧–૨૫ પૈસા રીમના ભાવે તેઓના તા. ૧૩–૩–૧૯૭૧ના પત્રથી શરત મુજબ ખરીદવા રૂ. ૨૫,૦૦૦ના ખર્ચને મંજૂરી આપ્યાના.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ માટે ડબલ ડેમી કાગળ રીમ ૫૦૦ મે. એન. દેસાઈ ઍન્ડ કું. પાસેથી રૂ. ૪૧–૨૫ પૈસાના ભાવથી ટેન્ડરમાં જણાવેલ શરત મુજબ ખરીદવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યાના કાર્યની નોંધ લેવી,

પરિશિષ્ટ "ઝ"

કામકાજ ક્રમાંક ૧૨૫

I meeting of the Selection Committee for recommending names for appointment to the Post of Reader in Political Science in the University School of Social Sciences was held on 24-4-1971, the Saturday at 12-30 p.m. at the Office of the Gujarat University. Shri Umashanker Joshi, Vice-Chancellor, Gujarat University, presiding.

The attendance of the members was as under :

1.	Shri Umashanker Joshi Vice-Chancellor, Chairman	Present
2.	Shri Rajni Kothari	Absent
3.	Prof. S. P. Verma	Present
4.	Dr. D. K. Garde	Present
5.	Prof. Rasheduddinkhan	Present
6.	Prof. D. N. Pathak	Present

The following candidates were called for interview :

1.	Dr. Ram Chandra Gupta	Absent
2.	Miss Sumitra D. Shah	Present
3.	Shri Pradeep J. Shah	Absent
4.	Dr. Dineshwar N. Sharma	Absent
5.	Dr. Rajendra Sharma	Absent
6.	Shri Pravinkumar N. Sheth	Present.

A telegram dated 23-4-1971 from one of the candidates, Shri Rajendra Sharma requesting postponement of interview in view of the "reported curfew" at Ahmedabad was placed before the Committee. The Committee did not concede to his request.

The Committee than proceeded to interview the two candidates who remained present.

A letter dated 21st April 1971 from one of the members, Shri Rajni Kothari, was placed before the Committee.

The Committee then resolved as follows :

"After interviewing the candidates who remained present and considering their relative merits, the committee resolves that :

Shri P. N. Sheth has been found to be suitable for the Post of a Reader in Political Science and it is recommended that he may be appointed to it.

Ahmedabad
April 24, 1971

1. UMASHANKAR JOSHI
   Vice-Chancellor
2. PROF. S. P. VERMA
3. DR. D. K. GADRE
4. PROF. D. N. PATHAK.

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૧૨૮

યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનમાં ફીલ્ડ વર્ક સુપરવાઈઝરની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે વરણીસમિતિની એક સભા તા. ૨૦—૪—૧૯૭૧ના રોજ બપોરે ૧૨—૦૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	ગેરહાજર
૬. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર
૮. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૯. શ્રી. રણજિતરાય ગ. શાસ્ત્રી	ગેરહાજર
૧૦. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૧. ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર
૧૨. ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર
૧૩. આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	ગેરહાજર
૧૪. આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૫. આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૬. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર
૧૭. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૧૮. શ્રી. સત્યેન્દ્ર કે. ઝવેરી	હાજર

ફીલ્ડ વર્ક સુપરવાઈઝરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. બી. આર. દેસાઈ	હાજર
૨.	શ્રી. ડી. એમ. ધોળકિયા	હાજર
૩.	શ્રી. બી. એચ. પાઠક	ગેરહાજર
૪.	શ્રી. એ. સી. રાવળ	ગેરહાજર
૫.	શ્રી. એ. બી. શાહ	ગેરહાજર
૬.	શ્રી. એસ. બી. સક્સેના	હાજર
૭.	શ્રી. જે. એમ. શુકલ	ગેરહાજર
૮.	શ્રી. એમ. આર. થાવણી	ગેરહાજર
૯.	શ્રી. ડી. એન. પટેલ	ગેરહાજર
૧૦.	શ્રી. પી. એમ. ભાર્ગવ	ગેરહાજર
૧૧.	શ્રી. એમ. જે. બ્રહ્મભટ્ટ	ગેરહાજર
૧૨.	શ્રીમતી હંસા એમ. દવે	હાજર
૧૩.	શ્રી. વી. બી. મહેતા	ગેરહાજર
૧૪.	શ્રી. સીતા રામ	ગેરહાજર
૧૫.	શ્રીમતી ભાનુમતી કે. પરીખ	ગેરહાજર (તેઓએ તેમના તા. ૧૯–૪–'૭૧ના પત્રથી તેમની અરજી પાછી ખેંચી છે.)

નિષ્ણાત તરીકે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ શ્રી. ડી. એન. પાઠક તથા રીડર ઈન લેબર વેલ્ફેર ડૉ. પરેશ મજમુદાર આમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

" શ્રી દિલીપકુમાર એમ. ધોળકિયાને શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૪૪૦–૦૦થી રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયથી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૧૨૯

સંલગ્ન કૉલેજોના શિક્ષકોને તા. ૧—૪—૧૯૭૧થી મર્જ્ડ પગારધોરણ પ્રમાણે આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮—૪—૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિની એક સભા તા. ૨૩—૪—૧૯૭૧ના રોજ ૪—૦૦ કલાકે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૨. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૩. શ્રી. સત્યેન્દ્ર કે. ઝવેરી	હાજર

સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈએ સંભાળ્યું હતું.

લાંબાણ ચર્ચાવિચારણાના અંતે સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

સિન્ડિકેટે તેની તા. ૧૩—૬—૧૯૭૦ની સભામાં ઠરાવ્યા પ્રમાણે તા. ૧—૪—૧૯૭૧થી સંલગ્ન કૉલેજોમાં નિમાયેલા બધા શિક્ષકોને તા. ૧—૪—૧૯૭૧થી મળતા નવા પગારધોરણમાં અંશત: મોંઘવારી ભેળવીને નીચેના નિયમોને આધીન મર્જ્ડ પગારધોરણે મોંઘવારી ભથ્થું આપવું:

૧. તા. ૧—૪—૧૯૬૬ પહેલાં જોડાયેલા શિક્ષકો માટે :

તા. ૧—૪—૧૯૬૬ પહેલાં જે શિક્ષકો જોડાયા હોય તે શિક્ષકોને તા. ૧—૪—૧૯૭૧ના રોજ જે પગાર મળતો હોય તે પગાર પર અનમર્જ્ડ પગારધોરણે અને મર્જ્ડ પગારધોરણે જે મોંઘવારી ભથ્થું મળવાને પાત્ર થાય તેના તફાવતની રકમ તેઓના મૂળ પગારમાં ઉમેરતાં જે રકમ આવે તે રકમ—જો પગારધોરણમાં પગથિયું (સ્ટેજ) હોય તો તે રકમ—મૂળ પગાર તરીકે નક્કી કરવી. પરંતુ તે રકમ પગારધોરણના પગથિયા(સ્ટેજ)માં ન હોય તો તે પહેલાંના તરતના પગથિયાની જે રકમ આવે તે રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી, અને બાકીની રકમ "પર્સનલ પે" ગણી ચૂકવવી અને ભવિષ્યના પગારવધારામાં સમાવી લેવી.

પરંતુ આવા જે શિક્ષકો અનમર્જ્ડ પગારધોરણે મોંઘવારી ભથ્થું લેવા માંગતા હોય તેઓ તેમ કરી શકશે.

૨. તા. ૧—૪—૧૯૭૧ કે તે પછી જોડાયેલા શિક્ષકો માટે :

તા. ૧—૪—૧૯૭૧ કે તે પછી જે શિક્ષકો જોડાયા હોય કે જોડાય તે શિક્ષકોની નિમણૂક વખતે નક્કી થયેલા પગારમાં અનમર્જ્ડ પગારધોરણે અને મર્જ્ડ પગારધોરણે મળતા મોંઘવારી ભથ્થાના તફાવતને મૂળ પગારમાં

ઉમેરતાં જે રકમ આવે તે રકમ — પગારધોરણમાં પગથિયું (સ્ટેજ) હોય તો તે રકમ — મૂળ પગાર તરીકે નક્કી કરવી; પરંતુ આવી રકમ પગારધોરણમાં પગથિયું (સ્ટેજ) ન હોય તો તે પહેલાંના નરતના પગથિયાની રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી અને બાકીની રકમ " પર્સનલ પે " ગણીને આપવી, જે રકમ ભવિષ્યના પગારવધારામાં સમાવી લેવામાં આવશે (to be merged in future increment).

૩. તા. ૧—૪—૧૯૬૬ પછી કે તા. ૧—૪—૧૯૭૧ પહેલાં જોડાયેલા શિક્ષકો માટે :

તા. ૧—૪—૧૯૬૬ પછી અને તા. ૧—૪—૧૯૭૧ પહેલાં જોડાયેલા શિક્ષકોના પગારમાં મોંઘવારી ભથ્થું ભેળવવા બાબતમાં સમિતિ સર્વસંમત થઈ શકી ન હોવાથી આ બાબત અંગે સિન્ડિકેટને ઘટતી વિચારણા કરવા માટે વિનંતી કરવામાં આવે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ગુ. યુ. પ્રેસ ૨૧૫-૪૫૦-૫-૭૧

સિન્ડિકેટ : તા. ૬--૫--૧૯૭૧

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની મે માસની સભા, ગુરુવાર, તા. ૬-૫-૧૯૭૧ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૫-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય, અમદાવાદ	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ડાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૮	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

૧. સિન્ડિકેટની તા. ૧૭, ૧૮ અને ૨૫-૪-૧૯૭૧ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૭, ૧૮ અને ૨૫-૪-૧૯૭૧ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. તા. ૧૩-૪-૧૯૭૧ના રોજ પેટલાદ શહેરમાં સંચારબંધી હોવાના કારણે સોજિત્રાથી પેટલાદ કેન્દ્ર પર પરીક્ષા આપવા માટે આવ-જા કરતા કુલ પાંચ વિદ્યાર્થીઓ સેકન્ડ બી.એ. સંસ્કૃત પ્રશ્નપત્ર ત્રણ અને ચાર અને સેકન્ડ બી.એસસી.ના રસાયણ-વિજ્ઞાન પ્રશ્નપત્ર ત્રણ અને ચારની પરીક્ષામાં હાજર રહી શકયા ન હતા. સદરહુ વિદ્યાર્થીઓની ઉપરોક્ત પ્રશ્નપત્રોની ફરી પરીક્ષા નવા પ્રશ્નપત્રો કઢાવી તા. ૨૬-૪-૧૯૭૧ના રોજ રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા ૧૭, ૧૮ અને ૨૫-૪-૧૯૭૧ની સભામાં બાબત નં. ૧૧૮ હેઠળ મંજૂર કરી હતી અને તે અંગેના ઠરાવમાં તા. ૨૬-૩-૧૯૭૧નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેને બદલે તા. ૨૬-૪-૧૯૭૧નો ઉલ્લેખ કરવો જોઈએ એમ સ્પષ્ટતા કરવામાં આવી, તેથી આ બાબત ઉપર કશું વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૩. ચૂંટણી અંગેનાં ધારાધોરણો સમગ્ર રીતે જોઈતપાસીને તેમાં જરૂરી સુધારાવધારા કરવા અંગે નીમેલી સમિતિમાં શ્રી. બટુભાઈ દેસાઈ રહેવા માગતા નથી, તો તેમની જગાએ બીજા એક સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સિન્ડિકેટની તા. ૩૧-૧-૧૯૭૧ની સભાએ આ સમિતિ નીમી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. બટુભાઈ હ. દેસાઈની જગ્યા પર શ્રી. ગિરીશભાઈ પટેલની નિમણૂક કરવી.

૪. રાષ્ટ્રીય સેવા યોજના અંગે સિન્ડિકેટે નીમેલ સલાહકાર સમિતિની મુદત ચાલુ શૈક્ષણિક વર્ષના અંતમાં પૂરી થતી હોવાથી નવી સલાહકાર સમિતિની રચના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સ્વીકારેલ નીચે જણાવેલ સૂચનને અનુલક્ષીને કરવા અંગે વિચારણા કરવા બાબત :

"The Committee at the University level should not be too unwidely (not more than 20) and should provide representation to Principals/Heads of Departments involved in N.S.S. (by rotation if necessary). The respective schools of social work/other training institutions should also be associated with the Committee at the University level, wherever possible. The Committee may also co-opt or invite experts."

(નોંધ.— સલાહકાર સમિતિના હાલના સભ્યો નીચે મુજબ છે :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય વાય. પી. શુક્લ
૩. આચાર્ય ડી. પી. ઠાકર
૪. આચાર્ય હરિહર શુક્લ
૫. આચાર્ય એમ. સી. શાહ
૬. પ્રા. રમેશભાઈ ભટ્ટ
૭. પ્રા. મણિશંકર પંડ્યા
૮. આચાર્ય વી. જે. ત્રિવેદી
૯. પ્રા. ડી. એચ. સુતરિયા
૧૦. આચાર્ય શરદભાઈ મહેતા.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ઉપરના ૧૦ સભ્યોને વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધી નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિ પર વધુ કોઈ સભ્યોને નીમવાની આવશ્યકતા જણાય તો તેમ કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. કાર્યાલયના ડેટા પ્રોસેસિંગ વિભાગ માટે ભાડે રાખેલાં યંત્રોના ભાડાના દરોમાં ૨ ટકા વધારો કરવાની આઈ.બી.એમ. કંપની તરફથી નોટિસ મળેલ છે તે પર વિચારણા કરવા બાબત.

(આઈ.બી.એમ. કંપનીએ ભાડાના દરોમાં સૂચવેલા ૨ ટકાના વધારાથી વાર્ષિક રૂ. ૧,૫૩૩-૬૦ જેટલું ખર્ચ વધશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યંત્રોના ભાડાના દરોમાં આઈ.બી.એમ. કંપની તરફથી કરવામાં આવેલો ૨ ટકાનો વધારો તા. ૧-૭-૧૯૭૧થી મંજૂર કરવો.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી :

૬. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં હેડક્લાર્કની જગ્યા માટે પસંદ થયેલા જુનિયર ક્લાર્ક શ્રી. પી. જે. ત્રિવેદીની તા. ૨૬-૪-૧૯૭૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી જે. ત્રિવેદી જો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં હેડક્લાર્કની જગ્યા પરની નિમણૂક સ્વીકારે તો તેમને તે યુનિવર્સિટીમાં જોડાય તે તારીખથી એક વર્ષ માટે પદાધિકાર (લિયન) આપવો.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય-નિયામકની એક જગ્યા માટે વરણીસમિતિની તા. ૨૬-૨-૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે શ્રી. વી. એમ. વ્યાસને રૂ. ૩૨૦-૨૦-૪૦૦-ઈ.બી.-૨૦-૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૩૨૦-૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૬-૨-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૮. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતની ૧૯૭૦ની જોડાણઅરજીના સંદર્ભમાં ભવિષ્યમાં જ્યારે આવી ટેકનિકલ સંસ્થાના નવા જોડાણનો પ્રશ્ન યુનિવર્સિટી સમક્ષ ઉપસ્થિત થાય ત્યારે જે તે સંસ્થાએ ભારત સરકારની તથા રાજ્યના ટેકનિકલ શિક્ષણખાતાની પૂર્વપરવાનગી લીધી છે કે નહીં તેની ચોકસાઈ કર્યા બાદ જ જોડાણ કાર્યવાહી કરવાનું રાખવા અંગેના રાજ્ય સરકારના તા. ૨૦-૩-૧૯૭૧ તથા તા. ૨૨-૩-૧૯૭૧ના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. જૂન ૧૯૭૨થી નવી કૉલેજો માટે નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

ક્રમાંક	સંસ્થાનું નામ અને સરનામું	સ્થળ	અભ્યાસક્રમો
૧.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પો. તાજપુર, નેશનલ હાઈવે નં. ૮, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા	પ્રાંતિજ	વિનયન અને વાણિજ્ય
૨.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર, દ્વારા : શ્રી. શાંતિલાલ પી. ત્રિવેદી, ૨૩, હરસિદ્ધ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩	બાલાસિનોર	શિક્ષણ
૩.	માનદ મંત્રી, સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા	માણસા	શિક્ષણ
૪.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રી પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પો. તાજપુર, નેશનલ હાઈવે નં. ૮, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા	પ્રાંતિજ	શિક્ષણ
૫.	મંત્રીશ્રી, વડોદરા જિલ્લા કેળવણી મંડળ, દ્વારા : આચાર્યશ્રી, કૉમર્સ કૉલેજ, ડભોઈ	ડભોઈ	કાયદો
૬.	માનદ મંત્રીશ્રી, શ્રી. મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મેાડાસા, જિ. સાબરકાંઠા.	મેાડાસા	કાયદો
૭.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, માનવમંદિર, દ્વારા : સી. યુ. શાહ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.	અમદાવાદ	કાયદો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણઅરજીઓ અંગે નીચે જણાવ્યા મુજબ સ્થાનિક તપાસસમિતિઓની નિમણૂક કરવી :

ક્રમાંક	સંસ્થાનું નામ અને સરનામું	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રી. પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ. પોસ્ટ તાજપુર, નેશનલ હાઈવે નં. ૮, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા	૧. શ્રી. ભાઈલાલ કોઠારી ૨. આચાર્ય જે. સી. ત્રિવેદી
૨.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, ગ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, બાલાસિનોર, દ્વારા : શ્રી. શાંતિલાલ પી. ત્રિવેદી, ૨૩, હરસિદ્ધ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.	૧. ડૉ. કે. જી. દેસાઈ ૨. આચાર્ય એન. યુ. ત્રિવેદી
૩.	માનદ મંત્રીશ્રી, સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા	૧. ડૉ. કે. જી. દેસાઈ ૨. આચાર્ય એન. યુ. ત્રિવેદી
૪.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રી. પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, મુ.પો. તાજપુર, નેશનલ હાઈવે નં. ૮, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા	૧. ડૉ. કે. જી. દેસાઈ ૨. આચાર્ય એન. યુ. ત્રિવેદી
૫.	મંત્રીશ્રી, વડોદરા જિલ્લા કેળવણી મંડળ, દ્વારા : આચાર્યશ્રી, કૉમર્સ કૉલેજ, ડભોઈ	૧. આચાર્ય એમ. એસ. પંડિત ૨. શ્રી. આર. બી. શાહ
૬.	માનદ મંત્રીશ્રી, શ્રી મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા, જિ. સાબરકાંઠા	૧. આચાર્ય એમ. એસ. પંડિત ૨. શ્રી. આર. બી. શાહ
૭.	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, માનવમંદિર, દ્વારા : સી. યુ. શાહ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ	૧. આચાર્ય વી. આર. રણદીવે ૨. શ્રી. સી. ડી. વ્યાસ.

૧૦. યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું અંશત: ભેળવવાની બાબતમાં રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત મંડળની તા. ૧૨-૪-૧૯૭૧ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"રાજ્યની યુનિવર્સિટીઓના કર્મચારીઓના મૂળ પગારમાં મોંઘવારી ભથ્થું અંશત: ભેળવવાની બાબતમાં કુલસચિવોની સમિતિએ કરેલી ભલામણ, જે તે યુનિવર્સિટીની મંજૂરીને આધીન, સ્વીકારવી અને તેનું અમલીકરણ તા. ૧-૪-૧૯૭૧થી કરવામાં યુનિવર્સિટીઓને જે આર્થિક બોજો વધવા પામે તે માટે પૂરેપૂરી આર્થિક સહાય આપવા માટે રાજ્ય સરકારને આગ્રહભરી વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૧. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં શારીરિક શિક્ષણ, એન.સી.સી. અને એન.એસ.એસ. યોજનાના ધોરણે એન.એસ.ઓ. (નેશનલ સ્પોર્ટ્સ ઑર્ગેનાઇઝેશન) યોજના મરજિયાત રીતે દાખલ કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના તા. ૨૬-૨-૧૯૭૧ના પત્રાંક એફ.૨. ૬-૭૯ (એસ.એ.-૩) પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આપણી યુનિવર્સિટીમાં પ્રી-યુનિ. અને પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શારીરિક તાલીમ ફરજિયાત છે તેના અનુસંધાનમાં આ અંગે વિચારણા કરવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. જયદીપસિંહજી (દેવગઢ-બારિયા)
૨. શ્રી. રતિલાલ કે. પટેલ
૩. આચાર્ય એસ આર. મહેતા
૪. આચાર્ય એફ. એલ. ફ્રેગેન્ઝા
૫. આચાર્ય હરિશંકર પંડ્યા
૬. આચાર્ય એન. કે. દવે
૭. શ્રી. આર. એમ. શાહ
૮. શ્રી. વી. પી. મહેતા, સભ્ય-સચિવ.

૧૨. ઑ. ૭ પ્રમાણે યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પર સભ્ય તરીકે નિયુક્ત થયેલ શ્રી. છગનભાઈ પી. પટેલ સતત ત્રણ સભામાં ગેરહાજર રહેલા હોવાથી ઑ. ૬૨-સી(૨) પ્રમાણે તેમનું સભ્યપદ આપોઆપ બંધ થાય છે તો તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—ઑ. ૭ પ્રમાણે નિયુક્ત થયેલ સભ્યનું સભ્યપદ તા. ૭-૮-૧૯૭૧ સુધી રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડના સભ્યોની મુદત તા. ૭-૮-૧૯૭૧ના રોજ પૂરી થતી હોઈ તેની નવેસરથી રચના કરવાનું કામ જુલાઈ માસમાં મળનાર સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું. દરમ્યાન શ્રી. છગનભાઈ પી. પટેલની ખાલી પડેલી જગ્યા પૂરવી નહીં.

૧૩. માર્ચ-એપ્રિલ તેમ જ ઑક્ટોબર ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ બજાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પરીક્ષકો અને નિરીક્ષકોના કેસો પર વિચારણા કરવા તા. ૧૭-૩-૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૧ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૧૪. ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશનનું સિલ્વર જ્યુબિલી સેશન ૧૯૭૧ના વર્ષ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે ભરવાના ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશનના સેક્રેટરીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશનનું સિલ્વર જ્યુબિલી સેશન ૧૯૭૧ના વર્ષ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ભરવાનું સૂચન સ્વીકારી શકાય તેમ નથી એમ જણાવતો ઘટતો પત્ર સદરહુ ઍસોસિયેશનના મંત્રીને લખવો.

૧૫. આયનોસ્ફેરિક રિસર્ચ પ્રોજેક્ટ્સ અંગે પી. આર. એલ.ના આસિ. ડિરેક્ટર શ્રી. એસ. આર. હાકોરના તા. ૩૦-૩-૧૯૭૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ટીચર્સ હૉસ્ટેલનાં ખાલી રહેલાં રહેઠાણો પૈકી ૫/૨૫ નંબરનું રહેઠાણ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને આઇનોસ્ફેરિક રિસર્ચ પ્રોજેક્ટના કામકાજ માટે બે વર્ષ માટે વાપરવા માટે આપવું અને તે માટે તેમની પાસેથી માસિક રૂ. ૧૦૦ના દરે ચાર્જ લેવાનું રાખવું.

૧૬. પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ફર્સ્ટ ઇયર ડિપ્લોમા-ઇન-ફાર્મસીની પરીક્ષાઓમાં ફરજિયાત અંગ્રેજી વિષયના પ્રશ્નપત્ર અંગે નીચે પ્રમાણે રેગ્યુલેશનો પ્રી-આર્ટ્સ ૨, પ્રી-સાયન્સ ૨, પ્રી-કૉમર્સ ૨ અને ફાર્મસી ૬ મંજૂર કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. Pre-Arts , R. Pre-Sc. 2, R. Pre-Com. 2 and Pharm.-6 :

There shall be two sections in the question-paper on Compulsory English as follows :

Section I shall contain questions on text-book and shall carry 35 marks and shall be of two hours' duration.

Section II shall be devoted exclusively to question on language work and shall carry 35 marks and shall be of one hour's duration.

It is also hereby provided that question-papers on Section I and Section II shall be separately printed and separately set and that question-paper on Section I shall be actually given to the candidates at the commencement of the examination of the paper on compulsory English, whilst question-paper on Section II shall be given to the candidates only one hour before the closing time for the question-paper on Compulsory English.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુલેશનો પ્રી-આર્ટ્સ ૨, પ્રી-સાયન્સ ૨, પ્રી-કૉમર્સ ૨ અને ફાર્મસી ૬ મંજૂર કરવા અને તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

૧૭. તૃતીય વર્ષ બી.એસસી.માં ઉત્તીર્ણતા અંગેના ધોરણ બાબતનો રેગ્યુ. સાયન્સ ૧૫-એ (૨)નો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૪ની પરીક્ષાને લાગુ પડે તે રીતે ક્રમશઃ અમલમાં મૂકવા અંગની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૨૮-૧-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.એસસી.માં ઉત્તીર્ણતા અંગેનો મંજૂર કરવામાં આવેલો રેગ્યુ. સાયન્સ ૧૫એ (૨)નો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૪ ની પરીક્ષાને લાગુ પડે તે રીતે ક્રમશઃ અમલમાં મૂકવો.

૧૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨-૧૯૭૧ની સભામાં નીચેની જગ્યાઓ ઊભી કરી છે તે ઉપર નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧. રીડર-ઇન-લાઇબ્રેરિયન : રૂ. ૭૦૦-૫૦-૧,૨૫૦ : એક જગ્યા.
(તેમણે યુનિવર્સિટીના ગ્રંથપાલની કામગીરી પણ કરવાની રહેશે.)

૨. લેક્ચરર-કમ-આસિસ્ટન્ટ લાઇબ્રેરિયન : રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ : બે જગ્યા.

(**નોંધ** — આ પ્રમાણે પગારધોરણ સુધારતાં તેમને મોંઘવારી ભથ્થું યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકોની જેમ મર્જ્ડ ડી.એ.ના ધોરણે આપવાનું રહેશે તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો, ગ્રંથાલય તથા ભવનોના કામકાજના ભારણ અંગે નીમેલી વર્કલોડ સમિતિની તા. ૨૯-૩-૧૯૭૧ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. સિન્ડિકેટે તેની તા. ૬/૭-૬-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેની તપાસ-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨ ફેબ્રુઆરી ૧૯૭૧ની સભામાં ઠરાવેલ છે કે શ્રી. એ. એન. કેલાને તા. ૩ ઓક્ટોબર ૧૯૬૩ના રોજ આપવામાં આવેલી એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા માટે જરૂરી કાર્યવાહી કરવી, તે અન્વયે સ્ટે. ૧૯૪ મુજબ શ્રી. કેલાને રૂબરૂમાં કે લખાણ દ્વારા સ્વબચાવની તક આપવા માટે નોટિસ આપવાનું સિન્ડિકેટ માટે જરૂરી છે તો આ અંગે વિચારણા કરવા બાબત.

અને

શ્રી. કેલા તરફથી આવેલ તા. ૧૮ માર્ચ ૧૯૭૧ની Mercy petition પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે શ્રી. એ. એન. કેલાની તા. ૧૮મી માર્ચ ૧૯૭૧ની દયાની અરજી (mercy petition) મંજૂર કરવી અને સિન્ડિકેટની તા. ૩૦/૩૧–૫–૧૯૬૯ની સભામાં બાબત નં. ૩૧ હેઠળ કરવામાં આવેલો ઠરાવ તથા તે અન્વયે તા. ૨૦–૬–૧૯૬૯ના રોજ બહાર પાડવામાં આવેલ યુનિવર્સિટીના જાહેરનામા નં. ૧૬૭નો સંબંધકર્તા ભાગ રદ કરવો અને શ્રી. એ. એન. કેલાની એલએલ.બી.ની પરીક્ષા માટેનાં સત્રો માન્ય ગણવાં તથા તેમની સામે વધુ કાંઈ પગલાં લેવાં નહીં.

૨૨. તા. ૧૧–૩–૧૯૭૧ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સેનેટની તા. ૨૫, ૨૬ અને ૨૭ મી માર્ચ ૧૯૭૦ ની સભામાં થયેલાં સૂચનો અંગે સિન્ડિકેટે તેની તા. ૩–૧૦-૧૯૭૦ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે મોકલવામાં આવેલ તે અંગે તેની ઉપસમિતિએ તા. ૧૬–૨–૧૯૭૧ની સભામાં સૂચવેલી અને આ સભાના સુધારા સાથેની ભલામણો સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણોનો સામાન્ય રીતે સ્વીકાર કરવો અને તે બાબતમાં જરૂરી પ્રસ્તાવો તૈયાર કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે યુનિવર્સિટીના શારીરિક તાલીમ વિભાગને જણાવવું.

૨૩. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ના રોજ મળેલ વાર્ષિક સભામાં નીચેનો પ્રસ્તાવ મંજૂર કર્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના ૧૯૬૯–૭૦ના વાર્ષિક અહેવાલના પાના ૧૦ ઉપરના સંખ્યાંક ૩માં દર્શાવેલી અધ્યાપકોની સંખ્યાના અનુસંધાનમાં અધ્યાપકોની વધતી જતી સંખ્યાને લક્ષમાં લઈ તેમ જ શિક્ષણનું ધોરણ અને યુનિવર્સિટીની સર્વ પ્રવૃત્તિનું પરિણામ શિક્ષકોના કાર્ય ઉપર અવલંબે છે તે ધ્યાનમાં લઈ ઉત્તમ વ્યક્તિઓ આ ક્ષેત્રમાં આવવા પ્રેરાય, આવેલા ટકી રહે તેમ જ અધ્યાપકો કૉલેજમાં સ્થિરતા, શ્રદ્ધા તેમ જ સંતોષથી કામ કરે તે દૃષ્ટિએ અધ્યાપકો માટે ગ્રેચ્યુઈટીની જોગવાઈ કરવી વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં આવશ્યક છે, તેમ માનીને સેનેટની આ સભા આવી ગ્રેચ્યુઈટીની યોજના અમલમાં મૂકવા માટે ઘટતું કરવા લાગતાંવળગતાં મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. શ્રી. શંકરલાલ શાહ
૩ ડૉ. ચમનલાલ એમ. મહેતા
૪. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ
૫. શ્રી. ઇંદ્રવદન નાણાવટી
૬. ડૉ. જે. બી. હરિભક્તિ

૭ શ્રી. ઇંદ્રવદન એ. મોદી
૮. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૯. ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદી
૧૦. પ્રો. બબાભાઈ પટેલ
૧૧. પ્રો. કૃષ્ણચંદ્ર શાસ્ત્રી
૧૨. શ્રી. વિનોદભાઈ કપાસી.

૨૪. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં નીચેનો પ્રસ્તાવ મંજૂર કર્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ અગાઉ યુનિવર્સિટી સિન્ડિકેટે પ્રકટ કરેલા તેની ઇચ્છાને લક્ષમાં લઈને સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે કે (૧) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને અપાતું સાઇકલ ભથ્થું યુનિવર્સિટીના ધોરણે તેમના મૂળ પગારમાં ભેળવવા માટે, (૨) પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામ માટે રાત્રે આવીને પ્રેસના મકાનમાં કે ખુલ્લામાં ગમે ત્યાં સૂઈ રહીને હાલાકી ભોગવતા પ્રેસ-કર્મચારીઓની સુવિધા માટે ડૉર્મિટરીની વ્યવસ્થા ઊભી કરવા માટે, તેમ જ (૩) યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાને આજે ૧૪ વરસ જેવો લાંબો સમય પસાર થવા છતાં હજુ સુધી એક પણ પ્રેસ-કર્મચારી માટે ક્વાર્ટર્સની વ્યવસ્થા થઈ શકી ન હોવાથી યુનિવર્સિટી કૅમ્પસમાં ક્વાર્ટર બાંધવા અંગેની પ્રારંભિક તૈયારી કરવાના ખર્ચ માટે યુનિવર્સિટી પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રમાં પ્રતીક તરીકે રૂ. ૧૦,૦૦૦ની જોગવાઈ કરવા પ્રેસના ૧૯૭૧-૭૨ના અંદાજપત્રના પાન ૩ના ૧૬મા મથાળા હેઠળ કુલ ખર્ચ રૂ. ૫,૦૩,૫૦૦ ને બદલે રૂ. ૬,૧૩,૫૦૦ની જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૫. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧/૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં નીચેનો પ્રસ્તાવ મંજૂર કર્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની ગવર્નિંગ બોડી અંગે યુનિવર્સિટી ધારા મુજબ પ્રોપર્લી કૉન્સ્ટિટ્યુટેડ ગવર્નિંગ બોડીની જોગવાઈને મૂર્ત સ્વરૂપ આપવા પ્રત્યેક સંસ્થા માટે નીચે સૂચવ્યા પ્રમાણે ગવર્નિંગ બોડીની રચના કરવા યુનિવર્સિટી પ્રવૃત્ત બને તે માટે લાગતાંવળગતાં સત્તામંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે :

ગવર્નિંગ બોડીનું સૂચિત માળખું	સભ્ય સંખ્યા
૧. ટ્રસ્ટી મંડળના પ્રતિનિધિઓની સંખ્યા	૩
૨. કૉલેજ/સંસ્થાના આચાર્ય/અધ્યક્ષ (સભ્ય અને મંત્રી)	૧
૩. અધ્યાપકોએ પસંદ કરેલા અધ્યાપકોના પ્રતિનિધિઓની સંખ્યા	૩
૪. બિનશૈક્ષણિક કર્મચારીઓના પ્રતિનિધિની સંખ્યા	૧
૫. વિદ્યાર્થી પ્રતિનિધિની સંખ્યા	૧
૬. યુનિવર્સિટીના પ્રતિનિધિની સંખ્યા	૧

	કુલ... ૧૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. શ્રી. શંકરલાલ શાહ
૩. ડૉ. ચમનલાલ એમ. મહેતા
૪. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ
૫. શ્રી. ઇંદ્રવદન નાણાવટી
૬. ડૉ. જે. બી. હરિભક્તિ
૭. શ્રી. ઇંદ્રવદન એ. મોદી
૮. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૯. ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદી
૧૦. પ્રો. બળાભાઈ પટેલ
૧૧. પ્રો. કૃષ્ણચંદ્ર શાસ્ત્રી
૧૨. શ્રી. વિનોદભાઈ કપાસી.

૨૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૬–૪–૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર R. Eng. S. 13 (add) હેઠળ નીચે પ્રમાણેની નોંધ ઉમેરવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. Eng. S. 13 (add) :

For the purpose of passing, Elective paper I and paper II should be considered as one subject consisting of Theory papers, Sessionals, Practicals (including oral) and Term-work.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. એન્જિ. એસ. ૧૩ની હેઠળ ઉપર મુજબની નોંધ ઉમેરવી તથા તે પ્રમાણે સુધારેલો સદરહુ રેગ્યુલેશન તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

૨૭. પ્રાકૃત અને પાલિની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રથમ વર્ષ બી.એ.ના પ્રાકૃતના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨ તથા રેગ્યુ. આર્ટ્સ ૨ નીચે મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Pre-University Arts : R. Pre-2

Prakrit

Prose and Poetry	... 65 marks
Grammar arising from the text..	... 5 marks

First B.A.: R Arts 2

Prakrit

Prose text	... 35 marks
Poetry text	... 35 marks

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. પી-આર્ટ્સ ૨ તથા રેગ્યુ આર્ટ્સ ૨ ઉપર મુજબ સુધારવા તથા તે પ્રમાણે સુધારેલા સદરહુ રેગ્યુલેશનો તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

૨૮. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૧૯–૧–૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર બીજા વર્ષ બી.એ. અને બી.એસસી.ના ફરજિયાત અંગ્રેજી વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ–૭ તથા રેગ્યુ. સાયન્સ ૮નો સંબંધકર્તા ભાગ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા અંગેની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ ૭ તથા રેગ્યુ. સાયન્સ ૮ના સંબંધકર્તા ભાગ સુધારવા તથા તે પ્રમાણે સુધારેલા સદરહુ રેગ્યુલેશનો તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા

(સુધારવામાં આવેલા રેગ્યુ. આર્ટ્સ ૭ તથા રેગ્યુ. સાયન્સ ૮ના સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૯. ઇતિહાસની અભ્યાસસમિતિની તા. ૨૯–૩–૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર (૧) પ્રી-યુનિવર્સિટી વિનયનના અભ્યાસક્રમમાં "ઍન આઉટલાઈન ઑફ ધી વર્લ્ડ હિસ્ટરી"ના પ્રશ્નપત્ર છે તેને સ્થાને "ઍન આઉટલાઈન ઑફ મોડર્ન વર્લ્ડ હિસ્ટરી"ના પ્રશ્નપત્ર રાખવા અને તે માટે રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૧માં સુધારો કરવા તથા આ પ્રશ્નપત્ર માટે રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨માં વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને સુધારેલા અભ્યાસક્રમને ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની; તથા (૨) એમ.એ. ભાગ ૨ની પરીક્ષાના અભ્યાસક્રમમાં 'હિસ્ટરી ઑફ ગુજરાત'ના પ્રશ્નપત્ર ૮ ગ્રુપ 'ડી'માં સુધાર્યો છે તેને બદલે તે રેગ્યુ. એમ.એ. ૮માં હિસ્ટરી ગ્રુપ 'ડી'માં પ્રશ્નપત્ર ૭ના વિકલ્પે 'હિસ્ટરી ઑફ ગુજરાત' (૧૩૦૪થી ૧૫૭૩) તરીકે ઉમેરવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૧ અને રેગ્યુ. પ્રી.-આર્ટ્સ ૨ સુધારવા તથા તે પ્રમાણે સુધારેલા સદરહુ રેગ્યુલેશનોને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(સુધારવામાં આવેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. એમ. એ. ૮ સુધારવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સુધારવામાં આવેલા રેગ્યુ. એમ. એ. ૮ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૮. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૬-૪-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર—(અ) કેમિકલ એન્જિનિયરિંગનો ચોથા વર્ષનો અભ્યાસક્રમ તેની શિક્ષણ અને પરીક્ષણની યોજના આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને તેનો અમલ જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી કરવા અંગેના; તથા (બ) કેમિકલ એન્જિનિયરિંગના પાંચમા વર્ષની શિક્ષણ અને પરીક્ષાની યોજના આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અંગેની એકેડમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. એન્જિ. એસ. ૧૭ અને રેગ્યુ. એન્જિ. એસ. ૧૮ ઉમેરવા તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(સદરહુ રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૯. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૬-૪-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર બી.ઈ. (સિવિલ) 'પ્રોજેક્ટ સિવિલ એન્જિનિયરિંગ ૧ સેમેસ્ટર ૯' અને 'પ્રોજેક્ટ સિવિલ એન્જિનિયરિંગ ૨ સેમેસ્ટર ૧૦' માટેની સુધારેલી ટીચિંગ સ્કીમ, ટર્મવર્ક પ્રેક્ટિકલ આ સાથે આપેલ પરિશિષ્ટ (એ) અને (બી) મુજબ રાખવા અને તેને જૂન, ૧૯૭૧થી અમલમાં મૂકવાનો એકેડેમિક કાઉન્સિલનો તા. ૨૧/૨૨-૪-૧૯૭૧નો સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. એન્જિ. ૧૭ સુધારવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સુધારવામાં આવેલા રેગ્યુ. એન્જિ. ૧૭ની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૨. ઇજનેરી વિદ્યાશાખાની સભાની ભલામણ અનુસાર ઇજનેરીના સેન્ડવિચ કોર્સને લગતી ટીચિંગ સ્કીમ, એક્ઝામિનેશન સ્કીમ, સ્ટ્રકચર અને ધારાધોરણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તેનો અમલ જૂન ૧૯૭૧થી કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાનો ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઇજનેરી વિદ્યાશાખામાં "સેન્ડવિચ કોર્સ" ને લગતા (શિક્ષણ, પરીક્ષા અને માળખાનાં ધારાધોરણોની બાબતમાં) અંગેના ઑર્ડનન્સ એન્જિ. એસ. ૫, એન્જિ. એસ. ૬, એન્જિ. એસ. ૭, એન્જિ. એસ. ૮, એન્જિ. એસ. ૯, ઑર્ડિ. ૭૫ અને રેગ્યુલેશન એન્જિ. એસ. ૧૨, એન્જિ. એસ. ૧૭, એન્જિ. એસ. ૧૩, એન્જિ. એસ ૨૦, એન્જિ. એસ. ૨૧ અને એન્જિ. એસ. ૨૨ના સંબંધકર્તા ભાગ સુધારવા તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(સુધારવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૩. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૬-૪-૧૯૭૧ના સભાની ભલામણ અનુસાર બી.ઈ. ૪-સી, પાર્ટ ૧, સેમેસ્ટર ૭ (સિવિલ) અને બી.ઈ. ૪-સી, પાર્ટ ૨, સેમેસ્ટર ૮ (સિવિલ)

માટેની સુધારેલી સ્કીમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તે જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. એન્જિ. ૧૭ સુધારવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સુધારવામાં આવેલા રેગ્યુ. એન્જિ. ૧૭ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૩૪. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૨-૪-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર વાણિજ્યના નવા માળખા પ્રમાણેની પ્રી-યુનિવર્સિટી વાણિજ્યની ઇકોનોમિક એન્ડ કૉમર્શિયલ જોગ્રેફી વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા તથા તે અંગેનો સંબંધકર્તા રેગ્યુ. પ્રી-યુનિવર્સિટી કૉમર્સ–૨ને ૧૫ જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. પ્રી-કૉમર્સ ૨નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા તેને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સુધારવામાં આવેલા રેગ્યુ. પ્રી-કૉમર્સ ૨ની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૩૫. રાજ્યશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨-૪-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર—

(૧) પ્રી-યુનિવર્સિટી વિનયનના રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૧માં સિવિક્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન વિષયનો પ્રશ્નપત્ર છે તેને બદલે 'એન ઇકોનોમિક્સ ટૂ ઇન્ડિયન ગવર્નમેન્ટ'નો પ્રશ્નપત્ર રાખવા અને તે પ્રશ્નપત્ર માટેનો અભ્યાસક્રમ રેગ્યુ. પ્રી-આર્ટ્સ ૨માં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની;

(૨) પ્રથમ વર્ષ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ ૨માં રાજ્યશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને તા. ૧૫ જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની;

(૩) એમ.એ. ભાગ ૧માં રાજ્યશાસ્ત્રના વિષય માટે પ્રશ્નપત્રનો ક્રમ નીચે મુજબ સુધારવા તથા તે પ્રશ્નપત્રનો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે માટે રેગ્યુ. એમ.એ. ૫માં સુધારો કરી તા. ૧૫ જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની :

Paper I : Indian Politics

Paper II : International Relations

Paper III : Recent Political Thought

Paper IV : Comparative Politics;

(૪) એમ.એ., ભાગ ૨માં રાજ્યશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને તે માટે રેગ્યુ એમ.એ. ૮માં સુધારો કરી તા. ૧૫ જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની;

(૫) એમ.એ., ભાગ ૨ની પરીક્ષામાં રાજ્યશાસ્ત્ર વિષય માટે જે તે પ્રશ્નપત્રોનાં બે પેટાજૂથો વિદ્યાર્થીઓએ પસંદ કરવાનાં હોય છે તેમાં બે પ્રશ્નપત્રોના એક પેટાજૂથના વિકલ્પે ડિઝર્ટેશન લેવાની જોગવાઈ રેગ્યુ. એમ.એ. ૮માં નીચે મુજબ ઉમેરવાની :

(**નોંધ.**—સ્થપતિ શ્રી. બી. વી. દોશી નિમંત્રણથી હાજર રહ્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન ભવનનું જુદું મકાન સમાજવિદ્યા ભવનની બાજુમાં યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના રસ્તે અંદર જતાં ડાબે હાથે રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. આથી ઠરાવવામાં આવે છે કે નૉન-રેસિડેન્ટ સ્ટુડન્ટ સેન્ટરમાંથી સિન્ડર ટ્રેકના રસ્તાને આવરી લેતી સમગ્ર જગામાં વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું ઘટક (Complex of students activities) નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(ક) નૉન-રેસિડેન્ટ્સ સ્ટુડન્ટ સેન્ટર અને પોસ્ટઑફિસના મકાનની વચ્ચે કેન્ટીનનું મકાન રાખવું.

(ખ) પ્રેસના મકાનથી સિન્ડરટ્રેકના રસ્તા સુધીની તમામ જમીનમાં નીચે મુજબનાં મકાનો બનાવી લે-આઉટ પ્લાન તૈયાર કરાવી આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો :

૧. જિમ્નેશિયમ

૨. સ્વિમિંગ પુલ

૩. સ્ટુડન્ટ હોમ

૪. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કં. કો. સ્ટોર્સ.

૫. (Cafetaria)

૬. બૅંક

૭. પોસ્ટઑફિસ

૮. સેમિનાર રૂમ

૯. ગાંધી ભવન.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં નેશનલ ડિઝાઈન ઇન્સ્ટિટ્યૂટના સ્થપતિ શ્રી. ભાગવતનાં સલાહસૂચનો લઈને તે અનુસાર આગામી વર્ષાઋતુમાં મોટી સંખ્યામાં ઝાડપાન રોપવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

તા. ૫--૫--૧૯૭૧.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ગુ.યુ.પ્રેસ. ૪૧-૪૫૦-૫-૭૧

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની બે માસની વિશેષ સભા, બુધવાર, તા. ૧૯-૫-૧૯૭૧ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. જોકે વચમાં કુલપતિશ્રીને અગત્યના કામે સભાગૃહની બહાર જવાનું થયું હતું ત્યારે ત્યારે સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઝીણાભાઈ દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯-૫-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર
૨.	શ્રી. ઇંદ્રવદન ઉમિયાશંકર વસાવડા, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. બાબુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૫.	શ્રી. ડાહ્યાભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. સત્યેંદ્રભાઈ કાળિદાસ ઝવેરી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેંદ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

૧. ડિસેંબર ૧૯૭૧ના છેલ્લા સપ્તાહ દરમિયાન ઇંડીયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ 'નું ૩૧મું વાર્ષિક અધિવેશન વારાણસી મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર સોસાયટીના પ્રમુખશ્રીના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચર્ચા માટે નીચેના વિષયોની પસંદગી કરવામાં આવી છે:

1. Problems of Dry Farming
2. Agricultural Prices—Problems and Policies
3. Institutional Credit for Agriculture.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. બળાભાઈ પટેલને મોકલવા.

૨. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદમાં આચાર્યપદે ફરીથી નિયુક્ત થયેલા ડૉ. બી. એસ. પટેલ આચાર્યપદના સુધારેલા નિયમ અનુસાર હવે જરૂરી લાયકાત ધરાવતા નથી તો તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) જૂન ૧૯૬૮થી શરૂ થયેલ આ કોલેજમાં તે સમયે ડૉ. બી. એસ. પટેલની આચાર્યપદે થયેલી નિમણૂક માન્ય થઈ હતી.

(૨) જૂન ૧૯૬૯થી અમલી બનેલ આચાર્યપદ માટેની લાયકાત અંગે સુધારેલા નિયમ અનુસાર પાંચ વર્ષના પ્રાધ્યાપક કક્ષાના અનુભવ સહિત કુલ ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ હોવો આવશ્યક છે, જે ડૉ. બી. એસ. પટેલ ધરાવતા નથી; પ્રાધ્યાપક કક્ષાની લાયકાત ધરાવે છે.]

ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીના આચાર્ય તરીકે ડૉ. બી. એસ. પટેલની નિમણૂક ૧૯૬૮-૬૯ના વર્ષમાં માન્ય રાખવામાં આવી હતી તે જોતાં, તેમની આ કૉલેજના આચાર્ય તરીકેની હવે થયેલી નિમણૂક માન્ય ગણવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮ અને ૨૫-૪-૧૯૭૧ની સભામાં સંલગ્ન કૉલેજોમાં લેવાતી ટ્યૂશન ફીના દરમાં વધારો કરવા દેવા અંગે આવેલી માગણીઓ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને હેવાલ આપવા માટે નિયુક્ત કરેલી સમિતિનો ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના રિપોર્ટ પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સમિતિના સભ્યોએ અંગત અગવડ વેઠીને પાંચ કૉલેજોના વિદ્યાર્થીઓની ટ્યૂશન ફી અંગેનો પ્રશ્ન તપાસીને ટૂંક સમયમાં હેવાલ રજૂ કર્યો છે તેની આ સભા કૃતજ્ઞતા-પૂર્વક નોંધ લે છે અને તે સમિતિના સભ્યોનો વ્યક્તિગત અને સમૂહગત આભાર માનવાની ના તક લે છે.

(૨) અમદાવાદ શહેર વિસ્તારની અને અમદાવાદ બહારની (ગ્રામ વિસ્તારની) એમ બધી કૉલેજોની આર્થિક પરિસ્થિતિની, વિદ્યાર્થીઓની ટ્યૂશન ફીના દરમાં વધારાની માગણીના

સંદર્ભમાં વધુ ઝીણવટથી અને કાળજીપૂર્વક તપાસ કરવી આવશ્યક ગણાય છે, અને તે માટે જરૂરી સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૩) ઉપર નં. ૩માં જણાવ્યા પ્રમાણેની તપાસ થયેથી તે પર જરૂરી નિર્ણય લેવામાં આવે તે દરમ્યાન કૉલેજોમાં પ્રવર્તતા ટ્યૂશન ફીના હાલના દર યથાવત્ રાખવા અને ૧૯૭૧-૭૨ના વર્ષમાં કોઈ પણ કૉલેજને ટ્યૂશન ફીના દરમાં કશો પણ વધારો કરવા માટે પરવાનગી આપવી નહિ.

(**નોંધ.**—આ પેટાદરાવ નં. ૩ વધુમતે પસાર કરવામાં આવ્યો હતો.)

(૪) (ક) વિજ્ઞાનની કૉલેજોમાં ટ્યૂશન ફી અને લેબોરેટરી ફી એમ આ બેઉ પ્રકારની ફી મળીને જે રકમ થાય તેની કુલ મર્યાદાને આધીન આ બેઉ પ્રકારની ફીની વહેંચણી કરવા માટે કૉલેજોને, વિદ્યાર્થી દીઠ લેબોરેટરી ફી ખાતામાં ખોકી રૂ. 30-00 હોવી જોઈશે તે શરતે પરવાનગી આપવી.

(ખ) વિજ્ઞાનની જે કૉલેજમાં ગણિતના વિદ્યાર્થીઓ કે જેમને પ્રાયોગિક કાર્ય કરવાનું હોતું નથી તેમની પાસેથી લેબોરેટરી ફી લેવાતી હોય તે કૉલેજોને ગણિતના વિદ્યાર્થીઓ પાસેથી લેબોરેટરી ફી લેવાનું બંધ કરવા જણાવવું.

(ગ) વિજ્ઞાનની જે કૉલેજોમાં વિદ્યાર્થીઓ પાસેથી "બ્રેકેજ ચાર્જીઝ"ના રૂપમાં સામાન્ય ધોરણે ફી લેવાતી હોય તે કૉલેજોને આ રીતે બધા વિદ્યાર્થીઓ પાસેથી "બ્રેકેજ ચાર્જ" લેવાનું બંધ કરવા જણાવવું. આ બાબતમાં સ્પષ્ટતા કરવામાં આવી કે વૈજ્ઞાનિક સાધનોના નુકસાન માટે જે વિદ્યાર્થીઓ જવાબદાર જણાય તેઓ પાસેથી વ્યક્તિગત ધોરણે માત્ર વાજબી અને વાસ્તવિક હોય તેથી વધુ ચાર્જ લેવો જોઈએ નહીં.

(૫) હાલ ઑર્ડિ. ૧૨૦-બી અન્વયે એક વર્ગમાં વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા ૧૧૫ નિયત કરી છે તે ઉપરાંત કોઈ પણ એક કક્ષાએ બધા વર્ગો(ડિવિઝન)માં વધુમાં વધુ ૫ વિદ્યાર્થીઓને કુલપતિશ્રીની પૂર્વસંમતિ લઈને દાખલ કરી શકાય છે તેને બદલે પ્રત્યેક વર્ગ દીઠ વધુમાં વધુ ૧૦ વિદ્યાર્થીઓ કુલપતિશ્રીની પૂર્વસંમતિ લઈને દાખલ કરી શકાય તેવી જોગવાઈ કરવી અને આ હેતુ માટે ઑર્ડિ. ૧૨૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

O. 120-B :

(*i*) There shall not be more than 1650 students in a college.

(*ii*) There shall not be more than two Faculty-units in a college.

(*iii*) If a college has more Faculty-units than one, the total strength of such units taken together shall not exceed 1650 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 115 students, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of not more

than 10 students in a class or a division thereof subject to a maximum total of 1650 students as mentioned in (*i*) and (*iii*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not at any of the stages, viz., either Pre-University Class or F.Y. Class be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in class or in any division thereof.

Notwithstanding anything contained above no college shall admit more than 1500 students during the year 1971-72.

(૬) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોના સુધારાને કારણે કૉલેજોને માટે વધેલા આર્થિક બોજ પેટે, કૉલેજોને રાખેતા મુજબની નિભાવ ગ્રાન્ટ મળ્યા પછી જે ખાધ રહેતી હોય તો તે ખાધની મર્યાદાને આધીન, જૂના અને નવા પગાર ખર્ચના તફાવત જેટલી જરૂરી આર્થિક સહાય રાજ્ય સરકાર તરફથી મળી રહેશે એ સ્પષ્ટ છે. તેમ છતાં આ સુધારેલાં પગારધોરણોને કારણે કૉલેજો ઉપર પ્રૉવિડંટ ફંડના ફાળાનું ખર્ચ (૮½ ટકા), ઘરભાડા ભથ્થું (૫ ટકા) અને તેને કારણે થતા આનુષંગિક મોંઘવારી ભથ્થાના વધારાનું ખર્ચ, તા. ૧-૪-૧૯૭૧થી મોંઘવારી ભથ્થું અંશતઃ મૂળ પગારમાં ભેળવવાને કારણે થતું વધારાનું ખર્ચ—આ બધા અંગેનો આર્થિક બોજો કૉલેજોએ ઉપાડવાનો રહેશે. આ વધારાનું ખર્ચ સુધારેલાં પગારધોરણો અંગે રાજ્ય સરકારે લીધેલા નિર્ણય સાથે સંકળાયેલો છે અને તેમાંથી જ ઉદ્‌ભવે છે, અને તેથી ન્યાયપુરઃસર આ વધારાનો ખર્ચ રાજ્ય સરકારે ઉપાડવો જોઈએ. આ અંગે ત્વરિત અને અનુકૂળ નિર્ણય લેવાય તે માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી.

તે ઉપરાંત તા. ૧-૪-૧૯૭૧થી અમલમાં મૂકવામાં આવેલા મોંઘવારી ભથ્થાના સુધારેલા દર અને સિન્ડિકેટે તેની તા. ૬-૩-૧૯૭૧ના રોજ કરેલ ભલામણ અન્વયે બિનશૈક્ષણિક કર્મચારીઓનાં પગારધોરણોમાં થનાર સૂચિત વધારાને કારણે પણ કૉલેજોને વધારાનો બોજ ઉઠાવવાનો રહેશે. આ વધારાના ખર્ચ માટે પણ રાજ્ય સરકાર પાસેથી અનુદાન દ્વારા વધારાની આર્થિક સહાય કૉલેજોને મળે તે માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત ત્વરિત કરવાનું રાખવું.

(૭) ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી કૉલેજો માટે રાજ્ય સરકારના અનુદાન અંગે સુધારેલા નિયમોને કારણે તેમની આર્થિક સ્થિતિ પહેલાં કરતાં વધુ હળવી બની છે. પરંતુ કેટલીક કૉલેજોને

તેમની વિદ્યાર્થીઓની સંખ્યાને કારણે અનુદાનની ટકાવારી ઓછી થતી હોય તેમને માટે વધુ આર્થિક સહાયની જરૂરિયાત સામાન્ય રીતે જણાય છે, અને તેથી એ કૉલેજોને પણ પૂરતી આર્થિક સહાય મળી રહે તે માટે અનુદાન અંગે રાજ્ય સરકારના નીતિનિયમોમાં જરૂરી ફેરફાર ત્વરિત કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

કૉલેજોના વિદ્યાર્થીઓને વૈકલ્પિક વિષયોની પસંદગી માટે સારું એવું વૈવિધ્ય ઉપલબ્ધ થાય તે હેતુથી વૈકલ્પિક વિષયો દાખલ કરવા માટે કૉલેજોને ઉત્તેજન આપવા માટે પણ ગ્રાન્ટ અંગે વધુ ઉદાર નીતિ અપનાવવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

(૮) જે કૉલેજોમાં ગ્રંથાલય, રમતગમત ઇત્યાદિ બાબતોમાં જુદી ફી લેવાતી હોવા છતાં જરૂરી સાધન-સગવડ પૂરાં પાડવામાં આવતાં ન હોય તે કૉલેજોને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તે પૂરાં પાડવા માટે સૂચના આપવી.

વધુમાં આ ફીની આવકજાવકના હિસાબો કૉલેજના મેગેઝીનમાં પ્રસિદ્ધ કરવા માટે તમામ સંલગ્ન કૉલેજોને જણાવવું.

(૯) મોટા ભાગની કૉલેજોની આર્થિક સંકડામણ માટે કૉલેજોની વધતી જતી સંખ્યા જવાબદાર હોઈ પાંચેક વર્ષ સુધી નવી કૉલેજોને સામાન્ય રીતે નવું જોડાણ આપવું જોઈએ નહીં, એ મંતવ્ય સાથે સિન્ડિકેટ સંમત છે.

(૧૦) કૉલેજોનું સંચાલન રજિસ્ટર્ડ ટ્રસ્ટોને બદલે રજિસ્ટર્ડ સોસાયટીઓ દ્વારા થવું જોઈએ, એ ભલામણ સ્વીકારવી.

(૧૧) કૉલેજો તરફથી ફી વધારાની માગણીઓ બરાબર તપાસી શકાય તે માટે ઓછામાં ઓછા ૬ માસ પહેલાં તે માગણીઓ યુનિવર્સિટી કાર્યાલયને મળે તે આવશ્યક ગણવું.

૪. કોઈ સંલગ્ન કૉલેજ કે તેનો વિભાગ બંધ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે છૂટા થનાર શિક્ષકોને ઑર્ડિ. ૧૨૦-ડી લાગુ પાડવાને બદલે શી વ્યવસ્થા કરવી તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮ તથા ૨૫-૪-૧૯૭૧ની સભામાં નિયુક્ત કરેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. શ્રી બાલાભાઈ કામોદરદાસ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદના જૂન, ૧૯૭૧થી બંધ થતા વિજ્ઞાન વિભાગ અંગે મજકૂર કૉલેજના શિક્ષકો તરફથી તા. ૫-૫-૧૯૭૧ના રોજ આવેલ અરજી પર સિન્ડિકેટે તેની તા. ૬-૫-૧૯૭૧ની સભામાં નીમેલ તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ સમિતિની નિમણૂક થયા બાદ 'શિક્ષક સમાજ' તરફથી વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનના મૅનેજિંગ ટ્રસ્ટીને એક પત્ર લખેલો તેના અનુસંધાનમાં તે ટ્રસ્ટે નવી સાયન્સ કૉલેજ શરૂ કરવા તત્પરતા બતાવી છે. મજકૂર તપાસસમિતિએ આ અંગે પણ તપાસ કરેલ છે અને તે અંગેના મુદ્દાઓ અહેવાલમાં આવરી લેવામાં આવ્યા છે.]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવતાં બી. ડી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સનો વિજ્ઞાન વિભાગ બંધ કરવાના તેના સંચાલકોના નિર્ણય પરથી ઊભી થયેલી પરિસ્થિતિમાં તે પ્રશ્ન અંગે અવિધિસર રીતે જુદે જુદે તબક્કે જે કાર્યવાહી હાથ ધરાઈ હતી તેનો કુલપતિશ્રીએ સભાગૃહને મૌખિક ખ્યાલ આપ્યો. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

> બી. ડી. કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સનો વિજ્ઞાન વિભાગ બંધ કરવાના તેના સંચાલકોના નિર્ણયના સંદર્ભમાં તે અંગેની વિશિષ્ટ પરિસ્થિતિ લક્ષમાં લઈને, જો વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ માટે જુદી કૉલેજ થઈ શકતી હોય તો તે અંગેની વિગતો તપાસીને તે દિશામાં ઘટતી અનુકૂળતા કરી આપવાનું વલણ આ સભાગૃહ ધરાવે છે, અને તે અંગે યથાસમયે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપે છે.

૬. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં ફ્રેન્ચ વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી શ્રીમતી એ. એસ. કક્કર દ્વારા શિક્ષણકાર્ય કરાવવાની પરવાનગી માગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૬-૫-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રીમતી એ. એસ. કક્કર બી.એ.ની પદવી ફ્રેન્ચ વિષય સાથે બીજા વર્ગમાં ધરાવે છે, તથા Alliance Francis, Bombay દ્વારા અપાયેલ ફ્રેંચ વિષયનો ડિપ્લોમા ધરાવે છે.

(૨) શ્રીમતી એ. એસ. કક્કરને સિન્ડિકેટની તા. ૬-૩-૧૯૭૧ની સભામાં માત્ર એક સત્ર પૂરતું કામ કરવાની પરવાનગી આપવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ૧૯૭૧-૭૨ના વર્ષ દરમ્યાન શ્રીમતી એ. એસ. કક્કર દ્વારા ફ્રેન્ચનું શિક્ષણકાર્ય કરાવવા માટે અપવાદ તરીકે પરવાનગી આપવી, અને તે કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૨થી યોગ્ય લાયકાત ધરાવતા ફ્રેંચના લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૭. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં શિક્ષકોની નિમણૂકો મ્યુનિસિપલ કૉર્પોરેશનના નિયમો મુજબ થતી હોઈ તે સંસ્થાને ઍા. ૧૨૦-ડીના પરિપાલનમાંથી મુક્તિ આપવાની સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાને લાગુ પડતા અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સેવકોની સેવાની શરતો અંગેના નિયમોની નકલ મગાવીને આ બાબત આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૮. સિન્ડિકેટે તેની તા. ૬-૬-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેની તપાસ-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો ગ્રંથાલય તથા ભવનોના કામકાજના ભારણ અંગે નીમેલી વર્કલોડ સમિતિની તા. ૨૯-૩-૧૯૭૧ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક્સ ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદને જૂન ૧૯૭૧થી માન્યતા આપવા માટે સિન્ડિકેટે મૂકેલ શરતના પરિપાલન અંગે આવેલા અહેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તા. ૧-૩-૧૯૭૧થી ગુજરાત રાજ્ય સરકારે સુધારેલા મોંઘવારી ભથ્થાના દરોનો અમલ તા. ૧-૪-૧૯૭૧થી કરવાનો રહે તે અંગે સંસ્થાને જાણ કરી છે.
(૨) ઘરભાડા ભથ્થું સરકારી નિયમો મુજબ અપાય છે, પરંતુ યુનિવર્સિટીએ નક્કી કરેલ ઘરભાડા કરતાં વધુ છે.
(૩) યુનિવર્સિટીના પ્રોવિડંટ ફંડના નિયમો અને આ નિયમોમાં કેટલોક ફરક છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક્સ ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદને તા. ૧૫મી જૂન ૧૯૭૧થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધી એક વર્ષ માટે અર્થશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી.ની પદવી માટેનાં સંશોધનકાર્ય માટે માન્ય કરવી.

વધુમાં સદરહુ ઇન્સ્ટિટ્યૂટને જણાવવું કે સદરહુ સંસ્થાના પ્રોવિડંટ ફંડ અંગેના નિયમો યુનિવર્સિટીએ તેની સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને માટે મંજૂર કરેલા પ્રોવિડંટ ફંડ અંગેના નિયમો કરતાં ઓછા લાભકારક હોવા જોઈએ નહીં, અને તેથી તેમાં ઘટતો સુધારો કરવા માટે ત્વરિત પગલાં લેવા માટે સદરહુ ઇન્સ્ટિટ્યૂટને જણાવવું.

૧૧. 'Corrosion of Copper and its Alloys' એ વિષય પર તા. ૨૯/૩૦ ઑક્ટોબર ૧૯૭૧ના રોજ મળનાર સિમ્પોઝિયમ માટે યુનિવર્સિટી તરફથી રૂ. ૧,૦૦૦નો ફાળો આપવા અંગે રસાયણ વિભાગના પ્રા. ડૉ. એ. એમ. ત્રિવેદીના પ્રસ્તાવ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સિમ્પોઝિયમ યોજવા માટે આ યુનિવર્સિટી તરફથી રૂ. ૧,૦૦૦(રૂપિયા એક હજાર)ની આર્થિક સહાય ઇન્ડિયન કૉપર ઇન્ફર્મેશન સેન્ટર, કલકત્તાને આપવી.

૧૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષા દરમ્યાન સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાની પરીક્ષામાં નિમાયેલ ત્રણ પરીક્ષકોને અપવાદ તરીકે હવાઈ પ્રવાસ કરવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

[**નોંધ.**— (૧) ડૉ. ડી. આર. શાહ (ઉદેપુર)
(૨) ડૉ. આર. જી. બદુ (બેંગલોર)
(૩) એ. બી. મોદી (મુંબઈ).]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૩. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કોલેજોમાં કાર્ય કરતા વ્યાયામ-શિક્ષકોના પગારધોરણ અંગે રાજ્ય સરકારના તા. ૩૦-૩-૧૯૭૧ના સરકારી ઠરાવ ક્રમાંક એલઆઇએસ-૧૦૬૮-ખ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં વ્યાયામશિક્ષકો માટે રૂ. ૨૫૦-૧૫-૪૦૦નું પગારધોરણ સુધાર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જે વ્યાયામશિક્ષકો શારીરિક શિક્ષણના વિષયમાં માન્ય યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી કે ડિપ્લોમા ધરાવતા હોય તેમને માટે રૂ. ૩૦૦-૨૫-૬૦૦નું પગારધોરણ તા. ૧૫મી જૂન ૧૯૭૧થી નિયત કરવું.

૧૪. જૂન-જુલાઈ ૧૯૭૧માં યુ.એસ.એ.માં યોજનાર Cospar Symposiaમાં હાજરી આપવા માટે ડો. કે. એમ. કોટડિયા તરફથી આ અંગેના પ્રવાસ તથા રહેઠાણ માટેના કુલ રૂ. ૧૬,૯૯૫ના ખર્ચના ૫૦ ટકા પ્રમાણે રૂ. ૮,૪૯૮ની આર્થિક સહાય યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ Unassigned ગ્રાન્ટમાંથી તથા યુનિવર્સિટી ફંડમાંથી ફાળવવા માટેના તેઓશ્રીના તા. ૧૧-૫-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગ્રાન્ટની શરતો અનુસાર ભારતમાં પ્રવાસ માટે ફક્ત રેલવેનું પ્રથમ વર્ગનું તથા પરદેશમાં હવાઈ જહાજનું "ઇકોનોમિક ક્લાસ" ભાડાના કુલ ખર્ચના ૫૦ ટકા પ્રમાણેનો ખર્ચ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ અનએસાઈન્ડ ગ્રાન્ટમાંથી પાડી શકાય. બાકીનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ચાલુ વર્ષ માટે ગ્રાન્ટ હજુ મળી નથી. અગાઉ ૧૯૬૯-૭૦ના વર્ષમાં ઇન્ટરનેશનલ ગ્રાસલેન્ડ કોંગ્રેસમાં ઑસ્ટ્રેલિયા ખાતે જવાનો ખર્ચ આપવાની ડો. એસ.સી. પાન્ડેની વિનંતી સિન્ડિકેટે તેની તા. ૮-૨-૧૯૬૯ની સભામાં માન્ય કરી ન હતી, તેમ જ સને ૧૯૭૦-૭૧માં (મે ૧૯૭૦) "Solar Terrestrial Physics"ના સિમ્પોઝિયમમાં લેનીનગ્રેડ જવાનો ખર્ચ આપવાની ડો. કોટડિયાની વિનંતી કુલપતિશ્રીએ માન્ય કરી ન હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** સિમ્પોઝિયમમાં ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે હાજરી આપવા માટે ડૉ. કે. એમ. કોટડિયાને પરવાનગી આપવી અને તે માટે તેમને તેમના હવાઈ પ્રવાસ માટેના ખર્ચના તથા અમેરિકાના વસવાટ દરમ્યાન તેમના વસવાટ અંગેનો જે માન્ય ખર્ચ થાય તે ખર્ચના ૫૦ ટકા જેટલો ફાળો યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનએસાઈન્ડ ગ્રાન્ટમાંથી આપવો.

૧૫. જુલાઈ પથી ૧૦, ૧૯૭૧ દરમ્યાન કોપનહેગનમાં યોજનાર 'ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑન જનરલ રિલેટિવિટી ઍન્ડ ગ્રેવિટેશન"માં હાજરી આપવા માટેના પ્રવાસ અંગેનું એક વખતનું પ્રવાસ ખર્ચ રૂ. ૩,૦૩૫ થાય તે માટેની ટ્રાવેલ ગ્રાન્ટ મંજૂર કરવા અંગેના ડૉ. પી. સી. વૈદ્યના તા. ૧૪-૫-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. સી. વૈદ્યને સદરહુ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લેવા માટે પરવાનગી આપવી અને તે માટે તેમને તેમના હવાઈ પ્રવાસ અંગેનું એક વખતનું રૂ. ૩,૦૩૫નું પ્રવાસ ખર્ચ યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનએસાઈન્ડ ગ્રાન્ટમાંથી આર્થિક સહાય તરીકે આપવું.

૧૬. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. સી. આર. નાયકને તા. ૧૮-૭-૧૯૭૧ના રોજ ૬૦ વર્ષની ઉંમર પૂરી થતી હોઈ સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮ અને ૨૫-૪-૧૯૭૧ની સભામાં ડૉ. છોટુભાઈ નાયક પાસે તબીબી તપાસ કરાવવાનું ઠરાવેલું તે મુજબ તબીબ ડૉ. છોટુભાઈ નાયકના તા. ૧૦-૫-૧૯૭૧ના તબીબી રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. છોટુભાઈ ર. નાયકની ભાષા-સાહિત્ય ભવનમાં પર્શિયનના રીડર તરીકેની સેવાઓ એક વર્ષ માટે એટલે કે તા. ૧૭-૭-૧૯૭૨ સુધી લંબાવવી.

૧૭. કૉલેજના શિક્ષકો માટે રસાયણવિજ્ઞાનના વિષયોની સને ૧૯૭૧ની ગ્રીષ્મ સંસ્થામાં નીચેના શિક્ષકો-કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા તથા તે માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૭-૪-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકો-કર્મચારીઓનાં નામ	સૂચવેલ વેતન ₹.	મૂળ પગાર ₹.
	ડાયરેક્ટર		
૧	ડૉ. એ. એમ. ત્રિવેદી	૮૦૦-૦૦	૧,૨૦૦-૦૦
	બીજો અકેડેમિક સ્ટાફ		
૨.	ડૉ. આર. કે. શાહ	૪૫૦-૦૦	૮૦૦-૦૦
૩.	ડૉ. જે. પી. ત્રિવેદી	૪૨૫-૦૦	૮૦૦-૦૦
૪.	ડૉ. કે. પી. સોની	૪૨૫-૦૦	૫૨૦-૦૦
૫.	ડૉ આઈ. એમ. ભટ્ટ	૪૨૫-૦૦	૫૨૦-૦૦
૬.	ડૉ. જે. સી. વોરા	૪૨૫-૦૦	૬૪૦-૦૦
૭.	ડૉ. એ. એ. શેખ	૪૨૫-૦૦	૪૦૦-૦૦
૮.	ડૉ. એલ. ડી. ત્રિવેદી	૪૨૫-૦૦	—
	ડેમોન્સ્ટ્રેટર		
૧.	શ્રી. ડી કે. શાહ	૧૫૦-૦૦	—
૨.	શ્રી એસ· યુ. પ્રજ્ઞપતિ	૧૫૦-૦૦	—
૩.	શ્રી. આર. એમ. ઓઝા	૧૫૦-૦૦	—
	સેક્રેટરિયલ એન્ડ ક્લેરિકલ સ્ટાફ		
૧.	શ્રી. જે. બી. શાહ	૧૫૦-૦૦	૧૩૨-૦૦
૨	શ્રી એમ. એફ. પરમાર	૧૫૦-૦૦	૧૫૬-૦૦
	શ્રી જે. એન. શાહ	૧૦૦-૦૦	૧૫૦-૦૦
૪.	શ્રી. પી. એ. ભટ્ટ	૧૫૦-૦૦	—
૫.	શ્રી. એ એચ. શાહ (ઑડિટર)	૭૫-૦૦	૧૪૦-૦૦

ક્રમાંક	શિક્ષકો-કર્મચારીઓનાં નામ	સૂચવેલ વેતન	મૂળ પગાર
		₹.	₹.
	આસિસ્ટંટ્સ એન્ડ અધર સ્ટાફ		
૧.	શ્રી. એમ. આર. જાદવ	૭૫-૦૦	૭૫-૦૦
૨.	શ્રી. એ. ડી. ચૌહાણ	૭૫-૦૦	૬૬-૦૦
૩.	શ્રી. એમ. કે. રાઠોડ	૭૫-૦૦	૬૩-૦૦
૪.	શ્રી જી. એન. રાઠોડ	૭૫-૦૦	—
૫.	શ્રી. કરશન ભૂતા	૭૫-૦૦	૫૮-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને સદરહુ કામગીરી કરવા માટે તેમનાં નામ સામે જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૮. યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૭૧થી ચાલુ તથા વધારાના જોડાણના સંદર્ભમાં સેનેટે તેને તા. ૧૯/૨૦/૨૧-૩-૧૯૭૧ની સભામાં શરત ક્રમાંક ૬ નીચે પ્રમાણે ઉમેરવામાં આવી છે તો તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત :

"૬. (૧) શ્રી. ડી. જે. પટેલ, (૨) શ્રી એચ. એમ. પટેલ, (૩) શ્રી. બી. એમ. શુકલ અંગે ઉપસ્થિત થયેલ બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને, યુનિવર્સિટી સિન્ડિકેટના ધ્યાન પર લાવી સિન્ડિકેટની સૂચના મુજબ કૉલેજ વર્તશે તેવી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧ અને તા. ૨૭/૨૮ માર્ચ ૧૯૭૧ની સભામાં સદરહુ કૉલેજોના જોડાણ અંગે ઉમેરેલી શરત નં. ૬માં દર્શાવેલ શિક્ષકોના કાયમી કર્મચારીઓ તરીકેના બધા હક્કો અબાધિત રહે તે રીતે તેમની નોકરીનું સાતત્ય ચાલુ રહેશે એવી બાંયધરી આવ્યેથી તથા સેનેટે મૂકેલી અન્ય શરતોના યથાર્થ પરિપાલનની ખાતરી મળ્યે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે તેમ તે કૉલેજને જણાવવું.

૧૯. સિન્ડિકેટની તા. ૧૭/૧૮ અને ૨૫-૪-૧૯૭૧ની સભાના કામકાજ ક્રમાંક ૨૮(અ)માં 'આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૬-૩-૧૯૭૧ની સભામાં બાબત નં. ૧૦૧ પર જે ઠરાવ કર્યો હતો તે રદ ગણવો' છપાયેલ છે તેને બદલે કામકાજ ક્રમાંક ૧૦૧, તા. ૬-૩-૧૯૭૧માં 'સમિતિની તા. ૪-૩-૧૯૭૧ની સભાની ભલામણ નં. ૨ મંજૂર થયેલ તે રદ કરવા' તથા બાબત ક્રમાંક ૨૮(બ)માં '₹. ૪૦૦-૪૦-૧,૦૦૦' વંચાય છે તે છાપભૂલ હોઈ તેને બદલે તે '₹. ૭૦૦-૪૦-૧,૧૦૦' વંચાય તે પ્રમાણે છાપભૂલ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ છાપભૂલો ઉપર મુજબ સુધારવી.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. શરદ પટેલને રૂ. ૧૮૮ હેઠળ મકાન બાંધકામ માટે ₹. ૨,૮૦૦નો લોન આપવા માટે તેઓની તા. ૧૦-૫-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં તેમના ખાતે કુલ્લે રૂ. ૨,૮૦૨ જમા છે તથા અગાઉની પ્રોવિડંટ ફંડની લોનના રૂ. ૮૩૨ની રકમ લેવાની બાકી નીકળે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. શરદ એમ. પટેલને સ્ટે. ૧૮૮ હેઠળ રૂ. ૨,૮૦૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયમાં સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮ અને ૨૫-૪-૧૯૭૧ની સભામાં કોચની બે કાયમી જગાઓ ઊભી કરી હોઈ કોચની હંગામી જગાએ કામ કરતા સર્વશ્રી નિહાલસિંગ બેનીવાલ તથા જલાવરસિંગ ગ્રેવાલનો આ કાયમી જગ્યા પર મૂળ માસિક પગાર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— આ બન્ને સભ્યોને તા. ૨-૪-૧૯૭૦થી રૂ. ૩૦૦ મૂળ માસિક પગાર તથા રૂ. ૭૦ પર્સનલ પે (જેને ભવિષ્યના પગારવધારામાં absort કરવા અને મર્જર મોંઘવારી ભથ્થું આપીએ છીએ અને તેમના પગારવધારાની તા. ૨-૪-૧૯૭૧ છે તે મુજબ આ તારીખે તેમનં મૂળ માસિક પગાર રૂ. ૩૧૦ તથા રૂ. ૬૦ પર્સનલ પે થાય.]

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી નિહાલસિંગ બેનીવાલ તથા જલાવરસિંગ ગ્રેવાલને તા. ૨-૪-૧૯૭૦ થી રૂ. ૩૦૦ના મૂળ માસિક પગાર ઉપર નીમ્યા છે, તો તેમની હવે પછી નિયમ મુજબ તેમનાં પગારધોરણોમાં વાર્ષિક ઇજાફા આપવા અને તે તેમને આપવામાં આવેલા રૂ. ૭૦-૦૦ના અંગત પગાર (personal pay)માં સમાવી લેવાનું (merged કરવાનું) રાખવું નહીં.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્ર વિભાગના નીચેના શિક્ષકોને નીચે જણાવેલ ગ્રીષ્મ સંસ્થાઓમાં વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૨૬-૪-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકોનાં નામ	મૂળ પગાર	સ્કૂલ ટીચર્સ ઈન્સ્ટિ. તથા વેતનની રકમ	ટેલેન્ટલ સ્ટુડન્ટ્સ ઈન્સ્ટિ. તથા વેતનની રકમ
૧.	પ્રો. પી. સી. વૈદ્ય	૧,૪૮૦	ડાયરેક્ટર, રૂ. ૮૦૦	ઇન્સ્ટ્રક્ટર, કશું નહીં
૨.	શ્રી. એચ એન. રાવલ	૧,૦૫૦	ઇન્સ્ટ્રક્ટર, કશું નહીં	ડાયરેક્ટર. રૂ. ૮૦૦
૩.	શ્રી. ડી. એસ. બસન	૯૫૦	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૧૨૫	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૫૦૦
૪.	શ્રી. એ. એમ. વૈદ્ય	૮૦૦	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૫૦૦	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૧૨૫
૫.	શ્રી. આઈ. એચ શેઠ	૫૬૦	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૧૨૫	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૫૦૦
૬.	શ્રી. એલ. કે. પટેલ	૪૦૦	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૧૨૫	ઇન્સ્ટ્રક્ટર, રૂ. ૫૦૦

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યોને સદરહુ કામગીરી કરવા માટે તેમનાં નામ સામે જણાવેલ રકમ વધારાના ભથ્થા તરીકે સ્વીકારવા માટે પરવાનગી આપવી.

દર્શાવતા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આવેલ તા. ૬-૫-૧૯૭૧ના પત્ર ક્રમાંક ૧૧૬૮-૨૬૬૭૧-ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં બાબત નં. ૪ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે સોંપવી.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રોફેસર એન્ડ હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ ઑફ ઝૂલોજીના શ્રી. વી. સી. શાહને કોઢના રોગ અંગેના સંશોધન માટે ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમી, ન્યૂ દિલ્હી તરફથી તેમના તા. ૨૫-૪-૧૯૭૧ના પત્રાંક ૩૧-બીએસ-૧૧૧-પીએફ-૭૦/૨૨૬૪ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે તે સ્વીકારવા કુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. નીચેની સંલગ્ન કૉલેજોના ચાલુ-વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૫. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૬. સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૭. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મેાડાસા
૮. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૯. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત
૧૦. પારેખ વ્રજલાલ સાયન્સ કૉલેજ, કપડવંજ
૧૧. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨. સરકારી દંત મહાવિદ્યાલય, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૬. સેનેટે તેની તા. ૧૯/૨૦/૨૧ અને તા. ૨૭/૨૮-૩-૧૯૭૧ની સભામાં સંલગ્ન કૉલેજોના ચાલુ-વધારાના વિભાગીકરણના વિભાગીકરણ અને વિદ્યાશાખાના જોડાણના

જોડાણ માટે ભલામણ કરી છે, જ્યારે ૫૨ સંલગ્ન કૉલેજોના/નવી કૉલેજોના જોડાણ માટે અરજી કરનાર સંસ્થાઓના અહેવાલો અંગે કાર્યવાહી ચાલુ છે.

(૨) ૨૧ સંલગ્ન કૉલેજો/નવી કૉલેજોના જોડાણ માટે અરજી કરનાર સંસ્થાઓ તરફથી શરતોના પરિપાલન અંગે હજુ સુધી અહેવાલ આવ્યા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જોડાણની શરતોનું ત્વરિત પરિપાલન કરવા માટે તાકીદ આપવી અને તે પરિપાલન થયાની જાણ મોડામાં મોડી તા. ૩૦-૫-૧૯૭૧ સુધીમાં કરવા માટે જણાવવું.

નીચેની બે બાબતો નં. ૨૭ અને ૨૮ પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

૨૭. Ionospheric Absorption of Radio Wavesના સંશોધન પ્રોજેક્ટ માટે GDR ઇક્વિપમેન્ટ અંગે ટ્રાન્સપોર્ટ ક્લીયરન્સ વગેરેના ખર્ચના રૂ. ૧,૫૦૦ના ખર્ચ તથા તે અંગે આશરે રૂ. ૧૭,૦૦૦ના આવર્તક ખર્ચની મંજૂરી માટે તથા તે અંગે જરૂરી બાંયધરી આપવા બાબત વિજ્ઞાન વિદ્યાભવનના તા. ૧૯-૫-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા માટે.

(**નોંધ.**—GDR તરફથી યુનિવર્સિટીને ઉપરોક્ત ઇક્વિપમેન્ટ પ્રદાનમાં મળનાર છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિજ્ઞાન વિદ્યાભવનના તા. ૧૯-૫-૧૯૭૧ના પત્રમાં જણાવ્યા મુજબની બાંયધરી લખી આપવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

૨૮. યુનિવર્સિટીમાં પોતાની નોકરીની સાથે સાથે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી એક કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક તરીકે કામ કરવા માટે તથા તે માટેનું યુનિવર્સિટીએ નિયત કરેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવા માટેની સર્વશ્રી ડી. એન. પંચાસરા, સિનિયર કલાર્ક, તથા એસ. ડી. ભટ્ટ, સિનિયર કલાર્કની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૧-૭૨ના વર્ષમાં સર્વશ્રી ડી. એન. પંચાસરા અને એસ. ડી. ભટ્ટને તેમની યુનિવર્સિટીની નોકરીની સાથે સાથે કોઈ એક સંલગ્ન કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક (Part-time Lecturer) તરીકેની કામગીરી કરવા માટે તથા તે માટે માસિક રૂ. ૧૫૦નું વેતન સ્વીકારવા માટે એક વર્ષ માટે પરવાનગી આપવી, અને તેમને જણાવવું કે આ પરવાનગી એક વર્ષ પૂરું થયા પછી ચાલુ રાખવામાં આવશે નહીં.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ./ ૭૭૭૨ / ૧૯૭૧

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૨૯, ૧૯૭૧.

કં. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની મે માસની વિશેષ સભા, શનિવાર, તા. ૨૯-૫-૧૯૭૧ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૫-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	કુ. સાવિત્રીબહેન વિશ્વનાથ ભટ્ટ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	શ્રી. બદુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૪.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૮.	શ્રી. ધ્રુવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. સત્યેંદ્ર કાળિદાસ ઝવેરી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	ગેરહાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેંદ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

૧. (અ) તા. ૬-૫-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૬-૫-૧૯૭૧ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(બ) તા. ૧૯-૫-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની વિશેષ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૯-૫-૧૯૭૧ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોને જે દરે યુનિવર્સિટી એન. આર. એસ. હૉલ ભાડે આપીએ છીએ તે જ રાહત (concessions)ના દરે એટલે કે રોજના રૂ. ૧૫-૦૦ (રૂ. ૧૦-૦૦ દૈનિક ભાડું અને રૂ. ૫-૦૦ ઇલેક્ટ્રિક ચાર્જના) લેખે, તા. ૩-૫-૧૯૭૧થી તા. ૨૩-૫-૧૯૭૧ માટે ગુજરાત રાજ્ય સ્પોર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટને ટેબલ-ટેનિસના ઇન્ટર્નિસ્ય કૅચિંગ કૅમ્પ માટે ભાડે આપ્યાના;

(૨) પ્રી-યુનિ. વાણિજ્યના એલિમેન્ટરી એકાઉન્ટન્સીના નવા અભ્યાસક્રમમાંથી નીચેની નોંધ ક્રમાંક (૩) રદ કરી સંબંધકર્તા રેગ્યુ. પ્રી-કૉમર્સ ૨ માં સુધારો કર્યાના:

Note : (3) Four lectures per week should be given for teaching of this paper in adcition to tutorial periods;

(૩) પ્રી-યુનિ. વાણિજ્યનો એલિમેન્ટરી બિઝનેસ મૅથેમેટિકસનો ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબનો અભ્યાસક્રમ મંજૂર કરીને સંબંધકર્તા રેગ્યુ. પ્રી-કૉમર્સ ૨ માં સુધારો કરી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકયાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. ઑકટોબર ૧૯૭૦માં આપણી યુનિવર્સિટીની એમ.ડી.એસ., ભાગ ૨ની "ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રી" વિષયની પરીક્ષાનું ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઇન્સ્પેકટરોએ ઇન્સ્પેકશન કરેલ તે આધારે સદરહુ પરીક્ષાના અભ્યાસક્રમને માન્યતા આપ્યા અંગેના ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરીના તા. ૨૭-૪-૧૯૭૧ના જાહેરનામાની તેમ જ તા. ૭-૫-૧૯૭૧ના પત્રાંક ડીઇ-૧૫(૮)/૭૧-૮૦૦ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. ગાંધી જન્મશતાબ્દી વર્ષના કાર્યક્રમમાં શિક્ષકો માટે "ગુજરાતના પ્રજાજીવનના સર્વતોમુખી વિકાસ પર ગાંધીજીના જીવન અને કાર્યની અસર" એ વિષય પર યોજવામાં

આવેલ નિબંધ હરીફાઈના નીચે મુજબ જાહેર કરવામાં આવેલ પરિણામની નોંધ લેવા બાબત :

	શિક્ષકનું નામ	કૉલેજનું નામ	ઈનામની રકમ
પ્રથમ ઇનામ	શ્રી. રઘુવીર ચૌધરી	બી. ડી કૉલેજ, અમદાવાદ.	રૂ. ૧૦૦૦-૦૦
દ્વિતીય ઇનામ	શ્રી. હીરુભાઈ ભટ્ટ	બ્રહ્મચારી-વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	રૂ. ૫૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. "Documentation Research and Training Centre" આયોજિત નવમો વાર્ષિક પરિસંવાદ, બેંગલોર મુકામે તા. ૧૫ થી ૧૯ ડિસેંબર, ૧૯૭૧ દરમિયાન યોજનાર હોઈ તેમાં ભાગ લેવા યુનિવર્સિટી તરફથી કોઈ પ્રતિનિધિને મોકલવા અંગે યુનિવર્સિટીના ગ્રંથપાલશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ગ્રંથપાલ શ્રી પી. એફ. પટેલને મોકલવા.

૬. કુલાધિપતિશ્રીના નિર્ણયના સંદર્ભમાં ઑર્ડિનન્સ ૧૨૦-બી અંગે પુનર્વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આચાર્યમંડળ તરફથી કુલાધિપતિ શ્રી. શ્રીમન્નારાયણજીને લખવામાં આવેલા તા. ૧૭-૫-૧૯૭૧ના પત્રની નકલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, ઑર્ડિ. ૧૨૦-બીમાંથી નીચેની જોગવાઈ (provision) રદ કરવી અને આ સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બીને તાત્કાલિક અમલમાં મૂકવો :

"Notwithstanding anything contained above no college shall admit more than 1500 students during the year 1971-72."

૭. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૩-૧-૧૯૭૧ની સભાની નીચેની ભલામણો નં. ૧૫ અને ૧૬ (જેની વિચારણા અગાઉ મોકૂફ રહી હતી તે) પર વિચારણા કરવા બાબત :

બાબત નં ૧૫

સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૭-૧-૧૯૭૧ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કૉલેજના શિક્ષકોનાં પગારધોરણ તા. ૧-૪-૧૯૬૬થી સુધાર્યાં છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી ભવનોના કેટલાક શિક્ષકો તા. ૧-૪-૧૯૬૬ પછી

જોડાયા હોય તેઓ જો કૉલેજોમાં ચાલુ રહ્યા હોય તો તેઓને યુનિવર્સિટીમાં તેમની નિમણૂક વખતે જે પગાર તથા બીજાં ભથ્થાં આપેલાં હતાં તેથી વધુ કુલ પગાર કૉલેજમાં મળતો હોત તો તે અંગે વિચારણા કરવા બાબત"

ભલામણ

ભવનોમાં જોડાયેલા શિક્ષકોના કેસો તપાસ્યા, ત્યાર બાદ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેનો શરૂઆતનો મૂળ પગાર આપવો :

ક્રમાંક	નામ	યુનિવર્સિટીમાં જોડાયા તારીખ	શરૂઆતમાં આપવામાં આવતો મૂળ પગાર રૂ.	સૂચિત શરૂઆતનો મૂળ પગાર રૂ.
૧.	શ્રી. આર. એલ. રાવલ	૧૬-૬-૧૯૬૯	૫૨૦	૫૬૦
૨.	શ્રી. પી. કે. દવે	૧૫-૬-૧૯૭૦	૪૦૦	૪૮૦
૩.	શ્રી. ડી. બી. દેસાઈ	૧૫-૬-૧૯૭૦	૪૦૦	૪૮૦
૪.	શ્રી. એચ. વી. સુથાર	૧૫-૬-૧૯૭૦	૪૦૦	૪૮૦
૫.	શ્રી. વાય. ડી. વ્યાસ	૧૫-૧૧-૧૯૬૯	૪૦૦	૪૮૦
૬.	શ્રી. બી. એસ. પટેલ	૧૬-૬-૧૯૬૯	૪૦૦	૪૮૦
૭.	શ્રી. બી. એમ. સિંગ	૧-૧૨-૧૯૬૭	૫૨૦	૫૬૦
૮.	શ્રી. એલ. કે. પટેલ	૧૫-૬-૧૯૭૦	૪૦૦	૪૪૦.

બાબત નં. ૧૬

સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૨-૧૯૭૧ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"પ્રોફેસરોની જગ્યાનો સિનિયર સ્કેલ રૂ. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ આપવા અંગની અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. કે. આર. ચંદ્રશેખરનની તારીખ ૧૪-૮-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના સ્ટે. ૧૦૪ પ્રમાણે પ્રોફેસરની જગ્યાનું પગારધોરણ રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦નું છે, પણ ચોથી પંચવર્ષીય યોજનાના સ્કેલ મંજૂર કર્યા અંગેના ગુજરાત રાજ્ય સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના પત્રમાં નિર્દેશ કરેલ છે કે કુલ પ્રોફેસરોની સંખ્યાના ૧/૩ ભાગના પ્રોફેસરોને રૂ. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ના સિનિયર સ્કેલમાં નીમી શકાય. હાલ આપણી યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં કુલ્લે ૧૦ પ્રોફેસરો કામ કરે છે. સિનિયર સ્કેલના અમલ માટે સ્ટે. ૨૦૪ સુધારવાની જરૂર રહે છે.)

ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં રાજ્ય સરકારના ઠરાવ નં. એમ આઈ.એસ. ૧૦૬૮-૨૧૮૩૧-કે. એચ., તા. ૯-૩-૧૯૭૦માં જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટીની સેવામાં હોય તે પ્રોફેસરોની સંખ્યાના ૧/૩ થી વધે નહિ તેટલા પ્રોફેસરોને પ્રોફેસરની જગ્યાના સિનિયર પગારધોરણ રૂ ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦માં રાખવા માટે સ્ટે ૨૦૪માં જરૂરી સુધારો કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૮. સિન્ડિકેટની તા. ૧૭, ૧૮ તથા ૨૫-૪-૧૯૭૧ની તથા તા. ૬-૫-૧૯૭૧ની સભાના ઠરાવ અન્વયે વિજ્ઞાનની કૉલેજોમાં ડેમોન્સ્ટ્રેટર-વિદ્યાર્થીના પ્રમાણ અંગેના તથા તાસની નવેસરથી ગોઠવણી અંગેના યુનિવર્સિટી કાર્યાલયના તા. ૭-૫-૧૯૭૧ તથા તા. ૨૫-૫-૧૯૭૧ના અનુક્રમે પરિપત્રાંક ૦૨૮૫૦ અને ૭૪૨૭થી વિજ્ઞાનની કૉલેજો પર નાણાકીય બોજો વધશે તેવી રજૂઆત કરતા, કેટલીક સ્થાનિક વિજ્ઞાનની કૉલેજોના આચાર્યોના પત્રો પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટે તેની તા. ૧૭, ૧૮ તથા ૨૫-૩-૧૯૭૧ની તથા તા. ૬-૫-૧૯૭૧ની સભામાં લીધેલા નિર્ણયમાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯. બાલાભાઈ દામોદરદાસ કૉલેજનો વિજ્ઞાન વિભાગ બંધ થતાં તેના છૂટા થયેલા શિક્ષકોએ સ્થાપેલ "શિક્ષક સમાજ"ની વિજ્ઞાનની જુદી કૉલેજ સાંકડી શેરીના જ વિસ્તારમાં ચલાવવા માટેની તેમની તા. ૨૯-૫-૧૯૭૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ અરજીની સાથે આવેલ શ્રી બાલાભાઈ દામોદરદાસ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીનો તા. ૧૯-૫-૧૯૭૧નો સંમતિસૂચક પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

આ બાબતના સંદર્ભમાં શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદનો તા. ૨૬-૫-૧૯૭૧નો પત્ર, અમદાવાદ સાયન્સ કૉલેજનો તા. ૨૭-૫-૧૯૭૧નો પત્ર તથા સી. યુ. શાહ સાયન્સ કૉલેજનો તા. ૨૯-૫-૧૯૭૧નો પત્ર—એમ ત્રણ પત્રો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

સદરહુ બાબત પરની ચર્ચાવિચારણા દરમ્યાન કુલપતિશ્રીએ આ પ્રશ્ન અંગે અવિધિસર રીતે થયેલ કાર્યવાહી તથા પરિસ્થિતિનો સભાગૃહને વિગતે ખ્યાલ આપ્યો.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી અને તેનો રિપોર્ટ આવ્યેથી તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે, કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ
૨. ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદી
૩. શ્રી. ઇંદ્રવદન એમ. મોદી
૪. આચાર્ય કે. એન. શાહ.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૭૯૭૦/૧૯૭૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૩૧, ૧૯૭૧.

કે. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૯.

ગુ.યુ.પ્રેસ. ૨૨૮-૪૫૦-૬-૭૧

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જૂન માસની વિશેષ સભા, મંગળવાર, તા. ૧-૬-૧૯૭૧ના રોજ બપોરના ૪-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧-૬-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. ઇંદ્રવદન વસાવડા, સંયુક્ત શિક્ષણનિયામક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૮.	શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. સત્યેંદ્રભાઈ કાળિદાસ ઝવેરી	હાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૭.	આચાર્ય મહેંદ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

૧. તા. ૨૯-૫-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની તાકીદની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૯-૫-૧૯૭૧ના રોજ મળેલી સિન્ડિકેટની તાકીદની સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકારીને જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય
૧.	શ્રી. કે. એફ. પટેલ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન
૨.	શ્રી. એમ. જે. મહેતા	વિજ્ઞાન--રસાયણવિજ્ઞાન
૩.	શ્રી. વાય. ડી. જયકારિયા	વિજ્ઞાન--વનસ્પતિશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હૉસ્પિટલ, મોડાસાને જે બે વિદ્યાર્થીઓને ગાયનેકોલોજી માટે તથા એક વિદ્યાર્થીને મેડિસિન માટે મોકલવા ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર માન્યતા આપી છે તેને સર્જરી માટે વધારાની માન્યતા આપવા અંગે હૉસ્પિટલના ચીફ મેડિકલ ઑફિસર તરફથી તારીખ ૭-૪-૧૯૭૧ના પત્રથી આપેલી માહિતી ઉપરથી તપાસસમિતિના સિનિયર સભ્ય ડૉ. જે. બી. હરિભક્તિની ભલામણ અનુસાર એક વિદ્યાર્થીને ઇન્ટર્નીઁ તરીકે મોકલવા માન્યતા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હૉસ્પિટલ, મોડાસા, તેને ગાયનેકોલોજી તથા મેડિસિન માટે ઇન્ટર્નશિપ માટે માન્યતા આપવામાં આવી છે તે ઉપરાંત સર્જરી માટે પણ એક વિદ્યાર્થીની ઇન્ટર્નશિપ માટે માન્ય કરવી.

૪. ગાંધી એન. આર. સાર્વજનિક હૉસ્પિટલ અને ઉજમબા હાથીચંદ ઘેલદાસ પ્રસૂતિગૃહ, તલોદને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટની તારીખ ૨૧-૧-૧૯૭૦ની સભાએ નીમેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"I recommend the approval of Talod Hospital for two interns on surgical side."

(નોંધ.—તપાસસમિતિના બે સભ્યો પૈકી ડૉ. જે. બી. હરિભક્તિ તપાસ માટે જઈ શકયા નહોતા તેથી બીજા સભ્ય ડૉ. આર. એલ. વાદીએ ઉપર મુજબ અહેવાલ આપ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગાંધી એન આર. સાર્વજનિક હૉસ્પિટલ અને ઉજમબા હાથીચંદ ઘેલદાસ પ્રસૂતિગૃહ, તલોદને સર્જરી માટે બે વિદ્યાર્થીઓની ઇન્ટર્નશિપ માટે માન્યતા આપવી.

૫. **"Role Functions Programme and Organisations of the ICSSR" વિષય પરત્વેના સમાજવિદ્યા ભવન ખાતે યોજાયેલા પરિસંવાદ માટે વધારાની સેવાઓ આપી છે તે માટેનું મહેનતાણું સ્વીકારવા માટે નીચે જણાવેલ યુનિવર્સિટી કર્મચારીઓને પરવાનગી આપવા સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૦-૫-૧૯૭૧ના પત્ર ક્રમાંક ૩૧૮ પર વિચારણા કરવા બાબત :**

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	હોદ્દો	મહેનતાણાની રકમ રૂપિયા	હાલ મળતો મૂળ પગાર રૂપિયા
૧.	શ્રી. ટી. એ. ભાસ્કર	સ્ટેનોગ્રાફર	૫૦	૨૯૦
૨.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચયન	ક્લાર્ક	૫૦	૧૪૮
૩.	શ્રી. એસ. એન. શાહ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૩૦	૯૫
૪.	શ્રી. સી. કે. વાઘેલા	પટાવાળા	૫	૬૬
૫.	શ્રી. આઈ. એ. વાઘેલા	,,	૫	૬૬
૬.	શ્રી. એસ. કે. વાઘેલા	,,	૫	૬૩
૭.	શ્રી. કે. પી. રોડિયા	,,	૫	૬૬
૮.	શ્રી. કે. ડી. વાઘેલા	,,	૫	૫૪
૯.	શ્રી. એન. ડી. વાઘેલા	,,	૫	ટેમ્પરરી જગ્યા પર
૧૦.	શ્રી. કે. એસ. સોલંકી	,,	૫	હતા. તા. ૧૫-૩-૭૧
૧૧.	શ્રી. આર. એલ. વલાંદા	,,	૫	થી છૂટા કર્યા છે.
૧૨.	શ્રી. એફ. એન. પરમાર	સફાઈ કામદાર	૫	૬૯
			કુલ રૂ.	૧૭૫

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યોને સદરહુ કામગીરી માટે તેમના નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૬. સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની તા. ૧૫-૪-૧૯૭૧ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૧૫-૪-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૧૫-૪-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૭. જૂન ૧૪ થી ૧૯, ૧૯૭૧ દરમિયાન બેંગલોર મુકામે મળનાર "ફર્સ્ટ એશિયન કોંગ્રેસ ઓન ટીચર એજ્યુકેશન" અધિવેશનમાં કુલ બે પ્રતિનિધિઓ મોકલવાના હોઈ બીજા પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

(સિન્ડિકેટે અગાઉ ડૉ. કે. જી. દેસાઈની પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી છે.)

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના પત્ર તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. જી. દેસાઈને મોકલવા માટે સિન્ડિકેટની તા. ૧૭/૧૮/૨૫-૪-૧૯૭૧ની સભામાં ઠરાવ્યું છે તેમાં ફેરફાર કરીને ડૉ. કે. જી. દેસાઈને મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના પ્રતિનિધિ તરીકે સદરહુ અધિવેશનમાં હાજરી આપવા માટે જણાવવું; અને આચાર્ય ડી. એમ. ભાવસારને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૮. યુનિવર્સિટી સાથેની સંલગ્ન ફાર્મસી અને ઈજનેરી કૉલેજોમાં કાર્ય કરતાં નોન ટેકનિકલ ટીચિંગ સ્ટાફના શિક્ષકોને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સુધારવામાં આવેલા પગારધોરણમાં સમાવી લેવામાં આવ્યા છે એમ જણાવતા શિક્ષણનિયામકશ્રીના તા. ૨૦-૫-૧૯૭૧ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. નીચેની સંલગ્ન કૉલેજો/નવી કૉલેજોના જોડાણ માટે અરજી કરનાર સંસ્થાઓ તરફથી શરતોના પરિપાલનના અહેવાલ હજુ સુધી આવ્યા નથી તે અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.- સિન્ડિકેટે તેની તા. ૧૯-૫-૧૯૭૧ની સભામાં શરતોના પરિપાલનનો અહેવાલ મોકલવા તા. ૩૧-૫-૧૯૭૧ની મુદત આપી છે.)

(૧) આર્ટ્સ કૉલેજ, સંખેડા

(૨) ગુજરાત કૉલેજ, અમદાવાદ

(નોંધ.—આ અંગે શિક્ષણનિયામકશ્રીને પત્ર લખેલ છે જેની નકલ કાર્યાલયને મોકલી છે.)

(૩) આર. આર. લાલન કૉલેજ, ભૂજ

(નોંધ.—આ અંગે શિક્ષણનિયામકશ્રીને પત્ર લખેલ છે જેની નકલ કાર્યાલયને મોકલી છે.)

(૪) પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા

(૫) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલડી, અમદાવાદ-૭

(૬) શેઠ એચ. પી આર્ટ્સ ઍન્ડ તલોદ એસ. એમ. કૉલેજ, તલોદ

(૭) શ્રી. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા

(૮) સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

(૯) શ્રી. એલ. એચ સાયન્સ કૉલેજ, માણસા

(૧૦) સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર

(૧૧) શ્રી સી વી. શાહ લૉ કૉલેજ, ખંભાત

(૧૨) શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત

(૧૩) શ્રી. ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ તરફથી સહજનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ તરફથી નવી વિજ્ઞાનની કૉલેજ.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજોએ હજુ સુધી જોડાણની શરતોના પરિપાલનનો હેવાલ મોકલ્યો નથી, તે કૉલેજોના આચાર્યોને તાર કરીને જણાવવું કે, જોડાણની શરતોનું પરિપાલન થાય નહીં ત્યાં સુધી સંબંધકર્તા વિષય/વિષયોના અભ્યાસ માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહીં.

આ સંબંધમાં યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈએ જોડાણ અંગેની શરત નં. ૬નું પરિપાલન હજુ સુધી કર્યું નથી તે બાબત કેટલાક સભ્યોની સૂચનાથી સભાગૃહ સમક્ષ ચર્ચાવિચારણા માટે રજૂ થઈ તે અંગે ઠરાવવામાં આવ્યું કે—

(ખ) સદરહુ કૉલેજને તારથી જણાવવું કે, છૂટા કરવામાં આવેલા શિક્ષકોને કૉલેજની સેવામાં તેમના તમામ હક્કોને અબાધિત રાખીને પૂર્વવત્ કૉલેજની સેવામાં ચાલુ રાખવા અંગેની શરત સહિત જોડાણની તમામ શરતોનું પરિપાલન કરવામાં આવે નહિ ત્યાં સુધી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહીં.

(ગ) આ સંદર્ભમાં કેટલાક સભ્યોની સૂચનાથી પાટણના છૂટા કરવામાં આવેલા શિક્ષકોનો પ્રશ્ન પણ ચર્ચાવિચારણા માટે રજૂ કરવામાં આવ્યો. તે અંગે ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત અંગે કૉલેજના સંચાલકોનો સંપર્ક સાધીને આ બાબતનો સંતોષકારક નિકાલ થાય તે માટે પ્રયાસો કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. એસ. પંડિત

(૨) ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદી

(૩) શ્રી. સત્યેન્દ્રભાઈ કાળિદાસ ઝવેરી.

૧૦ બી. ડી. કૉલેજ, અમદાવાદનો વિજ્ઞાનવિભાગ તા. ૨૫મી જૂન ૧૯૭૧થી વિવેકાનંદ કૉલેજ, અમદાવાદમાં શરૂ કરવા માટે "શિક્ષણસમાજ" તરફથી આવેલ તા. ૧-૬-૧૯૭૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સદરહુ બાબત અંગે જુદે જુદે તબક્કે થયેલી અવિધિસરની કાર્યવાહીનો વીગતે ખ્યાલ આપ્યો.

આ બાબતના સંદર્ભમાં નીચેના કાગળો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

(૧) સિન્ડિકેટે તેની તા. ૨૯-૫-૧૯૭૧ની સભામાં બાબત નં. ૯ હેઠળ નીમેલી સ્થાનિક તપાસસમિતિ, જે તા. ૩૦-૫-૧૯૭૧ના રોજ સ્થાનિક મુલાકાત માટે ગયેલી, તેનો હેવાલ.

(૨) શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદનો તા. ૨૬-૫-૧૯૭૧નો પત્ર, અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદનો તા. ૨૭-૫-૧૯૭૧નો પત્ર તથા સી. યુ. શાહ સાયન્સ કૉલેજનો તા. ૨૯-૫-૧૯૭૧નો પત્ર

(૩) વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ આચાર્ય વી. એફ. શાહનો તા. ૧-૬-૧૯૭૧નો પત્ર.

તે ઉપરાંત ઉપર (૧)માં જણાવેલી સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ પણ પોતાનાં દષ્ટિબિંદુઓ રજૂ કર્યાં અને આ પ્રશ્ન સાથે સંકળાયેલાં વિવિધ પાસાંઓનો ખ્યાલ પણ આપ્યો.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) શ્રી. બાલાભાઈ દામોદરદાસ કૉલેજમાં વિજ્ઞાન વિભાગ બંધ થાય છે તે સંજોગોમાં તેના છૂટા થયેલા શિક્ષકોએ સ્થાપેલ "શિક્ષક સમાજ" વિજ્ઞાનની કૉલેજ તાત્કાલિક રાયપુર વિસ્તારમાં શ્રી. વિવેકાનંદ ફાઉન્ડેશન સંચાલિત કૉલેજોવાળા મકાનમાં ચાલુ કરવા ઇચ્છે છે તે હકીકત લક્ષમાં લઈને બી. ડી. કૉલેજનું વિભાગીકરણ કરીને વિજ્ઞાનની જુદી કૉલેજ અંગેના જોડાણ માટેની જરૂરી કાર્યવાહી કરવામાં આવે;

(૨) ઉપર જણાવેલ કાર્યવાહી કરવામાં આવે તે દરમિયાન નીચેની જરૂરિયાતો અંગે, યુનિવર્સિટીને સંતોષ થાય તે રીતે, શરતોનું પરિપાલન કરવામાં આવે તે શરતે ફક્ત ૧૯૭૧–૭૨ના વર્ષ માટે અને ફક્ત બહેનોને જ પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે:

(ક) શ્રી. વિવેકાનંદ ફાઉન્ડેશન સંચાલિત કૉલેજોવાળા મકાનમાં આ સૂચિત કૉલેજના વર્ગો, પ્રયોગશાળા, ગ્રંથાલય ઇત્યાદિ બાબતોમાં જરૂરી સગવડ થઈ શકે તેટલા ખંડો આ વિજ્ઞાન કૉલેજને માટે ઉપલબ્ધ કરવા અંગેનો શ્રી. વિવેકાનંદ ફાઉન્ડેશનના મૅનેજિંગ ટ્રસ્ટીનો સંમતિપત્ર તાત્કાલિક રજૂ કરવામાં આવે, તથા તા. ૧૫–૬–૧૯૭૧ સુધીમાં વિદ્યાર્થિનીઓને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબના વર્ગોમાં બેસાડવાની વ્યવસ્થા કરી આપવામાં આવે;

(ખ) આ કૉલેજમાં ટી.વાય.બી.એસસી. સુધીના વર્ગોમાં રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતના સ્પેશિયલ વિષયો માટે અને ભૌતિકવિજ્ઞાનના જનરલ વિષય માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબનો જરૂરી શિક્ષકગણ તા. ૧૫–૬–૧૯૭૧ સુધીમાં નીમવામાં આવે;

(ગ) ઉપર (ખ)માં જણાવેલા શિક્ષણકાર્ય માટે જરૂરી વૈજ્ઞાનિક સાધનો અને પાણી, વીજળી અને ગૅસની સગવડોથી સજ્જ પ્રયોગશાળા તા. ૧૫મી જુલાઈ ૧૯૭૧ સુધીમાં સૂચિત કૉલેજના ઉપર જણાવેલા મકાનમાં ઉપલબ્ધ કરવામાં આવે; અને

(ઘ) સૂચિત કૉલેજને અનુરૂપ ગ્રંથાલયની સગવડ તા. ૧૫મી જૂન ૧૯૭૧ સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવે.

(૩) આ કૉલેજમાં ફક્ત બહેનોને જ પ્રવેશ આપવામાં આવે;

(૪) બી.ડી.કૉલેજનું નામ એક જ વર્ષ માટે રાખવામાં આવે; અને

(૫) સૂચિત કૉલેજના સંચાલન અંગેની આનુષંગિક અને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબની અન્ય તમામ જવાબદારીઓમાંથી શ્રી. બાલાભાઈ દામોદરદાસ ટ્રસ્ટને મુક્ત કરીને તે જવાબદારીઓ "શિક્ષક સમાજ" તા. ૧૫મી જૂન ૧૯૭૧થી ઉઠાવશે તેની બાંયધરી આપવામાં આવે.

વધુમાં સૂચિત કૉલેજના મકાન અંગે ઉપર (૨)(ક)માં જણાવ્યા મુજબનો શ્રી. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનના મૅનેજિંગ ટ્રસ્ટીનો સંમતિપત્ર આપના તરફથી રજૂ કરવામાં આવે

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬

તા. ૧૫-૪-૧૯૭૧ના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલી સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની સભાએ સિન્ડિકેટને કરેલી ભલામણો :

૧. બાબત નં. ૩ : આથી ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૮-૬૯ના અહેવાલની નોંધ લઈ તે અહેવાલને છાપવા માટે તથા તે માટે રૂ. ૫૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. બાબત નં. ૫ : આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં આરોગ્ય કેન્દ્ર ખોલવાની નવી યોજના અમલમાં આવ્યે બે વર્ષ થયાં હોઈ આરોગ્યકેન્દ્ર ખોલનાર સંલગ્ન કૉલેજને ગ્રાન્ટ આપવાની જૂની યોજના (જે સિન્ડિકેટના તા. ૧૪/૧૫-૨-૧૯૬૪ના ઠરાવ નં. ૧૨૪થી મંજૂર કરવામાં આવેલી હતી), જૂન ૧૯૭૧થી બંધ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. બાબત નં. ૮ અને ૯ : આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિર્સિટીમાં પ્રથમ વાર પ્રવેશતા વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરનાર દાક્તરોને જૂન ૧૯૭૧થી કૉલેજે વિદ્યાર્થી દીઠ રૂ. ૨ નું માનદ વેતન ચૂકવવાનું રાખવું. આ માટે—

(૧) આરોગ્યકેન્દ્ર શરૂ ન કરનાર કૉલેજ યુનિવર્સિટીમાં પ્રથમ વાર પ્રવેશતા વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧-૦૦ની તબીબી તપાસ ફી લઈ શકશે, અને રૂ. ૧-૦૦ વિદ્યાર્થી દીઠ કૉલેજે તેમના ભંડોળમાંથી (સ્ટુડન્ટ યુનિયન કે યુ.જી.સી. સ્ટુડન્ટ એઈડ ફંડના ભંડોળમાંથી નહિ) ઉમેરીને તબીબી તપાસ કરનાર દાક્તરને વિદ્યાર્થી દીઠ રૂ. ૨નું માનદ વેતન ચૂકવવાનું રાખવું. આ માટે—

(૨) આરોગ્યકેન્દ્ર શરૂ ન કરનાર કૉલેજ યુનિવર્સિટીમાં પ્રથમ વાર પ્રવેશતા વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી દીઠ સત્ર દીઠ રૂ. ૧-૦૦ની તબીબી સહાય ફી ઉપરાંત વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧-૦૦નો ફાળો તબીબી તપાસ માટે લઈ શકશે. આમ આરોગ્યકેન્દ્રના ફંડમાંથી તબીબી તપાસ કરનાર દાક્તરને વિદ્યાર્થી દીઠ કૉલેજે રૂ. ૨-૦૦નું માનદ વેતન ચૂકવવાનું રાખવું.

(**નોંધ.** — હાલ યુનિવર્સિટી વિદ્યાર્થી દીઠ રૂ. ૧-૦૦નો ફાળો આપે છે તે તા. ૧૫-૬-૧૯૭૧થી બંધ કરવામાં આવે.)

૪. બાબત નં. ૧૦ : આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજમાં આરોગ્યકેન્દ્ર ખોલવાની યોજનાના અનુસંધાનમાં નીચે મુજબનાં સૂચનો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) બાબત ૧૦ (૨) : કૉલેજના આરોગ્યકેન્દ્રમાં દાક્તરે ઓછામાં ઓછું અડવાડિયામાં ત્રણ દિવસ (આંતરે દિવસે) એક-એક કલાક સેવા આપવી જોઈએ.

(૨) બાબત ૧૦ (૩ અને ૧૩) : તે માટે દાક્તરને ઓછામાં ઓછું માસિક રૂ. ૭૫ (રૂપિયા પંચોતેર)નું માનદ વેતન કૉલેજે ચૂકવવું અને આ ચુકવણી ચેક દ્વારા કરવી.

(૩) બાબત ૧૦ (૪) : સંલગ્ન કૉલેજોના આરોગ્યકેન્દ્રમાં નિમાનાર દાક્તર એમ.બી.,બી.એસ., એલ.સી.પી.એસ. કે એલ.એમ.પી. અને ૧૦ વર્ષના અનુભવવાળા હોવા જોઈએ. ભંડોળ વધુ હોય તો કૉલેજ આ ઉપરાંત નિષ્ણાત નીમી શકશે.

(૪) બાબત ૧૦ (૫-૬) : કૉલેજના આરોગ્યકેન્દ્રની સેવાઓ માત્ર વિદ્યાર્થીઓને જ આપવી.

(૫) બાબત નં. ૧૦ (૯) : કૉલેજે આરોગ્યકેન્દ્ર વર્ષ કે ટર્મની શરૂઆતથી જ ખોલવું જોઈએ અને તે માટે યુનિવર્સિટીએ ગ્રાન્ટ આપવાનો નિયમ નીચે મુજબ સુધારવો :

કૉલેજના ફાળાની અને વિદ્યાર્થીઓના ફાળાની કુલ રકમ ઉપરાંત જો કૉલેજના આરોગ્યકેન્દ્રનો ખર્ચ થાય તો તે વધારાના ખર્ચની સામે યુનિવર્સિટીએ રૂ. ૧,૦૦૦ સુધીની આવર્તક ગ્રાન્ટ આપવી.

૧૯૭૦-૭૧ના વર્ષ માટે જે કૉલેજે આરોગ્યકેન્દ્ર બીજા સત્રમાં ખોલ્યું હોય તેને યુનિવર્સિટી તરફથી જે આવર્તક આર્થિક સહાય આપવાની હોય છે તે નિયત કરેલા દરના ૫૦ ટકાના ધોરણે આપવી.

આના અનુસંધાનમાં સ્પષ્ટતા કરવામાં આવી કે કૉલેજના આરોગ્યકેન્દ્રમાં કૉલેજનો ફાળો કૉલેજ યુ.જી.સી.ના સ્ટુડન્ટ એઇડ કે સ્ટુડન્ટ યુનિયનના ફંડમાંથી આપી શકાશે નહિ.

(૬) બાબત નં. ૧૦ (૧૦) : કૉલેજના આરોગ્યકેન્દ્રની મુલાકાત કેન્દ્રની સ્થાપનાના પ્રથમ વર્ષે સિન્ડિકેટે નીમેલી સમિતિએ લેવી અને ત્યાર બાદ પ્રત્યેક વર્ષે યુનિવર્સિટી સી. એમ. ઓ. એ મુલાકાત લઈ ઉપરોક્ત સમિતિ પાસે અહેવાલ મૂકવો જે ગ્રાન્ટ મંજૂર કરવા બાબત વિચારણા કરશે.

(૭) બાબત નં. ૧૦ (૧૧) : વેકેશનમાં પણ કૉલેજનું આરોગ્યકેન્દ્ર અઠવાડિયામાં ઓછામાં ઓછું એક દિવસ તો ચાલુ રાખવું જ જોઈએ.

(૮) બાબત નં. ૧૦ (૧૨) : કૉલેજે આરોગ્યકેન્દ્રના દાક્તરની નિમણૂક કે છૂટા કરવા માટે યુનિવર્સિટી સી. એમ. ઓ.ની સંમતિ અગાઉથી લેવી જોઈશે.

(૯) બાબત ૧૦ (૧૪) : સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયોનાં રસોડાંના નોકરોની તબીબી તપાસ વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરનાર (જ્યાં તબીબી તપાસ ન થતી હોય ત્યાં અન્ય લાયક) દાક્તર પાસે ફરજિયાત કરાવવી અને આ માટે દાક્તરને આપવાનો થતો ખર્ચ (રૂપિયા બે નોકર દીઠ) સરખે હિસ્સે કૉલેજ અને મેસ કૉન્ટ્રાક્ટર કે કલબે ભોગવવો. આ તપાસમાં ફિટ જાહેર થયેલ નોકરોને જ નોકરી પર ચાલુ રાખવા જોઈએ.

(૧૦) બાબત નં. ૧૦ (૧૫) : કૉલેજોના આરોગ્યકેન્દ્રની મુલાકાત વખતે સમિતિએ કે સી. એમ. ઓ. એ સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયો તથા તેના ભોજનાલયોની મુલાકાત લઈ અહેવાલ રજૂ કરવાનું રાખવું.

(૧૧) બાબત નં. ૧૦ (૧૬) : જે તે કૉલેજના આરોગ્યકેન્દ્ર માટે નીચેના સભ્યોની બનેલી એક સલાહકાર સમિતિ નીમવી જોઈએ :

(૧) જે તે વિસ્તાર કે ગામના એક અનુભવી તબીબી, (૨) એક પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકર, (૩) એક સિનિયર સરકારી કે મ્યુનિસિપલ અધિકારી

૫. બાબત નં. ૧૧: આથી ઠરાવવામાં આવે છે કે સુદૃઢ શરીર હરીફાઈનાં પરિણામોની નોંધ લઈ પ્રથમ વિજેતા વિદ્યાર્થી–વિદ્યાર્થિનીને દરેકને રૂ. ૧૦૦–૦૦નું ઇનામ આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. બાબત નં. ૧૨ : આથી ઠરાવવામાં આવે છે કે સુદૃઢ શરીર હરીફાઈમાં વધુ કૉલેજો રસ લેતી ન હોઈ જૂન '૭૧થી આ હરીફાઈ યોજવાનું બંધ કરવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૦

શિક્ષક સમાજ,
૧૨, પ્રોફેસર્સ કૉલોની,
નવરંગપુરા, અમદાવાદ-૯.
તા. ૧–૬–૧૯૭૧.

પ્રતિ
કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

બાબત.—બી. ડી. કૉલેજના સાયન્સ વિભાગના સંચાલન અંગે.

શ્રીમાન,

બી. ડી. કૉલેજના સાયન્સ વિભાગના શિક્ષકોને છૂટા કરાતાં ઉપસ્થિત થયેલ પ્રશ્નમાં બી. ડી. કૉલેજનું વિભાગીકરણ તેના સંચાલકોની સંમતિ સાથે કરવા આ અગાઉ વિનંતી કરી હતી. આ કૉલેજના સાયન્સ વિભાગનું સંચાલન "શિક્ષક સમાજ" કરે એ વાતનો સ્વીકાર થયો છે તે માટે અમે આભારી છીએ. સાંકડી શેરીમાં આવેલા મકાનમાં કૉલેજ બેસાડવાનું શિક્ષક સમાજે વિચાર્યું હતું, પરંતુ જૂન ૧૫મા પહેલાં યુનિવર્સિટી તરફથી નિમાયેલ કમિટીના સૂચવ્યા મુજબના સ્ટ્રક્ચરલ ચેન્જીસ ટૂંકા ગાળામાં કરવા અમારે માટે મુશ્કેલ છે, આ પરિસ્થિતિમાં જો કમિટી સાંકડી શેરીમાં બતાવવામાં આવેલ સે. નં. ૭૦૮ અને ૬૮૯ નંબરના મકાનમાં તાત્કાલિક ફેરફાર સિવાય મંજૂર ન કરતી હોય તો આ જ કમિટીએ રાયપુર દરવાજા બહાર વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનનું મકાન જોઈને માન્ય કર્યું હતું, તે જ મકાનમાં અમો ("શિક્ષક સમાજ") બી. ડી. સાયન્સ કૉલેજ ફૉર ગર્લ્સ શરૂ કરવા માગીએ છીએ તો તે માટે મંજૂરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(સહી) પરિમલ મ. ચોરા
શિ. ઈ. ભટ્ટ
કન્વીનરો (શિક્ષક સમાજ).

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર શ્રી. વી. વી. ભટ્ટની ખાલી પડેલી જગ્યા પર સમિતિના સભ્યો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. ડી. ટી. લાકડાવાલા

(૨) ડૉ. વી. કે. આર. વી. રાવ.

૨૪. સિન્ડિકેટની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભાએ નીમેલ પરીક્ષા સુધારણા સમિતિનો તા. ૨૯-૫-૧૯૭૧ની સભાની ભલામણ આગામી ૧૯૭૨નો પરીક્ષા માટે અમલી બને તે હેતુથી સિન્ડિકેટ સમક્ષ મૂકવા ઠરાવ્યું હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચે જણાવેલ ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવી :

(૧) અત્યારે પ્રશ્નપત્રોમાં ૮માંથી ૫ સવાલો કરવા અથવા ૧૦માંથી ૬ સવાલો કરવા, એવા પ્રકારના સમગ્ર અભ્યાસક્રમને આવરી લે તેવા વિકલ્પ આપવામાં આવે છે અને પરિણામે આખો અભ્યાસક્રમ તૈયાર કરવાને બદલે અભ્યાસક્રમનો અમુક ભાગ જ તૈયાર કરવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં જાગે છે. પરિણામે ચકાસણીનો હેતુ સરતો નથી. આ પરિસ્થિતિ નિવારવા માટે એવું ઠરાવવામાં આવે છે કે પ્રશ્નપત્રમાં આપેલા બધા જ પ્રશ્નો ફરજિયાત ગણવા જોઈએ, પરંતુ દરેક પ્રશ્નની અંદર આંતરિક વિકલ્પ મૂકવા. આ આંતરિક વિકલ્પો અભ્યાસક્રમના નિશ્ચિત મુદ્દાઓને આવરી લે તેવી રીતે મૂકવા જોઈએ, જેથી એક આખો મુદ્દો અવગણી શકાય નહીં.

(૨) આવી રીતે આંતરિક વિકલ્પો દાખલ કરવાની સાથે પ્રશ્નપત્રોની રચના એવી થવી જોઈએ કે કુલ પ્રશ્નોની સંખ્યા વધે અને સરેરાશ પ્રશ્નોના જવાબોની લંબાઈ ઘટે. દા.ત., અત્યારે એમ.એડ. પરીક્ષામાં નીચે પ્રમાણેની વ્યવસ્થા ચાલુ છે :

દરેક પ્રશ્નપત્રમાં સરેરાશ ૪ પ્રશ્નો હોય છે. પહેલા પ્રશ્નમાં ૨ વિકલ્પોમાંથી એક વિકલ્પ વિદ્યાર્થીઓએ કરવાના હોય છે. બીજા પ્રશ્નપત્રમાં ત્રણ વિકલ્પોમાંથી બે વિકલ્પો વિદ્યાર્થીઓએ કરવાના હોય છે. એટલે કે બીજા પ્રશ્નના એક ભાગનો જવાબ પહેલા પ્રશ્નના જવાબ કરતાં અડધો થશે. ત્રીજા પ્રશ્નોમાં ૬ વિકલ્પોમાંથી ૪ વિકલ્પો કરવાના થાય છે. અને ચોથા પ્રશ્નમાં ૮ વિકલ્પોમાંથી ૬ વિકલ્પો કરવાના થાય છે. આવી વ્યવસ્થાને લીધે હજાર શબ્દોના જવાબો આવે તેવા પ્રશ્નો આવરી લેવાય અને ૧૫૦-૨૦૦ શબ્દોના જવાબો આવે તેવા પ્રશ્નો પણ ગોઠવી શકાય. આમ થવાથી ચકાસણી માટે સમગ્ર અભ્યાસક્રમને આવરી શકાય અને અભ્યાસક્રમના ઝીણવટભર્યા મુદ્દાઓને પણ પ્રશ્નપત્રમાં સમાવી શકાય.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બાકીની ભલામણોની વિચારણા હાલ અનિશ્ચિત સમય સુધી મોકૂફ રાખવી.

૨૫. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ખંડ સમયના શિક્ષકો તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકો માટેના માસિક વેતનના ધોરણ સિન્ડિકેટે તેની તા. ૩૦-૧-૧૯૭૧ની સભામાં સુધાર્યા છે, પરંતુ તેમાં તબીબી વિદ્યાશાખાની કૉલેજોમાં કાર્ય કરતા

માનદ શિક્ષકોને માટે માસિક વેતનના દર અંગેની સ્પષ્ટતા નહીં હોવાથી તે અંગ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી તબીબી વિદ્યાશાખાની કૉલેજોના માનાર્હ શિક્ષકો (Honorary Teachers) માટે માસિક વેતનના દર નિયત કરવાની જરૂર જણાતી નથી.

૨૬. સંલગ્ન કૉલેજને કાયમી જોડાણ આપવાની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીએ નીમેલ કૉલેજો માટેની સ્થાયી સમિતિએ સૂચવેલ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન-એડવાઈઝરી સમિતિએ મંજૂર રાખેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"It is suggested that if a college on temporary affiliation has functioned well for a period of five years, and has fulfilled the basic requirements it should normally be given permanent affiliation."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે બાબત એકેડેમિક કાઉન્સિલને જરૂરી વિચારણા કરવા માટે મોકલી આપવી.

૨૭. સપ્ટેમ્બર ૨૬ થી ૨૮, ૧૯૭૧ના સમય દરમિયાન ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનના ઉપક્રમે ન્યૂ દિલ્હી મુકામે નેશનલ કૉન્ફરન્સ ઑન મેડિકલ એજ્યુકેશન પર એક અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જયંત શ્રી હરિભક્તિને નીમવા.

૨૮. શ્રી. ટી. એમ. પરીખ, ડીન, ઇજનેરી વિદ્યાશાખા તરફથી પરીક્ષાના રૂપૈયના દરમાં સુધારો કરવા તથા ફેકલ્ટીમને એક જુનિયર સુપરવાઇઝરની મદદ આપવા અંગેના તેઓના તા. ૯-૧૧-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ. —સ્કેચ્સ દોરવા અને કાઢવા અંગેનો હાલનો નિયમ નીચે મુજબ છે :

Rates of payments for Drawing sketches, blue-prints etc. at Engineering examinations :

(*a*) for Drawing sketch of ½ foolscap size or less .. Rs. 5/- per sketch

(*b*) for Drawing sketch bigger than ½ foolscap .. Rs. 10/- ,,

(*c*) for Proof-reading & Supervizing the cyclostyling of the stencils .. Rs. 7-50 per day to person other than Senior Supervisor.

(*d*) for Blue-prints .. Rs. 0-25 nP. per blue-prints.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. બિરબલ સહની ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેલિયો બોટની, લખનૌના રજતજયંતી નિમિત્તે લખનૌ મુકામે ડિસેમ્બર ૧૯૭૧માં યોજનાર વિવિધ પરિસંવાદોમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા તથા તે નિમિત્તે રૂ. ૨૫૦ જેટલો આર્થિક સહાય આપવા સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીના તા. ૨૮મી મે ૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બિરબલ સહની ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેલિયો બોટની, લખનૌની રજત જયંતી પ્રસંગે રૂ. ૨૫૦ (બસો પચાસ)ની આર્થિક સહાય મંજૂર કરવી.

૩૦. નીચેની સંલગ્ન કૉલેજોના ચાલુ/વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર

૨. સૈફી જ્યુબિલી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર

૩. શ્રી. કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ

૪. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ

૫. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર

૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, ખેડા

૭. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત

૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા

૯. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧૦. શેઠ એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧૧. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧૨. શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૧. આ યુનિવર્સિટીની સેકન્ડ એલએલ.બી.ની ૧૯૭૯ની જૂના કોર્સની પરીક્ષામાં બેઠેલા શ્રી. માધવલાલ એમ. શાહનું તે પરીક્ષાનું પરિણામ તેમણે કૉલેજમાં હાજરી આપેલ ન હોવાને કારણે સિન્ડિકેટે તેની તા. ૧૨-૪-૧૯૭૦ની સભામાં કરેલા ઠરાવને અનુલક્ષીને રદ્દ કર્યું છે તે અંગે તેમણે દ્વારકાની જુનિયર ડિવિઝન સિવિલ જજની કોર્ટમાં દીવાની મુકદ્દમો નં. ૩૮૭૧ ગુજરાત યુનિવર્સિટી રજિસ્ટ્રાર સામે માંડ્યો હોવાથી અને તે અંગે હાજર થઈ જવાબ આપવા માટે તા. ૨૧-૬-૧૯૭૧ રાખવામાં આવેલ છે, તો તે કેસનો જવાબ તૈયાર કરવા સ્થાનિક વકીલને સોંપીને દ્વારકામાં યોગ્ય વકીલ મારફતે રજૂ કરાવવા અને તે અંગે જરૂરી પગલાં લેવા તથા ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. અધ્યાપકો અંગે ગ્રેજ્યુઇટીની જોગવાઈ કરવા અંગે તથા સંલગ્ન કૉલેજમાં સંચાલકમંડળનું યોગ્ય બંધારણ હોવા અંગે સેનેટે તેની ગઈ વાર્ષિક સભામાં કરેલ પ્રસ્તાવના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૬-૫-૧૯૭૧ની સભામાં જે સમિતિ નીમી હતી તે સમિતિના સભ્યપદે રહેવાની શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ અશક્તિ દર્શાવતાં તેમના તા. ૨-૬-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈની ખાલી પડેલી જગ્યા પર ગુજરાતની વડી અદાલતના માનનીય ન્યાયમૂર્તિ શ્રી. બી. જે. દીવાનની નિમણૂક કરવી.

૩૩. સિન્ડિકેટે તેની તા. ૬-૩-૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

(૭) "ગુજરાત યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળને માન્યતા આપી શકાય તેમ નથી એમ સ્પષ્ટતા કરવી. વધુમાં યુનિવર્સિટીના કર્મચારીઓના મંડળને માન્યતા આપવાનો પ્રશ્ન વાઇસ-ચાન્સેલરોના બોર્ડની વિચારણા હેઠળ હોઈ તેની ભલામણની રાહ જોવી, દરમ્યાન કર્મચારીઓની બનેલી (કન્સલટેટિવ) સમિતિ રચવાનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્યની બીજી યુનિવર્સિટીઓ પાસેથી તેમણે લીધેલાં પગલાં અંગેની માહિતી મેળવીને તે બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૪. સિન્ડિકેટે તેની તા. ૬-૩-૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

(૬) "યુનિવર્સિટીના કર્મચારીઓને તેમનાં બાળકોના શિક્ષણને માટે સહાય કરી શકાય તે માટે કર્મચારીઓને માટે 'વેલ્ફેર ફંડ' ઊભું કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં "કન્સલટેટિવ" સમિતિની રચના થાય તે પછી સદરહુ બાબત અંગે વિચારવાનું રાખવું.

૩૫. સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા માટે તા. ૧૧-૬-૧૯૭૧ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી, તથા તે મુજબ સમાજ-વિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના લેક્ચરરની જગ્યા પર શ્રી. અરવિંદકુમાર રણછોડલાલ શાહને રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૬૪૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૧—૬—૧૯૭૧ની સભાની ભલામણ **પરિશિષ્ટ 'અ'** તરીકે સામેલ છે.)

૩૬. વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા સ્થાનિક કૉલેજોએ વધતા પ્રમાણમાં બિનશૈક્ષણિક રીતિઓ અજમાવવાનું જણાવતા પ્રો. એ. એમ. ત્રિવેદીના તા. ૯—૬—૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની જાહેરાતો અંગે સિન્ડિકેટે તેની તા. ૬—૫—૧૯૭૧ની સભામાં ઘડેલા નિયમોનું યથાર્થ પરિપાલન કરવા ઉપરાંત તેની ભાવના પણ જળવાય એમ યુનિવર્સિટી અપેક્ષા રાખે છે, એમ સંલગ્ન કૉલેજોના આચાર્યોને જણાવવું.

૩૭. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧-૬-૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧—૬—૧૯૭૧ અને તા. ૧૧—૬—૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિઓનો નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૩૮. કૉલેજના શિક્ષકો માટે રસાયણવિજ્ઞાનના વિષય માટેની સને ૧૯૭૧ની ગ્રીષ્મ સંસ્થામાં નીચેના શિક્ષકો/કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા તથા તે માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ-વિજ્ઞાનના પ્રોફેસર ડૉ. એ. એમ. ત્રિવેદી કે જેઓ ઉપરોક્ત ગ્રીષ્મ સંસ્થાના અધ્યક્ષ છે તેમના સુધારેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૯—૫—૧૯૭૧ની સભામાં તેઓશ્રીના તા. ૧૭-૪—૧૯૭૧ના પત્રથી આવેલ પ્રસ્તાવ પર વિચારણા કરી તેઓએ સૂચવેલ ધોરણે વેતન સ્વીકારવાની

પરવાનગી આપી હતી.)

ક્રમાંક	શિક્ષકો/કર્મચારીઓ	સૂચવેલ વેતન	મૂળ પગાર
		₹.	₹.
(૧)	ડૉ. એ. એમ. ત્રિવેદી	૮૦૦	૧૨૦૦
(૨)	ડૉ. આર. કે. શાહ	૪૨૫	૮૦૦
(૩)	ડૉ. જે. પી. ત્રિવેદી	૫૦૦	૮૦૦
(૪)	ડૉ. જે. સી. વોરા	૫૦૦	૬૪૦
(૫)	ડૉ. આઈ. એમ. ભટ્ટ	૫૦૦	૫૨૦
(૬)	ડૉ. કે. પી. સોની	૨૨૫	૫૨૦
(૭)	ડૉ. એલ. ડી. ત્રિવેદી	૫૦૦	—
(૮)	ડૉ. એ. એ. શેખ	૫૦	૪૦૦
(૯)	ડૉ. કે. સી. પટેલ	૧૨૦	—
(૧૦)	ડૉ. પી. કે. કરમાવકર	૪૦	—
(૧૧)	ડૉ. જે. જે. ત્રિવેદી	૪૦	—
(૧૨)	ડૉ. વી. એમ. ત્રિવેદી	૧૦૦	૭૨૦
	કુલ ₹.	૩,૮૦૦	

ડેમોન્સ્ટ્રેટર, કલાર્ક અને પટાવાળા વગેરે

(૧)	શ્રી. પી. જે. પટણી	૧૫૦	—
(૨)	શ્રી. એચ. એન. પ્રજાપતિ	૧૫૦	—
(૩)	શ્રી. કે. આર. દેસાઈ	૧૫૦	—
(૪)	શ્રી. જે. બી. શાહ	૧૫૦	૧૩૨
(૫)	શ્રી. એમ. એફ. પરમાર	૧૫૦	૧૫૬
(૬)	શ્રી. જે. એન. શાહ	૧૭૦	૧૦૦
(૭)	શ્રી. પી. એ. ભટ્ટ	૧૫૦	—
(૮)	શ્રી. એ. એચ. શાહ	૭૫	૧૪૦

ક્રમાંક	શિક્ષકો/કર્મચારીઓ	સૂચવેલ વેતન	મૂળ પગાર
		રૂ.	રૂ.
(૯)	શ્રી. એમ. આર. જાદવ	૭૭	૭૫
(૧૦)	શ્રી. એ. ડી. ચૌહાણ	૭૪	૬૬
(૧૧)	શ્રી. એમ. કે. રાઠોડ	૭૯	૬૩
(૧૨)	શ્રી. જી. એમ. રાઠોડ	૭૨	૬૬
(૧૩)	શ્રી. કરસન ભૂતા	૫૧–૫૦	૫૮
(૧૪)	શ્રી. મનજી ધૂળાજી	૨૧–૫૦	૫૪
		કુલ રૂ. ૧૫,૦૦–૦૦	

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યોને સદરહુ કામગીરી કરવા માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૩૯. **ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, નવી દિલ્હીના સભ્ય-મંત્રીએ તેમના તા. ૫–૬–૧૯૭૧ના પત્ર ક્રમાંક એફ. ૨ (૧૫) ૭૧ એસ.પી.બી.થી સમાજવિદ્યા ભવનમાં ડૉ. વી. પી. શાહના અધ્યક્ષપદે ૨૬મી ઑગસ્ટ ૧૯૭૧થી ૯મી ઑક્ટોબર ૧૯૭૧ના સમયગાળામાં આઠ અઠવાડિયાનો 'ટ્રેનિંગ કોર્સ ઇન રિસર્ચ મેથોડોલોજી' યોજનાર છે તે માટેના અંદાજને મંજૂર રાખી રૂ. ૨૭,૫૦૦(રૂપિયા સાડત્રીસ હજાર પાંચસો)ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૦. **એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :**

(૧) તમામ વિદ્યાશાખાઓની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને વિદ્યાર્થીઓને ખાનગી રાહે ટ્યૂશન આપવાની મના કરવી તેમ છતાં અભ્યાસમાં કાચા જણાયેલા વિદ્યાર્થીઓને માટે કૉલેજોમાં આચાર્યશ્રીની મંજૂરીથી ખાસ તાલીમ વર્ગો ચલાવી શકાશે, પણ આવા વર્ગો કૉલેજના મકાન સિવાય અન્યત્ર યોજી શકાશે નહિ અને તે માટે વધારાની કશી પણ ફી વિદ્યાર્થીઓ પાસેથી લઈ શકાશે નહિ.

વધુમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતોમાં ઉપર મુજબની એક શરત ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પ્રાશ્નિક/પરીક્ષક/મોડરેટર તરીકેની નિમણૂક માટેનું જે નિયત પત્રક સંલગ્ન કૉલેજ, માન્ય સંસ્થા કે યુનિવર્સિટીના વિદ્યાભવનના શિક્ષક ભરીને મોકલી આપે તે પત્રકમાં સંબંધકર્તા શિક્ષકની સહીના નીચેના ભાગમાં આચાર્ય-અધ્યક્ષે નીચે મુજબનો શેરો, પૂરતી ખાતરી કરીને કરવાનું આવશ્યક ગણવું :

"I have ascertained the veracity of the facts mentioned above and I hereby affirm that they are true to the best of my knowledge and belief."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૧ અંગેની વિચારણા મોકૂફ રાખવી, અને ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી.

૪૧. બી. ડી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને વિજ્ઞાન વિભાગ બંધ કરવાના સદરહુ કૉલેજોના સંચાલકમંડળના નિર્ણયના સંદર્ભમાં તે કૉલેજના અધ્યાપકો સ્વતંત્ર રીતે વિજ્ઞાન કૉલેજનું સંચાલન, બી. ડી. કૉલેજની પ્રયોગશાળાનો પ્રથમ સત્ર માટે ઉપયોગ કરીને કરવા તથા વર્ગો બીજાં મકાનોમાં શરૂ કરવા માટે પરવાનગી આપવા માટેની માગણી કરતા "શિક્ષક સમાજ" તરફથી આવેલ તા. ૯-૬-૧૯૭૧ના પત્ર પરત્વે તથા સદરહુ બાબત અંગે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના તા. ૧૦-૬-૧૯૭૧ના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સદરહુ બાબત અંગે થયેલી અવિધિસરની કાર્યવાહીનો વિગતે ખ્યાલ આપ્યો.

તે પછી આ બાબતના સંદર્ભમાં નીચેના કાગળો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

૧. સિન્ડિકેટે તેની તા. ૨૯–૫–૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિનો અહેવાલ,

૨. કુલપતિશ્રીએ નીમેલી સમિતિનો અહેવાલ.

૩. શ્રી. બાલાભાઈ દામોદરદાસ કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટીનો તા. ૯-૬-૧૯૭૧નો પત્ર.

ઉપર નં. ૨માં જણાવેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ પણ પોતાનાં દૃષ્ટિબિંદુ સભાગૃહ સમક્ષ રજૂ કર્યાં અને આ પ્રશ્ન સાથે સંકળાયેલ વિવિધ પાસાંઓનો પણ ખ્યાલ આપ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

૧. શ્રી. બાલાભાઈ દામોદરદાસ કૉલેજનો વિજ્ઞાન વિભાગ બંધ થાય છે તે સંજોગોમાં તેના છૂટા થયેલા શિક્ષકોએ સ્થાપેલ "શિક્ષક સમાજ" વિજ્ઞાનની કૉલેજ તાત્કાલિક તેના વર્ગો સાંકડી શેરીમાં સ્થાનિક તપાસસમિતિએ જોયેલ સર્વે નં. ૭૦૮ વાળા મકાનમાં શરૂ કરીને તથા ૧૯૭૧-૭૨ના વર્ષના પ્રથમ સત્ર દરમિયાન તેની પ્રયોગશાળાની સગવડ હાલની શ્રી. બાલાભાઈ દામોદરદાસ કૉલેજમાં ચાલુ રાખીને, શરૂ કરવા ઇચ્છે છે તે હકીકત લક્ષમાં લઈને બાલાભાઈ દામોદરદાસ કૉલેજનું વિભાગીકરણ થાય ગણીને વિજ્ઞાનની જુદી કૉલેજ અંગેના જોડાણ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે શેઠ એમ. એન. સાયન્સ અને શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજના આચાર્યને નીચે મુજબ તાર કરવો :

Express

Principal,
Arts & Science College, Patan.

AS PER COMMITTEE'S REPORT PLEASE CONTINUE TRIVEDI AS FULL TIME PHYSICS LECTURER. KINDLY CONFIRM TELEGRAPHICALLY.

Registrar,
Unigujarat.

૪૪. યુ. પી. આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં શ્રી. ડી. જે. પટેલ, શ્રી. એચ. એચ. પટેલ, શ્રી. ડી. એમ. શુકલ અને શ્રી. પી. એસ. પટેલને ચાલુ રાખવાની શરતના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં યુ. પી. આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી એમ જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યનો તા. ૩–૬–૧૯૭૧નો પત્ર તથા તે અંગેના સંબંધકર્તા કાગળો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે અંગે ચર્ચાવિચારણા દરમિયાન કુલસચિવશ્રીએ જણાવ્યું કે પિલવાઈ કૉલેજના આચાર્યે તેમને થોડાક દિવસો પહેલાં રૂબરૂ મળવા આવ્યા હતા ત્યારે સદરહુ અધ્યાપકોને તેમની કૉલેજમાં તા ૧૫–૬–૧૯૭૧ પછી પણ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ચાલુ રાખવામાં આવશે એમ આચાર્યશ્રીએ મૌખિક જણાવ્યું હતું. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૧૨૧૩૩/૧૯૭૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
તા. ૨૯–૬–૧૯૭૧.

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "અ"
કાર્યકાજ ક્રમાંક ૩૫

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા. ૧૧-૬-૧૯૭૧ના રોજ ૧૨-૦૦ વાગ્યે યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-સોશિયોલોજીની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત માટે મળી હતી. કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય, અમદાવાદ	ગેરહાજર
૩.	શ્રી. બદ્રુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૫.	શ્રી. ડાહ્યાભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર
૧૮.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	ગેરહાજર.

નિષ્ણાત તરીકે ભવનના અધ્યક્ષશ્રી ડી. એન. પાઠક તથા પ્રોફેસર તારાબહેન પટેલની નિમણૂક કરવામાં આવી હતી, અને તેઓ હાજર રહ્યાં હતાં.

લેક્ચરર-ઇન-સોશિયોલોજીની એક કાયમી જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એ. આર. શાહ	હાજર
૨. શ્રી. એસ. કે. પંડ્યા	ગેરહાજર.

હાજર રહેલા ઉમેદવારની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

" શ્રી. અરવિંદકુમાર રણછોડલાલ શાહને લેક્ચરર-ઇન-સોશિયોલોજીની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૬૪૦થી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જુ. મ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જુલાઈ માસની સભા શનિવાર, તા. ૧૦–૭–૧૯૭૧ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૧૧–૭–૧૯૭૧ના રોજ સવારના ૯–૦૦ કલાકે પણ ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. બંને દિવસ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૦–૭–૧૯૭૧	તા. ૧૧–૭–૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	હાજર
૯.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	ગેરહાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૧૨-૬-૧૯૭૧ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૨-૬-૧૯૭૧ની સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-અ. તે પછી પ્રમુખસ્થાનેથી નીચેના બે શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

(૧) "ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની આ સભા તેના સભ્ય, ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અને ગુજરાત રાજ્યના પંચાયત, ખેતી અને સહકાર ખાતાના ભૂતપૂર્વ મંત્રી શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈના દુઃખદ અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેમના અવસાનથી આ સભાગૃહને તથા ગુજરાતના શિક્ષણ, સમાજસેવા અને જાહેરજીવનનાં ક્ષેત્રોને મોટી ખોટ પડી છે. તે ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને આ સભા કૃતજ્ઞભાવે અંજલિ આપે છે અને તેમનાં કુટુંબીજનો પર આવી પડેલી આ વિપત્તિમાં ઊંડી સહાનુભૂતિ અને હમદર્દી વ્યક્ત કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની આ સભા, શુક્રવાર, તા. ૨૫-૬-૧૯૭૧ના રોજ યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના અધ્યાપક ડૉ. ભજગોવિન્દ એમ. જાનીનું અકાળે દુઃખદ અવસાન થવાથી ભારે ખેદની લાગણી અનુભવે છે, અને સદ્‌ગતનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી હમદર્દી દર્શાવે છે. તેમના ઉપર આવી પડેલી આ વિપત્તિ સહન કરવા માટે ઈશ્વર તેમને શક્તિ આપે અને સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે એમ આ સભા પ્રાર્થે છે, અને યુનિવર્સિટી પરિવારનાં સૌ કોઈને તેમને શક્ય તેટલી મદદરૂપ થવા અપીલ કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનો પર મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરના શોકદર્શક ઠરાવો સભાગૃહે ઊભા થઈને તથા બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા.

૨. પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકારી જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય
૧.	શ્રી. એમ. એસ. અફઘાની	વિનયન—ઉર્દૂ
૨.	શ્રી. એ. બી. પાલખીવાળા	વિજ્ઞાન—કેમિસ્ટ્રી

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ તેના તા. ૬-૬-૧૯૭૧ના પત્રાંક એમ.સી.આઈ. ૧૩(૨૪) ૭૧-એલ-૪૧૬૩ દ્વારા નવી તબીબી કૉલેજો શરૂ થવા અંગે કાઉન્સિલની એક્ઝિક્યુટિવ કમિટીએ તની તા. ૨૧/૨૨ મે ૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવની જાણ કરી છે તેની નોંધ લેવા બાબત :

"The Executive Committee notes with concern the opening of new medical colleges by some of the private agencies on the basis of high capitation fees and the very unsatisfactory state of affairs regarding the facilities for imparting

medical education in such colleges which have led to the deterioration of standards of medical education. The Executive committee further noted that such colleges have been in recent years, the centres of agitation by the students. The Executive committee urges the State Governments and the Universities to take steps to prevent such unsuitable institutions from being started. The Universities are further urged not to give affiliation to any medical college unless they are fully satisfied that the facilities provided are in consonance with the recommendations of the Medical Council of India."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. તા. ૧૭/૧૮-૪-૧૯૭૧ની સિન્ડિકેટમાં ફી-વધારા અંગે નિયુક્ત થયેલ સમિતિના અહેવાલના સંદર્ભમાં બિનસરકારી વિજ્ઞાન-વિનયન (હાર્ડ કેઈસીસ) કૉલેજોને ટ્યૂશન ફીના સંદર્ભમાં થતી આંધ્રના પ્રશ્નની તપાસ અંગે શ્રી. એન. જી. શેલત, શ્રી. એલ. આર. દેસાઈ અને શ્રી. એચ. એ. તલાટીની બનેલી સમિતિની નિમણૂક કર્યાની તથા સદરહુ સમિતિ પર શ્રી. એન. આર. ત્રિવેદી તથા શ્રી. એચ. કે. સોલંકી એમ વધુ બે સભ્યોની નિમણૂક કર્યાની જાણ કરતા રાજ્ય સરકારના અનુક્રમે તા. ૩-૬-૧૯૭૧ના તથા તા. ૨૪-૬-૧૯૭૧ના ઠરાવ ક્રમાંક એમ.જી.સી. ૧૩૭૧-ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ અને સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૭૧થી અનુક્રમે વિજ્ઞાનની નવી કૉલેજ શરૂ કરવા માટેની અને વધારાના વિષયો માટેના જોડાણની અરજીઓ પાછી ખેંચી લીધી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. ઑ. ૭ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર ચાર નિષ્ણાત સભ્યો અને ત્રણ વિભાગમાંથી વિભાગવાર એક એક આચાર્યશ્રી ત્રણ વર્ષ માટે નિયુક્ત કરવા બાબત.

[નોંધ.—હાલ નિષ્ણાત સભ્યો તરીકે (૧) શ્રી. આર. કે. પટેલ, (૨) શ્રી. છગનભાઈ પી. પટેલ, (૩) શ્રી. જુગલકિશોર કે. મિસ્ત્રી અને (૪) શ્રી. ચિનુભાઈ પી. શાહ છે; અને વિભાગવાર નિયુક્ત થતા આચાર્યો :

(૧) આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકર—ઉત્તર વિભાગ

(૨) આચાર્યશ્રી સી. એલ. શાસ્ત્રી—અમદાવાદ વિભાગ

(૩) આચાર્ય કે. એમ. તલાટી—દક્ષિણ વિભાગ છે;

અને તે સૌની મુદત તા. ૯-૮-૧૯૭૧ના રોજ પૂરી થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બોર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર તા. ૮-૯-૧૯૭૧થી ત્રણ વર્ષ માટે નીચે જણાવેલા સભ્યોની નિયુક્તિ કરવી :

નિષ્ણાત સભ્યો

(૧) શ્રી. આર. કે. પટેલ
(૨) શ્રી. જુગલકિશોર કે. મિસ્ત્રી
(૩) શ્રી. ડી. સી. પરીખ
(૪) શ્રી. દર્શનસિંઘ બસન.

વિભાગવાર આચાર્યો

(૧) આચાર્ય એચ. સી. પરીખ
(૨) આચાર્ય સી. એલ. શાસ્ત્રી
(૩) આચાર્ય વી. બી. અધ્વર્યુ.

૭. નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૭૧થી વિભાગીકરણ થતાં અલગ પડેલ નવગુજરાત લૉ કૉલેજ અને નવગુજરાત કૉમર્સ કૉલેજનું નામ હવે પછી નીચે મુજબ રાખવા માટે નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય તરફથી આવેલ તા. ૧૬-૬-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

૧. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ-૧૩
૨. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ-૧૩.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૭૧થી વિભાગીકરણ થતાં અલગ પડેલ બે કૉલેજોનાં નામ ઉપર મુજબ રાખવા માટેની સદરહુ વિનંતી મંજૂર કરવી અને તે પ્રમાણે રાજ્ય સરકારને જરૂરી જાહેરનામાં બહાર પાડવા માટે ભલામણ કરવી.

૮. સમાજવિદ્યા ભવનનાં સમાજશાસ્ત્રનાં પ્રાધ્યાપક ડૉ. તારાબહેન એન. પટેલનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૭-૯-૧૯૭૧ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૮-૯-૧૯૭૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનનાં સમાજશાસ્ત્રનાં પ્રાધ્યાપક ડૉ. તારાબહેન એન. પટેલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. તારાબહેન એન. પટેલને સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રનાં પ્રાધ્યાપક તરીકે તા. ૮-૯-૧૯૭૧થી કાયમ કરવાં.

૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનનાં વ્યાખ્યાતા તરીકે કામ કરતાં ડૉ. (કુમારી) મૃણાલિની એચ. ગાંધીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૦-૮-૧૯૭૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૩૧-૮-૧૯૭૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનનાં વ્યાખ્યાતા ડૉ. (કુમારી) મૃણાલિની એચ. ગાંધીની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. (કુમારી) મૃણાલિની એચ. ગાંધીને વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનનાં વ્યાખ્યાતા તરીકે તા. ૩૧-૮-૧૯૭૧થી કાયમ કરવાં.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા શ્રી. એન. ટી. પરીખ તા. ૧૫-૬-૧૯૭૦થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે (અ) નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ તથા (બ) સ્ટે. ૧૯૩-અ પ્રમાણે ગ્રેજ્યુઇટીની રકમ આપવા અંગેની તેમની તા. ૩૦-૧૧-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧૫-૯-૧૯૬૧થી ભવનમાં જોડાયા હતા અને તા. ૧૫-૬-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર તરીકે છૂટા થયેલા શ્રી. એન. ટી. પરીખને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ ચૂકવી આપવી, તથા ગ્રેજ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૧૧. સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગરના વિદ્યાર્થી શ્રી. યુ. ડી. દ્વારા રસાયણવિજ્ઞાન વિષયમાં રજૂ કરેલ પીએચ.ડી. પદવીના મહાનિબંધ તપાસવા નિમાયેલા રેફરીઓના મહાનિબંધ પરના રિપોર્ટમાં મહાનિબંધની સ્વીકૃતિ અંગે મતભેદ પડતાં ઓ. ૩૨૧માં કરવામાં આવેલા પ્રબંધ મુજબ સદરહુ મહાનિબંધ તપાસવા માટે તથા વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા માટે ચોથા રેફરીની નિમણૂક કરવા પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સિન્ડિકેટે તેની તા. ૧૨-૧૨-૧૯૭૦ની સભામાં વધારાના રેફરીઓ તરીકે પ્રો. એ. બી. બિસ્વાસ, મુંબઈ તથા પ્રો. કે. એમ. જોષી મુંબઈની ક્રમાનુવર્તી નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ માટે ચોથા રેફરી તરીકે નીચેની બે વ્યક્તિઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. એ. બી. બિશ્વાસ
(૨) પ્રો. કે. એમ. જોશી.

૧૨. એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એસ. એમ. શાહ તા. ૨૦-૬-૧૯૬૧થી નિવૃત્ત થતાં તેમની જગ્યાએ પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. આર. બી. કુલશ્રેષ્ઠની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. આર. બી. કુલશ્રેષ્ઠની નિમણૂક કરવી.

૧૩. મનોવિજ્ઞાન ભવનના રીડર ડૉ. એચ. ડી. બદ્દામીને યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી 'સામાન્ય મનોવિજ્ઞાન'નું પુસ્તક લખવાનું નિમંત્રણ સ્વીકારવા તથા તે

આગે પાના દીઠ રૂ. ૧૫ના વેતન સાથે અંદાજે રૂ. ૮,૦૦૦નું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એચ ડી. બદામીને સદરહુ કામગીરી તથા તે માટે રૂ. ૮,૦૦૦ સુધીનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૪. સ્ટાફ ક્વાર્ટર્સ માટે ફર્નિચર મગાવવા માટે રૂ. ૨૧,૦૦૦ની બજેટમાં જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. ૧૯૭૦-૭૧ના પુનર્નિર્મિત અંદાજમાં રૂ. ૨૧,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરી હતી પરંતુ તે સમય દરમ્યાન ફર્નિચર આવેલ ન હોવાથી ખર્ચ થયેલ નથી તેથી આ જોગવાઈ કરવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ ક્વાર્ટર્સ માટે ફર્નિચર મંગાવવા માટે ચાલુ વર્ષના અંદાજ-પત્રમાં રૂ. ૨૧,૦૦૦ની જોગવાઈ કરવી.

૧૫. કૉલેજ શિક્ષકો માટે 'મૅથેમેટિકલ ઇકોનોમિક્સ ઍન્ડ ઇકોનોમેટ્રિક્સ' વિષય પરત્વેના અભ્યાસક્રમ માટેના ગ્રીષ્મ વર્ગમાં વધારાની સેવા આપી છે તે માટેનું મહેનતાણું/માનદ વેતન સ્વીકારવા માટે નીચે જણાવેલ યુનિવર્સિટીના કર્મચારીઓ/શિક્ષકોને પરવાનગી આપવા અંગેના પ્રો. ડી. ટી. લાકડાવાળાના તા. ૪-૬-૧૯૭૧ના પત્ર ક્રમાંક ૪૦૪ અને ૪૦૫ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષક/કર્મચારીનું નામ		માનદ વેતન / મહેનતાણાની રકમ રૂ.
૧.	શ્રી. વી. પી. ભારદ્વાજ	વ્યાખ્યાતા સમાજવિદ્યા ભવન	૪૫૦
૨.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૨૦૦
૩.	શ્રી. એચ. એન. શાહ	,,	૧૫૦
૪.	શ્રી. એસ. કે. વાઘેલા	પટાવાળા	૫૦
૫.	શ્રી. સી. કે. વાઘેલા	,,	૫૦
૬.	શ્રી. એફ. એમ. પરમાર	સફાઈ કામદાર	૨૫

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને સદરહુ કામગીરી કરવા બદલ તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૬. ઑક્ટોબર ૨૮ થી ૩૦, ૧૯૭૧ના સમય દરમિયાન The Indian College of Allergy and Applied Immunologyનું પાંચમું કન્વેન્શન એમ. એસ. એસ. મેડિકલ કૉલેજ, જયપુર મુકામે થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને ભાગ લેવા મોકલવાનું જણાવતા મજકૂર કૉલેજના ચેરમૅન/મંત્રીશ્રીના તા. ૧૬ મેના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. બી. એલ. માથુરને મોકલવા.

૧૭. ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકૉર્ડ્ઝ કમિશન પર ૧૯૭૨થી ૧૯૭૫નાં વર્ષો માટે યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકૉર્ડ્ઝ કમિશન ઉપર ૧૯૭૨થી ૧૯૭૫નાં વર્ષો માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાની નિમણૂક કરવી.

૧૮. ઑક્ટોબર–નવેંબર ૧૯૭૧ના સમય દરમિયાન ઇન્ડો-ઈરાન સોસાયટીના ઉપક્રમે ન્યૂ દિલ્હી મુકામે '૨૫૦૦ યર્સ ઑફ મોનાર્કી ઇન ઈરાન'ની ઉજવણીના પ્રસંગે યોજાનાર અધિવેશનમાં યુનિવર્સિટીના વિદ્વાનો(સ્કૉલર્સ)ને ભાગ લેવા મોકલવાનું જણાવતા મજકૂર સોસાયટીના પ્રમુખશ્રો તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેની વ્યક્તિઓમાંથી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) પ્રો. એફ. સી. દાવર
(૨) ડૉ. છોટુભાઈ ૨. નાયક.

૧૯. "કાર્યાલયના ડેટા પ્રોસેસિંગ વિભાગ માટે આઇ.બી.એમ. કંપનીના ૦૨૪ મૉડલનાં બે કીબોર્ડ ઇલેક્ટ્રિકલ પંચિંગ મશીન્સ ભાડે લેવા વિચારણા કરવા બાબત:
(માસિક ખર્ચ રૂ. ૬૫૦/– થશે તથા એક વખતનો ચાર્જ રૂ. ૩૩૬૦ આપવાનો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બે પંચિંગ મશીનો ભાડે લેવાનો ઉપરનો પ્રસ્તાવ તથા તે માટે ઉપર જણાવેલ ખર્ચ મંજૂર કરવો.

૨૦. જામનગર મેટર્નિટી હૉસ્પિટલ, સુરતને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨–એ અનુસાર ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટની તા. ૧૧/૧૨–૨–૧૯૭૧ની સભામાં નીમેલ સમિતિએ સદરહુ હૉસ્પિટલ સમિતિની ભલામણોનું પરિપાલન કરે તો તેને મુખ્યત્વે ઑબ્સ્ટેટ્રિક્સ ઍન્ડ ગાયનેકોલોજીના વિષય માટે એક ઇન્ટર્ની લેવાની છૂટ આપવા ભલામણ કરી છે તો તે પર વિચારણા કરવા બાબત :

The request for posting a rotating houseman may only be granted, if the following recommendations are duly complied with :

(1) The Resident Medical Officers at the hospital should preferably be Medical graduates (M.B.,B.S.) as they are going to help and guide the Medical graduates during the rotating Housemanship.

(2) At present there is only Obstetrics and Gynaecology work done with 30 beds. It is suggested that there should be Medical and Surgical departments also with at least 15 beds each, to enable the internee to acquire experience of all major subjects.

(3) Visiting Honorary or full-time consultants for Medical or Surgical departments should be appointed. They should work at least 3 hours daily in O.P.D. and indoor.

(4) Proper messing arrangements may be done for the internee.

(5) The request by the institution for posting only "Female" interns may be considered atfter proper consultation with the Deans of the colleges about the possibility of such posting.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને ઉપરની શરતોનું પરિપાલન થયેથી ઑબ્સ્ટેટ્રિક્સ અને ગાયનેકોલોજીના વિષય માટે એક તાલીમી (ઇન્ટર્ની) લેવાની પરવાનગી આપવી.

૨૧. એલએલ.બી. માટેના શ્રી. ગોવિંદલાલ હામોદરદાસ શાહ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગેની શરત નીચે પ્રમાણે છે:

"..... shall be awarded to a candidate who stands first in the First Class at the Final Degree Examination of Bachelor of Laws to be held by the University in March / April and in preceding October every year."

તો આના સંદર્ભમાં આ સુવર્ણચંદ્રક એલએલ.બી. (જનરલ) અને એલએલ.બી. (સ્પેશિયલ) થર્ડ એલએલ.બી.ના નવા અભ્યાસક્રમ જોતાં પ્રથમ વર્ગમાં એલએલ.બી. (જનરલ) કે પછી એલએલ.બી.(સ્પેશિયલ)ની પરીક્ષામાં પ્રથમ આવનારને એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૧ના વર્ષની પરીક્ષા માટે સદરહુ સુવર્ણચંદ્રક એલએલ.બી.-(સ્પેશિયલ)ની પરીક્ષા માટે આપવાનું રાખવું, અને ભવિષ્યમાં સ્પષ્ટતા માટે ઉપરના નિયમમાં 'The Final Degree Examination of Bachelor of Laws' એ શબ્દોને બદલે 'LL.B. (Special) Degree Examination' એ શબ્દો દાતાની અનુમતિ લઈને મૂકવાનું રાખવું.

૨૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ પ્રમાણે ભારત સરકારે ગ્રંથાલય-શાસ્ત્રના શિક્ષકગણનાં પગારધોરણો નીચે જણાવ્યા પ્રમાણે સુધાર્યાં છે તે તા. ૧-૪-૧૯૬૬થી અમલી અને તે રીતે યુનિવર્સિટીઓને રાજ્ય સરકાર તે અંગેની શરતોના નિયમોને આધીન રહીને આર્થિક સહાય આપશે તેમ જણાવતા ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. એમ.આઈ.એસ. ૧૦૬૮-કે-એચ. તા. ૨૭-૧૦-૧૯૭૦ પરત્વે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	હોદ્દો	પ્રવર્તમાન પગાર	સુધારેલું પગારધોરણ
૧.	પ્રોફેશનલ (સિનિ.) પ્રોફેસર	રૂ. ૧૦૦૦-૫૦-૧૫૦૦	રૂ. ૧૧૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦
૨.	પ્રોફેશનલ (સિનિ.) રીડર	રૂ. ૫૦૦-૩૦-૧૨૦-૪૦-૧૦૦૦	રૂ. ૭૦૦-૫૦-૧૨૫૦
૩.	પ્રોફેશનલ (જુનિ.) લેક્ચરર	રૂ. ૪૦૦-૩૦-૧૪૦-૪૦-૮૦૦	રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગ્રંથપાલ અને મદદનીશ ગ્રંથપાલની હાલની જગ્યાઓ અને પગારધોરણો છે તે મુજબ જ ચાલુ રાખવાં અને ગ્રંથાલયશાસ્ત્રના શિક્ષણ માટે જે ભથ્થું તેમને આપવામાં આવે છે તે ચાલુ રાખીને તેના શિક્ષણની વ્યવસ્થા યથાવત્ ચાલુ રાખવી.

૨૩. શ્રી. પટેલ વિક્રમભાઈ વેલજીભાઈ ને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બી.કૉમ. જૂના કોર્સની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી નવા અભ્યાસક્રમની સેકન્ડ બી.કૉમ. પરીક્ષાના વર્ગમાં પ્રવેશ આપવાને બદલે સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજે ૧૯૭૦-૭૧ના વર્ષમાં થર્ડ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ આપવામાં આવ્યો હોઈ સદરહુ વિદ્યાર્થીનો થર્ડ બી.કૉમ. પરીક્ષાનો પ્રવેશ રદ કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ વિદ્યાર્થીએ ૧૯૭૦-૭૧ના વર્ષમાં થર્ડ બી.કૉમ.ના વર્ગમાં બે સત્રો ભર્યાં છે અને તેમનું થર્ડ બી.કૉમ. પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૧નું પરિણામ હાલ અનામત રાખવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પટેલ વિક્રમભાઈ વેલજીભાઈને, ઉપર જણાવેલા સંજોગો લક્ષમાં લઈને અપવાદ તરીકે, સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષામાં બેસવા માટે જણાવવું, અને તે પરીક્ષામાં તેઓ પાસ થયેથી તેમનું થર્ડ બી.કૉમ.નું પરિણામ જાહેર કરવું.

૨૪. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૬/૧૭-૬-૧૯૭૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની છઠ્ઠી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૬/૧૭-૬-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૨૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૩-૬-૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૬-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૨૬. સિન્ડિકેટે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સંલગ્ન કૉલેજોના દાતાઓ તરફથી અનામત રાખવામાં આવેલી વિદ્યાર્થીઓની જગ્યા અંગે પુછાવતાં તે અંગે સંલગ્ન કૉલેજો તરફથી આવેલ માહિતી પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણા પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) સંલગ્ન કૉલેજો પાસેથી તે કૉલેજો શરૂ કરવા માટે તેમને મળેલા દાન અંગે દાતાઓને માટે કોઈ જગ્યાઓ અનામત રાખવાની શરત રાખવામાં આવેલી હોય તો તે શરતો અંગેની માહિતી મગાવવી.

(૨) ભવિષ્યમાં કોઈ કૉલેજોને જોડાણ આપવામાં આવે તો તે કૉલેજોને મળેલા દાન અંગે દાતાઓ માટે તે કૉલેજના પહેલા વર્ષના વર્ગ કે વર્ગોમાં જેટલી જગ્યાઓ માટે મંજૂરી આપવામાં આવી હોય તેના કુલ વિદ્યાર્થીઓના પાંચ ટકા કરતાં વધુ જગ્યાઓ દાતા કે દાતાઓ માટે અનામત રાખી શકાશે નહીં.

(૩) કોઈ પણ સંલગ્ન કૉલેજ વિદ્યાર્થીઓ પાસેથી તેમના પ્રવેશ માટે 'કેપિટેશન ફી' રોકડ નાણામાં કે અન્યથા લઈ શકશે નહીં.

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલ બિનસરકારી ટેકનિકલ અને ફાર્મસી કૉલેજોમાં ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હોય તે વિદ્યાર્થીઓનાં નામ અને ગુણાંકની માહિતી મગાવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૨૭. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૮૮ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૮. સિન્ડિકેટ તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો, ગ્રંથાલય તથા ભવનોના કામકાજના ભારણ અંગે નીમેલી વર્કલોડ સમિતિની તા. ૨૯-૩-૧૯૭૧ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૯. સિન્ડિકેટ તેની તા. ૬/૭-૬-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેની તપાસસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૦. સેનેટની તા. ૧૯/૨૦/૨૧ તથા ૨૭/૨૮-૩-૧૯૭૧ની વાર્ષિક સભામાં થયેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

ચર્ચાવિચારણા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. અનુસ્નાતક શિક્ષણ	**ઠરાવ**
(૧) ગુજરાતમાં આંતર-યુનિવર્સિટી કક્ષાએ અનુસ્નાતક અભ્યાસક્રમ ગોઠવાય નહીં તે જોવું જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૨) અનુસ્નાતક કેન્દ્રોમાં ભવનો જેવી સુવિધાઓ પ્રાપ્ય થવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

	ઠરાવ
(૩) (૧) ભૂગોળના વિષયમાં પ્રવાસ માટે સુવિધા કરવી જોઈએ, તથા	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન અંગે તે અભ્યાસસમિતિના અધ્યક્ષ પાસેથી સૂચનો મગાવવાં.
(૨) પુસ્તકોની ખરીદી માટે અભ્યાસસમિતિના અધ્યક્ષને પૂછવું જોઈએ	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન અંગે અભ્યાસસમિતિના અધ્યક્ષ પાસેથી સૂચનો મગાવવા શ્રી. ગ્રંથપાલને જણાવવું.
(૪) સંશોધન માટે ગ્રાન્ટ આપીએ છીએ તેના વિષયો અને માણસોની ચકાસણી કરવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન અંગે યુનિ. ગ્રાન્ટ્સ કમિશનને લખવું.
(૫) અનુસ્નાતક કેન્દ્રોને વધુ આર્થિક સહાય મળવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવું નહીં.
૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનો	
(૧) ભવનોએ સંશોધન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનનો સ્વીકાર કરવો.
(૨) સંશોધન માટે ખર્ચની જોગવાઈ વધારવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સંશોધન માટેના ખર્ચની જોગવાઈ પર્યાપ્ત છે છતાં જરૂર હશે તો વધારી શકાશે
૩. પરીક્ષા--પદવીદાન	
(૧) ક્રેડિટ પદ્ધતિ દાખલ કરવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૨) ઑક્ટોબરની પરીક્ષાનાં પરિણામો વહેલાં અપાવવાં જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબરની પરીક્ષાનાં પરિણામો શક્ય એટલાં વહેલાં જાહેર કરવાનું રાખવું.
(૩) અમદાવાદની પરીક્ષાઓ બે કેન્દ્રોમાં રાખવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવું નહીં.
(૪) પદવીદાન સમારંભમાં કંગાળ હાજરી રહેતી હોવાથી કંઈક કરવું જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન બાબત ક્રમાંક ૬૮માં નોંધેલી સમિતિની વિચારણા માટે મોકલવું.
(૫) 'સામાન્ય શિક્ષણ'ને યુનિવર્સિટી પરીક્ષાનો વિષય બનાવવો જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સામાન્ય શિક્ષણની પરીક્ષા અંગે હાલની પદ્ધતિ ચાલુ રાખવી.
(૬) પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા માટેનું વેતન ઘણું ઓછું છે.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

૪. ગ્રંથાલય

ઠરાવ

(૧) ૧૦ ટકા પુસ્તકો પ્રતિવર્ષ ઉમેરાવાં જોઈએ.
(૨) પુસ્તક ખરીદી માટેની પદ્ધતિ સુધારવી જોઈએ. સૂચનો કરવાની પદ્ધતિ સંતોષકારક નથી તેથી વિક્રેતાઓનાં વહેલો તે પહેલો એ પદ્ધતિ રાખવી જોઇએ.
(૩) યુનિવર્સિટી ગ્રંથાલય સવારના ૭-૦૦ વાગ્યાથી શરૂ થવું જોઈએ.
(૪) વાણિજ્ય-એકાઉન્ટન્સી વિષયનાં અંગ્રેજી ભાષામાં પુસ્તકો વધુ સંખ્યામાં ખરીદવાં જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો ગ્રંથાલય સમિતિને મોકલવાં.

૫. બોર્ડ ઑફ સ્પોર્ટ્સ

(૧) રમતગમતની સ્પર્ધાઓ બીજા સત્રમાં યોજવી જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવું શકય નથી.

૬. પ્રકીર્ણ

(૧) એકેડેમિક કાઉન્સિલ તથા અભ્યાસ-સમિતિઓ શું કાર્ય કરે છે તેનો ઉલ્લેખ વાર્ષિક અહેવાલમાં હોવો જોઈએ. તેના કામકાજની યાદી સર્વે કૉલેજોને પરિપત્રિત કરવી જોઈએ.
(૨) સંલગ્ન કૉલેજના જોડાણ માટે એક અલગ તંત્ર હોવું જોઈએ.
(૩) આરોગ્ય માટેના પ્રકરણમાં અખિલ ભારતીય આંક વાર્ષિક અહેવાલમાં આવવો જોઈએ.
(૪) પરિષદ-પરિસંવાદમાં પ્રતિનિધિ મોકલતી વખતે જે તે વિષયની અભ્યાસસમિતિનાં સૂચનો મગાવવામાં આવે.
(૫) યુવક મહોત્સવનાં સારાં નાટકો જાહેર શો રાખી પણ બતાવવાં જોઈએ.
(૬) નાનીમોટી કૉલેજો માટે પુસ્તકોની ખરીદ કરવાની રકમ અંગેની શરત સરખી ન હોવી જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનોની નોંધ લેવી.

૩૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"તમામ વિદ્યાશાખાઓની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને વિદ્યાર્થીઓને ખાનગી રાહે ટ્યૂશન આપવાની મના કરવી, તેમ છતાં અભ્યાસમાં કાચા જણાયેલા વિદ્યાર્થીઓને માટે કૉલેજોમાં આચાર્યશ્રીની મંજૂરીથી ખાસ તાલીમ વર્ગો ચલાવી શકાશે, પણ આવા વર્ગો કૉલેજના મકાન સિવાય અન્યત્ર યોજી શકાશે નહિ અને તે માટે વધારાની કશી પણ ફી વિદ્યાર્થીઓ પાસેથી લઈ શકાશે નહિ.

વધુમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતોમાં ઉપર મુજબની એક શરત ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે તમામ વિદ્યાશાખાઓની કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને વિદ્યાર્થીઓને ખાનગી રાહે ટ્યૂશન આપવાની મના કરવી, તેમ છતાં અભ્યાસમાં કાચા જણાયેલા વિદ્યાર્થીઓને માટે કૉલેજોમાં આચાર્યશ્રીની મંજૂરીથી ખાસ તાલીમ વર્ગો ચલાવી શકાશે, પણ આવા વર્ગો કૉલેજના મકાન સિવાય અન્યત્ર યોજી શકાશે નહીં.

૩૨. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ રૂ. ૧૩,૦૦૦નું ફર્નિચર ખરીદવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૧૩,૦૦૭ની વધુ જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીવિજ્ઞાન માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં વધુ રૂ. ૧૩,૦૦૦ની જોગવાઈ કરવી.

૩૩. I.C.S.S R Training Course in Research Methodologyમાં વધારાની સેવાઓ આપવા માટે તથા તે માટેનું માનદ વેતન સ્વીકારવા માટે નીચે જણાવેલ શિક્ષકોને પરવાનગી આપવા સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩-૬-૧૯૭૧-ના પત્ર ક્રમાંક ૬૪૯ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	સૂચવેલ માનદ વેતનની રકમ	હાલ મળતો મૂળ પગાર
		રૂ.	રૂ.
૧.	ડૉ. વિમલ પી. શાહ	૧,૫૦૦-૦૦	૧,૦૦૦-૦૦
૨.	ડૉ. તારા પટેલ	૮૦૦-૦૦	૧,૧૫૦-૦૦
૩.	શ્રી. વી. પી. ભારદ્વાજ	૮૦૦-૦૦	૫૬૦-૦૦
૪.	ડૉ. એચ. ડી. બદામી	૮૦૦-૦૦	૭૫૦-૦૦
૫.	શ્રી. કે. ડી. દેસાઈ	૬૦૦-૦૦	૬૦૦-૦૦
૬.	શ્રી. ઈ. જે. સસીહી	૫૦૦-૦૦	૬૪૦-૦૦
૭.	શ્રીમતી ઉષાબહેન કન્હારે	૫૦૦-૦૦	૬૪૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સભ્યોને સદરહુ કામગીરી માટે તેમનાં નામ સામે જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૩૪. બંગલા દેશમાં હત્યાકાંડના કારણે નિરાશ્રિત બનેલાને બંગલા દેશના લોકોને આર્થિક મદદ કરવા માટે ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર, ન્યૂ દિલ્હીના માનદ અધ્યક્ષશ્રીના તા. ૨૬-૬-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્ય માટે રૂ. ૫૦-૦૦નો ફાળો ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટર, ન્યૂ દિલ્હીને મોકલવો.

૩૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રાધ્યાપક શ્રી. પી. સી. વૈદ્યની નિમણૂક ગુજરાત રાજ્યના પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન તરીકે થવાથી તેઓ તેમની પ્રાધ્યાપકની જગાએથી વિજ્ઞાન વિદ્યાભવનમાંથી તા. ૧૬-૬-૧૯૭૧ના રોજથી છૂટા થયા તેનો નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૬. ડૉ. બી. એમ. જાનીના તા. ૨૫-૬-૧૯૭૧ના રોજ રાતના ૮-૧૫ વાગે લેડીઝ હૉસ્ટેલના કમ્પાઉન્ડની બહાર વીજળીનો કરન્ટ લાગવાથી થયેલ દુઃખદ અવસાનની બાબતમાં નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી. એન. જી. શેલતની બનેલી એક-વ્યક્તિ તપાસસમિતિ નીમ્યાના કુલપતિશ્રીના કાર્યનો નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેની સંલગ્ન કૉલેજોના ચાલુ-વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ આપવા માટે ભલામણ કર્યાના :

૧. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૬
૨. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૧૭
૩. આર્ટ્સ કૉલેજ, સંખેડા
૪. વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૨૨
૫. શ્રી. યુ. પી આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૬. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૭. શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ અને શ્રી એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા
૮. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
૯. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧
૧૦. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા
૧૧. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા
૧૨. શેઠ એસ. ડી. આર્ટ્સ ઍન્ડ બી. આર. શાહ કૉમર્સ કૉલેજ, માણસા

૧૩. મહુધા આર્ટ્સ ઍન્ડ એમ. ડી. શાહ કૉમર્સ કૉલેજ, મહુધા
૧૪. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
૧૫. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ–૭
૧૬. શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા
૧૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૧૮. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ–૧
૧૯. સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર
૨૦. કલોલ મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ
૨૧. ભવન્સ જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોર
૨૨. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ
૨૩. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ
૨૪. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ–૧
૨૫. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ–૨૨
૨૬. શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર
૨૭. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ (કચ્છ)
૨૮. શ્રી સી. બી. શાહ લૉ કૉલેજ, ખંભાત;

(૨) કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તેમજ પંકજ કેળવણી મંડળ, અમદાવાદે ગુજરાત હાઈકોર્ટમાં ગુજરાત યુનિવર્સિટી સામે કરેલ રિટ પિટિશન અંગે શ્રી સુરેશભાઈ એન. શેલતને ઍડવોકેટ તરીકે રોકવાના તેમજ ઍડવોકેટની ફી તેમજ અન્ય ખર્ચાઓને મંજૂરી આપ્યાના;

(૩) સિન્ડિકેટના તા. ૧૭/૧૮/૨૫–૪–૧૯૭૧ના ઠરાવને અનુલક્ષીને તથા હાલ સી.એમ.ઓ.નું પદ પણ સંભાળે છે તે ધ્યાનમાં લઈને યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના આર.એમ.ઓ. ડૉ. સી. આર. ત્રિવેદીની અમદાવાદમાં એમ.ડી.નો વધુ અભ્યાસ કરવા માટે તેઓને આ અભ્યાસક્રમ માટે અડવાડિયામાં ચાર દિવસો માટે પ્રત્યેક દિવસે અડધા દિવસની રજા મંજૂર કરીને તે રજાઓ તેમની હક્ક રજાઓ સાથે અપવાદરૂપે ગણતરીમાં લેવાની મંજૂરી આપ્યાના.

(નોંધ.—આ સમય દરમ્યાન તેઓને આપવામાં આવતું સ્કૂટર ભથ્થું તથા સી.એમ.ઓ.ના ચાર્જ માટે આપવામાં આવતું વધારાનું ભથ્થું ચાલુ રાખવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક F. 5-39/70 (SC III) dated 19-6-1971થી "Award of fellowships for undertaking writing of books at University level in association with distinguished University teachers" અંગે ૧૯૭૧-૭૨ના વર્ષ માટે રૂ. ૭,૭૫૮ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૯. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્ર વિષયના માનાર્હ પ્રાધ્યાપક ડૉ. ડી. ટી. લાકડાવાળાને તે જગ્યા પર કામ કરવા માટે તા. ૨૯-૧-૧૯૭૦થી માસિક રૂ. ૧૫૦નું માનદ વેતન આપવાનું નક્કી કરેલું, પરંતુ હવે આ રકમને બદલે, તેમની તા. ૨૯-૧-૧૯૭૦થી તા. ૯-૬-૧૯૭૧ની સેવાઓ માટે ફક્ત કુલ રૂ. ૧૫૦નું જ માનદ વેતન સ્વીકારી બાકીની રકમ પરત કર્યાના તેમના તા. ૮-૬-૧૯૭૧ના પત્રની નોંધ લેવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧૦-૬-૧૯૭૧થી આ જગ્યા પરથી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૦. યુનિવર્સિટી કાર્યાલયના અનુસ્નાતક વિભાગમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. જે. ચૌહાણની જે તારીખથી તેઓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં ફરજ પર જોડાય તે તારીખથી એક વર્ષના પદાધિકાર (Lien) આપવા અંગેની તા. ૨૮-૬-૧૯૭૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી ચૌહાણનું રાજીનામું તા. ૩૦-૬-૧૯૭૧થી મંજૂર થયેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ક્લાર્ક શ્રી. જે. જે. ચૌહાણને તા. ૧-૭-૧૯૭૧થી એક વર્ષ માટે પદાધિકાર (lien) આપવો અને તે દરમિયાન તેમનું રાજીનામું સ્થગિત કરવું.

૪૧. જૂન, ૧૯૭૧થી નવગુજરાત લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું વિભાગીકરણ કરવા માટે આવેલ અરજી પર સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. શરત મુજબ હાલ છાત્રાલય અંગે વ્યવસ્થા કરી નથી, પરંતુ છાત્રાલય બંધાઈ રહ્યું છે અને ત્રણેક માસમાં બંધાઈ રહેશે તેમ જણાવ્યું છે.

૨. ચકાસણી સમિતિએ વિભાગીકરણ બાબતમાં આગળની કાર્યવાહી કરવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૪૨. જૂન, ૧૯૭૧થી પ્રી-યુનિવર્સિટી વાણિજ્યની પરીક્ષા માટે નવો અભ્યાસક્રમ અમલમાં આવ્યો હોઈ માર્ચ, ૧૯૭૧ની જૂના અભ્યાસક્રમ હેઠળ લેવાયેલ આ પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે જૂના અભ્યાસક્રમ મુજબની વધુ પરીક્ષા લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વાણિજ્યની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ બે પરીક્ષાઓ ઑક્ટોબર ૧૯૭૧ અને માર્ચ–એપ્રિલ ૧૯૭૨માં લેવાનું રાખવું.

૪૩. યુનિવર્સિટી પ્રેસ મરામત અને ખાસ ફેરફારો ખાતે રૂ. ૫,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

વિચરતી જાતિના વિદ્યાર્થીઓને ખાસ કેસ તરીકે પ્રવેશ આપવા અંગે તથા હાલના નિયમોમાં તે મુજબ ફેરફાર કરવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક વિદ્યાભવનો અને અનુસ્નાતક કેન્દ્રોમાં અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓ(Scheduled Castes and Scheduled Tribes)ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની બાબતમાં અન્યથા સમાન ગુણ ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની બાબતમાં પસંદગી આપવાનું રાખવું.

વધુમાં, સ્પષ્ટતા કરવામાં આવે છે કે અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીના ગુણ અન્ય વિદ્યાર્થી કરતાં ઓછા હોય તો તેમને પ્રવેશ આપવાની બાબતમાં પસંદગી આપવાનો પ્રશ્ન રહેતો નથી, એમ પણ આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

૪૯. સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ની સભામાં થયેલા ઠરાવને અન્વયે વિજ્ઞાન વિદ્યાભવનમાં ડૉ. એન. ડી. છાયાની ઝૂલોજીના વ્યાખ્યાતા તરીકે તા. ૧૫-૬-૧૯૭૧થી નિમણૂક કરી હતી, પરંતુ તેઓ ફરજ પર હાજર થયા નથી અને વધુ પગારની માગણી કરે છે તો તે અંગે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજીના પ્રાધ્યાપકશ્રીના તા. ૨૬-૫-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે વરણીસમિતિની તા ૧૩-૧-૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજીના લેક્ચરર તરીકે કરવામાં આવેલ ડૉ. એન. ડી. છાયાની નિમણૂક રદ કરવી તથા શ્રી. દેવેન્દ્રકુમાર એ. મેગોનની તે જગ્યા પર રૂ. ૪૦૦-૧૦-૫૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

૫૦. સિન્ડિકેટની તા. ૧૭/૧૮/૨૫ એપ્રિલ ૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ વિદ્યાર્થી મંડળોની ચૂંટણી પદ્ધતિ અંગેની રૂપરેખાના નિયમ નં. ૪, ૯ અને ૧૦ અંગે આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદના આચાર્યએ કરેલ નીચેનાં સૂચન પર વિચારણા કરવા બાબત :

નિયમ નં. ૪—આ નિયમમાં દર ૫૦ વિદ્યાર્થીએ એક અને ડિવિઝન દીઠ ઓછામાં ઓછો એક પ્રતિનિધિ હોવો જોઈએ તેની લઘુતમ મર્યાદા નક્કી કરી છે. તે જ પ્રમાણે તેથી વધુ પ્રતિનિધિ ન હોવા જોઈએ તેની ગુરુતમ મર્યાદા નક્કી કરવી જરૂરી છે.

નિયમ નં. ૯ આ નિયમમાં એવો ઉમેરો કરવો જરૂરી છે કે કોઈ વિદ્યાર્થી વર્ગપ્રતિનિધિ હોય તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન સંજોગવશાત્ કૉલેજ છોડી જાય અગર તેનું અવસાન નીપજે, અથવા કૉલેજમાંથી તે બરતરફ થાય તો એવા સંજોગોમાં વર્ગપ્રતિનિધિની ચૂંટણી અથવા તો હોદ્દેદારોની ચૂંટણી ફરીથી થશે નહિ. તે જગ્યા ઉપર આચાર્યશ્રી કોઈ પણ લાયક વિદ્યાર્થીને તે ડિવિઝનમાંથી નીમી શકશે.

નિયમ નં. ૧૦—ચૂંટણી અંગેના આ નિયમમાં ઉમેરો કરવો કે કૉલેજ વિદ્યાર્થી મંડળ શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓનું રહે, આથી જે વિદ્યાર્થી સામે ભૂતકાળમાં પોલીસ ફરિયાદો થઈ હોય, અગર ભૂતકાળમાં યુનિવર્સિટીની પરીક્ષામાં ગેરવાજબી ઇલાજને અજમાવ્યા બદલ શિક્ષા પામેલ હોય તે વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરવામાંથી બાકાત રાખવા જોઈએ.

વધુમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ પોતાના ડિવિઝનમાં વર્ગપ્રતિનિધિની ચૂંટણીમાં મત આપી શકે એમ સ્પષ્ટતા કરવી આવશ્યક છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો વિદ્યાર્થી સંસદની વિચારણા માટે મોકલવાં અને કૉલેજોના વિદ્યાર્થી મંડળોના બંધારણ અંગે બીજાં જે કોઈ સૂચનો આવે તે પણ વિદ્યાર્થી સંસદનાં વિચારણા માટે મોકલવાં.

દરમ્યાન ચાલુ વર્ષે વિદ્યાર્થી મંડળના બંધારણ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮/૨૫-૪-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલા નિયમો અમલમાં રહે છે એમ સંબંધકર્તા કૉલેજોને સ્પષ્ટતા કરવી.

૫૧. યુનિવર્સિટીઓમાં એમ્પ્લોયમેન્ટ ઇન્ફર્મેશન-કમ-એડવાઇઝરી બ્યૂરો અને કૉલેજોમાં કેરીઅર એડવાઇઝિંગ એકમો (units) ઊભા કરવા બાબતમાં યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૨-૬-૧૯૭૧ના પત્ર નં. એફ. ૭૬-૧ (એસએ-૨) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) એમ્પ્લોયમેન્ટ, ઇન્ફર્મેશન-કમ-એડવાઇઝરી બ્યૂરો અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સદરહુ યોજના સ્વીકારવી અને તે માટે જરૂરી આર્થિક સહાય આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી સાથે સાથે ભવિષ્યની જવાબદારી ઉપાડવા માટે રાજ્ય સરકારને પણ વિનંતી કરવી.

(૨) સંલગ્ન કૉલેજોમાં કરીઅર એડવાઇઝરી એકમો ઊભા કરવાની બાબતમાં જરૂરી પરિપત્ર પાઠવીને કૉલેજો પાસેથી પ્રસ્તાવો મગાવવા માટે કાર્યાલયને જણાવવું.

૫૨. આર. આર. લાલન કૉલેજ, ભૂજને ૧૯૭૦થી જોડાણ આપવા સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન મજકૂર કૉલેજે હજુ સુધી કરેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શરતોના પરિપાલન માટે યથાવત્ માહિતી નીચે મુજબ છે :

(*vi*) The Registrar shall submit the application and all its proceedings in the matter to the senate for information.

3. ઓર્ડિ. ૧૨૦ (એફ) નીચે મુજબ મંજૂર કરવા :

O. 120-F :

Not withstanding anything contained elsewhere, an affiliated college desiring to discontinue teaching of a subject or subjects for which it is affiliated will be permitted to do so subject to the rules and procedure laid down hereunder :

(*i*) Discontinuance of teaching of any one or more special subjects at the Third (Final year of the Three-Year Degree Course shall commence from the First Year and shall be put into operation progressively so as to ensure that the entire process of discontinuance ends at the end of the Third Year.

(*ii*) A College which has discontinued the teaching of a special subject or subjects under (*i*) above, shall have to apply afresh for affiliation under Sec. 33 of the Act, if it desires to renew teaching of the same provided that such affiliation shall not be granted to it for a period of at least two years after the completion of the procedure under (*i*) above.

(*iii*) If discontinuance of the teaching of a general or subordinate subject or subjects is desired, it shall commence from the First Year and shall be completed in two years in a progressive manner.

(*iv*) If the intended change is only in respect of a change from teaching of a Principal or special subject or subjects to its teaching as a general or subordinate subject or subjects, intimation of the same shall be given by the college to teachers and students concerned not less than two academic years in advance.

(*v*) If discontinuance of the teaching of a subject or subjects is intended at the First year, it shall be done by stages, viz. First at the Pre-University and then at the First Year stage.

(*vi*) If discontinuance of the teaching of a subject or subjects at any stage is intended, it shall be intimated to the University Office, to the students and teachers of the college concerned from the very first year, and during this process of discontinuance of teaching contemplated as above no rights of the teacher or teachers concerned under the rules of the University shall be abridged.

કુ. ચં. પરીખ
કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૭-૮-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૮-૮-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે પણ ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. બન્ને દિવસ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૮-૧૯૭૧	તા. ૮-૮-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	ગેરહાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૭.	શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. સત્યેંદ્ર કાળિદાસ ઝવેરી	હાજર	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને નીચેના ત્રણ સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) સિન્ડિકેટની સભા 'રવિવાર, તા. ૧૧-૭-૧૯૭૧ના રોજ સવારના ૯-૦૦ કલાકે પણ ચાલુ રહી હતી' એ શબ્દોને બદલે 'રવિવાર, તા. ૧૧-૭-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે પણ ચાલુ રહી હતી' એ શબ્દો મૂકવા.

(૨) નીચેની બાબત નં. ૨૮ પછી ૨૮-અ તરીકે લેવામાં આવી હતી, તેથી બાબત નં. ૨૮ પછી અને બાબત નં. ૨૯ પહેલાં નીચે મુજબ ઉમેરો કરવો :

૨૮-અ. જે વિદ્યાર્થી ડિપ્લોમા-ઇન-ફાર્મસીની પરીક્ષા પાસ કરી ફાર્મસીના અભ્યાસક્રમમાં જોડાયા છે તેમને, ગયા વર્ષના આવા વિદ્યાર્થીઓની જેમ, ડિસ્પેન્સિંગ ફાર્મસી અને ફોરેન્સિક ફાર્મસીના વિષયોની પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે પણ ડિસ્પેન્સિંગ ફાર્મસી અને ફોરેન્સિક ફાર્મસીના વિષયોની પરીક્ષામાંથી મુક્તિ આપવી.

(૩) બાબત નં. ૫૭માં સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની ભલામણ નં. ૨ વધુમતે મંજૂર કરવામાં આવી હતી એમ દર્શાવવામાં આવ્યું છે, એ બાબતમાં સ્પષ્ટતા કરવામાં આવી કે બાબત નં. ૫૭નો આખો ઠરાવ વધુમતે પસાર કરવામાં આવ્યો હતો તેથી ' આથી ઠરાવવામાં આવે છે કે' એ શબ્દોને બદલે 'આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે' એ શબ્દો મૂકવા અને સ્થાયી સમિતિની ભલામણોમાં બાબત નં. ૨ની આગળ કૌંસમાં જે નોંધ આપવામાં આવી છે તે રદ કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૯૧ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી અને તે પર કેટલીક ચર્ચાવિચારણા થયા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિના અહેવાલની નકલો બાનગી રાહે સિન્ડિકેટના સભ્યોને આપવી અને આ બાબતની વધુ ચર્ચાવિચારણા બીજે દિવસે એટલે કે **રવિવાર, તા. ૮-૮-૧૯૭૧**ના રોજ કરવાનું રાખવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ચરોતર મેડિકલ રિલીફ સોસાયટી અને ચતુરભાઈ ગંગાદાસ જનરલ હોસ્પિટલ, ઉત્તરસંડાને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગેની સ્થાનિક તપાસસમિતિ પર ડો. ઈ. એમ. બેસ્ટને સ્થાને ડો. સી. આઈ. ઝાલાની નિમણૂક કર્યાના;

(૨) બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમ અંગેના સંબંધકર્તા રેગ્યુ. સાયન્સ ૮ અને રેગ્યુ. સાયન્સ ૧૫નો અમલ જૂન ૧૯૭૧ને બદલે જૂન ૧૯૭૧થી ક્રમશઃ અમલમાં મૂકયાના;

(૩) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને બી.એડ.નો નવો વર્ગ શરૂ કરવાની શરતે તથા નિયમ મુજબ જરૂરી શિક્ષકગણ રાખવાની શરતે વધુ ૨૦ વિદ્યાર્થીઓ લેવા પરવાનગી આપ્યાના;

(૪) બૅન્કિંગ કે તેને લગતા આનુષંગિક વિષય ઉપર પ્રતિવર્ષ આંતર-કૉલેજ વક્તૃત્વસ્પર્ધા યોજીને ટ્રોફી ઍનાયત કરવા માટે બૅંક ઑફ બરોડા, અમદાવાદ તરફથી યુનિવર્સિટીને રૂ. ૭,૫૦૦ના મળેલ પ્રદાનનો સ્વીકાર કર્યાના;

(૫) યુનિવર્સિટીમાં તા. ૧-૧૧-૧૯૬૪થી તા. ૧-૯-૧૯૬૫ના સમય દરમિયાન રાજ્ય સરકારમાંથી ઉછીની સેવા પર આવેલ શ્રી. સી. એમ. વકીલના લીવ સેલરી અને પેન્શન કૉન્ટ્રિબ્યુશનની રકમ પણ રાજ્ય સરકારના નિયમો મુજબ Penal Interest તરીકે રાજ્ય સરકારને રૂ. ૭૨-૦૩ની રકમ ચૂકવ્યાના;

(૬) ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના પત્રાંક આર. સી. ટી. ૩૯૭૦, ૧૧૮૮૪-બી. તા. ૫-૭-૧૯૭૧ના પત્રથી સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. પી. એમ. મજમુદારની ગવર્નમેન્ટ લેબર ઑફિસરની જગા માટે પસંદગી અંગે વધારાના સલાહકાર તરીકે કામગીરી સંભાળવા તથા તે અંગેનું કુલ રૂ. ૧૫૦નું માનદ વેતન સ્વીકારવા અંગેની પરવાનગી આપ્યાના;

(૭) માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની અવેજી નિમણૂંકો કર્યા અંગેના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨(અ) ભારત સરકારના શિક્ષણખાતા તરફથી આવેલ પત્રાંક એફ.એસ. ૨૫-૭૧-વાય.એસ. (૧) તા. ૨૩-૬-૧૯૭૧ મુજબ આપણી યુનિવર્સિટી તરફથી પશ્ચિમ બંગાળના નિર્વાસિતોને સહાયરૂપ થવા માટે એન.એસ.એસ.ના ૧૦૮ વિદ્યાર્થીઓ તથા ૫ શિક્ષકોની ટુકડીઓ મોકલવાનું અંદાજી ખર્ચ રૂ. ૨૧,૦૦૦ મંજૂર થયેલ છે. પરંતુ ૨૦ વિદ્યાર્થીઓની એક ટુકડીમાં વધુ વ્યવસ્થાની સુવિધા ખાતર એક અધ્યાપકને બદલે બે અધ્યાપક મોકલવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યું છે તેની નોંધ લેવા બાબત તથા તેથી થતા વધારાના ૫ અધ્યાપકો અંગે રૂ. ૧,૬૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવા બાબત.

ઉપરની પેટાબાબત નં. ૨(અ) અંગે ઠરાવવામાં આવ્યું કે તેમાં જણાવ્યા પ્રમાણે રૂ. ૧,૬૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવું.

૩. યુનિવર્સિટી કાર્યાલયમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એચ. ડી. ચાવડા તા. ૨૧-૪-૧૯૭૧થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૪-૭-૧૯૭૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. ચાવડા, તા. ૩-૩-૧૯૭૧ના રોજ નોંધાયા હતા અને તા. ૨૧-૪-૧૯૭૧થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટ શ્રી. એચ. ડી. ચાવડાને તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૪. મનોવિજ્ઞાન ભવનમાં શિક્ષણશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા ડૉ. કે જી. દેસાઈનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૦-૧૦-૧૯૭૧ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૧-૧૦-૧૯૭૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા હાથ ધરવામાં આવી ત્યારે મનોવિજ્ઞાન ભવનના શિક્ષણશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. કે. જી. દેસાઈની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. કે. જી. દેસાઈને શિક્ષણશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે તા. ૧૧-૧૦-૧૯૭૧થી કાયમ કરવા.

૫. ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતના રીડર તરીકે કામ કરતા ડૉ. જે. એમ. શુક્લનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩-૧૦-૧૯૭૧ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૪-૧૦-૧૯૭૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ભાષા-સાહિત્ય ભવનના સંસ્કૃતના રીડર ડૉ. જે. એમ. શુક્લની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. જે. એમ. શુક્લને સંસ્કૃતના રીડર તરીકે તા. ૪-૧૦-૧૯૭૧થી કાયમ કરવા.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને રૂ. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ના પગારધોરણમાં તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય (Efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	હાલનો મૂળ માસિક પગાર રૂપિયા	કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની તારીખ
૧.	શ્રી. કે. આર. જ્યેશી	કાર્યાલય નિયામક	૪૦૦	૨૨-૯-૧૯૭૧
૨.	શ્રી. આર. ડી. ભગત	,,	૪૦૦	,,
૩.	શ્રી. વી. વી. શાહ	ડે. એકાઉન્ટન્ટ, ઑડિટ	૪૦૦	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને રૂ. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦ના પગાર-ધોરણમાં રૂ. ૪૦૦ની આગળનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૭. યુનિવર્સિટી મુદ્રણાલયમાં મશીનમૅન તરીકે કામ કરતા શ્રી. સી. વી. પટેલને રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦ના પગારધોરણમાં તા. ૫-૮-૧૯૭૧થી કાર્યક્ષમતા અંતરાય (Efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી મુદ્રણાલયમાં મશીનમૅન તરીકે કામ કરતા શ્રી. સી. વી. પટેલની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. સી. વી. પટેલને રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦ના પગાર-ધોરણમાં રૂ. ૧૦૦ની આગળનો કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૮. શ્રી. હરિભાઈ કેવળભાઈ પટેલ સાર્વજનિક હૉસ્પિટલ, જાફરને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટની તા. ૧૭/૨૮-૪-૧૯૭૧ની સભાએ નીમેલ સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

We recommend that one intern may be posted for rotating housemanship at the above institution in the subject General Surgery or Medicine or Obstetrics and Gynaecology

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

૯. ઇન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝનું ૯મું વાર્ષિક અધિવેશન ઑક્ટોબર ૧૨ થી ૧૪, ૧૯૭૧ના સમય દરમિયાન શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટીના ઉપક્રમે તિરુપતિ મુકામે યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઇન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૧૦-૭-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાને મોકલવા.

૧૦. ઑક્ટોબર ૧૨થી ૧૪, ૧૯૭૧ના સમય દરમિયાન ઇન્ડિયન ઍસોસિયેશન ઑફ ટીચર્સ એજ્યુકેટર્સનું વાર્ષિક અધિવેશન અલાહાબાદ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના બે કે ત્રણ પ્રતિનિધિઓ મોકલવા અંગેના મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના કાર્યકારી અધ્યક્ષશ્રીના તા. ૯-૭-૧૯૭૧ના પત્રાંક ઇ.ડી.યુ-કે.જી. ૩૪૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદી અને આચાર્ય ઘનશ્યામભાઈ પરીખને મોકલવા.

૧૧. ડિસેંબર ૨૧થી ૨૩, ૧૯૭૧ના સમય દરમિયાન The Association of Physiologist and Pharmacologistનું ૧૭મું વાર્ષિક અધિવેશન ત્રિવેન્દ્રમ મુકામે યોજાનાર છે તેમાં ફિઝિયોલોજી, ફાર્માકોલોજી, બાયોકેમિસ્ટ્રી અને તેને લગતા વિષયોમાં વિષય દીઠ બબ્બે પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર અધિવેશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ટી. પી. ગાંધીને મોકલવા.

૧૨. સેનેટના હોદ્દાગત સભ્ય આચાર્ય આર. જી. નાયકને યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર વિજ્ઞાનની વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ એક અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય આર. જી. નાયકને રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૧૩. ~~સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની બે જગ્યા માટે~~ તા. ૧૩-૭-૧૯૭૧ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ વરણીસમિતિની ભલામણો ઉપર લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની બે જગ્યા પૈકી એક જગ્યા પર અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્ર વિભાગના વડા તરીકે નીચે જણાવેલી બે વ્યક્તિઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે કરવી; અને તેમનો પગાર નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. ડૉ. કિશોર થાણાવાલા

૨. ડૉ. વી. સી. શાહ.

(૨) સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની બીજી જગ્યા માટે શ્રી. મહેશભાઈ પી. ભટ્ટની પસંદગી કરવી અને ઉપર નંબર ૧માં જણાવેલ જગ્યા પર નિમાયેલ વ્યક્તિ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી શ્રી. ભટ્ટની નિમણૂક રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૩-૭-૧૯૭૧ની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના લેક્ચરરની એક જગ્યા માટે તા. ૨૬-૭-૧૯૭૧ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬-૭-૧૯૭૧ના રોજ મળેલી સભાની ભલામણ સ્વીકારવી અને વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના લેક્ચરરની જગ્યા પર શ્રી. ઈશ્વરભાઈ ડી. પટેલની નિમણૂક રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૬-૭-૧૯૭૧ની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

કરવામાં આવી છે તે માટે ચાલુ શૈક્ષણિક વર્ષના અંતે વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦૦ લેખે આર્થિક સહાય (સબસિડી) સદરહુ કૉલેજને આપવાનું મંજૂર કરવું.

૨૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૨-૬-૧૯૭૧ના પત્ર ક્રમાંક એફ-૧૩-૭૦ એસ.એ. (*iii*)થી યુનિવર્સિટી દીઠ બે કૉલેજોમાં આરોગ્ય કેંદ્રો સ્થાપવા માટે આર્થિક સહાય આપવામાં આવશે તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોમાં આરોગ્ય કેંદ્રો સ્થાપવા માટે કૉલેજો પાસેથી પ્રસ્તાવો મંગાવવામાં આવ્યા છે તે આવ્યેથી સંબંધકર્તા કૉલેજો પૈકી ૧૯૭૦-૭૧ના વર્ષમાં જે કૉલેજોએ યુનિવર્સિટીની આરોગ્ય કેંદ્રો અંગેની યોજના મુજબ આરોગ્ય કેંદ્રો ચલાવ્યા હોય તેવી બે કૉલેજોની પસંદગી કરીને તેમનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ સાથે મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. સંલગ્ન કૉલેજોમાં લેવાતી ટ્યૂશન ફીના દરમાં વધારો કરવા દેવા અંગે આવેલી માંગણીઓ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને હેવાલ આપવા માટે નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૯-૫-૧૯૭૧ની સભામાં સ્વીકારી છે તો તે અંગે આગળ વધતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત.

"કૉલેજોનું સંચાલન રજિસ્ટર્ડ ટ્રસ્ટોને બદલે રજિસ્ટર્ડ સોસાયટીઓ દ્વારા થવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. સિન્ડિકેટની તા. ૧૧-૫-૧૯૬૯ની સભાના નીચેના ઠરાવના અનુસંધાનમાં યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૧૫-૪-૧૯૭૧ની બેઠકમાં થયેલ ઠરાવ પર વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો તા. ૧૧-૫-૧૯૬૯નો ઠરાવ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રત્યેક કૉલેજે ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે કૉલેજના અલાયદા છાત્રાલયની વ્યવસ્થા કરવી આવશ્યક છે અને તે અંગે જરૂરી ધારાધોરણો ઘડવા માટે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરને જણાવવું."

બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરનો તા. ૧૫-૪-૧૯૭૧નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે છાત્રાલયનું અલાયદું મકાન હોવું જોઈએ તેવા સિન્ડિકેટના સૂચન સાથે આ બોર્ડ સહમત છે અને તે અંગે નીચેના નિયમો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. પ્રત્યેક કૉલેજે ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયની અલાયદા મકાનની વ્યવસ્થા કરવી આવશ્યક છે.

૨. છાત્રાલયનું અલાયદું મકાન ન થાય ત્યાં સુધી ભાડૂ કે અન્ય જુદા મકાનની બીજે વ્યવસ્થા કરવા કૉલેજોને જણાવવું.

૩. પ્રત્યેક કૉલેજે છાત્રાલય અંગે સલાહકાર સમિતિ રચવી જેમાં કૉલેજના આચાર્ય, ગૃહપતિ અને બે–એક અધ્યાપકો ઉપરાંત જે તે—

(૧) ગામના કે વિસ્તારના એક અનુભવી તબીબ

(૨) એક પ્રતિષ્ઠિત સામાજિક કાર્યકર

(૩) એક સિનિયર અધિકારી કે મ્યુનિ. અધિકારી સભ્ય તરીકે હોય

(૪) ગૃહપતિનું ભાડામુક્ત અલાયદું મકાન રાખવા પ્રબંધ કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે છાત્રાલયોનાં મકાન માટે યુ. જી. સી.ની છાત્રાલયો બાંધવા માટેની ગ્રાન્ટની યોજનાઓના લાભ લેવાનું રાખવા કૉલેજોને જણાવવું.''

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ઉપરની ભલામણો, નીચેના સુધારા સાથે, મંજૂર કરવી, અને તા. ૧૫–૬–૧૯૭૨થી એનો અમલ કરવાનું રાખવું :

ભલામણ નં. ૩ની પેટાકલમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

"જરૂર જણાય તો એક સિનિયર સરકારી અધિકારી, કે મ્યુનિસિપલ અધિકારી."

૨૫. યુનિવર્સિટીનું રમતગમતનું ધોરણ સુધારવા અંગે સિન્ડિકેટની તા. ૬–૫–૧૯૭૧ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સનાં નીચેનાં સૂચનોનો સામાન્ય રીતે સ્વીકાર થયો હતો અને તે માટે પ્રસ્તાવો રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું તેના અનુસંધાનમાં રજૂ કરેલા નીચેના પ્રસ્તાવો અંગે વિચારણા કરવા બાબત :

(૧) કૉલેજોના આચાર્યો આ વિષયને બીજા વિષયો જેટલું મહત્ત્વ આપે તે આવશ્યક ગણાવું જોઈએ અને તે માટે દરેક બે કે ત્રણ વર્ષે કૉલેજોના રમતગમતના વિભાગના કાર્યક્રમનું તેમ જ મેદાન–સાધનોનું નિરીક્ષણ યુનિવર્સિટીના અધિકૃત અધિકારીઓ દ્વારા થવું જોઈએ.

(૨) યુનિવર્સિટીના જુદી જુદી રમતોના આશાસ્પદ ખેલાડીઓ યુનિવર્સિટીના કોચીઝની મદદ અને કેંદ્રીય દેખરેખ નીચે યોગ્ય તાલીમ અને સતત પ્રેક્ટિસ વર્ષ દરમ્યાન કરી શકે તે તે માટે યુ. જી. સી. અને રાજ્ય સરકારની સ્પોર્ટ્સ કાઉન્સિલ પાસેથી આર્થિક સહાય મેળવીને આવા ખેલાડીઓને રહેવા માટે સ્પોર્ટ હૉસ્ટેલ બાંધવા ઘટતી કાર્યવાહી કરવી જોઈએ.

(નોંધ.—આ હૉસ્ટેલમાં રહેવા-જમવાનો ખર્ચ જે તે વિદ્યાર્થીએ જ આપવાનો રહેશે.)

(૩) યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા વ્યાયામ શિક્ષકો રમતોના અદ્યતન પ્રવાહોથી વાકેફ રહે અને કોચિંગની છેલ્લામાં છેલ્લી ઢબની તાલીમ મેળવી વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી થઈ શકે તે માટે યુનિવર્સિટી તરફથી કે યુનિવર્સિટીએ ભલામણ કરી હોય તેવી સંસ્થાઓ તરફથી યોજાનાર રમતોના ઓપ વર્ગોમાં સંલગ્ન કૉલેજોના વ્યાયામ શિક્ષકોએ જોડાવાનું ફરજિયાત ગણાવું જોઈએ એટલું જ નહિ, પણ એમના પગારધોરણનો

કાર્યક્ષમ અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા માટે આ ગ્રેપ વર્ગોમાં યોજનાર કસોટીઓ પસાર કરવી અગર અમુક યોગ્યતા ધોરણ પ્રાપ્ત કરવું આવશ્યક ગણાવું જોઈએ.

(૪) યુનિવર્સિટી અને કૉલેજોના વ્યાયામ શિક્ષકો માટે યુ. જી. સી. સૂચિત નવા સ્કેલની ભલામણ કરતા અને તે માટેની ગ્રાન્ટ આપવાનું સ્વીકારતા યુ. જી. સી.ના પરિપત્રમાં થયેલ સૂચના પ્રમાણે હવે પછીની શારીરિક શિક્ષણના શિક્ષકોની નિમણુક માટે બી.પી.ઈ. (બૅચેલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન) કે એમ.પી.ઈ. (માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન)ની પદવી ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવાની આ સમિતિ ખાસ ભલામણ કરે છે અને તે પ્રમાણે કૉલેજોને આવી લાયકાત ફરજિયાત ગણવાનો પરિપત્ર મોકલવા ઘટતું કરવા વિનંતી કરે છે.

(૫) વધુમાં હાલ કૉલેજોમાં કામ કરતા વ્યાયામ શિક્ષકોને પોતાની લાયકાતનું ધોરણ સુધારવા માગતા હોય તેમને જરૂરી સગવડ અભ્યાસ માટેની રજા આપી કરી આપવા કૉલેજોને ભલામણ કરતો પરિપત્ર મોકલવો જોઈએ.

વધારાનાં સૂચનો

(૬) શારીરિક શિક્ષણનો ડિગ્રી અને પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા કે ડિગ્રી કક્ષાના અભ્યાસક્રમો યુનિવર્સિટીએ શરૂ કરવા જોઈએ.

(૭) ગુજરાત રાજ્યની બધી યુનિવર્સિટીઓ વચ્ચે પસંદ કરેલ ત્રણ, ચાર કે પાંચ રમતોમાં દ્વિસ્પર્ધા (Duel Meet) કે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ યોજવી જોઈએ અને ગુજરાત યુનિવર્સિટીએ એમાં પહેલ કરવી જોઈએ.

(૮) હાલના યુનિવર્સિટીના કોચીઝને આ વર્ષથી કાયમ કરવા માટે આ બોર્ડ ભલામણ કરે છે, અને વધુમાં ઍથ્લેટિક્સ, સ્વિમિંગ અને જિમ્નેશિયમ વગેરે રમતો માટે અન્ય કોચીઝને કાયમી ધોરણે નીમવાની આ સમિતિની ભલામણ પર બોર્ડ ઑફ સ્પોર્ટ્સ સક્રિય વિચારણા કરવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ ઑફ સ્પોર્ટ્સનાં ઉપરનાં સૂચનોની નોંધ લેવી.

૨૬. માર્ચ-એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ જુદાં જુદાં કેંદ્રો પર પરીક્ષાઓ દરમ્યાન થયેલ ગેરરીતિઓ-અવ્યવસ્થા અંગે આવેલ ફરિયાદો જોતાં પરીક્ષાશુદ્ધિ જાળવવા માટે શાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વિભાગમાં ચાલુ વર્ષ ૧૯૭૧-૭૨માં ૪૦ વિદ્યાર્થીઓ વધુ દાખલ કર્યા હોવાથી રસાયણ વિભાગને વૈજ્ઞાનિક સાધનસામગ્રી માટે રૂ. ૨૦,૦૦૦ તથા રસાયણો વગેરે માટે રૂ. ૧૨,૦૦૦ના ખર્ચની વધુ જોગવાઈ કરવા માટે

ભવનના અધ્યક્ષશ્રીની તા. ૨-૭-૧૯૭૧ની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—રસાયણવિજ્ઞાનના વિભાગ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં હાલ નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલી છે :

	સમગ્ર વિજ્ઞાન વિદ્યા-ભવન માટે અંદાજ-પત્ર મુજબ ૧૯૭૧-૭૨	તે પૈકી રસાયણવિજ્ઞાન વિભાગ માટે (આ ફાળવણી ઉપનિષદે કરેલી છે)	
વૈજ્ઞાનિક સાધન-સામગ્રી માટે	રૂ. ૨,૦૦,૦૦૦	—	ઉપનિષદે વિભાગવાર ફાળવણી આ ખાતે કરી જણાતી નથી.
રસાયણો વગેરે માટે	રૂ. ૧,૭૫,૦૦૦	રૂ. ૮૩,૧૧૫	પ્રત્યેક વિભાગના વિદ્યાર્થીઓની સંખ્યા લક્ષમાં લઈને ઉપનિષદે ફાળવણી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે ચાલુ વર્ષ ૧૯૭૧-૭૨ના અંદાજપત્રમાં વૈજ્ઞાનિક સાધનસામગ્રી માટે રૂ. ૨૦,૦૦૦ની તથા રસાયણો ઇત્યાદિ માટે રૂ. ૧૨,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૨૮. જૂન ૧૯૭૨થી પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ અમલમાં આવે છે તે બાબતમાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ તથા તબીબી કૉલેજોના ડીન્સની તા. ૫-૭-૧૯૭૧ની સભાની કાર્યવાહીના સંદર્ભમાં નીચેની બાબતો અંગે વિચારણા કરવા બાબત :

(1) Pre-Medical course to be started at the *Gujarat College from the Academic Year 1972-73* for all the colleges affiliated to Gujarat University.

(2) Mode of admission to the Pre-Medical course.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૨૯. ઑર્ડિનન્સ ૧૩૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

O. 130 :

Examination fees once paid shall not be refunded except in the circumstances and to the extent mentioned herebelow :

(1) Where the candidate dies prior to the examination, the entire fee shall be refunded.

(2) Where the candidate remains absent at the examination, one half of the fee shall be refunded.

(૨) ગુજરાત રાજ્યના લિગલ ડિપાર્ટમેન્ટના પત્રાંક ઓએલસી -૧૦૭૧–૧૫૪૩૫, તા. ૧૪–૭–૧૯૭૧થી યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના પ્રાધ્યાપક શ્રી. એ. એમ. રાવળને ગુજરાત ઑફિશિયલ લેંગ્વેજ (લેજિસ્લેટિવ) કમિશન પર ખંડ સમયના ઑફિશિયલ મેમ્બર તરીકેની કામગીરી બજાવવા તથા તે અંગેની દરેક સભા દીઠ રૂ. ૫૦ની ફી સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૩) શ્રી. ડીનના સૂચન પ્રમાણે સેકન્ડ એલએલ.બી.ની જૂના અભ્યાસક્રમની ઑક્ટોબર ૧૯૭૧માં વધુ એક પરીક્ષા લેવા અંગેના;

(૪) વિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. બી. એસ. વૈદ્યની સંશોધન યોજના "A study of uptake and Exudation of Organic Compounds by algae" અંગે ભારત સરકારના અણુશક્તિ સંશોધન ખાતા તરફથી તેમના પત્રાંક FAC/71/809, તા. ૮–૭–૧૯૭૧થી આર્થિક સહાય પ્રતિવર્ષે રૂ. ૮,૧૦૦ આપવાનું જણાવેલ હોવાથી કુલપતિશ્રીએ ડૉ. બી. એસ. વૈદ્યને સદરહુ સંશોધન યોજના સ્વીકારવાની પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૧. યુનિવર્સિટી કાર્યાલયમાં બિલ્ડિંગ સુપરવાઇઝર તરીકે કામ કરતા શ્રી. ડી. બી. સુતરિયાની તેઓ તા. ૧૭–૨–૧૯૬૬થી તા. ૩૦–૬–૧૯૭૦ સુધીની હંગામી જગ્યા પર હતા તે સમય દરમિયાન પ્રૉવિડંટ ફંડનો લાભ આપવા અંગેની તેમની તા. ૧૨–૭–૧૯૭૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડિંગ સુપરવાઇઝર શ્રી. ડી. બી. સુતરિયાને તા. ૧૭-૨-૧૯૬૬થી તા. ૩૦-૬–૧૯૭૦ સુધીની તેમની હંગામી નિમણૂકના સમય દરમિયાન પણ પ્રૉવિડંટ ફંડનો લાભ આપવો.

૪૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી "College Science improvement Programme—University leadership project in Mathematics" યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગ તરફથી યોજાયેલ ગણિત વર્ગના નીચે જણાવેલ કર્મચારીઓને વધારાની સેવા આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા માટે અધ્યક્ષશ્રીના તા. ૧૬–૭–૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હાલ મળતો મૂળ પગાર રૂ.	સૂચવેલ મહેનતાણાની માનદ વેતનની રકમ રૂ.
૧.	શ્રી. એચ. એન. રાવલ	૧૦૫૦	૫૫૦
૨.	શ્રી. ડી. એસ. બસન	૯૫૦	૫૫૦
૩.	ડૉ. એ. એમ. વૈદ્ય	૮૫૦	૫૫૦
૪.	ડૉ. એમ. મિશ્રા	૭૨૦	૫૫૦
૫.	શ્રી. એલ. કે. પટેલ	૪૪૦	૫૫૦
૬.	શ્રી. એમ. એન. પટેલ	૧૦૦	૨૦૦

ક્રમાંક	કર્મચારીનું નામ	હાલ મળતો મૂળ પગાર	સૂચવેલ મહેનતાણાની માનદ વેતનની રકમ
		₹.	₹.
૭.	શ્રી. બી. જે. પરમાર	૬૯	૧૬૦
૮.	શ્રી. ડી. જે. પરમાર	૬૩	૧૬૦
૯.	શ્રી. પી. એસ. ચિત્તે	૪૦	૧૬૦

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના સભ્યોને સદરહુ કામ માટે તેમનાં નામ સામે જણાવેલી રકમ મુજબનું વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૩. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ નડિયાદમાં સ્થાપવામાં આવેલ માઇક્રો-બાયોલોજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જે. એસ. શુક્લને નીમવા અંગે આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જે. એસ. શુક્લને નીમવા.

૪૪. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ ગણિતશાસ્ત્ર જૂથ "એ"ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. બી. શાહની જગાએ શ્રી. વી. એચ. પંડ્યાની કામચલાઉ નિમણૂક કરવા અંગે આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. એસ. બી. શાહ, વર્ષ ૧૯૭૧–૭૨ માટે 'ઇન્ટેન્સિવ ટ્રેનિંગ કોર્સ"માં જોડાયા હોવાથી તેમની ગેરહાજરીમાં ઉપરોક્ત વ્યવસ્થા કરવાનું આચાર્યશ્રીનું સૂચન છે.

(૨) શ્રી. વી. એચ. પંડ્યા, ગણિતશાસ્ત્ર જૂથ "એ" માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. બી. શાહની જગ્યાએ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન હંગામી ધોરણે શ્રી. વી. એચ. પંડ્યાને નીમવા.

૪૫. ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય.બી.એ.ની પરીક્ષામાં ગુજરાતીના મુખ્ય વિષય લઈને પ્રથમ આવનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષે 'જયભિક્ષુ-સ્મૃતિ-સુવર્ણચંદ્રક' એનાયત કરવા માટે શ્રી જયભિક્ષુ સાહિત્ય ટ્રસ્ટ, અમદાવાદ તરફથી ₹. ૭,૫૦૦નું પ્રદાન સ્વીકારવા માટે સદરહુ ટ્રસ્ટના તા. ૨૪–૭–૧૯૭૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૪૬. ઑક્ટોબર ૧૯૭૧ના પ્રથમ સપ્તાહ દરમિયાન ફોક કલ્ચર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અલ્લાહાબાદના ઉપક્રમે ઑલ-ઇન્ડિયા ફોક કલ્ચરનું છઠ્ઠું અધિવેશન અલાહાબાદ મુકામે યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને ભાગ લેવા મોકલવાનું જણાવતા મજકૂર

રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૨૫-૭-૧૯૭૧ના પત્ર ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ-ઇન્ડિયા ફૉક કલ્ચરના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સુધાબહેન દેસાઈને મોકલવાં.

૪૭. વિજ્ઞાન વિદ્યાભવનના મરામત અને ફેરફાર ખર્ચના મથાળે સને ૧૯૭૧-૭૨ના અંદાજપત્રમાં રૂ. ૮,૦૦૦ની જોગવાઈ કરેલ છે, પરંતુ ચાલુ વર્ષે ભવનના જુદા જુદા વિભાગોમાં ૪૦૦ વીજળીના પૉઇન્ટ મૂકવાના હોવાથી રૂ. ૧૨,૦૦૦ (રૂપિયા બાર હજાર) પૂરાના વધારાના ખર્ચની જોગવાઈ માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં વિજ્ઞાન વિદ્યાભવનના મરામત અને ફેરફાર અંગેના ખર્ચના મથાળે સદરહુ કામકાજ માટે રૂ. ૧૨,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૪૮. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ફર્નિચર ખાતે રૂ. ૧૭,૦૦૦ની વધારાની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. (૧) વિજ્ઞાન વિદ્યાભવન ખાતે ૧૯૭૧-૭૨ના વર્ષમાં ફર્નિચર ખાતે રૂ. ૧૫,૦૦૦ની જોગવાઈ છે તે પૈકી રૂ. ૨,૦૦૦ આ વિભાગ માટે છે.

(૨) આથી કુલ જોગવાઈ રૂ. ૧૯,૦૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના વિભાગ માટે ફર્નિચર માટે રૂ. ૧૭,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૪૯. સને ૧૯૭૧-૭૨ના વર્ષ માટે Unassigned grant માટે યુનિ. ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર ક્રમાંક એફ-૪-૨-૭૧-જી, તા. ૧૫-૫-૧૯૭૧થી રૂ. ૩૧,૦૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે માટેનો નીચે જણાવેલ અંદાજી ખર્ચ મંજૂર કરવા વિચારણા કરવા બાબત :

Sr.No.	*Scheme*	*Expenditure incurred during* 1970-71	*U.G.C.'s share*	*Estimate for* 1971-72	*Rate of U.G.C.'s Share*
1.	Travel grant to Teachers in Universities for attending International conferences abroad	Nil	Nil	5,300-00	50%
2.	(*a*) Travel grant to teachers/ scholars / Technicians for visiting centres of research to attend academic Conferences / Seminars within India	23,585-43	15,150-10	8,700-00	100%

Sr.No.	*Scheme*	*Expenditure incurred during 1970-71*	*U.GC.'s share*	*Estimate for 1971-72*	*Rate of U.G.C.'s Share*
	(*b*) Travel grant to research scholars in connection with their work at other research centres	2,521-50	2,521-50	3,000-00	100%
3	Exchange of Teachers	648-80	648-80	1,000-00	100%
4.	U.G.C. Unit	23,500-00	6,000-00	12,000-00	Upto Rs. 12,000
5.	Extension work by University Teachers	679-60	679-60	1,000-00	100%
6.	Computer Assistance bying the time of the computer	Nil	Nil	Nil	100%
7.	Preparation and Development of Teaching material and Aids.	Nil	Nil	Nil	100%
	Total	50,935-33	25,000-00	31,000-00	

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના અંદાજપત્રમાં 'અનએસાઈન્ડ ગ્રાન્ટ' પેટે ઉપર મુજબ અંદાજી ખર્ચની વિગતો (break-up) મંજૂર કરવી તથા જરૂર જણાયેથી તેમાં ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. તા. ૭-૮-૧૯૭૧ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૭-૮-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭-૮-૧૯૭૧ની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૧. સિન્ડિકેટે તેની ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભામા બાબત ક્રમાંક ૬૮ અને ૯૦ પૈકીની સમારંભ અને એકેડેમિક કોસ્ચ્યુમ અંગેની કાર્યવાહી બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરવા માટે નીમેલી સમિતિની તા. ૨૭-૭-૧૯૭૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

૫૨. તા. ૧૨-૪-૧૯૭૧ના રોજ રાજભવન ખાતે મળેલી ગુજરાત રાજ્યના કુલપતિઓની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

CONVOCATION

All the Vice-Chancellors agreed that the western practice of wearing gowns and hoods at the Convocations should be given up and this should be substituted by a simple shawl or *duppata* preferably of Khadi.

The Chancellor also objected to the granting of degrees in absentia, specially when no student is present at the Convocation. Various methods should be adopted to encourage students to attend the Convocations, including a special fee if the degee is to be sent to the students in absentia.

The language of the Convocation specially for the Chancellor conferring the degrees, should be uniform both in Hindi and Gujarati.

On the question of seeking permission of the Senate members every time when degrees of a particular Faculty are to be conferred, the Chancellor remarked that this old practice was time consuming, and should be given up. He suggested that he should take permission of the Senate members only once for the grant of degrees of all the Faculties. For this purpose the Registrar should read out the names of various Faculties and the Senate members could signify their assent at one time.

બાબત નં. ૫૧ અને ૫૨ ઉપર ચર્ચાવિચારણા એકસાથે કરવામાં આવી, અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછીના વાર્ષિક પદવીદાન સમારંભની યોજનામાં નીચે મુજબ કાર્યવાહી / વ્યવસ્થા કરવાનું રાખવું :

૧. કુલાધિપતિશ્રી, મુખ્ય મહેમાન, કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી વગેરેને માટે હવે ગાઉન ન રાખતાં દુપટ્ટા પ્રકારનું ઉત્તરીય રાખવું, અને આ અંગે ઑર્ડિ. ૫ માં સુધારો કરવાનું જરૂરી લાગે તો તેમ કરવું.

૨. સેનેટના સભ્યોને શકય હોય ત્યાં સુધી સફેદ પોષાક પહેરીને આવવાનું સૂચન કરવું. તેમને માટે બિલ્લા રાખવા નહીં. ડીનોને જે તે ફેકલ્ટીના બિલ્લા આપવા.

૩. વિદ્યાર્થીઓના સ્કાઈ હાલ ચાલુ રાખવા.

૪. સમારંભમાં સેનેટના સભ્યોનું જે સરઘસ કાઢવામાં આવે છે તે બંધ કરવું; અને તેને બદલે—

(ક) કુલાધિપતિશ્રીનું તથા મુખ્ય મહેમાનનું સભાખંડના પ્રવેશદ્વારે સ્વાગત કરવું.

(ખ) સ્વાગત વખતે કુલપતિશ્રી સાથે ડીનો, સિન્ડિકેટના સભ્યો અને શ્રી. કુલસચિવને સામેલ કરવા. તેમની ઓળખ કુલાધિપતિશ્રીને તથા મુખ્ય મહેમાનને કરાવવામાં આવે, તે પછી આ સભ્યો મંચ તરફ સરઘસ આકારે જાય. તેમાં કુલાધિપતિશ્રી, મુખ્ય મહેમાનશ્રી, કુલપતિશ્રી, ડીનો, સિન્ડિકેટના સભ્યો અને શ્રી. કુલસચિવ, એ ક્રમ રાખવો. મેઇસ લઈને ચાલવાનું હવે જરૂરી નથી, પણ મેઇસ માત્ર ટેબલ પર મૂકી રાખવામાં આવે.

(ગ) સેનેટના સભ્યોને સભામંચ પર બેસાડવાને બદલે મંચની સામે અગ્ર ભાગે પોતાની બેઠક પર અગાઉથી આવી બેસી જાય અને કુલાધિપતિશ્રી આવે ત્યારે ઊભા થાય એમ તેમને વિનંતી કરવી.

(ઘ) સભામંચ પર કુલાધિપતિશ્રી, કુલપતિશ્રી, મુખ્ય મહેમાન, ભૂતપૂર્વ કુલપતિશ્રીઓ, કુલસચિવશ્રી, ડીનશ્રી તથા રાજ્યના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી (જો તેઓ હાજર હોય તો) અને અમદાવાદના મેયર(હાજર હોય તો)ને સ્થાન આપવું. પદવીવાંછુ વિદ્યાર્થીઓને વિદ્યાશાખાવાર સભાગૃહમાં બેસાડવા. તેમને સ્કાર્ફ, બેજ વગેરે પહેરવાનું હાલ છે તેમ જ રાખવું.

(**નોંધ.**—સરઘસ કાઢવાનું બંધ રાખવામાં આવેલું હોઈ તેમને પણ સરઘસમાં જોડાવાનું રહેશે નહીં.)

(ચ) સમારંભનો પ્રારંભ બે-એક મિનિટની પ્રાર્થનાથી કરવાનું રાખવું. તેમાં "યા કુન્દેન્દુતુષારહારધવલા..." તથા "તમસો મા જ્યોતિર્ગમય..."નું પ્રાર્થનાગાન ગોઠવવું.

(છ) ત્યાર બાદ વિદ્યાશાખાઓના અધ્યક્ષો એક પછી એક ઊભા થાય અને નીચે પ્રમાણે કહે :

વિનયન વિદ્યાશાખના અધ્યક્ષ :

"વિનયન વિદ્યાશાખાના સ્નાતકોને ઊભા થવા વિનંતી છે."

સ્નાતકો ઊભા થાય તે પછી—

"કુલાધિપતિશ્રી,

આ યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખા હેઠળની જુદી જુદી પદવી પરીક્ષાઓ તેમ જ ડિપ્લોમા પરીક્ષાઓ માટે લેવામાં આવેલી પરીક્ષાઓમાં જેઓને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા છે અને જે તે પદવી કે ડિપ્લોમા માટે જેમને લાયક ગણવામાં આવ્યા છે, તે પૈકી જેઓ અત્રે ઉપસ્થિત છે તેમને અને જેઓએ ગેરહાજરીમાં પણ પદવી કે ડિપ્લોમા મેળવવા ઇચ્છા વ્યક્ત કરેલ છે તેમને તે ઐનાયત કરવા આપને વિનંતી કરું છું."

તે પછી 'વિનયન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને બેસો જવા વિનંતી છે' એમ કહીને વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી પણ પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવાનું રાખે. તે પછી વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ ઊભા થઈ વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતકો વગેરે અંગે ઉપર મુજબ કાર્યવાહી કરે.

આમ એક પછી એક ફેકલ્ટીનો ક્રમ આવે.

જ્યારે કોઈ પણ વિદ્યાશાખામાં વિદ્યાર્થી હાજર ન હોય તો ઉપર (તે પૈકી જેઓ અત્રે ઉપસ્થિત છે તેમને) સિવાયનું બોલવાનું રાખે.

ત્યાર બાદ કુલાધિપતિશ્રી કહે : "આ વિનંતીઓ સ્વીકારવા માટે આપ સૌ સંમત છો ?"

સેનેટના સભ્યોની સંમતિ મળે તે પછી કુલાધિપતિશ્રી કહે : "આ યુનિવર્સિટીના કુલાધિપતિ તરીકેના મારા અધિકારની રૂએ આ યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓ તરફથી કરવામાં આવેલો વિનંતીઓને માન્ય રાખી સંબંધકર્તા વિદ્યાર્થીઓને તે પદવીઓ કે ડિપ્લોમા એનાયત કરું છું."

૫. (ક) ત્યાર બાદ ચંદ્રક અર્પણ કરવાનો વિધિ રાખવો. ચંદ્રકોની છાપેલી યાદી સભાગૃહમાં અગાઉથી વહેંચી દેવામાં આવે. ચંદ્રકપ્રદાન માટે શ્રી. કુલસચિવ ચંદ્રક લેવા આવનાર વિદ્યાર્થીનું નામ અને તેને જે તે પરીક્ષા અને વિષય માટેનો ચંદ્રક જાહેર કરવાનું રાખે. દાખલા તરીકે, "શ્રી. ક. ખ. ગ.", એમ.એ. ગુજરાતી માટેનો શ્રી..... ચંદ્રક તથા બી.એ. માં સૌથી વધુ ગુણ મેળવવા માટેનો ચંદ્રક.

(ખ) ચંદ્રક લેવા આવનાર વિદ્યાર્થીઓના વાલીઓને પણ આમંત્રણ આપવું.

(ગ) ત્યાર બાદ કુલપતિશ્રીનું સ્વાગતપ્રવચન અને તે પછી મુખ્ય મહેમાનનું ઉદ્બોધન. આ સંભાષણો માટે આશરે ૩૦ મિનિટ જેટલો સમય ફાળવવો. છેવટે રાષ્ટ્રગીત "જનગણમન" બધા સાથે ગાય તેમ કરવું, અને સમારંભની સમાપ્તિ કરવી.

(ઘ) શક્ય હોય તો જ્યારે કુલાધિપતિશ્રી અને મુખ્ય મહેમાન આવે ત્યારે તેમનું સ્વાગત બૅન્ડથી થાય એમ વિચારવું.

(ચ) યુનિવર્સિટીના વાર્ષિક કૉન્વોકેશનમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના લેક્ચરરની કક્ષા સુધીના તમામ શિક્ષકો તથા સંલગ્ન કૉલેજોના શિક્ષકો પૈકી ડિપાર્ટમેન્ટના વડાઓને વ્યક્તિગત આમંત્રણો મોકલવાનું રાખવું.

ચર્ચા દરમિયાન વિદ્યાર્થીઓ પણ સફેદ ગણવેશમાં આવે એ માટે પ્રયાસ કરવા સૂચન થયું હતું.

૫૩. યુનિવર્સિટીની સિન્ડર ટ્રેકની પશ્ચિમે આવેલી પડતર જમીનનો રમતગમત માટે ઉપયોગ કરવા અંગે નવગુજરાત કૉમર્સ કૉલેજના આચાર્ય તરફથી આવેલા પત્ર નં. ૬૦૮-૭૧-૭૨, તા. ૧૫-૭-૧૯૭૧ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે યુનિવર્સિટીના સિન્ડર ટ્રેકની પશ્ચિમે આવેલી યુનિવર્સિટીની પડતર જમીનનો ઉપયોગ રમતગમત કરવા માટે નવગુજરાત કૉમર્સ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી મંજૂર કરવી અને તે માટેની શરતો સૂચવવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય એમ. એસ. પંડિત

(૨) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી

(૩) શ્રી ભૂપેન્દ્ર એમ. પટેલ

(૪) શ્રી. વી. પી મહેતા (સભ્ય-સચિવ).

૫૪. સેકન્ડ બી.એ.-બી.એસસી. અને થર્ડ બી.એ.-બી.એસસી. ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે જરૂરી લેબોરેટરી સ્ટાફ નક્કી કરવા માટે નીમવામાં આવેલ સમિતિની તા. ૨૪-૭-૧૯૭૧ના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડ બી.એ., તથા સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એ., થર્ડ બી.એસસી.ની ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે વિદ્યાર્થીઓની ટુકડી માટે ૨૦ ની સંખ્યા નિયત કરવી, અને તે પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂક અંગે નીચેનાં ધોરણો મંજૂર કરવાં :

(૧) ન્યુમેરિકલ એનાલિસિસ પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબનો સ્ટાફ રાખવો :

(ક) એક એક્સપર્ટ

(ખ) એક હમાલ, જે પાણી પાવાનું કામ પણ કરે

(ગ) એક જુનિયર સુપરવાઇઝર.

(૨) આંકડાશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબનો સ્ટાફ રાખવો :

(ક) એક સિનિયર સુપરવાઈઝર

(ખ) એક પ્રૂફ સુધારનાર (દરેક પેપર દીઠ)

(ગ) એક જુનિયર સુપરવાઈઝર

(ઘ) બે હમાલ પ્રેક્ટિકલના દિવસો માટે

(ચ) એક હમાલ પ્રેક્ટકલના આગલા દિવસે તૈયારી માટે.

૫૫. બાંધકામ સમિતિની તા. ૧૯–૭–૧૯૭૧ની સભાની ભલામણો ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯–૭–૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯–૭–૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨–૪–૧૯૭૧ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

"તે પછી વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં પ્રાધ્યાપક, પરીક્ષક અને મોડરેટરની નિમણૂકો માટેના અગ્રતાક્રમ અંગે નીચે મુજબ ગુણાંકનું ધોરણ માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) શૈક્ષણિક લાયકાત	જે તે ફેકલ્ટીમાં	ગુણાંક
બેચેલર્સ ડિગ્રી	પાસ ક્લાસ	૦
,,	સેકન્ડ ક્લાસ	૧
,,	ફર્સ્ટ ક્લાસ	૩
માસ્ટર્સ ડિગ્રી	પાસ ક્લાસ	૨
,,	સેકન્ડ ક્લાસ	૪
,,	ફર્સ્ટ ક્લાસ	૬
પીએચ.ડી.		૮
પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે		૧
પ્રોફેસર અને લેક્ચરર માટે		
પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે		૫ જો લેક્ચરર તરીકેની
ડેમોન્સ્ટ્રેટર ટ્યૂટર માટે		લાયકાત હોય તો

(૨) એક વ્યક્તિએ મેળવેલ સ્નાતક અને અનુસ્નાતક પદવીના ગુણાંક ઉપર પ્રમાણે ગણવામાં આવે. બે વખત સ્નાતક હોય બી.એ., બી.કોમ. કે બેમાં માસ્ટર્સ ડિગ્રી હોય કે એલએલ.બી. તેને ધ્યાનમાં લેવી નહીં.

(૩) માન્ય અનુસ્નાતક શિક્ષકને તેને માન્યતા મળે તે પછીના પ્રત્યેક પૂરા વર્ષ દીઠ એક પણ વધુમાં વધુ એવા ૫ ગુણાંક આપવામાં આવે.

(૪) જો ટ્રાઈ શિક્ષક પીએચ.ડી. ગાઈડ તરીકે માન્ય થયેલ હોય અને ઓછામાં ઓછા એક વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકૃત થયો હોય તો તેને ઉપર ૧, ૨ અને ૩માં જણાવેલા ગુણાંક ઉપરાંત વધુ ૪ ગુણાંક આપવામાં આવે.

(૫) જો કોઈ શિક્ષકને પરીક્ષાના કામકાજ માટે ભૂલ કે ગેરરીતિ માટે એક કે વધુ વર્ષ માટે પરીક્ષકની નિમણૂક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો જેટલા વર્ષ માટે તેમને અપાત્ર ગણવામાં આવ્યા હોય તો તે આંકડાને બે વડે ગુણીને જે રકમ આવે તેટલા ગુણાંક તેના કુલ ક્રેડિટ ગુણાંકમાંથી બાદ કરવામાં આવે.

ઠરાવવામાં આવ્યું કે કોઈ પણ વ્યક્તિને તેને સતત ચાર વખત (four turns) સુધી પ્રાશ્નિક, પરીક્ષક, મોડરેટર તરીકે કામ કર્યા પછી તેને ઓછામાં ઓછા એક વર્ષ માટે આરામ (ડ્રોપ) આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૭. સપ્ટેંબર ૧૯૭૧ની તા. ૨૧ અને ૨૨ના સમય દરમિયાન ધી ઇન્ડિયન સોસાયટી ઑફ ક્રિમિનોલોજીનું પ્રથમ વાર્ષિક અધિવેશન મડગાંવ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર અધિવેશનના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૬-૭-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ગિરીશભાઈ પટેલને મોકલવા.

૫૮. સપ્ટેંબર ૨૧, ૨૨, ૧૯૭૧ના સમય દરમિયાન ઇન્ડિયન એસોસિયેશન ફૉર મૅનેજમેન્ટ ડેવલપમેન્ટનું આગામી અધિવેશન કેરાલા યુનિવર્સિટીના ઉપક્રમે કોચીન મુકામે યોજાનાર છે તેમ જ સપ્ટેંબર ૨૩ના રોજ ઇન્ટર યુનિવર્સિટી કાઉન્સિલ ઑફ કૉમર્સ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચનું પણ અધિવેશન કોચીન મુકામે યોજાનાર છે તો આ બન્ને અધિવેશનોમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર એસોસિયેશન તરફથી આવેલ તા. ૧૬-૬-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના સ્ટાફ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) આચાર્ય એમ. સી. શાહ,

(૨) આચાર્ય જે. સી. ત્રિવેદી.

૫૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"પ્રીન્યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યમાં હાલ જે જે વિષયમાં પ્રત્યેક અઠવાડિયે ટ્યૂટોરિયલની સંખ્યા ૧ છે તે વધારીને ૨ની કરવી અને આ ભલામણનો અમલ જૂન ૧૯૭૨થી કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૬૦. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"કોઈ પણ વ્યક્તિ કે જે સ્નાતક કક્ષાએ તેમ જ અનુસ્નાતક કક્ષાએ એમ બેઉ કક્ષાએ ફક્ત પાસ વર્ગમાં જ ઉત્તીર્ણ થઈ હોય તેને ટ્યૂટર, ડેમૉન્સ્ટ્રેટર કે લેક્ચરર કે અન્ય કોઈ શિક્ષકના પદ માટે લાયક ગણવા નહીં એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને સ્પષ્ટતા કરવી કે આ નિયમ ભવિષ્યની નિમણૂંકોને જ લાગુ પાડવામાં આવશે.

૬૧. બેવડો પરીક્ષણ પદ્ધતિ અંગે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. બેવડા પરીક્ષણની પદ્ધતિ જરૂરી છે અને તે ચાલુ રાખવી.

૨. પરીક્ષકો પાસેથી યુનિવર્સિટી કાર્યાલયને ગુણપત્રકો મોકલવાં અંગેની હાલની પદ્ધતિમાં કશો ફેરફાર કરવો નહીં;

૩. જો ચેરમેન અથવા પરીક્ષક મંડળના કોઈ સભ્ય આ પરીક્ષણનું કાર્ય કરી શકે એમ ન હોય તો કોઈ સભ્ય પરીક્ષણનું કાર્ય કરવા અશક્તિ દર્શાવે તો ચેરમેન પરીક્ષકોની પેનલમાંથી કોઈ યોગ્ય વ્યક્તિને અને તે પણ શક્ય ન હોય તો યોગ્ય લાયકાતવાળી બહારની વ્યક્તિને નીમવા માટે કુલપતિશ્રીને ભલામણ કરશે.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો નં. ૧ અને ૨ મંજૂર કરવી, તથા ભલામણ નં. ૩ તેની પુનર્વિચારણા માટે તેને પાછી મોકલવી.

૬૨. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧/૨૨-૪-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઇન્ટર્નલ ઍસેસ્મેન્ટના 'ગુણનું' વિભાગીકરણ હાલ ૨૫ (કસોટીઓ) વત્તા ૫ (વર્ગકામ, હાજરી, ઇત્યાદિ) છે તેને બદલે ૨૦ (કસોટીઓ) વત્તા ૧૦ (વર્ગકામ, હાજરી ઇત્યાદિ) ગુણ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ તેની પુનર્વિચારણા માટે તેને પાછી મોકલવી.

૬૩. સેનેટના નીચે જણાવેલ હોદ્દાગત સભ્યોને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર જે તે વિદ્યાશાખા હેઠળ આવતી અભ્યાસસમિતિનું સભ્યપદ ફાળવવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	આચાર્યશ્રીનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
૧.	બાલાશંકર મગનલાલ ઉપાધ્યાય	વિનયન	સંસ્કૃત
૨.	નટુભાઈ રણછોડલાલ દક્કર	"	ગુજરાતી
૩.	શાંતિલાલ મૂળજીભાઈ શાહ	"	અર્થશાસ્ત્ર
૪.	ચંદ્રકાંત અમૃતલાલ ટોપીવાળા	"	ગુજરાતી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

વધુમાં આચાર્ય સી. સી. ત્રિવેદીને ધારાશાસ્ત્રનો વિદ્યાશાખા હેઠળ જ્યુરિસ્પ્રુડન્સ ઇ.ની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૬૪. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. આર. ડી. ભગતને સ્ટે. ૧૮૮ હેઠળ મકાન બાંધકામ માટે રૂ. ૧૧,૦૦૦નો લોન આપવા માટે તેઓની તા. ૨-૮-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ. તેઓના પ્રૉવિડંટ ફંડ ખાતામાં તેમના ખાતે તા. ૧-૩-૧૯૭૧ના રોજ કુલ્લે રૂ ૧૨,૦૫૧-૮૨ જમા છે તથા અગાઉની પ્રૉવિડંટ ફંડ તથા તે ઉપરના વ્યાજના મળી કુલ્લે રૂ. ૩,૨૧૮-૫૯ની રકમ લેવાની નીકળે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. ડી. ભગતને સ્ટે. ૧૮૮ મુજબ તેમના મકાનના બાંધકામ માટે રૂ. ૧૧,૦૦૦ની લોન મંજૂર કરવી.

૬૫. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા ડૉ. બી. એમ. જાનીની ખાલી પડેલી જગ્યા પૂરવા તથા ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સને ૧૯૭૩-૭૪ માટે મંજૂર થયેલ વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતાની જગ્યા સને ૧૯૭૧-૭૨માં પૂરવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૩૦-૬-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૫-૬-૧૯૭૦ની સિન્ડિકેટની બનેલી વરણીસમિતિએ ડૉ. બી. એમ. જાની તથા ડૉ. શ્રીમતી એચ. ડી. પટેલની લેક્ચરર-ઇન-બોટાનીની જગ્યા માટે ભલામણ કરેલી છે તેમાં ડૉ. ઓ. પી. સક્સેનાનું નામ પણ ક્રમાનુવર્તી મૂકેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ડૉ બી. એમ. જાનીના અવસાનથી ખાલી પડેલી સદરહુ જગ્યા પૂરવા માટે જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વનસ્પતિવિજ્ઞાનના લેક્ચરરની વધુ એક જગ્યા જૂન ૧૯૭૨-૭૩થી પૂરવાનું રાખવામાં આવ્યું છે તે જગ્યા ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન પૂરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનુમતિ મેળવવાનું રાખવું.

૬૬. પ્રો. એ. એમ. રાવલની યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે તા. ૧૪-૧૧-૧૯૭૦થી રૂ. ૧,૪૦૦ના મૂળ માસિક પગારથી નિમણૂક થયેલ છે તેના સંદર્ભમાં તેઓ ગુજરાત રાજ્યના નિવૃત્ત સરકારી કર્મચારી હોઈ તેઓને રાજ્ય તરફથી પેન્શન અને ગ્રેચ્યુઇટીની રકમ મળેલ હોઈ, આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ લોકલ ફંડ

એકાઉન્ટ્સના પત્રાંક એલ-એએમડી-૨૮૧૪-૨૫૩૩, તા. ૧૪-૭-૧૯૭૧ના નીચે પ્રમાણેના મંતવ્ય પર વિચારણા કરવા બાબત :

The pay of government servants who are re-employed after superannuation should be fixed according to the Govt. rules having regard to the last pay drawn and the pension.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. શિક્ષણનિયામકશ્રીએ તેમના તા. ૨૦-૫-૧૯૭૧ના પત્રથી જણાવેલું કે ફાર્મસી અને ઇજનેરી કૉલેજોના નોન-ટેકનિકલ શિક્ષકોનો ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોમાં સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ હવે તેઓએ તેમના તા. ૨૮-૬-૧૯૭૧ના પત્રથી જણાવ્યું છે કે તેઓનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોને માટે મંજૂર કરવામાં આવેલાં સુધારેલાં પગારધોરણો ફાર્મસી અને ઇજનેરી કૉલેજોના નોન-ટેકનિકલ શિક્ષકોને લાગુ પાડવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૧-૧૧-૧૯૭૦ની સભામાં નીચેનો જે ઠરાવ કરેલો છે તે ઠરાવનો ત્વરિત અમલ કરવા માટે ફાર્મસી અને ઇજનેરી કૉલેજોને જણાવવું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની ફાર્મસી અને ઇજનેરી વિદ્યાશાખાઓમાં કામ કરતા નોન-ટેકનિકલ વર્ગના શિક્ષકો માટેનાં પગારધોરણો નીચે મુજબ સુધારવાં :

પ્રાધ્યાપક	...	રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦
વ્યાખ્યાતા	...	રૂ. ૩૦૦-૨૫-૬૦૦
ટ્યૂટર/demonstrator	...	રૂ. ૨૫૦-૧૫-૪૦૦.

વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે મોંઘવારી ભથ્થા સહિતનાં અન્ય ભથ્થાંઓ સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૮ની સભામાં બાબત નં. ૧૪ ઉપરના ઠરાવ ૧(ખ)માં દર્શાવ્યા છે તે આ શિક્ષકોને પણ લાગુ પડશે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સુધારેલાં પગારધોરણોનો અમલ તા. ૧-૪-૧૯૬૬થી કરવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર (૧) મુજબ સુધારેલાં પગારધોરણોનો અમલ થતાં તે માટે જે તે કૉલેજોને જરૂરી આર્થિક સહાય આપવા માટે રાજ્ય સરકારને અને ભારત સરકારને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલ ઠરાવના અમલ માટે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ ભારત સરકાર તરફથી આર્થિક સહાય મળી શકે તેમ ના હોય તો વધારાના ખર્ચની પૂરેપૂરી જવાબદારી ઉઠાવવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૬૮. **યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમિયાન કેટલાંક કેન્દ્રો પર તકેદારી માટે પોલીસની વ્યવસ્થા કેન્દ્રો તરફથી કરવામાં આવે છે તે બાબતમાં નિયમો બદલવા અંગે વિચારણા કરવા અંગે.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. **યુનિવર્સિટી પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામનો બોજ કેટલાંક કેન્દ્રોનાં પ્રેસો ઉપાડી શકતાં નથી તેમ જણાવ્યું છે તો આ અંગે ભવિષ્યમાં શું કરવું તે બાબત પરત્વે વિચારણા કરવા અંગે.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય વડે ચાલતી કૉલેજો પાસેથી વર્ષ ૧૯૬૫-૬૬થી ૧૯૬૯-૭૦ દરમ્યાન કરેલાં વિકાસકાર્યોની માહિતી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૦-૧૨-૧૯૭૦ના પત્રાંક ડી.ઓ.એફ.૨૩૧-૩૫-૭૦ (સ્ટેટ)થી માગી છે તે સંદર્ભમાં નીચેના કૉલેજોને ચાર ડી.ઓ. પત્ર અને સાત સ્મૃતિપત્રો લખવા છતાં મજકૂર માહિતી હજુ સુધી મોકલી નથી તો તે બાબતમાં બદલ વિચારણા કરવા અંગે :**

૧. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧

૨. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ-૭

૩. શેઠ એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા.

આથી ઠરાવવામાં આવે છે કે વિકાસકાર્યોની માહિતી મોકલવા સદરહુ કૉલેજોને ચાર ડી.ઓ. પત્ર તથા સાત સ્મૃતિપત્રો લખવા છતાં સદરહુ કૉલેજોએ તે માહિતી મોકલી આપી નથી તેની ખેદપૂર્વક નોંધ લેવામાં આવે અને તેને ત્વરિત મોકલી આપવા માટે સદરહુ કૉલેજોને તાકીદ કરવામાં આવે.

૭૧. **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તા. ૨૩-૭-૧૯૭૧ના રોજ મળેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૭-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩-૭-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે)

૭૨. ગુજરાત યુનિવર્સિટી મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની ૧૯૭૧-૭૨ના વર્ષની તા. ૨૬-૭-૧૯૭૧ને સોમવારના રોજ મળેલ પ્રથમ બેઠકની નીચેની ભલામણો બાબત :

(૧) વધુમાં ઠરાવવામાં આવ્યું કે આંતર-વિભાગીય યુવક મહોત્સવ યોજવા માટે જરૂરી પગલાં લેવાની, જરૂરી પેટા-સમિતિઓ નીમવાની તથા જરૂરી સંખ્યાના બીજા સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા સાથે નીચેના સભ્યોની સંચાલન સમિતિ નીમવાની ભલામણ સિન્ડિકેટને કરવી :

૧.	કુલપતિશ્રી	
૨.	આચાર્યશ્રી પી. વી. મંગળવેડેકર	ચારે વિભાગીય યુવક કલ્યાણ સમિતિના અધ્યક્ષો
૩.	આચાર્યશ્રી એ. આર. રાવ	
૪.	આચાર્યશ્રી તનમણિશંકર શુક્લ	
૫.	—	
૬.	આચાર્યશ્રી વિનોદભાઈ અધ્વર્યુ	દક્ષિણ વિભાગના બીજા બે આચાર્યો
૭.	આચાર્યશ્રી પદ્માબહેન ફડિયા	
૮.	પ્રો. બી. કે. ગઢવી	મદદરૂપ અધ્યાપકો
૯.	પ્રો. એમ. એન. સથવાવાલા	
૧૦.	આચાર્યશ્રી એ. આર. રાવ	તેમની કૉલેજના અધ્યાપકનું નામ સૂચવે તે
૧૧.	વિદ્યાર્થી પ્રતિનિધિ	દક્ષિણ વિભાગીય યુવક કલ્યાણ સમિતિ
૧૨.	મંત્રી	દક્ષિણ વિભાગ યુવક કલ્યાણ સમિતિ

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સાથે જોડેલ પરિશિષ્ટ ૧ પ્રમાણેનો યુવક મહોત્સવ યોજવા માટેનો અંદાજી ખર્ચ મંજૂર કરીને તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા દક્ષિણ વિભાગના અધ્યક્ષશ્રીને અને યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા તથા જરૂર જણાય તો કુલ ખર્ચની મર્યાદામાં રહીને જરૂર પ્રમાણેના ખર્ચની ફાળવણી એક મથાળેથી બીજા મથાળે કરવા માટેની તથા બીજાં જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓ માટેનો યુવક નેતા તાલીમ શિબિર યોજવા માટે આ સાથે પરિશિષ્ટ ૨ તરીકે જોડેલા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવાનું તથા તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીને આપવાનું તથા આ અંગેનાં તમામ જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય એકતા શિબિર યોજવા માટેનો આ સાથે જોડેલ પરિશિષ્ટ પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરી તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું તથા આ અંગેનાં તમામ જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવમાં ભાગ લેવાની વયમર્યાદા ૨૩ વર્ષને બદલે ૨૪ વર્ષની કરવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૩. શ્રી. સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૨થી પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન સદરહુ કૉલેજે હજુ સુધી કર્યું નથી તો તે પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) કૉલેજ ચાલુ રાખવા માટે કેટલાક વિદ્યાર્થીઓએ કૉલેજના સંચાલક મંડળના કન્વીનરશ્રીને તા. ૨૧-૭-૧૯૭૧ના રોજ પત્ર લખેલ છે તેની નકલ યુનિવર્સિટીને મોકલી છે.

(૨) ઉપર (૧)માં જણાવેલ વિદ્યાર્થીઓની માગણીના સંદર્ભમાં ગોધરા મ્યુનિસિપાલિટીના પ્રમુખશ્રીએ તા. ૨૮-૭-૧૯૭૧ના પત્રથી કુલપતિશ્રીને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે.

(૩) આ બાબતમાં આચાર્યશ્રીને આ કૉલેજના સંચાલક મંડળ સાથે થયેલા પત્રવ્યવહારની ફાઈલ ટેબલ પર રાખવામાં આવશે.]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી તેના સંદર્ભમાં પંચમહાલ શિક્ષણ પ્રસારક મંડળનો તા. ૬-૮-૧૯૭૧નો પત્ર તથા સદરહુ બાબત અંગેના તમામ કાગળોની ફાઈલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે પંચમહાલ જિલ્લાની એકમાત્ર લૉ કૉલેજ ગોધરા ખાતે શરૂ થઈ હતી તેનું શિક્ષણકાર્ય બંધ થયું છે તે વિશિષ્ટ સંજોગોમાં વિદ્યાર્થીઓ, કૉલેજના આચાર્યશ્રી અને પંચમહાલ શિક્ષણ પ્રસારક મંડળની વિનંતીઓ લક્ષમાં લઈને ગોધરા ખાતે લૉ કૉલેજનું શિક્ષણકાર્ય ચાલુ રહી શકે તે માટેની શક્યતાઓ તપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) આચાર્ય એમ. એસ. પંડિત

(૨) આચાર્ય વિ. આર. રણદીવે

(૩) શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી.

૭૪. રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૯-૩-૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.-૨૦૬૮-ખ અન્વયે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલા પગારધોરણમાં અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા જે આચાર્યો તથા શિક્ષકોને અનુક્રમે ૩. ૮૦૦-૫૦-૧,૨૫૦ તથા ૩. ૭૦૦-૪૦-૧,૧૦૦નાં પગારધોરણો

સિન્ડિકેટ નિયત કરે તે તારીખથી આપવાના હતા તેનો અમલ તા. ૧-૪-૧૯૬૬થી પશ્ચાદ્વર્તી કરવા અંગેના રાજ્ય સરકારના તા. ૨૩-૭-૧૯૭૧ના નીચેના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.-૧૦૭૧-ખ-૫૨ વિચારણા કરવા બાબત :

Resolution :

In modification of orders contained in paragraph 2 (3) of the accompaniment to Government Resolution, Education and Labour Department No. MIS-1068-Kh, dated 9-3-1970, Government is pleased to direct that the P. G. scales of Rs. 800-1,250 and Rs. 700-1,100 should be made applicable retrospectively from 1-4-1966 instead of with effect from the date such appointments are approved by the University.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવ મુજબ સદરહુ પગારધોરણોનો અમલ તા. ૧-૪-૧૯૬૬થી કરવાનું રાખવું.

૭૫. સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૩-૭-૧૯૭૧ની સભાની બાકીની નીચેની ભલામણો ક્રમાંક ૧૬ અને ૧૭ ઉપર વિચારણા કરવા બાબત :

બાબત નં. ૧૬

યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતાં જુનિયર ક્લાર્ક શ્રીમતી નિશા દેસાઈને રાજ્ય સરકારના ઠરાવ નં. એચ.આર.એ. ૧૨૧૯-૧૪૪૮-પી.એચ. તા. ૨૫-૩-૭૦ પ્રમાણે તેઓને ફ્લેટ રેઈટ પ્રમાણે ઘરભાડા ભથ્થું આપવા અંગે તેઓની તા. ૨૩-૪-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જુનિયર ક્લાર્ક શ્રીમતી નિશા દેસાઈની તા. ૨૩-૪-૧૯૭૧ની અરજી નામંજૂર કરવી.

બાબત નં. ૧૭

યુનિવર્સિટીના નાયબ કુલસચિવ, મદદનીશ કુલસચિવ તથા હિસાબનીશનાં પગારધોરણો સુધારવા અંગેની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે નાયબ કુલસચિવ, મદદનીશ કુલસચિવ અને હિસાબનીશની જગ્યાઓનાં ટોચ (સીલિંગ)નાં પગારધોરણ અગાઉ અન્ય કર્મચારીઓનાં પગારધોરણો પ્રમાણે જુલાઈ

૧૯૬૭થી સુધારવામાં આવ્યાં હતાં તે લક્ષમાં લઈને સુધારીને નીચે મુજબ તે પગારધોરણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે જે વિદ્યાર્થીઓએ (એન.સી.આર.ટી.) ભોપાલની બી.એડ. પરીક્ષા પસાર કરી હોય તેમને ગુજરાત યુનિવર્સિટીની એમ.એડ. પરીક્ષામાં બેસવાની છૂટ આપવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૦. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થનારા શ્રી. કાન્તિલાલ એચ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"જૂન ૧૯૭૧થી સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકો માટે નવાં પગારધોરણો અમલી બનાવ્યા છે ત્યારે ટીચિંગ અને પ્રોફેશનલ એવા બે વર્ગો ઊભા કરીને એ બંને વર્ગો માટે જુદાં જુદાં પગારધોરણો

અમલી બનાવ્યાં છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને તે ભેદ તાત્કાલિક નિવારવા અને જૂન ૧૯૭૧થી તેઓને સમાન પગારધોરણ આપવા આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૧. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થનારા શ્રી. અભિનવ શુકલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"દરેક સ્નાતકને ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા તથા નોકરી પ્રાપ્ત કરવા માટે સાનુકૂળ સમયગાળો રહે તે હેતુને અનુલક્ષીને ગુજરાત યુનિવર્સિટીની પ્રત્યેક વિદ્યાશાખાની પદવીની પરીક્ષાનાં પરિણામો બને ત્યાં સુધી અન્ય નીચલી કક્ષાનાં પરિણામો કરતાં વહેલાં જાહેર થાય તેમ કાર્યવાહી આદરવા સેનેટની આ સભા સિન્ડિકેટ તેમ જ અન્ય લાગતાવળગતા અધિકૃત સત્તાધિકારીઓને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં એ.ટી.કે.ટી.ની હાલની પદ્ધતિને કારણે સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય એમ નથી એવો સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૮૨. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થનારા પ્રો. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"પરીક્ષાનું કાર્યનું ધોરણ જળવાય તે માટે—

(૧) પરીક્ષક તરીકે લાયકાત ધરાવતા શિક્ષકોની પૂરતી સંખ્યા પેનલ પર હોય ત્યારે વધુમાં વધુ ૩૦૦ ઉત્તરવહી તપાસવા માટે ફાળવાય તે રીતે પૂરતા પરીક્ષકોની નિમણૂક કરવામાં આવે, અને

(૨) એક પરીક્ષામાં પરીક્ષક—પ્રાધ્યાપકને તથા અન્ય રીતે વધુમાં વધુ ૬૦૦ રૂપિયાની વેતનમર્યાદા સ્વીકારવામાં આવે તેવી જોગવાઈ નિયમોમાં કરી લેવામાં આવે તેવી આ સભા યુનિવર્સિટીને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૩. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થનારા શ્રી. વી. એસ. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"અંગ્રેજી વિના એસ.એસ.સી. પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવો જોઈએ એમ સેનેટની આ સભા સર્વાનુમતે ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૪. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થનારા શ્રી. વી. એસ. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"એમ.એડ.ના વર્ગોમાં મોટે ભાગે શિક્ષકો જ દાખલ થાય છે. તેમની સુવિધા માટે વેકેશનના વર્ગો શરૂ કરવા જોઈએ એમ આ સભા માને છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૫. તા. ૨૯/૩૦--૯--૧૯૭૧ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થનારા શ્રી. વી. એસ. શાહના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીએ ચાલુ સાલથી એમ.એ.માં પાસ વર્ગ આપવો દાખલ કરી સ્તુત્ય પગલું ભર્યું છે. ૬૫થી ૭૦ની સાલ સુધી ૩૬ ટકાથી ૪૬ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે. સેનેટની આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે નવાં ધોરણો એ વિદ્યાર્થીઓને પણ લાગુ પાડી તેમને પાસ થયેલ જાહેર કરવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવાનું બની શકે તેમ નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય સેનેટને જણાવવો.

૮૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) અલીગઢ મુકામે તા. ૨--૧--૧૯૭૨થી તા. ૮--૨--૧૯૭૨ના અરસામાં યોજાનાર ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં ભવનના નીચેના શિક્ષકોને પ્રતિનિધિ તરીકે મોકલવાની મંજૂરી આપ્યાનાં :

ક્રમાંક	શિક્ષકનું નામ	ખાતું
૧.	પ્રો. વી. સી. શાહ	પ્રોફેસર ઑફ ઝૂલોજી
૨.	ડૉ. વાય. કે. શાહ	લેક્ચરર ઈન સ્ટેટિસ્ટિકસ
૩.	પ્રો. એન. એમ. પંડયા	લેક્ચરર ઈન ફિઝિકસ
૪.	ડૉ. એ. એમ. વૈદ્ય	રીડર ઈન મૅથેમેટિકસ
૫.	ડૉ. જે. પી. ત્રિવેદી	રીડર ઈન કેમિસ્ટ્રી
૬.	ડૉ. બી. એસ. વૈદ્ય	રીડર ઈન બોટની;

(૨) નીચેની સંલગ્ન કૉલેજોના ચાલુ--વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કર્યાના :

૧. શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)

૨. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર (કચ્છ)

૩. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલડી, અમદાવાદ

૪. બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર

૫. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ--કરજણ.

૬. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર (ઉ.ગુ.)

૭. ડીસા નગર પંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા

૮. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર

૯. સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર

૧૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર

૧૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી

૧૨. કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા (કચ્છ)

૧૩. સાયન્સ કૉલેજ, કડી

૧૪. કૉમર્સ કૉલેજ, ડભોઈ

(૩) પ્રાંતિજ તાલુકા કેળવણી ટ્રસ્ટ, પ્રાંતિજ તરફથી પ્રાંતિજ ખાતે જૂન ૧૯૭૨થી શરૂ કરાનાર નવી વિનયન અને વાણિજ્યની કૉલેજ માટેની અરજી પર સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૧થી સભામાં નીમેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો પ્રિ. બી. પી. કોઠારી તથા પ્રિ. જે. સી. ત્રિવેદીએ સમિતિ પર કામ કરવા અશક્તિ દર્શાવી લેાઈ તેઓની જગ્યાએ શ્રી. રમણભાઈ જે. જોશીની નિમણૂક કર્યાના;

(૪) એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદની સંસ્કૃત, પ્રાકૃત અને ભારતીય સંસ્કૃતિના વિષયો માટે પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૬ સુધીની માન્યતા ચાલુ રાખ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૮૭. ડી. પી. ઈ. વિભાગના આસિ. ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર શ્રી. કે. એચ. દવેને રૂ. ૨૦૦--૧૨--૨૬૦--૧૫--૩૨૦ઈબી.--૨૦--૪૪૦ના પગારધોરણમાં તા. ૨૭--૧૦--૧૯૭૧થી કાર્યક્ષમતા અંતરાય (Efficiency bar) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા હાથ ધરવામાં આવી ત્યારે આસિ. ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર શ્રી. કે. એચ. દવેની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. એચ. દવેને આસિ. ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેરની જગ્યા પર રૂ. ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગાર ધોરણમાં રૂ. ૩૨૦થી આગળ કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૮૮. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના રીડર ડૉ. બી. એસ. વૈદ્યની સંશોધન યોજના "A study on uptake and Edudation of Organic compounds by Algao" અંગે ભારત સરકારના આણુશક્તિ ખાતાએ તેમના પત્રાંક ૮--૬--'૭૧—G તા. ૭--૮--૧૯૭૧થી અનુદાનની રકમ રૂ. ૬,૬૧૫ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૯. ફાઈનાન્સ સમિતિના સભ્ય ડૉ. એ. એમ. ત્રિવેદીના અવસાનથી ખાલી પડેલી જગ્યા ઉપર તા. ૪--૧--૧૯૭૨ સુધીની મુદત માટે અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત;

હાલના સભ્યો

૧. આચાર્ય એમ. સી. શાહ

૨. શ્રી. આર. બી. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદીની ખાલી પડેલી જગ્યા પર આચાર્ય કે. એન. શાહને તા. ૪--૧--૧૯૭૨ સુધીની મુદત માટે નીમવા.

૯૦. યુનિવર્સિટી જર્નલ 'વિદ્યા' મુખપત્રના વિજ્ઞાન વિભાગના સંપાદક મંડળના સભ્ય ડૉ. પી. સી. વૈદ્યની ગુજરાત રાજ્યના પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષપદે નિમણૂક થયેલ હોઈ તથા બીજા સભ્ય ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદીનો દેહવિલય થયેલ હોઈ તે બેઉ સભ્યોની જગાએ અન્ય કોઈ સભ્યોની નિયુક્તિ કરવા બાબત.

[નોંધ.—સદરહુ સંપાદક મંડળ પર હાલ નીચેના સભ્યો છે:

૧. ડૉ. જે. જે. ચિનોય (આવાહક)
૨. ડૉ. વી. સી. શાહ
૩. ડૉ. વાય. જી. નાયક
૪. ડૉ. જે. જે. ત્રિવેદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મુખપત્રના સંપાદકમંડળના સભ્યો તરીકે ડૉ. પી. સી. વૈદ્ય અને ડૉ. એ. એમ. ત્રિવેદીની જગ્યાએ પ્રો. સી. જી. ખત્રી અને આચાર્ય કે. એન. શાહને નીમવા.

૯૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપકની ખાલી પડેલી જગ્યા માટેની વરણીસમિતિ પર ઑર્ડિ. ૬૬ પ્રમાણે ત્રણ સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેની વ્યકિતઓ પૈકી ત્રણની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧ ડૉ. જે. આર. મરચન્ટ
(૨) ડૉ. બી. સી. હલદર
(૩) ડૉ. આર. ડી. પટેલ
(૪) ડૉ. કે. એસ. નારગુંડ
(૫) ડૉ. ટી. આર. શેષાદ્રિ
(૬) ડૉ. જગદીશ શંકર
(૭) ડૉ. બી. ડી. તિલક
(૮) ડૉ. વી. બી. એસ. મૂર્તિ.

૯૨. ગુજરાત યુનિવર્સિટીની બી.એસસી.ની પરીક્ષામાં મુખ્ય વિષય તરીકે ફિઝિકસ અથવા સ્ટેટિસ્ટિકસમાં વારાફરતી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એમ.એસસી.ની પરીક્ષાનો અભ્યાસ ચાલુ રાખવાની શરતે "બાઈ કાશી નાથાલાલ વનમાલીદાસ મોદી શિષ્યવૃત્તિ" આપવા માટે "બાઈ કાશી નાથાલાલ વનમાલીદાસ મોદી ટ્રસ્ટ" તરફથી આવેલ રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર)નું પ્રદાન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને "બાઈ કાશી નાથાલાલ વનમાળીદાસ મોદી શિષ્યવૃત્તિ" અંગેના નિયમો ઘડીને હવે પછીની સભા સમક્ષ રજૂ કરવા કાર્યાલયને જણાવવું,

૯૩. તા. ૨૮--૮--૧૯૭૧ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮--૮--૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮--૮--૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯૪. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૦--૮--૧૯૭૧ના રોજ મળેલ સભાની નીચે જણાવેલ ભલામણો મંજૂર કરવા બાબત :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે આંતર-વિભાગીય ખેલકૂદ સ્પર્ધાઓ દક્ષિણ વિભાગની આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, પેટલાદના ઉપક્રમે તા. ૧૧,૧૨ ડિસેંબર ૧૯૭૧ દરમ્યાન યોજવી અને જરૂર જણાય તો પેન્ટેથ્લોન અને ડેકેથ્લોનના ખેલાડીઓને એકાદ દિવસ વહેલા બોલાવવા આ અંગે આંતર--વિભાગીય ખાતેની ખર્ચની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રીને આપવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

(૨) "આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચની જરૂરિયાતોને લક્ષમાં લઈને આંતર-કૉલેજ રમતો માટે મંજૂર થયેલ રૂ. ૧૨,૦૦૦ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

અમદાવાદ વિભાગ	...	રૂ. ૩,૧૦૦
ઉત્તર વિભાગ	...	રૂ. ૪,૭૦૦
દક્ષિણ વિભાગ	...	રૂ. ૪,૨૦૦.

(૩) "વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિવર્સિટી ફોર્મ, કેસ્ટ, રમતનાં જરૂરી સાધનો ખરીદવાં, કોચિંગ આપવું, આંતર-યુનિવર્સિટી રમતની હરીફાઈ યોજવા માટે જરૂરી ખર્ચ કરવું તેમ જ રાજ્ય કક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્ય કક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઈન્ડ યુનિવર્સિટીની પસંદગી માટે પસંદગી-મુકાબલામાં ભાગ લેવા માટે ખેલાડી મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી માટે મંજૂર થયેલ રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર)ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી તથા બંનેની સહીથી બીલોને મંજૂર થયેલાં ગણવાં.

(૪) આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે સિન્ડિકેટની તા. ૭--૮--૧૯૭૧ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણથી વધુ કોચીઝની જગા ઊંચી કરવાનું મંજૂર કરેલ હોઈ આ બોર્ડ નીચેની રમતો માટે બીજા ચાર કોચીઝની કાયમી જગ્યાઓ ઊભી કરવા સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરે છે :

૧. ઍથ્લેટિક્સ	૩. વૉલી બૉલ
૨. ફૂટબૉલ	૪. કબડ્ડી--ખોખો.

આથી ઠરાવવામાં અવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો નં. ૧, ૨ અને ૩ મંજૂર કરવી.
સદરહુ બોર્ડની ભલામણ નં. ૪ની વિચારણા મોકૂફ રાખવી.

૯૫. તબીબી વિજ્ઞાનનો વિકાસ નિર્વિઘ્ને સિદ્ધ કરવા માટે અને તબીબી કૉલેજોમાં શિક્ષણનું ધોરણ સુધારવાના હેતુ પૂરતી નાણાકીય સહાય ઉપલબ્ધ થઈ શકે તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ઈન્ટર-યુનિવર્સિટી બોર્ડના ધોરણે કેન્દ્રીય કક્ષાએ મેડિકલ ગ્રાન્ટ્સ કમિશનની અને રાજ્ય કક્ષાએ ઈન્ટર-યુનિવર્સિટી બોર્ડની રચના કરવા અંગે ઈન્ડિયન મેડિકલ ઍસોસિયેશનની કાર્યવાહક સમિતિના સૂચન અંગે ભારત સરકારે તેના તા. ૧૩--૪--૧૯૭૧ના પત્રથી આ યુનિવર્સિટી પાસે પોતાનો અભિપ્રાય માગેલો હોઈ તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. યુનિવર્સિટી જુદી જુદી પરીક્ષાઓમાં જે કંઈ વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને ચંદ્રક, પારિતોષિક કે શિષ્યવૃત્તિ આપવાની હોય તે માટે આંતરિક ગુણાંકન ન ગણતાં ફકત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં મેળવેલા ગુણાંક જ ગણતરીમાં લેવાનું રાખવા અંગે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના આચાર્યશ્રીના તારીખ ૩૧--૭--૧૯૭૧ના પત્રથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૭. દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામે બી.એ. (સબો.)માં જૂન ૧૯૭૧થી અંગ્રેજીનો અભ્યાસક્રમ શીખવવા વધારાના જોડાણ માટે કરેલ અરજી પાછી ખેંચી લીધાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૮. વિદ્યાર્થી માર્ગદર્શક કેન્દ્ર સ્થાપવા અંગેની યોજના તૈયાર કરવા માટે યુનિવર્સિટી સિન્ડિકેટે તેની તા. ૩/૪--૧૦--૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિએ તૈયાર કરેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી માર્ગદર્શન કેંદ્ર સ્થાપવા અંગેની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૭--૧૯૭૧ની સભામાં બાબત નં. ૫૧ પરના ઠરાવથી સ્વીકારવામાં આવેલી છે તે જોતાં સદરહુ સમિતિના હેવાલની નોંધ લેવી.

૯૯. નીચે જણાવેલ જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભાલામણ પર વિચારણા કરવા બાબત :

૧. સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફ્રી	એકસ્ટર્નલ રેફ્રીઓ
શ્રી. આર. એસ. પાંડે	શ્રી. વેંકટાધ્વરી કૃત વિશ્વગુણાદર્શચમ્પુ કા આલોચનાત્મક એવં સાંસ્કૃતિક અધ્યયન	ડૉ. ઈ. એ. સોલોમન	1. Shri Baldev Upadhyaya (also for viva), Director, Research Institute Varanaseya Sanskrit Vishvadiyalaya, Banaras. 2. Prof. M. V. Patwardhan, 773/7-A, Shivaji Nagar, Nr. Kamla Nehru Park, Poona-4. 3. Shri V. M. Kulkarni, Professor, Ismail Yusuf College, Andheri, Bombay.

૨. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Name of the candidate	*Subject*	*Internal referee*	*External referees*
Miss K. K. Bhatt	A study on certain Dimensions of personality of social interaction	Dr. C. T. Bhopatkar, Uni. School of Psychology, Education and Philosophy	Dr. A. T. Jersild, Professor of Psychology and Education, Teachers College, Columbia University, New York, N. M. 10027 (U.S.A.). *Reserves (in case he declines)* 1. Dr. Ruth C. Whylie, Professor & Chairman, Dept. of Psychology, Goucher College, Towson, Baltimore–4, Maryland, 21204 (U.S.A.) 2. Dr. Sidney M. Jourard, Dept. of Psychology, University of Florida Gainesville, Fla, 32603 (U.S.A,) 3. Dr. Ella R. Kube, Research Consultant, Occident College, 410, Moris Drive, Los Angles–65, California, 90065, (U.S.A.) 4. Dr. Jullian B. Rotter, Professor of Psy. & Director of Clinical Psychology Training Programme, University of Connectiout Storrs, Com., 06268 (U.S.A.)

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
			5. Dr. Robert I. Watson, Dept. of Psychology, North Western Uni., Evanston, Illinois, 60201 (U.S.A.)
			6. Dr. H. J. Eysenck, London University, London (U.K.).
			For Viva-Voce
			1. Dr. Uday Pareck National Institute of Health Administration and Education, 16, Greater Kailash, New Delhi–48.
			Reserves (in case he declines)
			1. Dr. B. Krishnan, Professor and Head of the Dept. of Psychology, University of Mysore, Gangotri–Mysore.
			2. Dr. Ram Murti Loomba, Dept. of Psychology, University of Lucknow, Lucknow.
			3. Dr. M. C. Joshi Professor of Psychology, Ravishanker University, Raipur (M.P.).

૩. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
(1) Shri J. M. Patel	Studies in the reaction of Alkyl/Aryl carbamates with cellulose	Dr. P. C. Mehta ATIRA	1. Dr. J. G. Frick, Southern Regional Research Laboratory, U. S. Department of Agriculture, New Orleans, Louisiana, 70119, U.S.A. 2. Prof. Sidney Vail, Southern Regional Research Laboratory, U. S. Department of Agriculture, New Orleans, Louisiana, 70119, U.S.A. *for Viva-voce* Prof. W. B. Achwal, Prof. of Fibre Science, Department of Chemical Technology, University of Bombay, Matunga Road, Bombay-19.
(2) Shri Kailash Chandra Gupta	Studies on the Physics Chemical Acid/Alkali Catalysed Crosslinking reactions	Dr. P. C. Mehta, ATIRA	1. L. Rebenfeld, Textile Research Institute, Princeton, New Jersey, U.S.A. 2. Dr. D. M. Jones, Shirley Institute, Didsbury, Manchester, M20 8RX England. *Internal referee (for Viva-voce)* Dr. G. M. Nabar, Emeritus Scientist Department of Chemical Technology, University of Bombay, Bombay-19.

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
(3) Shri B. M. Desai			1. Dr. Ray. F. Wilson, Prof. of Chemistry, Dept. of Chemistry, Texas Southern University, Houston, Texas, 77004, U.S.A. 2. Dr. K. L. Cheng, Prof. of Chemistry, Dept. of Chemistry, University of Missouri, Kansas City, Missouri, 64110, U.S.A. 3. Dr. Gilbert H. Ayres, Prof. of Chemistry, University of Texas, Austin, Texas, U.S.A. 4. Dr. H. Flaschka, Prof., Dept. of Chemistry, Georgia Institute of Technology, Athens , Georgia, U.S.A. 5. Dr. S. Dayagi, Editor, Revieus in Analytical Chemistry, Freund Publishing House, P.O.B. 35010, Telaviv, Israil. 6. Dr. A. J. Barnard, Manager, Research Section, J. T. Baker Chemical Co., Phillipsburg, N. J. U.S.A., 08865. 7. Dr. H. Berg, Coates Chemical Laboratories, Loviriana State University, Baton Rouge 3, Loviriana, U.S.A.

Name of student	*Subject*	*Degree*	*Internal referee*	*External referee*
(4) Shri Krishnamurthy T. N.	Studies on the Polysaccharide from Tamarind, Karnel		Dr. H. C. Srivastava ATIRA, Ahmedabad-9	1. Dr. Hewitt G. Fletcher, Jr. Division of Carbohydrates, National Institute of Health, Bethesda, Maryland, U.S.A. 2. Prof. Derek Horton, Department of Chemistry, Ohio State University, Columbus, Ohio, U.S.A. 3. Dr. G. O. Aspinall, Professor & Chairman of the Dept. of Chemistry, Trent University, Peterborough, Ontario, Canada. *For Viva-Voce* 1. Dr. A. K. Mitra, Division of Food Technology & Bio-Chemical Engg., University College of Engg. & Technology, Jadavpur University, Calcutta-32. 2. Prof. S. Mukherjee National Sugar Institute, Kanpur

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
(5) Shri P. B. Trivedi	Preparation and Properties of iron Exchange resins	Dr. N. Krishna Swamy	1. Prof. J. E. Salmon Department of Chemistry, Surrey Guilford, Surrey (U. K.) 2. Dr. T. R. E. Kressman, The Permufit Comp. Ltd., Gummersbury Avenue, London W. 4 (U. K.) 3. Mr. D. K. Hale, Principal, Scientific Officer Inorganic and Malatic Structure Division, National Physical Laboratory, Teddington, Middle Sex (U.K.). *For Viva-Voce* 1. Prof. S. L. Bafna, Chemical Department, M.S. University, Baroda. 2. Dr. S. P. Potnis, Department of Chemical Technology, Matunga, Bombay. 3. Dr. K. M. Joshi, 3/2 Majestic Hotel, Bombay–1.

Name of student	*Subject*	*Interanl referee*	*External referees*
(6) Shri D. A. Chauhan	Studies on Electolysis of some sea water evaporites	Dr. D. S. Datar	1. Dr. J. A. Kitchner, Royal School of Mines, Imperial College of Science and Technology. South Kensingten, London–S. W. 7. 2. Mr. D. K. Hale, Inorganic and Metalic Structure Division, National Physical Laboratories, Teddington, Middle Sex, U.K. 3. Dr. M. Block, Uni. Lever Laboratories, London. *for Viva-Voce* 1. Prof. K. M. Joshi, Institute of Science, Bombay–1. 2. Prof. A. B. Biswas, Indian Institute of Technology, Powai, Bombay. 3. Dr. H. V. K. Udupa, Director, Central Ele. Chem. Research Inst., Karaikkudi, S.Rly.

૪. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ

Name of the candidate	*Subject*	*Internal referee*	*External referees*
Shri H. M. Raval	Theoretical studies in rotating Universis in relativistics Cosmology	Prof. P. C. Vaidya	1. W. B. Bonnor, Queen Elizabeth College, London. 2. Dr. S. I. Husain IRAN, Dept. of Mathematics, University of Tebrer, Tebrer, Iran.

Name of the candidate	*Subject*	*Internal referee*	*Exaternal referee*
			3. Dr. J. V. Narlikar, Institute of Theoretical Astronomy, Cambridge, England.
			for Viva-Voce
			1. Shri V. V. Narlikar, Poona University, Poona.
			2. Shri R. S. Mishra, Head, Mathematics Department, Banaras University, Banaras.
			3. Dr. Ram Behari, C/o. Faculty of Mathematics, Delhi University, Delhi.

૫. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિનો ભલામણ

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
Shri A. V. Gajjar	Certain problems in life Testing	Dr. C. G. Khatri	1. Prof. M. Zelen, Dept. of Statistics, State Uni. of New York at Buffalo, Ridge Lea Road, Buffalo, N.Y., U.S.A.
			2. Prof. Minton Sobel, Dept. of Statistics, Uni. of Minuesota, Minneapolis, Minn. U S.A.

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
			3. Dr. B. K. Shah, Rockland Hospital, Orangeburg, New York, 10962, U.S.A. *For Viva-Voce* 1. Prof. M. C. Chakrabarti. Dept. of Statistics, Uni. of Bombay, Bombay. 2. Prof. A. R. Kamat, Gokhale Inst. of Politics, Poona-7. 3. Prof. J. Roy, Indian Statistical Institute, 203, B. T. Road, Calcutta-35.

૬. પ્રાણીવિજ્ઞાનની ઑડ-હૉક સમિતિની ભલામણ

પ્રાણીવિજ્ઞાનના વિષયમાં શ્રી. એમ. પી. પિલ્લાઈના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ તપાસવા અગાઉ બહારના જે રેફરીઓ નીમ્યા હતા તેમણે તે કામ સ્વીકારવા અશક્તિ દર્શાવી હોવાથી નીચે પ્રમાણે ક્રમાનુવર્તી રેફરીની નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે:

રેફરી

1. Dr. Robert W. Storer,
   Museum of Zoology,
   University of Michigan, Ann-Arbor,
   Michigan, 48104.

   or

2. Dr. J. C. George,
   Department of Zoology, University of Guelph,
   Guelph, Ontrio,
   Canada.

૭. વનસ્પતિશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ

Name of student	*Subject*	*Degree*	*Internal referee*	*External referee*
Shri R. M. Oza	Studies on Ecology, Morphology life history of gracilaria corticata J.Ag.	Ph.D. (Botany)	Dr. V. Krishnamurthy, Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar-2	1. Professor Witsch H. V., Botanische Institute, Freising-Weihengtephan, West Germany. *External referee (for Viva-Voce)* 1. Dr. Peter Kornmann, Biologische Anstalt Helegoland Sie Meerestation, 2192,Hellgoland, West Germany.

૮. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની ભલામણ

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
Shri R. C. Sonpal	Consolidation —An analysis with pore Pressure Measurements	Dr. R. K. Katti, Prof. & Head Spil Engg. Division, Indian Institute of Technology, Bombay, Powai, Bombay-76. N.B.	1. Dr. Z. C. Moh, Chairman, Soil Engg. Division, Asian Institute of Technology, Henri Dunant Street, Bangkok, (Thialand) *For Viva-Voce* 1. Dr. Alam Singh, Prof. and Head, Civil Engg. Dept., M. B. M. Engg. College, Jodhpur (Raj.).

Name of student	*Subject*	*Internal referee*	*External referees*
			2. Dr. A. S. Patwardhan, Civil Engg. Dept., I. I. T., Powai, Bombay-76. NB.
			3. Dr. B. S. Bassi, Chief Research Engineer, Bunjah Shell Ballard Estate, Bombay-1.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૦૦. કોમી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓ દૂર રહે તે માટે યોગ્ય પગલાં લેવા રેડ્ડી કમિશન ઑફ ઈન્કવાયરીના રિપોર્ટના આધારે ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતાઓ શ્રી. શિક્ષણ નિયામકને લખેલ તા. ૨૨--૭--૧૯૭૧ના પત્રાંક પીસે. ૧૦૭૧--૪૦૯૪૮--કે.એચ.ની નકલ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોને પરિચલિત કરવો.

૧૦૧. ઑક્ટોબર, ૧૯૭૧માં જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યિનકો--પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે પર તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ના રોજ મળેલી ઍકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૧માં જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યિનકો/પરીક્ષકોની નિમણૂક સભાગૃહમાં કરવામાં આવેલા ફેરફારો સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદી પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૧૦૨. તબીબી વિદ્યાશાખાની તા. ૧૬--૬--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ.ના વિદ્યાર્થીઓ માટે બાર માસની ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ રાખવા તથા તે માટે ઑ. ૨૧૬ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૨૧૬ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૨૧૬ની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૦૩. સેનેટે તેની તા. ૧/૨--૧૦--૧૯૭૦ની સભામાં સુધારેલા ઑ. ૧૨૦--એ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ, જે સિન્ડિકેટે તેની તા. ૭/૮--૧૧--૧૯૭૦ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત અને બાબત ક્રમાંક ૨૦ સુધારેલા ઑર્ડિ. ૧૨૦--એ ની નકલ આ સાથે સામેલ છે.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૨૦--એ મંજૂર કરવો અને તેને તા. ૧૧મી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલ સુધારેલા ઑર્ડિ. ૧૨૦--એની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૦૪. પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.માં વર્ગ આપતી વખતે અંગ્રેજીના ગુણ ગણતરીમાં લેવા તથા તે માટે રેગ્યુ. આર્ટ્સ ૩, રેગ્યુ. આર્ટ્સ--૮ તથા રેગ્યુ. આર્ટ્સ ૧૩ સુધારવાની તથા સદરહુ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ--૩ જૂન, ૧૯૭૧થી, રેગ્યુ. આર્ટ્સ--૮ જૂન ૧૯૭૨થી તથા રેગ્યુ. આર્ટ્સ--૧૩ જૂન, ૧૯૭૩થી અમલમાં મૂકવાની તથા રેગ્યુ. આર્ટ્સ--૧૪ રદ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ--૩ને જૂન ૧૯૭૧થી, રેગ્યુ. આર્ટ્સ--૮ને જૂન ૧૯૭૨થી તથા રેગ્યુ. આર્ટ્સ--૧૩ને જૂન ૧૯૭૩થી અમલમાં મૂકવા અને રેગ્યુ. આર્ટ્સ ૧૪ને રદ કરવો.

(સુધારેલા તથા રદ કરેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૦૫. ઈક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સ્થાયી સમિતિની તા. ૨૧--૪--૧૯૭૧ તથા તા. ૧--૬--૧૯૭૧ની સભાની ભલામણો સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧--૪--૧૯૭૧ તથા તા.૧--૬--૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧--૪--૧૯૭૧ અને તા. ૧--૬--૧૯૭૧ની સભાઓની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૦૬. બિઝનેસ મેનેજમેન્ટ અભ્યાસસમિતિની તા. ૧૬--૮--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર ત્રીજા વર્ષ બી.કૉમ.ના બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના પ્રશ્નપત્ર--૨માંથી નીચેનો મુદ્દો અભ્યાસક્રમમાંથી રદ કરવાની તથા તે અન્વયે રેગ્યુ.કૉમ.૧૩ સુધારવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"મેનેજિંગ એજન્સી સિસ્ટમ ઇન ઇન્ડિયા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. ૧૩ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૭. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૨૫--૬--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર ફાર્મસી ઑર્ડિ. ૬ નીચે મુજબ સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Pharm. O. 6 :

A candidate who has passed the First B.Sc. Examination of this University or any other University recognised as equivalent thereto shall be exempted from the prescribed courses and examinations of the First Year in Pharmacy (Diploma) in English and Modern Indian Language or Additional English and in those subjects in which he has passed the First B.Sc. Examination.

Provided further that such a student shall be permitted to join the Intermediate courses in Pharmacy and shall be eligible to pass the examination if he passes the Intermediate Examination and also the examinations in those subjects of the First Year in Pharmacy (Diploma) in which he is not exempted.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઑર્ડિ. ફાર્મ.--૬ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૮. જૂના અભ્યાસક્રમની એલએલ.એમ.ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને સત્રો રાખ્યા વગર જૂનિયર એલએલ.એમ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેથી સત્રો રાખ્યા વગર સિનિયર એલએલ.એમ.ની પરીક્ષામાં બેસવા દેવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૯. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિ તથા પ્રાણીવિજ્ઞાનની ઍડ-હૉક સમિતિની તા. ૧૭--૮--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાની તથા તે મુજબ રેગ્યુ. પ્રી-મેડિકલ--૧૧માં સુધારો કરી તેને જૂન, ૧૯૭૨થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" At Pre-Medical Course in the subject of Zoology (Biology–Paper II) dissection of Rabits should be omitted as it is impossible to obtain Rabits in large numbers. "

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. પ્રી-મેડિકલ–૧૧ સુધારી, તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

૧૧૦. સંસ્કૃતની અભ્યાસસમિતિએ તા. ૪--૮--૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૨, રેગ્યુ. આર્ટ્સ--૨ તથા રેગ્યુ. આર્ટ્સ--૧૨ના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

Pre-University Arts

Reg. Pre-Arts-2

1. Text-book : prose and poetry	...	65 marks
2. Translation from non-textual Sanskrit	...	5 marks
3. Internal evaluation	...	30 marks

F.Y.B.A.

Regulation Arts–2 (Sanskrit-compulsory)

1. Rupaka 2. Kavya not more than 200 verses	...	65 marks
3. Translation from unseen Sanskrit Reg. Arts–12 (Sanskrit Paper X)	...	5 marks

Paper X

1. Translation from unseen Sanskrit Passages	...	15 marks
2. Translation from Gujarati into Sanskrit	...	15 marks
3. Explanation in Sanskrit of about 10 stanzas of some well-known Sanskrit Kavya	...	10 marks
4. Prescribed Rupaka	...	30 marks

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મુજબ રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૨, રેગ્યુ. આર્ટ્સ--૨ તથા રેગ્યુ. આર્ટ્સ--૧૨ના સંબંધકર્તા ભાગમાં ઉપર મુજબ સુધારો કરી, તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧૧. ઈજનેરી વિદ્યાશાખાની એક જ મોસમમાં લેવાયેલી સેમેસ્ટરોની પરીક્ષાઓ પ્રાધ્યિનકો--પરીક્ષકોના મહેનતાણાની ગણતરીના હેતુ માટે એક જ પરીક્ષા ગણવી તેવું સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૨--૧૯૭૧ની સભામાં બાબત નં. ૧૮૩થી ઠરાવ્યું હતું તે બાબત પરત્વે પુનર્વિચારણા કરવા બાબત:

(નોંધ.—ઈજનેરી વિદ્યાશાખાની ભલામણ—

"This faculty recommends that minimum remuneration should be paid in the Group, as Semester I & II, III & IV, V & VI, VII & VIII & IX & X, Post-graduate examinations should be considered separately."

પરત્વે સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૧ની સભામાં બાબત નં. ૬૧થી ફક્ત નોંધ જ લીધી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની વિદ્યાર્થી વિનિમય યોજના હેઠળ વિવિધ યુનિવર્સિટીનાં વિદ્યાર્થી જૂથો આ યુનિવર્સિટીની મુલાકાત લે ત્યારે તેમના કાર્યક્રમો ગોઠવવા, તેમની રહેવા--જમવાની અન્ય ગોઠવણ વગેરે કરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેના સભ્યોની એક ઉપસમિતિ નિયુક્ત કરવાનું મંજૂર કર્યાના કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત :

૧. એડિસબ્રિજ અને થહેર વિભાગ યુવક કલ્યાણસમિતિના અધ્યક્ષો તથા મંત્રીઓ

૨. ઉપરોકત બંને વિભાગના યુવક કલ્યાણ સમિતિ પરના વિદ્યાર્થી પ્રતિનિધિઓ

૩. રાષ્ટ્રીય એકતા કારોબારી સમિતિના મંત્રી

૪. વિદ્યાર્થી સંસદના અમદાવાદના મંત્રી

૫. વિદ્યાર્થી સંસદ પરના સભ્ય હોય તે ભવનના અધ્યક્ષ અને વિદ્યાર્થી મંત્રી

૬. યુનિવર્સિટી હૉસ્ટેલના રેકટર અને બંને મહિલા તથા ભાઈઓનાં છાત્રાલયોના અધીક્ષક

૭. યુનિવર્સિટી હૉસ્ટેલના સામાન્ય મંત્રી

૮. કાર્યક્રમમાં મદદરૂપ થાય તેવા કુલપતિશ્રી નિયુક્ત કરે તે અધ્યાપકો

૯. શ્રી. ડી. પી. ઈ. (સભ્ય સચિવ).

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૧૩. વિદ્યોત્તેજક આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના શિક્ષકોને પગાર નહિ ચૂકવાયાની ફરિયાદ અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ પગારોની ચુકવણી માટેના પ્રયત્નો ચાલુ જ છે અને ફી તથા ગ્રાન્ટ અને ઈતર આવકમાંથી તેની ચુકવણી કરવામાં આવશે તેમ જણાવ્યું છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ફરિયાદ અંગે તપાસ કરીને પોતાનો સુચિંતિત અહેવાલ બનતી ત્વરાએ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) આચાર્ય કે. એન. શાહ
(૨) શ્રી. ઈંદ્રવદન એ. મોદી
(૩) શ્રી. સત્યેંદ્ર કાળિદાસ ઝવેરી
(૪) શ્રીમતી ઊર્મિલાબહેન પટેલ
(૫) શ્રી. રસિકલાલ બાલચંદ શાહ.

૧૧૪. સિન્ડિકેટે તેની તા. ૧૨--૬--૧૯૭૧ની સભામાં કરેલા નીચેના ઠરાવના સંદર્ભમાં બી. ડી. કૉલેજના વિભાગીકરણની બાબત અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિનો અહેવાલ એકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલી આપવા સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૭--૧૯૭૧ની સભામાં ઠરાવ્યું છે, તો તે અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટનો ઠરાવ

"શ્રી. ઝાવેરભાઈ દામોદરદાસ કૉલેજનો વિજ્ઞાન વિભાગ બંધ થાય છે તે સંજોગોમાં તેના છૂટા થયેલા શિક્ષકોએ સ્થાપેલ 'શિક્ષક સમાજ' વિજ્ઞાનની કૉલેજ તાત્કાલિક તેના વર્ગો સાંકડી શેરીમાં સ્થાનિક

તપાસસમિતિએ જોયેલ સર્વે નં. ૭૦૮વાળા મકાનમાં શરૂ કરીને તથા સને ૧૯૭૧--૭૨ના વર્ષના પ્રથમ સત્ર દરિમયાન તેની પ્રયોગશાળાની સગવડ હાલની શ્રી. બાલાભાઈ દામોદરદાસ કૉલેજમાં ચાલુ રાખીને શરૂ કરવા ઇચ્છે છે તે હકીકત લક્ષમાં લઈને બાલાભાઈ દામોદરદાસ કૉલેજનું વિભાગીકરણ ગ્રાહ્ય ગણીને વિજ્ઞાનની જુદી કૉલેજ અંગેના જોડાણ માટેની જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. ડી. કૉલેજ, અમદાવાદનું (૧) બી. ડી. આર્ટ્સ કૉલેજ, અને (૨) બી. ડી. સાયન્સ કૉલેજમાં વિભાગીકરણ કરીને બી. ડી. આર્ટ્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન અને ગણિત; તથા બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી માટે તા. ૧૫--૬--૧૯૬૫થી મળેલું કાયમી જોડાણ ચાલુ રાખવા; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર માટે તા. ૧૫--૬--૧૯૬૮થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ ચાલુ રાખવા; તથા (૨) બી. ડી. સાયન્સ કૉલેજ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફકત બાંધેલા માટે જ પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન; તથા બી.એસસી.(સપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૧થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

શરતો

૧. સર્વે નં. ૭૦૮વાળા મકાનમાં વિજ્ઞાનની કૉલેજ માટે બિડાણ "અ"માં દર્શાવ્યા મુજબ જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તથા તેમાંના ખંડોની છત નવી હોઈ જરૂરી સંખ્યામાં વીજળીના પંખા જોડવામાં આવે.

૨. આ કૉલેજમાં ટી.વાય.બી.એસસી. સુધીના વર્ગોમાં રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતના મુખ્ય વિષયો અને ભૌતિકવિજ્ઞાનના ગૌણ વિષયો માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની લાયકાત ધરાવતા જરૂરી શિક્ષકગણ (આચાર્ય સહિત) નીમવામાં આવે, તથા નીચે જણાવેલ વધારાની નિમણૂકો પણ કરવામાં આવે :

(૧) ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા

(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા

(૩) વ્યાયામ શિક્ષક

(૪) લાયકાત ધરાવતા ગ્રંથપાલ

(૫) ગણિતના વ્યાખ્યાતા

(૬) ત્રણ લેબોરેટરી આસિસ્ટંટ (પ્રત્યેક વિભાગ માટે);

૩. ગ્રંથાલય માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ રમતગમતનું મેદાન પૂરું પાડવામાં આવે;

૫. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. બી. ડી. કૉલેજનું નામ ફકત એક જ વર્ષ માટે રાખવામાં આવે;

૮. સૂચિત કૉલેજના સંચાલન અંગેની આર્થિક અને યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબની અન્ય તમામ જવાબદારીઓમાંથી શ્રી. બાલાભાઈ દામોદરદાસ ટ્રસ્ટને મુકત કરીને તે જવાબદારીઓ 'શિક્ષક સમાજ' તા. ૧૧–૬–૧૯૭૧થી ઉઠાવશે તેવી બાંયધરી આપવામાં આવે;

૯. બીજા સત્ર માટે પ્રયોગશાળા અંગેની સુયોગ્ય વ્યવસ્થા કરીને તા. ૩૦મી સપ્ટેંબર, ૧૯૭૧ સુધીમાં યુનિવર્સિટીને જાણ કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કૉલેજમાં નીચેની સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરવાનગી આપવી :

૧.	પ્રી.-યુનિવર્સિટી એક વર્ગ અને એફ.બી.એસસી. ('બી' ગ્રુપ), એમ બે વર્ગો માટે એકમાં ૬૦ અને બીજામાં ૩૦	
૨.	એસ.વાય.બી.એસસી.	૨૦ (મુખ્ય રસાયણવિજ્ઞાન અને ગૌણ વિજ્ઞાન)
૩.	ટી.વાય.બી.એસસી.	૨૦ (મુખ્ય રસાયણવિજ્ઞાન માટે)."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧૫. તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ના રોજ મળનાર સેનેટની ખાસ સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એસ. આર. ભટ્ટ અને આચાર્ય વી. જે. ત્રિવેદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"Resolved to recommend the adoption of the following to the Syndicate and relevant authorities of the University :

1. The Gujarat University has already done appreciable work in the direction of social Security by extending Provident Fund, Gratuity and group Insurance for the employees. There exists however a small lacuna of providing some relief to those employees who die in the employment. It is true, that under the existing schemes the dependents of the employees get a lump sum of money; but there is no provision to see them through the interim period in which they can organise their lives on due pattern.

2. It is therefore proposed that the University may institute an annuity scheme for limited period indicated as under :

Age at death	*Period for which Annuity be paid*
Less than 30	5 years
More than 30 but less than 45	4 years
More than 45	3 years

3. The amount of annuity proposed is as under :

Age at death	*Percentage payable*
Less than 30 years	70%
More than 30 but less than 45	60%
More than 45	50%

4. There is some logic in these groupings. It is clear that when an employee dies at young age, his savings are very low, and his emoluments would be lower, having hardly any margin for savings. Hence his dependents ought to be given a larger share.

5. The purpose of annuity is to afford a protected existence for a limited period; hence the annuity should be based on total take-home pay-packet

6. Pending the acceptance of the entire scheme, ad-hoc decisions should be taken in the following three cases :

   1. Prof. T. M. Mistry
   2. Prof. B. M. Jani
   3. Prof. Ashwin Trivedi

   and dependents of any members of non-teaching staff death has occurred in previous twelve months.

7. A similar scheme may also be evolved for the employees at recognised institutions and affiliated colleges."

આથી કરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ હાલને તબક્કે સ્વીકારવાનું શકય નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે, એમ સેનેટને જણાવવું.

૧૧૬. એન. એસ.ઓ. યોજના હેઠળ આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ ઓફ ઈન્ડિયા અને સિલોન તરફથી આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે નીચેની છ રમતોના પ્રશિક્ષણ શિબિરો યોજવા માટે મંજૂરી મળેલ હોઈ અને તે પેટે આશરે રૂ. 30,000 જેટલી ગ્રાન્ટ ખરેખર થયેલ ખર્ચ પેટે મળવાનો અંદાજ છે. (જાણમાં લઈને તે અંગેની જરૂરી મંજૂરી આપવા બાબત.)

૧. એથ્લેટિક્સ
૨. બાસ્કેટબોલ—ભાઈઓ અથવા બહેનો
૩. ફૂટબોલ

૪. હૉકી—ભાઈઓ અથવા બહેનો
૫. વૉલીબૉલ—ભાઈઓ અથવા બહેનો
૬. ખોખો—ભાઈઓ અથવા બહેનો.

(નોંધ.—આ શિબિરો માટે જમવાનો અને મુસાફરી કરવાનો ખર્ચ એન.એસ.ઓ. યોજના તરફથી મળશે. મેદાન, સાધનો અને કોચની વ્યવસ્થા આપણી યુનિવર્સિટીએ કરવાની હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એન.એસ.ઓ. યોજના લેઠળ ઉપર મુજબ રમતોના પ્રશિક્ષણ શિબિરો યોજવા માટે પૂરી આર્થિક સહાય મળેથી તે શિબિરો યોજવાનું રાખવું.

૧૧૭. રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે કામ કરતા વિવેકાનંદ કૉલેજના શ્રી. ટી. એન. પટેલ કેટલીક અંગત મુશ્કેલીઓને કારણે કામ કરી શકે તેમ ન હોવાથી તેમનું રાજીનામું મંજૂર કરીને તેમની જગ્યાએ કૉલેજના વ્યાયામ શિક્ષક શ્રી. દેવેંદ્ર સોલંકીને નીમવા અંગેની તે કૉલેજના આચાર્યશ્રીનો ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે કામ કરતા વિવેકાનંદ કૉલેજના શ્રી. ટી. એન. પટેલનું રાજીનામું મંજૂર કરવું. અને તેમની જગ્યાએ તે કૉલેજના વ્યાયામ શિક્ષક શ્રી. દેવેંદ્ર સોલંકીને અધ્યાપક-ઈન-ચાર્જ તરીકે નીમવા.

૧૧૮. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"કૉલેજ-કક્ષાએ લેવાની પરીક્ષાઓની ઉત્તરવહીઓ પરીક્ષા બાદ વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની ફી લીધા વિના જોવા દેવાની છૂટ આપવા અંગે યોગ્ય નિયમો ઘડવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૧૯. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશ આપતાં, યુનિવર્સિટી ચંદ્રકો એનાયત કરતાં તથા પરીક્ષા-પરિણામોમાં ક્રમ નક્કી કરતાં માત્ર બાહ્ય (આંતરિક સિવાયના) પરીક્ષાના ગુણને જ લક્ષમાં લેવા અંગે ઘટિત કરવા આ સભા સંબંધકર્તા સત્તામંડળને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૦. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રત્યેક કૉલેજના ડિગ્રી કક્ષાના વિદ્યાર્થીઓના આંતરિક તથા યુનિવર્સિટી પરીક્ષાઓના ગુણ અંગેની માહિતીઓ છાપીને પ્રતિવર્ષ પ્રગટ કરવા અંગે ઘટિત કરવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૧. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓના પ્રશ્નપત્રોની સમીક્ષા કરાવવા માટે પ્રત્યેક પરીક્ષા પછી છ માસના સમયગાળા દરમિયાન ઘટિત કરાવવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૨. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત.

"પ્રત્યેક સ્તરની પરીક્ષામાં એક્સ્ટર્નલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાને બદલે ઈન્ટરનલ ચોઈસવાળા પ્રશ્નો પૂછવાની પ્રથા ૧૯૭૨ના માર્ચ--એપ્રિલની પરીક્ષાઓથી શરૂ કરવા સંબંધકર્તા સત્તામંડળોને આજની સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૩. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"એસ.વાય. સુધી બાહ્ય પ્રાધ્યિનકો--પરીક્ષકો નીમવાની પ્રથા બંધ કરવા અને ટી.વાય. તથા અનુસ્નાતક કક્ષાએ વર્તમાન સ્થિતિ ચાલુ રાખવા સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૪. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત.:

"વર્તમાન ટ્યૂશન-ક્લાસીના નિયમ અંગે પુનઃ વિચારવા અને અસરકારક રીતે ટ્યૂશન-પ્રવૃત્તિ નિયંત્રિત કરવા અંગે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ખાનગી ટ્યૂશનની પદ્ધતિ બંધ કરવા જેવી છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને જણાવવું.

૧૨૫. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"વિવિધ વિદ્યાશાખાઓના સ્પેશિયલ અને જનરલ અભ્યાસક્રમો ઘડીને તેને બનતી ત્વરાએ અમલમાં મૂકવા માટે સંબંધકર્તા સત્તામંડળોને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૬. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બાબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રાધ્યાપકોને પોતાના વિષયનાં પુસ્તકો ખરીદવા અંગે મેચિંગ ગ્રાન્ટ આપવા અંગેની નીતિ ઘડી કાઢવા માટે સંબંધકર્તા સત્તામંડળને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૭. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સ્થાનિક તપાસસમિતિઓમાં નિમાતી વ્યકિતઓ અંગે, સમિતિઓના તપાસક્ષેત્રને સ્પષ્ટ કરવા અંગે તથા સમિતિઓના અહેવાલના સ્વરૂપ અંગે ચોક્કસ ધોરણો ઘડી કાઢવા માટે આ સભા સંબંધકર્તા સત્તામંડળને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું.

૧૨૮. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી ભવનોમાં અંગ્રેજી તથા ગુજરાતી એમ બંને માધ્યમ દ્વારા અધ્યાપનની સુવિધા માટે ઘટિત કરવા આજની સભા સંબંધકર્તા સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨૯. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. બબાભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાતની યુનિવર્સિટીઓના બંધારણની પુનર્રચના અંગે પ્રગટ થયેલ ડોંગરેકરી સમિતિના અહેવાલ વિષે યોગ્ય વિચારણા કરીને ત્વરાએ તેનો અમલ કરવા માટે આ સેનેટ-સભા યોગ્ય સત્તામંડળો દ્વારા ગુજરાત સરકારને વિનંતી કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની ભાવના સાથે સંમત છે એમ સેનેટને જણાવવું.

૧૩૦. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર પ્રા. એ. ટી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીની સમિતિઓને, જુદાં જુદાં સત્તામંડળોને તેમ જ યુનિવર્સિટીની અન્ય કાર્યવાહી માટે કૉલેજો પાસેથી જરૂરી માહિતી માગવામાં આવે છે ત્યારે કૉલેજો તે માહિતી સમયસર પૂરી પાડતી નથી અને કેટલીક સંસ્થાઓ તો તે પત્રોના જવાબ આપવાની પણ દરકાર લેતી નથી. ગઈ સેનેટની સભા માટે જરૂરી માહિતી આ કારણે મળી શકી ન હતી. આ બાબતની આ સભા સખેદ નોંધ લે છે, અને આવી કૉલેજો સામે પગલાં લેવા યુનિવર્સિટી સિન્ડિકેટને આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ કશો અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને જણાવવું.

૧૩૧. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ દ્વારા જૂન ૧૯૭૧થી પાટણમાં વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજી અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—(૧) કેંદ્રીય ગ્રંથાલય હોઈ નિયમ મુજબ જરૂરી ગ્રંથપાલ નીમવા માટે જાહેરખબર આપી છે એમ કૉલેજ જણાવે છે.

(૨) વાણિજ્ય કૉલેજ માટે અલાયદા મકાનનું બાંધકામ શરૂ કરેલ છે અને ૧૯૭૨માં તે મકાન તૈયાર થશે એમ જણાવે છે.

(૩) છાત્રાલયના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરી છે કે કેમ તે પુછાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કેન્દ્રીય ગ્રંથાલય માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ગ્રંથાલય નીમીને જાણ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું અને છાત્રાલયના ગૃહપતિને ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ અંગેની શરતનું પરિપાલન થયેથી સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૩૨. શેઠ. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં શિક્ષકોની નિમણૂક મ્યુનિસિપાલિટીના નિયમો મુજબ થતી હોવાથી ઓ. ૧૨૦--ડીના પરિપાલનમાંથી તેમને મુક્તિ આપવા અંગે સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીની વિનંતી પરથી સિન્ડિકેટની તા. ૧૯--૫--૧૯૭૧ના ઠરાવ અન્વયે મંગાવેલા નિયમો સંસ્થા તરફથી આવ્યા હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૩. તા. ૨૦--૮--૧૯૭૧ના રોજ મળેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦--૮--૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦--૮--૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ " છ "** તરીકે સામેલ છે.)

૧૩૪. માર્ચ--એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઉંલાજ્યે અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યિનક--પરીક્ષકો અને નિરીક્ષકોના કેસો પર વિચારણા કરવા તારીખ ૩૦--૮--૧૯૭૧ના રોજ થયેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની દશમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૩--૮--૧૯૭૧ની સભાની ભલામણો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૩૦--૮--૧૯૭૧ અને તા. ૩--૯--૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૧૩૫. ઑક્ટોબર, ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેંદ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા અંગેની યાદી મંજૂર કરવા બાબત :

(નોંધ.—યાદીમાંથી જરૂર પ્રમાણે કેંદ્ર પર નિમણૂકો કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૧ની પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઇઝરોની યાદી મંજૂર કરવી, અને તેમાંથી જરૂર પ્રમાણે નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩૬. સિનિયર ક્લાર્ક શ્રી. એ. બી. દવેને સ્ટે. ૧૮૮ (૨) હેઠળ મકાન રિપેરિંગ માટે રૂ. ૩,૭૨૫--૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૩૧--૮--૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા અંગે :

(તેઓના પ્રોવિડંટ ફંડ ખાતે તા. ૩૧--૩--૧૯૭૧ના રોજ રૂ. ૩,૭૨૧--૨૮ પૈસા જમા છે અને તા. ૧--૯--૧૯૭૧ના રોજ રૂ. ૧,૪૩૩--૧૮ પૈસા પ્રોવિડંટ ફંડ ખાતે લોન અને વ્યાજના બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સિનિયર ક્લાર્ક શ્રી. એ. બી. દવેને સ્ટે. ૧૮૮ હેઠળ તેમના મકાનના સમારકામ માટે રૂ. ૩,૭૨૧--૦૦ની લોન મંજૂર કરવી.

૧૩૭. સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૧થી ચાલુ-વધારાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પૈકી હજુ સુધી કેટલીક કૉલેજોએ સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદને જોડાણ અંગેની શરતોનું સંપૂર્ણ પરિપાલન ત્વરિત કરીને જાણ કરવા માટે જણાવવું.

(૨) પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરાએ ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો અંગેની જોડાણઅરજી પાછી ખેંચી લીધાની જાણ સભાગૃહને કરવામાં આવી. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજના જોડાણ અંગેની અરજી અંગેના રૂ. ૨૦૦ની અનામત જપ્ત કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાને શ્રી. જે. એમ. શાલની આંકડાશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂક ગ્રાહ્ય ગણીને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદના જોડાણ અંગેની શરતોના પરિપાલનનો પ્રશ્ન બાબત નં. ૧૧૩ અંગે નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરાની જોડાણ અંગેની શરતોનું પરિપાલન ત્વરિત કરીને જાણ કરવા માટે જણાવવું.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને, તેના ટ્યૂટરોની નિમણૂકો ચાલુ વર્ષ પૂરતી માન્ય ગણીને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૩૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

(૧) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં જૂન ૧૯૭૩થી કૉલેજોનું શિક્ષણકામ સવારે ચલાવવાનું બંધ કરવું અને તે કૉલેજોને પોતાના કામકાજનો સમય સવારે ૧૦--૦૦થી સાંજે ૫--૩૦ની વચ્ચે રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) નોકરી કરતા વિદ્યાર્થીઓને માટે અભ્યાસની વ્યવસ્થા યુનિવર્સિટીએ પોતે અગર પસંદ કરેલ કૉલેજોની દ્વારા કરાવવાનું રાખવું.

(૩) (ક) વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં "પત્રવ્યવહારથી અભ્યાસક્રમો" — "કોરસ્પોન્ડન્સ કોર્સીસ" દાખલ કરવા અને તેની શરૂઆત, જૂન ૧૯૭૩થી પ્રી-યુનિવર્સિટી વિનયનમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમ દાખલ કરીને કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

(ખ) પત્રવ્યવહારથી અભ્યાસક્રમો (કોરસ્પોન્ડન્સ કોર્સીસ) માટે નીચેની જગ્યાઓ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

વિષયો	જગ્યાઓ	
અંગ્રેજી	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
અર્થશાસ્ત્ર	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
તત્ત્વજ્ઞાન	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
આંકડાશાસ્ત્ર	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
ગણિતશાસ્ત્ર	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
સંસ્કૃત	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
ગુજરાતી	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
હિંદી	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
રાજ્યશાસ્ત્ર	રીડર	૧
	વ્યાખ્યાતા	૧
ભૂગોળ	રીડર	૧
	વ્યાખ્યાતા	૧

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ ભલામણ મંજૂર કરવી;

(૨) એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી;

(૩) (ક) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો "કોરસ્પોન્ડસ કોર્સીસ" દાખલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

(ખ) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો "કોરસ્પોન્ડસ કોર્સીસ" માટે જગ્યાઓ સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

૧૩૯. જૂન ૧૯૭૨થી પ્રી--મેડિકલનો અભ્યાસક્રમ અમલમાં આવે છે તે બાબતમાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ તથા તબીબી કૉલેજોના ડીનશ્રીઓની તારીખ ૫--૭--૧૯૭૧ની સભાની કાર્યવાહીના સંદર્ભમાં નીચેની બાબતો સિન્ડિકેટે તેની તારીખ ૭/૮--૮--૧૯૭૧ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પરની (1) Pre-medical course to be started at the Gujarat College from the academic year 1972–73 for all the colleges affiliated to Gujarat University. (2) Mode of admission to the pre-medical course એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે —

(ક) ઉપર નં. ૧માં જણાવેલો પ્રસ્તાવ સ્વીકારવો અને ગુજરાત કૉલેજમાં પ્રી-મેડિકલના વર્ગના શિક્ષણ માટે જરૂરી શિક્ષકો, વર્ગો, પ્રયોગશાળાઓ, ગ્રંથાલય ઇત્યાદિ અંગેની પૂરતી સુવિધાઓ થાય તે જોવા માટે એક સમિતિની રચના કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) ઉપર બાબત નં. ૨ અંગે રાજ્ય સરકાર પાસેથી જરૂરી પ્રસ્તાવ મંગાવવો.

(ગ) સદરહુ બાબતના સંદર્ભમાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં ડમી નંબરોની પ્રથા દાખલ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી, અને પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવનાર વિદ્યાર્થીઓ પ્રી-મેડિકલના વર્ગમાં પ્રવેશપાત્ર ગણાશે નહીં એમ સ્પષ્ટતા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪૦. ત્રીજા વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં વર્ગ એનાયત કરવામાં અંગ્રેજીના ગુણ ગણતરીમાં લેવા અંગેનો રે. કૉમર્સ--૧૪ સિન્ડિકેટે તેની તા. ૧૨--૧૨--૧૯૭૦ની સભામાં તા. ૧૪ જૂન ૧૯૭૧થી અમલમાં આવે તે રીતે ઠરાવેલ છે. તેને બદલે તે માર્ચ ૧૯૭૨ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને લાગુ પડે તે રીતે અમલમાં આવે તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા રેગ્યુ. કૉમર્સ--૧૪નો માર્ચ ૧૯૭૨ની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને લાગુ પડે તે રીતે અમલ કરવો.

૧૪૧. યુનિવર્સિટી પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામનો બોજ કેટલાંક કેંદ્રોનાં પ્રેસો ઉપાડી શકતાં નથી તેમ જણાયું છે, તો આ અંગે ભવિષ્યમાં શું કરવું તે બાબત પરત્વે વિચારણા કરવા અંગે :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૨. યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન કેટલાંક કેંદ્રો પર તકેદારી માટે પોલીસની વ્યવસ્થા કેંદ્રો તરફથી કરવામાં આવે છે, તે બાબતમાં નિયમો ઘડવા અંગે વિચારણા કરવા અંગે :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯. ઑક્ટોબર ૨૩ અને ૨૪, ૧૯૭૧ના સમય દરમિયાન મુંબઈ મુકામે ગુજરાત ગણિત મંડળનું ૮ મું વાર્ષિક અધિવેશન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર મંડળના મંત્રીઓ તરફથી આવેલ તા. ૨૧-૯-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. એચ. એન. રાવલને મોકલવા.

૧૦. ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશન ડિસેંબર ૩૧, ૧૯૭૧થી જાન્યુઆરી ૩, ૧૯૭૨ના સમય દરમિયાન તેનો રજત જયન્તી મહોત્સવ કર્ણાટક યુનિવર્સિટીના ઉપક્રમે ધારવાડ મુકામે યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. સી. શાહને મોકલવા.

૧૧. "ઍનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા"નું આગામી અધિવેશન ડિસેંબર ૨૮થી ૩૦, ૧૯૭૧ના સમય દરમિયાન મેડિકલ કૉલેજ, ચિંગલપૂત (તામીલનાડુ) મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૩-૯-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. સી. મહેરાને મોકલવા.

૧૨. સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૭૧ની સભામાં ગુજરાત કૉલેજ, અમદાવાદમાં પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરી હોઈ તેના શિક્ષણ માટે જરૂરી શિક્ષકગણ, વર્ગખંડો, પ્રયોગશાળા ઇત્યાદિ સુવિધા અંગે તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષ

(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ

(૩) બી. જે. મેડિકલ કૉલેજના આચાર્ય

(૪) એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના આચાર્ય

(૫) ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષ

(૬) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષ

(૭) જીવવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષ

(૮) ગુજરાત કૉલેજના આચાર્ય.

૧૩. એમ્પ્લોઈઝ સ્ટેટ ઇન્સ્યુરન્સ સ્કીમ જનરલ હૉસ્પિટલ, બાપુનગર, અમદાવાદને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે ડિરેક્ટર ઑફ મેડિકલ સર્વિસીઝ ઈ. એસ. આઈ. સ્કીમ, અમદાવાદના તારીખ ૬--૯--૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. આર. એલ. વાદી
(૨) ડૉ. આર. બી. મહેતા.

૧૪. ઑર્ડિ. ૨૨ અન્વયે ગ્રંથાલય સમિતિ પર સ્વ. ડૉ. અશ્વિનકુમાર ત્રિવેદીની જગ્યાએ તા. ૨--૩--૧૯૭૨ સુધીની મુદત માટે અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. અશ્વિનકુમાર ત્રિવેદીની ખાલી પડેલી જગ્યાએ તા. ૨--૩--૧૯૭૨ સુધીની મુદત માટે શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરીની નિમણૂક કરવી.

૧૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયની "કૉલેજ સાયન્સ ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ—યુનિવર્સિટી લેન્ડરશિપ પ્રોજેક્ટ ઇન મૅથેમેટિક્સ" યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતવિભાગ તરફથી યોજાયેલ ગણિત-વર્ગમાં નીચે જણાવેલ કર્મચારીઓને વધારાની સેવા આપવા માટેનું માનદ વેતન / મહેનતાણું સ્વીકારવાની પરવાનગી આપવા અંગે પ્રોજેક્ટના અધ્યક્ષશ્રીના તા. ૧૪--૯--૧૯૭૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

કર્મચારીનું નામ	હાલ મળતો મૂળ પગાર	સૂચવેલ મહેનતાણાની / માનદ વેતનની રકમ
ડૉ. આઈ. એચ. શેઠ	રૂ. ૬૦૦	રૂ. ૫૫૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ તથા તે અંગે ઉપર જણાવેલ વેતન સ્વીકારવા માટે ડૉ. આઈ. એચ. શેઠને પરવાનગી આપવી.

૧૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૩૨ અને ૯૬ની સાથે તા. ૧૬--૧૦--૧૯૭૧ના રોજ કરવામાં આવેલી હોઈ તેની નોંધ બાબત નં. ૯૬ની સાથે આપવામાં આવેલી છે.

૧૭. સંલગ્ન કૉલેજોમાં કામ કરતા વ્યાયામ શિક્ષકોનાં પગારધોરણો અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—

(૧) કૉલેજો--યુનિવર્સિટીના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની શૈક્ષણિક લાયકાત / પગારધોરણ સૂચવતા ભારત સરકારના તા. ૧૮--૧૧--૧૯૬૯ના પત્રાંક એફ. ૧૦--૧૪--૬૭ વાય. એસ. ૪ ને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૬--૯--૧૯૭૦ની સભામાં વ્યાયામ શિક્ષકોનું પગારધોરણ તા. ૧--૪--૧૯૬૬થી પશ્ચાદ્‌વર્તી રીતે અમલી બને તે રીતે રૂ. ૨૫૦-૧૫-૪૫૦ ઠરાવ્યું છે.

(૨) ગુજરાત રાજ્ય સરકારના તા. ૩૦--૩--૧૯૭૧ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮--ખને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૧૯--૫--૧૯૭૧ની સભામાં શારીરિક શિક્ષણના વિષયમાં માન્ય યુનિ-વર્સિટીની અનુસ્નાતક પદવી કે ડિપ્લોમા ધરાવતા વ્યાયામ શિક્ષકો માટે તા. ૧૫--૬--૧૯૭૧થી રૂ. ૩૦૦--૨૫--૬૦૦નું પગારધોરણ ઠરાવ્યું છે.

(૩) તા. ૩૦-૩-૧૯૭૧ના સરકારી ઠરાવમાં સુધારો સૂચવતા રાજ્ય સરકારના તા. ૩૦-૬-૧૯૭૧ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-ખના સંદર્ભમાં સન્ડિકેટના તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ - ની સાભાના ઠરાવ અન્વયે રૂ. ૩૦૦-૨૫-૬૦૦નું પગારધોરણ કઈ શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકોને અપાય તે અંગે રાજ્ય સરકાર પાસે સ્પષ્ટતા માગેલી તેના જવાબમાં રાજ્ય સરકારે તેના તા. ૧૭-૮-૧૯૭૧ના પત્રથી જણાવ્યું છે કે તા. ૩૦-૬-૧૯૭૧નો સરકારી ઠરાવ સ્પષ્ટ છે.

(૪) ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલકના કાર્યાલયે તેના તા. ૧૩-૮-૧૯૭૧ના પત્રાંક એ.યુ.જી.સી.સી. પે ફિક્સેશન દ્વારા તેના તા. ૬-૧૧-૧૯૭૧ના અને તા. ૨૧/૨૪-૬-૧૯૭૧ના પત્રો તરફ ધ્યાન દોર્યું છે. તેમાં તા. ૨૧/૨૪-૬-૧૯૭૧ના પત્રમાં ગ્રેજ્યુએટ હોય એ પછી ડી.પી.એડ. ઓર સી.પી.એડ. ઓર એ ડિગ્રી ઈન ફિઝિકલ એજ્યુકેશન હોય તેઓને તેઓનું પગારધોરણ રૂ. ૩૦૦-૨૫-૬૦૦નું ગણવું અને તેઓનું ફિક્સેશન તા. ૧-૪-૧૯૬૬ના રોજ તે પ્રમાણે ગણવું અને જે આ લાયકાત ધરાવતા ન હોય તેઓને રૂ. ૨૫૦-૧૧-૪૦૦નો સ્કેલ આપવો તેમ દર્શાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮. સિન્ડિકેટે તેની તા. ૧૭/૧૮ અને તા. ૨૫-૪-૧૯૭૧ની સભામાં સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને તા. ૧-૪-૧૯૭૧થી ભેળવેલ દરે મોંઘવારી ભથ્થું આપવાનું ઠરાવ્યું છે, તેમાં તા. ૩૧-૩-૧૯૭૦ કે તે પહેલાં નિમાયેલા શિક્ષકોને બિનભેળવેલ દરે મોંઘવારી ભથ્થું લઈ શકે તેવો વિકલ્પ રાખવામાં આવ્યો છે તેના સંદર્ભમાં નીચે પ્રમાણે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તો તે પર વિચારણા કરવા બાબત :

(૧) તા. ૧-૪-૧૯૭૦ પહેલાં આ યુનિવર્સિટીમાં જોડાયેલ અધ્યાપક તા. ૧-૪-૧૯૭૦ પછી એક સંસ્થા-માંથી બીજી સંસ્થામાં જોડાય તો તેની નિમણૂકને નવી નિમણૂક ન ગણતાં બિનભેળવાયેલા દરે મોંઘવારી ભથ્થું સ્વીકારવાનો વિકલ્પ આપવો કેમ ?

(૨) તા. ૧-૪-૧૯૭૦ પહેલાના અધ્યાપકને તા. ૧-૪-૧૯૭૦ પછી તેના હોદ્દાનો પ્રકાર બદલાતાં નવી નિમણૂક ન ગણતાં બિનભેળવાયેલા દરે મોંઘવારી ભથ્થું સ્વીકારવાનો વિકલ્પ ચાલુ રાખી શકે કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં શિક્ષકોની નિમણૂક રીતે મ્યુનિસિપાલિટીના નિયમો મુજબ થતી હોવાથી ઑર્ડિ. ૧૨૦-ડી ના પરિપાલનમાંથી તેમને મુક્તિ આપવા અંગે સદરહુ સંસ્થાના અધ્યક્ષશ્રીની વિનંતી પરથી સિન્ડિકેટના તા. ૧૯-૫-૧૯૭૧ના ઠરાવ અન્વયે મંગાવેલા નિયમો સંસ્થા તરફથી આવ્યા હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. સંલગ્ન કૉલેજોમાં લેવાતી ટ્યૂશન ફીના દરમાં વધારો કરવા દેવા અંગે આવેલી માંગણીઓ અંગે સમગ્ર રીતે વિચારણા કરીને હેવાલ આપવા માટે નિયુક્ત કરેલ સમિતિની નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૯-૫-૧૯૭૧ની સભામાં સ્વીકારી છે તો તે અંગે આગળ ઘટતાં પગલાં લેવા વિચારણા કરવા બાબત :

" કૉલેજોનું સંચાલન રજિસ્ટર્ડ ટ્રસ્ટોને બદલે રજિસ્ટર્ડ સોસાયટીઓ દ્વારા થવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સંબંધકર્તા પત્રની નકલ સાથે અને મુંબઈ યુનિવર્સિટીમાં આ બાબત અંગે શી પરિસ્થિતિ છે તે માહિતી મંગાવીને આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું.

૨૧. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યશ્રીએ સને ૧૯૭૨--૭૩ના વર્ષથી પ્રત્યેક વર્ગમાં રૂ. ૫૦ લેખે ફી વધારવા અંગે મંજૂરી માંગેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા, રાજ્ય સરકારે નીમેલ કૉલેજ ફાઇનાન્સ કમિટીનો અહેવાલ ઉપલબ્ધ થયેથી હાથ ધરવાનું રાખવું.

૨૨. એમ. વી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામમાં ગુજરાતીના ટ્યૂટર તરીકે કામ કરતા શ્રી. મહેન્દ્રભાઈ એન. મહેતાને કૉલેજ ઑર્ડિ. ૧૨૦-ડીમાં જણાવેલ એક પણ કારણ દર્શાવ્યા સિવાય છૂટા કર્યા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહેન્દ્રભાઈ એન. મહેતાને ગુજરાતીના ટ્યૂટર તરીકે સદરહુ કૉલેજમાંથી ફારેગ કરવામાં આવ્યા છે તેથી ઑર્ડિ. ૧૨૦--ડીનો સ્પષ્ટ ભંગ થયેલો છે એમ આચાર્યશ્રીને જણાવીને શ્રી. મહેતાની સેવાઓનું સાતત્ય જળવાઈ રહે તે રીતે તેમને ચાલુ રાખવા જરૂરી છે તેમ જણાવવું.

૨૩. તબીબી વિજ્ઞાનનો વિકાસ નિર્વિઘ્ને સિદ્ધ કરવા માટે અને તબીબી કૉલેજોમાં શિક્ષણનું ધોરણ સુધારવાના હેતુ પૂરતી નાણાકીય સહાય ઉપલબ્ધ થઈ શકે તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડના ધોરણે કેન્દ્રીય કક્ષાએ મેડિકલ ગ્રાન્ટ્સ કમિશનની અને રાજ્ય કક્ષાએ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની રચના કરવા અંગે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનની કાર્યવાહક સમિતિના સૂચન અંગે ભારત સરકારે તેના તા. ૧૪--૪--૧૯૭૧ના પત્રથી આ યુનિવર્સિટી પાસે પોતાનો અભિપ્રાય માંગેલ હોઈ તે અંગે જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનમાં જણાવેલ છે તેવા જુદા મેડિકલ ગ્રાન્ટ્સ કમિશનની કે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની રચના કરવાનું જરૂરી જણાતું નથી એમ આ સભાગૃહનો અભિપ્રાય છે તેમ ભારત સરકારને લખી જણાવવું.

૨૪. માર્ચ--એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૬૦૬ના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૫. માર્ચ--એપ્રિલ ૧૯૭૧માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાયેલ પરીક્ષાઓ દરમિયાન થયેલ ગેરરીતિઓ/અવ્યવસ્થા અંગે આવેલ ફરિયાદો જોતાં પરીક્ષાશુદ્ધિ જાળવવા માટે શાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

૨૬. યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમિયાન કેટલાંક કેન્દ્રો પર તકેદારી માટે પોલીસની વ્યવસ્થા કેન્દ્રો તરફથી કરવામાં આવે છે તે બાબતમાં નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

૨૭. યુનિવર્સિટીની પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામનો બોજ કેટલાંક કેન્દ્રોનાં પ્રેસો ઉપાડી શકતાં નથી તેમ જણાયું છે તો આ અંગે ભવિષ્યમાં શું કરવું તે બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

બાબત નં. ૨૫, ૨૬ અને ૨૭ની વિચારણા સાથે કરવામાં આવી અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૨) આચાર્ય એમ. એસ. પંડિત
(૩) આચાર્ય કે. એન. શાહ
(૪) આચાર્યા ઊર્મિલાબહેન પટેલ
(૫) શ્રી. જે. એમ. મહેતા, કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ (સભ્ય-સચિવ).

બાબત નં. ૨૮ની સાથે સાથે બાબત નં. ૭૦ પણ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૨૮. યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં જે કોઈ વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને ચંદ્રક, પારિતોષિક કે શિષ્યવૃત્તિ આપવાની હોય તે માટે આંતરિક ગુણાંકન ન ગણતાં ફક્ત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં મેળવેલા ગુણાંક જ ગણતરીમાં લેવાનું રાખવા અંગે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના આચાર્યશ્રીના તા. ૩૧–૭–૭૧-ના પત્રથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

૭૦. ફર્સ્ટ બી.એસસી. પરીક્ષા તથા થર્ડ બી.એસસી. (રસાયણશાસ્ત્ર) પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને અપાતા "ડૉ. કે. એસ. નારગુંડ પારિતોષિક" માત્ર યુનિવર્સિટી પરીક્ષાના ગુણાંકને આધારે આપવા અંગે ડૉ. એ. એસ. નારગુંડ સન્માનનિધિ સમિતિના મંત્રીશ્રી આર. કે. ગેન્ગેના તા. ૨૨–૯–૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૨૯. પ્રો. એ. એમ. રાવલની યુનિવર્સિટીના ભાષા-ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે તા. ૧૪–૧૧–૧૯૭૦-થી રૂ. ૧૪૦૦ના મૂળ માસિક પગારથી નિમણૂક થયેલ છે તેના સંદર્ભમાં તેઓ ગુજરાત રાજ્યના નિવૃત્ત સરકારી કર્મચારી હોઈ તેઓને રાજ્ય તરફથી પેન્શન અને ગ્રેજ્યુઈટીની રકમ મળેલ હોઈ આસિસ્ટન્ટ એકઝામિનર લોકલ ફંડ એકાઉન્ટ્સના પત્રાંક એલ.એ.એમ.ડી. ૧૮૧૪–૨૧૩૩, તા. ૧૪–૭–૧૯૭૧ના નીચે પ્રમાણેના મંતવ્ય પર વિચારણા કરવા બાબત :

"The pay of Government servants who are reemployed after superannuation should be fixed according to the Government Rules having regard to the last pay drawn and the pension."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારના નિયમોની નકલ મેળવીને તેને આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૩૦. સુરત મુકામે તા. ૨૦–૨–૧૯૭૧ના રોજ મળેલી જોઈન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— સિન્ડિકેટ (ઠરાવ નં. ૭૯, તા. ૭/૮–૮–૧૯૭૧)ની સભામાં ઠરાવ્યું હતું કે સદરહુ બાબત અંગે સૂચિત ફેરફારોની વિગતો સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના મરામત અને ખાસ ફેરફારોના ખર્ચના મથાળે ચાલુ વર્ષમાં રૂ. ૧૦,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ચાલુ વર્ષમાં ઉપરોકત મથાળે રૂ. ૨૦,૦૦૦ની જોગવાઈ છે.

(૨) આથી કુલ જોગવાઈ રૂ. ૩૦,૦૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ચાલુ વર્ષના અંદાજપત્રમાં 'મરામત અને ખાસ ફેરફારો'ના મથાળા હેઠળ રૂ. ૧૦,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૩૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૬ અને ૯૬ની સાથે તા. ૧૬--૧૦--૧૯૭૧ના રોજ કરવામાં આવેલી હોઈ તેની નોંધ બાબત નં. ૯૬ની સાથે આપવામાં આવેલી છે.

૩૩. ગુજરાત યુનિવર્સિટી રાષ્ટ્રીય એકતા કાર્યવાહક સમિતિએ નિયુકત કરેલ ઉપસમિતિની તથા રાષ્ટ્રીય એકતા શિબિરના સંચાલકોની મંગળવાર તા. ૩૧--૮--૧૯૭૧ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ બાબત :

"શિબિરાર્થીઓને શિબિરની યાદગીરીરૂપે તેમ જ એકતા પોષક વિચારોનું કાયમી ભાથું મળી રહે તે આશયથી પ્રત્યેક વિદ્યાર્થીને આશરે રૂ. ૧૫ સુધીની કિંમતનાં પુસ્તકો યુનિવર્સિટી તરફથી આપવાનું અને તે અંગે રૂ. ૭૦૦ સુધીનો વધારાનો ખર્ચ મંજૂર કરવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૪. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૦--૮--૧૯૭૧ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

"સિન્ડિકેટની તા. ૭--૮--૧૯૭૧ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણથી વધુ કોચીઝની જગ્યા ઊભી કરવાનું મંજૂર કરેલ હોઈ આ બોર્ડ નીચેની રમતો માટે બીજા ચાર કોચીઝની કાયમી જગ્યાઓ ઊભી કરવા સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરે છે :

(૧) એથ્લેટિકસ

(૨) ફૂટબોલ

(૩) વૉલીબોલ

(૪) કબડ્ડી--ખોખો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૫. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭--૩--૧૯૭૦ની સભામાં કરેલા નીચેના સૂચન અંગે સિન્ડિકેટે તેની તા. ૩/૪--૧૦--૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત :

સેનેટનું સૂચન

"કૉલેજના જોડાણ અંગેનું વહીવટી તંત્ર બરાબર ગોઠવવું જોઈએ. સ્થાનિક તપાસસમિતિ સાથે કાર્યાલયના કોઈ જવાબદાર અધિકારીને ઍસોસિયેટ કરવા જોઈએ."

સમિતિની ભલામણો

(૧) કૉલેજોની સંખ્યામાં થતો ઉત્તરોત્તર વધારો જોતાં કૉલેજ જોડાણ અંગે સર્વગ્રાહી અને કોન્સોલિડેટેડ નોંધ પ્રાપ્ત થાય તે માટે યુનિવર્સિટી કાર્યાલયમાં એક અલાયદું તંત્ર (યુનિટ) ઊભું કરવામાં આવે જે નાયબ કુલસચિવશ્રીની કક્ષાની વ્યકિતના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે.

(૨) સદરહુ યુનિટના વડા જે તે કૉલેજની ચાલુ વધારાના/કાયમી કે નવા જોડાણ માટે આવેલી અરજીઓ અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખીને દરેક કૉલેજના જોડાણની 'નોટ ઑટ એ ગ્લાન્સ' તૈયાર કરે :

(અ) અગાઉનાં વર્ષોમાં નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં દર્શાવેલ ઊણપો, કરેલ ભલામણ અને સૂચનો તથા તે અંગે કૉલેજે લીધેલ પગલાં.

(બ) સેનેટે કૉલેજ જોડાણ અંગે મૂકેલી શરતો, સદરહુ શરતોના યથાર્થ પરિપાલન માટે કૉલેજે લીધેલ પગલાં તથા મોકલેલ અહેવાલ અને સિન્ડિકેટે રાજ્ય સરકારને જાહેરનામા માટે કરેલ ભલામણ સુધીમાં થયેલ કાર્યવાહીની નોંધ.

(૩) સદરહુ યુનિટના વડા નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો સાથે કૉલેજ તપાસની તારીખ નક્કી કરીને કૉલેજની સર્વગ્રાહી નોંધ સાથે જાય અને સમિતિના મંત્રી તરીકે ફરજ બજાવે.

(૪) નવી કૉલેજો માટે અથવા નવા વિષયોના વધારાના જોડાણ માટે આસપાસનાં સ્થાનોએથી જોડાણઅરજીઓ આવી હોય તો આવી અરજીઓ અંગે શકય હોય ત્યાં સુધી એક જ સ્થાનિક તપાસસમિતિ નીમવી જેથી એ ભૌગોલિક વિસ્તારની એ વિષય માટેની કે એ વિદ્યાશાખા માટેની જરૂરિયાત ઉપર ભલામણો કરવા વિચાર કરી શકાય.

(૫) સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે સેનેટ સભ્ય સિવાય કેળવણીકારને પણ નીમવામાં આવે અને તે માટે વિદ્યાશાખાવાર એક યાદી તૈયાર કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. ગુજરાત યુનિવર્સિટીના (૧) અમદાવાદ શહેર વિસ્તાર, અને (૨) ગ્રામ્ય વિસ્તારમાં વિનયન, વાણિજ્ય વિજ્ઞાન, શિક્ષણ અને કાયદાની નવી કૉલેજોની જરૂરિયાત અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૨-૧૯૭૧ની સભામાં નીમેલ સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૭૨-૭૩ના વર્ષમાં અમદાવાદ શહેર વિસ્તારમાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ કે કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી.

(૨) ૧૯૭૨-૭૩ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ કે કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી. પરંતુ વિનયન અને વાણિજ્યની કૉલેજ માટેની અરજી સૂચિત કૉલેજના સ્થળથી આજુબાજુના ૨૦થી ૨૫ માઈલના ક્ષેત્રમાં આવી કોઈ કૉલેજ ન હોય, અથવા જે શહેરમાં આ વિદ્યાશાખાની કૉલેજ થવાની હોય અને ત્યાં એ વિદ્યાશાખા/વિદ્યાશાખાઓની બીજી કૉલેજ અસ્તિત્વમાં ન હોય તો એવી અરજી પર વિચારણા કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૩૭. વિદ્યાર્થી સંસદની તા. ૩૦–૭–૧૯૭૧ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"કૉલેજોના વિદ્યાર્થી મંડળની ચૂંટણી અંગેના નિયમો પરિશિષ્ટ "ક"માં દર્શાવ્યા પ્રમાણે સુધારવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસદની તા. ૩૦–૭–૧૯૭૧ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને કૉલેજોના વિદ્યાર્થી મંડળની ચૂંટણી અંગેના આ સુધારેલા નિયમોને તા. ૧૧મી જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા સંલગ્ન કૉલેજોને જણાવવું.

(સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ** "ક" તરીકે સામેલ છે.)

૩૮. મધ્યસ્થ સરકારની "કવોલિટી ઇમ્પ્રુવમેન્ટ સ્કીમ" મુજબ એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદના અનુસ્નાતક કેન્દ્રમાં એમ.ઈ.ના અભ્યાસ માટે ઇજનેરી વિદ્યાશાખાના શિક્ષકોને દાખલ કરવાની જોગવાઈ માટે એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૮–૧૯૭૧ની સભામાં ઑર્ડિ. ૦૩ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે સુધારેલો ઑર્ડિ. ૦૩ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૦.૩ની નકલ **પરિશિષ્ટ** "ખ" તરીકે સામેલ છે.)

૩૯. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨–૭–૧૯૭૧ની સભાની નીચેની ભલામણને અનુલક્ષીને રે. એન્જિ. એસ.–૪ સુધારવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭–૮–૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"જે વિદ્યાર્થીએ બી.ઈ. ૧નું સેમેસ્ટર ૧ પાસ કર્યું હોય અને સેમેસ્ટર ૨ બે વર્ષના ગાળામાં પાસ કર્યું ન હોય તેમને બીજા સેમેસ્ટરમાં વધુ એક વખત બેસવા દેવા અને તે માટે આર. એન્જિ. એસ.–૪ નીચે મુજબ સુધારવા ભલામણ કરવી અને તેનો તાત્કાલિક અમલ કરવો.

R. Eng. S. 4 :

A candidate who fails to pass the I & II Semester examinations within two years from the date of his/her admission to the course will not be allowed to re-appqear for those examinations provided that a candidate who has passed Semester I Examination but fails to pass Semester II Examination within two years from the date of his/her admission to the course will be given one more chance to appear at Semester II Examination."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે સુધારેલો રેગ્યુ. એન્જિ. એસ. ૪ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૦. એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પરીક્ષામાં પાસ વર્ગ દાખલ થયેલ હોઈ એમ.કૉમ.નો ઑર્ડિ. એમ.કૉમ. ૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને માર્ચ–એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે મંજૂર કરવા એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૮–૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Any student who has passed his M.Com. Examination with one group of optional subjects, be permitted to appear with another group of optional subjects,

provided he has kept two terms at M.Com. Part II in the subjects in which he wants to appear, He will be declared to have passed the M.Com. Degree Examination, if he passes in those subjects both at Part I & Part II getting at least 36 % of marks in each of the four papers in which he appears. Such a candidate will not be eligible for a class or a prize or any other award. No student shall be allowed to appear in more than one additional subject or group of subjects under this ordinance."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે સુધારેલો ઑર્ડિ. એમ.કૉમ. ૩ મંજૂર કરવો તથા તેને માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે મંજૂર કરવો.

૪૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પરીક્ષાઓ માટે આંતરિક મૂલ્યાંકન અંગેનાં યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણોની મર્યાદામાં રહીને કૉલેજ અઠવાડિક પરીક્ષાપદ્ધતિનું આયોજન કરવા ઇચ્છતી હોય તો તે એ પ્રયોગ આંતરિક મૂલ્યાંકનના હેતુઓને પોષક નીવડે એ રીતે કરી શકે છે એમ સ્પષ્ટતા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨--૯--૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પુનર્વિચારણા માટે મોકલતાં વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૯--૩--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨--૯--૧૯૭૦ની સભાની ભલામણ

(૧) "આ સભા ઠરાવે છે કે વિદ્યાર્થીઓ એમ.એસસી.ની પરીક્ષા જૂના અભ્યાસક્રમ મુજબ પાસ કરી બીજો પેટાનિયમ લઈ એમ.એસસી. પરીક્ષા પાસ કરવા માગે તો તેવા વિદ્યાર્થીઓને એમ.એસસી. માં ભાગ ૨માં ટર્મ રાખ્યા બાદ બેસવા દેવા અને તેમના માટે એમ.એસસી. ભાગ. ૨ મુજબ ક્લાસ ગણવાનો રાખવો."

(૨) "આ સભા ઠરાવે છે કે એમ.એસસી.—૨(એ) અન્વયે વિષય બદલીને એમ.એસસી.ની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને એમ.એસસી., ભાગ ૨ મુજબ વર્ગ આપવાનો રાખવો."

વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૯--૩--૧૯૭૧ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨--૯--૧૯૭૦ની સભાની ઉપરની બન્ને ભલામણો, મૅથેમેટિક્સ વિષયને લાગુ ના પડે, તેવી જોગવાઈ સાથે સ્વીકારવા અને તે માટે જરૂરી ધારાધોરણો ઘડવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) જે વિદ્યાર્થીઓ એમ.એસસી.ની પરીક્ષા જૂના અભ્યાસક્રમ મુજબ પાસ કર્યા પછી બીજો પેટા-વિષય (ગણિતશાસ્ત્ર) લઈ એમ.એસસી.ની પરીક્ષામાં બેસવા માંગે તો તેવા વિદ્યાર્થીઓને એમ.એસસી., ભાગ ૨ ની પરીક્ષામાં સત્રો રાખ્યા બાદ બેસવા માટે પાત્ર ગણવા અને તેમને માટે એમ.એસસી., ભાગ ૨ ની પરીક્ષાના પરિણામ મુજબ તેમને વર્ગ આપવાનું રાખવું, અને આ અંગે જરૂરી ધારાધોરણો ઘડવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

(૨) એમ.એસસી. ૨—એ અન્વયે વિષય (ગણિતશાસ્ત્ર સિવાય) બદલીને એમ.એસસી.ની પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને એમ.એસસી., ભાગ—૨ મુજબ વર્ગ આપવાનું રાખવું અને આ અંગે જરૂરી ધારાધોરણો ઘડવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૪૩. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનની વિદ્યાશાખામાં પ્રોફેસરો, લેકચરરો અને ટ્યૂટરોના કાર્યભાર અંગે નીચે મુજબ ધોરણ લાગુ પાડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

	Lectures		*Tutorials*		*Practicals*	
Professors (Non-P.G.)	12	+	6	+	4	
Professors (P.G.)	11	+	5	+	4	
Lecturers (Non-P.G.)	13	+	3	+	6	
Lecturers (P.G.)	11	+	3	+	6	
Tutors	8	+	8	+	6	} Total 25
Demonstrators (M.Sc.)	6	+	6	+	19	} Total 25

(Tutorials and Practicals can be suitably readjusted keeping the total number of periods the same.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની તા. ૬--૧૨--૧૯૭૦ના રોજ રાજભવન ખાતે મળેલી સભામાં સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપત્રિત કરવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"University should encourage admissions to various short term courses instituted by the state government after the S.S.C. Examination. This would prevent unnecessary rush for admission to colleges."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે દાખલ કરેલા ટૂંકા ગાળાના અભ્યાસક્રમો અંગે માહિતી મંગાવીને સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવાનું રાખવું.

૪૫. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિને સ્થાને નીચેની અભ્યાસસમિતિઓ સ્થાપવા અને સ્ટે. ૧૦૮માં જોગવાઈ કરવાની ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં કરેલી નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

1. **Pre-clinical** subjects including General Anatomy, General Physiology, Pharmacology and Dental Materia Medika, General Pathology, Dental Materials, Dental Anatomy, Histology, etc., Oral Pathology & Bacteriology.
2. Clinical subjects including Prosthatics Dentistry, Operative Dentistry, Periodontia, Orthodontia, Oral Diagnosis and Radiology, Oral Surgery, Pedodontia, General Medicine, General Surgery.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સ્ટે. ૧૦૮ સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૪૬. તા. ૩૦–૯–૧૯૭૦ના રોજ મળેલી સેનેટની ખાસ સભાએ પસાર કરેલ નીચેના ઠરાવ અંગે ઍકેડેમિક કાઉન્સિલને તેની તા. ૨૬/૨૭–૮–૧૯૭૧ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સેનેટનો ઠરાવ

"ભારતમાં કેટલાંક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે એક્સ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી. આથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તેવી તકો ઊભી કરવા અને એમ કરતાં શિક્ષણનાં ધોરણો નીચાં ન પડે તે માટે સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં એમ.એ.ના વૅકેશન વર્ગો શરૂ કરવાની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં અધિકારી સત્તામંડળોને વિનંતી કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો સહિત નોકરી કરતા તમામ વિદ્યાર્થીઓને માટે વિનયન વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ માટે સાંજના વર્ગોની સગવડ કરવામાં આવેલી છે તે જોતાં માધ્યમિક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં એમ.એ.ના વૅકેશન વર્ગો શરૂ કરવાની જરૂર જણાતી નથી અને તેથી સદરહુ ભલામણ ન સ્વીકારવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૭. ઑર્ડિ. ૬૫-પી(૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની બોર્ડ ઑફ્ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪–૩–૧૯૭૦ની સભાની ભલામણ મંજૂર કરવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા કરેલી ભલામણ પર ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૮–૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

"O. 65-P (4) :

To institute a centre of post-graduate teaching in any subject in an affiliated college or a recognised institution in a Zone, the following requirements shall have to be satisfied :

(*i*) The centre must fulfil the requirements in regard to the staff as prescribed in (1), (2) and (3) above together with necessary and sufficient library and laboratory facilties and equipments;

(*ii*) The centre shall have on its local staff at least two post-graduate teachers or at least one post-graduate teacher and two Assistants in the subject concerned. Additional recognised post-graduate teachers in their subjects may be pooled from the University area to make up the necessary staff required for full teaching of a subject in the post-graduate centre concerned.

Note—

(*i*) In the case of post-graduate centre in the subject comprised under the Faculty of Agriculture, one recognised post-graduae teacher and one

Assistant to post-graduate teacher in the subject concerned shall be considered adequate.

(This rule will remain in force for a period of three years beginning from June 1966.)

Notwithstanding anytning contained above for instituting a post-graduate centre in the subject of Chemistry, except in Group " D " Analytical Chemistry and Group 'E' Petro Chemicals, two recognised post-graduate teachers in the branch, or one recognised post-graduate teacher and two Assistants to post-graduate teachers in the same branch or one recognised post-graduate teacher and one Assistant to post-graduate teacher in the same branch and one or more Assistant to Post-Graduate teacher in any other branch, shall be considered adequate.

For institution a post-graduate centre in Group "D"– Analytical Chemistry or Group"E"—Petro-Chemical, following shall be the minimum requirement of local teaching staff :

Group " D "—Analytical Chemistry

One teacher with M.Sc. by papers in Analytical Chemistry. having, this credit research work of recognised merit in Analytical Chemistry.

and

One teachar with M.Sc. papers in Physical Chemistry.

OR

Two Assistants to P. G. Teachers of whom one shall be M.Sc. with Physical Chemisty and the other with Inorganic or Organic Chemistry.

Group " E "—Petro-Chemicals

At least three teachers shall constitute the minimum local staff for a post-graduate centre :

1. A recognised post-graduate or Assistant to a post-graduate teacher for Physical Chemistry.
2. A Recognised post-graduate teacher or an Assistant to a post-graduate teacher for organic chemistry;

and

3. A Chemical Engineer whose qualifications are approved by an expert committee. "

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-પી(૪) સેનેટે તાજેતરની સભામાં પુનર્વિચારણા માટે મોકલવાનું ઠરાવેલું હોઈ તે બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની પુનર્વિચારણા માટે મોકલવી અને તેની સાથે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ પર પણ ઘટતી વિચારણા કરવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને સૂચના આપવી.

૪૮. ઑર્ડિ. ૩૨૧ નીચે મુજબ ચંચાય તે રીતે સુધારવાની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪--૩--૧૯૭૦ની સભાની ભલામણ મંજૂર કરવા તથા સદરહુ ઑર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 321 :

"Every thesis shall be examined by three referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate, the names of three referees; one of whom shall be an internal referee., i.e., the University teacher guiding the candidates work and the other two must be external ones. On the Syndicate appointing the referees, the Registrar shall forward a copy of the thesis to each of them. Of the two external referees the first referee and failing him or in the event of the first referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the examination of the candidate jointly with the internal referee. All the three referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and if their report is unanimous it shall be final. In the absence, however, of unanimity of opinion among the referees, the following procedure shall be adopted :

(1) In the event of any two of the referees, rejecting the thesis it shall be rejected out-right.

(2) In the event of any one of the three referees rejecting the thesis, it shall constitute a tie in which case the Syndicate shall appoint a fourth referee, whose decision shall be final.

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૩૨૧ સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૯. માસ્ટર ઑફ લેબર વેલ્ફેરના વ્યાખ્યાતાની નિમણૂક અંગેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Provided, however, that in the case of appointment to the post of a Lecturer in Labour Welfare, a candidate should have the following qualifications :

(1) A degree of Master of Labour Welfare or of Master of Social Welfare with Second Class and two years' field experience.

OR

(2) A degree of Master of Arts in Social Sciences with Second Class, and LL.B. Degree in Second Class and two years' experience in a Labour Court or Industrial Court.

OR

(3) A degree of LL.M. with Second Class and two years' experience in a Labour Court or Industrial court or experience as a Lecturer, Officer or a teacher of Labour Laws.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. ઇજનેરી વિદ્યાશાખામાં પરીક્ષકોની નિમણૂકો માટે નીચે મુજબના નિયમો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"(1) At all undergraduate examinations of the University an internal Examiner who is teaching the subjects or has previously taught that subject at that level and or at higher level must, as far as possible be appointed.

(2) Normal convention of drop after six turns for an appointment of Examiners should not be made applicable to this faculty as it is a single faculty college, teaching either C.M.E. Eng. Courses or Chem. Engg. Courses.

However, a person appointed as an Examiner may not be reappointed in the same subject after six turns for a period of at least a year."

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખામાં પરીક્ષકોની નિમણૂકો અંગેના ઉપરના નિયમો મંજૂર કરવા.

૫૧. ઑર્ડિ. ૩૧૫ (*i*) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૪-૭-૧૯૭૧ની ભલામણ મંજૂર કરવા તથા સુધારેલો ઑર્ડિ. ૩૧૫ (*i*) જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

O. 315(*i*) :

" A candidate for the Ph.D. Degree in Mathematics or Geography or Physics or Chemistry or Botany or Zoology or Agriculture or Geology shall first pass the languages test prescribed in that subject or an examination in French or German or Russian of another University recognised as equivalent thereto at least two terms or one calendar year prior to presenting his thesis for Ph.D."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે મુજબ ઑર્ડિ. ૩૧૫ (*i*) સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૫૨. એમ.એ.ના અભ્યાસક્રમમાં "સોશિયોલોજી એન્ડ સાયકોલોજી"નું નવું વિષયજૂથ માન્ય ગણવાની અને તે માટે સમાજશાસ્ત્ર ('ઈ' ગ્રુપ)ના ચાર પ્રશ્નપત્રો અને મનોવિજ્ઞાનના નીચે જણાવેલ ચાર પ્રશ્નપત્રો નં.

૧, ૩, ૭ અને ૮ રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬ / ૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રશ્નપત્ર ૧ : થિયરીઝ ઍન્ડ સિસ્ટમ્સ ઑફ સાયકોલોજી
(૨) પ્રશ્નપત્ર ૩ : ઍડવાન્સ્ડ સ્પેશિયલ સાયકોલોજી
(૩) પ્રશ્નપત્ર ૭ : સાયકોલોજી ઑફ પર્સનાલિટી
(૪) પ્રશ્નપત્ર ૮ : ઇન્ડસ્ટ્રિયલ સાયકોલોજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૫૩. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬ / ૨૭--૮--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓમાં પરીક્ષક તરીકે ડેમોન્સ્ટ્રેટર કે ટ્યૂટરની નિમણૂક અંગેની પાત્રતા માટે ઓછામાંઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Demonstrators holding B.Sc. degree only and having 5 years' experience as Demonstrator at Pre-University Science and First B.Sc. are eligible to be appointed as Examiners in practicals at Pre-University Science and First B.Sc. Examinations.

M.Sc. Demonstrators and Tutors including Demonstrators in the University School of Sciences holding qualification of a Lecturer and having teaching experience as prescribed by the University for appointment in practicals should be considered eligible for appointment in Practicals in the respective examinations up to S.B.Sc. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૪. પ્રી-યુનિવર્સિટી કક્ષાએ હિન્દીને વૈકલ્પિક વિષય તરીકે લેનાર કોઈ વિદ્યાર્થી ન હોય તોપણ ખંડ સભ્યના વ્યાખ્યાતા રાખવાનું બંધન દૂર કરવાનું સૂચન હવે પછી શરૂ થતી કૉલેજો માટે મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬ / ૨૭--૮--૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જૂની કૉલેજો અને હવે પછી શરૂ થતી કૉલેજો અંગે કશો ભેદભાવ રાખવો જોઈએ નહીં એ સૂચન સાથે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૫૫. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૦--૭--૧૯૭૧ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા અને તેનો અમલ ૧૯૭૨ના માર્ચ-એપ્રિલની પરીક્ષાને પણ લાગુ પાડવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬ / ૨૭--૮--૧૯૭૧-ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે જે વિદ્યાર્થીએ બી.એ. અને બી.એસસી.માં મૅથેમૅટિક્સ ગૌણ વિષય રાખ્યો હોય અને ફરીથી બી.એ., બી.એસસી.ના બીજા વર્ષમાં ગણિત મુખ્ય વિષય તરીકે રાખી

દાખલ થાય તેને બીજા વર્ષ બી.એ. કે બી.એસસી.ના પાંચમા પ્રશ્નપત્ર તરીકે એનાલિટિકલ જ્યોમેટ્રીનો પ્રશ્નપત્ર આપવાનો રહેશે અને તે માટેનો અભ્યાસક્રમ અગાઉ પ્રમાણે રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૬. તબીબી વિદ્યાશાખાની તા. ૧૬-૬-૧૯૭૧ની ભલામણ પ્રમાણે રેગ્યુ. ૧૯૫-ઈ, રેગ્યુ. ૨૪૦, રેગ્યુ. ૨૪૦-એ, રેગ્યુ. ૨૪૩-બી અને રેગ્યુ. ૨૬૨-એફ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે રેગ્યુ. ૧૯૫-ઈ, રેગ્યુ. ૨૪૦, રેગ્યુ. ૨૪૦-એ, રેગ્યુ. ૨૪૩-બી અને રેગ્યુ. ૨૬૨-એફ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૭. તબીબી વિદ્યાશાખાની તા. ૧૬-૬-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર ડિપ્લોમા ઈન ક્લિનિકલ પેથોલોજીના અભ્યાસક્રમ અંગેના ઑર્ડિ. ૩૭૮, ઑર્ડિ. ૩૭૮-એ, ઑર્ડિ. ૩૭૮-બી, અને રેગ્યુ. ૨૬૩, રેગ્યુ. ૨૬૩-એ અને રેગ્યુ. ૨૬૩-બી સુધારવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે ઑર્ડિ. ૩૭૮, ઑર્ડિ. ૩૭૮-એ, ઑર્ડિ. ૩૭૮-બી અને રેગ્યુ. ૨૬૩, રેગ્યુ. ૨૬૩-એ અને રેગ્યુ. ૨૬૩-બી સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૮. તબીબી વિદ્યાશાખાની તા. ૧૬-૬-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાઓ માટેના પરીક્ષકોની પેનલો સિનિયોરિટીના ક્રમમાં બનાવવી, અને પરીક્ષકોની નિમણૂક વખતે પરીક્ષાસમિતિ, કોઈ પરીક્ષક ના પાડે તો, રિઝર્વમાં પરીક્ષક તરીકે નામ સૂચવે તેવી પ્રથા ઊભી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. જનરલ એજ્યુકેશનના વિષયની પરીક્ષા હાલ કૉલેજો દ્વારા લેવામાં આવે છે તે બંધ કરીને માર્ચ-એપ્રિલ ૧૯૭૩ની પરીક્ષાથી યુનિવર્સિટીએ પોતે જ લેવાની રાખવા તેમ જ તેના ગુણાંક વિદ્યાર્થીને વર્ગ આપતી વખતે ગણતરીમાં લેવા માટે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭-૮-૧૯૭૧ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૬૦. ફાર્મસીની વિદ્યાશાખાની તા. ૨૫-૬-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ સ્વીકારવા અને તે અનુસાર ઑર્ડિ. ૭૫ તથા ફાર્મસી ઑર્ડિ. ૧૫-એ, રેગ્યુ. ૩૮-ડી (એ), (બી) અને (સી), રેગ્યુ. ૩૮-જી અને

રેગ્યુ. ૩૮--એચ સુધારવા તથા તેને માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે મંજૂર કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬/૨૭--૮--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી વિદ્યાશાખા હેઠળ ભારત સરકારના શિક્ષણ ખાતાના સૂચવ્યા મુજબ 'સેન્ડવિચ' અભ્યાસક્રમ જૂન ૧૯૭૧થી અથવા વહેલી તકે દાખલ કરવા ભલામણ કરવી અને તે માટે ફાર્મસી ઑર્ડિ. ૧૫--એ તથા ફાર્મસી રેગ્યુ. ૩૮--ડી (એ), (બી) અને (સી), ફાર્મસી રેગ્યુ. ૩૮--જી, ફાર્મસી રેગ્યુ. ૩૮--એચ પરિશિષ્ટ મુજબ સુધારવા ભલામણ કરવી તથા ઑર્ડિ. ૭૫ નીચે મુજબ સુધારવા તથા ઑર્ડિ. ૧૨૯માં ઘટતો સુધારો કરવા ભલામણ કરવી :

To implect the scheme successfully, it will be necessary to change the period of examinations. Following recommendations are mentioned to modify the appropriate Ordinances :

All March / April Pharmacy examinations and (without any exception) should be completed before 15th April, and all October examinations should be completed before 9th November.

O. 75 (For Pharmacy Faculty) :

For this purpose, academic terms for all classes shall be as under and O. 75 be ammended suitably :

1st Term : 15th June to 15th October (inclusive of both the days).

2nd Term : 10th November to 15th April (inclusive of both the days).

It is further resolved to recommend that appropriate rule is to be ammended in respect of the following :

"A candidate who has passed the B.Pharm. Examination under sandwich course programme, be awarded a final degree certificate suitably modified to include the words 'Industrial Training' in brackets under or alongwith degree."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારેલા ઑર્ડિ. ૭૫ તથા ફાર્મસી ઑર્ડિ. ૧૫--એ, રેગ્યુ. ૩૮--ડી (એ), (બી) અને (સી), રેગ્યુ. ૩૮--જી અને રેગ્યુ. ૩૮--એચ મંજૂર કરવા અને તેને માર્ચ--એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૧. ગ્વાલિયર મુકામે યોજનાર આગામી ભારતીય હિન્દી પરિષદમાં ભાષા-ભવનના હિન્દીના રીડર ડૉ. એ. એસ. નાગરને મોકલવા અંગેનો ભવનનો તા. ૧૭--૯--૧૯૭૧નો પ્રસ્તાવ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૨. એમ. એચ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદમાં જૂન ૧૯૭૨થી રૂ. ૧૧૦ને બદલે રૂ. ૧૫૦ સત્ર ફી લેવા દેવા અંગે પરવાનગી માગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા, રાજ્ય સરકારે નીમેલ કૉલેજ ફાઇનાન્સ કમિટીનો અહેવાલ ઉપલબ્ધ થયેથી હાથ ધરવાનું રાખ્યું.

૬૩. ઇન્ડિયન સોશિયોલોજિકલ સોસાયટી ડિસેંબર ૨૮થી ૩૦, ૧૯૭૧ના સમય દરમિયાન અમદાવાદ મુકામે તેનું અખિલ ભારતીય સમાજશાસ્ત્રનું ૧૧મું અધિવેશન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના પ્રમુખશ્રી તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના શિક્ષકોને મોકલવા :

(૧) ડૉ. તારાબહેન પટેલ

(૨) આચાર્યા ઊર્મિલાબહેન પટેલ

(૩) શ્રી. સુધાબહેન દેસાઈ

(૪) ડૉ. વી. પી. શાહ

(૫) પ્રો. એ. એસ. પટેલ

(૬) પ્રો. પી. એસ. ગજજર

(૭) પ્રો. એસ. ટી. જોશી

(૮) પ્રો. એ. આર. શાહ

(૯) પ્રો. વી. એમ. શાહ

(૧૦) પ્રો. એ. જી. વ્યાસ

(૧૧) પ્રો. એમ. એફ. રાવ

(૧૨) પ્રો. કે. પી. બધેકા

(૧૩) પ્રો. દેવેન્દ્રકુમાર જૈબનપુત્રા

(૧૪) પ્રો. વી. એસ. દેસાઈ

(૧૫) પ્રો. તરલિકાબહેન કાપડિયા

(૧૬) પ્રો. આર. પી. મહેતા

(૧૭) પ્રો. એલ. બી. રાઠોડ

૬૪. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિનના આસિ. પ્રાધ્યાપક તરીકે ડૉ. ડી. એમ. પંડિતની નિમણૂકને યુનિવર્સિટીએ નિયત કરેલ શૈક્ષણિક લાયકાતના ધોરણના સંદર્ભમાં ખાસ કેસ તરીકે માન્ય કરવા અંગેના સદરહુ કૉલેજના ડીનના તા. ૩--૮--૧૯૭૧ના ડી.ઓ. પત્રાંક ૩ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પંડિત ડી. એમ.ની પદવી ડર્મેટોલોજી અને વેનેરિયોલોજી સાથે ધરાવે છે તથા ૪॥ વર્ષનો પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનના જુ. વ્યાખ્યાતા તરીકેનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ડી. એમ. પંડિતને સદરહુ કૉલેજમાં ચાલુ વર્ષે પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિનના પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૨ થી યોગ્ય લાયકાત ધરાવતા આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૬૫. ગુજરાત લૉ સોસાયટી સંચાલિત આર્ટ્સ કૉલેજમાં નોકરી કરતાં કરતાં વિવેકાનંદ આર્ટ્સ કૉલેજમાં સને ૧૯૬૯–૭૦ના ગાળામાં સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.ના વર્ગોમાં ખોટી રીતે હાજરી પુરાવીને સત્રો મંજૂર કરાવી સદરહુ પરીક્ષાઓ શ્રી. વિષ્ણુભાઈ પુરુષોત્તમદાસ પટેલે પાસ કર્યા અંગેની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ખોટી હાજરીના કેસો તપાસવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી અને સદરહુ બાબત તે સમિતિની વિચારણા માટે મોકલવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૨) આચાર્ય કે. એન. શાહ

(૩) આચાર્ય એમ. સી. શાહ.

૬૬. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓના આધુનીકરણ અંગે રાજ્ય સરકારે નીમેલ પંચ (ડૉંગરેકરી કમિશન)ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ દર્શાવેલ અભ્યાસ-સમિતિનું સભ્યપદ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	અભ્યાસસમિતિ
૧.	આચાર્ય વી. પી. ત્રિવેદી	વિનયન	અંગ્રેજી
૨.	,, કાન્તિલાલ બી. વ્યાસ	વિનયન	ગુજરાતી
૩.	,, આર. એ. ત્રિવેદી	વાણિજ્ય	અર્થશાસ્ત્ર
૪.	,, એમ. એસ. પરમાર	વિનયન	શિક્ષણ
૫.	,, રસિકભાઈ આર. દવે	વિનયન	શિક્ષણ
૬.	,, બી. એસ. પટેલ	ઇજનેરી	કેમિકલ એન્જિનિયરિંગ
૭.	,, યુ. બી. પાઠક	વિનયન	શિક્ષણ

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૮. ત્રિવેન્દ્રમ મુકામે ૨૬થી ૨૮ ડિસેંબર ૧૯૭૧ દરમિયાન મળનાર "ઇન્ડિયન ડેન્ટલ કોન્ફરન્સ"ના ૨૬મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ પરિષદના મંત્રીશ્રીના તા. ૨૭–૯–૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ઓ. એમ. મલાવવાલાને મોકલવા અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો પ્રૉ. સી. પી. બોધાણીને મોકલવા.

૬૯. "શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન ફંડ"ની યોજના હેઠળ પ્રકાશનો હાથ ધરવા અંગેની સલાહકાર સમિતિના નીચેના સભ્યોની મુદત તા. ૧૬--૬--૧૯૭૧ના રોજ પૂરી થયેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા
૨. પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા.

[સદરહુ સલાહકાર સમિતિ પર અન્ય સભ્યો નીચે પ્રમાણે છે :

૧. કુલપતિશ્રી
૨. ગુજરાતીની અભ્યાસસમિતિના અધ્યક્ષ
૩. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના પ્રાધ્યાપક
૪. ભાષા-વિજ્ઞાનના પ્રાધ્યાપક.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા અને પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાને ત્રણ વર્ષ માટે ફરીથી નીમવા.

૭૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં ૨૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૧. પ્રતિવર્ષ ૩૧મી જુલાઈ સુધીમાં સંલગ્ન કૉલેજો તરફથી આવવી જોઈતી ઑડિ. ૯૬ પ્રમાણેની માહિતી જે કૉલેજો તરફથી મોડી આવી છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે કૉલેજોએ સમયસર માહિતી મોકલી નથી તેને ઠપકો આપીને જણાવવું કે ભવિષ્યમાં આ માહિતી મોકલવામાં વિલંબ ન થાય તે જોવું આવશ્યક છે.

૭૨. પ્રતિવર્ષ તા. ૩૧મી જુલાઈ સુધીમાં ઑડિ. ૯૬ પ્રમાણે સંલગ્ન કૉલેજો તરફથી આવવી જોઈતી માહિતી નીચે જણાવેલ કૉલેજો તરફથી હજુ સુધી આવી નથી તો તે પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	ભવન્સ કૉલેજ, ડાકોર
૨.	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩.	શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
૪.	શ્રી. જી. એમ. નવલલાલજી આર્ટ્સ એન્ડ એમ. બી. કૉમર્સ કૉલેજ, દહેગામ
૫.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર
૬.	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૭.	કૉમર્સ કૉલેજ, પાટણ
૮.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૯.	સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા
૧૦.	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ--૯.

આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા કૉલેજોને સખત ઠપકો આપીને જણાવવું કે સદરહુ માહિતી ત્વરિત મોકલી આપવી અને ભવિષ્યમાં પણ આ માહિતી યુનિવર્સિટી કાર્યાલયને વેળાસર પૂરી પાડવી આવશ્યક છે.

૭૩. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામક તરીકે કામ કરતા શ્રી. કે. આર. જોશીને સ્ટે. ૧૮૮ હેઠળ બાંધકામ માટે તેઓના ખાતે નીકળતી રકમ આપવા માટે તેઓની તા. ૩૦-૯-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રૉવિ. ફંડ ખાતામાં તેમના ખાતે રૂ. ૧૦,૮૬૨-૫૭ પૈ. જમા છે તથા અગાઉના પ્રૉવિ. ફંડની લોન તથા તે ઉપરનું વ્યાજ રૂ. ૬,૧૧૪-૪૮ પૈ. બાકી બાદ કરતાં તેઓને રૂ. ૪,૫૬૮-૦૯ પૈ. મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. આર. જોશીને સ્ટે. ૧૮૮ હેઠળ તેમના મકાનના બાંધકામ માટે તેમના પ્રૉવિડન્ટ ફંડમાંથી રૂ. ૧૦,૮૬૨-૫૭ પૈ.ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવાનું મંજૂર કરવું.

૭૪. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૧-૯-૧૯૭૧ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો મંજૂર કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બેડમિન્ટન હૉલ અને તેની પાસેના મેદાનનો ઉપયોગ છેલ્લાં વર્ષોમાં ખૂબ જ વધ્યો છે, તેથી નીચે પ્રમાણેની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ કરવી :

૧. એન.આર.એસ. હૉલ પર એક વૉટર કૂલર મુકાવવું જરૂરી છે.
૨. હૉલમાં જરૂરી એક્ઝોસ્ટ ફેન મુકાવવા.
૩. હૉલમાં પ્રેક્ષકો માટે કાયમી બેઠક વ્યવસ્થા ઊભી કરવી.
૪. બહારથી આવતા ખેલાડીઓ-મૅનેજરોને રહેવા માટે હૉલના આગળના બન્ને રૂમો ઉપર એક એક રૂમ (ઓરડો) બનાવવો (જરૂરી ફર્નિચર સાથે).
૫. હૉલ માટે પૂરા સમયના એટેન્ડન્ટ-કમ-ગ્રાઉન્ડમૅનની જગ્યા ઊભી કરવા બાબત.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની રમતોના સરળ સંચાલન માટે નીચે જણાવેલ સાધનો ખરીદવાનું તેમ જ નીચે જણાવ્યા પ્રમાણે ટેનિસ, ક્રિકેટ અને બાસ્કેટબૉલની રકમ માટેની સગવડ ઊભી કરવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ખેલકૂદ માટે સ્ટૉપ વૉચીઝ નં. ૬, કિં. આશરે રૂ. ૧,૨૦૦-૦૦.
૨. સ્ટૉપ ઍન્ડ ગો વૉચીઝ નં. ૨, કિંમત આશરે રૂ. ૪૦૦-૦૦.
૩. ચેસ ક્લૉક નં. ૩, કિંમત આશરે રૂ. ૬૦૦-૦૦.
૪. ટેબલ ટેનિસનાં ટેબલ નં. ૨ (સુંદર ટુર્નામેન્ટ મૉડલ), કિંમત આશરે રૂ. ૧,૬૦૦-૦૦.
૫. રોલર નં. ૧.
૬. લાઈન માર્કર નં. ૨.
૭. સ્ટાર્ટીંગ ગન નં. ૨.
૮. યુનિવર્સિટી સિન્ડરટ્રેક પર લાઈટની કાયમી વ્યવસ્થા ઊભી કરવાનું.
૯. યુનિવર્સિટીએ પોતાના બે ટેનિસ કોર્ટ તૈયાર કરવાનું.
૧૦. યુનિવર્સિટીનું પોતાનું એક ક્રિકેટ ગ્રાઉન્ડ બે પિચ સાથે તૈયાર કરવાનું (સિન્ડર ટ્રેકની પાછળ)
૧૧. એક બીજો બાસ્કેટબૉલ કોર્ટ (આર.સી.સી. પિલરનો) બનાવવાનું.

(૩) આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડે એન.એસ.ઓ. યોજના હેઠળ મંજૂર કરેલા છ શિબિરો પૈકી વૉલીબૉલ ઉત્તર વિભાગમાં, બાસ્કેટબૉલ દક્ષિણ વિભાગમાં અને એથ્લેટિકસનો અમદાવાદમાં દિવાળી-ની રજાઓના અરસામાં યોજવાનું અને હૉકી તથા ખોખોના શિબિરો નાતાલની રજાઓ આવરી લઈને ગોઠવવાનું ઠરાવવામાં આવ્યું તથા તે માટેની અનુકૂળ તારીખો, સ્થળ નક્કી કરવાનું અને નિયમ પ્રમાણે જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવ્યું.

(૪) (૧) રમતો દરમિયાન થતાં તોફાનો અટકાવવા માટે યુનિવર્સિટી કૅમ્પસ પર પ્રેક્ષકો સારી રીતે બેસીને રમતો નિહાળી શકે અને ટિકિટો પણ જરૂર લાગે ત્યારે રાખી શકાય એવી જાતની ગોઠવણ કરવા માટે(એન્કલોઝ્ડ સ્ટેડિયમ)ની યોજના કરવા માટે અમદાવાદની કૉલેજોના આચાર્યો-શ્રીની સભાની ભલામણ પર ગંભીરતાપૂર્વક વિચારણા કરી તેના અમલ માટે ઘટતું કરવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ એન્કલોઝ્ડ સ્ટેડિયમની યોજના લાંબા ગાળાની હોઈ તે દરમ્યાન મેદાનની અંદર રમતો વખતે પ્રેક્ષકો ન જઈ શકે તે માટે સિન્ડરટ્રેકની બાજુમાં દોડના મેદાનની બહાર અને એન.આર.એસ. હૉલની બાજુમાં પગથિયાંની અંદર એક જાળીવાળી "રેલિંગ" સત્વરે કરાવવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે એન.આર.એસ. હૉલમાં ચાર એક્ઝોસ્ટ ફેન મુકાવવાની તથા ખેલકૂદ માટે સ્ટૉપવૉચ નં. ૬ અને સ્ટૉપ ઍન્ડ ગો વૉચ નં. ૨ તથા ચેસ ક્લોક નં. ૩ ખરીદવાની સદરહુ બોર્ડની ભલામણો મંજૂર કરવી અને બાકીની ભલામણો અંગે ઘટતાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે સ્વીકાર્ય જાહેર કર્યાના :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા	વિષય
૧.	શ્રી. આર. પી. શાહ	વિનયન	એજ્યુકેશન
૨.	કુ. એ. વી. વ્યાસ	વિજ્ઞાન	બોટાની
૩.	શ્રી. આર. એચ. ભટ્ટ	વિજ્ઞાન	કેમિસ્ટ્રી
૪.	શ્રી. આઈ. વી. ત્રિવેદી	વિનયન	સંસ્કૃત
૫.	શ્રી. જે. એન. શુકલ	વિનયન	અંગ્રેજી

(૨) ત્રિવેન્દ્રમ મુકામે તા. ૨૧થી ૨૩ ડિસેંબર ૧૯૭૧ દરમિયાન મળનાર The Association of Physiologists and Pharmacologists ની વાર્ષિક ૧૭મી પરિષદમાં ડૉ. ટી. પી. ગાંધી ઉપરાંત ડૉ. એચ. જનાની વધારાના પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૬. ઑર્ડિનન્સ ૧૭૪--ઈ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

Ordinance 174-E :

The commencing date of the Pre-University Arts, First B.A., Second B.A. and Third B.A. External Examinations, last date of receiving applications for admission to the examinations and fee for registration for the same are as under :

Examination	*Last date for receiving the application*	*Date of commencement*	*Registration fee*
Pre-Uni. Arts	28th February	Monday following the 5th October	Rs. 50/-
First B.A.	,,	4th Monday in October	Rs. 70/-
Second B.A.	,,	Monday following the 5th October	Rs. 85/-
Third B.A.	,,	4th Monday in October	Rs. 100/-

Registration fee once paid by the candidate shall only be refunded as under :

1. If a candidate is found not eligible for the Registration, full fees shall be refunded.
2. If a candidate expires prior to the date of the commencement of the examination, full fees will be refunded.
3. If a candidate withdraws his application on or before the 20th of August of the respecting year, half the fees will be refunded at his own cost.
4. Where a candidate remains absent at an external examination Rs. 15/- in case of Pre-University Arts, Rs. 25/- in case of First B.A., Rs. 35/- in case of Second B.A. and Rs. 40/- in case of the Third B.A. Examination will be refunded to him at his cost.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૭૪--ઈ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 174-E :

The commencing date of the Pre-University Arts, First B.A., Second B.A. and Third B.A. External Examinations, last date of receiving applications for admission to the examinations and fee for

registration for the same are as under :

Examination	*Late date for receiving the application*	*Date of commencement*	*Registration fee*
Pre-Uni. Arts	28th February	Monday following the 5th October	Rs. 50/-
First B.A.	,,	4th Monday in October	Rs. 70/-
Second B.A.	,,	Monday following the 5th October	Rs. 85/-
Third B.A.	,,	4th Monday in October	Rs. 100/-

Registration fee once paid by the candidate shall only be refunded as under :

1. If a candidate is found not eligible for the Registration, full fees shall be refunded.
2. If a candidate expires prior to the date of the commencement of the examination, full fees will be refunded.
3. Where a candidate remains absent at an external examination Rs. 15/- in case of Pre-University Arts, Rs. 25/- in case of First B.A., Rs. 35/- in case of Second B.A. and Rs. 40/- in case of the Third B.A. Examination will be refunded to him at his cost.

૭૭. વિનયન તથા વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પત્રવ્યવહારથી અભ્યાસક્રમો, કૉરસપૉન્ડન્સ કોર્સીસ દાખલ કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તથા સિન્ડિકેટની ભલામણ સેનેટે તેની તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ની ખાસ સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. આચાર્યશ્રી, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના પત્ર નં. ૪૨૮/૭૭૭૨, તા. ૪–૧૦–૧૯૭૧-માં જણાવેલ હકીકત લક્ષમાં લઈને આંતરિક મૂલ્યાંકનની બીજી કસોટી પરીક્ષા બીજા સત્રની શરૂઆતમાં લેવા માટે મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૯. સેનેટે તેની તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ની ખાસ સભામાં ઑર્ડિનન્સ ૧૨૦-બી તથા આચાર્યશ્રી ડી. એચ. વેલવણ તરફથી ઑ. ૧૨૦-બી સુધારવા માટે રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવ બન્ને સિન્ડિકેટની વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટને રિફર બૅક કરવામાં આવેલ ઑર્ડિ. ૧૨૦—બીની તથા ઑ. ૧૨૦—બી સુધારવા માટેના આચાર્ય ડી. એચ. વેલવણના પ્રસ્તાવની—પ્રત્યેકની નકલ આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૮૦. સેનેટે તેની તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ની ખાસ સભામાં નીચેનો ઑર્ડિ. ૧૨૦ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

O. 120 :

"(*a*) All applications for affiliation (including applications for bifurcation of an existing college or amalgamation of existing colleges) extension of affiliation or renewal of affiliation of a college shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the first January of the year preceding the academic year from which affiliation is intended to take effect.

(*b*) Every application for affiliation shall be accompanied with a deposit as follows :

(1) Application for affiliation of a new college	... Rs. 1,000/-
(2) Application for bifurcation of an existing college *or* Amalgamation of existing college *or* addition of a new faculty	... Rs. 1,000/—
(3) Extension of affiliation *or* renewal of affiliation	... Rs. 200/—

The deposit will be returned after the application is finally disposed off, provided that it shall be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted. No request for postponement of consideration of the application for affiliation, extension of affiliation or renewal of affiliation, as the case may be, shall be entertained.

(*c*) The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid date.

(*d*) Notwithstanding anything contained above —

(*a*) it shall be competent for the Syndicate to entertain an application for renewal of affiliation, provided it is received on or before 30th April of the year preceding the academic year from which affiliation is intended to take effect;

(*b*) it shall be competent for the Syndicate to entertain an application for fresh affiliation of a new college or extension of affiliation in respect of an additional faculty to an existing college, if and only if a similar application for fresh affiliation or extension of affiliation of an additional faculty, as the case may be for the preceding year has been rejected, postponed or withdrawn provided such an application is received on or before 30th April of the year preceding the academic year from which extension of a affiliation is intended to take effect."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકો પૈકી રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦ના પગારધોરણને પાત્ર નીવડે તેવા શિક્ષકોની યાદી તૈયાર કરવા માટેની સમિતિની તા. ૧૫–૯–૧૯૭૧ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) રાજ્ય સરકારનો તા. ૨૩–૭–૧૯૭૧નો સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.–૧૦૬૮–ખ જોતાં સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા શિક્ષકો માટેનાં રૂ. ૭૦૦–૪૦–૧,૧૦૦નાં પગારધોરણો તા. ૧–૪–૧૯૭૦ને બદલે હવે તા. ૧–૪–૧૯૬૬થી અમલી બને છે, તે જોતાં રાજ્ય સરકારના તા. ૯–૩–૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.–૧૦૬૮–ખના પેરા ૨ (૨) નીચે સંલગ્ન કૉલેજોના કુલ શિક્ષકો પૈકી જે શિક્ષકોને કુલ શિક્ષકોના ૨૫ ટકાની મર્યાદામાં રૂ. ૪૦૦–૩૦–૬૪૦–૪૦–૮૦૦ના પગારધોરણમાં મૂકવામાં આવ્યા હોય તેવા શિક્ષકોની યાદી શિક્ષણનિયામકશ્રી પાસેથી મેળવવી અને ત્યાર બાદ જ સદરહુ બાબત પરત્વે વિચારવાનું રાખવું.

(૨) રાજ્ય સરકારનો તા. ૨૩–૭–૧૯૭૧નો ઠરાવ જોતાં સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા કુલ આચાર્યોના ૨૫ ટકાની સંખ્યાને રૂ. ૮૦૦–૫૦–૧,૨૫૦નું પગારધોરણ આપવાનું છે. તેનો અમલ પણ તા. ૧–૪–૧૯૬૬થી કરવાનો હોવાથી સદરહુ બાબત પરત્વે આ અગાઉની તા. ૧૭/૧૮ અને ૨૫–૪–૧૯૭૧ની સિન્ડિકેટની સભામાં જે નામો નક્કી કરવામાં આવ્યાં છે તે નામો પર પણ પુનર્વિચારણા કરવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૨. સેનેટની તા. ૨૯/૩૦–૯–૧૯૭૧ની ખાસ સભામાં પુછાયેલ પ્રશ્નોત્તરીના સંદર્ભમાં નીચેની કૉલેજો તરફથી હજુ સુધી માહિતી આવી નથી તે અંગે વિચારણા કરવા બાબત :

૧. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત
૨. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. બી. ડી. કૉલેજ, અમદાવાદ
૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. એમ. એન. કૉલેજ, વીસનગર

૬. શ્રી આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૭. બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૮. લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૯. શ્રી. આર. કે. પરીખ ઍન્ડ શ્રી. એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદ
૧૦. શ્રી. એસ. કે. શાહ અને શ્રી. કે. ઓ. એમ. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા
૧૧. શેઠ એચ. પી. આર્ટ્સ અને તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ
૧૨. સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૩. શ્રી. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
૧૪. ભક્ત વલ્લભ ચોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૫. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૧૬. શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૭. શ્રી. જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ અને શ્રી. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ, દહેગામ
૧૮. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ
૧૯. ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૨૦. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૨૧. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૨૨. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૨૩. શ્રીમતી બી. સી. જલુંધવાલા કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત
૨૪. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૨૫. આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ--૭
૨૬. શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા
૨૭. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૮. બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૯. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૩૦. શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત
૩૧. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩૨. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૩. ભવન્સ જશોદાબહેન કૉલેજ ઑફ કૉમર્સ, ડાકોર
૩૪. શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા
૩૫. મોતીલાલ નહેરુ લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૬. વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ ઍન્ડ એજ્યુકેશન, મહેસાણા (ઉ. ગુ.)
૩૭. બી, જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૩૮. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૩૯. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ.

નોંધ.—નીચેની કૉલેજો તરફથી માહિતી તા. ૨૦-૯-૧૯૭૧ પછી આવેલ હોઈ તે માહિતી સેનેટન સુધારાવધારાવાળી કામકાજની યાદીમાં સામેલ કરી શકાઈ નથી :

૧. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૫. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૬. યુ. પી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૭. કલોલ મ્યુ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૮. ભવન્સ કૉલેજ, ડાકોર
૯. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૧૧. એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૩. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૪. શાહ સી. કે. મ્યુ. કૉમર્સ કૉલેજ, કલોલ
૧૫. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૧૬. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
૧૭. શ્રી. સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજો પાસેથી માહિતી મેળવવા માટે આગ્રહ રાખવો અને વેળાસર માહિતી ન મોકલી આપવા માટે તેમને ઠપકો આપીને જણાવવું કે સેનેટે માગેલી માહિતી વેળાસર પૂરી પાડવી આવશ્યક છે.

(ધ) યુનિવર્સિટી કેમ્પસમાં રહેતા કર્મચારીઓ અને તેમનાં કુટુંબીજનોની સુવિધા માટે કેમ્પસમાં ચાર દુકાનો બાંધવાનું રાખવું અને તે અંગે જરૂરી વિચારણા કરવા માટે બાંધકામ સમિતિને જણાવવું.

(સદરહુ સમિતિની તા. ૨૭-૯-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૮૪. યુનિવર્સિટીના ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીથી 'ડી' ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ સુધી તથા યુનિવર્સિટી લાઈબ્રેરી, ભાષા-ભવન અને સમાજવિદ્યા ભવનના મકાન વગેરે માટે સ્ટ્રીટ લાઈટ માટેના મજૂરી કામ અંગે અમદાવાદ ઈલેક્ટ્રિક કંપનીનું રૂ. ૧૨,૮૧૪-૦૦ પૈસાનું ભાવપત્રક કુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૫. સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થી સંખ્યા ઘટવા પામે તેને કારણે શિક્ષકોની છટણી થાય તો કયા નિયમો લાગુ પાડવા તે નક્કી કરવા માટેની સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરાના જૂન, ૧૯૭૧થી જોડાણ આપવાના સંદર્ભમાં તપાસ કરવા સિન્ડિકેટે તેની તા. ૭/૮-૮-૧૯૭૧ની સભામાં નીમેલ સમિતિને સદરહુ કૉલેજ થોડા સમય માટે બંધ રહી હતી તે ધ્યાનમાં લઈ દિવાળી વૅકેશન દરમ્યાન વર્ગો ચલાવવા દેવા કરેલી ભલામણ અનુસાર દિવાળી વૅકેશન દરમ્યાન વર્ગો ચલાવવા દેવા પરવાનગી આપ્યાના.

(નોંધ.—સદરહુ કૉલેજને દિવાળીની પાંચ રજાઓ અને રવિવાર બાદ કરતાં દિવાળી વૅકેશન દરમ્યાન વર્ગો ચલાવવા પરવાનગી આપી છે.)

(૨) તા. ૬-૫-૧૯૭૧ના રોજ મળી ગયેલી સિન્ડિકેટની સભાના ઠરાવ અનુસાર "ઓરિયેન્ટેશન કોર્સ

૮૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસામાં સ્થાપવામાં આવેલ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ ડૉ. એન. એમ. શાહનું અવસાન થતાં ખાલી પડેલ જગ્યાએ તે કૉલેજના આચાર્યશ્રી ડૉ. એ. જી. મુનશી, જેઓ અનુસ્નાતક શિક્ષક છે. તેમની પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે નિમણૂક કરવા આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે ડૉ. એ. જી. મુનશીને નીમવા.

૮૯. જાન્યુઆરી ૧૯૭૨ના છેલ્લા સપ્તાહ દરમિયાન International Folk-Culture Congressનું પહેલું સત્ર થનાર છે. સત્ર દરમિયાન Folk Culture as the best medium of National Integration પર પણ એક પરિસંવાદ થનાર છે. તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કૉંગ્રેસના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૫–૯–૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૦. National Book Trust India તરફથી ન્યૂ દિલ્હી મુકામે જાન્યુઆરી ૨૨થી ફેબ્રુઆરી ૬, ૧૯૭૨ સુધી યોજનાર "World Book Fair"માં યુનિવર્સિટીના પ્રતિનિધિઓને મોકલવા અંગે મજકૂર ટ્રસ્ટના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૩૦–૭–૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ "World Book Fair"માં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને, પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને અને પ્રેસ-મૅનેજર શ્રી. જે. એમ. પુરોહિતને મોકલવા.

૯૧. ડિસેંબર ૧૨થી ૧૫, ૧૯૭૧ના સમય દરમિયાન Indian Association of Special Libraries and Information Centreનું ૯મું અધિવેશન Indian Institute of Technology કાનપુર મુકામે યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલને મોકલવા.

૯૨. માર્ચ–એપ્રિલ ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યિનક–પરીક્ષકો, નિરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૨–૯–૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની બારમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨–૯–૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૨–૯–૧૯૭૧ની સભાની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૯૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપકની જગ્યા માટેની તા. ૧૨–૧૦–૧૯૭૧ની વરણી-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૭--૧૯૭૦ની સભામાં બાબત નં. ૨૦ અંગે કરેલા નીચેના ઠરાવ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઑફ ફિલોસોફીની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી અને તે જગ્યા પર નિમણૂક કરવા માટે વિચારણા કરવામાં આવે ત્યારે ડૉ. એન. વી. જોશીને નીમવા માટેની સદરહુ સમિતિની ભલામણ પણ ધ્યાનમાં લેવાનું રાખવું."

તે પછી સભાગૃહે સિન્ડિકેટનો ઉપરનો ઠરાવ તથા સદરહુ સમિતિની તા. ૧૨--૧૦--૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરીને ઠરાવ્યું કે ડૉ. જે. એ. યાજ્ઞિકને મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તા. ૧૦મી નવેમ્બર ૧૯૭૧થી રૂ. ૧,૧૦૦--૫૦--૧,૩૦૦--૬૦--૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૧૨--૧૦--૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૯૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા માટેની તા. ૧૩--૧૦--૧૯૭૧ની વરણી-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ વરણીસમિતિની તા. ૧૩--૧૦--૧૯૭૧ની સભાની ભલામણો પર વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. ઓ. પી. સક્સેનાને વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે તા. ૧૦મી નવેમ્બર ૧૯૭૧થી રૂ. ૪૦૦--૪૦--૮૦૦--૫૦--૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૬૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૧૩--૧૦--૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૯૪--અ. તે પછી સભાગૃહની ઇચ્છાથી અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની બે જગ્યાઓ માટેની નિમણૂક અંગે સિન્ડિકેટે તેની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં બાબત નં. ૧૩થી કરવામાં આવેલો નીચેનો ઠરાવ પુનર્વિચારણા માટે હાથ ધરવામાં આવ્યો :

સિન્ડિકેટની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભાનો ઠરાવ

"સદરહુ વરણીસમિતિની ભલામણો ઉપર લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની બે જગ્યા પૈકી એક જગ્યા પર અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્ર વિભાગના વડા તરીકે નીચે જણાવેલી બે વ્યક્તિઓ પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક રૂ. ૧,૧૦૦--૫૦--૧,૩૦૦--૬૦--૧,૬૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે કરવી, અને તેમનો પગાર નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. ડૉ. કિશોર થાણાવાલા
૨. ડૉ. વી. સી. શાહ.

(૨) સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની બીજી જગ્યા માટે શ્રી. મહેશભાઈ પી. ભટ્ટની પસંદગી કરવી અને ઉપર નં. ૧ માં જણાવેલ જગ્યા પર નિમાયેલ વ્યક્તિ પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી શ્રી. ભટ્ટની નિમણૂક રૂ. ૧,૧૦૦--૫૦--૧,૩૦૦--૬૦--૧,૬૦૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૦૦થી બે વર્ષના અજમાયથી ધોરણે કરવી."

ને પછી ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે—

(૧) ડૉ. કિશોર થાણાવાલાને યુનિવર્સિટીના સમાજ-વિદ્યાભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા અને તેમનો પગાર નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) શ્રી. મંડેશ પી. ભટ્ટને યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક અને કાયમી ધોરણે પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક ન થાય ત્યાં સુધી તે વિભાગના કાર્યકારી (officiating) પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા.

૯૫. યુનિવર્સિટી ભવનોના પ્રોફેસર, રીડર કે લેકચરર દ્વારા તેમના ફરજના ભાગ રૂપે, તૈયાર કરેલ સંશોધન કામને પ્રકાશિત કરતાં પહેલાં તેના કૉપીરાઇટ મેળવવા માટે જે તે પ્રોફેસર, રીડર કે લેકચરર સાથે કરવાના કરારનામાના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૯૬. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૫૬ અને ૩૨ની સાથે તા. ૧૬-૧૦-૧૯૭૧ના રોજ કરવામાં આવેલી હોઈ તેની નોંધ પૃ. ૪૨ પર આપવામાં આવેલી છે.

૯૭. સેનેટે તેની તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ની સભામાં આ સાથે જોડેલ ઑર્ડિ. ૬૫-પી ને સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ્ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

૯૮. સેનેટે તેની તા. ૨૯/૩૦-૯-૧૯૭૧ની સભામાં નીચેનો ઠરાવ પસાર કર્યો હોઈ તે પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત :

"Resolved to recommend the adoption of the following to the Syndicate and relevant authorities of the University :

1. The Gujarat University has already done appreciable work in the direction of social security by extending Provident Fund, Gratuity and group Insurance for the employees. There exists however a small lacuna of providing some relief to those employees who die in the employment. It is true, that under the existing schemes the dependents of the employees get a lump sum of money, but there is no provision to see them through the interim period in which they can organise their lives on new pattern.
2. It is therefore proposed that the University may institute an annuity scheme for limited period indicated as under :

Age at death	Period for which Annuity be paid
Less than 30	5 years
More than 30 but less than 45	4 years
More than 45	3 years

3. The amount of annuity proposed is as under :

Age at death	Percentage payable
Less than 30 years	70 %
More than 30 but less than 45	60 %
More than 45	50 %

4. There is some logic in these groupings. It is clear that when an employee dies at young age, his savings are very low, and his emoluments would be lower, having hardly any margin for savings. Hence his dependents ought to be given a larger share.

5. The purpose of annuity is to afford a protected existance for a limited period, hence the annuity should be based on total take-home pay-packet.

6. Pending the acceptance of the entire scheme, ad-hoc decisions should be taken in the following three cases :
   1. Prof. T. M. Mistry
   2. Prof. B. M. Jani
   3. Prof. Ashwin Trivedi

   and dependents of any members of non-teaching staff death has occurred in previous twelve months.

7. A similar scheme may also be evolved for the employees at recognised institutions and affiliated colleges."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૯. ૧૯૭૧--૭૨ના વર્ષની ઑ. ૯૬ પ્રમાણે કૉલેજો તરફથી આવેલ માહિતીના સંદર્ભમાં આ સાથેની યાદીમાં જણાવેલ કૉલેજોનાં નામ સામે દર્શાવેલ મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે તા. ૧૦મી નવેમ્બર ૧૯૭૧ સુધીમાં તેમની જે તે ઊણપો દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી.

૧૦૦. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના પૂરા સમયના શિક્ષકોને ગ્રૅચ્યુઇટી આપવા અંગેનાં નીચેનાં ઘોરણો સિન્ડિકેટની તા. ૪--૯--૧૯૭૧ની સભાએ સ્વીકાર્યાં છે. તેના સંદર્ભમાં ગ્રૅચ્યુઇટી યોજનાના નિયમો ઘડવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં સતત પૂરાં દસ વર્ષની સેવાઓ આપી છૂટા થતા શિક્ષકને સેવાના પ્રત્યેક વર્ષ દીઠ એક મહિનાના મૂળ પગાર(કશાં ભથ્થાં સિવાય)ના અડધા દરે ગ્રૅચ્યુઇટીની રકમ જે તે કૉલેજ કે સંસ્થા તરફથી ચૂકવવામાં આવે.

(૨) સતત પૂરાં પંદર વર્ષ કે તેથી વધુ સમય સુધી સેવા આપી છૂટા થતા શિક્ષકને સેવાના પ્રત્યેક વર્ષ દીઠ એક મહિનાના મૂળ પગાર લેખે પણ વધુમાં વધુ પંદર મહિનાનો મૂળ પગાર (કશાં ભથ્થાં સિવાય) અથવા રૂ. ૧૫,૦૦૦ બે પૈકી જે ઓછી રકમ હોય તે જે તે કૉલેજ કે સંસ્થા તરફથી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૧. ઇજનેરી વિદ્યાશાખાની એક જ મોસમમાં લેવાયેલી સેમેસ્ટરોની પરીક્ષાઓ, પ્રાક્ટિનકો--પરીક્ષકોના મહેનતાણાની ગણતરીના હેતુ માટે એક જ પરીક્ષા ગણવી તેવું સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨--૨-૧૯૭૧ની સભામાં બાબત નં. ૧૮૩થી ઠરાવ્યું હતું. તે બાબત પરત્વે પુનર્વિચારણા કરવા બાબત :

(નોંધ-- ઇજનેરી વિદ્યાશાખાની ભલામણ

This Faculty recommends that minimum remuneration should be paid in the group as Semesters I & II, III & IV, V & VI, VII & VIII and IX & X. Post-graduate Examinations should be considered separately

પરત્વે સિન્ડિકેટે તેની તા. ૬--૫--૧૯૭૧ની સભામાં બાબત નં. ૬૧થી ફકત નોંધ જ લીધી હતી.)

(**નોંધ.**— ડીનનું સૂચન છે કે એન્જિનિયરિંગની બધી જ પરીક્ષાઓમાં કોઈ પણ એક જ વ્યકિતને વધુ વિષયમાં પરીક્ષક તરીકે નીમવામાં આવે તો તેમને નિયમ પ્રમાણે મહેનતાણું કે પ્રત્યેક વિષય દીઠ રૂ. ૭૫ લઘુતમ વેતન બેમાંથી જે વધારે હોય તે આપવું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી.

૧૦૨. ડિસેંબર ૧૦થી ૧૨, ૧૯૭૧ના સમય દરમિયાન રાજસ્થાન યુનિવર્સિટીના Economic Administration and financial management ડિપાર્ટમેન્ટ તરફથી International Monetary Developments (૧૯૩૧-૭૧) પર એક પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે પ્રો. ડૉ. ઓમપ્રકાશ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. મહેશભાઈ ભટ્ટને મોકલવા.

૧૦૩. જાન્યુઆરી ૧૭થી ૨૫, ૧૯૭૨ના સમય દરમિયાન Ministry of Education and social welfare and the Indian National Commission for Co-operation with U.N.E.S.Co.ના સંયુકત ઉપકમે ન્યૂ દિલ્હી મુકામે "સંસ્કૃત"નું આંતરરાષ્ટ્રીય અધિવેશન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર અધિવેશનના ફરજ પરના ખાસ અધિકારી તરફથી આવેલ તા. ૨૨-૯-૧૯૭૧ના પત્રાંક ૨૭-૧૪-૭૧-એસ. કે. આઈ. (સી) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીને તથા ડૉ. એસ્તર સોલોમનને મોકલવાં.

૧૦૪. યુનિવર્સિટીથી પી. આર. એલ. સુધીના રસ્તા પર અટિરા તરફથી સ્ટ્રીટ લાઈટની સગવડ કરવામાં આવેલી છે. તેમાં નિભાવના ખર્ચામાં યુનિવર્સિટીનો ફાળો આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.– નિભાવનું કુલ ખર્ચ રૂ. ૩,૦૦૦ અટિરાને થાય છે. ને માટે યુનિવર્સિટીનો ફાળો રૂ. ૧,૦૦૦ થાય છે. પી. આર. એલ. રૂ. ૧,૦૦૦ આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૫. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.ઈ. (મિકેનિકલ) વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. એન. આર. દવે તથા એમ.ઈ. (સિવિલ) વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. એ. વેંકટાદ્રિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ઈ. (મિકેનિકલ) વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. એન. આર. દવેની તથા એમ.ઈ. (સિવિલ) વિષયના સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જ તરીકે શ્રી. એ. વેંકટાદ્રિની નિમણૂક કરવી.

૧૦૬. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૧૫-૪-૧૯૭૧ની સભાની નીચેની ભલામણની નોંધ લેવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે નીચેની કૉલેજોએ છાત્રાલય અંગે માહિતી મોકલી નથી. તે કૉલેજોનાં નામ સિન્ડિકેટના ધ્યાન પર લાવવાં :

૧. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. જી. એલ. એસ. ગર્લ્સ કૉલેજ, અમદાવાદ
૭. વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૮. આર્ટ્સ કૉલેજ, સાંખેડા
૯. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૧૦. બી. ડી. કૉલેજ, અમદાવાદ
૧૧. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૧૨. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૧૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત
૧૪. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૫. બી. વી. ડી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ
૧૭. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૧૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ

૧૯. આર. એ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૦. સહજાનંદ કૉલેજ, અમદાવાદ
૨૧. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૨. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
૨૩. ગિરધરનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨૪. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ
૨૬. સાયન્સ કૉલેજ, ખંભાત
૨૭. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૮. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૯. એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૦. સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૧. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૨. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૩. ઓડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૪. વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૫. બી. ડી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૬. કૉમર્સ કૉલેજ, પેટલાદ
૩૭. કૉમર્સ કૉલેજ, કલોલ
૩૮. કૉમર્સ કૉલેજ, ડાકોર
૩૯. એમ. એન. લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪૦. વિવેકાનંદ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૪૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૪૨. સિટી લૉ કૉલેજ, અમદાવાદ
૪૩. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
૪૪. લૉ કૉલેજ, ઊંઝા
૪૫. લૉ કૉલેજ, ભૂજ
૪૬. લૉ કૉલેજ, ગોધરા
૪૭. લૉ કૉલેજ, ખંભાત
૪૮. નર્સિંગ કૉલેજ, અમદાવાદ
૪૯. એલ. એમ. ફાર્મસી કૉલેજ, અમદાવાદ
૫૦. સાયન્સ કૉલેજ, તલોદ
૫૧. પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૫૨. સેકન્ડરી ટીચર્સ કૉલેજ, વાસણા, અમદાવાદ
૫૩. એજ્યુકેશન કૉલેજ, ખેડા
૫૪. એજ્યુકેશન કૉલેજ, ખંભાત

૫૫. વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૫૬. આર. બી. સાગર એજ્યુ. કૉલેજ, અમદાવાદ
૫૭. એજ્યુકેશન કૉલેજ, બારામલી, ઈડર
૫૮. એજ્યુકેશન કૉલેજ, ગોધરા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે છાત્રાલય અંગેની માહિતી ત્વરિત મોકલી આપવી.

૧૦૭. યુનિવર્સિટી પ્રેસના કૉપી હોલ્ડર શ્રી. વી. એલ. દવે તા. ૨૦–૧૨–૧૯૭૧ના રોજ ૬૪ વર્ષ પૂરાં કરતાં હોવાથી તેમની નિવૃત્તિવય લંબાવવા માટેની તેઓની તા. ૨–૧૦–૧૯૭૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કૉપી-હોલ્ડર શ્રી વી. એલ. દવેને પોતાની તબીબી તપાસ યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસર પાસે કરાવવા જણાવવું અને તેમની તબીબી તપાસનો અહેવાલ આવ્યેથી તે બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૮. સંલગ્ન કૉલેજોમાં કાર્ય કરતા ગ્રંથપાલો માટે મોંઘવારી ભથ્થાના મર્જ્ડ/અનમર્જ્ડ દરો રાખવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૯. અમદાવાદ વિદ્યોત્તેજક મંડળ, અમદાવાદ દ્વારા સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદના શિક્ષકોને પગાર નહીં ચૂકવાયાની ફરિયાદ બાબતમાં તથા સદરહુ કૉલેજની જૂન ૧૯૭૧ની જોડાણ મેળવવા માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે જરૂરી તપાસ કરી અહેવાલ મોકલવા સિન્ડિકેટે તેની તા. ૪–૯–૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૪–૯–૧૯૭૧ની સભામાં નીમેલી સમિતિનો અહેવાલ તથા તે સાથે રજૂ કરવામાં આવેલો અધ્યાપક સમાજનો તા. ૧૧–૧૦–૧૯૭૧નો પત્ર તથા તે કૉલેજના આચાર્યશ્રીનો તા. ૧૩–૧૦–૧૯૭૧નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજ તરફથી તેના ચાલુ જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન તથા તે કૉલેજના શિક્ષકોના બાકી રહેલા વેતનની ચુકવણી તા. ૭મી નવેમ્બર, ૧૯૭૧ સુધીમાં કરવામાં આવે નહીં તો તેનું જોડાણ ચાલુ રાખવું નહીં એમ રાજ્ય સરકારને ભલામણ કરવી.

scales, in which Dearness Allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time;

Provided that it shall be competent for the Syndicate in its discretion to sanction the pay-scale of Rs. 1,100-50-1,300-60-1,600-100-1,800 to not more than 1/3rd of the total number of such posts of Professors as may have been filled on 1-4-1972 if, in the opinion of the Syndicate any or all of these 1/3rd of the total number of Professors, by virtue of their distinctive achievements in teaching and research deserve this higher scale.

(*Note.*—No person shall demand this higher pay-scale as a matter of right.)"

સદરહુ સ્થાયી સમિતિએ તેની ભલામણ નં. ૩થી વર્કલોડ સમિતિના તા. ૨૯-૩-૧૯૭૧ના રિપોર્ટ પર કરેલી નીચેની ભલામણ પર લાંબાણ ચર્ચાવિચારણા કર્યા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સ્થાયી સમિતિની ભલામણ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો, ગ્રંથાલય તથા ભવનોના ક્રામકાજના ભારણ અંગે નીમેલી વર્કલોડ સમિતિને તા. ૨૯-૩-૧૯૭૧નો રિપોર્ટ સ્વીકારવો.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ઘણી મહેનત અને કાળજી લઈને પોતાનો સુવિચારિત અહેવાલ તૈયાર કર્યો છે તે માટે આ સભાગૃહ તેના તરફ આભારની લાગણી વ્યક્ત કરે છે.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ રજૂ કરેલો રિપોર્ટ સામાન્ય રીતે (generally) સ્વીકારવો.

(ગ) સદરહુ સમિતિએ યુનિવર્સિટી કાર્યાલય (શારીરિક શિક્ષણ, પ્રકાશન, તબીબી અને એસ્ટેટ વિભાગ સહિત)ના તમામ વિભાગો, તથા યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોના કાર્યભાર તથા કર્મચારીઓની સંખ્યાની જરૂરિયાત, ક્રામકાજની વહેંચણી અને વ્યવસ્થા, ઈત્યાદિ અંગે કરેલી ભલામણો અંગે જે તે વિભાગ/ભવનના વડાનાં સૂચનો મેળવીને તે ભલામણોના અમલ અંગે કુલપતિશ્રીને યોગ્ય લાગે તેવા ફેરફાર સાથે અમલમાં મૂકવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

(ઘ) સદરહુ સમિતિની ભલામણોનો ઉપર (ગ) મુજબ અમલ કરતાં, જો અને જ્યારે જરૂર પડે તો અને ત્યારે, ખાલી પડેલી જગ્યા/જગ્યાઓ ઉપર ભરતી કરવાનું માંડી વાળીને હાલની કાયમી જગા પર નિમાયેલા કર્મચારીઓને તે ભલામણોને કારણે ફારેગ (retrenched) કરવામાં ન આવે તે જોવું.

(ચ) સદરહુ વર્ક-લોડ સમિતિએ કરેલાં નીચેનાં સર્વસામાન્ય સૂચનો સ્વીકારવાં :

(૧) યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોના કામકાજના ભારણની કાયમી તપાસ માટે યુનિવર્સિટીના એક અધિકારીની દેખરેખ નીચે એક જુનિયર ક્લાર્કની જગ્યા ઊભી કરવી અને આ અંગેની માહિતી તૈયાર કરવાનું રાખવું.

(૨) હેડક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક એ ત્રણેયને કામના પ્રકાર પ્રમાણે શરૂઆતની નોંધ મૂકવાનું કામ સોંપવું અને આ કામનો નિકાલ કાર્યાલય નિયામક અને મદદનીશ કુલસચિવ વચ્ચે અગત્ય પ્રમાણે કામની સ્પષ્ટ વહેંચણી કરીને કરવો. કાર્યાલય નિયામક અને તેના ઉપલી કક્ષાના અધિકારીઓ સ્વતંત્ર પ્રકારનું કામ કરે તેવી ગોઠવણ કરવી.

(૩) કાર્યાલયનો સમય દરરોજનો અડધો કલાક વધારવો.

(૪) કાર્યાલયમાં દરેક મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા રાખવી અને બાકીના શનિવારે કાર્યાલયનું કામકાજ આખા દિવસનું રાખવું.

(૫) બધા જ કર્મચારીઓની આકસ્મિક રજાઓ રાજ્ય સરકારના ધોરણે વાર્ષિક ૧૨ દિવસની કરવી.

(૬) વખતોવખત વિભાગમાં કર્મચારીઓ વચ્ચે કામની ફેરબદલી કરવી તથા પ્રતિવર્ષ દરેક વિભાગના ૧૦ ટકા જેટલા કર્મચારીઓને એક વિભાગમાંથી બીજા વિભાગમાં ફેરવવા.

(૭) કર્મચારીઓ તથા અધિકારીઓની બેસવાની વ્યવસ્થા કાર્યક્ષમતા વધે તે પ્રમાણે કરવી.

(૧૦) યુનિવર્સિટીના અધિકારીઓ વચ્ચે કામકાજની વહેંચણી ફરીથી કરવી.

(૧૧) જુદા જુદા વિભાગોમાં કામ કરતા સ્ટેનોગ્રાફરોના કામપત્રકનું તારણ કાઢી જરૂર પડે તેમનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકે તે હેતુથી એક પુલ કરવા વિચારવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સૂચન નં. ૩ નો અમલ તા. ૧૬મી નવેમ્બર, ૧૯૭૧થી કરવો, અને સૂચન નં. ૪ અને ૫નો અમલ તા. ૧લી જાન્યુઆરી ૧૯૭૨થી કરવો. બાકીનાં સૂચનોનો અમલ તાત્કાલિક કરવાનું રાખવું.

(છ) સૂચનો નં. (૬) અને (૭)ની નોંધ લેવી અને હક અને માંદગીની રજાઓ મંજૂર કરવાની હાલની પ્રથામાં કશો ફેરફાર કરવો નહિ.

નોંધ.—ઉપરનાં સૂચનો નં. (૩) અને (૪) વધુમને મંજૂર કરવામાં આવ્યાં હતાં.

(જ) સદરહુ સ્થાયી સમિતિએ તેની બાબત નં. ૪ અંગે કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવામાં આવી.

સ્થાયી સમિતિની ભલામણો

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેની તપાસસમિતિનો તા. ૧૮--૨--૧૯૭૧નો રિપોર્ટ સ્વીકારવો.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ-મૅનેજર તથા આસિસ્ટંટ પ્રેસ-મૅનેજરની જગ્યાઓનું પગારધોરણ અનુક્રમે ડેપ્યુટી રજિસ્ટ્રાર તથા આસિસ્ટંટ રજિસ્ટ્રારની જગ્યાઓના પગારધોરણ પ્રમાણે રાખવું, અને આ ઠરાવનો અમલ પ્રેસ-મૅનેજરની જગ્યા કાયમી ધોરણે ભરાયેથી કરવાનું રાખવું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે–

(૧) પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેના તપાસસમિતિના તા. ૧૮–૨–૧૯૭૧ના રિપોર્ટમાં જણાવેલ બીજ અંગેના દરો મંજૂર કરવા.

(૨) સદરહુ સ્થાયી સમિતિએ બાબત નં. ૪ અંગે કરેલી ભલામણ પર ચર્ચાવિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ચં. શાસ્ત્રી
(૨) શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદી
(૩) શ્રી. સત્યેન્દ્રભાઈ ઝવેરી
(૪) શ્રી. પ્રવીણચંદ્ર ત્રિભોવનદાસ ઠક્કર
(૫) શ્રી. ધીરુભાઈ નાયક.

(૩) સદરહુ સ્થાયી સમિતિએ બાબત નં ૧૬થી કરેલી નીચેની ભલામણ મંજૂર કરવી :

સ્થાયી સમિતિની ભલામણ

સમિતિની તા. ૩–૭–૧૯૭૧ની સભાની ઉપરોકત ભલામણ પરત્વે પુનર્વિચારણા કરવામાં આવી. ત્યાર બાદ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે જુ. કલાર્ક શ્રીમતી નિશા દેસાઈને રાજ્ય સરકારના ધારાધોરણે ઘરભાડા-ભથ્થું આપવું તથા આવા બીજા કેસોમાં પણ તે પ્રમાણે કરવાનું રાખવું.

(૪) સદરહુ સમિતિએ બાબત નં. ૧૭થી કરેલી નીચેની ભલામણ મંજૂર કરવી :

સ્થાયી સમિતિની ભલામણ

સમિતિની તા. ૩–૭–૧૯૭૧ની સભાની ઉપરોકત ભલામણ પરત્વે પુનર્વિચારણા કરવામાં આવી. ત્યાર બાદ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે નાયબ કુલસચિવ, મદદનીશ કુલસચિવ અને હિસાબનીશની જગ્યાઓનાં પગારધોરણ હાલના તબક્કે સુધારવાં નહિ.

(યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો, ગ્રંથાલય તથા ભવનોના કામકાજના ભારણ અંગે નીમેલી વર્કસ્ટડી સમિતિના તા. ૨૯–૩–૧૯૭૧ના રિપોર્ટની નકલ તથા સદરહુ સ્થાયી સમિતિની તા. ૩૧–૮–૧૯૭૧ તથા તા. ૩–૯–૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધનો નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૧૧૦. તા. ૨૮–૯–૧૯૭૧ના રોજ પદવીદાન સમારંભના દિવસે કાર્યાલય નિયામક અને તે કક્ષાની ઉપરના કર્મચારીઓ તથા હંગામી કર્મચારીઓ સિવાય યુનિવર્સિટીના હેડકલાર્ક અને તેની નીચેની કક્ષાના કર્મચારીઓ સામુદાયિક ગેરહાજર રહ્યા તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહને જાણ કરવામાં આવી કે યુનિવર્સિટી કાર્યાલયના જે કર્મચારીઓ અગાઉથી જાણ કર્યા સિવાય તા. ૨૮–૯–૧૯૭૧ના રોજ સામુદાયિક રીતે ગેરહાજર રહ્યા તેમનો તે દિવસનો પગાર કાપી લેવામાં આવ્યો છે/આવશે.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયના જે કર્મચારીઓ તેમને અગાઉથી રજા મંજૂર કરાવ્યા સિવાય ગેરહાજર નહિ રહેવા માટે અગાઉથી જાણ કરવામાં આવેલી હોવા છતાં તેઓ પદવીદાન સમારંભ તથા સેનેટની સભા જેવા અગત્યના કામકાજના દિવસે અસાઉથી રજા મંજૂર કરાવ્યા સિવાય સામુદાયિક રીતે ગેરહાજર રહ્યા તે માટે તેમનો તે દિવસનો પગાર કાપી લેવાયો છે/લેવામાં આવશે તેની નોંધ લેવી અને વધુમાં તે કર્મચારીઓનો આ ગેરહાજરી માટેનો ખુલાસો સિન્ડિકેટની તા. ૨૮-૧૨–૧૯૬૭ની સભામાં બાબત નં. ૨ (અ) (બ) લેવાયો કરવામાં આવેલ ઠરાવ તરફ ધ્યાન ખેંચીને માંગવો અને તે આવ્યેથી આ બાબત સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૧૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક અંગેની વરણીસમિતિની તા. ૧૪–૧૦–૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે પ્રો. પી. ડી. પાઠકને રૂ. ૧,૧૦૦-૧૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૦૦ થી તા. ૧૦ મી નવેંબર ૧૯૭૧થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણી સમિતિની તા. ૧૪–૧૦–૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૧૧૪. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક અંગેની વરણીસમિતિની તા. ૧૪–૧૦–૧૯૭૧નો સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે પ્રો. પી. એચ. પ્રભુની મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે નિમણૂક કરી શકાય એમ નથી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક માટેની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૪–૧૦–૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું

નં. સિ./૩૫૩૩૯/૧૯૭૧.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
નવેંબર ૧૧, ૧૯૭૧.

કું ચં પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૭

વિદ્યાર્થી સંસદની તા. ૩૦–૮–૧૯૭૧ની સભામાં, કૉલેજોમાં થતી ચૂંટણીઓ સરળ બનાવવા તૈયાર કરેલ ચૂંટણીની પદ્ધતિની શુધાર્યા પ્રમાણેની રૂપરેખા :

(૧) વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં ઊભા રહેનાર વિદ્યાર્થીની વયમર્યાદા ૨૫ વર્ષની રહેશે, એટલે કે જે વિદ્યાર્થીઓ ચૂંટણીના દિવસે ૨૫ વર્ષ (પૂરાં) કે તેથી ઓછી ઉંમરના હશે તેઓ જ વિદ્યાર્થી-મંડળની ચૂંટણીમાં ઊભા રહેવાને પાત્ર ગણાશે.

(૨) જે વિદ્યાર્થી નાપાસ થયો હોય તેને ફરીથી તે શ્રેણીમાં પ્રતિનિધિ તરીકે ચૂંટાવાનો અધિકાર રહેશે નહિ; પરંતુ એ.ટી.કે.ટી મેળવનાર વિદ્યાર્થીને ઉપલા વર્ગમાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવી હોય ને તે વર્ગમાં દાખલ થાય તો તે વર્ગમાં વર્ગપ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરી શકશે.

(૩) કોઈ પણ વિદ્યાર્થીને તેના અભ્યાસકાળ દરમિયાન એક જ સંસ્થામાં સામાન્ય મંત્રી તરીકે બે વખતથી વધુ સમય ચૂંટી શકાશે નહિ.

(૪) વિદ્યાર્થીમંડળ પર પ્રત્યેક વર્ગમાંથી ઓછામાં ઓછો એક પ્રતિનિધિ હોવો જોઈએ; પરંતુ કોઈ વર્ગમાં ૭૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓ હોય તો એક વધુ પ્રતિનિધિ, આચાર્યશ્રી ઇચ્છે તો રાખી શકાશે.

(૫) આ ઉપરાંત પ્રત્યેક શ્રેણી(ક્લાસ)માં જે વિદ્યાર્થીએ સૌથી વધુ ગુણ મેળવી પ્રવેશ મેળવ્યો હોય તેને વિદ્યાર્થીમંડળ પર એક્સ-ઑફિસિયો સભ્ય તરીકે નિયુક્ત કરવો. આ પ્રમાણે નિયુક્ત થયેલ સભ્ય હોદ્દેદાર તરીકેની ચૂંટણીમાં ઉમેદવારી કરવાને લાયક ગણાશે.

(૬) ચૂંટણી પૂરી થયા બાદ વિદ્યાર્થીમંડળના પ્રતિનિધિઓના વધુમાં વધુ ૨૫ ટકા જેટલા વિદ્યાર્થી-સભ્યોને આચાર્યશ્રી કો-ઑપ્ટ કરી શકશે. પણ આવા કો-ઑપ્ટ કરવામાં આવેલ વિદ્યાર્થી, વિદ્યાર્થી-મંડળની ચૂંટણીમાં ઊભો રહેલ ન હોય એ આવશ્યક શરત ગણાશે.

(૭) સીધી ચૂંટણીપ્રથા અપનાવવાને બદલે ચૂંટાયેલ અને એક્સ–ઑફિશિયો સભ્ય પ્રતિનિધિઓમાંથી નીચે પ્રમાણે હોદ્દેદારોની ચૂંટણી કરવી :

૧. પ્રમુખ—કૉલેજના આચાર્યશ્રી (હોદ્દાની રૂએ)
૨. પ્રોફેસર-ઇન-ચાર્જ (આચાર્યશ્રી જે અધ્યાપકો નિયુક્ત કરે તે)
૩. સામાન્ય મંત્રી
૪. રમતગમતની પ્રવૃત્તિઓના મંત્રી
૫. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી
૬. ચર્ચા–સભાના મંત્રી
૭. ખજાનચી.

પ્રમુખશ્રીની ગેરહાજરીમાં આચાર્યશ્રી નિયુક્ત કરે તે વ્યક્તિ કામકાજ સંભાળશે.

વિદ્યાર્થિનીઓના પ્રતિનિધિની ચૂંટણી ચૂંટાયેલા વર્ગપ્રતિનિધિઓને બદલે સમગ્ર કૉલેજની વિદ્યાર્થિનીઓએ કરવાની રહેશે.

કૉલેજની વિદ્યાર્થિનીઓ પોતાના વર્ગમાં વર્ગપ્રતિનિધિની ચૂંટણીમાં મત આપી શકશે તેમ જ વર્ગપ્રતિનિધિ તરીકે ઉમેદવારી પણ કરી શકશે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.

હોદ્દેદારોની લાયકાત જે તે કૉલેજ નક્કી કરી શકશે.

(૮) ચૂંટણીમાં પ્રચાર અંગે છાપેલા કાર્ડનો ઉપયોગ કરવા દેવો નહિ, પરંતુ આચાર્યશ્રીની મંજૂરીથી નોટિસ બોર્ડ પર જરૂરી માહિતી નક્કી કરે તે મુજબના માપના કાગળ પર જાહેરાત કરવાની પ્રથા અપનાવવી.

ચૂંટણીપ્રચાર અર્થે ભીંતપત્રો કે રસ્તા પર લખાણો કરનાર કે અન્ય જાહેર દેખાવો કરનાર ઉમેદવારનું ઉમેદવારીપત્ર આચાર્યશ્રીને સંતોષ થાય તે રીતે સાબિત થયેથી રદ કરવું.

(૯) ચૂંટણી બાદ કોઈ વિદ્યાર્થીપ્રતિનિધિ સત્ર દરમિયાન મંજૂરી વગર સતત ૩૦ કે તેથી વધુ દિવસો ગેરહાજર હોય, અગર તો ગેરવર્તણૂક કે અન્ય કારણસર શિક્ષાને પાત્ર થયો હોય, અગર અભ્યાસકાળ દરમિયાન તે વર્ષમાં સત્ર મંજૂર ન થયું હોય, તેવા સંજોગોમાં આચાર્યશ્રી વિદ્યાર્થીને પ્રતિનિધિપદેથી દૂર થયેલ જાહેર કરી શકશે. આવો વિદ્યાર્થી એક વર્ષ સુધી વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં ઊભો રહી શકશે નહિ. આ અંગે આખરી નિર્ણય લેવાની સત્તા આચાર્યશ્રીની રહેશે.

વધુમાં કોઈ વિદ્યાર્થી વર્ગપ્રતિનિધિ શૈક્ષણિક વર્ષ દરમિયાન સંજોગવશાત્ કૉલેજ છોડી જાય અગર તેનું અવસાન નીપજે અથવા કૉલેજમાંથી બરતરફ થાય અગર અન્યથા તે ગેરલાયક જાહેર કરવામાં આવ્યો હોય તો એવા સંજોગોમાં વિદ્યાર્થીમંડળ પર ખાલી પડેલ તે વિદ્યાર્થીની જગ્યાએ વર્ગપ્રતિનિધિની અગર હોદ્દેદારોની ચૂંટણી ફરીથી થશે નહિ. બરતરફ તે જગ્યા ઉપર આચાર્યશ્રી કોઈ પણ વિદ્યાર્થીને નિયુક્ત કરી શકશે.

(૧૦) કાયદેસર રીતે ગુનેગાર જાહેર થયેલ કોઈ વિદ્યાર્થી, વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં ઊભો રહી શકશે નહિ, તથા જે વિદ્યાર્થી સામે ભૂતકાળમાં પોલીસ ફરિયાદ થઈ હોય અગર યુનિવર્સિટીની પરીક્ષામાં ગેર-વાજબી ઇલાજો અજમાવ્યા બદલ શિક્ષા પામેલ હોય તેમને વિદ્યાર્થીપ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરવામાંથી બાકાત રાખવામાં આવશે.

(૧૧) વિદ્યાર્થીમંડળની ચૂંટણી અને તેની પ્રવૃત્તિઓ કોઈ પણ રાજકીય પક્ષના હેતુસર થવી જોઈએ નહિ.

(૧૨) પ્રી-યુનિવર્સિટીથી અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા કૉલેજના કે કૉલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીમંડળની ચૂંટણીમાં વર્ગપ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરી શકશે એમ સ્પષ્ટતા કરવામાં આવે છે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૮

O. 3 :

No candidate other than a teacher of the Gujarat University shall be admitted to any of the examinations unless he is certified by the Professor-in-charge of the Centre that he has—

(*i*) attended at least 75% of the total number of lectures (including tutorials, if any), practicals etc. in every subject of the Semester as the case may be;

(*ii*) carried out satisfactorily the preseribed laboratory practicals, term-work etc. in every subject of the Semester, as the case may be:

(*iii*) shown satisfactory progress in his studies;

(*iv*) shown good character and conduct;

Provided that—
a candidate who is a teacher in the Faculty of Technology including Engineering of Gujarat University may be admitted to any of the examinations if he is certified by the Professor-in-charge of the Centre that he has—

(*v*) attended at least 75% of a total number of lectures, practicals etc. in every subject for not less than two Semesters and which may not be consecutive ones of any particular year but may be alternate ones;

(*vi*) carried out satisfactorily the prescribed laboratory practicals, term-work in every subject of the Semester, as the case may be;

(*vii*) carried out satisfactorily the tutorial work as home assignment:

(*viii*) shown satisfactory progress in his studies;

(*ix*) shown good character.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૫૬

R. 195-E (for D.A. Examination) :

To pass the examination, a candidate must obtain 50 % of the full marks in each paper and 50 % of full marks in practical and oral together.

A mark " distinction " will be placed against the name of a candidate who will show exceptional merit by obtaining 75 % marks in the examination.

R. 240 (for D.L.O. Examination) :

To pass the examination, a candidate must obtain 50 % of the marks in the two papers and 50 % of the marks in the clinical and practical and oral taken individually.

A mark " distinction " will be placed against the name of a candidate who will show exception merit by obtaining 75 % marks in the examination.

R. 240-A (for D.Ped. Examination) :

To pass the examination, a candidate must obtain—

(*i*) 50 % of the full marks in the written test;

(*ii*) 50 % in clinical test, and

(*iii*) 50 % in the practical and oral tests.

A mark " distinction " will be placed against the name of a candidate who will show exceptional merit by obtaining 75 % marks in the examination.

R. 243-B (for T.D.D. Examination) :

To pass the examination, a candidate must obtain at least 50% of the full marks in papers taken together and 50% of the full marks in clinical, practical and oral tests taken together.

A mark " distinction " will be placed against the name of a candidate who will show exceptional merit by obtaining 75 % marks in the examination.

R. 262-F (for D.P.M. Examination):

To pass Part II of the examination, a candidate must obtain—

(*a*) (*i*) 50 % of the marks in the two papers in Psychiatry taken together and

(*ii*) 50 % of the marks in the essay or Cementary on a case, clinical examination and oral examination separately.

(*b*) (*i*) 50 % of the marks on the paper in Neurology, and

(*ii*) 50 % of the marks in the clinical and oral examinations in Neurology separately.

A mark "distinction" will be placed against the name of a candidate who will show exceptional merit by obtaining 75 % marks in the Part II Examination.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ માંક ૫૭

Diploma in Clinical Pathology (D.C.P.)

O. 378 :

Every candidate for the Diploma in Clinical Pathology must have passed M.B.,B.S. examination of this University or of any other University recognised by this University not less than Two years previously and that he must have registered for this Diploma with the University.

O. 378-A :

A candidate registered for M.D. Branch-II may be permitted simultaneously to register for D.C.P. and keep terms concurrently for both.

O. 378-B :

A candidate with a teaching experience of at least three years in the subject at a department of any of the affiliated colleges in the State of Gujarat, will be allowed to appear for this diploma without keeping any terms provided be registers for the same at least six months before appearing.

R. 263 :

Every candidate presenting himself for this diploma examination must send to the Registrar, together with his form of application the certificate of having received theoretical and practical instructions in the following subjects for a period of two academic terms :

1. Morbid Anatomy and Histo-Pathology including Autopsy work
2. Bacteriology and Immunology
3. Serelogy
4. Parasitology
5. Haemetology and Blood Transfusion
6. Clinical Pathology
7. Chemical Pathology.

The Examination shall consists of :

(*a*) Two written papers each of three hours duration and carrying 100 marks each covering the subjects mentioned above.

(*b*) Practical examination extending up to three or four days carrying 150 marks covering the subjects mentioned above.

(*c*) Oral examination carrying 50 marks.

R. 263-A :

To pass the examination a candidate must obtain 50% of the total marks in theory and 50% of the total marks in Practical and Oral taken together.

A mark of "distinction" will be placed against the name of a candidate who will show exceptional merit by obtaining 75% marks in the examination.

R. 263-B :

The examination will be held twice a year.

પરિશિષ્ટ "ચ"
ઠરાવ ક્રમાંક ૬૦

Following Ordinances and Regulations be modified to implement Sandwich Course in the Faculty of Pharmacy from June 1971 or from an earliest possible date :

Pharm. O. 15-A :

(*a*) Candidate who has passed the Third B.Pharm Examination shall be eligible for admission to the Sandwich Course.

(*b*) Candidate admitted to Sandwich Course shall be required to undergo industrial training in addition to keeping regular academic terms, which shall be as under :

First Training Period :
16th April to 15th October, 6 months at the end of Third B.Pharm.

Second Training Period :
16th November to 15th May, 6 months at the end of Fourth B.Pharm.

Academic Terms :
10th November to 15th October, 12 months after First Training Period.

Pharm. R. 38-D (*a*) :

Candidate undergoing the Sandwich Course shall be required to pass the following examinations in addition to the examinations as laid down under Pharm. R. 38-D :

Sandwich Course First :
Viva-voce, on the First Training Period (100 marks).

Sandwich Course Second :
Viva-voce, on the Second Training Period (100 marks).

Pharm. R 38-D (*b*) :

Candidates undergoing the Sandwich Course shall not be admitted to the Sandwich Course First and Second Viva-voce Examinations unless he produces testimonials of having—

(1) attended regularly the industrial training period;

(2) carried out the work assigned to him and has maintained a day-to-day record of the same and submitted the same to the University after getting

it certified by the Professor-in-charge of the Centre for the viva-voce examination, at least before 15 days of the examination;

(3) show satisfactory progress good behaviour, conduct and character.

The First Viva-voce Examination may be arranged between 16th October and 9th November while Second Viva-voce Examination may be arranged between 16th May and 14th June.

To implement the scheme March/April Pharmacy Examinations and without any exception should be completed before 15th April; and all October examinations should be completed before 9th November.

College offering Sandwich Course should provide a placement-cum-Training Officer on the teaching staff exclusively meant for the Sandwich Course the person so appointed should have minimum qualifications as laid down for the post of a Professor of the faculty. Till the post of a Professor is filled up the service of existing Professor may be utilised.

Pharm. R. 38-D (*c*) :

Following should be added to the Pharm. R. 38-D, in the subject of examination :

Subject of Examination	...	...	... Oral
4.8 Industrial Training-I	...	..	.. 100
4.9 Industrial Training-II	..	..	.. 100

Note.—Students undergoing the Sandwich Course only should offer additional subjects 4.8 and 4.9.

Pharm. R. 38-G :

Following matter should be added after the first para :

For Sandwich Course candidates, Industrial Training-I (4.8) and Industrial Training-II (4.9) each should be considered as a separate head of passing.

Pharm. R. 38-H :

Following matter must be added after the first para :

A Sandwich Course candidate having failed at the Fourth B.Pharm Examination will not be required to reappear in the viva-voce examination for the Industrial Training-I & II if he has once passed in those heads. In such a case, the marks obtained in these heads by the candidate will be carried over for the purpose of award of class. Candidates who have failed in the viva-voce examination, may appear in them at the next examination session, considering them as separate heads of passing. Result of the examination of Fourth B.Pharm. for Sandwich Course candidates shall be declared, excluding subject 4.8 & 4.9, i.e. viva-voce of Industrial Traiin-I & II, however the candidate will be declared to have passed the B.Pharm. nation only after he passes in the subject 4.8 & 4.9, i.e. Industrial Training-

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૮૩

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭--૯--૧૯૭૧ ને સોમવારના રોજ બપોરના ૩--૦૦ વાગ્યે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. રણજિતરાય શાસ્ત્રી	હાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. જે. જે. ચિનોય	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૯--૭--૧૯૭૧ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૯--૭--૧૯૭૧ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ટીચર્સ હૉસ્ટેલના એપ્રોચ રસ્તા ઉપર બ્રીક સોલિંગ કરવા અંગે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલનો એપ્રોચ રસ્તો ડામરનો કરવા માટે પ્લાન તથા અંદાજી ખર્ચ સાથે આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૩. ભાષા-ભવન માટે વૉટર કૂલર મૂકવા માટે જુદા શેડ બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. યુનિ. પ્રેસના વિકાસ-બાંધકામ માટે સૌથી નીચા ભાવ ભરનાર કૉન્ટ્રાક્ટર મે. રાજચિરાગ કૉર્પોરેશન તરફથી આવેલા તારીખ ૨૧--૮--૧૯૭૧ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. પ્રેસના વિકાસ-બાંધકામ માટે આવેલાં દશ ટેન્ડરોમાંથી સૌથી ઓછો ભાવ ટાંકનાર મે. રાજચિરાગ કૉર્પોરેશનનું રૂ. ૩૦,૯૦૭–૩૬નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીનાં ઇલેક્ટ્રિકનાં કામો માટે મે. વકીલ--મહેતા--પરીખ--શેઠની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ.માં ઇલેક્ટ્રિક ઇજનેરની નિમણૂક થનાર હોઈ આ ઇલેક્ટ્રિકનાં કામો માટે મે. વકીલ--મહેતા--પરીખ--શેઠની નિમણૂક કરવાની જરૂર જણાતી નથી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૯૪

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર--ઇન--બોટનીની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે વરણીસમિતિની એક સભા તા. ૧૩--૧૦--૧૯૭૧ના રોજ બપોરે ૧૧--૦૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૪. શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૫. શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	ગેરહાજર
૬. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૯. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	ગેરહાજર
૧૦. ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૧. આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	ગેરહાજર
૧૨. આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૩. આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૪. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર
૧૫. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

લેક્ચરર-ઇન-બોટનીની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. ડૉ. એસ. એમ. પંડ્યા	હાજર
૨. ડૉ. એમ. એલ. ત્રિવેદી	ગેરહાજર
૩. ડૉ. ડી. જે. વ્યાસ	હાજર
૪. શ્રી. એન. આઈ. દાણી	હાજર
૫. ડૉ. (કુમારી) એ. વી. વ્યાસ	હાજર
૬. શ્રીમતી સ્નેહલતા એચ. શાહ	હાજર
૭. ડૉ. ઓ. પી. સક્સેના	ગેરહાજર
૮. શ્રી. એમ. એમ. પટેલ	હાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

ડૉ. ઓ. પી. સક્સેનાની તા. ૮-૧૦-૧૯૭૧ની અરજી વરણસમિતિ સમક્ષ મૂકવામાં આવી હતી, અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે ડૉ. ઓ. પી. સક્સેનાને શરૂઆતનો મૂળ માસિક પગાર રૂ. ૬૦૦થી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

બી. કે. શાહ
કુલસચિવ વતી

રાખવા તથા તેનો અમલ તા. ૧--૪--૧૯૬૬થી કરવા માટે અને તે હેતુ માટે સ્ટે. ૨૦૪ આ સાથે જોડેલા પરિશિષ્ટ "૧" મુજબ સુધારવા માટે જરૂરી કાર્યવાહી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૭--૧૯૭૧ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટે તેની તા. ૧૧--૫--૧૯૬૯ની સભામાં યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો, ગ્રંથાલય તથા ભવનોના કામકાજના ભારણ અંગે નીમેલી વર્કલોડ સમિતિની તા. ૨૯--૩--૧૯૭૧ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગો, ગ્રંથાલય તથા ભવનોના કામકાજના ભારણ અંગે નીમેલી વર્કલોડ સમિતિનો તા. ૨૯--૩--૧૯૭૧નો રિપોર્ટ સ્વીકારવો.

૪. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૭--૧૯૭૧ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટે તેની તા. ૬/૭--૬--૧૯૭૦ની સભામાં યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેની તપાસસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત."

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ ઍમ્પ્લોઇઝ યુનિયનનો યુનિવર્સિટીને તા. ૧૦--૭--૧૯૭૧ના રોજ મળેલ પત્ર સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈ-તપાસી પ્રેસ અંગેના કામકાજના ભારણ અંગેની તપાસસમિતિનો તા. ૧૮--૨--૧૯૭૧નો રિપોર્ટ સ્વીકારવો.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ-મૅનેજર તથા આસિસ્ટંટ પ્રેસ-મૅનેજરની જગ્યાઓનું પગારધોરણ અનુક્રમે ડેપ્યુટી રજિસ્ટ્રાર તથા આસિસ્ટંટ રજિસ્ટ્રારની જગ્યાઓના પગારધોરણ પ્રમાણે રાખવું અને આ ઠરાવનો અમલ પ્રેસ-મૅનેજરની જગ્યા કાયમી ધોરણે ભરાયેથી કરવાનું રાખવું.

૫. સિન્ડિકેટે તેની તા. ૭/૮--૮--૧૯૭૧ની સભામાં આ સમિતિની તા. ૩--૭--૧૯૭૧ની નીચેની ભલામણ નં. ૧૬ અને ૧૭ પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

"બાબત નં. ૧૬ :

યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતાં જુ. કલાર્ક શ્રીમતી નિશા દેસાઈને રાજ્ય સરકારના ઠરાવ નં. એમ.આર.એ.—૧૨૬૯--૧૪૪૮—પીએચ, તા. ૨૫--૩-૧૯૭૦ પ્રમાણે તેઓને ફ્રી લેટ રેઈટ પ્રમાણે ઘરભાડા ભથ્થું આપવા અંગેની તેઓની તા. ૨૩--૪--૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જુનિયર કલાર્ક શ્રીમતી નિશા દેસાઈની તા. ૨૩--૪--૧૯૭૧ની અરજી નામંજૂર કરવી."

"બાબત નં. ૧૭ :

યુનિવર્સિટીના નાયબ કુલસચિવ, મદદનીશ કુલસચિવ તથા હિસાબનીશનાં પગારધોરણ સુધારવા અંગેની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૨૧. મકતબા જામિયા, મુંબઈ
૨૨. મે. રાજકમલ પ્રકાશન, દિલ્હી
૨૩. મે. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ
૨૪. મે. હિમાંશુ બુક કંપની, અમદાવાદ
૨૫. મે. વેસ્ટર્ન ઈન્ડિયા બુક કોર્પોરેશન, સુરત.

આપણે આપેલા ઑર્ડરનાં પુસ્તકો ઉપરના કોઈ વિક્રેતા મુદત દરમિયાન પૂરાં ન પાડે અને બીજા કોઈ ગ્રંથવિક્રેતા પાસે હાજર સ્ટોકમાં હોય તો તેમની પાસેથી ઉપરની શરતોએ ખરીદી લેવાં.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસે હાજર સ્ટોકમાં હોય અને તે લેવા માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષની ભલામણ આવે તો તે વિક્રેતા પાસેથી ઉપરના ભાવે ખરીદવાનું રાખવું.

અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવાથી ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૫૦. ગ્રંથાલય સમિતિની તા. ૨૫-૧૦-૧૯૭૧ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૭૧થી તા. ૩૦-૯-૧૯૭૧ સુધીના ૭ માસિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે, અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરવાની નોંધ લેવી.

૫૧. ગ્રંથાલય સમિતિની તા. ૨૫-૧૦-૧૯૭૧ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૭-૧૯૭૧થી તા. ૩૦-૯-૧૯૭૧ સુધીના ત્રિમાસિક હેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૫૨. ટી. પી. સ્કીમ નં. ૩૧માં સૂચિત ૧૨૦ ફૂટના રસ્તાની જમીન સોંપવા અંગે સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૧-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જમીનનો કબજો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને આપવાની તેમની વિનંતી મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી."

(મ્યુનિસિપલ કૉર્પોરેશનને અંદાજે ૩૬,૦૦૦ ચો. ફૂટ જેટલી જમીન સોંપવાની થશે.)

સદરહુ બાબતનો નિકાલ થઈ ગયેલો હોઈ તે અંગે વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૫૩ બી. ડી. સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૨થી પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન, બી.એસસી. (રચે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ જોડાણઅરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(નોંધ.— જૂન ૧૯૭૨થી કેવળ બહેનો માટેની કૉલેજ રાખવા માંગતા નથી તેમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

(૧) ડૉ. એલ. ડી. દવે

(૨) ડૉ. એમ. એન. દેસાઈ.

૫૪. સેનેટે તેની તા. ૨૫/૨૬-૩-૧૯૭૦ની સભામાં કરેલા નીચેના સૂચન અંગે સિન્ડિકેટે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત :

સેનેટનું સૂચન

"કૉલેજના જોડાણ અંગેનું વહીવટી તંત્ર બરાબર ગોઠવવું જોઈએ. સ્થાનિક તપાસસમિતિ સાથે કાર્યાલયના કોઈ જવાબદાર અધિકારીને ઍસોસિયેટ કરવા જોઈએ."

સમિતિની ભલામણો

(૧) કૉલેજોની સંખ્યામાં થતો ઉત્તરોઉત્તર વધારો જોતાં કૉલેજ જોડાણ અંગે સર્વગ્રાહી અને કૉન્સોલિડેટેડ નોંધ પ્રાપ્ત થાય તે માટે યુનિવર્સિટી કાર્યાલયમાં એક અલાયદું તંત્ર (યુનિટ) ઊભું કરવામાં આવે જે નાયબ કુલસચિવ કક્ષાની વ્યક્તિના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે.

(૨) સદરહુ યુનિટના વડા જે તે કૉલેજની ચાલુ/વધારાના/કાયમી કે નવા જોડાણ માટે આવેલી અરજીઓ અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખીને દરેક કૉલેજના જોડાણની Note at a glance તૈયાર કરે.

(અ) અગાઉનાં વર્ષોમાં નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં દર્શાવેલ ઊણપો, કરેલ ભલામણ અને સૂચનો તથા તે અંગે કૉલેજે લીધેલ પગલાં.

(બ) સેનેટે કૉલેજ જોડાણ અંગે મૂકેલી શરતો, સદરહુ શરતોના યથાર્થ પરિપાલન માટે કૉલેજે લીધેલ પગલાં તથા મોકલેલ અહેવાલ અને સિન્ડિકેટે રાજ્ય સરકારને જાહેરનામા માટે કરેલ ભલામણ સુધીમાં થયેલ કાર્યવાહીની નોંધ.

(૩) સદરહુ યુનિટના વડા નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો સાથે કૉલેજ તપાસની તારીખ નક્કી કરીને સર્વગ્રાહી નોંધ સાથે જાય અને સમિતિના મંત્રી તરીકે ફરજ બજાવે.

(૪) નવી કૉલેજો માટે અથવા નવા વિષયોના વધારાના જોડાણ માટે આસપાસનાં સ્થાનોએથી જોડાણઅરજીઓ આવી હોય તો આવી અરજીઓ અંગે શક્ય હોય ત્યાં સુધી એક જ સ્થાનિક તપાસસમિતિ નીમવી જેથી એ ભૌગોલિક વિસ્તારની એ વિષય માટેની કે એ વિદ્યાશાખા માટેની જરૂરિયાત ઉપર સમગ્રપણે વિચાર કરી શકાય.

(૫) સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે સેનેટ સભ્ય સિવાય કેળવણીકારોને પણ નીમવામાં આવે અને તે માટે વિદ્યાશાખાવાર એક યાદી તૈયાર કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. તા. ૧-૬-૧૯૭૧ના રોજ "વિદ્યા" તંત્રીમંડળ—"માનવવિદ્યાઓ" તથા તંત્રીમંડળ—"વિજ્ઞાનવિદ્યાઓ"ની સંયુક્ત સભાએ કરેલા નીચેના ઠરાવો પર વિચારણા કરવા બાબત :

(૧) હવે પછી પ્રગટ થનાર (એ) "હ્યુમેનિટીઝ", (બી) "સાયન્સીઝ"ના અંકોમાં જે લેખ સ્વીકારવામાં આવે તે લેખના મહેનતાણા અંગે જે તે લેખકને કોઈ પણ જાતનું મહેનતાણું આપવું નહીં.

(૨) જે લેખકનો/લેખકોનો લેખ "વિદ્યા"માં પ્રસિદ્ધ થાય તેને/તેમને તે લેખની ૨૫ ને બદલે ૫૦ ઑફ પ્રિન્ટસ વિનામૂલ્યે આપવી.

(૩) "વિદ્યા" ના પ્રત્યેક અંકની કિં રૂ. ૨–૫૦ રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

૫૬. નીચે જણાવેલ સંલગ્ન કૉલેજો તરફથી જૂન ૧૯૭૨થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ પર સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન હજુ સુધી થયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	શરતોના પરિપાલનમાં રહેલી ક્ષતિઓ
(૧)	ગુજરાત કૉલેજ, અમદાવાદ	(૧) કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા માટે સાધનો ખરીદવાની શરત પૈકી રૂ. ૨૦,૦૦૦નાં સાધનો આવ્યાં છે અને બાકીના રૂપિયા ૨૦,૦૦૦નાં સાધનો ખરીદવાનાં બાકી છે. (૨) નાટ્યવિદ્યાને લગતાં સાધનો ખરીદવાનો રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવાનો બાકી છે. (૩) નાટ્યવિદ્યા વિષયને લગતાં રૂ. ૭,૦૦૦નાં પુસ્તકો ખરીદવાનાં બાકી છે. (૪) નાટ્યવિદ્યાના વ્યાખ્યાતા શ્રી. જે. એચ. દવેની શૈક્ષણિક અનુભવની વિગત મોકલી નથી. (**નોંધ.**—આચાર્યશ્રી જણાવે છે કે આ કૉલેજ સરકારી કૉલેજ હોઈ રૂ. ૨,૫૦૦ની કિંમત કરતાં વધારે કિંમતનાં સાધનો માટે સેન્ટ્રલ સ્ટોર્સ પરચેઝિંગ ઑફિસર મારફત ખરીદવાનાં હોય છે અને તે માટે કાર્યવાહી ચાલુ છે.)
(૨)	શ્રી સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા.	સેનેટે મૂકેલી શરતો પૈકી કોઈ શરતનું પાલન થયું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદને તેની જોડાણની શરતોનું પરિપાલન ત્વરિત કરીને જાણ કરવા જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરાને તેનું જોડાણ ચાલુ રાખવા માટે અનેક વખત તક આપવા છતાં જોડાણની શરતોનું તેણે પરિપાલન કર્યું નથી તે જોતાં તેનું જોડાણ ચાલુ રાખવું નહીં એમ રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં સદરહુ કૉલેજમાં ચાલુ વર્ષે પ્રથમ સત્રમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ તેમનું બીજું સત્ર અન્ય કોઈ સંલગ્ન કૉલેજમાં ભરે તો તેમને આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

૫૭. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલના ભૂતપૂર્વ શિક્ષક શ્રી. આર. એમ. પ્રજાપતિને સંગ્લન કૉલેજના શિક્ષકોની સેવાના તે વખતના પ્રવર્તમાન નિયમ ૧૦(૩) અનુસાર ત્રણ માસનાં ભથ્થાં સહિતના પગાર જેટલું વળતર ચૂકવી આપવું આવશ્યક હોવા છતાં તે અંગેની ચુકવણી કૉલેજે નહિ કરતાં સદરહુ બાબત અંગે સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૭૧ની સભામાં કરેલ ઠરાવ અન્વયે સદરહુ કૉલેજને એક માસમાં ચુકવણી કરીને તેની જાણ કરવા જણાવેલું તેમ છતાં હજુ સુધી કૉલેજે તેમ કર્યાની જાણ કરી ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને યુનિવર્સિટી કાર્યાલયમાં મળવા બોલાવીને તેમને શ્રી. આર. એમ. પ્રજાપતિનું ઉપર જણાવ્યા મુજબનું વળતર ત્વરિત ચૂકવી આપવા માટે સૂચના આપવી.

૫૮. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાંથી ફારેગ કરવામાં આવેલા નીચે જણાવેલ શિક્ષકોને ઑર્ડિ. ૧૨૦-ડી અનુસાર તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણેની ચુકવણી હજુ સુધી કૉલેજ તરફથી કરવામાં આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	શિક્ષકનું નામ	નોંધ
(૧)	શ્રી. એન. એફ. સોની	નિયમ પ્રમાણેની નોટિસ આપી ન હોવાથી ૬ માસનો નોટિસ પગાર અને ૬ વર્ષની નોકરી હોવાથી ઑર્ડિ. ૧૨૦-ડીના શિડ્યુલ પ્રમાણે ૬ માસનો પગાર વળતર તરીકે
(૨)	શ્રી. એસ. એન. પટેલ	નિયમ પ્રમાણેની નોટિસ ન હોવાથી ૬ માસનો નોટિસ પગાર અને ૬ વર્ષની નોકરી હોવાથી ઑર્ડિ. ૧૨૦-ડીના શિડ્યુલ પ્રમાણે ૬ માસનો પગાર વળતર તરીકે
(૩)	શ્રી. એન. એચ. શાહ	નિયમ પ્રમાણેની નોટિસ ન હોવાથી ૬ માસના નોટિસ પગાર ઉપરાંત ૯ વર્ષની નોકરી હોવાથી ઑર્ડિ. ૧૨૦-ડીના શિડ્યુલ પ્રમાણે ૯ માસનો પગાર વળતર તરીકે
(૪)	શ્રી. કે. એન. પટેલ	નિયમ પ્રમાણેની નોટિસ ન હોવાથી ૬ માસના નોટિસ પગાર ઉપરાંત ૬ વર્ષની નોકરી હોવાથી ઑર્ડિ. ૧૨૦-ડીના શિડ્યુલ અનુસાર ૬ માસનો પગાર વળતર તરીકે

ક્રમાંક	શિક્ષકનું નામ	નોંધ
(૫)	શ્રી. જે. પી. પટેલ	નિયમ પ્રમાણેની નોટિસ ન હોવાથી ૬ માસના નોટિસ પગાર ઉપરાંત ૭ વર્ષની નોકરી હોવાથી ઑર્ડિ. ૧૨૦-ડીના શિડ્યુલ પ્રમાણે ૭ માસનો પગાર વળતર તરીકે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને યુનિવર્સિટી કાર્યાલયમાં મળવા બોલાવીને તેમને સદરહુ શિક્ષકોને ઉપર જણાવ્યા મુજબનું વળતર ત્વરિત ચૂકવી આપવા માટે સૂચના આપવી.

૫૯. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણના વાણિજ્યના ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી. બી. કે. કાયસ્થની કૉલેજે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેઓને પગારધોરણ આપ્યું ન હોવાની ફરિયાદ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૦. તા. ૨૬-૭-૧૯૭૧ના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિમાં સાહસિક પ્રવાસો કૉલેજો યોજે તે માટે સૂચિત યોજના નક્કી કરવા તથા તે માટે યુનિવર્સિટી તરફથી શી ગ્રાન્ટ આપવી તે અંગે સૂચનો કરવા નીમેલ ઉપસમિતિની તા. ૧૪-૯-૧૯૭૧ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા તથા તેમાં નક્કી કર્યા મુજબ (૧) પગપાળા પ્રવાસ, (૨) સાઇકલ-પ્રવાસ, તથા (૩) નૌકા-પ્રવાસ કૉલેજો તથા યુનિવર્સિટી તરફથી યોજાય તે માટે થનાર અંદાજી ખર્ચ પેટે આશરે રૂ. ૮,૦૦૦(અંકે રૂપિયા આઠ હજાર)ની બજેટમાં જુદી જોગવાઈ ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના યુવક-કલ્યાણ પ્રવૃત્તિ અંગેના અંદાજી ખર્ચમાં અન્ય બાબતોના ખર્ચામાં જરૂરી કાપ કરીને કૉલેજોને સાહસ-પ્રવાસ યોજવા માટે આર્થિક સહાય આપવાનો સિદ્ધાંત સ્વીકારવો, તે સાથે સદરહુ સમિતિનાં સૂચનો મંજૂર કરવાં.

૬૧. સુરત મુકામે તા. ૨૦-૨-૧૯૭૧ના રોજ મળેલી જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની સભાના ઠરાવને અનુલક્ષીને જુદી જુદી પરીક્ષાઓમાં ફીનું ધોરણ એકસરખું કરવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની (નં. ૭૯) તા. ૭-૮-૧૯૭૧ની સભામાં ઠરાવ્યું હતું કે સદર બાબત અંગે સંચિત ફેરફારોની વિગતો સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત આગામી શૈક્ષણિક વર્ષમાં વિચારણા કરવા માટે મોકૂફ રાખવી.

૬૨. તા. ૧૭-૩-૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણ અન્વયે માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ પ્રી-યુનિ. આર્ટ્સ પરીક્ષામાં તર્કશાસ્ત્રના પરીક્ષક શ્રી. એસ. એમ. મોદીની પરીક્ષણ અંગેની કામગીરી અંગે પરીક્ષાશુદ્ધિ સમિતિના નીચેના રિપોર્ટને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ કેસની વિગત જોતાં આ બાબત આ સમિતિના કાર્યક્ષેત્રે આવતી ન હોઈ આ અંગે સિન્ડિકેટને વિચારણા કરી યોગ્ય કરવા ભલામણ કરતી અને વધુમાં આ કેસના તમામ કાગળો જોતાં પરીક્ષક શ્રી. મોદીએ મોડરેટરની સૂચનાઓનું યથાર્થ પાલન કર્યું જણાતું નથી તેમ જ ઉત્તરપત્રોના માર્કિંગ પણ 'erratic' જણાયું છે અને અધ્યક્ષશ્રી ત્રિવેદીની આ સંદર્ભમાં જે ફરિયાદ છે તેમાં ઘણું વજૂદ લાગે છે, એમ આ સમિતિને જણાયું છે તેની સિન્ડિકેટને જાણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એમ. મોદીને ચેતવણી આપીને જણાવવું કે મોડરેટરોની સૂચનાઓનું પાલન કરવું આવશ્યક છે.

૬૩. સંલગ્ન કૉલેજોમાં કામ કરતા વ્યાયામ શિક્ષકોનાં પગારધોરણો અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.—

(૧) કૉલેજો-યુનિવર્સિટીઝના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની શૈક્ષણિક લાયકાત, પગારધોરણ સૂચવતા ભારત સરકારના તા. ૧૮-૧૧-૧૯૬૯ના પત્રાંક એફ. ૧૦-૧૪-૬૭ વાય. એસ. ૪ને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં વ્યાયામ શિક્ષકોનું પગારધોરણ તા. ૧-૪-૧૯૬૬થી પશ્ચાદ્વર્તી રીતે અમલી બને તે રીતે રૂ. ૨૫૦-૧૫-૪૫૦ ઠરાવ્યું છે.

(૨) ગુજરાત રાજ્ય સરકારના તા. ૩૦-૩-૧૯૭૧ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-ખને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૧૯-૫-૧૯૭૧ની સભામાં શારીરિક શિક્ષણના વિષયમાં માન્ય યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી કે ડિપ્લોમા ધરાવતા વ્યાયામ શિક્ષકો માટે તા. ૧૫-૬-૧૯૭૧થી રૂ. ૩૦૦-૨૫-૬૦૦નું પગારધોરણ ઠરાવ્યું છે.

(૩) તા. ૩૦-૩-૧૯૭૧ના સરકારી ઠરાવમાં સુધારો સૂચવતા રાજ્ય સરકારના તા. ૩૦-૬-૧૯૭૧-ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-ખના સંદર્ભમાં સિન્ડિકેટની તારીખ ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભાના ઠરાવ અન્વયે રૂ. ૩૦૦-૨૫-૬૦૦નું પગારધોરણ કઈ શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકોને અપાય તે અંગે રાજ્ય સરકાર પાસે સ્પષ્ટતા માગેલી તેના જવાબમાં રાજ્ય સરકારે તેના તા. ૧૭-૮-૧૯૭૧ના પત્રથી જણાવ્યું છે કે તા. ૩૦-૬-૧૯૭૧નો સરકારી ઠરાવ સ્પષ્ટ છે.

(૪) ગુજરાત રાજ્યના શિક્ષણસંચાલકના કાર્યાલયે તેના તા. ૧૩-૮-૧૯૭૧ના પત્રાંક એ.યુ.-જી.સી.સી. પે-ફિક્સેશન દ્વારા તેના તા. ૬-૫-૧૯૭૧ના અને તા. ૨૧/૨૪-૬-૧૯૭૧ના પત્રો તરફ ધ્યાન દોર્યું છે. તેમાં તા. ૨૧/૨૪-૬-૧૯૭૧ના પત્રમાં ગ્રેજ્યુએટ હોય એ પછી બી. પી. એડ ઑર સી. પી. એડ. ઑર એ ડિગ્રી ઈન ફિઝિકલ એજ્યુકેશન હોય

તેઓને તેઓનું પગારધોરણ રૂ. ૩૦૦–૨૫–૬૦૦નું ગણવું અને તેઓનું ફિક્સેશન તારીખ ૧–૪–૧૯૬૬ના રોજ તે પ્રમાણે ગણવું અને જે આ લાયકાત ધરાવતા ન હોય તેઓને રૂ. ૨૫૦–૧૫–૪૦૦નો સ્કેલ આપવો, તેમ દર્શાવ્યું છે.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા વ્યાયામશિક્ષકો જો સ્નાતકોત્તર, ડી.પી.એડ. કે સી.પી.એડ. કે શારીરિક શિક્ષણની માન્ય પદવી કે ડિપ્લોમા ધરાવતા હોય તો તેમના માટેનું પગારધોરણ રૂ. ૩૦૦–૨૫–૬૦૦નું નિયત કરવું, અને આ ઠરાવનો અમલ તા. ૧–૪–૧૯૬૬થી કરવાનું રાખવું.

૬૪. ડૉ. જે. એ. યાજ્ઞિકની તત્ત્વજ્ઞાન વિષયના પ્રાધ્યાપક તરીકે તા. ૧૦–૧૨–૧૯૭૧થી મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં નિમણૂક કરી છે તેના સંદર્ભમાં એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના તેઓની કૉલેજમાં તા. ૧૬–૨–૧૯૭૨ સુધી ડૉ. યાજ્ઞિકની સેવાઓ ચાલુ રાખવા અંગે તા. ૧–૧૨–૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજને તત્ત્વજ્ઞાનના શિક્ષણકાર્ય માટે વ્યવસ્થા ત્વરિત કરવા માટે જણાવવું. દરમ્યાન સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં તે કૉલેજમાંથી છૂટા થઈને યુનિવર્સિટીમાં તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તાજેતરમાં જોડાયેલા ડૉ. જે. એ. યાજ્ઞિકને ચાલુ સત્ર દરમ્યાન એચ. કે. આર્ટ્સ કૉલેજમાં શિક્ષણકાર્ય કરવા માટે પરવાનગી આપવી.

૬૫. ડૉ. (મિસ) એસ. સી. પંડ્યા, કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન અને રિસર્ચના અધ્યક્ષની રૂએ સેનેટના સભ્ય છે. હવે તેઓ શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજના ડીન તરીકે પણ નિમાયાં છે અને આ રીતે તેઓ બેઉ સંસ્થાના વડા તરીકે આવે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ એ યુનિવર્સિટીની માન્ય સંસ્થા અને એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ એ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજ એ બે અલગ અલગ સંસ્થાઓ હોઈ તે બેઉને માટે એક જ વ્યક્તિ અધ્યક્ષ કે વડા તરીકે કાર્ય કરે તે વ્યવસ્થા મંજૂર રાખી શકાય નહીં એમ સદરહુ સંસ્થાઓને જણાવવું.

૬૬. યુનિવર્સિટી કાર્યાલયના અનુસ્નાતક વિભાગમાં હેડકલાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. સી. દેસાઈને સ્કૂટર ખરીદવા અંગે રૂ. ૪,૦૦૦ની લોન આપવા અંગેની તેમની તા. ૧–૧૧–૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૩૦–૧૧–૧૯૬૮ની સભામાં ઠરાવ્યા અનુસાર વાહનની કિંમતના ૮૦ ટકાની રકમ લોન તરીકે તથા તેના ૬૦ ટકાની રકમ એડવાન્સ તરીકે આપવાની રહેશે. લોન લેનારે આ લોન ૫૦ હપતામાં અને યુનિવર્સિટી નક્કી કરે તે દરના વ્યાજ સાથે પરત કરવાની રહેશે તથા સ્કૂટર યુનિવર્સિટીને ગીરો લખી આપવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના હેડક્લાર્ક શ્રી. આર. સી. દેસાઈને સ્કૂટર ખરીદવા માટે નીચેની શરતોએ રૂ. ૪,૦૦૦ની લોન મંજૂર કરવી :

(૧) લોનની રકમ સરખા ૫૦ હપતાથી વસૂલ કરવામાં આવશે.

(૨) રાજ્ય સરકાર આવી લોન અંગે વ્યાજનો દર વરસોવરસ નક્કી કરે તે પ્રમાણે વસૂલ કરવામાં આવશે.

(૩) લોન લેનાર કર્મચારીએ વાહનનો વીમો ઉતરાવીને યુનિવર્સિટીમાં વાહન ગીરમાં મૂકવાનું રહેશે.

(૪) વાહનની કિંમતના ૮૦ ટકાથી વધુ રકમ લોન તરીકે મળી શકશે નહીં.

(૫) લોન અંગે જરૂરી કરારનામું સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશે.

(૬) ઉપરોક્ત રકમની ૬૦ ટકાથી વધુ રકમ એડવાન્સ તરીકે મળી શકશે નહિ, જ્યારે બાકીની રકમ વાહન ખરીદ્યા પછી તેનું બિલ રજૂ કર્યેથી આપવામાં આવશે.

૬૭. તા. ૧૫-૧૦-૧૯૭૧ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૧ની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૬૮. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટિવ સોસાયટી લિ.ના બાયલૉઝ નિયમ ૨૦(અ) ૧ પ્રમાણે તેની વ્યવસ્થાપક સમિતિ ઉપર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર સભ્યો નિયુક્ત (Nominate) કરવા બાબત.

[નોંધ.—સંબંધકર્તા નિયમનો પાઠ નીચે મુજબ છે :

20. (*a*) The Managing Committee shali consist of 13 members as follows :

(1) 4 members to be nominated by the University.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સોસાયટી લિ.ની વ્યવસ્થાપક સમિતિ પર આ યુનિવર્સિટી તરફથી નીચે મુજબ ચાર પ્રતિનિધિઓ નીમવા :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૨) શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરી

(૩) ડૉ. રમણભાઈ ભટ્ટ

(૪) શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ.

૬૯. સમાજવિદ્યા ભવનના પ્રો. એચ. પી. ભટ્ટની સંશોધન યોજના "ધી સ્ટડી ઑફ ગુજરાત યુનિવર્સિટી ફાઇનાન્સીઝ" અંગે ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યૂ દિલ્હી તરફથી તેમના પત્રાંક એફ. -૨૮૧-૭૧-જી, તા. ૧૬-૧૦-૧૯૭૧થી સંશોધન અનુદાન રૂ. ૧૧,૮૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૦. સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. જે. આઈ. લાલીવાળાને Friedrich Naumann foundation at Bann મારફતે યોજનાર એશિયન બિઝનેસ ઇકોનોમિક્સ ઍન્ડ જર્નાલિસ્ટના સેમિનારમાં ભાગ લેવા અંગેની તા. ૧૦-૧૧-૧૯૭૧થી તા. ૯-૧૨-૧૯૭૧ સુધીની માસ એકની અભ્યાસ-રજા મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અંગે તેમ જ તેઓની અભ્યાસ-રજા દરમિયાન તેમના વેતન અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** —(૧) શ્રી. લાલીવાળાનો મૂળ માસિક પગાર રૂ. ૬૮૦-૦૦ છે.
(૨) આ અંગેનું ખર્ચ તથા લોન્જિંગ-બોર્ડિંગનો ખર્ચ આ અંગેના યોજકો ભોગવનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના લેક્ચરર શ્રી. જે. આઈ. લાલીવાળાને તા. ૧૦-૧૧-૧૯૭૧થી તા. ૯-૧૨-૧૯૭૧ સુધી એક માસની અભ્યાસ-રજા નીચેની શરતોએ મંજૂર કરવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખે તેમને જે મૂળ માસિક પગાર મળતો હોય તે આપવો અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહીં.

(૨) તેમની રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૩) તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલાં પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે; અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેઓએ આપવાની રહેશે.

૭૧. માર્ચ-એપ્રિલ, ૧૯૭૧ તથા ઑક્ટોબર ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ધલાજોના કેસો પર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૦-૧૧-૧૯૭૧ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૧૧-૧૯૭૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં સદરહુ સમિતિની તા. ૧૦-૧૧-૧૯૭૧ની સભાની કાર્યવાહીમાં રજૂ કરવામાં આવેલી બાબત નં. ૬ અંગે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે આચાર્ય એચ. સી. પરીખને પાંચ વર્ષ માટે આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં પ્રાશ્નિક, મોડરેટર કે પરીક્ષક તરીકેની કામગીરી સોંપવી નહીં, અને શ્રી. આર. એમ. દવેને આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા અંગેનું કશું પણ કામ ભવિષ્યમાં સોંપવું નહીં.

૭૨. સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૧–૧૦–૧૯૭૧ની સભામાં સ્થાયી સમિતિની તા. ૩૧–૮–૧૯૭૧ની સભાની નીચેની ભલામણ મુલતવી રાખી હતી તે તે ઉપર વિચારણા કરવા બાબત :

" સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧–૭–૧૯૭૧ની સભામાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને હાલમાં અપાતું સાઇકલ ભથ્થું ભેળવવા અંગે યુનિવર્સિટી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ પગારમાં ભેળવવા અંગેની બાબત હાલ વિચારણા નીચે છે તે જોતાં તેનો અમલ કરવામાં આવે ત્યારે પ્રેસના કર્મચારીઓને હાલ અપાતું સાઇકલ ભથ્થું પણ પગારમાં ભેળવવાનું ઠરાવેલ હોઈ આ અંગેની આવેલી યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓની તા. ૧૧–૮–૧૯૭૧ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

(૧) .....વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓનાં પગારધોરણો ઉપર જણાવેલા નિયમોને આધીન પરિશિષ્ટ "ક" પ્રમાણે તા. ૧–૪–૧૯૭૧થી સુધારવાં અને તે પર આ સાથેના પરિશિષ્ટ "ખ"માં બતાવ્યા પ્રમાણે મર્જ્ડ-ધોરણે મોંઘવારી ભથ્થું આપવું. યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓને હાલ આપવામાં આવતું સાઇકલભથ્થું પણ મોંઘવારી ભથ્થાના અંશને ભેળવવાની સાથે સાથે જ મૂળ પગારમાં ભેળવી દેવું. યુનિવર્સિટી મુદ્રણાલયના કર્મચારીઓનો વાર્ષિક પગારવધારો તેમના મૂળ વાર્ષિક પગારવધારાની તારીખે આપવો.

(૨) જો યુનિવર્સિટી મુદ્રણાલયના કોઈ કર્મચારીને તેના હાલના એટલે કે અનમર્જ્ડ પગારધોરણમાં ચાલુ રહેવું હોય તો તે ચાલુ રહી શકશે, પરંતુ જે કર્મચારીઓ સૂચિત પગારધોરણમાં જોડાવા માગતા હોય તેઓ યુનિવર્સિટીને લેખિત જાણ કરીને તા. ૧–૪–૧૯૭૧ કે તે પછીની જે અનુકૂળ લાગે તે તારીખેથી સુધારેલાં પગારધોરણોમાં જોડાઈ શકશે. આ અંગેનો વિકલ્પ એક વખત સ્વીકારાયા પછીથી તેમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરી શકાશે નહિ.

(૩) યુનિવર્સિટી મુદ્રણાલયની જુદી જુદી જગ્યાઓનાં સૂચિત પગારધોરણમાં (મર્જ્ડ) હાલના કર્મચારી જે તારીખથી સૂચિત પગારધોરણમાં દાખલ થાય તે તારીખથી તેમનો મૂળ પગાર નીચે પ્રમાણે નક્કી કરવો :

હાલના (જૂના) પગારધોરણ પ્રમાણે મૂળ પગાર વત્તા તે ઉપર (અનમર્જ્ડ ધોરણે) આપવામાં આવતું મોંઘવારી ભથ્થું વત્તા સાઇકલ ભથ્થું - કુલ રકમ (પે-પૅકેટ). આ કુલ રકમ (પે-પૅકેટ) જળવાઈ રહે તે માટે કુલ રકમ(પે-પૅકેટ)માંથી પરિશિષ્ટ "બ"માં જણાવેલું તેમને મળવા પાત્ર યોગ્ય (એપ્રોપ્રિયેટ) મોંઘવારી ભથ્થું બાદ કરતાં જે રકમ રહે તે રકમ જો સૂચિત પગારધોરણનું પગથિયું હોય તો તે રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી, પરંતુ જો તે રકમ સૂચિત પગારધોરણમાં પગથિયું ન હોય તો તે પછીના તરતના ઉપલા પગથિયાની રકમ મૂળ પગાર તરીકે નક્કી કરવી.

(૪) હવે પછી જોડાનાર કર્મચારીઓને સાઇકલ ભથ્થું આપવામાં આવશે નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. સને ૧૯૭૦–૭૧ના વર્ષનો ૨૧મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) શ્રી. કુલપતિ
(૨) શ્રી. ઈન્દ્રવદન અં. મોદી
(૩) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૪) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૭૪. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-ઇકોનોમિકસની જગ્યા માટે ઑર્ડિનન્સ ૬૬ હેઠળ વરણીસમિતિના સભ્ય પ્રો. વી. એમ. દાંડેકરની નિમણૂક કરી હતી, પરંતુ તેઓએ આ સમિતિ ઉપર સભ્ય તરીકે કામ કરવા માટે અશક્તિ દર્શાવેલ હોઈ તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — સમિતિના સભ્યો હાલ નીચે મુજબ છે :

૧. પ્રો. પી. આર. પ્રભાનંદ
૨. પ્રો. વી. એસ. વ્યાસ
૩. ડૉ. ડી. ટી. લાકડાવાલા
૪. શ્રી. એમ. પી. ભટ્ટ (હોદ્દાની રૂએ)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર પ્રો. વી. એમ. દાંડેકરની જગ્યાએ પ્રો. બી. કે. ટંડન(ઉદેપુર)ની નિમણૂક કરવી.

૭૫. જૂન ૧૯૭૧થી સેકન્ડ બી.એસસી.ના અભ્યાસક્રમમાં ફેરફાર થતો હોવાથી માર્ચ-એપ્રિલ ૧૯૭૧ કે તે અગાઉની સેકન્ડ બી.એસસી.ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે આગામી માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં જૂના અભ્યાસક્રમ મુજબ વધુ એક પરીક્ષા લેવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** – વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય છે કે નાપાસ થયેલ વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમની પરીક્ષા માટે વધુ એક તક આપવી.)

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૧ કે તે અગાઉ લેવાયેલ સેકન્ડ બી.એસસી.ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને માટે માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં જૂના અભ્યાસક્રમ મુજબ વધુ એક પરીક્ષા લેવાનું રાખવું, અને તેમાં બેસવા માટે સંબંધકર્તા વિદ્યાર્થીઓને વિકલ્પ આપવો.

૭૬. વિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેનોગ્રાફર શ્રી. એન. એ. ગઢવીને રૂ. ૨૯૩-૧૨-૪૨૫ ઈ.બી. ૨૦-૫૨૫ના પગારધોરણમાં રૂ. ૪૨૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઈ.બી.) તા ૧-૭-૧૯૭૧થી ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટેનોગ્રાફર શ્રી. એન. એ. ગઢવીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન એ. ગઢવીને રૂ. ૨૯૩-૧૨-૪૨૫ ઈ.બી. ૨૮-૫૨૫ના પગારધોરણમાં રૂ. ૪૨૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે મંજૂરી આપવી.

૭૭. ગુજરાત યુનિવર્સિટીના યૂથ વેલ્ફેર બોર્ડ-કમિટીની ૧૯૭૦-૭૧ના વર્ષની અનુદાનની રકમ રૂ. ૮,૭૫૪ ભારત સરકારના શિક્ષણ ખાતાએ તેમના પત્રાંક એફ. ૨૯-૪૧-૭૧-વાય એસ.આઈ.(આઈ), તા. ૪-૧૧-૧૯૭૧થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૮. "નેશનલ સાયન્સ ટેલન્ટ સર્ચ યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૧-૧૧-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	મહેનતાણાની રકમ	હાલ મળતો મૂળ પગાર
		રૂ.	રૂ.
૧.	પ્રોફેસર જે. જે. ચિનોય	૧,૦૦૦	૧,૪૮૦
૨.	ડૉ. સી. કે. શાહ	૨૩૦	૧,૦૦૦
૩.	ડૉ. બી. એસ. વૈદ્ય	૨૩૦	૭૫૦
૪.	શ્રી. એ. વી. ગજ્જર	૨૦૦	૬૪૦
૫.	શ્રી. કે. પી. સોની	૨૦૦	૫૬૦
૬.	શ્રી. એન. એમ. પંડ્યા	૨૦૦	૭૨૦
૭.	શ્રી. આર. કે. મોદી	૫૦	૧૭૪
૮.	શ્રી. પી. એન. મહેતા	૫૦	૧૪૦
૯.	શ્રી. આર. બી. સાડીવાલા	૩૦	૧૩૨
૧૦.	શ્રી. કે. એમ. મેનન-પટાવાળા	૨૦	૬૯
૧૧.	શ્રી. પીટર મેકવાન ,,	૨૦	૬૩
૧૨.	શ્રી. કિશોર મકવાણા ,,	૨૦	—

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઉપર જણાવેલ નં. ૧થી ૯ સભ્યોને ૧૯૭૧-૭૨ના વર્ષ દરમિયાનનું સદરહુ સભ્યોનું યુનિવર્સિટીના કામકાજ સિવાયનાં બીજાં કામકાજને અંગેનું કુલ વેતન તેમના કુલ મૂળ વાર્ષિક પગાર(Basic Salary)ના ત્રીસ ટકા કરતાં વધે નહીં તે શરતે અને તેની મર્યાદામાં રહીને ઉપર જણાવેલ કામકાજ માટે તેમના નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઉપર જણાવેલ પટાવાળા નં. ૧૦થી ૧૨ને સદરહુ કામકાજ માટે તેમના નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૭૯. નવેંબર ૧૩થી ૧૫, ૧૯૭૧ના સમય દરમિયાન બનારસ મુકામે યોજાનાર **General Relativity and Gravitation**ના પરિસંવાદમાં વિજ્ઞાન વિદ્યાભવનના પ્રોફેસર એલ. કે. પટેલને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મજકૂર પરિસંવાદમાં હાજરી આપવા માટે મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૦. ભારત સરકારના શિક્ષણખાતાના તા. ૮–૧૦–૧૯૭૧ના પત્રાંક એફ૧. ૧૪–૭૧ વાય.એસ. ૧(૧) મુજબ રાષ્ટ્રીય સેવા યોજના ૧૯૭૨–૭૩ના વર્ષમાં ચાલુ રહે છે તેની નોંધ લેવા બાબત તથા આ અંગેનાં જરૂરી પગલાં લેવાનું મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજનાની મુદત તા. ૩૧–૩–૧૯૭૩ સુધીની ભારત સરકાર તરફથી લંબાવવામાં આવી છે તેની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના હેઠળ નીચે પ્રમાણેની જગ્યાઓ ઊભી કરવામાં આવી છે તેની મુદત તા. ૩૧–૩–૧૯૭૩ સુધી લંબાવવી :

(૧) મદદનીશ વહીવટી અધિકારી, રાષ્ટ્રીય સેવા યોજના
(૨) હેડક્લાર્ક
(૩) ક્લાર્ક
(૪) ક્લાર્ક–ટાઈપિસ્ટ
(૫) પટાવાળો
(૬) ડ્રાઈવર.

૮૧. ફર્સ્ટ બી.એસસી.ની માર્ચ–એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષાનાં વિદ્યાર્થિની કુ. સુધા કનુભાઈ સોલંકી. બેઠક નં. ૨૦૧૮નું પરિણામ પ્રી-યુનિ. વિજ્ઞાનની માર્ચ–એપ્રિલ ૧૯૭૧ની પરીક્ષામાં બેઠક નં. ૨૮૫૬થી બેસીને નાપાસ થવાથી ઑર્ડિ. ૧૨૭ હેઠળ અનામત રાખવાને બદલે સરતચૂકથી પાસ જાહેર થયું છે. ઑર્ડિ. ૧૪૬ હેઠળ પરિણામ સુધારવાની ત્રણ માસની મુદત પૂરી થઈ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં કુ. સુધા કનુભાઈ સોલંકીને સેકન્ડ બી.એસસી.ના વર્ગમાં આપવામાં આવેલો પ્રવેશ તેઓ પ્રી-યુનિવર્સિટીની ગણિતના વિષયમાં આગામી માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષામાં બેસે તે શરતે અપવાદ તરીકે મંજૂર રાખવો, અને તેમાં પાસ ન થાય ત્યાં સુધી તેમનું સેકન્ડ બી.એસસી.નું પરિણામ અનામત રાખવું.

૮૨. ૧૯૭૧–૭૨ના વર્ષની ઑર્ડિ. ૯૬ પ્રમાણે કૉલેજો તરફથી આવેલ માહિતીના સંદર્ભમાં આ સાથેની યાદીમાં જણાવેલ કૉલેજોમાં નામ સામે દર્શાવેલ મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને તેમની કૉલેજમાં ચાલતી અનિયમિતતાઓ અને માહિતી પૂરી ન પાડવા માટે ઠપકો આપવો અને તાકીદે અનિયમિતતાઓ દૂર કરીને જણાવવા / માહિતી મોકલવા જણાવવું.

૮૩. એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં તપાસસમિતિના અહેવાલના આધારે, એમ. ડી. ફિઝિયોલોજી વિષયમાં વર્ષ ૧૯૭૨–૭૨માં બીજા સત્રથી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર નં. એફ. ૩–૪(૧૪૯૩) ૧૯૭૧ (એસસીએચ) તા. ૧૩–૧૦–૧૯૭૧થી ભાષા-સાહિત્ય ભવનના રીડર ડૉ. કુ. ઇ. એ. સોલોમનની સંશોધન યોજના અંગે રૂ. ૫૦૦ની અનુદાનની રકમ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૫. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ્ હિસ્ટરીની જગ્યા અંગે ઑર્ડિ. ૬૬ હેઠળ વરણીસમિતિના સભ્ય તરીકે ડૉ. નુરૂલ હસનની નિમણૂક કરી હતી. પરંતુ તેઓએ આ સમિતિ ઉપર સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોઈ તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.-- સમિતિના સભ્યો હાલ નીચે મુજબ છે :

સિન્ડિકેટે નીમેલ : ૧. પ્રો. એચ. એલ. ગુપ્તા (સાગર યુનિ.)
૨. પ્રો. એસ. સી. મિશ્રા (વડોદરા યુનિ.)

ઍકેડેમિક કાઉન્સિલ : ૧. પ્રો. રોમીલા નાયર (જવાહરલાલ નહેરુ યુનિ.)
૨. પ્રો. શર્મા (સાગર યુનિ.) રિઝર્વ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર ડૉ. નુરૂલ હસનની જગ્યાએ નીચે જણાવેલા સભ્યો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

(૧) શ્રી. એ. જી. પવાર
(૨) શ્રી. પી. એમ. જોશી
(૩) શ્રી. જોર્જ મેરાયસ.

૮૬. પરીક્ષા દરમ્યાન સ્થાનિક પરીક્ષકોને જવાબપત્રોનાં પારસલો હૅન્ડ ડિલિવરીથી પહોંચતાં કરવા માટે પારસલ દીઠ કેટલું મહેનતાણું આપવું તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ.-- માર્ચ ૧૯૭૧ની પરીક્ષા માટે એન્જિનિયરિંગ પરીક્ષાઓમાં આ જાતના કામ માટે પારસલ દીઠ રૂ. ૧નું મહેનતાણું આપવાનું નક્કી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી પરીક્ષાઓ માટે ઉત્તરપત્રો પ્રત્યેક પરીક્ષકને હાથોહાથ પહોંચાડવા માટે પાર્સલ દીઠ મહેનતાણાનો રૂ. ૧–૦૦નો દર મંજૂર કરવો.

(નોંધ.—એક વ્યક્તિને એક દિવસે પહોંચાડવામાં આવેલાં તમામ પાર્સલો આ હેતુ માટે એક જ પાર્સલ ગણાશે.)

૮૭. સિન્ડિકેટની તા. ૧૩/૧૧-૧૦-૧૯૭૧ના ઠરાવ અન્વયે નવાં પગારધોરણો સ્વીકારવાની તારીખોમાં ફેરફાર કરવાની નીચેના કર્મચારીઓની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. બી. આર. ગોહિલ, જુ. ક્લાર્ક	તા. ૧–૪–૧૯૭૧ને બદલે ૧૯-૧૧-૧૯૭૧ રાખવા
(૨) શ્રી. મગનભાઈ સેતાભાઈ ડાભી, પટાવાળા	તા. ૧–૪–૧૯૭૧ને બદલે ૧–૮–૧૯૭૧ રાખવા
(૩) શ્રી. આર. બી. નાયક, પટાવાળા	તા. ૧–૪–૧૯૭૧ને બદલે ૨૨–૪–૧૯૭૧ રાખવા
(૪) શ્રી. રાયજીશ જી. જાદવ, પટાવાળા	તા. ૧–૪–૧૯૭૧ને બદલે ૨૨–૪–૧૯૭૧ રાખવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને નવાં પગારધોરણો સ્વીકારવા માટેની તારીખોમાં **ઉપર** મુજબ ફેરફાર કરવાની તેમની વિનંતી મંજૂર કરવી.

૮૮. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. બી. એમ. કડિયાને સ્ટે. ૧૮૮ હેઠળ મકાન ખરીદવા અંગેની તેમના ખાતે નીકળતી લોન આપવા અંગેની તેમની તા. ૧-૧૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં તેમનું તથા યુનિવર્સિટીનું ભંડોળ મળી કુલ્લે રૂ. ૧,૯૨૩-૭૦ જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. કડિયાને મકાન ખરીદવા માટે સ્ટે. ૧૮૮ હેઠળ રૂ. ૧,૯૨૩-૭૦ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૮૯. સિન્ડિકેટની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભાના ઠરાવ અન્વયે તા. ૨૮-૯-૧૯૭૧ના રોજ યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભ અને સેનેટની સભા વખતે સ્ટાફની સામુદાયિક ગેરહાજરીના સંદર્ભમાં કાર્યાલયની યાદી ક્રમાંક ૧-૩૪૪૬ તા. ૫-૧૧-૧૯૭૧ના અનુસંધાનમાં સ્ટાફના સભ્યોના આવેલ ખુલાસા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. શ્રી. ટી. એમ. પરીખ, ડીન ઇજનેરી વિદ્યાશાખા તરફથી પરીક્ષાના સ્કેચના દરમાં સુધારો કરવા તથા ફેકટોટમને એક જુનિયર સુપરવાઇઝરની મદદ આપવા અંગેના તેઓના તા. ૯-૧૧-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

કાર્યાલયનાં સૂચનો

(૧) હાલના નિયમ પ્રમાણે સ્કેચની સાઈઝ પ્રમાણે રૂ. ૫ અથવા રૂ. ૧૦ આપવામાં આવે છે તેને બદલે આચાર્યશ્રીના સૂચન મુજબ દરેક સ્કેચના રૂ. ૭-૫૦ અને વધુમાં વધુ રૂ. ૧૦ આપવાનું સૂચન સ્વીકારે છે.

(૨) ફેકટોટમને એક જુનિયર સુપરવાઈઝરની મદદ આપની જોઈએ—આ સૂચન સ્વીકારી શકાય તેમ નથી.

(૩) સ્કેચના પ્રૂફરીડિંગનો હાલનો દર જે રૂ. ૭-૫૦ છે તેના બદલે આચાર્યશ્રીના સૂચન મુજબ રૂ. ૧૦ રાખવો. આ દરમાં સુધારો કરવાની જરૂરિયાત જણાય છે.

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાની પરીક્ષાઓ માટે સ્કેચ બનાવવા તથા તેના પ્રૂફરીડિંગનો હાલનો જે રૂ. ૭-૫૦નો દર છે, તે વધારીને રૂ. ૧૦-૦૦નો કરવો.

૯૧. તા. ૨૩-૭-૧૯૭૧ના સરકારી ઠરાવ ક્રમાંક એમ. આઈ. એસ. ૧૦૭૧-ખથી પી. જી. સ્કેલ રૂ. ૭૦૦-૧,૧૦૦ તેમજ રૂ. ૮૦૦-૧,૨૫૦નો અમલ તા. ૬-૪-૧૯૭૦ને બદલે હવે તા. ૧-૪-૧૯૬૯થી કરવાનું ઠરાવેલ હોવાથી ગુજરાત યુનિવર્સિટી સાથે તે સમયે જોડાયેલી કૉલેજોના અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા કુલ શિક્ષકોના ૨૫ ટકા જેટલા શિક્ષકોનાં નામોની યાદી તેમજ અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા કુલ કૉલેજોના આચાર્યોના ૨૫ ટકા જેટલા આચાર્યોનાં નામોની યાદી નવેસરથી નક્કી કરવા અંગે શિક્ષણનિયામકશ્રી તરફથી આવેલ તા. ૨૫-૧૦-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૨. ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સંસદના ઉપક્રમે બાલાસિનોર ખાતે યોજાયેલ વિદ્યાર્થી પ્રવૃત્તિ તાલીમ શિબિરમાં વ્યાખ્યાન આપવા માટે શ્રી. પી. જી. માવળંકરને કિલોમીટર દીઠ ૦–૩૫ પૈસા લેખે પ્રવાસભથ્થું મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૩. યુનિવર્સિટી કેમ્પસમાં નીચેના રસ્તાઓ બાંધવા માટે બજેટમાં રૂ. ૩૦,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) લેડીઝ હોસ્ટેલનો એપ્રોચ રસ્તો

(૨) ટીચર્સ હોસ્ટેલનો એપ્રોચ રસ્તો

(૩) 'બી' ટાઇપ ક્વાર્ટર્સની અંદરના છ રસ્તા

(૪) હોસ્ટેલ એ, બી, સી અને ડીના રસ્તા

(૫) પી.આર.એલ.થી 'બી' ટાઇપના રસ્તાને સીલકોટ કરવા માટે.

[**નોંધ.** — (૧) ચાલુ વર્ષમાં રસ્તા–રોશનીના બજેટ હેડ નીચે રૂ. ૨,૦૦,૦૦૦ની જોગવાઈ છે તે પૈકી અત્યાર સુધી રૂ. ૧,૩૦,૦૦૦નું ખર્ચ થયું છે અને વધારાની રૂ. ૩૦,૦૦૦ની જોગવાઈ કરવાની છે.

(૨) આથી કુલ જોગવાઈ રૂ. ૨,૩૦,૦૦૦ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસના રસ્તાઓ બાંધવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં વધુ રૂ. ૩૦,૦૦૦(ત્રીસ હજાર)ના ખર્ચની જોગવાઈ કરવી.

૯૪. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગમાં ચાલુ વર્ષે ૧૯૭૧–૭૨મા પ્રાયોગિક ખર્ચ માટે વધારાના રૂ. ૨૫,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવા માટે ભવનના વડાની તા. ૧૩–૧૦–૧૯૭૧ની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રાણીવિભાગ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં પ્રાયોગિક કાર્ય માટે વધુ રૂ. ૨૫,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવી.

૯૫. અમદાવાદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ, યુનિવર્સિટીનાં ધારાધોરણનું અને તેની જૂન ૧૯૭૧થી જોડાણ મેળવવા માટેની અરજી પર સેનેટે મૂકેલી શરતોનું પરિપાલન કરવામાં નિષ્ફળ ગઈ હોવાથી તેને જૂન ૧૯૭૧થી જોડાણ ન આપવા સારુ રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી તે દરમ્યાન તે જ વિસ્તાર (ગિરધરનગર, શાહીબાગ)માં નવી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ શરૂ કરવા અંગે સદરહુ કૉલેજના શિક્ષકોએ સ્થાપેલ "વિદ્યાસમાજ", અમદાવાદને પરવાનગી આપવા સારુ "વિદ્યાસમાજ", અમદાવાદના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે વિદ્યાસમાજ, અમદાવાદના માનાર્હ મંત્રીશ્રી તરફથી આવેલી સદરહુ અરજી પર વિચારણા કરવાનું બની શકે તેમ નથી એમ તેમને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ચાલુ વર્ષે પ્રથમ સત્રમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ તેમનું બીજું સત્ર અન્ય કોઈ સંલગ્ન કૉલેજમાં ભરે તો તેમને આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૯૬. યુનિવર્સિટી કાર્યાલયનો સમય સવારે ૧૧–૦૦થી સાંજે ૬–૦૦ સુધીનો રાખવા અંગેનો સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬–૧૦–૧૯૭૧ની સભામાં કરેલા નિર્ણયના અમલની તારીખમાં ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬–૧૦–૧૯૭૧ની સભામાં મંજૂર કરેલા નીચેના ઠરાવનો અમલ તા. ૧૬–૧૧–૧૯૭૧થી કરવાને બદલે ચાલુ પરીક્ષાની મોસમ પૂરી થયેથી કરવાનું રાખવું, અને તે માટે તારીખ નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

બાબત નં. ૧૬ (ચ) (૩) : કાર્યાલયનો સમય દરરોજનો અડધો કલાક વધારવો.

૯૭. સરદાર વલ્લભભાઈ કોમર્સ કૉલેજ, અમદાવાદને વાણિજ્યના પૂરા સમયના પ્રાધ્યાપક મળતા ન હોવાથી બીજા સત્ર પૂરતી મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર કરવા કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ કૉલેજમાં વાણિજ્યના પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે શ્રી. બી. એચ. દેસાઈને ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૨થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૯૮. મોતીલાલ નહેરુ લૉ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદને વાણિજ્યના પૂરા સમયના પ્રાધ્યાપક મળતા ન હોવાથી બીજા સત્ર પૂરતી મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા મંજૂર કરવા કરેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વાણિજ્યના પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે શ્રી. આર. બી. શાહને ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૨થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. / ૪૦૦૧૭ / ૧૯૭૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૯.
ડિસેંબર ૨, ૧૯૭૧.

ક. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૧

"બાઈ કાશી નાથાલાલ વનમાળીદાસ મોદી શિષ્યવૃત્તિ"

(૧) દાતાનું નામ : બાઈ કાશી નાથાલાલ વનમાળીદાસ મોદી ટ્રસ્ટ વતી એડવોકેટ શ્રી. હરિશંકર એલ. ત્રિવેદી તથા એડવોકેટ શ્રી. પ્રબોધચંદ્ર હરિશંકર ત્રિવેદી, ગરનાળાની પોળ, શાહપુર, અમદાવાદ.

(૨) પ્રદાનની રકમ : રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર) રોકડા.

(૩) પ્રદાનનો પ્રકાર : પ્રતિવર્ષ આશરે રૂ. ૨૩૭-૫૦ પૈ.ની શિષ્યવૃત્તિ બે વર્ષ માટે.

(૪) પ્રદાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ છે.

નિયમો

૧. "બાઈ કાશી નાથાલાલ વનમાળીદાસ મોદી શિષ્યવૃત્તિ" વાર્ષિક રૂ. ૨૩૭-૫૦ પૈ.ની એક શિષ્યવૃત્તિ ગુજરાત યુનિવર્સિટીની ટી.વાય.બી.એસસી.ની પદવી પરીક્ષામાં ફિઝિક્સ-સ્ટેટિસ્ટિક્સ દર વર્ષે વારાફરતી મુખ્ય વિષય તરીકે લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગ મેળવી મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એસસી.ની પદવી પરીક્ષાનો અભ્યાસ ચાલુ રાખવાની શરતે બે વર્ષ માટે આપવામાં આવશે.

૨. સદરહુ શિષ્યવૃત્તિ જે વિદ્યાર્થીને એનાયત કરવામાં આવી હશે તે વિદ્યાર્થીએ એમ.એસસી.ની પાર્ટ ૧ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે અને જો તે વિદ્યાર્થી તે પરીક્ષામાં ઉત્તીર્ણ થશે નહિ તો બીજા વર્ષે સદરહુ શિષ્યવૃત્તિની રકમ મેળવવાને પાત્ર થશે નહિ.

૩. આ શિષ્યવૃત્તિ રૂ. ૪૭૫ની રકમ વાર્ષિક રકમ રૂ. ૨૩૭-૫૦ પૈ. પ્રમાણે બે વર્ષ માટે છે. તેમાંથી દર છ છ માસે રૂ. ૧૧૮-૭૫ પૈ. પ્રમાણેની રકમ ચાર સત્રો માટે આપવામાં આવશે, પરંતુ એક સત્ર પૂરું થયા પછી વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ અંગેનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું આવશ્યક રહેશે.

૪. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે.

૫. શિષ્યવૃત્તિ આપવામાં વિજેતાની નાત, જાત, ધર્મ કે વર્ગનો ભેદ રાખવામાં આવશે નહિ.

૬. શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૭. પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૨

"જયભિક્ખુ સ્મૃતિ સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ : ટ્રસ્ટી શ્રી. ધીરુભાઈ ઠાકર, શ્રી. જયભિક્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩–બી, ચંદ્રનગર સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ–૭.

૨. દાનની રકમ : રૂ. ૭,૫૦૦ રોકડા.

૩. દેણગીનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક.

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૭/૮–૮–૧૯૭૧ની સભામાં ક્રમાંક ૪૫થી ઠરાવેલ છે.

નિયમો

૧. "શ્રી. જયભિક્ખુ સ્મૃતિ સુવર્ણચંદ્રક" : આશરે રૂ. ૩૫૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગ મેળવી, ગુજરાતીના મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો ગુજરાતીના મુખ્ય વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો તેવા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી તૃતીય વર્ષના તમામ વિષયોમાં થઈને સૌથી વધુ ગુણાંક મેળવતા હશે તેને આપવામાં આવશે.

૨. સદરહુ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૩. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ શક્ય હશે તો જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૪. સુવર્ણચંદ્રક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

5.	8.	Freezing Microtom 'WESWOX' Indian Make, MT 1100 C.	M/s. D. Nanubhai & Co., Post Box No. 151, Raopura Road, Baroda-1	1,490/- per each	1	1,490/-	Lowest Rate in Quot.
6.	17.	Top pan balance, Owa laber type 750, Cl, German Make	M/s. K. Lal Bhakri, 3/E/14, Jhandewalan Extn., Post Box 487, New Delhi-1	2,459-84 per each	1	2,459-84	-do-
7.	22.	Research Microscope, Binocular RA-5, Polish	M/s. Scientific Sales Syndicate, P.O. Box No. 2358, Palkhiwala Building, 24th, 1st Dhobitalao Lane, Bombay-2(BR)	4,000/- per eoch	1	4,000/-	-do-
8.	25.	Refrigerated centrifuge (as per specification in your quotation) Model K-23 type with all accessories	M/s. Remi Udyog, 49, C/D, Govt. Industrial Estate, Kandivlee (West), Bombay-67	20,000/- 1,650/- 1,650/- 1,650/- 1,650/- 100/- 1,500/- 200/- 150/- 175/- 100/-	1 1 1 1 1 1 1 1 1 1 1	20,000/- 1,650/- 1,650/- 1,650/- 1,650/- 100/- 1,500/- 200/- 150/- 175/- 100/-	-do-

S.N.	T.I.N.	Item	Name of firm	Price Rs.	Quant. Reqd.	Total Cost Rs.	Remarks
9.	26.	Walk-in-Coolers (Blue Star) Model CRG 590, Cap. 5900 litres, Internal dia. Front 1780, Depth 1620, Height 2030 mm and External Dimension front 1930, Depth 1780, Height 2210 mm, etc.	M/s. Metro Motors (Ahmedabad) Pvt. Ltd., Mirzapur Road, Ahmedabad-1	21,054/- per each	1	21,054/-	Quality & most commonly used in labo. everywhere
		+ Instolation charge		800/-		800/-	
	27.	Refrigerator 10 Cu. ft. with automatic magnetic door, locking device; 220 volts; 50 cycles, 'Leonard'	-do-	3,405/- per each	1	3,405/-	Quality, service & rest of the same kind in the dept.
	28.	Air-conditions, Cap. 1 ton, Dimentions app. $28\frac{1}{2}'' \times 25\frac{1}{2}'' \times 17\frac{1}{2}''$ 'Climatizer'	-do-	5,328-67 per each	1	5,328-67	-do-

V. C. SHAH
Head, Dept. of Zoology.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

સિન્ડિકેટ (નવેમ્બર) : તા. ૧૩-૧૧-૧૯૭૧

ગુ. યુ. પ્રેસ ૧૦૦૨--૪૫૦--૧૨--'૭૧

સિન્ડિકેટ (ડિસેંબર) : તા. ૪-૧૨-૧૯૭૧

ખા ન ગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી ... ધર્મ ચક્ર ... કમલ કૌશલમ્

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ડિસેંબર માસની સભા શનિવાર, તા. ૪-૧૨-૧૯૭૧ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪-૧૨-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૫.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૬.	શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી	હાજર
૭.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૮.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૯.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૦.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૧.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૨.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૩.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૪.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૧૩-૧૧-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૩-૧૧-૧૯૭૧ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને નીચેના સુધારા **સાથે મંજૂર** કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૪૨માં શ્રી. આઈ. એ. મેદીના પ્રસ્તાવ ક્રમાંક ૨માં બીજી લીટીમાં 'where the' પછી 'amount of the provident fund of the' એ શબ્દો છાપવા રહી ગયા છે તે ઉમેરવા.

(૨) બાબત ક્રમાંક ૪૩ના પાઠમાં જે પ્રશ્નોનો ઉલ્લેખ છે તેમાં નીચે છાપભૂલ છે તે સુધારવા માટે નીચે મુજબ પાઠ રાખવો :

૧. "તા. ૧-૪-૧૯૭૦ પહેલાં આ યુનિવર્સિટીમાં જોડાયેલા અધ્યાપક તા. ૧-૪-૧૯૭૦ પછી એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં જોડાય તો તેની નિમણૂકને નવી નિમણૂક ન ગણતાં બિનભેળવાયેલા દરે મોંઘવારી ભથ્થું સ્વીકારવાનો વિકલ્પ આપવો કે કેમ ?

૨. તા. ૧-૪-૧૯૭૦ પહેલાંના અધ્યાપકને તા. ૧-૪-૧૯૭૦ પછી તેના હોદ્દાનો પ્રકાર બદલાતાં નવી નિમણૂક ન ગણતાં બિનભેળવાયેલા દરે મોંઘવારી ભથ્થું સ્વીકારવાનો વિકલ્પ ચાલુ રાખી શકે કે કેમ ?"

(૩) બાબત ક્રમાંક ૪૩ના ઠરાવની પાંચમી લીટીમાંથી 'નહીં' શબ્દ રદ કરવો.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિજ્ઞાન વિભાગ માટે "GDR equipment under Indo-German Protocol" આવનાર વૈજ્ઞાનિક સાધનો માટે મુંબઈથી અમદાવાદ યુનિવર્સિટી સુધી લાવવા માટેનું રૂ. ૯,૧૪૨નું ખર્ચ મંજૂર કર્યાના;

(૨) એક્સ્ટર્નલ પરીક્ષાઓનો સિન્ડિકેટની તા. ૧૬-૧૦-૧૯૭૧ની સભામાં સુધારેલ ઑર્ડિ. ૧૭૪-ઈનો અમલ ઑક્ટોબર ૧૯૭૧માં લેવાયેલ બધી જ એક્સ્ટર્નલ પરીક્ષાઓના વિદ્યાર્થીઓને લાગુ પડે તે રીતે મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. ડિસેંબર ૧૯૭૧માં યોજાનાર અગિયારમી All-India Sociological Conference માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૬-૮-૧૯૭૧ના પત્ર ક્રમાંક એફ. ૩-૧૩-૧૯૭૧(એસ. આઈ.)થી રૂ. ૩,૦૦૦ અથવા કુલ ખર્ચના ૨/૩—જે ઓછા હોય તે—ની આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યાની તથા રૂ. ૩,૦૦૦ની રકમ "on account" ચૂકવ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. સને ૧૯૭૨ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટેની "પરીક્ષાસમિતિ" પર સિન્ડિકેટ તરફથી ઓર્ડિનન્સ ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

(નોંધ.—સને ૧૯૭૧ માટે નીચે મુજબ સભ્યો હતા :

ક્રમાંક	સમિતિનાં નામ		સભ્યોનાં નામ
૧.	વિનયન વિદ્યાશાખા	...	૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ ૨. આચાર્યા ઊર્મિલાબહેન પટેલ
૨.	વિજ્ઞાન વિદ્યાશાખા	...	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી ૨. શ્રી. આર. જી. શાસ્ત્રી
૩.	ધ્રજનેરી વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. જે. ચિનોય ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૪.	કાયદા વિદ્યાશાખા	...	૧. આચાર્ય વી. આર. રણદીવે ૨. શ્રી. આર. બી. શાહ
૫.	તબીબી વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. બી. હરિભક્તિ ૨. શ્રી. આઈ. એ. મોદી
૬.	વાણિજ્ય વિદ્યાશાખા	...	૧. આચાર્ય એમ. સી. શાહ ૨. પ્રો. એમ. પી. પંડ્યા
૭.	ડેન્ટલ વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. બી. હરિભક્તિ ૨. શ્રી. આઈ. એ. મોદી
૮.	ફાર્મસી વિદ્યાશાખા	...	૧. શ્રી. આર. જી. શાસ્ત્રી ૨. શ્રી. આઈ. એ. મોદી)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. ડિસેંબર ૧૯થી ૨૩, ૧૯૭૧ના સમય દરમિયાન સરકારી સેન્ટ્રલ પેડાગોજિકલ ઇન્સ્ટિટ્યૂટ, અલ્હાબાદ મુકામે 11th All-India Training College Meet યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬. જાન્યુઆરી ૨૩થી ૨૯, ૧૯૭૨ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે Indian Medical Association દ્વારા International Conference on Family Planningમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૭. ડિસેંબર ૨૭થી ૩૦, ૧૯૭૧ના સમય દરમિયાન The Association of Surgeons of Indiaનું ૩૨મું વાર્ષિક અધિવેશન કાનપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ એસોસિયેશનના માનાર્હ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૫-૧૧-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. બી. હરિભક્તિને મોકલવા.

૮. ડિસેંબર ૨૭થી ૩૦, ૧૯૭૧ના સમય દરમિયાન Indian Society of Anaesthetistsનું ૨૨મું અધિવેશન ત્રિવેન્દ્રમ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના માનાર્હ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૩-૧૧-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ ટી. ભાટિયાને મોકલવા.

૯. જાન્યુઆરી ૩થી ૯, ૧૯૭૨ના સમય દરમિયાન Indian Council of Geographersનું અલીગઢ મુકામે એક અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કાઉન્સિલના મંત્રીશ્રીના તા. ૧-૧૨-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાઉન્સિલના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. અંબુભાઈ ટી. દેસાઈને મોકલવા.

૧૦. યુનિવર્સિટીથી પી.આર.એલ. સુધીના રસ્તા પર અટિરા તરફથી સ્ટ્રીટ લાઈટની સગવડ કરવામાં આવેલી છે. તેમાં નિભાવના ખર્ચામાં યુનિવર્સિટીનો ફાળો આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રસ્તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપી દેવા માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી તથા અટિરાને ભલામણ કરવી. દરમ્યાન ખાસ કેસ તરીકે સદરહુ રસ્તાના નિભાવના ખર્ચ પેટે તેના ખર્ચના ૧/૩ જેટલા હિસ્સાની રકમ, પણ રૂ. ૧૦૦૦/-થી વધે નહીં તેટલી, યુનિવર્સિટીએ ૧૯૭૨ના વર્ષ માટે આપવી.

૧૧. શ્રી. યુ. ડી. દાતારના "Isolation, purification and concentration of elements in trace quantities from their solution by Ion-Exchange Technique" એ શીર્ષક નીચે રસાયણવિજ્ઞાન વિષય પરનો પીએચ.ડી પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે નીમવામાં આવેલા રેફરીઓના તથા મૌખિક પરીક્ષાના પરીક્ષકોના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભામાં પ્રો. એ. બી. બિશ્વાસની નિમણૂક કરી હતી.)

By designing the question paper in a similar way the entire syllabi as well as all the topics which are required to be studied can, it is felt, be covered conveniently."

૧૬. સંલગ્ન કૉલેજોની વિદ્યાર્થી-સંખ્યા ઘટવા પામે તેને કારણે શિક્ષકોની છટણી થાય તો કયા નિયમો લાગુ પાડવા તે નક્કી કરવા માટેની સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી અને તે મુજબ ઑ.ડ. ૧૨૦-ડીને અંતે ઉમેરાયેલો ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો અને ઑ.ડ. ૧૨૦-જી મંજૂર કરવો અને સુધારેલા ઑર્ડિ. ૧૨૦-ડી અને ઑર્ડિ. ૧૨૦-જીને તાત્કાલિક અમલમાં મૂકવા :

"The provisions of this Ordinance shall not apply to the cases of termination of services of a teacher or teachers occasioned by the closure of a college or any of its faculties as contemplated in O. 120-E herebelow or by discontinuance of the teaching of a course or courses of studies under O. 120--F herebelow or by reduction in the total number of either (*i*) classes or (*ii*) batches for practicals (if any prescribed by the University) under O. 120--G herebelow."

(મંજૂર કરવામાં આવેલ ઑર્ડિ. ૧૨૦-જીની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑ.ડ. ૧૨૦-ઈમાં નીચેની પેટાકલમ (*vii*) ઉમેરવી :

(*vii*) That the compensation at the following rates is paid to all confirmed teachers :

(*a*) Six months' pay (including all allowances), or

(*b*) One moth's pay for every completed year of service to the teacher who has put in ten or less years of service and at the rate of 1/2 month's pay for every completed year of services in excess of ten years, provided that the total compensation so payable shall not exceed 15 months' salary whichever is more.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-એફમાં નીચેની પેટાકલમ (*vii*) ઉમેરવી :

(*vii*) That the compensation at the following rates is paid to all confirmed teachers :

(*a*) Six months' pay (including all allowances), or

(*b*) One month's pay for every completed year of service to the teacher who has put in ten or less years of service and at the rate of 1/2 month's pay for every completed year of services in excess of ten years, provided that the total compensation so payable shall not exceed 15 months' salary whichever is more.

૧૭. સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના નવા મકાન અંગે તપાસ કરી અહેવાલ રજૂ કરવા માટે પ્રિ. એમ. સી. શાહની કુલપતિશ્રીએ કરેલ નિમણૂકની નોંધ લેવા તેમ જ આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરને તેના નવા મકાનમાં કામ કરવા માટે મંજૂરી આપવી.

૧૮. તા. ૩-૧૨-૧૯૭૧ ને શુક્રવારના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની સભા તા. ૩-૧૨-૧૯૭૧ના રોજ કૉરમને અભાવે મળી શકી ન હતી તેથી સદરહુ બાબત અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૧૯. તા. ૨૩-૭-૧૯૭૧ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૧-ખ થી પી.જી. સ્કેલ રૂ. ૭૦૦-૧૧૦૦ તેમ જ રૂ. ૮૦૦-૧૨૫૦નો અમલ તા. ૧-૪-૧૯૭૦ને બદલે હવે તા. ૧-૪-૧૯૬૬થી કરવાનું ઠરાવેલ હોવાથી ગુજરાત યુનિવર્સિટી સાથે તે સમયે જોડાયેલી કૉલેજોના અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા કુલ શિક્ષકોના ૨૫ ટકા જેટલા શિક્ષકોનાં નામોની યાદી તેમ જ અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા કુલ કૉલેજોના આચાર્યોના ૨૫ ટકા જેટલા આચાર્યોનાં નામોની યાદી નવેસરથી નક્કી કરવા અંગે શિક્ષણ નિયામકશ્રી તરફથી આવેલ તા. ૨૫-૧૦-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. સેનેટે તેની તા. ૨૫/૨૬-૩-૧૯૭૦ની સભામાં કરેલા નીચેના સૂચન અંગે સિન્ડિકેટે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સેનેટનું સૂચન

"કૉલેજના જોડાણ અંગેનું વહીવટી તંત્ર બરાબર ગોઠવવું જોઈએ. સ્થાનિક તપાસસમિતિ સાથે કાર્યાલયના કોઈ જવાબદાર અધિકારીને ઍસોસિયેટ કરવા જોઈએ."

સમિતિની ભલામણો

(૧) કૉલેજોની સંખ્યામાં થતો ઉત્તરોત્તર વધારો જોતાં કૉલેજ-જોડાણ અંગે સર્વગ્રાહી અને કૉન્સોલિડેટેડ નોંધ પ્રાપ્ત થાય તે માટે યુનિવર્સિટી કાર્યાલયમાં એક અલાયદું તંત્ર (યુનિટ) ઊભું કરવામાં આવે જે નાયબ કુલસચિવશ્રી કક્ષાની વ્યક્તિના માર્ગદર્શન હેઠળ કાર્ય કરે.

(૨) સદરહુ યુનિટના વડા જે તે કૉલેજની ચાલુ-વધારાના-કાયમી કે નવા જોડાણ માટે આવેલી અરજીઓ અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખીને દરેક કૉલેજના જોડાણની Note at a glance તૈયાર કરે.

(અ) અગાઉનાં વર્ષોમાં નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં દર્શાવેલ ઊણપો, કરેલ ભલામણ અને સૂચનો તથા તે અંગે કૉલેજે લીધેલ પગલાં.

(બ) સેનેટે કૉલેજ-જોડાણ અંગે મૂકેલી શરતો, સદરહુ શરતોના યથાર્થ પરિપાલન માટે કૉલેજે લીધેલ પગલાં તથા મોકલેલ અહેવાલ અને સિન્ડિકેટે રાજ્ય સરકારને જાહેરનામા માટે કરેલ ભલામણ સુધીમાં થયેલ કાર્યવાહીની નોંધ.

(૩) સદરહુ યુનિટના વડા નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો સાથે કૉલેજ તપાસની તારીખ નક્કી કરીને કૉલેજની સર્વગ્રાહી નોંધ સાથે જાય અને સમિતિના મંત્રી તરીકે ફરજ બજાવે.

(૪) નવી કૉલેજો માટે અથવા નવા વિષયોના વધારાના જોડાણ માટે આસપાસનાં સ્થાનોએથી જોડાણઅરજીઓ આવી હોય તો આવી અરજીઓ અંગે શક્ય હોય ત્યાં સુધી એક જ સ્થાનિક તપાસસમિતિ નીમવી જેથી એ ભૌગોલિક વિસ્તારની એ વિષય માટેની કે એ વિદ્યાશાખા માટેની જરૂરિયાત ઉપર સમગ્રપણે વિચાર કરી શકાય.

(૫) સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે સેનેટ-સભ્ય સિવાય કેળવણીકારોને પણ નીમવામાં આવે અને તે માટે વિદ્યાશાખાવાર એક યાદી તૈયાર કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૧. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓના આધુનીકરણ અંગે રાજ્ય સરકારે નીમેલ પંચ(ડોંગરેકરી કમિશન)ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાના આધુનીકરણ અંગે રાજ્ય સરકારે નીમેલ પંચ(ડોંગરેકરી કમિશન)ની ભલામણો ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૧ની સભામાં બાબત નં. ૨ થી કરેલ ભલામણો (જે સભ્યોને અગાઉથી પરિપત્રિત કરવામાં આવી હતી) પર પણ વિચારણા કરવામાં આવી.

તે પછી કેટલીક વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી અને રાજ્ય સરકારને તેની જાણ કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં અગાશી ઉપર ઉત્તર અને દક્ષિણ તરફની વિંગ ઉપર વૉટર પ્રૂફિંગ કરવા અંગે રૂ. ૯,૮૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા આ માટે રૂ. ૯,૮૦૦ની બજેટ-જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. યુનિવર્સિટી વિસ્તારના અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને કરેલી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૧ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને કરેલી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૧ અંગે યોગ્ય રજૂઆત કરવા મે. અમીન ઍન્ડ દેસાઈનાં સલાહસૂચન પ્રમાણે ટાઉન પ્લાનિંગ ઑફિસર સમક્ષ યોગ્ય રજૂઆત કરવાનું રાખવું.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બે બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૩. યુનિવર્સિટી વિસ્તારમાં બંગલા વગેરેના પાકા રસ્તાઓ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં નીચેના રસ્તાઓના બાંધકામ માટે રૂ. ૩૫,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરી આ કામ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પાસે કરાવી લેવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. લેડીઝ હૉસ્ટેલનો રસ્તો મુખ્ય ક્વાર્ટર્સના રસ્તાથી ઝાંપા સુધીનો
૨. ટીચર્સ હૉસ્ટેલનો રસ્તો મુખ્ય રસ્તાથી ઝાંપાની અંદર બે રસ્તા પડે છે ત્યાં સુધી
૩. "બી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ અંદરના ૭ રસ્તા
૪. બૉઈઝ હૉસ્ટેલ "એ" "બી" બ્લૉક પાસેના તથા "સી", "ડી" બ્લૉકના એપ્રોચ રસ્તાઓ
૫. સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તાથી ટાંકીના ઝાંપા સુધીનો રસ્તો
૬. આરોગ્યકેન્દ્રના ઝાંપાથી તેની સામે આવેલા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના કૉમરના પાકા રસ્તાને જોડતો રસ્તો
૭. વિજ્ઞાન વિદ્યાભવનના ઝાંપેથી ઓપનએર થિયેટર સામે સિમેન્ટ કૉંક્રેટના રસ્તા સુધી તથા રસ્તાની બીજી બાજુનો રસ્તો.

૧૪. મનોવિજ્ઞાન ભવનમાં બાંધકામમાં આર.સી.સી. આઇટમના જથ્થામાં વધારો થતો હોઇ આ માટેનું રૂ. ૨૭,૨૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનના બાંધકામમાં આર.સી.સી.ની કેટલીક આઇટેમના જથ્થામાં વધારો થતો હોઇ આ સાથેના પત્રક "અ" પ્રમાણે વધારાના રૂ. ૨૭,૨૦૦નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

તા. ૪-૧૨-૧૯૭૧.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી

પત્રક "અ"

School of Psychology
Associated Engineers

Item No.	*Item*	*Tender Rate*	*Quantity as per Tender*	*Amount*	*Revised Qty.*	*Amount Rs.*
1.	1 : 4 : 8 in foundation of R.C.C. columns	300·00 % cft	350-00 cft	1,050-00	700 cft	2,100-00
2.	1 : 5 : 10 BBCC in Foundation of load bearing walls	150-00 % cft	1500-00 cft	2 250-00	1500 cft	2,250-00
3.	1 : 2 : 4 c.c.					
	(*a*) R.C.C. Footing	5-50 cft	600 cft	1,300/-	2500 cft	13,750-00
	(*b*) R.C.C. columns up to plinth	6-75 cft	400 cft	2,700	900 cft	6,075-00
	(*c*) R.C.C. Plinth beam	6·75 cft	1500 cft	10,125	1500 cft	10,125-00
	(*d*) R.C.C. columns between plinth and first floor	8-75 cft	450 cft	3,937-50	900 cft	7,875-00
	(*e*) R.C.C. beams at first floor level	6-75 cft	4000 cft	27,000-00	4000 cft	27,000-00

	(*f*) R C.C. slab at F.F. 3″th 5″th	6-50 cft	2870 cft	18,655-00	2875 cft	18,687-50
	(*g*) R.C.C. column between f.f. and s.f.	9-00 cft	450 cft	4,050-00	900 cft	8,100-50
	(*h*) R.C.C. beam at second floor level	7-00 cft	3700 cft	25,900-00	3700 cft	25,900-00
	(*i*) R.C.C. slab at S.F.	6-75 cft	2870 cft	19,372-50	2875 cft	19,406-25
	(*j*) R.C.C. columns above second floor level	8-00 cft	125 cft	1,000-00	250 cft	2,000-00
	(*k*) 4″th R.C.C. slab at top of the building	8-00 cft	180 cft	1,440-00	540 cft	4,320-00
	(*l*) R.C.C. Stair case (Including stair slab and excluding landing slab)	6-50 cft	800 cft	5,200-00	250 cft	1,625-00
	(*m*) 3″th R.C.C. parapet	2-50 sft	2100 sft	5,250	2100 sft	5,250-00
4.	Mild steel floor reinforcement	1470-00	60 tons	88,200-00	64 tons	94,080-00
		2100-00	9 „	18,900-00	9	18,900-00
5.	R.C.C. water tank complete 1000 gallons.			2,38,330-00		2,65,443-75

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૪૪

	How many times held in a year	*Date of commencement*	*Last date of application*	*Examination fees*
1. F.Y. Pharmacy (Dip.)	Twice	Monday following 1st April and 15 October	1st February and 1st September	40/-
2. Int. Pharmacy (Dip.)	Twice	-do-	-do-	50/-
3. First B.Pharm.	Twice	-do-	-do-	75/-
4. Second B.Pharm.	Twice	-do-	-do-	75/-
5. Third B.Pharm.	Twice	-do-	-do-	90/-
6. Fourth B.Pharm. i.e. Final B.Pharm.	Twice	-do-	-do-	100/-
7. Final B.Pharm. (Old)	Twice	-do-	-do-	75/-
8. M.Pharm.	Twice	-do-	10th January and 10th July.	200/-

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ડિસેંબર માસની વિશેષ સભા, મંગળવાર, તા. ૧૪-૧૨-૧૯૭૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૪-૧૨-૧૯૭૧
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૬.	શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી	હાજર
૭.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૮.	શ્રી. સત્યેંદ્ર કાળિદાસ ઝવેરી	હાજર
૯.	શ્રી. હીરાલાલ એચ. ભગવતી	હાજર
૧૦.	શ્રી. પ્રફુલ્લચંદ્ર સી. શાહ	હાજર
૧૧.	ડૉ. મહેંદ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૧૨.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૩.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૧૪.	આચાર્ય ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર	હાજર
૧૫.	આચાર્ય ડૉ. લક્ષ્મીપ્રસાદ ધનશંકર દવે	હાજર
૧૬.	આચાર્ય ગિરીશભાઈ છોટાલાલ પટેલ	હાજર
૧૭.	આચાર્ય મહેંદ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૪-૧૨-૧૯૭૧ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪-૧૨-૧૯૭૧ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) પ્રથમ પાને સભ્યોની હાજરી દર્શાવવામાં આવી છે તેમાં શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્યની સામે 'ગેરહાજર' શબ્દને બદલે "હાજર" શબ્દ મૂકવો.

(૨) બાબત નં. ૧૬ના ઠરાવમાં જણાવેલ પરિશિષ્ટ "ખ" કે જેમાં ઑડિ. ૧૨૦-જી નો પાઠ આપવામાં આવેલો છે તે આ સાથે જોડેલા પરિશિષ્ટ "ક" મુજબ વંચાય તે રીતે સુધારવો.

(૩) બાબત નં. ૪૫ના ઠરાવમાં પરિશિષ્ટ "ટ"માં પહેલા પેરેગ્રાફમાં "યુનિવર્સિટીના સેનેટ-હૉલ, એન.આર.એસ. સેન્ટર, સિન્ડર ટ્રેક તથા ઓપન-ઍર-થિયેટર ભાડે આપવા માટે તા. ૬/૭-૧૨-૧૯૬૯ની સભામાં નિયમો તૈયાર કરવામાં આવ્યા હતા તે નિયમો નીચે પ્રમાણે છે :" તેને બદલે "યુનિવર્સિટીના સેનેટ-હૉલ, એન.આર.એસ. સેન્ટર, સિન્ડર ટ્રેક તથા ઓપન-ઍર-થિયેટર વાપરવા માટે નીચે પ્રમાણે સર્વિસ ચાર્જીઝ (service charges) રહેશે :" એ શબ્દો મૂકવા.

૨. ભારત સરકારના કેળવણી અને યુવક પ્રવૃત્તિઓના મંત્રાલયે નીમેલ 'ઇન્ડો-સોવિયેટ ટેક્સ્ટ બુક્સ પ્રોગ્રામ્સ'ની સમિતિની ભલામણોના આધારે આ યુનિવર્સિટીને મૂળ રશિયન પરથી અંગ્રેજીનાં અનુવાદિત કુલ ૫૮ પુસ્તકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂ. ૪૧૬-૦૫ની આર્થિક સહાય તરીકે મળેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩. સને ૧૯૭૨ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટેની 'પરીક્ષા સમિતિ' પર સિન્ડિકેટ તરફથી ઓ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

[નોંધ.—સને ૧૯૭૧ માટે નીચે મુજબ સભ્યો હતા :

ક્રમાંક	સમિતિનાં નામ		સભ્યોનાં નામ
૧.	વિનયન વિદ્યાશાખા	...	૧. શ્રી ઝીણાભાઈ ૨. દેસાઈ ૨. આચાર્યા ઊર્મિલાબહેન પટેલ
૨.	વિજ્ઞાન વિદ્યાશાખા	...	૧. સ્વ. ડૉ. એ. એમ. ત્રિવેદી ૨. શ્રી. આર. જી. શાસ્ત્રી
૩.	ઇજનેરી વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. જે. ચિનોય ૨. સ્વ. ડૉ. એ. એમ. ત્રિવેદી

ક્રમાંક	સમિતિનાં નામ		સભ્યોનાં નામ
૪.	કાયદા વિદ્યાશાખા	...	૧. આચાર્ય વી. આર. રણદીવે
			૨. શ્રી. આર. વી. શાહ
૫.	તબીબી વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. બી. હરિભક્તિ
			૨. શ્રી. આઈ. એ. મોદી
૬.	વાણિજ્ય વિદ્યાશાખા	...	૧. આચાર્ય એમ. સી. શાહ
			૨. પ્રા. એમ. પી. પંડ્યા
૭.	ડેન્ટલ વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. બી. હરિભક્તિ
			૨. શ્રી. આઈ. એ. મોદી
૮.	ફાર્મસી વિદ્યાશાખા	...	૧. શ્રી. આર. જી. શાસ્ત્રી
			૨. શ્રી. આઈ. એ. મોદી.]

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૨ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ અંગે પરીક્ષકો-પ્રાશ્નિકોની નિમણૂકો અંગેની ભલામણ કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની સમિતિઓ પર આ સભાગૃહના પ્રતિનિધિઓની નીચે મુજબ નિમણૂક કરવી :

ક્રમાંક	સમિતિનાં નામ		સભ્યોનાં નામ
૧.	વિનયન વિદ્યાશાખા	...	(૧) આચાર્ય ધીરુભાઈ ઠાકર
			(૨) પ્રો. કે. આર. ચંદ્રશેખરન
૨.	વિજ્ઞાન વિદ્યાશાખા	...	(૧) આચાર્ય એલ. ડી. દવે
			(૨) ડૉ. એમ. એન. દેસાઈ
૩.	ઇજનેરી વિદ્યાશાખા	...	(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
			(૨) શ્રી. કૃષ્ણચંદ્ર એસ. શાસ્ત્રી
૪.	કાયદા વિદ્યાશાખા	...	(૧) શ્રી. ગિરીશભાઈ પટેલ
			(૨) શ્રી. સત્યેંદ્ર કા. ઝવેરી
૫.	તબીબી વિદ્યાશાખા	...	(૧) ડૉ. જે. બી. હરિભક્તિ
			(૨) શ્રી. આઈ. એ. મોદી
૬.	વાણિજ્ય વિદ્યાશાખા	...	(૧) આચાર્ય એમ. સી. શાહ
			(૨) શ્રી. હીરાલાલ એચ. ભગવતી
૭.	ડેન્ટલ વિદ્યાશાખા	...	(૧) ડૉ. જે. બી. હરિભક્તિ
			(૨) શ્રી. આઈ. એ. મોદી
૮.	ફાર્મસી વિદ્યાશાખા	...	(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
			(૨) શ્રી. આઈ. એ. મોદી.

૪. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે તા. ૧૪-૧૨-૧૯૬૮ની સિન્ડિકેટની સભામાં નીમેલી સ્થાયી સમિતિની મુદત

તા. ૧૦-૧૨-૧૯૭૧ના રોજ પૂરી થતી હોઈ સદરહુ સ્થાયી સમિતિની પુનર્રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલો ઉપર વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ રચવી, અને તેની મુદ્દત તા. ૧૪-૧૨-૧૯૭૧થી ત્રણ વર્ષ સુધીની રાખવી :

(૧) પ્રો. કૃષ્ણચંદ્ર એસ. શાસ્ત્રી
(૨) આચાર્ય એલ. ડી. દવે
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) શ્રી. હીરાલાલ એચ. ભગવતી.

૫. સંલગ્ન કૉલેજોમાં અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગે વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા સારુ સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૨-૧૯૬૮ની સભામાં નીમેલી સ્થાયી સમિતિની મુદ્દત તા. ૨૭-૧૨-૧૯૭૨ના રોજ પૂરી થતી હોઈ તે સમિતિના સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની માન્યતા અંગેની હાલની કાર્યવાહી જોતાં એવી કોઈ સમિતિ રચવાની જરૂર જણાતી નથી અને તેથી આ સમિતિની રચના રદ કરવી.

૬. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન આચરેલ ગેરવાજબી દલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી સિન્ડિકેટ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે પરીક્ષા શુદ્ધિસમિતિની રચના કરવા બાબત.

(નોંધ.—જાન્યુઆરી ૧૯૬૮થી ડિસેમ્બર ૧૯૭૧ના સમયગાળા દરમિયાન સદરહુ સમિતિ પર નીચેના સભ્યો હતા :

૧. કુલપતિશ્રી.
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૩. શ્રી. આર. જી. શાસ્ત્રી
૪. શ્રી. વી. આર. રણદીવે
૫. શ્રીમતી ઊર્મિલાબહેન પટેલ
૬. શ્રી. એમ. સી. શાહ.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અખત્યાર્યેલ ગેરરીતિઓ તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે ૧૯૭૨ના વર્ષ માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

૨૫ ટકા જેટલા આચાર્યોનાં નામોની યાદી નવેસરથી નક્કી કરવા અંગે શિક્ષણનિયામકશ્રી તરફથી આવેલ તા. ૨૫-૧૦-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૫) ડૉ. ધીરુભાઈ ઠાકર
(૬) ડૉ. એમ. એન. દેસાઈ.

૧૩. સંલગ્ન કૉલેજોમાં પ્રવેશ અંગે દાતાઓ માટે અનામત રાખવામાં આવતી જગ્યાઓ અંગે તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ની સિન્ડિકેટની સભામાં કરેલા ઠરાવ મુજબ આ યુનિવર્સિટી સાથે સંલગ્ન બિનસરકારી ટેકનિકલ અને ફાર્મસી કૉલેજોમાં ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હોય તે વિદ્યાર્થીઓનાં નામ તથા ગુણાંક અંગે આવેલ માહિતી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪. સંલગ્ન કૉલેજોમાં લેવાતી સત્ર ફી કયા સંજોગોમાં, કેટલી રિફંડ કરવી તે અંગેના નિયમો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સભામાં થયેલ ચર્ચાવિચારણાને અનુલક્ષીને કાર્યાલયે જરૂરી નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૧૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ડિસેંબર ૧, ૧૯૭૧ના સમય દરમિયાન અમદાવાદ મુકામે ઈન્ડિયન સ્ટાન્ડર્ડઝ ઇન્સ્ટિટ્યૂશન તરફથી યોજાનાર "નેશનલ બિલ્ડિંગ વીક" નામના અધિવેશનમાં એલ. ડી. એન્જિ. કૉલેજના આચાર્ય અને ઈજનેરી વિદ્યાશાખાના ડીન શ્રી. ટી. એમ. પરીખને તેમ જ યુનિવર્સિટીના એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નિમણૂક કર્યાના;

(૨) ડિસેંબર ૫ થી ૮, ૧૯૭૧ના સમય દરમિયાન જયપુર મુકામે યોજાયેલ અખિલ ભારતીય દર્શન પરિષદના ૧૫મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન, શિક્ષણ અને મનોવિજ્ઞાન વિદ્યાભવનના વ્યાખ્યાતા ડૉ. જે. જે. શુક્લની યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાના;

(૩) યુનિવર્સિટીના ડેટા પ્રોસેસિંગ વિભાગ માટે માર્ચ-એપ્રિલ ૧૯૭૨ની પરીક્ષા માટે નીચે મુજબની કન્ટિન્યુઅસ સ્ટેશનરી ખરીદવા માટે મંજૂરી આપ્યાના :

ક્રમાંક	વેપારીનું નામ	વસ્તુનું નામ	રકમ રૂ. પૈ.
૧.	ટાટા પ્રેસ લિ, મુંબઈ	માર્કસ સ્ટેટમેન્ટ, પી.પી.સી વગેરે	૧૫,૭૫૦-૦૦
૨.	પ્રિસિશન પ્રિન્ટર્સ પ્રા. લિ.	ઑફિસ રજિસ્ટર વગેરે	૮,૯૪૨-૪૦
			૨૪,૬૯૨-૪૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ-૫-૨૫-૬૧ (એસસીએચ), તા. ૧૧-૧૧-૧૯૭૧થી Award of Scholarships for post-graduate Studies in Persian during 1971-72 અંગે અનુદાનની રકમ રૂ. ૧,૮૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૭. ફાઇનાન્સ સમિતિના ઑ. ૬૨-એ હેઠળ રચાયેલ સભ્યોની મુદત તા. ૪-૧-૧૯૭૨ના રોજ પૂરી થતી હોઈ તે સમિતિની પુનર્રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની તા. ૫-૧-૧૯૭૨થી ત્રણ વર્ષ માટે નિમણૂક કરવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન.

૧૮. સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિના સભ્યોની મુદત તા. ૧૦-૧૨-૧૯૭૧ના રોજ પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો પર ચર્ચાવિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ રચવી, અને તેની મુદત તા. ૧૪-૧૨-૧૯૭૧થી ત્રણ વર્ષ સુધીની રાખવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ
(૪) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
(૫) શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરી
(૬) શ્રી. કે. એસ. શાસ્ત્રો
(૭) શ્રી. કુલસચિવ.

૧૯. નીચે જણાવેલ બેંકો સાથે ચાલુ ખાતાની લેવડદેવડ કરવા માટે પ્રો. જે. જે. ચિનોય અને સ્વ. ડૉ. એ. એમ. ત્રિવેદીની જગ્યાએ સિન્ડિકેટના બીજા સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	બેંકનું નામ	ખાતાનું નામ
(અ)	૧. બેંક ઑફ ઇન્ડિયા, નવરંગપુરા ૨. બેંક ઑફ બરોડા, નવરંગપુરા ૩. સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, ભદ્ર	ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ
(બ)	બેંક ઑફ ઇન્ડિયા, નવરંગપુરા	ગુજરાત યુનિવર્સિટી ઇયર માર્ક્ડ ફંડ એકાઉન્ટ
(ક)	બેંક ઑફ ઇન્ડિયા, નવરંગપુરા	ગુજરાત યુનિવર્સિટી બિલ્ડિંગ એકાઉન્ટ.

(નોંધ.—હાલ ઉપરની બેંકોનાં ખાતાંઓની લેવડદેવડ માટે ચાર સભ્યો છે :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી
૨. શ્રી કે. સી. પરીખ, કુલસચિવશ્રી
૩. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ, સિન્ડિકેટ સભ્ય
૪. શ્રી. એમ. સી. શાહ, સિન્ડિકેટ સભ્ય.)

આથી ઠરાવવામાં આવે છે કે બેંક ઑફ ઇન્ડિયા, નવરંગપુરા, બેન્ક ઑફ બરોડા, નવરંગપુરા, સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, ભદ્ર, ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ, ગુજરાત યુનિવર્સિટી ઇયર માર્ક્ડ ફંડ એકાઉન્ટ અને ગુજરાત યુનિવર્સિટી બિલ્ડિંગ એકાઉન્ટના ચાલુ ખાતાની લેવડદેવડ કરવા માટે પ્રો. જે. જે. ચિનોય અને સ્વ. ડૉ. એ. એમ. ત્રિવેદીને બદલે પ્રો. કે. આર. ચન્દ્રશેખરન અને ડૉ. એમ. એન. દેસાઈને સત્તા આપવી.

૨૦. જાન્યુઆરી ૨૧થી ૨૪, ૧૯૭૨ દરમ્યાન Association of Physicians of Indiaનું વાર્ષિક અધિવેશન મદ્રાસ મુકામે Cardiological Society of India, Indian Association for Chest Diseases, Indian Society of Haematology and Blood Tranfusion, Indian Association of Dermatologists and Veneriologists, Diabetic Association of India, Indian Society of Mephrology and Endocrine Society of Indiaના સંયુક્ત ઉપક્રમે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના મંત્રીના તા. ૧૫-૧૧-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એસ. જે. દામાણીને મોકલવા.

૨૧. જાન્યુઆરી ૨૩થી ૨૫, ૧૯૭૨ના સમય દરમિયાન જયપુર મુકામે Dept. of Economic Administration and Financial Management University

studies in Commerce, Jaipur તેમ જ યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના સહયોગથી University of Rajasthan International Monetary Development પર એક પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એચ. કે. ત્રિવેદી અને આચાર્ય બી. એમ. પીરજાદાને મોકલવા.

૨૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૨) અન્વયે સેનેટના નીચેના સભ્યોને એકેડેમિક કાઉન્સિલની તા. ૨-૧૨-૧૯૭૧ની સભાની ભલામણ અનુસાર તેમના નામ સામે જણાવેલ વિદ્યાશાખા એનાયત કરવા અંગે તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અન્વયે તે વિદ્યાશાખા હેઠળ આવતી એક અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	એકેડેમિક કાઉન્સિલે ભલામણ કરેલ વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
૧.	શ્રી. રામલાલ ડાહ્યાલાલ પરીખ, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા	ઇન્ડિયન કલ્ચર અને ઇસ્ટર્ન કલ્ચર
૨.	ડૉ. ગોરધનદાસ ભરવાભાઈ પટેલ, એમ.બી., બી.એસ., આયુર્વેદાચાર્ય	આયુર્વેદ	આયુર્વેદિક મેડિસિન

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું અને અભ્યાસ સમિતિનું સભ્યપદ આપવું.

૨૩. બોટની/ઝૂલોજીની સંયુક્ત અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૧૨-૧૯૭૧ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"આ સભા ઠરાવે છે કે પ્રથમ વર્ષ બી.એસસી. બાયોલોજીનો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને જૂન ૧૯૭૨ના શૈક્ષણિક વર્ષથી અમલી બનાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એસસી. બાયોલોજીનો સુધારેલો અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ મંજૂર કરવો અને તે અંગે સુધારેલો રેગ્યુ. મંજૂર કરવો અને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૪. ઉર્દુ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૫-૧૦-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૧૨-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ હોઈ તે

૫૨ વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પહેલી, બીજી અને ત્રીજી બી.ડી.એસ.ની પરીક્ષામાં બધા વિષયોમાં નપાસ થયા હોય તોપણ આગળની પરીક્ષાના અભ્યાસક્રમમાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે તેને બદલે જે તે પરીક્ષાના એક વિષયમાં નાપાસ થયા હોય તેમને આગળના અભ્યાસક્રમમાં સત્રો ભરવાની છૂટ આપવી અને તે માટે ઑ. ૩૬૯, ઑ. ૩૭૦ અને ઑ. ૩૭૧ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અને આ ત્રણે સુધારેલા ઑર્ડિનન્સોનો અમલ ઑક્ટોબર ૧૯૭૨ની પરીક્ષાથી કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑા.ડ. ૩૬૯, ઑર્ડિ. ૩૭૦ અને ઑર્ડિ. ૩૭૧ ઑક્ટોબર ૧૯૭૨ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે અમલમાં મૂકવો.

(ઍ.ર્ડિ. ૩૬૯, ૩૭૦ અને ૩૭૧ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૫. ઑર્ડિ. કૉમર્સ ૫-બી સુધારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨-૧૨-૧૯૭૧ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. કૉમર્સ ૫-બી મંજૂર કરવો, અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(ઑર્ડિ. કૉમર્સ ૫-બી ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨૬. 'ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ'ની સ્થાયી સમિતિની તા. ૮-૧૧-૧૯૭૧ની સભાની ભલામણો સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨-૧૨-૧૯૭૧ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા ૮-૧૧-૧૯૭૧ની સભાની ભલામણો સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૮-૧૧-૧૯૭૧ની ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૭. ૧૯૭૨ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓની ઑર્ડિ. ૧૨૯ મુજબ શરૂ થવાની તારીખોને બદલે જરૂરી ફેરફાર સાથે કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયનું સૂચન મંજૂર રાખવું.

(કાર્યાલયે સૂચવેલ તારીખોની યાદી આ સાથે **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૮. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૭-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૧૨-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલ હોઈ તે

૫૨ વિચારણા કરવા બાબત :

"બીજા વર્ષ બી.એ. અને બી.એસસી. સ્ટેટિસ્ટિક્સ વિષય માટે ૮ વત્તા ૪ પિરિયડો થિયરી માટે તથા પ્રાયોગિક કામ માટે અઠવાડિયામાં ૬ વત્તા ૩ પિરિયડો રાખવા અને ત્રીજા વર્ષ બી.એ. અને બી.એસસી. માટે અઠવાડિયામાં ૨૦ પિરિયડો થિયરી માટે તથા પ્રાયોગિક કામ માટે ૯ પિરિયડો રાખવા એકેડેમિક કાઉન્સિલને ભમામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાના બધા જ વિષયોના સંદર્ભમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવાના સૂચન સાથે વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૯. ભવન્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરમાંથી ફારેગ કરવામાં આવેલા શિક્ષક શ્રી. બી. બી. પટેલના કેસ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૭૧ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) થિયરી પરીક્ષાઓ માટે પેપર-સેટરને અપાતા મહેનતાણાનો ચાલુ દર ઘણો જ ઓછો છે તેથી ભૌતિકશાસ્ત્રની અભ્યાસસમિતિની આ સભા પેપર-સેટિંગના મહેનતાણાનો દર નીચે પ્રમાણે રાખવા ભલામણ કરે છે :

વર્ગ	દરેક પેપર દીઠ મહેનતાણાનો દર
૧. એસ.વાય.,બી.એસસી.	... રૂ. ૧૨૦-૦૦
૨. ટી.વાય.,બી.એસસી.	... રૂ ૧૫૦-૦૦
૩. એમ.એસસી.	... રૂ. ૨૦૦-૦૦

(૨) પ્રવર્તમાન પરીક્ષણ(એસેસમેન્ટ્સ)કાર્યનું મહેનતાણું પણ ઘણું જ ઓછું છે તો તેને પણ વધારવાની આ સભા ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. 'નાટ્યવિદ્યા' વિષય અંગેની પરિભાષા સમિતિ પર આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકરે સૂચવેલા નીચેના બે વધારાના સભ્યોની નિમણૂક કર્યાની મંજૂરીના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) પ્રો. ચંદ્રવદન સી. મહેતા

(૨) પ્રો. અનંતરાય મ. રાવળ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. એચ. શાહને રૂ. ૧૮૮ (૨) હેઠળ મકાનના બાંધકામ માટે તેમના ખાતે નીકળતી લોન આપવા અંગે તેઓની તા. ૧-૧૨-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.—તેઓના પ્રોવિડંટ ફંડ ખાતામાં તેમના ખાતે તા. ૩૧-૩-૧૯૭૧ના રોજ રૂ. ૨,૮૦૩-૦૮ જમા છે તથા અગાઉની પ્રોવિડંટ ફંડની લોન રૂ. ૩૦૦-૦૦ તથા તે પર વ્યાજના રૂ. ૨૨-૬૯ ગણી કુલે રૂ ૩૨૨-૬૯ની રકમ લેવાની બાકી નીકળે છે. આ બાદ કરતાં તેઓને રૂ. ૨,૪૮૦-૩૯ની લોન મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એચ. શાહને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મકાનના બાંધકામ માટે રૂ. ૨,૮૦૩-૦૮ની લોન મંજૂર કરવી.

૩૩. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેરની જગ્યા માટે ઑર્ડિ. ૬૬ હેઠળ વરણીસમિતિના સભ્ય તરીકે શ્રી. જી. રામાનુજમની નિમણૂક કરી હતી, પરંતુ તેઓએ આ સમિતિ ઉપર સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોવાથી તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. જી. રામાનુજમની ખાલી પડેલ જગ્યા પર શ્રી. એસ. બી. પુનેકર(તાતા સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ)ની નિમણૂક કરવી, અને જો તેઓ આ નિમણૂક સ્વીકારી શકે નહીં તો તેમને બદલે અન્ય સભ્યની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. નર્સિંગની પરીક્ષાઓ અંગે ઑ. ૧૨૯ના પાઠમાં જરૂરી સુધારો કરવા બાબત :

Part of O. 129

Name of the Examination	*How many times held in a year?*	*Date of commencement*	*Last Date of Application*	*Exam. Fees Rs.*
First Year B.Sc. (Nursing)	Twice	1st Monday in March and 1st Monday in October	5th February & 5th Sept.	50
Second Year B.Sc. (Nursing)	Twice	"	"	75

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૫. શ્રી જિતુ ભગત વિદ્યોત્તેજક ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત શ્રી ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદના સંચાલનમાં ફેરફાર અંગેની બાબતમાં શ્રી જિતુ ભગત વિદ્યોત્તેજક ટ્રસ્ટ, અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટ તરફથી આવેલા તા. ૮-૧૨-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

, આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે તપાસ કરીને જરૂરી હકીકતો તથા ભલામણો સાથે પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૨) શ્રી. ઇન્દ્રવદન અં. મોદી
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૫) આચાર્ય એમ. સી. શાહ.

૩૬. સને ૧૯૭૧-૭૨ના વર્ષની ઓ. ૯૬ પ્રમાણે કૉલેજો તરફથી આવેલ માહિતીના સંદર્ભમાં નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે દર્શાવેલ ઊણપો જણાઈ છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	ઊણપ
૧.	ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ઓછામાં ઓછા એક ખંડ સમયના હિંદીના વ્યાખ્યાતા હોવા જોઈએ તે નીમ્યા નથી.
૨.	દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	ઓ. ૧૨૦-એ અનુસાર જરૂરી એવા વાણિજ્યના પ્રાધ્યાપક નીમ્યા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને ઉપર જણાવેલી ઊણપ માટે સખત ઠપકો આપવો અને તા. ૧-૧-૧૯૭૩ સુધીમાં તે ઊણપ દૂર કરીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરીને કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું.

૩૭. ૧૯૭૨ના માર્ચ-એપ્રિલમાં વ્યાવસાયિક પરીક્ષાઓ (જેવી કે બી.ફાર્મ. એલ્લએલ.બી., બી.એડ. ઈ.) માટે નવાં કેન્દ્રો રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે ૧૯૭૨ના માર્ચ-એપ્રિલમાં વ્યાવસાયિક પરીક્ષાઓ માટે કોઈ નવાં કેન્દ્રો રાખવાં નહીં.

૩૮. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૩૦-૭-૧૯૭૧ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૧૨-૧૯૭૧ની સભામાં મંજૂર કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"બીજા વર્ષ બી.એ. માટે રેગ્યુ. આર્ટ્સ-૭ અને બીજા વર્ષ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ-૮માં સ્ટેટિસ્ટિક્સ વિષયનો અભ્યાસક્રમ તથા ગુણનું વિભાગીકરણ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડ યર બી.એ. અને સેકન્ડ યર બી.એસસી.નો આંકડાશાસ્ત્રના વિષયનો સુધારેલો અભ્યાસક્રમ તથા ગુણનું વિભાગીકરણ અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર

કરવી અને તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. સાયન્સ-૮ સુધારીને તેને જૂન ૧૯૭૨થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. સાયન્સ-૮ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૩૯. સિન્ડિકેટે નીમેલી કાનૂનવિષયક સ્થાયી સમિતિની મુદત તા. ૧૦-૧૨-૧૯૭૧ના રોજ પૂરી થયેલ હોવાથી ત્રણ વર્ષ માટે નવા સભ્યો નિયુક્ત કરવા બાબત.

(નોંધ.—હાલ નીચે પ્રમાણે સભ્યો છે:

૧. કુલપતિશ્રી
૨. શ્રી. ઈન્દ્રવદન એમ. નાણાવટી
૩. આચાર્યશ્રી વી. આર. રઘુદીવે
૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ
૫. આચાર્યશ્રી એમ. એસ. પંડિત.)

આથી ઠરાવવામાં આવે છે કે કાનૂનવિષયક સ્થાયી સમિતિ પર નીચેના ૭ભેને તા. ૧૪-૧૨-૧૯૭૧થી ત્રણ વર્ષની મુદત માટે નીમવા:

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૩) આચાર્ય ગિરીશભાઈ પટેલ
(૪) શ્રી. ચન્દ્રકાન્ત ટી. દરુ
(૫) શ્રી. સત્યેન્દ્રભાઈ કા. ઝવેરી
(૬) આચાર્ય એમ. એસ. પંડિત
(૭) આચાર્ય વી. આર. રઘુદીવે.

૪૦. સિન્ડિકેટે તેની તા. ૩/૪-૧૮-૧૯૬૮ની સભામાં નીમેલ પરીક્ષા સુધારણા સમિતિના તા. ૨૯-૧૧-૧૯૭૧ના રોજ મળેલ (ચોથી) સભાના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખની.

૪૨. ઑક્ટોબર ૧૯૭૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની અવેજી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યનો નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૩. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામના ગુજરાતીના ટ્યૂટર શ્રી. એમ. એન. મહેતાને કૉલેજે ઑ. ૧૨૦-ડીમાં જણાવેલ કારણો પૈકી કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય છૂટા કર્યા હોવાથી શ્રી. એમ. એન. મહેતાને નોકરીનું સાતત્ય જળવાય તેવી રીતે તાકીદે પાછા રાખીને મોડામાં મોડું બીજા સત્રની શરૂઆત સુધીમાં જાણ કરવા અંગે સિન્ડિકેટની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભાના ઠરાવની કૉલેજને જાણ કર્યા છતાં હજુ સુધી કૉલેજે તેનું પાલન કર્યું ન હોવાથી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની બાબત ક્રમાંક ૨૫, ૨૬ અને ૨૭ના ઠરાવ અન્વયે માર્ચ-એપ્રિલ ૧૯૭૨માં જુદાં જુદાં કેન્દ્રો પર લેવાયેલ પરીક્ષાઓ દરમ્યાન થયેલ ગેરરીતિઓ-અવ્યવસ્થા અંગે પરીક્ષાશુદ્ધિ જાળવવા, કેન્દ્રો પર તકેદારી માટે પોલીસ-વ્યવસ્થા કેન્દ્રો તરફથી કરવામાં આવે છે તે અંગે નિયમો ઘડવા તથા પ્રશ્નપત્રોના છાપકામનો બોજ કેટલાંક કેન્દ્રોનાં પ્રેસો ઉપાડી શકતાં નથી તે અંગે સુચવિત અહેવાલ તૈયાર કરવા સિન્ડિકેટે નીમેલ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૧ની સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. ઑ. ૧૨૬ મુજબ એમ.એસસી. ભાગ ૧ (મૅથ્સ.) અને એમ.એસસી. ભાગ ૨ (મૅથ્સ.)ની પરીક્ષા ફી રૂ. ૫૦ લેવામાં આવે છે તે મુજબ એમ.એસસી. ભાગ ૧ (સ્ટેટિસ્ટિક્સ), એમ.એસસી. ભાગ ૨ (આંકડાશાસ્ત્ર)ની પરીક્ષા ફી રૂ. ૫૦ રાખવા અંગે ઑ. ૧૨૬માં જરૂરી સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

સૂચિત સુધારેલ ઑર્ડિનન્સનો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે છે :

(નોંધ.—આંકડાશાસ્ત્રના વિષયની પ્રાયોગિક પરીક્ષામાં ફક્ત મશીનનો જ ઉપયોગ કરવાનો હોય છે તે સિવાય અન્ય વિષયો—ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન વિષયોની માફક કોઈ મટિરિયલ વાપરવાનું હોતું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. ભાગ ૧ અને ૨ની સ્ટેટિસ્ટિક્સ વિષયની પરીક્ષા માટે વિદ્યાર્થીઓની પરીક્ષા ફી રૂ. ૫૦ (પચાસ) રાખવી અને તે માટે ઑર્ડિ. ૧૨૬નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તે મુજબ સુધારેલા ઑર્ડિ. ૧૨૬ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૬. ધ્રાજનેરી અને ફાર્મસી કૉલેજોમાં કાર્ય કરતા 'નૉન-ટેકનિકલ' વર્ગના શિક્ષકોના સિન્ડિકેટે તેની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભામાં સુધાર્યા પ્રમાણે પગારધોરણનો અમલ કર્યા બાદ, સદરહુ સુધારેલાં પગારધોરણો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજનામાં આર્થિક સહાયને પાત્ર નહિ બનતાં હોવાથી તેનો અમલ ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદે કરવાનું બંધ કર્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તાકીદ આપીને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પગારધોરણોનો અમલ તા. ૧–૪–૧૯૬૬થી કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની ત્વરિત જાણ કરવા માટે જણાવવું.

૪૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અન્વયે શ્રી. એન. એમ. પરીખને શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા હેઠળ આવતી એક અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓએ સામાન્ય શિક્ષણની અભ્યાસસમિતિનું સભ્યપદ સ્વીકારવા માટે ઇચ્છા પ્રદર્શિત કરી છે)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એમ. પરીખને સામાન્ય શિક્ષણ (જનરલ એજ્યુકેશન)ની સમિતિનું સભ્યપદ આપવું.

૪૮. 'કૉલેજ સાયન્સ ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ'ની યોજના હેઠળ એક રીડરની જગ્યા બે વર્ષ માટે (તા. ૧૫મી જૂન ૧૯૭૨થી તા. ૧૪મી જૂન ૧૯૭૪ સુધી) કામચલાઉ ધોરણે ઊભી કરવા માટે તેમજ તે અંગે વધારાની આર્થિક સહાય આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવા અંગે ગણિત વિભાગના વડાના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "કૉલેજ સાયન્સ ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ"ની યોજના હેઠળ ગણિત-શાસ્ત્રના એક રીડરની જગ્યા કામચલાઉ ધોરણે બે વર્ષ માટે મંજૂર કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૪૯. 'ઇલેક્ટ્રોનિક' પર એક પરિસંવાદ ફેબ્રુઆરી ૧૯૭૨ની તા. ૭ થી ૯ દરમિયાન હૈદરાબાદ મુકામે યોજાનાર છે તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ભારત સરકારના અણુશક્તિ વિભાગના મંત્રીશ્રીના તા. ૧૫–૧૧–૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. એમ. કોટડિયાને મોકલવા.

૫૦. તા. ૧૩–૧૧–૧૯૭૧ના રોજ મળેલ સિન્ડિકેટે કરેલા નીચેના ઠરાવ અંગે આચાર્યશ્રી એન. કે. દવે તરફથી આવેલ તા. ૯–૧૨–૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ઠરાવ

"મોડરેટર શ્રી. એન. કે. દવેએ યુનિવર્સિટીના પરીક્ષકોને અપાતી સામાન્ય સૂચના નં. ૫૧થી નિયત કરેલી મર્યાદા સાથે સુસંગત ન હોય તેવા પરીક્ષકોને આપેલ ગુણમાં વધારો કે ઘટાડો કરતાં પહેલાં યુનિવર્સિટી કાર્યાલયનું ધ્યાન દોરવું જોઈતું હતું પણ તેમ થયું નથી તેની આ સભા ગંભીર નોંધ લે છે તે તેમને યોગ્ય પત્ર દ્વારા જણાવવું અને શ્રી. એન. કે. દવેને આગામી બે વરસ સુધી કોઈ પણ પરીક્ષામાં મોડરેટર તરીકેની કામગીરી સોંપવી નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૫૧. યુનિવર્સિટીની બાંધકામ સમિતિમાં સિન્ડિકેટ તરફથી ઑર્ડિ. ૩૩ પ્રમાણે નીમવામાં આવતા ચાર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—હાલ નીચેના ચાર સભ્યો છે :

૧. શ્રી. નવનીતલાલ સા. શોધન
૨. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૪. પ્રો. જે. જે. ચિનોય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોને તા. ૧૪–૧૨–૧૯૭૧થી ત્રણ વર્ષ માટે નીમવા :

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
(૩) શ્રી. નવનીતલાલ સા. શોધન
(૪) શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૪૨૫૪૦/૧૯૭૨.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી ૪, ૧૯૭૨.

ઇ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧

O. 120-G :

Notwithstanding anything contained in O. 120-D, the services of a confirmed teacher of an affiliated college may be terminated in the event of such fall in the total number of students as may result in the reduction in the total number of either (1) classes or (2) batches for practicals (if any are prescribed by the University), provided due notice in this behalf has been given by the College to the University 21 months before the commencement of the year from which the termination is intended to take effect and provided further that the following procedure is adopted :

(1) that such reduction in the total number of either classes or batches for practicals (if any are prescribed by the University) continues in the year following the year in which the aforementioned notice is given;

(2) that the position about the number of classes and batches as on 30th July is also intimated so as to reach the University Office on or before 10th August of the year preceding the year from which the termination is intended to take effects;

(3) not less than three months' notice is given to the confirmed teacher or teachers concerned;

(4) that the compensation at the following rates is paid to all confirmed teachers :

(*i*) six months' pay (including all allowances) and

(*ii*) one month's pay including all allowances for every completed year of service to the teacher who has put in ten or less years of service and at the rate of ½ month's pay including all allowances for every completed year of services in excess of ten years, provided that the total compensation payable shall not exceed 15 months' salary whichever is more.

(5) the termination of services the teacher or teachers concerned shall be followed in strict order of seniority so as to ensure that the junior most teacher is retrenched first and no teacher is retrenched in supercession of his junior colleague;

(6) In the event of any doubt or dispute, the Vice-Chancellor's dicision shall be final.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૯

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શનિવાર, તા. ૨૭-૧૧-૧૯૭૧ ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી (કુલપતિ)	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય શ્રી. વી. આર. રણદીવે	હાજર
૪. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ (કુલસચિવ)	હાજર.

૧. તા. ૩૧-૮-૧૯૭૧ તથા તા. ૩-૯-૧૯૭૧ ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૩૧-૮-૧૯૭૧ અને તા. ૩-૯-૧૯૭૧ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

> "યુનિવર્સિટીમાં જમાદારની જગ્યા ઊભી કરવાનું સૂચન સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવું."

જમાદારની નવી જગ્યા ઊભી કરવાની જરૂરિયાત આ સમિતિને જણાતી નથી; પરંતુ સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભામાં ચોથા વર્ગના જે કર્મચારીઓ તેમનાં પગારધોરણોમાં છેલ્લા પગથિયે પહોંચે ત્યારે દરેક ત્રણ વર્ષે એક પગારવધારો તથા વધુમાં વધુ ત્રણ પગારવધારા ખાસ ભથ્થા તરીકે આપવાની આ સમિતિની ભલામણ મંજૂર કરી છે તે અંગે પુનર્વિચારણા કરીને ભલામણ કરવામાં આવે છે કે આવા કર્મચારીઓને પગારના છેલ્લે પગથિયે પહોંચે ત્યારે દરેક ત્રણ વરસને બદલે બે વરસે એક પગારવધારો, પરંતુ વધુમાં વધુ ત્રણ પગારવધારા જેટલું, 'ઍડહૉક' ધોરણે ખાસ

એલાવન્સ આપવું. આ ઠરાવથી મળવા પાત્ર થતી રકમને પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી, મોંઘવારી ભથ્થું, મકાનભાડા ભથ્થું, લોકલ કોમ્પેન્સેટરી એલાવન્સ, પરીક્ષા ભથ્થું, મુસાફરી ભથ્થું, દૈનિક ભથ્થું કે બીજાં કોઈ પણ ભથ્થાંના લાભ માટે ગણતરીમાં લેવી નહીં.

૩. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૭૧ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

"ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના તા. ૨૮-૬-૧૯૭૧ની સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક ૪ અને ૫ અંગે વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

નીચેની બાબતોની વિચારણા સાથે કરવામાં આવી હતી :

૪. યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તેઓ પોતાના મકાનમાં રહે છે તે અંગે મ્યુનિસિપલ કોર્પોરેશને મકાનની વાર્ષિક ભાડાની જે આકારણી કરી હોય એના પર ઘરભાડા ભથ્થું અપાય છે તે અંગે પુનર્વિચારણા કરવા અંગેની તા. ૧૧-૭-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨૩. યુનિવર્સિટીના કર્મચારીઓને ઘરભાડા ભથ્થું મેળવવા માટે ઘરભાડાની પહોંચ સાથે મ્યુનિસિપલ ટેક્ષનું બીલ માંગવામાં આવે છે તો તેઓ પાસેથી મ્યુનિસિપલ બીલ માટે આગ્રહ ન રાખવા કર્મચારીઓની તા. ૨૮-૧૦-૧૯૭૧ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

અને

૨૪. યુનિવર્સિટી કર્મચારીઓને હાલ સોંપવામાં/ભાડાની પહોંચ કે મ્યુનિસિપલ આકારણીના બીલના આધારે ગણતરી કરીને હાલ મકાનભાડા ભથ્થું આપવામાં આવે છે તેને બદલે રાજ્ય સરકારના દરે મકાનભાડા ભથ્થું આપવા અંગેની તેઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨૫. યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના ફ્લેટ દરે મકાનભાડા ભથ્થું આપવા અંગેના તા. ૨૪-૩૧-૧૯૭૧ના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે લંબાણપૂર્વક વિચારણા કરવામાં આવી. ત્યાર બાદ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મકાનભાડા ભથ્થા અંગેના હાલના નિયમો અને દર જેમ છે તેમ ચાલુ રાખવા, પરંતુ વધુમાં પોતાના મકાનમાં રહેતા અથવા ભાડે રહેતા હોય તેવા કર્મચારીઓ ઉપરોક્ત નિયમો પ્રમાણેની ભાડાની પાવતી, મ્યુનિસિપલ ટેક્ષનું બીલ કે બીજી કોઈ પણ શરત પૂરી કરે નહીં તો તેઓને નીચેના દરે મકાનભાડા ભથ્થું આપવું :

૧. રૂ. ૩૫૦થી ઓછી રકમનો પગાર મેળવના કર્મચારીઓ માટે	... મૂળ પગારના ૧૨½ ટકા—વધુમાં વધુ રૂ. ૪૦
૨. રૂ. ૩૫૦ કે તેથી વધુ મૂળ પગાર મેળવતા કર્મચારીઓ માટે	... મૂળ પગારના ૧૦ ટકા—વધુમાં વધુ રૂ. ૨૦૦

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે હાલના નિયમો પ્રમાણે જે કર્મચારીઓને ભાડાની પાવતીઓ, મ્યુનિસિપલ ટેક્ષની આકારણીનાં બીલો કે સોગંદનામાના આધારે મકાનભાડા ભથ્થું આપવામાં આવે તેની વિગતો ખોટી જણાય તો તેવા કર્મચારીઓ સામે સખત પગલાં લેવાનું રાખવું.

૫. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં દૈનિક ધોરણે કામ કરતા કૂક-કમ-વેટરેકર શ્રી. ભેરૂમલ દાડમચંદને હાલ દૈનિક રૂ. ૫ લેખે વેતન આપવામાં આવે છે તેને બદલે રૂ. ૮-૦૦ દૈનિક વેતન આપવા તથા તે જગ્યા કાયમી કરવા અંગે તેઓની તા. ૪-૫-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના અતિથિગૃહ (ગેસ્ટ હાઉસ)ના કૂક-કમ-વેટરેકરને દૈનિક રૂ. ૮ લેખે વેતન આપવું.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગમાં એમ.એસસી. ભાગ ૨ માટે એનેલિટિકલ કેમિસ્ટ્રીની શાખા શરૂ કરી હોવાથી તથા તે વિભાગનો હાલનો કાર્યભાર જોતાં નીચેની નોન-ટીચિંગ સ્ટાફની વધારાની કાયમી જગ્યા ઊભી કરવા માટે રસાયણવિજ્ઞાન વિભાગના વડાના તા. ૧૬-૩-૧૯૭૧ના, તા. ૨૭-૩-૧૯૭૧ના તથા તા. ૩૧-૩-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. સ્ટોર ક્લાર્ક	...	એક જગ્યા
૨. પટાવાળા (સ્ટોર)	...	એક જગ્યા
૩. જુનિયર ક્લાર્ક (ઑફિસ માટે)	...	એક જગ્યા
૪. ગેસમિકેનિક-કમ-ઇલેક્ટ્રિશિયન-કમ-પ્લમ્બર	...	એક જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં અનુસ્નાતક શિક્ષકોનાં વ્યાખ્યાનો અંગેનું તારણ બનાવવા માટે વધારાના એક ટાઇપિસ્ટ અને એક પટાવાળાની જગ્યા મંજૂર કરવા માટે અધ્યક્ષશ્રીના તા. ૨૯-૧-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં જૂનથી જા-યુઆરી સુધી રમતગમત અને અભ્યાસેર પ્રવૃત્તિનું કામ વધારે રહેતું હોવાથી આ સમય દરમ્યાન એક ક્લાર્કની વધારાની જગ્યા ઊભી કરવા માટે ડી.પી.ઈ. વિભાગના તા. ૧૯-૭-૧૯૭૧ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. યુનિવર્સિટી પ્રેસમાં મોનોટાઇપ વિભાગ માટે નીચેની જગ્યાઓ મંજૂર કરવા અંગે પ્રેસ વ્યવસ્થાપકના તા. ૩૧-૫-૧૯૭૧ના પત્રાંક ૧૫૮ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	કુલ જગ્યા	પગારધોરણ
(૧)	મોનો-ઓપરેટર	૨	રૂ. ૭૫-૪-૯૫ ઈ.બી. ૫-૧૫૦
(૨)	મોનો-કાસ્ટર	૨	રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦
(૩)	મોનો હેલ્પર	૨	રૂ. ૩૦-૩-૬૦
(૪)	મશીનરી મેઈન્ટેનન્સ મિકેનિકસ (પાર્ટ-ટાઈમ)	૧	પ્રતિમાસ ઉચ્ચક વેતન રૂ. ૭૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં મિકનિકલ ઈન્સ્ટ્રુમેન્ટ રીપેરર તરીકે કામ કરતા શ્રી આર. બી. આચાર્યની પગારધોરણ સુધારવા અંગે પુનર્વિચારણા કરવા અંગે તેઓની તા. ૨૬-૭-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૧. યુનિવર્સિટીમાં સિનિયર ટાઈપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. આર. એમ. શેઠને હેડ-ટાઇપિસ્ટ હક કે માંદગીની રજા ઉપર જાય તો તેમને ઍડહૉક ધોરણે મહેનતાણું આપવા અંગે તેઓની તા. ૨૨-૭-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિનિયર ટાઈપિસ્ટ શ્રી. આર. એમ શેઠ કે જેમણે તા. ૧૯-૪-૧૯૭૧થી તા. ૭-૫-૧૯૭૧ સુધી હેડ-ટાઈપિસ્ટની કામગીરી બજાવી છે તેમની તા. ૨૨-૭-૧૯૭૧ની વિનંતી ધ્યાનમાં લઈ તેમને તા. ૧૯-૪-૧૯૭૧થી તા. ૭-૫-૧૯૭૧ના સમયગાળા માટે ઍડહૉક ધોરણે માસિક રૂ. ૩૦ લેખે ભથ્થું આપવું.

૧૨. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં એક લેડી ડૉક્ટરની વ્યવસ્થા કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળના તા. ૩-૮-૧૯૭૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી આરોગ્યભવનમાં દરરોજ ત્રણ કલાક માટે સેવા આપી શકે તેવાં એમ.બી.બી.એસ. લાયકાત ધરાવતાં લેડી ડૉક્ટર—ખંડ સમયનાં મહિલા તબીબ (લેડી ડૉક્ટર)—ની જગ્યા ઊભી કરવી અને તેમને માસિક રૂ. ૩૫૦નું ઉચ્ચક વેતન આપવું.

૧૩. પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની તેઓનું પગારધોરણ સુધારવા અંગેની તા. ૧૧-૮-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૪. મદદનીશ ડી.પી.ઈ. તથા મદદનીશ ડિરેક્ટર ઑફ યુથ વેલ્ફેર સર્વશ્રી એલ. એ. ઠક્કર અને કે. એચ. દવેની તેઓનાં પગારધોરણ સુધારવા અંગેની તા. ૧૮-૯-૧૯૭૧ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં વર્કશોપ માટે એક વાયરમૅન અને એક પ્લમ્બરની જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨-૯-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી સેન્ટ્રલ વર્કશોપ માટે એક વાયરમૅન અને એક પ્લમ્બરની જગ્યાઓ કાયમી ધોરણે ઊભી કરવી અને તેઓનું પગારધોરણ રૂ. ૧૫૩-૫-૧૯૮-૭-૨૨૬નું અને રૂ. ૧૫૩-૫-૧૯૮-૭-૨૨૬ રાખવું. યુનિવર્સિટીના બધાં જ ભવનોનું પ્લમ્બિંગ અંગેનું તથા ઇલેક્ટ્રિક અંગેનું કામકાજ હવેથી યુનિવર્સિટી સેન્ટ્રલ વર્કશોપને સોંપવું.

૧૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્કની એક જગ્યા કાયમી ધોરણે ઊભી કરવા કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલયના બિલ્ડિંગ સુપરવાઈઝર શ્રી. ડી. બી. સુતરિયાને સ્કૂટર એલાવન્સ આપવા અંગેની તેઓની તા. ૧-૧૦-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડિંગ સુપરવાઈઝર શ્રી. ડી. બી. સુતરિયાને ચાલુ વ્યવસ્થા તરીકે તે અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોને આધીન માસિક રૂ. ૬૦નું સ્કૂટર એલાવન્સ આપવું.

૧૮. સમાજવિદ્યા ભવન તથા ભાષા-સાહિત્ય ભવનમાં વિભાગીય ગ્રંથાલયો શરૂ કર્યાં હોવાથી ત્યાં કામ કરતા પટાવાળાને ચ્યૂન-ડમ-એટેન્ડન્ટની જગ્યા આપવા અથવા ચ્યૂન-ડમ-એટેન્ડન્ટની ગૈરહાજરી દરમિયાન તેમની ફરજ બજાવનાર પટાવાળાને દૈનિક રૂ. ૦૦-૨૫ લેખે ભથ્થું અપાય છે તે આપવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૬-૧૦-૧૯૭૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિભાગીય ગ્રંથાલયો માટે જે પટાવાળાઓ પુસ્તકો ગોઠવવાની વ્યવસ્થા કરે તેમને તેઓ તે કામ કરે ત્યાં સુધી દૈનિક રૂ. ૦૦-૨૫ પૈસા લેખે ભથ્થું આપવું.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવરોને રજાના દિવસોએ તેઓ ફરજ બજાવે તો દૈનિક રૂ. ૨-૭૮નું મહેનતાણું આપવામાં આવે છે તેમાં વધારો કરી આપવા અંગે શ્રી. કરસન કડિયા અને શ્રી. ગોવિંદ પરમારની તા. ૨-૧૧-૧૯૭૧ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રવિવાર કે અન્ય રજાના દિવસે યુનિવર્સિટીના ડ્રાઇવરો જે ફરજ બજાવે તેમને હાલ દૈનિક રૂ. ૨નું વેતન આપવામાં આવે છે તેને બદલે દૈનિક રૂ. ૪નું વધારાનું વેતન આપવું.

૨૦. સિન્ડિકેટે તેની તા. ૬/૮-૩-૧૯૬૯ની સભામાં સ્કૂટર ખરીદવા માટેની લોન અંગેના મંજૂર કરેલા નિયમો પ્રમાણે જે કર્મચારીઓનો મૂળ માસિક પગાર રૂ. ૨૫૦ કે તેથી વધુ હોય તેમને સ્કૂટર ખરીદવા સ્કૂટર લોન મળી શકે, પરંતુ હવે ડી.એ. મર્જ્ડ થતાં પગારમાં મોંઘવારી ભથ્થાનો કેટલોક ભાગ ભેળવેલ છે તે બનેતાં આ અંગેના નિયમોમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જે કર્મચારીઓનો મૂળ પગાર રૂ. ૩૫૦ કે તેથી વધુ હોય તેઓને સ્કૂટર ખરીદવાની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે લોન માંગવાને પાત્ર ગણવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિ.નાં 'બી' ટાઇપ ક્વાર્ટર્સમાં રહેવાણ માટે પણ જે કર્મચારીઓના મૂળ પગાર રૂ. ૩૫૦ કે વધુ હોય તેમને જ તે મકાનો માટે પાત્ર ગણવા.

૨૧. સિન્ડિકેટે તેની તા. ૧૩/૧૬-૧૦-૧૯૭૧ની સભાના ક્રમાંક ૩૪થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

" યુનિવર્સિટીના બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૮-૮-૧૯૭૧ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

સિન્ડિકેટની તા. ૭-૮-૧૯૭૧ની સભામાં બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણથી વધુ ફેકલ્ટીઝની જગ્યા ઊભી કરવાનું મંજૂર કરેલ હોઈ આ બોર્ડ નીચેની રમતો માટે બીજા ચાર ફેકલ્ટીઝની કાયમી જગ્યાઓ ઊભી કરવા અંગે સિન્ડિકેટને ભારપૂર્વક ભલામણ કરે છે :

(૧) એથ્લેટિક્સ, (૨) ફૂટબોલ, (૩) વૉલીબૉલ, (૪) કબડ્ડી-ખોખો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૬. યુનિવર્સિટી મંથાલયમાં જુ. ક્લાર્ક તરીકે કામ કરતા શ્રીમતી ભગવતી બી. જાની પાસેથી હાલમાં યુનિવર્સિટી ટીચર્સ હૉસ્ટેલના રહેણાકનું ઈકોનોમિક રેન્ટ રૂ. ૭૦ વસૂલ કરવામાં આવે છે તેને બદલે તેઓના મૂળ પગારના ૧૦ ટકા ભાડું લેવા અંગે તેઓની તા. ૨૪-૧૧-૧૯૭૧ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જુ. ક્લાર્ક શ્રીમતી ભગવતી જાનીને યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના જુ. ક્લાર્ક કે તેની સમકક્ષના કર્મચારીઓને જે મકાનો આપવામાં આવે છે તેવું કે તે કક્ષાનું મકાન યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ રહેવા માટે આપવું, પરંતુ જ્યાં સુધી આવું રહેઠાણ તેમને આપી શકાય નહીં ત્યાં સુધી હાલના ટીચર્સ હૉસ્ટેલના મકાનમાં તેમને અપવાદ તરીકે રહેવાની છૂટ આપવી અને તેઓના મૂળ પગારના ૧૦ ટકા લેખે ભાડું કાપવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૩

PROPOSED F.Y.B.Sc. BIOLOGY SYLLABUS

Paper I (Biology) : Elements of taxonomy and body organisation of plants and animals.

Paper II (Biology) : Life histories of some plants and animals, genetics and environmental biology.

Practical : Practicals on Papers I and II.

Paper I : Elements of taxonomy and body organization of plants and animals.

Detailed study of body organisation and life histories of Moss (Funaria), Nephrolepis, Cycas, Sunflower and Maize.

Study of the following families :

Malvaceae, Leguminosae, Apocyanaceae, Cucurbitaceae, Solanaceae, Euphorbiaceae, Liliaceae, Palmaceae and Gramine.

Elementary classification of animals; Detalied study of body organisation of Amoeba paramoecium Hydra, Earthworm, Cockroach and Frog, and metamorphosis of frog.

Paper II : Life histories of some plants and animals and environmental biology.

Life histories of Bacteria Spirogyra, Mucor Yeast, and Sporogenesis and gametogenesis in Maize and Sunflower.

Life histories of Mosquito and Housefly. Gametogenesis and development of embroy up to 3 germinal layers.

Mendelism Epistasis, Human Blood groups, Nucleic acids, Transformation Transition genetic code.

Fundamentals of fresh water, marine and terrestrial populations.

Study of ecosystems.

DETAILS OF THE BIOLOGY
F.Y.B.Sc. NEW SYLLABUS for 1972

Biology—Paper I :

Elements of taxonomy and body organisation of plants and animals.

With respect to plant biology, the outline of classification will be based on principels and concepts of phylogeny and divisions as illustrated by Pro-capyota and Eucaryiao.

Detailed study of body organisation and life histories of Moss (Funaria), Nephrolepis, Cycas, Sunflower and Maize.

Principles and outline of classification as illustrated by Bentham, G. and Hooker, J. D. with respect to the following families :

Leguminosae, Apocyanaceae, Cucupbitaceae, Solanaceae, Euphorbiaceae, Liliaceae, Palmaceae, and Gramineae. Important Morphological details should be emphasised.

In plants, body organisation will also include organisation of cells, tissues and organs and its evolutionary significance e.g. Meristematic cells, conducting tissues and sexual organs.

Water relations, mineral nutrition, photosynthesis and respiration—Kreb's cycle, glycolysis, oxidative phosphorylation—its working to be given. (omit chemical configurations not essential.)

Physiological organisation within the plant—the problem of growth and differentiation, general outline—growth substances and their effects (no experiments).

Detailed classification of animal types, included in the syllabus upto species study of morphology, anatomy and Physiology of the body and organs of Amoeba, Paramoecium, Hydra Earthworm, Cockroach and Frog and metamorphosis of Frog.

Biology—Paper II

Life histories of some plants and animals, genetics and environmental biology.

Structure of Bacteria—its pathogenic effect and economic importance. Life histories of Spirogyra, Mucor, yeast-with special reference to fermentation and economic importance : Sporogenesis and gametogenesis in maize and sunflower, double fertilization.

Life histories of mosquito and house-fly. Gametogenesis and development of embryo up to 3 germinal layers.

Mendalism, epistasis, human blood groups; transformation Transduction and genetic code.

Principles and concepts pertaining to the ecosystem and biogeochemical cycles; principles pertaining to limiting factors.

Fresh water ecosystem :

1. Fresh water environment types
2. Ecological classification of fresh water organisms—Hydrophytes
3. Lakes and Ponds
4. Lotic (Running water) communities
5. Springs.

Marine ecosystem :

1. Marine environment
2. Marine biota
3. Intertidal Zone
4. Zonations in the sea
5. Study of Plankton
6. Communities of neritic and oceanic regions
7. Estuarine waters.

Terrestrial ecosystem :

1. Terrestrial environment
2. Terrestrial biota, biogeographical regions, ecological equivalents—Mesophytes and Xerophytes
3. General structure of terrestrial communities.
4. Distribution of major terrestrial communities—the biomes.

PRACTICALS

1. Study of classification from slides or specimens of representative groups.

2. **Earthworm :**

General characters. Narcotisation and fixation for dissection. General Anatomy, Digestive system, Reproductive system, and Nervous system.

Permanent or Temporary Mounts :

Septal Nephridia, Pharyngeal Nephridia, Blood glands. Ovary. Spermatheca and setae. T.S. and L.S. or Earthworm at various regions. Coelomic fluid Smear to study cellular elements in the live animal.

For demonstration :

(*a*) Study of regeneration by cutting them at various regions and observing regenerated parts. Study of T.S. of regenerated regions.

(*b*) Study of progression (Locomotion) of earthworm.

(*c*) Cutaneous respiration.

3. **Cockroach :**

External characters, male and female. Mouth parts, wings and legs. General anatomy. Alimentary canal and associated structures. Reproductive System, Nervous system.

Mounts :

Mouth parts, salivary glands, trachae, spiracles, malpighian tubes, testis and ovariole. Spermatheca Gonapophyses. Striated muscle, Cornea.

For demonstration :

Analysis of food from cockroach crop. Structure of eye of Cockroach and its reactions to light and darkness, Locomotion study.

4. Frog :

General characters, Skeleton, General Anatomy and Digestive System, Arterial and various svstem. Structure of heart. Urinogenital system. Cranial Nerves. Olfactory, Optic, Trigeminal and Vagus, Spinal Nerves, Spinal nerves (roots). Sympathetic Nervous s ystem.

Major musculatures : Mylohyoid, Triceps brachii, Deltoid, Biceps, Rectus abdominis, Longissimus dorsi; Rectus anticus femoris; Gastro-chemius, Proneus, Sartorius.

Brain :

Mounts :

Blood smear Areolar tissue; ciliated and squamous epithelia, Hyaline cartilage, Hyoid apparatus, columella auris, Medullated nerve fibre, muscle fibres.

Histology Slides :

Showing structure of following organs :

Stomach, Intestine, Liver, Pancreas, Kidney.

Lungs, Testes, Ovary, Spinal cord, Areolar Tissue–Adipose tissue, Bone and Cartilage.

For demonstration :

Show presence of some digestive enzymes e.g. trypsin and pepsin in digestive system. Muscle Nerve preparation, Perfusion of heart. Membraneous labyrinth.

5. Microscopic study of live and fixed Amoeba, Paramoecia and Hydra. T.S. and L.S. of Hydra from various regions.

6. Life histories of mosquito and housefly from slides and specimen, Mouth parts of mosquito and housefly.

7. Studies of gametogensis andd evelopment up to 3 germinal layers-slides.

8. Stages in metamorphosis of Frog—Specimens.

For demonstration :

(*a*) Effect of thyroxin on metamorphosis of frog,

9. Study of Climatic factors.
   (*i*) e.g. Temperature; Humidity, etc.
   (*ii*) Analysis of Soil.
   (*iii*) Measurement of hardness of water. Total hardness.
   (*iv*) Study of adaptations.
   Skin—Clitimisation, cuticularization Scales, hairs, feathers, Body shapes.

Practicals in Botany :

